ગુલશન Gulshan

May, 1917.] Editor: BHAGALIA. [મે, ૧૯૧૭.

by the courtesy of Mr. P. V. Joglekar of the Lacto-Nectar Depot, Sion-Bombay.

ચેપમેનના આર્ટીફીશયલ અવયવો.



હમોએ આ આરટીફીશીઅલ અવયવો અત્યાર સુધીમાં સરકારી મેડીકલ સ્ટોર્સ, મેરીનલાઇન્સ વોર હોસપીટલ, રેલ્વે કંપનીઓ, કોલસાની ખાણોની કંપનીઓને તથા સંખ્યાબંધ ખાનગી હોસપીટલોને પૂરા પાડ્યા છે.

ઘણાજ ટકાઉ, હલકા, ચાલવામાં સહેલા તથા દરેક મોસમને બરના તે બનાવવામાં આવે છે. પરદેશોનો આ બાબેનો હમોને વીસ વર્ષનો અનુભવ છે. અને હમોને તેનું સંપૂર્ણ જ્ઞાન છે. હમારી કિંમત એટલી બધી ઓછી છે કે તે ગરીબને પણ પાળવે છે.

સારંગાટના પટાના (જંતરો).

અત્યાર સુધીમાં ટુંકે વખતમાં હમે ૩૦૦૦ જંતરો (સારંગાટના પટા) આપ્યા છે જેમાંનો વીસમો ભાગ કુદરતી સારો થઇ ગયેા છે. હમારાં દરદીની બરકતે " રયચર " ઉંચે ચઢી પોતાની જગ્યાએ રહે છે અને તે ખુલ્લું થવાની કિનારીઓ મજબુત થાય છે. તેમ થતાં કુદરત પોતાનું કામ કરે છે પણ બંદોબસ્તી ખુબી સારાં જંતરની છે. હમારાં જંતરોથી કોઇ પણ જાતનું દુખ થતું નથા.

ઘણા ડાકટરો આ બાબેના દરદીઓને હમારે ત્યાંજ આવવાની સલાહ આપે છે.

પ્રાઇસ લીસ્ટ મંગાવો ને ડાકટરો શું કહે છે તે વાંચો

૫, સેંડહર્સ્ટરોડ, ગીરગાંવ. મુંબાઈ. | જયોર્જ ચેપમેન એન્ડકો. સ્પેશીઆલીસ્ટ

મે ૧૯૧૭ Printed by Manilal A. Jasani, at the Satya Vijaya Press Baroda, for Mr. Punjab K. Bhagalia Mota Fala, Nanavti. Dated 3-5-17 May 1917

Pam-ala

પામ આલા

મેલેરિયા, તાઢિયોતાવ તથા તાવનો ચુનંદો ઉપાય.

સત્તાવાર જણાયું છે કે મેલેરિયાનો ફેલાવો મચ્છરો કરે છે અને સઘળા રોગોથી મરતાં લોકોની સામટી સંખ્યા કરતાં આ રોગથી મરતાં માણસની સંખ્યા વધુ છે.

તેનું ઝેર પેવશ થઈ જાય તે પહેલાં અટકાવો

પામ—આલાજ.

તેમ કરશે.

રાયપુરથી મી૦ જ્યોરજ: કે. ગીલ્ડર લખે છે.

"ગાસ્ટરનાં જંગલમાંથી મુસાફરી કરતાં મારી વાઈફ મેલેરિયાથી પટકાઈ પણ **પામ—આલા** ના ત્રણ ડોઝમાં તેણી હુંશ્યાર થઈ અને બોખાર આવી નહિ. કવીનીન કરતાં એ સરસ છે."

સઘળા ગાંધીઓ ને ત્યાંથી નાની મોટી બાટલીમાં મળશે.

ઇમામ મેહદીનું ઝુહુર

અને તેની બીશારત.

	કીંમત
બીશારત ભાગ ૧ લો ગુજરાતી–ઉરદુ	રૂા૦ ૦–૬–૦
,, ,, ૨ જો ગુજરાતી–ઉરદુ	રૂા૦ ૦–૭–૦
,, ,, ૩ જો ઉરદુ ગુ૦ નથી	રૂા૦ ૦–૧૧–૦
,, ,, ૪ થો ઉરદુ ગુ૦ નથી	રૂા૦ ૦–૬–૦
,, ,, ૫ મો ઉરદુ ગુ૦ નથી	રૂા૦ ૦–૬–૦
જામાસ્પ નામા ઉરદુ	રૂા૦ ૮–૫

આ કીતાબ હકીમ જામાસ્પ કે જેઓ ઇરાનના શહેનશાહ ગશતાશપના વઝીરે આઝમ હતા. તેઓએ આજથી લગભગ ચાર હજાર વરસ પહેલાં લખેલી છે તેમાં કીયામત સુધી થનારા અહેવાલ નુજુમના હીસાબથી બતાવેલા છે.

દરેકના પોસ્ટેજના બે આના અલગ પડશે.

આપને બીશારત ગુજરાતી જોઇએ છે કે ઉરદુ તે જણાવવું.

મળવાનું ઠેકાણું—

અખબાર ઑફીસ,

સીધપુર—નોર્થ ગુજરાત.

AKHBAR OFFICE,

Sidhpur—N. Gujarat.

દક્ષિણ આફ્રિકાના એજન્ટ
મી૦ સી. એમ. વાવડા,
બોક્સ ૨૨, ટોંગાટ,
હોસટરલી, S. W

ગુલશન.

દક્ષિણ આફ્રિકા બાદે
જતાં ગુલશનના લવાજમો
મી૦ વાવડા સ્વિકારશે.

GULSHAN.

મે ૧૯૧૭. વૉલ્યુમ ૯ Vol. 9 May 1917.

સાંકળ્યું.

નંબર	વિષય	લેખક	પાન
૧	જાહેરાત	...	૨૬૧–૬૨
૨	સાંકળ્યું	...	૨૬૩
૩	માસીક ચર્ચા	...	૨૬૪–૬૫
૪	કમનસીબનો વિલાપ	ખુરશેદ	૨૬૬
૫	અમ્બાડા એહદીનકાઉસ	Nancy	૨૬૭–૬૮
૬	પારસી આનું લુપીન	સસ્પેકા તીનપાઉ	૨૬૯–૭૫
૭	ક્રિસ્મસ ગ્રીટીંગ્સ	...	૨૭૬–૮૦
૮	એક વિચિત્ર સાહુ	બગવાડીયા	૨૮૧–૮૩
૯	માણેકપુરના મહારાજા	કવી ભવાનીશંકર નરસીંહરામ.	૨૮૪–૯૨
૧૦	હાઈડ્રોથ્રા રેપી	એ. પી. માદન.	૨૯૫–૯૯
૧૧	કીસ્મતની કહાણી	બાગલ્યા	૩૦૦–૧૩
૧૨	Disappointment	M. H. Bumla	૩૧૪
૧૩	The hand that rock	...	૩૧૫
૧૪	From my Diary	...	૩૧૬
૧૫	ઘડી ચપકો	...	૩૧૭
૧૬	ભલી કે ભુંડી	બાગલ્યા	૩૧૮–૨૪
૧૭	જાહેરાત.	...	૩૨૫–૨૬

માસિક ચર્ચા.

પારસી રેજીમેન્ટ.

પારસીઓ જોઇએ કે જેવા ગાજેછ તેવા વરસેછ કે ? પારસીઓની એક ખાસ રેજીમેન્ટ ઉભી કરવા ભલા મી. કેખશરૂ ટી. એનજીનીયર જબરી ધરપડી કરી રહ્યા છે. જબરો ખંતીલો ખીરાદર ! આપણે ઇચ્છીશું કે એ ભાઇની જેહ મતને ફળ આવે ને પારસી નામનો ડંકો એકવાર ફરી વાગી રહે ! બાકી આગલા શુરાતનની વાતો કરી પારસીઓને લલચાવવા માંગતા હોય તો ફોકટની જેહમત છે કેમકે એ દીનતો ગયે આવાજ કી સાથ ! હવે તો માય મરૂં મારો પારસી જંગલો બોલવે બહાદુર, મરકરીએ પહેલો નંબર ને વખત આવવે ધમાધમીનો સોદો થતાં પદુકરી ભીડવામાં ઉસ્તાદ થયલો છે. અલબત બોરૂં ધી છેક દીવેલમાંથી તો જનુંજ નથી. એમતો આપણે નાલું વાંચ્યું હતું કે મુંબઇમાં ૫૦૦ વોલંટીયરો નોંધાઇ ચુકયા છે ને નવસારીમાં ૪૦૦ જવાન્યાઓ હથ્યાર ભીડવા તૈયાર થયા છે ! ઓ મારા દાદાના દાદા ! તો પછી અઢીસેંની રેજીમેન્ટ માટે આ બધી ધરપડી શા કાજે રે ? મારા વાહલાઓ સટાકા મારતી વખતે આધુ પાધું જોતાજ નથી. બસ, જે આવ્યું તે બૂસી મારું. બસ બે લાલ્યા, બસ !

અસ્સેકા તીન પાઉં !

ગુલશનનાં વાંચકો જાણીને ખુશી થશે કે તેમનો રમુજી લેખક, ગુલશનનો માર્ક ટ્વેન, ખીરાદર સરમો જોના ચાર હાથ કરી બેઠો છે. આપણે એ ભલાભાઇને તેના આ સંસારી સહવાસમાં સંપૂર્ણ તંદરસ્તી, અખંડ સુખ, આયુષ્યની વૃદ્ધિ ને ફરજંદોની રેલછેલ બરાં જીગરથી ઇચ્છીયું બને તે સાથે એવું પણ ઇચ્છવાની નકલીફ લઇ શું કે એ બીરાદર પોતાની બાનિની પારસી બાંનો ગુપીન પાસે હવે કાંઇ આંગળાંમાં ઘાંત પકડાય એવી કદાંચી હિંમત કરાવે જે ચાંમતાંજ ગુલશનનાં વાંચકોને બાજબખીના દર્બારમાં મકકાર કરવું પડે ! બાકીનાં તેમ કરતા પહેલાં બંસમાં ને બી લગાડવામાં આવે તો બોર ખુશ ! હા... પણ નવા સવા પરણેલાઓને કુરસદ ઝાઝી હોય છે હોં, સરસા ! તે બહાને ગોટલી મારવાની વાત ન થાય બને ! હવે તો પરણેલી જીંદગી થી ચીતા રવાની છે એટલે એવું કાંય માથે આવનાર છે ! ખુદા હાફીઝ, બીરાદર ! ગુલશન એકવાર ફરીથી બરાં જીગરની મુબારકબાદી આપી દરેક ભલી દુવા ઇચ્છે છે.

કવિ ભવાનીશંકર

આવતા અંકમાં જાણીતા કવિ અને વિદ્વાન લેખક કવિ ભવાનીશંકરની ચાલુ વાર્તા મણિપુરના મહારાજા સમાપ્ત થનાર છે. કવિ ભવાનીશંકરે આ વાર્તામાં બરોબર કમાલ કરી છે. સર વોલ્ટર સ્કોટના નોવેલો અંગ્રેજી સાહિત્યમાં તેના ડીસ્ક્રીપ્ટીવ ગુણોને લીધે બહુ જાણીતાં છે તેજ નોવેલોની કીસમનું આ નોવેલ છે. એ ઐતિહાસિક વિગતો સાથે કવિએ આ ઓરીજીનલ વાર્તામાં જે રસમય રંગ ચુંથી લીધો તે બરે જ આનંદઆપે છે. વર્ણનોમાં તો કવિએ બરોબર અવધિ કરી છે. જાણીતા વિદ્વાન સાક્ષરોનાં ગુજરાતીમાં જાણીતાં થયલાં નોવેલોની પંક્તીનું આ નોવેલ સહેજે ગણી શકાશે. ભાષાપરનો કાબુ બરોબર દીલપઝીર છે. હાલના નવી સ્કુલનાં સંસ્કૃતમય ગુજરાતી સાક્ષરો જેવા કવિ ભવાનીશંકર ન હોવાથી પારસી મુસલમાનોમાં પણ તેમની આ વાર્તા મોટા હોંસ સાથે વંચાઇ છે. કવિ ભવાનીશંકર આ અદના માસિકના મોટા ખયરખ્વાહ છે. ગુજરાતના તેઓ જુના કવિ છે અને એમના ઉમદા સબકોનાં કાબ્યો ઘણાંજ હોંશથી વંચાય છે. કવિશ્રીને આવાં ઉત્તમ નોવેલ માટે બરાં જીગરનો ધન્યવાદ આપતાં એટલું જ ગાદીશું કે ભવિષ્યમાં પણ ગરીબડાં ગુલશન પર તેમની માયા મહેરબાની ચાલું રહેશે.

નવી વાર્તા.

આ ચાલુ દિલ્હ ઐતિહાસિક વાર્તા બુક્ત થતા આઠ એકાદ મહિના પછી આ અદના હલ્

મની એક બીજી હિંદુ-મુસલમીન ઐતિહાસિક વાર્તા મારી "મોતીબીબી"ની ઢબની ચાલુ કરવાનો મારો ઇરાદો હતો પણ મારા વાંચક વર્ગને પારસી સંસારી વાર્તા તરફ વિશેષ મોહ જણ્યો. વાર્તા તેથી, એક દીલકશ વાર્તા જલદીથી શરૂ કરવામાં આવશે. કીસ્મતની કહાંણીનો ખરો રંગ હવે શરૂ થાય છે. આ વાર્તા હજી બીજા પાંચેક હપ્તા સુધી ચાલશે. કીસ્મતની કહાંણી પૂરી થતાં રાવુ ચોર લુપીનનું સૌથી છેલ્લું અદભૂત પ્રાકમ જેમાં તે ડીટેકટીવ બની બાણસ જાતને લાભ કર્ત્તા થઇ પડે છે તેની વિગતો આવશે. નવાં ગ્રાહકોને નવી વાર્તાઓની શરૂઆતમાંજ નામ નોંધાવવા આગ્રહ કરી શકાશે કેમકે પાછળથી નામ નોધાતાં જૂના અંકો મોધું દામ આપવા છતાં ઘણીવાર મળી શકતા નથી અને ગ્રાહકોને નિરાશ થવું પડે છે. આ ફેર કરવા માટે પહેલાંથીજ પગલાં ભરવાની જરૂર છે, કેમકે હાલની કાગળની જબરી મોંઘવારીના વખતમાં ફાલતુ નકલો કાઢવાનું કામ બહુજ ખર્ચાળુ ને ન પાળવે તેવું છે.

હિંદુ જ્ઞાતિ રિવાજો.

હિંદુભાઇઓના જ્ઞાતિ રીવાજો સુધારવાનો કાયદો વડોદરાની સરકારે બહાર પાડયો છે ને તે માટે પ્રજામત જાણવા માંગ્યાં છે. ભલે, ભાઇ, ભલે! વડોદરા રાજ્યની પ્રજા એમ ચટને પટ સુધરી જશે તો પછી રાજ્ય બહારની પ્રજાનું શું થશે? શું તેઓ પણ ફરજીયાત કેળવણીની પેઠે વડોદરાને પગલે ખેંચાશે? તે તો કોણ જાણે, ભા! હિંદુભાઇઓમાં બળબળાટ થઇ રહ્યો છે. જૂના વિચારનાઓ સરકારને આ કામમાં માથું મારવા માટે કપડાં આપવા લાગ્યા છે ત્યારે સુધારાવાળાઓ તેને વધાવવા લાગ્યા છે! હવે જોઇએ તો ખરા કે શું રંગ જામે છે? અલબત જે સુધારાની નેમ સરકારે લીધી છે તેનું વાસ્તવિકપણું કોઇપણ ના પાડી શકે તેમ નથી! પ્રજા પોતે અંધારામાં આથડમાં મારતી રહે તો તેને રોશની બતાવવાની સરકારની ફરજ છે પણ મુંઝાલ એ છે વડોદરા રાજ્યનો આ જ્ઞાતિ રીવાજ શું દરેક ઠેકાણે બંધન કર્ત્તા થઇ પડનાર છે? તે તો બનવું મહાલ છે તો પછી કાયદાની એટલી બધી જરૂરજ શી છે? હિંદુ કોમનો સમુદ્ર એટલો મોટો છે કે તેના રીવાજોમાં સુધારો કરવા જ્યાં સુધી કોમ પોતે બહાર આવે નહિ ત્યાં સુધી કાંઇએ થઇ શકે નહિ? કાયદાથી આ સુધારાઓ કરવા કરતાં પ્રજામત કેળવવાની કોશીશ થાય તો કાંઇ બને ખરૂં, પણ તે માટે જબાનો જોઇએ. હવે પરિણામ શું આવે છે તે જોવા હાલતો આપણે થોભીશું.

ક્યારે, રે ક્યારે?

ધન્ય છે મરાઠી વિદ્વાનો ને મરાઠી વાંચક વર્ગને કે સાહિત્યનો પ્રચાર કરવા ગમે તેવો જોખમ ખેડવા તેઓ તૈયાર થાય છે. ખબર મળી છે કે પુનાવાળા ડાકટર કેતકરે એનસાઇકલો પીડયાનો મરાઠી તરજુમો કરવાનું માથે લીધું છે જેમાં તેમને ચાર ગેન્થુએટો મદદ કરવા કબુલ્યું છે અને પુસ્તક બહાર પાડવાના ખરચના અડધા લાખની રકમમાં પા લાખની રકમની મદદ કબુલાઇ છે! સહાસ તે એનું નામ! હું મારા ગુજરાતી સાક્ષરોને વિદ્વાનોને નજીવી બાબતો પર પોથાંના પોથાંઓ ભરી નાહકની તકરાર કરતા જોઉં છું ત્યારે મને ખચ્ચીત બળાપો થાય છે કે કયારે ગુજરાતી ભાઇઓ મરાઠી ને બંગાળી વિદ્વાનોને પગલે ચાલશે! ત્રણ ચાર વર્ષે સાહિત્ય પરિષદની બે ત્રણ દિવસની બેઠક ભરી, ઘરથી લખી લાવેલું વાંચી જઇ, આ હમારા સાક્ષરો સાહિત્યની એથાગ સેવા બજાવી થાકીને લુસ થઇ છે ને કોઇ કોઇવાર ગ્રંથોની યોજના રચે છે તો તેમાં બાર વર્ષે અઢાર કોસની કુલ રપોડે કામ કરે છે તેઓ આ મરાઠી વિદ્વાનોના પ્રયાસ માટે શું કહેશે? છે કોઇ ગરવી ગુજરાતનો પુત જે આ કામ માથે લે? સાહિત્ય પરિષદ શું આ કામ માથે ન લે!... આહ! ત્યારે હસ્વ ને દિર્ઘ લખવાની, જોડણી કે મને લખવાની તકરાર અમદાવાદ પર મુકવી પડે નહિ! ઓ દીન કોનસા, બાબા, કે બિયાં કે પાડું મેં જુતી!...વલ્લાહ, વલ્લાહ, કરોજી!

હાથથી જતી રહેલી તક માટે

કમનસીબનો વિલાપ.

(ગુલશન માટે)

(ગઝલ.)

રે ! ગઇ ! અરે, ગઇ ! કિમતી તક હાથથી,
ગઇ તક હાથથી–ચયો હક હાથથી.

રે ! બળ્યું એ મન–એ વિચાર ને વિવેક,
ગઇ મનના ગુંચવાડા, ને ગભરાટથી.

રે ! હાલું એ માન–હાલી ગુરશજી ટેક,
ગઇ મગરૂરી માન અને મકરાટથી.

રે ! ખમાય એ કેમ–અરે જીવાય બી કેમ,
ગઇ ઉંઘ ભુખ મારી ચેન કકલાટથી.

રે ! માની પ્રભુ તો એક નજીવી વાત,
પણ ખુબી બુજી હવે પછાતથી.

નહિ પાંધરીતી તળા, નહિ રાખ્યું'તું પીંજરૂ,
મળી સોનેરી ચરકી, ગઇ ચેન વાતથી.

આવ પાછી, મળ પાછી, રે ચરકી દીલકશ !
થઇશ નહિ તો દીવાનો બીજવારથી.

ફરક અરે પડયો કંઇ ચેનમાં ફરક,
નજર ચુકવી ગઇ વિજળી ઝળકારથી.

કેફ અરે ખુરશેદ, કંઇ તલાશ કરી કેફ,
અંદીય તે થઇ છે મને કેફ આકરી !

ખુરશેદ.

અખાડા બેઙદીન કાઉસ !

(ગુલશન માટે)

લખનારઃ—"Nancy"

પરણેલા પુરૂષો ! આ તમારે માટે.

કદીપણ તમારા ધણ્યાની તરફ એવી વર્તણુંક ચલાવતા ના, જે, એક ગૃહસ્થ તરીકે, તમે હમેશાં તમારી ઓળખાણની ફ્રોઇપણ અબળા આગળ ચલાવવાને કચવાવો.

કદીપણ ચીઢયા, બળ્યલ થતા ના. કદાપણ બેચેન રહેતા ના. કદી પણ નાની ચીજને માટે તમારાં ધણ્યાનીનું માથું ખાયા કરતા ના. તેમના તરફ ઉદાર થાઓ, અને હમેશાં હસમુખા રહો. ભલાઇ અને ખુશમીજાજ પરણેલી જીંદગીનાં સુખની ચાવી છે.

કદીપણ તમારી પરણેતરની ખાનગી બાબતો યા તેમના પત્ર વ્યવહાર વચ્ચે માથું મારતા ના. કદીપણ ઘરખટલાને લગતા તેમના કારોબારની વચ્ચે પૂરાતા ના. તેમને તે બાતાંનાં તમામ શેડાણી થવા દેવોઃ

તેમની નાની કસુર અને ખામીઓ ઉપર આંખ વિંચામણાં કરજો, અને જ્યારે તે સારૂં કરે ત્યારે વખાણ કરજો. વખાણ, તારીફ, ઉત્તેજન અને ઉમંગ હમેશાં આપ્યા કરો.

જ્યારે તેમને પોતાનાં કુંટાનાં નાનાં ફીકરાં થઈ આવે, યા મીજાજ બરબેલાફ થાય, ત્યારે તેમને કદીપણ ખિજવ્યા કરતા ના. જો નાની હોનારત, જે તમોએ આગમજથી જોઇ હોય અને તેમને તે સાંભે ચેતાવ્યાં હોય, તે બની જાય, તો તમે પોતે તે દેખાડાવી દેતા ના અને તેમને દુઃખ દેતા ના. તમે એમ ના કહેતા કેઃ 'મેં તુને એમ હકક હતું કેની,' આ વાકય માટે તેણી કદી તમને માફ કરશે નહિ, અને તે માટે તે વાજબી ગણાશે.

કદીપણ તેમના માટે ટીકકા કરતા ના. સ્ત્રીઓ અને બાળકો ટીકકા સહન કરી શકતાં નથી, મુખ્ય કરી જ્યારે તેઓ જેઓને ચાહે તેઓ તરફથી હોય ત્યારે—હું કહું છું કે તેઓનાં પોતાનાં અંગત તરફથી.

કદીપણ એક નવા પોષાકના બોડખાંપણ કાઢશો ના, ખાસ કરી જો તે મોંઘો હોય તો; કારણ, જ્યારે બાનુઓ ભરથારોને ખુશ કરવા અને તેઓને માટે સૌથી સરસ દેખાવા માંગે છે, ત્યારે તેઓ કદીપણ તમારો અણગમતો પોષાક પહેરશે નહિ, અને તેથી તમારે તેમને ખાતર નવો ખરીદવો પડશે. એટલા માટે, ભલા મરદો, તે પોષાકની અન્યીતજ તારીફ કરજો.

જ્યારે તમારાં ભેજાં ઉપર કાંઇ ભાર હોય, તો તે માટે મુંઝાયા કરતા ના; આગમાં હોમાવ્યા કરતા ના; તેને એકદમ હોલવી દેજો. કદીએ વાદળાં એકઠાં થવા દેતા ના; તે વાદળ એકદમ વિખેરી નાંખો, કે દરેક ચીજ ચળકતી થશે.

તમારાં પત્ની પ્રત્યેનો જે પ્રેમ હોય તે પત્ર મારફતે કદી પણ પ્રદર્શિત કરશો ના. તે શબ્દો તમે તેઓ સાથે હોવો ત્યારે કહેશો. થોડાક સુંદર શબ્દો કાનમાં રેડાયલા, સમજુ સ્ત્રીઓ માટે, ટપાલ મારફતે મોકલેલા હજારો કરતાં કિંમતી છે.

સોવાસણુ સ્ત્રીઓ ! આ તમારે માટે.

કદી પણ તમારી કાળજી, તમારૂં ધ્યાન વગેરે, તમારા ધણી પ્રત્યે પહોંચાડતાં ના; ત્યારે તમોને સંશય લાગે કે તે તેની કદર કરવા ને ગોત્યાં મારવા લાયક મુડામાં નથી.

સૌથી સુદ્ધા અને પ્યારા પતિને પણ તેની જંજાળની પળો હોય છે, તે પળોમાં તે માણુક-મહોરદાર માંગતો નથી; તે વખતે તે હાલો દોસ્ત, શાંત સલાહકાર ને વિશ્વાસુ વખાણનાર માંગે છે જે તેની સ્ત્રીએ થવું જોઇએ.

એક ધણ્યાંનીનો ભાગ બહોળી-બાજુ બજવવાનો છે. સુખી તે ધણી જે એવી એક ઘરાવે જેણીની ગમખ્વારના અરસમતે ખરો ભાગ બજવવા શક્તિવાન કરે.

જ્યારે તમારો ભરથાર પોતાના શોખની એકાદ વાણુ માંગે, જે તેને તેની કલ્પમાં યા કોયે જાહેરી મગે ત્યારે મળી શકે, પણ જે તેને પોતાના ઘરમાં અને તમારી સંગતમાં મેળવવા ગમતી હોય, તો તે તેવણને કદી પણ ના કહેશો નહિ યા બહાનાં કાઢશો નહિ—એવી દલીલ લાવી કે "બજ્યું એવું તે શું કુવા આવાના" "જોરવું બારી પડશે" વગેરે, કારણ તે તો પોતે પણ પણું કરીને જાણે છે એમ તમારે જાણવું જોઇએ.

તમારો ભરથાર, મારી ખાતરી છે કે, તમે સહીઓ સાથે બાવું લેવો યા મેજબાની કરો તેમાં વધો લેતો હશે નહિ, જ્યારે તે ઓફીસમાં હોય કે કામ પર. કોઇ વેળા તે પોતાના મિત્રોની મેજબાની ઘરમાં ઉભી કરવા તેની ઇચ્છામાં તેને ઉત્તેજન આપો. હું એવા પતિ પુરૂષોને ઓળખું

હું જેઓને પોતાની પાર્ટી કલબોમાં કરવાની ફરજ પડે છે.

જ્યારે પણ તમારો ભરથાર બિમાર યા મુંઝવણમાં હોય ત્યારે કોઇપણ નાપસંદ બાબતને માટે "ખુલાસો" પૂછવા યા કરવા જાઓ ના. જ્યાં સુધી તે ઠીકઠાક થઇ રહે ત્યાં સુધી ગોભવાને પૂરતું મોટું મન કરશો; તેજ ફક્ત દરોબસ્ત છે.

કુટુંબી સુખની કુંચી, સહનશિળતા અને ખુશમિજાજ છે. તમારાં દુઃખડાં દેખાડ્યા ન કરો; વાંક, કસુર, અને બાંમીપર આંખ વિંચા મણાં કરો. આપણાંમાનાં કોઇ પણ સંપૂર્ણ નથી તમે પોતે પણ નહિ, કદાપી, મારાં વ્હાલાં બાઇજી

સાદો ઇલાજ

'મારે ત્યાં મરઘીઓ છે. દરરોજ હું પીંજરા માં એક બે જડ જેવી થઇ ગયલી જોઉંછું તેમને શું થતું હશે ? કોઇ ઇલાજ બતાવશે ? કાઉ કરાકરીએ ગટર ગેઝેટના સવાલ જવાબન કોલમમાં ઉપલો સવાલ પૂછ્યો.

બીજી આવાડયે તે નામીચાં પેપરમાં તેને નીચલો જવાબ છપાયો.

" તમારાં મરઘાંને પોતનો રોગ લાગુ પડયે છે. આ એક જૂની ફરીયાદ છે. સૌથી સરસ ઇલાજ એ છે કે તેવાંને દાટી દેવાં નહિતો કાપીને નાસ્તા ની ટેબલ પર લેવાં ! '

જરૂરી, નથી

' છોકરા વિજળી તે શું ? ' પરિક્ષકે સવાલ કર્યો.

" ચમકારો થઇ અજવાળું આપે તે ! જવાબ મળ્યો.

' સમજ્યા; ચાલશે. વારૂં મને કહેશો કે એક જ જગ્યામાં બીજીવાર વિજળી શામાટે નથી પડતી ? '

' કારણ કે એક વખત પડતાં ત્યાં એવું સત્યાનાશ વળે છે કે તે જગ્યાએ ફોગેલી જરૂર નથી. ' "

પારસી બાનુ લુપીન !

હૃદયભેદક અને ચીત્ત-ચકભમકરક ચાલુ વાર્તા.
સને ૭૮૫૬૬ સુધી ચાલુ રહેવાની ગ્યારંટી સાથે લખનારઃ—

સરસેકા તીન પાઉં.

પ્રકરણ ૨૫ મું.

(જેમાં નકકી થાય છે ના.નો ચાંદણુ અને જહાંગીર વચ્ચે કે ઉમેરવો કંઇક ઔર રસકસ આગે મહાન ડીટેકટીવ વારતા મધે અને ણવાડની ઓછી અવાચી ગુલશનનાં વાંચનારાઓને).

અને આપણે આગલાં પ્રકરણમાં વાચી આવ્યાં કે આખરે જહાંગીર થીમોથીસ નહી બને એવું તેની પાસેથી વચન લેવામા ચાંદણુ કતેહ પામી ખરી અને તેજ પળે નાનખટાઇ બેડવાળાઓએ વાણ્યાનાં લગનમા સુદર સરેદે

See ' the conquering hero comes ' વાળો રાહ વગડાવ્યો.

હુરરરરે !

તે એક અસાધારણ કતેહ હતી

તે કતેહ એક એવી કતેહ હતી કે જેવી કતેહ દુન્યાની અનેક કતેહઓમા સૌથી બેસ્ટ એન્ડ સૌથી બેસ્ટ કતેહ ગણાય.

તે કતેહ—

ધન્યાદી, ધન્યાદી.

તમો સમજી ગયા કેની ?

કેવાં હુશીઆર છેમો હું ?

હવે ધીરે ધીરે તમો લોક ડીટેકટીવ વારતા કેમ વાંચવી જોઇએ તે સમજતા શીખ્યા ખરા.

બાકી આપણી આ ગંજાવર વ્યાસની વારતા શરૂ થઇ ત્યારે તો તમે બધા એવા તો ડર ને દમ મારમ વગરનાં હતા કે જો તેવોજ નામનો ચાબુ રહ્યો હતે તો શું શું થઇ જતે.

ચાંદણે જહાંગીર પાસે પેલું અનિવાર્ય વચન લીધા પછી તુરતજ તેણીએ પોતાનું બેસ જેવું જાડું શરીર ગોળ ગોળ ફેરવ્યું, અને પછી એક અતી કપાળી હાથણુને છાજતી નાઝો અદાથી બાક કરીને તેણી બોલી,

" હવે જાવ, સહમજ્યા. આપણને હવે વધારે ઉલટ પકડીને કામ કરવાનું છે નહીતો પછી ગુલશનના ઘરાકો છેડાશે કે એવી તે શું મરી ગેઇ વાત ! વાસ્તે હવે આપે ડીટેકટીવ વારતામાં કેમ રસકસ ઉમેરવો તે આપરે શીખી કાઢવરયે. "

" યસ, મેડમ. મેનક તાબેદાર છે. "

" ત્યારે, બોલ, જોઉ ? એવુ તે શું કરી બતાવ્યે કે જેથી આપે અતી દીલકસ ને મનકસ ડીટેકટીવ વારતાની જોડયણ નાયકા પારસી બાનુ ડીટેકટીવ, તે મારી સદાની ભલી અને ભોળી બહેન સુના સકકર ગડેરીના બોદા દાતના આપણે તેણીનીજ જુની અને પ્રોટેલી સપાટતુ મહાનજમ પકડાવ્યે ? "

" હીયર, હીયર! બાનો ચાંદણુ, તમારાં શુભાખીત બાષણુ પરથી મને લાગેછે કે તમે આજે ધંધો છોડી દઇને કોઇ નુસપેપરનાં અધીપતી થાવો!"

" નુસપેપરનાં અધીપતી? બાંગુ, તું ઘણો કાચો છે! હું તો જે કંઇ બોલી ગઇ તે બધું તુને સહમજ પડયું હશે?"

" હાસ્તો વરી. સહમજ કાંએ નહીં પડે? તમે કેવી સરસ બાષામાં પણ તદન સહમજ પડે તેવું બોલ્યાં!"

" રાઇટ હો! પણ એક નુસપેપરના અધીપતીને તો એવું લખતાં આવડતું જોઇએ કે તેની બાષા સરસ હોય, પણ તે વાંચનારને એક બોલમી સહમજ નહીં પડે કે તે કમબખ્ત શું લખી મરેછ! ત્યારેજ તે એક સુનંદો અધીપતી કેહવાય અને ત્યારેજ તેનું પેપર ઘણું વખણાય! તું જોની, જેમી પેપરની આરટીકલને વરે લોક એમ બોલે કે 'આજે ટીનપાટ ન્યુસની વોર-લોન વાળી આરટીકલ વાંચી કે? કેવું સરસ લખ્યું છ હેં!' તે દરેક બોલનારને તું તે આરટીકલ વિષે શું સહમજ્યાં કરીને પુછશે ત્યારે બધાં પાન છેરવું હલાવશે!"

અને બીજારો, આપણી અગોર ચાંદણાના બીયારોમાં કેટલું બધું વજુદ હતું તે તમો નથી જોતાં?

(કેમ બચ્ચા સસ્સા, વળી નુસપેપરના તંત્રીઓની વાળ ખાવાનો થયોછ કે?-ભાગલ્યા)

" અને હવે બોલની બાંગીર, કે સુનાને બુમ પડાવવા આપરે નવું તે શું કરપે?"

" જુન્નું જ પકડી રાખો, બાઇ સાહેબા. કેવન જેની કે તેજ સુન્નું?"

રબેને વળી બાંગુ " જુન્નું તે સુન્નું " વિષે કાંઇ બોલવા બાપરવા પીલરુની રચેલી કવીતા બાવા પેસું મનરોલાન્ન રે.ું કેનોબાર શરૂ કરે તેની બીક બન્નને તેબુએ તેની સુચના વગર બાનાકાનીએ તુરતા તુરત બાન્ય કરી.

" હા! હા! યેટસ ધટ! આપરે તેમજ કરગે." તેબુએ પેલાં તાકિસપર બારી નજર રાખીને કહ્યું; અને તે બાસ્તી સોએ સો ટકા ખરીજ હતી કાંયજે જેવું ચાંદણુના કહે કે જુન્નું તે સુન્નું નહીં તેવું તુરતજ તે રીડલ ઉંચકીને જુન્નું તે સુન્નું વિશેની ઝરની એક મધુર ગઝલ ગાઇ સંભળાવવાનો તેણે નિશ્ચય કસદજ કર્યો હતો!

પણ શુક્ર તે બારેલકતાલાના કે તેવી આફતનો સમો ચાંદણુની સમય સુચકતાથી દુરનો દુરજ રહ્યો.

જુન્નું તે સુન્નુંજ પકડી બેસવાનું જ્યારે નકી થયું ત્યારે પેલું ૧૮૫૭ વાલું નામાંકિત ચીત્ર ચાંદણુની નજર સામે બધું થયું. કેવી અચુક રીતે તેબુ તે મહાન ચીત્ર પેલી પારસી બાનુ ડીટેકટીવની અદેકી બાનેની ઓરીસમાંથી પીટી લાવી હતી. તેની યાદ થતાંજ તેબુની બાતીમાં જોરથી ધબકારા શરૂ થયા!

અને પેલો કસીકુ મોતીરામ!
અને અરદેશર ધાનકોપરવાળો!
અને મીસ મીની મુર!
અને ટોંડાલભાંની મીટીંગ!
અને પેલી ટેકસીકારનું ગેબ થઇ જવું!
અને જૈયા ગંગારામની બેડી બેસ!
અને સુનાની રોલ્સ રોયસ કાર!
અને બાંગુનો દોસ્ત ગારાજવાળો!
અને સર બચીકા બોમબોમજીનું પેલનતીંગ!
અને બાબુનજી પુદુકની ખુબ ગાડી!
અને બટલુજ પુદુકની બાંગેલી ટ્રાકટરીકલ!

હાબાબા! એ સબળાંની યાદ કેવી બયંકર હતી.?

પ્રકરણ છવીસમું.

(જેમાં જતું બાનો સુનાબાદજીનું ગોઠ મોટાભાઇ બાદરજી બેનસાહેકનોપીરીબા બીજા-નીકબિલાજીનાં વડાં બુની (ક. વ. ૫૫) ની

શેહાદીની મીજલસમાં અને મેલાપ થયો ત્યાં આગળ આનો ભીખાડોસાનો.)

સુના ગંડેરી જ્યારે આલબેલીસ આગનાં દરવાજા આગળ ઉતરી ત્યારે માટીડાઓ કાંઇ ઝાઝા બેગા મળ્યા હતા નહીં. ઘરનાં વડાં બાનુ જેવણને નામે રિપ્લાય કારડ મંગાવેલા હતા તેણીથી પ્રાઇવેટ બબર કહાડતાં માલમ પડયું કે બાસ્સા સાડીબાસ્સો માટીડાઓએ "આવશુંજ" સુધીનો જવાબ વાળ્યો હતો અને ત્યારે સાહજન માટેની બુરશીઓ પર ધરના ભાગ્યે વીસ માટીડાઓબી નહીં હતા તેની મતલબ શું ? શું બાકીના સાહેબો કામનાં રોકાણના સબબે બહારગામ ઉપડી ગયા હશે ?

અરે નહીંરે ? બહારગામ શાના ઘુરના ઉપડી જતાતા ! એ બાકીનું કનટીનજંટ તો આઠ વાગ્યા અગાઉ બધું ભરાઇ જશે તમો જોજોની ? બલકે ગણત્રી કરતાં પાંચ પચીસ વધારેજ આવશે પણ ઓછા નહીં. એ તો બધા પાતરાં ચાટવાનાજ ભુખ્યા ! તો બાકી તમારી મીજલસને "માન તથા શોભા" કેવું મળે તેની તો વાત બોલતાંજ નાહીં ! સાધારણ રીતે "લગન બાવા જવાનું" કરીનેજ બોલાય છે કેની ? કોઇ સવાલ કરે તેબી એમજ પુછશે કે "કેમબા, લગન બાવા બોલાવશો કે ?" એટલે બધો બાવાનીજ જ્યારે વાત થાય ત્યારે પછી મીજલસમાં જવાની કહાકુટ કોણ કરે વારૂ ? અને પેલો જમો !

વાહ ! એ જમાનો બાહુ જ્યારે ઝોળા ઘુરકે છે ત્યારે તો બાજલીના સાહસ અને દોબીના મુરબ્બા માટે લાગેલી ભુખમાંની અડધીતો બસ ઉડીજ જાય છે.

સુનાએ જ્યારે પેલાં વીસેક માટીડાઓ આગળથી ચાલતા બાંડયું ત્યારે તેણીને સહેજબી સુધી નહીં હતી કે તે મીજલસમાં કોણ કોણ બીરાજેલું હતું.

તેણીતો બસ નીચી મુડીએ, સરભોગ બાઇ રાંએ બેસે છે તે હોલ તરફ ચાલીજ ગઇ. અંદર જતાંજ તેણીએ એક ખુણાંમાંની જગ્યા પસંદ કરીબી અને ત્યાં બેસીને કોઇ નહીં સાંભળે તેમ મધુર હલકે "સહુ સજનીઓ સજજ સહુ-થા આઆઆઓ" બાણું ગીત લલકારવા માંડયું.

ત્યાં કોઇબી એમ નહીં જાણતું હતું કે તેણી એક જાણીતી ડીટેકટીવ હતી અને આજે તે લગનની મજલીસમાં બાસ C. I. D. ના હુકમથી આવી હતી. શાપુરજી તેમ જાણતા હતે તો કયારની તેણીને બે આની પકડાવીને ચાલી જવા કેહતે. લગનની મીજલસમાં તે કાંઇ ડીટેકટીવ લોક શોભેબી ? પણ બચારા શાપુરજીબા જાણવા પામે ત્યારે કેની ? તેવણનો એમજ સમજ્યા જે તે બાઇ શેઠ આદરજી મોટાભાઇ એનસાઇકલો પીડીયા બ્રીટાનીકાવાલાજીનાં પુતરણ સાસુની મતરાઇના મામાની દીકરાની દીકરીની વહુ થતી હશે અને સુના ગંડેરીએબી જોયું જે શાપુરજીબા એમ ધારેજ તેવણને એમજ ધારતા રાખવામાં ફાયદો હતો. નકામો સુતેલો સાંપ જગાડવામાં ફાયદો કોણને ?

તેણીએ સઘળો મેહમાર પેલાં ખુણામાં બેઠી બેઠીજ જોતી હતી તેટલાં આગળ પેલાં બાબા વરબું આપે તેવાં ભીખી ડોસાં આવીને ગોઠવાયાં.

"પછી, છોકરીની ઉમ્મર વાસ્તે નથી કંઇ જણાયું કે બાય ?" તેવણે તપબારનો એક સુલ્લકો મારીને સુનાને ઓળખ્યા વગર પુછયું.

"કેબ છોકરીજી ?"

"લે ! વરી અંજાણાં શાએ થાવોજ બાય ? વરી કેબ છોકરી કરીને પુછોજ તે શું આદરજીની કંઇ બાંચ પંદર છોકરીઓ હોય તેમ ?"

"મબદ તમે કોની વાત કરોજ જો ? આદરજી કોણ ? ને છોકરી કોણ ? જરા બુલાસેથી બોલોની તો ?" સુના છંછણી પડી.

"ઓવાય બૈરાં ! તાહરે તમે લગન કોણનાં બાવા આયાંજ ? તેબી છે કે એમજ ?"

અને બરોબર તે ઘડી બીબીના સવાલથીજ સુનાને એકદમ ખ્યાલ આવી ગયો કે તેણીએક વગર તેડેલી પરોણી હતી તેણીને તો સરકારી હુકમ આવ્યો અને તેની રૂએ આ મોજીભાવાલાં લગનમાં પોતાની લાજરી આપવી પડી બાકી જે દારથી પોતાનું એકનું એક માનીતું કેનેરી મરી ગયલું તે દારથી સુનાએ લગન નવજોત જેવે વખતે જવા આવવાનું મુકી દીધેલું.

પણ હવે હાં તે બીબી ડોસાં કાંઇ ગડબડ કરે અને પોતાનું કામ રહી જાય તેની બીકે સુના એ ધ્યાન ટેકાણે રાખી હસીને કહ્યું,

" અરે હારે માય! તેડાં વગર કોઇ બેરાં આવતાંથી હોયે? ખમજ, તમે પણતી છોકરીની ઉમરને વરે પુછોજ કે?"

" હોં!"

" હોયે પચીસ તીસ વરસ!"

સુનાની આ અટકળ સાંભળી બીબી ડોસાં ઘણું અજાય થયાં. હવે તો તેણીજનની ખાતરીજ થવા માંડી કે " આએ બેરૂં " કોઇ એનસાઇકલોપીડીઆ બ્રીટાનીકાવાલા તરફનું હશેજ નહીં કાંયકે પરણની " છોકરી " પોતે પોતાની ઉમ્મર બાવીશ વરસની કેહતી હતી એટલે તેથી ઓછ તો હોયજ નહી પણ વધારે કેટલાં હશે તે જાણવાને બીબીજીજ ઘણાં ખંતી હતાં.

" પચીસ ને તીસ?" તેવખે સુનાનીબાય પાછી અને હસ્યાં. " પચીસને તીસ? માય-માય! એને પચીસમી સાલગેરી ઉજીઆનેમી પચીસ વરસ થઇ ગીયાં હોમે!"

"એટલે શું પચાસ વરસની પનની કન્યા?" સુના અજાયબીથી ફાટી જતી હતી.

" હોવે-બેરૂં, પચાસ શું પંચાવનમી હોમે! ને આપે જાનુસ શું કીધી તે જાનોજ કે તમે?"

" નહીંજ"

" ઓ.માય, તાહરે તમે કાહારનાં આયાંજ તે હશ બેબી રહીને શું કરવા કીધું?"

"પનનાં જોડાંને ભલી દુવા દીધી વરી, બીજું શું કરયે?"

" ઓ! વહીરે માય! દુવા ઘેરથી દેઇને આવનાં નહીં આવરયું; છતાં અહીં વેર આયાં તેહરે કંઇ ખબર અંતર કાહારીને જઇએ કે એમજ?"

" એવી એવી ખબરો જાણીને આપરે શું કરયે અપણ."

" અપણની કેહતીના દીકરા જીવે! જોતેની માય એમ નહીં બેસી રહીએ. પરપેહેરામણી શું થઇ તેતો પેહેલ્લે જાણવી જોઇએ. કેહજે છોકરાએ પેહેલ્લાં તો પચીસ હજારમેં હા કહેલું પણ પછી છોકરી અગડ કોઇ નાદાન દુકતા સાથે પેચારમાં પરેલી તેનાં કંઇ ઓંત્યાં કાગન્યાં પકરાયાં તે છોકરાએ તો લઇને કાજ તોરી નાંખ્યું પછી એ તો પોતાની નોકરીએ જતો રહેલો તે છોકરીના બાપે કેટલી માફ માંગી જે પચીસને બદલે પચાસ હજાર ને એક મોટર કેઆટ આપવા કહ્યું, તેહરે છેક છોકરો પાછો કબુલ થયો."

સુના બાપડીને આએ બધાં ટાહેલાંનો એક હરફ માત્રભી કામનો હતો નહીં છતાં પોતાનો વખત જવો જોઇએ કરીને બીબી ડોસાંના પટ પટારા ને હાજા હા કરવા કીધું.

" છોકરીની માએ શું કીધું તેભી તેહરેતો તમુને ખબર નહીં હોયે, બેરાં!"

"જી નહીંજી, તેભી હું નથી જાણતીજ."

" હરવખ જાય રે તું લગનમેં આવતી!" બીબીજીએ હસીને માથાથી પોતાના પાવણા જેવા હાથની એક મજબ છાપ સુનાનાં ખભાં પર કકડાવી કહાડી.

સુના ગંડેરીએ પોતાનાં ટીકટીક કામ અર્થે પોતાનાં ખભાંપર બ્લાઉઝની આંદુ હોળ એક પેપુંરી બાંધી હતી. જેવી બીબી ડોસાંએ પેવી કકડાવસ છાપટ લગાવી કે તે પેપુંરીનું ધમ્મકું જોરમાં દબાયું અને પરણના જોરની

ગંજાવર અજાયબી વચ્ચે મેલા ખુણામાંથી પે એંએં કરીને એક તિક્ષ્ણ અને જોરાવર અવાજ થયો.

દસતુરજીઓ આશીરવાદ સારતા અટકી ગયા.

સાક્ષીઓ ચકીત થઇને જોવા લાગ્યા.

વરરાજાનાં માંયે કલ્લો કીધો.

લગનની મેનીજ કરનારા પાવરીના હાયમાંથી પાણીનો કળસ્યો પડી ગયો.

ઇલેકટ્રીક લાઇટ ખુજાઇ ગઇ અને—અને ઓહ! અને—પરણતી (૫૫ વરસની) કન્યા મુર્છાગત થઇ પડી!!!

પ્રકરણ સત્તાવીસમું.

(જેમાં તૈયાર થયું વેશ બદલીને બાનો ચાંદણું તેમજ લુચ્ચો જેહાંગીરનું અને નવી ગોઠવણ તેઓ વચે, આલબલેશ બાગમાં જઇને નાચની બોક કરવાની થવી).

પારસી બાનુ લુપીન તે આપણી ગંજાવર જોરાવર ડીટેકટીવ વારતાનાં મહાન નાયક પોતાના ડ્રેસીંગ રૂમ બધે જઇ ભરાયલાં હતાં. તેમણે હવે જ્યારે બોકવાર નકીજ કીધું કે આજે વાર તામાં બોકદમ બસ રસકસ ઉભેરી દેવો ત્યારે તેવણ કાંઇ કોઇથી ઘેરયાં ઘેરાયાં રહે તેમાંનાં આસામી હતાં નહીં.

"હું વેશ તો એવો બદલું કે મારી સગી બેહન બાઇબાય મને જોય તો તેબી ઓળખી શકે નહીં!" તેણી એક નાચનારીનો ઘાઘરો પહેરતા બોલી.

એક ગમ તેણી આવી રીતે તૈયાર થેતી હતી ત્યારે બીજી ગમ જેહાંગીર પણ કાંઇ આણસાઇમાં વખત કઢાંટતો નહોતો. તે પણ પોતાના દેખાવમાં અગણીત મોટા ફેરફારો કરવામાં રોકાઇ ગયલો જણાતો હતો.

તે અને ચાંદણું, મોટાભાઇને ત્યાંનાં લગનમાં તબલચી અને નાયકણીના વેશમાં જનારા હતાં. કાંય જે આજે મોટાભઇને ત્યાંનાં લગનમાં કસીકુ મોતીરામની મદદ વડે એક મહાન કાવતું થનાર હતું.

ચાંદન બાનુ કોકટજી પોતાનાં કામો માટે અને પોતાની ખાથામ્યાટીકલ ગણત્રીઓ માટે મુસ્તાક હતાં પણ તેવણને શું ખેયાલ કે તેવણનું ગંજાવર કાવતરૂં પકડવા માટે, અત્યાર અગાઉનાં બીસ સોનાબાઇજી ગરેરીજી તથા ફ્રાંસથી ગઇ કાલનાજ મેલમાં આવી પુગેલા મહાન ડીટેકટીવ સાહેબ મોંસ્યું ગાનીમાર્ડ આલબલેશ બાગમાં જઇને ગોઠવાઇ પણ ગયલા હતા?

ચાંદણું બાપડી તો જાણે જે પોતે જે કાંઇ ગણત્રીઓ કરતી હતી. તે બધી કતેહમંદીથી પાર ઉતારવાનું તદન ઇઝી સેલીંગ હતું. તેણીને ડીટેકટીવોની તો બીલકુલ ધાસ્તી હતીજ નહીં. ભલભલા ડીટેકટીવોને તો તેણી પાન ને ચુનો લગાડતાં થાપ ખવાડી શકે. જે તેણીને એકજ ધાસ્તી હતી કે તેણીનો પેલો બંધેવી લુલુ પીરોશા નવલઇ કુમાર નાંની હતી. ફ્રાંસ વાલો જાણીતો લુપીન જે મુબઇ આવતો સંભળાયો હતો તે જો તેણીનાં કામની કોઇ રીતે માહીતી મેળવતા પામે તો તે જબરો હરીફ થઇ પડે ખરો, કાંય જે પારસી બાનુ લુપીને જે ગંભીર કાવત્રાંનું છટકું માંડયું હતું, તેના બદલામાં તેણીને ખાસ્સા દશ લાખ રૂપ્યાનો તડાકો પડવાનો હતો!

દશ લાખ રૂપીઆ!

હા આ આ!

તે એક કેવું સુખી સ્વપનું હતું!

એક કસીકુ જેવાં બંધીની મદદ વડે દશ લાખ!

આજના જમાનામાં કોણ તે સંભરીક ધારી શકે?

અને છતાં ચાંદણુની ગણત્રી અચુક હતી!

તેણીનું છટકું આબાદ ગોઠવાયું હતું!

ફક્ત કુનેહની જરૂર હતી.

અને નસીબ !

હા, નસીબ નહીં રૂઠ્યું તો બેહદ્દો પાર !

બેહદ્દો પાર ! !

ચાંદણે તે ધાધરો ઓળવીને પછી કલરના દાબડાની મદદ સાથે પોતાના કદરૂપા ચહેરાપર ચુંબણું શરૂ કીધાં. તેણીએ આરટીસ્ટોને શરમથી નીચું જોવું પડે તેવું કીધું. તેણીનું તે કલરીંગ એટલું તો અસુફ હતું કે જ્યારે ડાબો ગાલ રંગાઇને તૈયાર થયો ત્યારે જમણો ગાલ શરમથી લાલ લાલ થઇ ગયો. ચાંદણ પાસનો લાલ રંગ ખલાસ થઇ ગયલો હોવાથી ચાંદણે પીછી વડે તે ગાલપરનો રતાસ ઓળખી કહાડયો અને એવી રીતે માણસાઇ કળામાં કુદરતની મદદ આવી. આજના લડાઇના વખતમાં જ્યારે રંગનો આવો મોટો દુકાળ છે ત્યારે જો બધી નોવેલોમાંથી છોકરીઓના ગાલપર ધાઇ આવતો લાલ રંગ એકઠો કીધો હોય તો કેટલો ટેકો મળે ? છે કોઇ પારસી ભાયનો દુખળો સપુત જો એ કામ માટે એક કંપની લીમીટેડ ઉભી કરે અને દશ દોહડયાંના શેરની કીંમત દસ્તર પાંચ દસ્તરની થઇ જવાની આશા આપે ?

કીંદ માટે એવા એવા ધંધાનાં બેતર તો રેવ રેવ થાય છે પણ તેનો કોઇ લાભ લે ત્યારે કેની ?

અડી કલાકની કુંક મુદતમાં ચાંદણનો વેશ બદલીને તૈયાર થઇ ગઇ. તેણીએ અમીના જનનો એવો સુમસુ વેશ ધારણ કીધો હતો કે તમો જોવો તો એમ નહીં જણો કે એનાં આખથી સદાની વડાલી અને પ્યારી આદર મહીનાની બેખરી બાંણુ હશે !

શું કુદરત છે ?

બીજી બાજુએ ચાંદણનો શાગેર્દ અને જમણો હાથ જંગુ પણ એવો બદલાઇને બેઠો હતો કે કીટેકટીવ તો શું પણ કીટેકટીવનો બાપ બી સમજી નહીં શકે કે એનાં બેલો બાજોપર જઈ બેઠો જંગીર દોય !

તે એક તબલચી બની બેઠો હતો.

તેણે ગળામાં ઓળવેલી દોરીપર એક તબલો બાંધ્યો હતો.

તે તબલાપર આંગળાં ઠોકતાં—

તુંમ—તુંમ—તુંમ—તેં એં એં એં—તડક—થપક !

એવા રસીલા અવાજ બરપા થતા હતા.

તે તબલામાં વીચીત્ર કયું હતું નહીં.

સાધારણ તબલા જેવો તબલો હતો.

તેની બેઉ બાજુએ ચામડું તતડાવીને બાંધેલું હતું.

જો તે ચામડાં નહીં બાંધેલાં હોય તો તે તબલો ગણાય નહીં, પણ ચામડાં હતાં એટલે તે તબલોજ હતો.

હવે જંગુએ તે તબલા ઉપર પોતાનાં નાજુક આંગળાંની રમત ચાલુ કીધી અને જ્યારે તે તાલ સુરનાં બારીક જોરામાં ઉતરી પડયો તેજ ઘડીએ તેના ઓરડાનું બારણું ઉઘડયું અને બાનો ચાંદણ અમીનાજ્ઞન તરીકે દાખલ થયાં.

" કોણ ? ચાંદણબાઇ ! " જંગીર ચોંકીને બોલ્યો.

" શ શ શ શ ! ચાંદણબાઇ કોણ અકસી વકરી ? મેરા નામ બીબી અમીના જન હય. તું મેરા તબલચી હોકર એસા ચુપ્પી કેમ જના છે ? "

" અરે હાં ખરાજ, બીબીજ્ઞન અમીના—"

" બીબી જન અમીના નહીં—ગધ્ધા ! બીબી અમીના જન કરકે બોલ. "

" અરે હાંરેજ, બીબી અમીના જન—તમ બુલો બુલી જતા છે, પણ—"

" પણ કયા બરેલા ? લેકીન કરકે બોલ ! "

" અરે હા ખરા ! લેકીન બીબી અમીનાજ જનજ તુમેરી સાથ અમરેકુ કીઆ બલાયના હા છે ? "

" બલાયનેકા માના ધુંના ? તમરેકુ તો ખાલી આને તબલાપર આંગળાં ચોકવા કરવાના

કા—બસ બીજા કુછ બી નહીં—ને અમરેકુ એસા તેસા ધાધરા પકરકે નાચવાના ને લોક ખુસ ખુસ થઇ જાવસે ઇતનામે આપરા કસીકુછ મોતીરામજી પોતીકા કામ કરી લેવેંગા એટલે આપુને બી ઉઠ કર નહાસી આવનેકા ! સમજ્ઓ કેની ? ”

જહાંગીર બધું એવું તો બરોબર સમજી ગયો હતો, કે તેને વધુ કશું બી જણાવવાની જરૂર જણાઈ નહીં. તેણે પોતાના હોય દાંત વચે મજ ખુતં બીડયા અને તાં આં આં આં ડ ડ કરીને પેલા તબલાપર ટકોરા થોડી મારયાં જેના પોકળ અવાજથી કરીને આખો ઓરડો ધમધમી રહ્યો.

(હવે આવતા અંકમાં ઉપલી રંગીલી જોડી આલમગીર બાગમાં જઇને શું હોરીનો રંગ ઉડાવે છે તે જાણવા તમે બધાં આઇકા લોક બાઇકા લોક તૈયાર રેહજોજી)

(ભલા સસ્સા—તારી સુફયાંની મસ્ખી કાંપુ હિંદુસ્તાનની પર ગુલશનનો કોઈ વાંચક મૂર્છાગત ન થઈ જાય તો બસ છે ન કર તેમ જો થયું તો—ખબરદાર !—સંભાળ ! ભાંગલ્યા.

ધ્યાનથી વાંચો અને ફાયદો ઉઠાવો.

અમારા કારખાનામાં નીચે મુજબની વીગતે ખાસ અજમાવેલી દવાઓ મોજુદ છે. જેના પોતાને મોટે વખાણ કરવા કોગટ છે. એક વખત વાપરી જોવાથી તેની ખુબી માલમ પડશે.

રોગન અકસીર તિલા—એ રોગન ઘણું ખર્ચ અને મહેનતથી બનાવવામાં આવે છે. નાદાનીમાં ગફલતથી બુરાં કર્મથી ને તરેહવાર પ્રકારની બરાબીથી નસોમાં કાંઇ પણ ફરક આવેલો હોય અથવા સંતાન પેદા કરવામાં કાયરતા હોય અથવા કોઇ પ્રકારની કમજોરીની શીકાયત હોય એને માટે એ તિલા અકસીર છે એને કાયદાથી માલેશ કરવાથી થોડા દીવસમાં ભલા બળવાન બને છે. બાલને જુવાન અને જુવાનને નર—જુવાન બનાવવાનું એનું કામ છે.

કીંમત—એક ઔંસની શીશીના રૂ. ૫) એક તોલાની શીશીના રૂ. ૩) પોસ્ટેજ જુદું.

હબુબ્બ નાદર—એ ગોલીઓ અજબ તાકતવાલી છે. એ સાહેબો માટે છે કે જે વારંવાર દવાઓ વાપરવાથી કાયર બની ગયેલા હોય અને જેનાં મોઢા ઉપર મુરદાલી છાઇ રહેતી હોય તે થોડાજ વખતમાં ગયેલી તાકત પાછી આવી જાય છે અને જીંદગીનો સ્વાદ ફરીથી પેદા થાય છે અને એ ગોલીઓ બણી કીમતી ચીજોથી બનાવેલી છે. કીમત—એક શીશીમાં ગોલીઓ ૧૦૦) ના રૂ. ૩ તથા ગોલીઓ ૬૦ નાં રૂ. ૨) પોસ્ટેજ જુદું. રોગન કરામાત—આ તેલની માલેસથી જુનામાં જુનું સાંધાનું દર્દ તથા સોજ ગઠીયા રીઝનવા જેને અંગ્રેજમાં સાયેટીકા કહે છે તે જલદી દુર થઈ જાય છે જે લોક એવી ખરાબ બીમારીઓથી તંગ થયેલા હોય તે વાપરી જોવો. અમે ખાતરીથી કહીએ છીએ કે તે લોક ફરીથી પોતાના કામ લાયક થશે એ પુરી ખાતરી કરેલી છે. કીમત એક શીશી એક ઔંસની રૂ. ૨) પોસ્ટેજ જુદું.

હબુબ્બ હિયાત—આ ગોલીઓ વાપરવાથી સાંધાનું દર્દ તથા સોજ વીગેરેનો મવાદ મામુલી ઝાડા સાથે જડથી નીકલી જાય છે અને સદાની કબજીઆત દુર થઇને ઝાડો રોજને માટે સાફ આવે છે કીંમત એક શીશીમાં ગોલીઓ ૧૦૦) રૂા. ૨) એક શીશીમાં ગોલાઓ ૪૦) નો રૂ. ૧) પોસ્ટેજ જુદું. સકુફ નીમક સુલેમાની લાજવાની—એ એક જાતનું સ્વાદ આપે તેવું ચુરન છે. એક માસા ખાવાથી પેટનું દર્દ તથા આફરી જવું અને બદહજમી વીગેરે દુર થઇ જાય છે અને પેટનાં તમામ વીકારોને માટે અજાયબ દવા છે. કીંમત—બે ઔંસની શીશી ૧) નો રૂા. ૧) પોસ્ટેજ જુદું.

દવા મળવાનું ઠેકાણું.

ડી. એમ ખોસલા એન્ડ સન્સ.

D. M. Khosla & sons, Patiala (Panjab.) પટિઆલા—પંજાબ.

રિવ્યુ કોલમ.

રવિકાન્ત ભાગ ૧.

રચનાર—મી. ચુનીલાલ નરભેરામ દેસાઇ.

કિમત ૩. ૨—૦—૦.

આ પુસ્તક ઘણાં રસીલાં દ્રષ્ટાંતોથી ખાસ કરીને ભરપુર કરવામાં આવ્યું છે કે જેની મારફતે વાંચનને સુખમયને સાધુમય તેમજ સફળ કરવાના માર્ગનું યોગ્ય સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું છે. સંસારની માયામાં લપટાઇ માણસ બન્નરણ્ય થતાં કેવો અંધ બને છે તે આપણે આપણી પાસ દીનપ્રતિદીન બનતા બનાવોથી ખુલ્લું જોઇ શકયે છીએ. તેવા અંધોની નજર ખુલી કરી ઇશ્વર તરફનો માર્ગ બતાવવાની આ પુસ્તક ની નેમ છે. ધર્મના યથાર્થ પાલણમાંજ આપણ મનુષ્ય માત્રનું ખરૂં કર્તવ્ય સમાએલું છે; તેને લક્ષમાંજ મનુષ્ય સર્વ સુખનો ભાગ્યશાળી થઇ શકે એ બાબત બહુ સરળ રીતે સમજાવવાની કોશીશ લેખકે કરી છે. આ ઉપરાંત વાસનાજ મનુષ્યના બંધ મોક્ષનું કારણ છે તથા તે વાસનાના બે પ્રકારો તેમજ વિચારની સત્તા મહાન પ્રબળ છે ને તે કાંતો સુખમય કારે તે કરવા કારણભુત થઇ શકે છે ને તથા સંસારની ભોરદળમાં ફસાઇ વિનાશમાં લીન બની ને આપણે યોગ્ય કરવા ચુકીયું તો વાયના દર્યા દેવે વાગી પાછળથી આપણને પરતાવું પડશે એ બાબતો પણ બહુ સુંદર રીતે સમજાવવામાં આવી છે. આ પુસ્તક કાંઇ વાતો નથી કે એક વખત વાંચીને બાજુએ મુકાય.

વિષય એટલો ઉત્તમ છે ને એટલો અચ્છી રીતે સમજાવેલો છે કે દરરોજ થોડો થોડો વાંચીને તેપર મનન કરવામાં આવે તો ખરેજ આ દુન્યામાં મારૂં મારૂં કરી તેમાં વેળાપા મારતાં છળકપટ કરવાની આપણને જરૂર જણાય છે તેનું પોગળ સમજી જઇ આપણું પોતાપર કાબુ મેળવી મનુષ્ય જનતીને ઉપયોગી થઇ પડી આપણો માર્ગ સરળ કરી તે મહાન બાપનાં ચરણમાં સહેલ જઇ શકયે છીએ. ભાષા છેકજ કઠીણ નથી એટલે પારસી વાંચકોને પણ તે વાંચવાની સહેલ બક્ષામણ થઇ શકશે. કેમો મી. દેસાઇને આવાં ઉત્તમ પુસ્તક માટે ખરેજ ધન્યવાદ આપી તેમને તેમનાં આ ઉત્તમ કાર્યમાં દરેક કુત્તેહ ઇચ્છી એ છીએ.

મળવાનું ઠેકાણું.

સારંગપુર—ઘાશીરામની પોળ—અમદાવાદ.

પુષ્પહાર.

પ્રકાશક—ચંપકલાલ ગોરધનદાસ જરીવાળા—સુરત.

વાર્ષિક મૂલ્ય. માત્ર રૂપ્યો એક.

આ એક નાનકડું માસિક છે જે સુરત બાતેથી પ્રગટ થાય છે. આ માસિકનો ડીસેંબર અંક કમોને અવલોકન અર્થે મળેલો છે જેમાં નાની નાની વાંચેક વાર્તાને એકાદ બે વિષય છે. તે ઉપરાંત ચારેક આર્ટપેપરપર ચિત્રો આપવામાં આવેલાં છે. વાર્તાઓ વાંચવા જેવી છે. રંગીન કાગળપર માસિક છાપવામાં આવેલું છે ને સાધારણ પત્ર માસિકોનાં કરતાં આપ્યું રાખેલું છે. એક રૂપ્યામાં આ સાહસ વખાણવા જોગ છે. કમો પુષ્પહારને કુશળ ઇચ્છીયું.

બ્રહ્મભટ્ટ વિદ્યોતેજક ફંડ રિપોર્ટ

તૈયાર કરનાર-કવિ હરગોવિન્દ લાલભાઇ

બ્રહ્મભટ્ટ.

હિંદુસ્થાનના ઇતિહાસમાં જણીતી થયલી બારોટ જ્ઞાતી જે આગળ સરસ્વતી દેવીના મહાન ઉપાસક તરીકે જણીતી હતી તે હાલમા છેક નબળી હાલતમાં આવી પડતાં તેને તેની અસલ પંક્તિપર લાવવાના યથાર્થ પ્રયત્નો થાય છે. આ માટે વડોદરા ખાતે ૧૯૧૫ માં આ જ્ઞાતીની પરિષદ મેળવવામાં આવી યોગ્ય ઠરાવો થયા હતા અને તેમાં વિશેષ કરીને વિદ્યોત્તેજક ફંડ ખોલવાનો પ્રશંસનિય ઠરાવ થયો હતો. આ માટે સ્તુતી પાત્ર પ્રયાસ થઇ બોર્ડિંગશાળા વડોદરા ખાતે સ્થાપવામાં આવી છે. આ બોર્ડિંગ શાળા માટે મદદની જરૂર હોવાથી ગામેગામ ફંડો ઉઘરાવવામાં આવે છે. વિદ્યાદાન આપવું એ સૌથી મોટામાં મોટું દાન આપવા સમાન છે. આ ગરીબ જ્ઞાતીનાં બાળકોને શ્રીમંતોએ પોતાની મદદનો હાથ લંબાવી અંધકારમાંથી કેળવણીની રોશનીમાં બહાર કાઢવાની વિશેષ જરૂર છે. આ બોર્ડિંગમા હાલ ૨૦ વિદ્યાર્થિઓ લાભ લે છે પણ તેમા દાખલ થવા બીજી સાડાઇ અરજીઓ આવેલી જણાય છે જે પૈસાને અભાવે બાજુએ રાખેલી છે. પૈસાની સવડ થતાં વધુ ગરીબોને લાભ મળે તેમ છે. આપણે ધારીયું કે સખી નરનારીઓ કોમ કોમનો કશોએ તફાવત રાખ્યા વિના આવાં જરૂરી ખાતાંઓને મદદ કરવા હરહમેશ તૈયાર રહેશે. એ વાસ્તે ઓનરરી સેક્રેટરી મી૦ પુરૂશોતમદાસ સાભળદાસ બ્રહ્મભટ વડોદરા સાથેથી જોઇતો ખુલાસો મળી શકશે.

સીંગરનાં કેલેંડરો.

રંગુનવાળા ભલા મિત્ર મી. ખરશેદજી એલ. પટેલ તરફથી સીંગરનાં નાનાં કેલેંડરો મળ્યાં છે. આ કેલેંડરો માસિક ફાડવાના છે. દરેકપર જૂદા જૂદા દેશોનું એકેક ચિત્ર આપેલું તે ચિત્રો રંગીત હોવાથી ઠીક એંચાન કરે છે. મી. પટેલની ભલી લાગણી માટે અમો તેમના ઉપકારી છીએ.

ઝોરા સ્ત્રીઅન કેલેંડર

૧૯૨૦ ૧૨૮૬

કિંમત રૂ. ૧-૮-૦

જગોશ બીરાદરોનો વાર્ષિક પોથો વખતસર હમારી ટેબલપર આવી પડયો હતો. કાગળની આવી સખત મોધવારી છતાં એ પોથો તેની અસલ હાલત સાચવી રહ્યો છે તે જોતા હમો લગાર અજબ થયા હતા. અલબત તેનો ભેદ ભારોભાર જાહેર ખબરથી મળી તો આવશેજ. કેલેંડરમાં એકે ડોકયું પારસી કોમની આખી વર્ષની તવારિખનો ઇતેહાસ રજુ કરે છે. પારસી કોમની સખાવતનો ગરો દીનપરદીન વધતો ને વધતોજ જાય છે. ગુજસ્તે સાલમા પારસી સખાવતનો આંકડો સાડીબાવીસ લાખ પર મુકવામાં આવ્યો છે. પારસી કોમ આવી મોટી સખાવત કરી જાય છે છતાં કોમના હાજતમંદોની હાજત ટળતી નથી એ અથ સુચક છે. પારસી સખાવતના ઝરાનો રોહ ત્યારે બદલવાનો વખત આવી પુગ્યો છે કે જે બાબે કોમે ગંભીર દરયાફત કરવાની જરૂર છે. સખાવતોની વિગત રજુ કરી ગુજસ્તે સાલનો ધનતેખાબ આપવામા આવ્યો છે. આ પછી જણીતાં મરણોની જીંદગીના વર્ણનો છે. જગોશ બીરાદરો છૂટાં છવાયાં ચારિત્રો રજુ કરે છે તેના કરતાં જોઇએ તો ઠુંકામાં દરેક જણીતાં મરણની યોગ્ય નોંધ તેમનાં ચિત્રો સાથે લેતા હોય તો હમો માન્યે છીએ કે આ વાર્ષિક નોધની ઝીર્ત્તિમાં મોટો

વધારો થઇ શકશે. મરણોની ચાલુ નોંધ તો લેવાય છેજ પણ ચિત્રો સાથે લેવાય એવી હમારી મકસદ છે. આ ખર્ચાળુ કામ છે પણ તેનો બદલે પારસી કોમ આ પોથાનો મોટો ઉહાવ કરી સહેલાઇથી વાળી આપે તેમ છે. આ પછી વાર્ષિક કેલેંડર તથા ઉપયોગી નોંધો છે. યુરોપી લડાઇમાં પારસી ઓએ આપેલી મદદવાળું પ્રકરણ વધુ લંબાવ્યું હોત તો વધુ ખેંચાનકારક થાત. આ પોથાપર લેવાતી જેહમત તથા કાગળનો દુકાળ જોતાં કિમત કાંઇજ નથી. દરેક પારસી ઘરમાં આ પોથો રહેવોજ જોઇએ છે.

મળવાનું ઠેકાણું:—મુંબઇ વર્તમાન પ્રેસ, ૪૬૨, ગ્રેકટરરોડ, માંટરોડ, મુંબાઇ.

કામિની અને કાંચન.

સાંસારિક નવલકથા.

લેખક—ભી૦ છગનલાલ નારાયણ મેશ્રી તંત્રી " વિવેચક "

કિમત રૂ૦ ૧–૦–૦

ભી૦ મેશ્રી બાગીનાદિલ લેખક છે–એમની કલમનો ટચકો સારો બતાવાય છે. ઉપલી વાર્તાનું વણું બહુ અચ્છી રીતે ગુંથી લોભી ને દુષ્ટ માણસો અત્યાચારમાં કેટલી બધી હદે જાય છે તે બતાવ્યું છે ઇશ્વર ભક્તિમા લીન થયલા તપસ્વી પરમહંસનું પાત્ર બહુજ મનહરક છે. આવા પુણ્ય પુરૂષો દુન્યાની માયા નજરે કેવા છે તે સારજ નજર નાંખતાં બતાવાય છે. આવા પરમહંસ પુરૂષો હાલના જમાનામાં બહુજ ઓછા નજરે આવે છે. આ વાર્તામાં વિલાસબાનીની પાસે બનાવેલા બાગમાં કર્નાએ કાંઇક પોતાના કલમને વધુ જોશ આપેલો લાગે છે. આવા બનાવો દિવ્ય સંસારમાં બન્યા નથી. આ જેવા પુસ્તક વાંચવા હમો સાંજ બલામણ કરીશું કેમકે તેથી ઇશ્વર ભક્તિ તરફ વાંચકનું મન જરૂ દોરાય તેમ છે. બાકીબત બાબા પારસીઓ માટે તો કિમિ છે.

મળવાનું ઠેકાણું વીરે .. ઓફીસ–નારીઅ.

બાળ ઉછેર–બાળ રક્ષણ.

ભગિની સમાજ ને આરોગ્ય પત્રિકામાળા.

લેખક–મિસિસ. જી. કે. ઉપાધ્યાય.

પ્રકાશક–મી૦ ચીતલીઆ, ઓ. સેક્રે. ભગિનીસમાજ, ગીરગામ, મુંબાઇ.

ઉપલી:સમાજ તરફથી બહાર પડેલું આ નાનકડું પુસ્તક હમોને ઘણુંજ ગમ્યું છે. આ, લેખ પાંચમી સાહિત્ય પરિષદ માટે લખાયો હતો ને તેને લેડી રમાબાઇ પટણી તરફનું પાંચ તોલા સોનાનું ઇનામ મળ્યું હતું. બચ્ચાંઓને કેમ ઉછેરવાં તે અનુભવ મળ્યા વિના જણાતું નથી. તેવી માતાઓ માટે આ ખાસ લેખ બહુ ઉપયોગી થઇ પડયા વિના રહે નહિ. આખો વિષય જૂદાં જૂદાં પ્રકરણોમાં વહેંચી નાંખી માતાઓને ઘણીજ સરળ રીતની સમજણ આપવા સાથે નાનાં બચ્ચાંઓ માટે ઘરગથુ ઇલાજને પણ જણાવ્યા છે. ભગિની સમાજે આવાં પુસ્તકો છૂટથી પ્રજામાં વહેંચવાં જોઇએ છે. અજાનતાને લીધે જે અનર્થો થઇ નિર્દોષ બચ્ચાંઓનો કચરઘાણ નીકળે છે તેનો જરૂરી અટકાવ આવા અનુભવી લેખો કરી શકે તેમાં કશી નવાઇ નથી. માતાની નજરી જોતાં ભયંકર પરિણામોના જે પચાસ દ્રષ્ટાંતો આપવામાં આવ્યાં છે તે દરેક માતાઓએ વાંચી વાકેફ થવાની જરૂર છે. બાપા ઘણી શુદ્ધ હોવાથી પારસી વાંચકોને ગજે બાગ્યેજ ઉતરી શકે છતાં હમો તેમને ખાસ કરીને આ પુસ્તક વાંચવા આમદ પૂર્વક બલામણ કરી શકીશું.

અખબારે સૌદી.

ઘરકરી વેપારનાં કોમ માટે પખવાડીક પત્ર. લવાજમ વર્ષના રૂ. ૨–૮–૦.

૭ ફારમનુ આ પખવાડિક પત્ર રાજકોટ પ્રગટ થાય છે ને તેના અધિપતિ તરીકે વેપારના અબદુલ કાદીર હસનઅલી છે. આ માસિકમાં પોતાની કોમને લગતી બધી બાબતો બારીકાઇથી ચર્ચાય છે તે

આપે વિચારશીળ ટીકા કરવામાં આવી છે. નિબંધો વાંચવા જેવા છે. કેટલીક ચુંટણી સારી છે. બહોરા ભાઇઓમાં રસ વિનાની બેશરમભરી રમુજ (!) મસ્કરી કરવાનો પવન જણાય છે. સુરતના એક ગ્રહસ્થ મરી ગયા છે એવો ખોટો તાર કરી કેવો ત્રાસ ફેલાવવામાં આવ્યો હતો તેની હકીકત વાંચવા જેવા છે. બહોરા ભાઇઓ માટેની બીજી વિગતો ઘણી છે. પ્રીન્ટીંગમાં સુધારો થવાની જરૂર છે. હમો આ ભાઇબંધને ફતેહ ઇચ્છીએ છીએ.

રાણા વાવ અંજુમને ઇસલામ.

૧૯૧૫-૧૬ નો રિપોર્ટ.

આ અંજુમન તરફનો રિપોર્ટ દર વખતે ટકોરાબંધ નીકળે છે તે પસંદ કરવા જેવા છે. આ આ સંસ્થા નરકથી લાયબ્રેરી ચલાવવામાં આવે છે એટલુંજ નહિ પણ મદરેસા (સ્કુલ) વગીક ચલાવવામાં આવે છે. અનજુમનનું ફંડ કયું ધરબમ જણાતું નથી. તેને મુસ્લીમ ભાઇઓએ મોટી મદદ કરવાની જરૂર છે.

અંજલિ.

કરાંચીનાં શ્રી. બંધુ મંડળ તરફથી પ્રગટ થતાં અંજલિ નામનાં માસિકનો જનચ્યું-ફેબ્રુઆરી ૧૯૧૭ નો ભેગો અંક પાન ૬૦ નો મળ્યો છે. માસિકનું લવાજમ ફકત રૂ. ૧-૧૨-૦ છે આ અંકમાં સારા લેખોનો સમાવેશ છે. કવરપરનું ચિત્ર ઠીક છે. મેસર્સ ત્રીવેદી, દવે, વ્યાસ, કુંજ વિહારી, ગુણવંત, જ્યેશીપુરા તથા સવિતા વગેરે ના લેખો વાંચવા જેવા છે. કાવ્યો પણ સારાં છે બારોબાર સંસ્કૃતમય ગુજરાતિ આ માસિક પસંદ કરતું જણાતું નથી તે માટે તેને મુબારક બાદી ઘટે છે. આ માસિક તેના પ્રકાશકને તંત્રી મી. ચંપકલાલ નંદલાલ કોશિકને શ્રી બંધુ મંડળ ઓફીસ, કરાંચી લખવાથી મળી શકશે.

જેતપુર જમાત કુતુબખાના મદ્રેસા હોલનો રિપોર્ટ.

ઉપલા ખાતાંના ઓ. સેક્રેટરી મી. મોહમદ અબદુલ લતીફ તરફથી ઓગણીસમાસનો આ રીપોર્ટ બહાર પડયો છે જે પરથી જણાય છે કે આ ખાતાંની આર્થિક સ્થિતિમાં રીપોર્ટ દરમ્યાન સારો સુધારો થયો છે. લાઇફ મેમબરોની મોટી સંખ્યા જોડાઇ છે. બક્ષીસ ફંડ જોઇએ તેટલું બીલકુલ નથી એ દીલગીરીની વાત છે. આ ઉપયોગી ખાતાંને હજી વધુ મદદની જરૂર છે.

દાદરનું દાસ્તાન.

કર્તા—હરમીસ.

કિમત બે આના.

મી. હરમીસનું નામ ગુલશનનાં વાંચકોને એટલું બધું જાણીતું છે કે તેમની વધુ ઓળખ હવે આપની જરૂરી નથી, તેમનાં કાવ્યોનું આ છઠ્ઠું ને નાનકડું પુસ્તક પારસીઓ માટે ખાસ કરીને ઉપયોગી છે કેમકે તેમાં દાદાર અહુર મજદના જરથોસ્તી ધર્મ મુજબનાં ૧૦૧ નામોને કાવ્યમાં ગુંથી આ નામોની ખુબી વર્ણવી છે. આ નાનકડાં બાર પાનાંનાં પુસ્તકનો દીબાચો મી૦ પીરોજ મસાનીએ લખ્યો છે. તે મહાન બાપની યાદ આ રીતે પ્રત્યેકની નજર આગળ લાવવા માટે તેમજ તે બાપના મહાન નામોના ઉંડાં અર્થોની વિગત અલંકારિક રીતે રજુ કરવા માટે મી. હરમીસને ધન્યવાદ ઘટે છે. ગાયન એવું કર્યું છે કે જેથી તે ત્રણ રાગમાં સહેલ ગવાઇ શકાય તેમ છે. આ ઉપરાંત ત્રણે રાગણીની નોટેશન છેવટે આપી કર્તાએ ખરેજ યથાર્થ પ્રયાસ કર્યો છે. આવાં ધાર્મિક કિર્તનો પારસી કોમ આગળ મોટી સંખ્યામાં રજુ થવાની જરૂર છે. પુસ્તક કર્તા પાસેથી મળી શકશે.

કિન્ડર ગાર્ટન ગીતાવલી.

સંપાદક—છોટાલાલ ર. ભટ્ટ.

કિમત ત્રણ આના.

વડોદરાની રાવપુરા કીન્ડરગાર્ટન સ્કુલના હેડમાસ્તર મી. ભટ્ટે બાળકોને કીન્ડરગાર્ટનની મોજ આપનારાં નાનાં નાનાં ૨૮ ગાયનોનો સંગ્રહ કર્યો છે. પોતાનાં આ ગાયનો સાથે બીજાઓના પણ સારાં ગાયનો એમણે લીધાં છે જે ઠીક થયું છે. આ ગાયનો બાળકોને આનંદ આપે એવાં છે. નોટેશન આપ્યું હોત તો વધુ ઠીક થાત. આ ગીતાવલી નવસારી પ્રાંતના માજી સુબા સાહેબે મી. દોરાબ ટી. પાંચસીને અર્પણ થઈ છે.

View album of Simla

By M. H. Bumlakhow

સીમલાના જાણીતા શાહ સોદાગરો મેસર્સ ફ્રામજી એન્ડ કો વાળા શેઠ હીરજીભાઇના બેટા મી. મનચેરશાહ તરફથી ત્યાંના વખાણવાને લેવા લાયક દેખાવોની ત્રણ ડિમતી આલબમો હમોને મળી છે. આ આલબમ ત્રણ ભાગમાં વહેંચવામાં આવેલી છે. પહેલા ભાગમાં સોળ ફોટોઝ છે ને તે બધા ત્યાંની ભવ્ય ઇમારતોના દેખાવોના છે. બીજા ભાગમાં પણ એટલાજ ફોટોઝ હોઇ ત્યાંની હિંદી વસ્તીને લગતા તથા શહેરના દેખાવને લગતા છે. ત્રીજામાં ત્યાંના પહાડી લોકો બજારના દેખાવો તથા જાણવાજોગ દેખાવોના છે. મી. મનચેરશાહ પોતે એક આર્ટીસ્ટિ ફોટોગ્રાફર હોવાથી આ દરેક ફોટો ઘણીજ ખેંચાણદારક ને મનરંજક લેવામાં આવેલો છે. આ ફોટોઝ બધા ઝામાઇકામાં ઉત્તમ રીતે છાપવામાં આવેલા છે. ૪૮ ફોટોઝમાંના કેટલાંક ચિત્રો તો અદ્ભુત વખાણવા લાયક છે. મી. મનચેરશાહને તેમના આ સહાસ માટે અમેજ ધન્યવાદ ઘટે છે. કિમત ૪૯ રૂપ્યા બાંધજ છે જે બરાબ જોતાં મોટી નથી પણ હમારા જેવાઓને પાળવે તેમ નથી. એતો યુરોપ્યન શોખીન બન્ધોજ આવા હુન્નરની કદર બનાસી કરી શકે તેમ છે.

બ્રહ્મચારિણી.

લેખક અને પ્રકાશક—મી. દાદાભાઇ રામચંદ્ર મહેતા.

કિમત ૦-૧૨-૦.

મી. દાદાભાઇ રામચંદ્ર એના ગુજરાતના એક પઢ્યા જાણીતા લેખક છે. ગુજરાતી સાહિત્યમાં એમણે એક કદમ આગળ ધરી ભિક્ષુક અખંડાનંદ પેઠે સસ્તી વાર્તામાળાની દારમાળા કાઢવા માંડી છે, જેનાં બીજાં વર્નું આ ૪-૫-૬ મું પુસ્તક હમોને અભિપ્રાય અર્થે મળ્યું છે. આ પુસ્તકને નવલકથા કહેવા કરતાં ધાર્મિક બોધ આપનારૂં પુસ્તક ગણવું યોગ્ય છે. વાર્તા રૂપે લેખકે આર્ય ધર્મનો બચાવ કરી જે જે ઉમદા બોધ આપવાની યોજના કરી છે તે બરેજ માનન્ય છે. આ નવલકથાની નાયકા કમલિનીનું જીવનવૃતાંત મનન કરવા જોગ છે. હાલના સમયમાં કમલિની જેવી ફરેસ્તાઇ બહેનો મળવી મુશ્કીલ છે છતાં તેણીની હકિકત જાણતાં જે કસોટીઓમાંથી તેણી પસાર થાય છે ત્યારે બરેજ આફરીનનો ઉદ્‌ગાર કાઢી શકયા વિના રહેવાતું નથી. કમલિની જેવા ફરેસ્તા લિંદમાં અનેક થવાની જરૂર છે. કમલિનીએ જ્યારે એકે તડાકે ઇશ્વર પ્રાપ્તી મેળવી ત્યારે તેની બહેન સત્યવતીએ સંસારમાં રહી પોતાનો ધર્મ બજાવી માયા સાથે જે ભીડાસ પ્રસરાવ્યો છે તે પણ યાદ કરવા જોગ છે. ઇશ્વર પ્રાપ્તી માટે ફરીકર રસ્તા અલગ થઇ શકે છે. સંસારમાં રહી પોતાની ફરજ બજાવી ઇશ્વર પ્રેમ મેળવનાર વધુ આગળ વધે છે એ નિશંક છે.

એક ભલી સ્ત્રીનો સમાગમ શું કરી શકે છે તે કમલિનીના ચારિત્ર પરથી પ્રગટ જણાય છે. જાતીઓના ઝઘડા તથા ભિન્ન ભિન્ન મત મંતાંતરોનું અવલોકન આ પુસ્તકપરથી ખુલ્લું જણાય છે. એક બાપ પોતાની બેટીને કેળવણીનાં રૂડાં ફળ આપી જગતને કેવી બેટ આપે છે તે આ પુસ્તકના જ્ઞાનાનંદના દ્રષ્ટાંત પરથી ખુલ્લું જણાય છે જાતીજોરોની બધમતા, અહંકાર તથા મેં બડાઇ. જાણવી હોય તો આ પુસ્તકમાં એક નજર કરવાથી બસ થશે. અંતે ધર્મજોર જય છે એમ પ્રગટ છે. આ પુસ્તકની ભાષા ઘણી શુદ્ધ છે અને વિષય જો કે ગહન છે છતાં હમો ધાર્યે છીએ કે હિંદુઓ ઉપરાંત પારસી વાંચકો પણ તે વાંચે તો તેમાંથી કાંઇને કાંઇ સ્હાવો મેળવ્યા વિના રહેશેજ નહિ.

મળવાનું ઠેકાણું:—

મેનેજર—સસ્તી વાર્તામાળા, મુંબઇ નં. ૧૩.

એક વિચિત્ર સાટું !

(ટુંકી વાર્તા.)

લખનાર—આર. ડી. ભગવાદીયા.

મેહરાં મુન્સી—આ દગાબાજ દુન્યામાં હવે એકલી પડી હતી. જે શખ્શે તેણીને પાળી પોષી મોટી કરી હતી—જેણે તેણીને સધળા લાડ અને સુખથી નવાજી હતી. તે મરણ પામ્યો હતો. તે થકડોળ ડોસો મરતી વખતે વિચિત્ર સાટું તે છોકરી સાથે કરી ગયો હતો કે જેથી તેણીને તેની સધળી દોલત અને મીલકતની માલેક થવાને તે ડોસાના ભત્રીજાને તેના મરણની ૭ માસ પછીની મુદતમાં પરણવું હતું...અને તેમ નહિ કરતાં યાને પોતાની મરજીના શખ્સ સાથે તેણી પરણે તો તે સધળો વારસો પેલા ભત્રીજાને આપવાનું ફરમાન પોતાના સોલીસીટરોને તે કરી ગયો હતો. અલબત તે મુદત દરમ્યાન તીયલમાંના સુંદર બંગલામાં તેણી રહી મરજી મુવાફેક સધળાં સાધનો મેળવી શકે તેમ હતું પણ એક બીજે તેણીને નારાજ કરી. તેણી ચોડોક વખત થયો પોતાની બાજુના બંગલામાં આસાયશ લેવાને આવી રહેલા એક કહેવાતા માલદાર પોર્યાને ચાહતાં શીખી હતી. અને તે પોતાને લવજી વાડયા તરીકે ઓળખાવતો જવાન તેણીને તેમજ તેણીનાં પૈસા મેળવવાને તેણીને તેવીજ જાનફેશાનીથી ચાહતો હતો. તે રોળવતો હતો. તેની ચાલચલણમાં એક સદ ગ્રહસ્થ જેવો હજી સુધી તેણીને તે માલમ પડયા હતો અને તેણી પોતાના પાલકની આ વિચિત્ર માંગણીથી અંજાણ—તે શખ્શને વરવાનું પ્રોમીસ આપી ચુકી હતી અને હવે! જો તે દોલત ખોદી દે તો એક ભિખારી હાલતમાં તેણીને શું લવજી વાડયો વરવાનો હતો ? શું તેનું ખાનદાની કુટુંબ તેણી જેવી એક ભીખારી છોકરી સાથે તેનું ભવિષ્ય જોડવાની બહાલી આપનાર હતું ?

નહિજ. ત્યારે ? તેણી મુજવણમાં હતી. તે બુઢ્ઢાનો ભત્રીજો !—આહ ! તેણીએ કદીપણ તેને જોયો હતો નહિ. તે ઉંચો હતો કે બટકો—કાળો હતો કે ગોરો—સોહામણો હતો કે બદસુરત—એ કશું તેણીને જોવા યા જાણવાની કદીપણ તક મળી ન હતી, અને સીરફ એક ગુજર પામેલા શખ્શની ઇચ્છાને આધીન થઇ તે કોઇ ત્રાહિત શખ્શ સાથે સંસારની પાળ બાંધની એ તેણી કહે તેમ " તદ્દન ઇમપોસીબલ " હતું.

" નહિ બા—તું મને ગમે છે તેમ તાહરા પૈસાબી મને ગમે છે. અને તને પૈસા સાથેજ હું લેવાની ઉમીદમાં હતો ? " લવજીને મળતાં તેણીએ તેને વીલની સધળી વિગતથી વાકેફ કર્યો ત્યારે તેણે ઉપલો જવાબ દીધો.

" તમો મારા પૈસાને ચાહોછો કે મને ? " કંઇક ગુસ્સાથી તેણીએ આજની તેની બદલાયલી રીતભાત જોતાં સવાલ કર્યો.

" પૈસા કોણને વ્હાલા ન હોય ? જો તું પૈસા વગર મારી ધણીયાણી થાય, તો મને પણ મારા વારસામાંથી રદ બાતલ થયેલો સમજવો.

કારણ કે મારા બુઢ્ઢા તને આવી હાલતમાં કદીપણ પોતાની વહુ કરવાની બહાલી આપેજ નહિ. મેં તને પ્રોમીસ આપ્યું હતું તે વખતે એવી ઉમીદથી કે તારા પાલકનો સધળો વારસો તને મળશે અને તે સહિત મારી ધણીયાણી તું થશે. દીલગીર છું...તે વગર હું...' તે બોમોસ થઇ ગયો.

તે જે સાસડાત બોલી જતો હતો તે સઘળું જહારનું હતું પણ તેના આ ધાતકી બોલવાથી પેલી છોકરીનો દર્દભંદ ચહેરો જોતાં તેનું જીગર જાણી જતું હતું છતાં—તે દીવસે તેને કાંઇ તેવીજ મસ્તી ચઢી હતી. તે બોટી થાઇને તે છોકરીનાં મનપર એમજ હસાવવા માંગતો હતો કે તેણી કરતાં તે તેણીના પૈસાને વધુ ચહાતો હતો

અને જ્યારે તેઓ છુટા પડયા ત્યારે તે હંમેશ માટેજ; કારણકે આખર સુધી તેણીના પોતાવત માટેના પ્યારને તેણે કબુલ નહિ કરતાં તે છોકરી દુખી જીગરે તેને છોડી ચાલતી થઇ. બીજા દીવસે લવજી વાડગેા મુબઇ તરફ ઉડાંગરી કરી ગયેા કે તે વખતે તે બેકદર શખ્સ તેણીને મળવા વગરજ ગયા...એક ખ્યાલ તે છોકરીના મનમાં રમી રહેા.....મુંબઇ જઇ પોતાના બુઢ્ઢા પાળકના ભત્રીજાને મળી પોતાની આ સઘળી કેફીયતથી તેને વાકેફ કરી તેણી કાં નહિ તે શખ્સને પોતાનેા ધણી કરે !—તેણી જાણતી હતી કે લવજી તેણીના પૈસા ને વધુ ચહાતેા હતેા છતાંએ તેનેજ હજી પૈસાથી છતી જોર કરવા માંગતી હતી.

તા. ૧૦ મી કે જે તેણી માટે છેલ્લેા દીવસ હતેા-કે જે દિવસે તેણી વીલમાં ફરમાવેલા શખ્સ સાથે પરણી એક દોલતવાન સ્ત્રી થાય યાતેા સઘળાં સુખને છેલ્લી સલામ કરી દુઃખની ખાદીમાં ગબડી પડે—તે દીવસની આઠ દીવસ આગમજ તેણી મુંબઇમાં સેાલીસીટરેાને મળી પોતાના પાલકના ભત્રીજાને મલવાની મરજી જણાવી પણ તેણીની બારે નારાજીપારી વચ્ચે તેણીને કહેવામાં આવ્યું કે જ્યાં સુધી તેણી વીલની માંગણી સ્ત્રીકારી કાગજપર સહી કરે નહિ ત્યાં સુધી તે ભત્રીજાને તેણીની મુલાકાત લેનાર હતેા નહિ...

"ત્યારે તેા એક શખ્સને જોયા જાણ્યા વગર હું કદીએ પરણીશ નહિ" તેણીએ ત્યાંથી દુખમદ લેતાં મકકમ વિચાર જાહેર કીધેા. જ્યારે તે સેાલીસીટરની પેઢીનેા પડેા દયામણું મેાંહ કરીને-કંઇક મર્મ સહિત હસ્યેા.

તે તારીખ પસાર થઇ ગઇ ને સપતેા વારસેા પેલા ભત્રીજાને મેાકલેા તેણીની જાણમાં આવ્યેા ત્યારે તેણી ગરીબ બીચારી મુંબઇના એક નજીસ રસ્તાપર એક નાની કેાટડી લઇ હાલમાં પોતાનું અકેરવકરે પુરૂં કરતી હતી.

ગામડાંની ખડતળ ને હુન્નરમંદ જીંદગી તેણી એ ગુજારેલી હતી એટલે વખત વહેતાં તેણીને તે એકાંતને ગરીબ જીંદગી સહેલ ગુજારવાની આદત પડી ગઇ...ને કે રંગીલાં મુંબઇમાં તેણી પોતાની ખુબસુરતીથી કેાઇ સારે ઘેરેજ સહેલાઇથી ગેાઠવઇ જાય તેમ હતું છતાં ફકત લવજી વાડયા સિવાય તેણીની નજરમાં આ દુન્યાનેા કેાઇપણ શખ્સ શ્રેષ્ટ યા તેણીને તે લાયકનેા જણાયેા નહિ. ચુપચુપ સબુરીથી તેણી પોતાનેા વખત પસાર કરતી હતી...હજીપણ તેણી પોતાની બાજુના જોરે પૈસા મેળવવાને વલખાં મારતી હતી અને જીવે નહિ ખાતાં તે સંગ્રહ કરતી હતી કે જ્યારે સારી હાલતમાં આવતાં તે પોતાના ધારેલા સખ્શ સાથે પરણી સુખી થાય ?

રાતદિવસના કામથી તેણી પોતાના શરીરને કચડી નાંખતી હતી તેનું પણ તેણીને ભાન રહ્યું નહિ... અને અંતે તેણી બીમાર પડી કે જે વખતે તેણીની દાદ કે ફરીયાદ લેવા વાળું કેાઇ હતુંજ નહિ.

તે અંધારા ઓરડામાં ફકત ખુદાના સત પરજ તેણી તાવથી બબડતી પડી હતી ત્યારે લવજી વાડગેા તેણીનેા બેવફા આશક તે ઓરડીમાં એક બુર્જેગ શખ્સ સાથે ધસી આવ્યેા.

"ઓ ખુદા આપણે હજી મેાડા થયા નથી" લગભગ બેહોસીમાં પડેલી તે અજાણના પલંગ પર બેસી તેણીનું માથું પોતાના હાથમાં લેતાં તેણે પેલા બુઢ્ઢા શખ્સને કહ્યું. અને ત્યારે તેણીએ પોતાની આંખ્યેા ખોલી તેની સામે જોયું ત્યારે ખુશાગીની એક ચીસ સમેત તેણીએ ઉઠવાની નાકામી કોશીશ કીધી.

"હું તેાયથી કંગાલ હાલતમાં હતું ત્યારેજ તમેા આવ્યા છેા !...જાઓ—ખુદા ખાતર જાઓ તમેા નાકાબજ મેાટા છેા" તેણીએ તેની તરફથી બીજી પળે પોતાનું મેાંહ ફેરવી લેતાં કહ્યું.

"નહિં વ્હાલી—મને તું સમજવા વગર ગેરઇન્સાફ ના કર—અને મેં તને આવી દુઃખી હાલતે ફક્ત એક મારી નાદાનપતને લીધે પહોંચાડી છે તે માટે માફ કર! જો, હયાં જો, એવણને તું ઓળખે છે?" અને તેણીનું મોહ તેણે પેલા યુનેર્ગ સખ્શ તરફ ફેરવ્યું.

જે સોલીસીટર સાથે તેણી વાત કરી આવી હતી તેને પોતાની સામે ઉભેલો જોતાં તેણી તાજુબ થઇ.

"ઓ—મને ખુલાસો કરો—નહિ તો હું મેડ થઈ જવસ!"

"મારા જાન, સમજ—હું—કે જેને તું લવજી વાડમા તરીકે ઓળખે છે તે તેજ શખ્સ હું કે જેને પરણવાનું ફરમાન મારા કાકા કરી ગયા હતા પણ તેવણના ભત્રીજા તરીકે જાહેર થઈ તારો પ્યાર જીતવા કરતાં એક આહિત શખ્સ તરીકેજ તારો પ્યાર મેળવવાની મેં કોશીશ કરી—અને આહ! હું જોઇ ચુકયો કે તારો પ્યાર ફક્ત મારે માટેજ હતો—હું તારાથી દૂર હતો પણ તારી સઘળી હીલચાલોની મને ખબર મારા વિશ્વાસુ રેપુઓ તરફથી મળતી હતી અને—હજી સુધી મેં તને તારી મરજીને ધીવટાઇથી વળગી રહેલી જોઇ સઘળો ભેદ ખુલ્લો કરવાની જરૂર જોઇ માફ કર મને તારી કસોટી કરતી વખતે એવું સ્વપ્ને પણ ન હતું કે તું આટલી દુઃખી હાલતે પહોંચશે—પણ—પણ હવે સુખ તારે માટે હાજર છે તે તને લેવા આવ્યું છે. મારા જતનના બોગે તને સુખ બક્ષી આ તારા દુઃખનો બદલો હું વાલી આપીશ..." તેણે દુઃખો ખુલાસો કર્યો.

"તમો જાણોછ?— આહ! તમોને પૈસા સાથેજ જીતવાના મેં સોગંદ લીધા હતા. મારૂં અંતઃકરણ તમોને બેવફા કહેતું હતુંજ નહિ... અને જુઓ તેનું આ પરિણામ છે" અને ત્યાં તેણી પોતાનો જુસ્સો ખાલી કરવા ધસાંધસ રડી પડી.

ઘણાજ પ્યાર સાથે તેણે તેણીનું માથું પોતાની છાતીએ ટેકવ્યું અને તેણીના કપાળપર એક મીઠું ચુંબન કરી તેણીને શાંત કરી.

અને હવે કહેવાની જરૂર નથી કે તેઓ હાલમાં પોતાની મરજીથીજ એક થઇને સુખી જીંદગી ગુજારે છે.

મેહરાં મુનશીએ પોતાના પાલકની ઇચ્છાને વશ નહિ થતાં પોતાની પસંદગીનાજ શખ્સ સાથે પરણી હતી એમજ તેણી વારંવાર પોતાના ધણીને મગરૂરાઇથી કહેતી હતી;—કે જ્યારે લવજી યાને સોરાબ મોટી દુન્યામાં એવીજ વફાદાર ને હેતવંતી મહોરદાર સઘળાને મળે એવી દુવા ગુજારતો હતો!

ઈરાનીયન નાઈટ્સ.

લેખક—મી. માણેકજી એદલજી વાચ્છા.
પ્રકાશક—મી૦ કેખશરૂ નસરવાંનજી પોલીશવાળા.
કિમત રૂ. ૧-૪-૦.

જાણીતાં જ્ઞાન વર્ધક અને માસિક મિત્રના સાહસિક માલેક મી. પોલીસવાળાએ મી. વાચ્છાનું ઉપલું પુસ્તક પોતાનાં ગ્રાહકોને ભેટ આપવા માટે તૈયાર કરાવ્યું છે. મી. વાચ્છા જાણીતા પારસી લેખકોમાં સારી વિખ્યાતી પામેલા છે. એમની આ વાર્તાઓ ઘણા હોંશથી વંચાશે એમાં કશો શક નથી કેમકે આ વાર્તાઓનું મૂળ અરેબ્યન નાઇટસને નામ મશહુર થયલી ચુનંદી વાર્તા છે. આ વાર્તાઓમાં જે કાંઇ ફેરફાર કરવામાં આવ્યા છે તે પસંદ કરવા જોગ છે. હાલનાં સેનસેશનલ નોવેલો વાંચનારાઓને આ કહાંણી કિસ્સા કદાચ લુખ્ખા જણાશે પણ તેની મતલબ જોતાં, ગમે તેવી ઉકેરણી ભરી વાર્તાને બાજુએ હડાવે તેવી આ નાની વાતો છે. તેમાં સમાયલો ભાવાર્થ ઘણોજ ઉત્તમ અને મનમાં કોતરી રાખવા જોગ છે. હાલની કાગળની બાંધણી જોતાં મી. પોલીસવાળાએ પોતાના ગ્રાહકોની સેવા બજાવવા જે કોશેશ કરી છે તે બેશક માન ભરી છે. પારસીઓ માટે ખાસ કરીને આ વાર્તાઓ વાંચવા જોગ છે કેમકે તે વાર્તાઓ તેમને તેમના પુરાતન જમાનાની ખુશી યાદ આપે છે.

મળવાનું ઠેકાણું: કાંતા બીલ્ડીંગ, કાલબાદેવી, મુંબાઇ.

" મણીપુરના મહારાજા. "

(હિંદુ રાજ્યસ્તાનનો જુનો રંગ)

(નવલકથા.)

લખનારઃ—કવિ ભવાનીશંકર નરસિંહરામ.

(ગયા અંકથી ચાલુ)

(ગુલશન માટે ખાસ.)

પ્રકરણ ૪૮ મું.
" રંગમાં ભંગ "

તાજવે ગોળ લગાડવાની તાલધેલમાં આ ચંડાળ ચોકડા નિરંતર તૈયાર હતી, તરણ પુરૂષને ચાદું ચાદું સમજાવીને ટાઢો રાખવાની તજવીજ કરવી અને એ અવસરમાં મરેઠાઓની મદદ મેળવીને પ્રતાપસિંહનું માન ભંગ કરવું એવી ગોઠવણ આ તકેદી ટોળીએ કરી લીધી.

તરૂન દોઢેક દરબારગઢ છોડી ગયા પછી હિલસોડી દેખાડવાને માટે દરબારીઓએ અનેક પ્રકારના દાવપેચ રચવા માંડયા તેના ઉતારાપર રાજ્ય તરફથી મણિપુરમાંથી ન મળી શકે તેવા ચરબ્રામાનથી ને કુલ કુલથી ભરેલા ખુમચાઓ આવવા લાગ્યા.. દરબારીઓએ અને હજુરીઆઓ દરરોજ આવીને તરૂણ પુરૂષની ખુશામત કરવા માંડી. નાચનારીઓએ આવીને નાચરંગ કરીને રીઝાવવા લાગી. ગાયનકારોએ ગાયનો ગાઇને ઝમટ આપવા માંડી. અને શિકારીઓએ શિકાર કરવાને માટે આમંત્રણપર આમંત્રણ આપવા માંડયાં આવી તાલતલાવટીથી તરૂણ દોઢેક અંજાઇ જાય એમ નહોતો. પરંતુ તેણે ઘણા રાજ્યરંગ જોયા હતા. અને એવા રાજ્યરંગથી રાજ્યખટપટમાં નિપુણતા પમાડતો હતો. ખટપટીઆ ખવારો અને દાઢ્ઢા બજાવનાર હજુરીઓનો ખાનાંપીનાની માફક તેની આસપાસ ઝઝમલ કરતા, બાલકાલ હતા હતા પણ તે પોતાની સાવચેતીમાં સંપૂર્ણ હતો. તે ગાયનો લીધો લેવાનો જોતો નહોતો અને તે સાથે પોતાના કામકાજથી પરવારીને આવા પરવારવા લોકોની સાથે વધારે સહેવાસમાં આવવાને રાજી નહોતો. તે બધે તેમની તાલ તબાવટ સમજતો ન હોય, તેમની ખટપટથી અજાણ હોય, તેવી સ્થિતિમાં રહીને તે સઘળા દરબારીઓને રમાડતો હતો. રાજ્યરીતી પ્રમાણે તેમની સાથે રોજ રમત ગમતમાં સાથેનો સાથે રહેતો, અને શ્રીમંત સરદારની ભેટ સોગાદો માનપૂર્વક સ્વિકારતો હતો. તે છતાં પોતાની તૈયારીના તે બધાને તેનો સાવધાન હતો. તેણે ઘોડા ઠાળની શાંતિ પકડીને સરદારગઢની સ્થિતિનું યથાર્થ ચિત્ર સમાચાર રીતે પોતાના શ્રીમંત માલીકપર વિશ્વાસુ માણસ સાથે મોકલી દીધું હતું. અને પારધીની છેલ્લી ચેતવણીપર કેવું લક્ષ આપ્યું છે, તે સઘળું વિદિત કરવાની તક લીધી હતી. છેવટે તેણે ઠંડાં પાણીથી મગ ચટવાના નથી, માટે મરેઠાની મદદ મળી આવે તે પહેલાં તાબડતોબ તૈયાર થઇને મણિપુર ઉપર ધસી આવવાની તાકીદ કીધી.

મણિપુરના બે બે સરદારો આસંતોષ પામીને ઘરનાં ખુણામા સંતાઈ બેઠા હતા તેમની સલાહ લેવામાં, તેમની સાથે મસલત કરવામાં તે પોતાનો અવકાશ કાળ ગાળતો.

રાજનું શરીર દરબારની મોજમજા ભોગવવાને લીધે ઢીલઢવાણ થયું હતું. તેનાથી હવે શિકારબાજીનો શ્રમ ખેડી શકાય તેમ પણ નહોતું. તે છતાં પ્રતાપસિંહના પારધીના પડાવને પ્રસન્ન રાખવાને માટે તથા રાજી કરીને રાખવાને માટે મહારાજાએ તથા તેના સલાહદારોએ સમવાયી શિકાર

ટોળી સાવધાન કરી અને તે ટોળી સાથે પાવત પૂર્ણાનંદથી જોડાયો. શિકાર બાજીની રવારી અજીબ જોવા લાયકી હતી.

રવિવારના પ્રહરમાંથી શિકારબાજી રમવાની શરૂઆત થઇ રહી. ઉત્સાહી રજપૂતોએ ઘોડે પલાણ નાખીને શિકારબાજીમાં શુરાતનપણું બતાવવાની શરૂઆત કરી. પાળાજીઓ પગે ચાલવા માંડયું. રણશિંગડાં વાગવા માંડયાં. હાથીઓએ મદોન્મત્તપણામાં આવીને ચીસો પાડવા માંડી. ઉંટોએ બાંગરવા માંડયું. અસ્ત્ર શસ્ત્ર સૂર્યના તેજ૨વી કિરણોથી ચળકવાં લાગ્યાં. સરદાર સાહેબ જેઓ દરોજ સવા પ્રહર દહાડો ઉગે ઉઠતા હતા, તેમણે પણ પ્રભાતમોથી ઉઠીને ઘોડે પલાણ નાખીને તૈયાર થઈ ઉભા હતા. તરૂણ યોદ્ધાના ઉત્સાહનો પણ પાર નહોતો. પ્રભાતમાં ઉઠીને સ્નાન, પૂજા, નિત્યકર્મ ઉત્સાહપૂર્વક તેણે કરી લીધું ને અંગપર અસ્ત્ર શસ્ત્ર રૂડીને સુસજ્જી ઘોડીપર સ્વાર થઈને શિકારબાજીમાં પોતાનો હાથ બતાવવાને ઉભો રહ્યો. શિકારીઓએ રણશિંગડાં વગાડીને આગળ ચાલવાની શરૂઆત કીધી. રાજા અને દિવાન હાથીપર હતા. તરૂણ યોદ્ધો અને પારધીનો પ્રતાપી પ્રતિનીધિ રાજાના હાથીની જમણી બાજુએ રહીને પોતપોતાના ઘોડા હાંકતા હતા. એમ ચાલતાં ચાલતાં સઘળો રસાલો એક જોરમાં વહન કરતી નદી નજદીક અને બીલોબીલ ઝાડીથી ઢંકાઇ ગયેલી ટેકરીની લગોલગ આવી પહોંચ્યો. આ ઉભી ટેકરીપર હાથીથી ચલાય એમ નહોતું એટલે તેઓએ નદિ ઉપરજ રહેવાનુ યોગ્ય ધાર્યું.

શિકારને ઘેરવાને માટે આગળથીજ ફાંસાઓ નાખવામાં આવ્યા હતા. તેથી હજારો હરણાંને સસલાંઓ, સાબર અને રોઝ હુકાર અને રાની મરઘાં ફાંસાથી સંકડાવીને દોડાં દોડા કરતાં હતાં. શિકારનું કામ અનિયમિત હતું. શિકારને ગભરાવવાને માટે ડમડમીઆંને છમછમીઆં વાગતાં હતાં. કુળવાન અશ્વો રખટપટ્ટીથી ઝીણ ઝીણ થતા હણહણતા હતા. માણસોના હકારા થતા હતા: શસ્ત્રોની ફેંકાફેંકીના અવાજથી હવામાં ફડાકા વાગતા હતા. શિકારબાજીનું જોસ હવે જોરમાં આવ્યું હતું. જેની વાયે આવે તે રજપૂત સિપાહી એક બાનથી વિશેષ પરાક્રમ બતાવવાના શરાતનમાં પડયા હતા. આ સમયે જોસમાં રણશિંગડાંના અવાજો થતા હતા. સિંહનાદના અવાજો આવતા હતા. ને એ અવાજો સત્ય પાડવાને માટે નદિના ઉંડા કોતરોમાંથી અરેબર એક સિંહ ફાળા ભરતો ધસી આવ્યો. ઘોડાઓએ સિંહને જોઇને હવા પુંછડીએ નહાસવા માંડયું ઉંટોએ છક્કા લોચા અહાર કાઢીને ઠેકતા ઠેકતા દોડવા માંડયું. પાળાઓએ પાછાં પગલાં ભરવા માંડયા ને ગદપર ચડેલા ગજરાજોનો મદ ઉતરી ગયો. રાજાજીના હાથીની નજર હજી સુધી વનરાજપર પડી નહોતી, પણ વનરાજે માણસોની શોર બકોરથી મીંઢાના પ્રકારનાં વાજીત્રોના ઘોર અવાજથી ચમકીને કાચા પોચા માણસોનું તાજું કાઢી નાખે એવી ત્રાડ મારીને રાજાજીના હાથીપર છલંગ મારી. આ સિંહનાદથી રાજાજીનું ક્ષત્રિયરંગી રક્ત ઉછળી આવ્યું. તેઓએ પોતાની બંદુક સિંહપર તાકી મારી પણ તે બરાબર વાગી નહિ ને તેનો ઘાર ખાલી ગયો. બંદુકનો અવાજ સાંભળીને મદોન્મત્ત સિંહ ક્રોધમણ ક્રોધપર ચઢયો. પાનાચંદ પારેખનું પોતીયું નિકળી પડયું ને સિંહ ગર્જનાથી પીંજણાના માનની પેઠે દિવાનજી થર થર કંપવા લાગ્યા.

રાજાજીના હાથીએ ભયથી પોતાની સુંઢ મ્હોંડામાં ઘાલી દીધી ને ચીસ પાડીને પાછા પગેજ ફરવા માંડયું. પણ ફરવાની કે ફરીને નહાસી જવાની તેની શક્તિ રહી નહિ. વનરાજે પવન વેગથી ફાળ ભરી, અને હાથીનું કુંભસ્થળ ઉઘાડીને હોદાને ચળકી પડયો. એ ધસારાના ધક્કાથી પાનાચંદ પારેખને ધાસકો પડયો. અને કમરાકિતને લીધે હોદો ધરતીકંપ સરખા આંચકાથી હાલવાને લીધે તેઓ ધરણીપર ધસી પડયા. રાજાજીનું રક્ષણ કરવાને એક હરિ વગર આ વખતે બીજું કોઇજ નહોતું. રાજાજીના હાથમાંથી બંદુક પડી ગઈ, એટલે તેઓએ સિંહની સાથે હોદામાં બેઠા બેઠા હાથોહાથ કુસ્તી કરવાની હિમત કીધી સિંહ હોદા મુખને રાજાજી ઉપર હુમલો કરવાની તક લે તે પહેલા સુભાગ્યે તરૂણ યોદ્ધો પવન વેગથી હિમત બોઇ બેઠેલા હાથી પારો દોડી આવ્યો, અને ઘોડાપરથી એક ફલંગ મારીને હોદાપર ચઢી ગયો. આવી રીતે પોતાની પાછળ એકાએક એક મનુષ્ય શત્રુને આવેલો જોઇને વનરાજ સ્તંભી ગયોને રાજાજીને પણ બૂઝા પેલા નવા પરોણાની પરોણાગત કરવાનો પ્રયત્ન કર્યો. આ પ્રયત્ન પાર પડે તે પહેલાં

તરૂણ યોદ્ધાએ ટીંચણ ભેર થઇને સિંહના પેટમાં પોતાની ઝેરી કટાર ઘોંચી ઘાલી. સિંહે મનુષ્ય જાતના કારમાં હુમલાથી ચીસ પાડીને મરતાં મરતાં પોતાના પંજાથી તરૂણ યોદ્ધાને કાંઇક પ્રસાદ આપ્યો. પણ તેવા પ્રસાદથી તરૂણ યોધ્ધો કાંઈ ઢીલે એવો નહોતો. કટારના કારી ઘાથી સિંહને કળ ચઢી ને તત્કાળ તે શણવત થઇને હાથીપરથી હેઠો પડયો. એટલામાં શેરસિંહ ને બશેરસિંહ અહિં તહિંથી દોડી આવ્યા ને મોટે મોટેથી બુમો પાડીને મરેલા સિંહપર પોતાનું પરાક્રમ બતાવવા મંડયા. કોઇએ શણવત પશુપર તરવાર મારી કોઇએ ભાલો ઘોંચ્યો ને કોઈએ કટારનો ઘા કર્યો. આવી રીતે જેની મરજીથી તેણે તેનાપર પોતાની રીસ ઉતારી લીધી.

રાજાજી આ સઘળો તમાસો ટગર ટગર જોતા હતા. તેમણે, તરતજ તરૂણ યોદ્ધાનો હાથ પકડી લીધો ને બ્હાલથી પોતાની પાસે ખેંચીને શુદ્ધ આભારની લાગણીથી ભેટયા.

હાથીનો માવત દિગ્મૂઢ પૂતળાંની પેઠે ઠરી ગયો હતો. તેણે પોતાના માલીકની મરજીથી છાપણી ભણી હાથી ચલાવ્યો. હાથી પણ આ મનુષ્ય અને સિંહ યુદ્ધથી બકરી સરખો થઇ ગયો હતો તેણે ઉતાવળે પગે ચાલવા માંડયું. પાનાચંદ પારેખનો કોઇએ પણ બાચ ન પૂછયો. તરૂણ યોધ્ધો મુંગો મુંગો પોતાના તંબુમાં દાખલ થયો, ને પરિશ્રમ ઉતારવાને બિછાનાપર પડયો; ત્યાં રાજાજી પોતે તેની ખબર લેવાને પધાર્યા. તથા તેને સ્વદેશ સાજ થયેલી ઇજાની સારવાર કરવાને માટે રાજ્યવૈદ્ય સોંપીને સંતોષ્યા.

પ્રકરણ ૪૯ મું.

"સ્વદેશાભિમાનીના શોકાશ્રુ."

"આ મારો દેશ. મારું વતન. દેશ અને વતન જ નહિ પણ અત્યારની શાંતિ પામવાનું સુખરથળ જન્મમરણ મરણનું શાંતિ સ્થાન સ્થળ કરવાની મુખ સાંપ્યા. આ મારી જન્મની જોમાંથી હું જોદા થયો અને જોમાં હું હવે પામીશ. એવી આર્યભૂમિ આજ ઝાંખીલ થતાં ફરેરી ખોજ થી ઉછળતી ખળખળ વદન કરતી, મદભરી નદિ. આ નદિનું પાણી પીને આજ મુજી મેં મારી તૃષ્ણા છીપાવી છે. બન્દાજાના ઉગ્રતાપથી ઉકળતા, લોહીને ઠંડું કીધું છે. આ નદિનાજ સ્વચ્છ નીરથી અનેકવાર મારું મલીન શરીર ને મલીન વસ્ત્રો મેં સ્વચ્છ કીધાં છે. તે નદિને હવે રામરામ છે. આજ વિશાળ વૃક્ષો જોનાપર અહુંણા અનેક પ્રકારના પંખિઓ કિલકિલાટ કરી રહ્યાં છે, તેની વિશાળ ડાળીઓ મંદમંદ થતાં, શિતળ પવનની લ્હેરથી ડોલતી, અને જોના ડોલાથી રિયર હવામાં મોજાં ઉઠતાં, અને એ મોજાંથી મોંહ પામીને હું શાંતિ પામતો, જે ફળદાયક તરૂઓપર મધ કરતાં પણ મીઠાં ફળો લચી રહેતાં એ અમ્રત ફળો સ્વતંત્ર તાથી તોડીને હું ક્ષુદ્ધાની શાંતિ પામતો તેજ સ્વતંત્ર પુરૂષ આજે વિના કારણ સ્વદેશ તજીને, ઘરબાર મુકીને સગાંવ્હાલાંની માયા-મમતાનો ત્યાગ કરીને વનવાસી અને માત્ર મધપુડાની આસપાસ ગણગણ કરતી, મધમાંખીઓના ડંખના ભયથી દેશવટો ભોગવે. જે પુરૂષ, રણસંગ્રામના મેદાનમાં અરિદળના તિક્ષ્ણ ભાલાનો ભય ન ગણકારે એવો નિડર જોધે પોતાનાં કપટી શત્રુઓના રક્તમાં રંગીને અનેકવાર પોતાના શરીરને શોભાવ્યું છે, જોને મારનારા ફક્ત લોભીઆ ને લુંટારાને આ પવિત્ર ભૂમિમાંથી ઉઠાડી મૂકવાનો ઉપદેશ દીધો છે. એવા રજપૂત કાજે આજે મધમાખીના ડંખથી ડરવું પડયું છે! એજ આશ્ચર્ય છે. જોના લોઢાના કવચને શત્રુઓ ઝેરી તીરથી ભેદી શકતા નહોતા તેનું અંતઃકરણ પેટની ખાતર વેદ કરનારા એકલપેટા માખણીઆ મંત્રિઓના બાણ છળના ઝેરી બાણથી આજે ટુકડટુક થાય છે. નિષ્ફળ બાણ જે મારતાં નહોતાં તેને આજે શબ્દ બાણ સાલે છે. જે બળવાન બાણથી શત્રુઓના હાથમાંથી અસ્ત્રશસ્ત્ર ઉડાવીને હાથ બાંધેલા તેનાજ હમણા હાથ બંધાઇને બળહીણ બન્યા છે. એવો પણ સમય હતો અને આજે આવો પણ સમય છે. હિરણ્યકશ્યપને ભગવાન શ્રી નૃસિંહજીએ પોતાના તિક્ષ્ણ નખથી વધ કરવા માંડયો ત્યારે, તેણે હસીને કહ્યું કે,

"એક વખત એ પણ હતો, કે, મારાં શરીરને સંકરવું ત્રિશુળ ઉંદરી શકતું નહોતું તેમ દંઢનું વજ્ર પણ મારું શરીર ભેદી શકવાને અસમર્થ હતું, તેજ શરીર આજે તમારા કોમળ નખથી વીંધાય છે." બીજો પ્રસંગ પણ મને સ્મરણમાં આવે છે જ્યારે મહાવીર પોતાનાં અવિષ્ટ સ્વામી રાવણને કહ્યું કે," જે

વાંદરાંઓ હાથ હલાવવાથીજ ત્રાસ પામતાં, તેજ વાંદરાંઓએ તમારી લંકાનગરી લુંટી લીધી છે અને જે મનુષ્યમાંસારીઓએ ભય કરવા યોગ્ય છે તેજ બે મણસો તમારો ક્ષય કરવાને આજે તૈયાર થયા છે અને જે સમુદ્રની મર્યાદા દેવના સમૂહોથી પણ ઉલંઘન થઇ શકતી નથી તેજ સમુદ્રની મર્યાદા આજે વાંદરાઓએ ઉલંઘન કરી માટે, હવે તમારો કાળ આવ્યો છે કારણ કે તમારો જે ભાઇ તે પણ શત્રુ સાથે ભળી ગયો છે."

આવા વિચાર સાગરમાં ગળકાંખાતાં ઘડીમાં આસપાસ આંખો ફાડીને બે બાજુએ થયેલા બેઠા બરાબર માણસની માફક જોતો, ઘડીમાં આંખો મીંચીને કાંઇક ગણગણ કરતો હોય, એવા ભાવમાં સ્થિરતા પામીને ઉભો રહેતો ને ઘડીમાં શૂન્યમનસ્કપણે આવેશભેર ઉતાવળા પગે રસ્તો કાપતો, એક મનુષ્ય મણિપુરના મહારાજાનો ત્યાગ કરવાના ઇરાદાથી ભારેવેગથી વાટ કાપતો હતો. તેની આંખમાં અશ્રુની ધારા વહેતી હતી અને વારમવાર તેની છાતી ભરાઇ આવવાથી જાણે તે હુસકાં ભરીને રડતો હોય એવું દેખાતું હતું. વાંચનાર વિચાર કરીને જોશે તો તેને તેને ઓળખતાં વાર લાગશે નહિ. તે પુરૂષ કોઇજ નહિ પણ મણીપુરનો સ્વદેશાભિમાની કવિશ્વર હતો. જે પાનાચંદ પારેખના કોપને વરા થયો હતો અને એ ક્રોધકોપના પરિણામમાં જેને આ કાળે દેશવટો લેવાના દિવસો આવ્યા હતા. તે ચાલીચાલીને થાકી ગયો હતો અને અતી ઘણા ધોકના શ્રમથી લોથપોથ થયો હતો. તેની આંખે ઝાંઝવા વળતાં હતાં ને તૃષ્ણાને લીધે તેનું ગળું સુકાઇ જતું હતું તેના પેટમાં ભૂખથી હાયહાયના ખાડા પડયા હતા અને પગ સૂઝીને થાંભલા થઇ ગયા હતા; તે છતાં તેણે એક ઘડીનો વિશ્રામ લીધાની ઇચ્છા કરી નહોતી. એક શ્વાસ ખોટામાં લીધો નહોતો, એક ઘુંટડો પાણીનો લીધો નહોતો. તેમ કરવાનું કારણ હતું. એક દેશ ત્યાગ થયેલો સ્વદેશાભિમાની પુરૂષ તેજ દેશમાં ક્ષણવાર ઉભો રહેવાની અભિલાષા કરે, તેજ દેશનું પાણી પીને અથવા અનાજ આરોગીને પ્રતિજ્ઞાનો ત્યાગ કરે, એ બનવા યોગ્ય ગણાય નહિ.

કવિઓ નિડર હોય છે. પ્રતિજ્ઞા કરીને શિર જતાં સુધી તે પાળનારા હોય છે તેવાજ સ્વભાવનો આ કવિ હતો. પોતાની આણપર હાથ નાખનારાં અમલદારોનું અભિમાન ઉતાર્યા વગર આ રાજ્યમાં ન રહેવું, ક્ષુધા, તૃષ્ણાનો ત્યાગ કરવો, અને પોતાનું વેર વાળીને પ્રભુને પ્રસન્ન કરવી, એ તેના અંતઃકરણની ઇચ્છા હતી, અને એવી ઇચ્છા પ્રતાપગઢના પારધી વગર પાર પડે એવું નહોતું. એવું વિચારીને તે પ્રતાપગઢ ભણી પુર્ણ ઉત્સાહથી, પુર્ણ ભરોસાથી એક શ્વાસે ચાલી જતો હતો. હવે તેનાથી પ્રતાપગઢની હદ પાસેજ હતી પ્રતાપગઢની હદમાં દાખલ થતાં પહેલાં રસ્તાની બન્ને બાજુએ મનોહર રાંક આમરની ઝેરીઓ આવતી અને એ ટેકરીઓ પર સરહદનાં રક્ષણ સારૂ પારધીએ પ્રચંડ લડાયક કિલ્લા બાંધ્યા હતા એ કિલ્લાના કંગુરાપર તોપોની જંજીરો ગોઠવી હતી અને સંગ્રામ સમયે તેમાંથી ગોળાઓ છુંટતા, તે આસપાસ શતરૂઓને ઉભા પણ રહેવા દેતા નહિ.

તેમાં કેટલુક રજપુત સિપાહીઓનું લશ્કર રાખવામાં આવતું અને તે હરેક પ્રસંગે રણશિંગડું વાગતાંજ, રણસંગ્રામમાં ઉતરવાને સાવધાન રહેતું.

આ કિલ્લાઓ વટાવીને જનારા મુસાફરની તપાસ લેવામાં આવતી, ને જો જરા શક પડતો હતો તો તેના સરહદમા દાખલ થવા દેતા નહોતા. રાજ્યકવિની રીતસર તપાસ લેવામાં આવી અને તેને વગર રોક પ્રતાપગઢની હદમાં દાખલ થવાનો પરવાનો આપવામાં આવ્યો. કવિના હર્ષનો આ વખતે પાર નહોતો. પ્રતાપગઢના કંગુરા નીહાળીને તેના પગમાં જોર આવ્યું તેની ક્ષુધા શાંત થઇને તૃષ્ણા પણ મટી ગઈ. ને ધીરે ધીરે પ્રતાપગઢના પારધીના પાટનગરની પાસે જઇ પહોંચ્યો.

પ્રકરણ ૫૦ મું.

"પ્રતાપગઢનો પારધી."

પ્રભાતમાં સવિતા નારાયણ ઉગું ઉગું થઇ રહ્યા હતા, અને હવા સ્થિર હતી પરંતુ પ્રતાપગઢની પાસેનું મેદાન સોનાના ઝળઝળાટથી અસ્થિર હતું પાયદળ અને ઘોડેસ્વાર ટુકડીઓ તોપખાનાનો રસાલો અને સરસામાનના બોજાથી જેના શિર જમીન ભણી નમેલાં છે, એવા અવાચક અને પરાધીન પશુઓ ચંચળ વૃત્તિ ધારણ કરીને ચાલતાં હતાં.

રજપુત યોદ્ધાઓ ના ઘોડાપર રંગ હતો, ઉત્સાહ હતો, આનંદ હતો અને એ આનંદ ઉત્સાહથી શરાતન ભરેલા ગીતોગાતાં ગાતાં તેઓ કુચ કરતા હતા. હાથી ઓ અને ઘોડાઓ તથા ગાડાં અને ગાડીઓની હલન ચલનથી રસ્તાઓ ધસાઇને ધુળનું મ્હોટું તોફાન થઇ રહ્યું હતું અને તેથી એક બીજાનું મુખ પાધરું મેાટું પણ જોઇ શકાતું નહોતું. રાજા પરે લશ્કરી પોષાક ધારણ કરીને ઉમદા મુશ્કાણી ઘોડીપર સ્વાર થઇને સેનાની મોખરે છાતી કાઢીને ચાલતો નજરે પડતો હતો. તેની વય ચાળીશેક વર્ષની ભરતીમાં આવી હતી. કદ ઠીંગણું હતું કાઠી મજબુત હતી. મોટું ગોળમગોળ હતું. મુછોના આંકડા મરોડદાર હતા ચોકીઆ ધસાકદાર હતા અને આંખમાં સળવળીઆં રમતાં હતાં તેથી તેના મનની ચંચળતા, દ્રઢતા, ને નિડરપણું પરખાઇ આવતાં હતાં. શરીરે તે જેમ કસાયેલો હતો, તેમ તેનો પોષાક સાદો, અને એક પારધીના સરખો પણ દબદબા ભરેલો હતો. અંગપર અનેક પ્રકારના આયુધો ધારણ કરેલાં હતાં અને તેનો ઉપયોગ કરવાનું કુશળપણું પણ તેનામાં તેવું જ હતું. પ્રતાપગઢના પારધીના પિતાના સમયમાં પ્રતાપગઢની રાજ્યવ્યવસ્થા અવ્યવસ્થિત હતી પુખ્તવયમા આવ્યા કે તેમણે સઘળી રાજ્ય વ્યવસ્થા સુધારવાપર લક્ષ આપ્યુ. છીન્નભીન્ન થયેલી રાજ્ય સભા પુનઃ સ્થાપવાને માટે સમજશક્તિનો ઉપયોગ કર્યો સિપાહીઓમાં શરાતનપણું સ્થાપિત કર્યું.

અલ્પકાળમાં પારધીના પ્રતાપની આસપાસના સર્વ દેશોમાં ધાક પડી રહી. તેના પ્રતાપના પડઘા મુલકમાં અફાનિશ પડતા હતા બાહુબળ બતાવનારા અને અદ્‌ભૂત પરાક્રમ દર્શાવનારા પ્રતાપસિંહના નામ પ્રમાણે જ તેમનામાં ગુણ હતા. પારધી જેમ પંજર અને પિંજરા વિગેરે પ્રાણીઓને ફાંદામાં નાખીને વશ કરી લે છે, તેમ પ્રતાપગઢના રાજાએ પોતાના તાબેદાર જાગીરદારોને તાબેદાર રાખ્યા હતા. અને દરબારોમાં પોતાના પરાક્રમની ધાક બેસાડી હતી, તેથી સુરાષ્ટ્રના લોકો પ્રતાપસિંહ ને પારધીના ઉપનામથી વધારે ઓળખતા હતા એવા પ્રતાપી પારધીને મણીપુરના સરદાર નાથ નિકટનો સંબંધ હતો અને એ સબંધને લીધે મણીપુરના રાજ્યમાં શાંતિ સ્થાપન કરવાની તેના હૃદયમાં ખુબીના પ્રારંભ થઇ હતી, તે પાર પાડવાને માટેજ, આ સઘળો પ્રયત્ન હતો. એ પ્રયત્ન ઇશ્વર કૃપાથી પાર પાડવાના સંભવમાં સેનાના સિપાહીઓએ મણિપુરના ભણી "જયરામ" શબ્દનો ઘોષ કરીને કુચ કરી મજલપર મજલ કરતું પારધીનું દળટક કેટલેક દિવસે "સ્વર્ગભૂવનથી" સરહદમાં આવી પહોંચ્યું ને સરહદમાં પ્રવેશ કર્યો.

પ્રકરણ ૫૧ મું.

"મણિપુર ઉપર સ્વારી."

ચતુરંગી સેનાના પડઘા સરદારગઢની સરહદમાં વાગવા માંડયા, અને એ પડઘાથી ભયપામીને મણીપુરના કાયર સિપાહીઓએ આધું પાછું જોયા વગર રાજ્યધાની ભણી ભાગવા માંડયું. એવી નાસ ભાગમાં પડેલા સિપાહીઓની હડફટમાં ગામડીઆઓ અને ખેડુતો હેરાન થવા લાગ્યા. ગામડાંઓમાંથી જે નહાના કિલ્લા અને ગઢીઓમાંથી સિપાહીઓ નાશી છુટયા. એટલે બાપડાં ગરીબડાં લોકોનું રક્ષણ કરનાર કોઇ નહતું. એક લેખે તો તે ઠિક થયું. રક્ષણ કરવાને માટે રાખેલા લશ્કરી સિપાહી લોકોનું રક્ષણ કરવાને બદલે તેઓ ગામડીઆ લોકોનું ભક્ષણ કરતા હતા. "વાઢ ખેરલાને ખાય." એવી હાલત મણીપુરના રાજ્યમાં આજકાલ થઇ પડી હતી. કોઇ કોઇનું સાંભળતું નહોતું. કોઇ કોઇનું રક્ષણ કરતું નહોતું ને કોઇ કોઇની દાદ ફરીઆદ કાને ધરતું નહોતું. અંધાધુંધીના મામલામાં પારધીના પડઘા ઓચીંતા સંભળાયા અને એ પડઘાના પ્રતાપે કરીને ગરીબ લોકોને ત્રાસ આપનારા, જીવતાં મનુષ્યોને ફોલી ખાનારા ગીધ પક્ષિઓ ભયભીત બનીને નહાસ ભાગમાં પડયાં હતા. અને એ નહાસ ભાગમાંથી ગામડી આંખોને થોડા કાળને માટે શાંતિ મળી હતી. પારધીની ચતુરંગી સેના મણીપુર સરહદમાં દાખલ થઈ પણ તેનો અટકાવ કરવાને મણીપુરના રાજનું કાંઇ કુવત પણ હાજર થયું નહિ. પારધીએ ગામડાં અને હરાયા કિલ્લાઓમાં દાખલ થઇને ગરીબ લોકોને ધીરજ દેવા માંડી. તેમની લુંટાયેલી માલ મિલકતનું વળતરવાળી દેવાનો દિલાસો દીધો. તેમના આગેવાનોને પોતાની આજ્ઞા બોલાવીને અનેક તરે-

હની શાંત્વના કરી તેથી ગરીબ ગામડીઆ લોકોના અંતઃકરણ પ્રફુલ્લિત થયાં. તેમનો ઉડી ગયેલો જીવ ખોળીઆમાં આવ્યો અને પારધીને અંતઃકરણના આશિર્વાદ આપીને તેની ચતુરંગી સેનાનો આદર-સત્કાર કીધો. દર મન્જલપર મન્જલ કરતું, પારધીનું સૈન્ય રાજ્યનગર આગળ આવવા લાગ્યું, તેમ તેમ માર્ગમાંથી નહાના તાલુકદારો ને ઠાકોરો, જમીનદારો અને ગરાસ ધરાવનારા ગરાસીઆઓ પારધીની સેનામાં ભરાતા ગયા. તેથી પારધીની સેનાની ભરતી દિવસ ઉગે દરિયાની ભરતીની માફક વધવા લાગી. જમીનદારો અને પ્રજાજનો મણીપુરના રાજાની સત્તાથી પુરેપુરા ધરાઈ ગયા હતા. રાજાના અસહ્ય જોર જુલમથી અમીર અને ઉમરાવો, અસંતોષ પામ્યા હતા. અને એ અસંતોષ પ્રકટ કરીને પારધીના ન્યાયી પક્ષમાં, ભળવાની તક મળવાથી તેમને પરિપૂર્ણ સંતોષ થયો.

પારધીનું સૈન્ય મણીપુરના અશાંતિ ભરેલાં રાજ્યમાં સુલેહ-શાંન્તિ ફેલાવતું, અંતે મણીપુરના પ્રાચીન કિલ્લા પાસે જઇ પહોંચ્યું ને શહેરની દિવાસે ફરતો ઘેરો ઘાલીને મણીપુરના રાજાને નમત કરવાને માટે પોતાના સૈન્યમાં રણવાજીંત્ર વગડાવીને પોતાના આવી પહોંચવાની જાણ કરી. એ જાણ તો મણીપુરના રાજા કરતાં તેના સલાહકારકોને કયારની એ થઇ ચૂકી હતી, પણ પારધીના સૈન્યની પ્રવાહ રોકવાની શક્તિ મણીપુરના સલાહકારકોમાં નહિ હોવાને લીધે તેઓ શૂન્ય-ભૂન્ય અસાવધ બનીને બેઠા હતા, તેથી કિલ્લાના કાંગરાં આળળ શત્રુનું સૈન્ય ચઢી આવવાં છતાં, તેઓ તેની સામે ન થતાં, કાયર બનીને કિલ્લાની અંદર પોતપોતાનો બચાવ કરવાને માટે ભરાયા હતા.

પ્રકરણ પર મું

"લશ્કરકા ભેદ પાયા,"
"આબરૂસે ગધ્ધા આયા."

મણિપુરના મહારાજાનાં સલાહકારકોની ગણતી અવળાં નસિબે કરીને અસત્ય થઇ ગઇ. મરેઠાઓની મદદ પર ભરોસવાનો તેમનો મનસુબો હતો, પણ તે મનસુબો તેમના પાપકર્મના પ્રતાપથી પાર ન પડયો. મરાઠાઓની મદદ આવી પહોંચે તે પહેલાં પ્રતાપગઢના પારધીના લશ્કરના નેજા પોતાની પાસે ફરકતા, જોવામાં આવ્યા અને તેથી તેઓની ડાગળી ચશકી ગઇ. ડાગળી ચશકયા વગર કેમ રહે ? જે પારધીના ભયથી સુલેહ શાંતિના વખતમાં પણ ભય પામતા હતા, તેજ પારધીના પાસમાં પોતાને સપડાઇ ગયેલા માનીને તેમનાં હાજાં ગગડી જાય તેમાં નવાઈ નથી.

પારધીના દળબીકના પગલાં સાંભળીને મણિપુરના સરદારો અંજંપો ખાંચાને કીલ્લાની અંદર ફરવા લાગ્યા હતા. તેમની માલમતાને દોલત અજાના કિલ્લાની બહાર લઇજવાનો વખત હાથમાં રહ્યો નહોતો તેથી પોતાના પ્રાણની સાથે માથા મિલકતની પણ હાયવોય પડી હતી. મણિપુરનું વેરણ છેરણ પડેલું છીન્ન ભિન્ન પડેલું ભુખડી બારસ લશ્કર ભય પામીને કિલ્લામાં ભરાયું હતું. એ લશ્કરી સીપાઈઓને પહેરવાના, વસ્ત્રના, ખાવાપીવાના પણ સાંસા હતા. તેમની પાસે પુરાંપાયરાં અસ્ત્રશસ્ત્ર પણ નહોતાં. જમરીઓએ દર કરેલી બંધુકો હતી. અને કટાયેલી દાંતરડા ને પટામાયે તલવારો તુટેલા કમરે લટકાવી હતી. આવાં મુરદાલ, શૌર્ય-ઉત્સાહ વગરના સીપાઇઓ મણિપુરનું રક્ષણ કરવા શક્તિમાન નહોતા. તેનો સેનાપતિ બેઠા દિવસે દરબારમાં મુંછે વળ ચઢાવી શરીર પર બાંધી શકાય એવાં સોના રૂપાના રસેલાં હથીઆરો બાંધીને સુરાષ્ટ્રી ઘોડીપર સવાર થઈને જરબબ્તરમાં દોડતો હતો, તેને હાલ ઘરના ખુણાઓ સંતાવાના દહાડા આવ્યા હતા. એ ખચિત શુરવીર સેનાપતિને શરમાવા સરખુ હતું, પણ શરમ કેને હોય ? જેને લાજ હોય; આબરૂ હોય, અને પુરૂષાતનપણાનું અભિમાન હોય, તેનેજ આ જગતમાં નીચ આબરૂથી શરમાવાનું છે, બાકી લાજને મુકી હોય, તેને તો કાંઇ જ નથી. "નાગો નહાય શું, ને નીચોવે શું" આવી હાલતમાં પારધીની સેનાનાં રણવાજીંત્રો મણિપુરના મહારાજાએ અને તેના સલાહકારકોએ સાંભળ્યા. સાંભળ્યા તેવાજ તેઓ ચમકયા અને ચમકયા તેવાજ તેઓ થરથર કંપવા લાગ્યા એ કંપવાની સાથે તેઓએ બંની હાકે

તો પોતાનું રક્ષણ કરવાને માટે તત્કાળ દરબાર ભર્યો, પણ દરબારમાં હાજર થાય કોણ? દિવાન પોતાના દેહનું રક્ષણ કરવાને મટે-સંતાવાને અહીં તહીં દોડતો હતો. મધપુડાની મધમાંખી મધપુડા-પર ઘાડ આવતી જાણીને આસપાસની એકાંત જગ્યા માં ઉડીને ભરાઈ જવાની મહેનતમાં હતી. સેનાપતિ પોતાની શુધરાન ખોઈ દઈને સાવજ બની ગયો હતો. એવી રીતે પોતપોતાની ફિકરમાં પડેલા પરાક્રમી પુરુષો વગર દરબારમાં હાજર થાયજ કોણ? રાજા એકાદ હજુરીઆની બાંધે હાથ દઈને તેના ટેકાવતી, લથડીયાં ખાતાંખાતાં માંડમાંડ સિંહાસનપર આવીને બેઠા હતા. ઘડી બે ઘડી થઇ, પણ કચેરીમાં કાણુ કુતરું ન ફરકયું. બેસી બેસીને રાજાએ બગાસાં ખાવા માંડયાં ચોપદારોનું હાકલ મારી મારીને ગળું બેસી ગયું અને પાટલી બેસતાં કાછડી નીકળી જાય, એવા હાંફળા ફાંફળા દિવાન દરબારમાં આવી પહોંચ્યા. નિગાહ રખો મહેરબાન એવી હાકલ મારીને મોજીબદારે દિવાનની હાજરી ભણી દરબારનું ધ્યાન ખેંચ્યું. દરબારે દયામણું મોહું તેના ભણી ફેરવ્યું ને દિવાને હજુરમાં આવતાં દોષ, એવો દેખાવ દરબારને દેખાડયો. આવા હાવભાવ થાય છે, એટલામાં પડતા ખડતા સેનાપતિ અને બીજા ભુખડી બારસ દરબારીઓ એકબીજાનું જોઈને હાજર થયા. હવે જરા કચેરીનો રંગ આવ્યો, પણ એ રંગ ફીકો હતો. તેમના ઢોરા કોરા ઉડી ગયા હતા ઘડી થઈ. બે ઘડી થઇ, પણ કોઇને બોલવાની હામ ન ચાલી. અંતે શ્રીમંત રાજાએ શૂન્યપણામાંથી જમતી પાડીને કહ્યું—

"તમે બધા દરબારમાં કેમ ઉઘા છો? આ વખત ઉઘવાનો છે? માથે મસ્ત રાની બીલાડો પંજો મારવાને ઉભો છો એ સમયે તમો બેશુધ્ધિમાં કેમ બોલો? આજે તમે બધ્યે હાથ દઈને લાચાર કેમ થયા છો? તમારી કેડપા કબર પટામાં કયારે બંધાતી, રામરોર લટકતી, તે કેડ કેમ લચકી ગઇ છે? તમે મોઢાં ખાખોરો તેથી મને પણ મોઢાં આવે છે. પારધીએ આપણા બગામા ફાંસો નાખ્યો છે. એ ફાંસામાંથી નિકળવાનાં ફાંફાં પણ તમે મારતા નથી. તમારી આશાએ, તમારી હિમત, તમારા શૌર્ય અને તમારાં પરાક્રમે હું નિડર બનીને મારા રંગ મહેલમાં આજ સુધી સુખ-શાંતિમાં બેઠો હતો, ઘણુ બહીયાં હું ઠગાયો હતો એમ માનું છું દિવાનનું ડહાપણ ઉડી ગયું છે, સેનાપતિનું શુંરાતન સ્વપનવત્ થયું છે, અને મારા અંગ રક્ષકો પારધીના ભયથી પીપળાના પાનનો પેઠે થરથર ધ્રુજે છે. આ સઘળું હું શું જોઉં છું? શું કોઈનામાં શુરાતનનું બીજ નથી રહ્યું કે પારધીના પટકાને સિંહનાદથી દબાવે?"

દિવાને દયામણું મોહું કરીને જવાબ દીધો- "અન્નદાતા! અમારી બુધ્ધિ આગળ ચાલતી નથી, અમે બધે વણિક હાથમાં ત્રાજવાં રાખીને કાટલાં સાથે માથું ફોડનારા તેનાથી લોઢીકુહાણની રમત કેમ રમી શકાય? સમશેરો સૂર્યના તેજસ્વિ કિરણોથી ચમકી જોઇને જ અમને ચમક થઇ જાય, કલમ કાને ખોસીને, દોત કેડે બાંધીને દિવાનખાનાની અંદર બેઠ, બેઠા દિવાનગીરી ડોળવી, એ કામ ડાહ્યા ડમરા વણિક દિવાનનું. બાકી રણક્ષેત્રમાં રજપુત વગર કોણ જુજી શકે"

"ખમા! પૃથ્વીનાથ, ખમા," એમ કહેતો એક હજુરીઓ સિંહાસનપર વિરાજેલા સરદારને વિનય પુર્વક રામરામ કરીને બોલ્યો, "પૃથ્વીનાથે હજુરની સેવા ઉઠાવવી, હજુરના અંગના ઓછીઆકરવા, દુઃખો ભરી આપવો, લાલ ત બોલ સરબો કંસુબો ઘોળી આપવો, પલંગ, બીછાના સાફસુફ કરવાને હજુરના અંગની સેવા કરવી, એ કામ અમારું હજુરીઆનું છે. બાકી હથીઆરોના ઘા સહન કરવાની શકિત, સહન કરવાની હિમત, અમારામાં છે નહિ. અમે "માંચીમાંના માંડ," તમારાં જાણની ઠંડી ચાટનારાથી બીજું શું પરાક્રમ થઇ શકે?" સેનાપતિ હવે શો પ્રત્યુતર આપે છે, તે જાણવાને સઘળા દરબારીઓ તેના ભણી તાકી રહ્યા. તેના તો રામ રમી ગયા હતા. મ્હોંડાપર પરસેવાના મોતીઆ કુટી નીકળ્યા હતા ને અંગ પરસેવાથી બઝોળ થઈ ગયું હતું! તેની હાલતમાં ભાંગ્યા તુટયા શબ્દોમાં બોલવું ચલાવ્યું—

"મહારાજ આતે કાંઈ ન્યાય છે? આપણા ન્યાયી રાજમાં સુખ ચાહેનો ભોગવનારા ભોગરે. મેનાપાલખીમાં બેસનારા બેસે, ને કામ પડે ત્યારે માથાં ઝમારા સરખાના કપાય? દિવાન સાહેબે

ડંકા નિશાનની આમળ દોડવું જોઇએ. હજુરીઓ-ઓએ હિમત પકડીને હજુરના રક્ષણની ખાતર શું રણક્ષેત્રમાં હિડવું ન જોઇએ? તે પછી અમે આપના તાબેદારો મરવાને તૈયાર છીએ બાકી આવા બાંટાની ધારે બેસ કરવાને અમોને મોકલવા, અને પ્રધાન મંડળી. ઘરમાં બેડાબેઠા ટગર ટગર તમાસો જોયાં કરે એ કામ રાજપુત જાતિનું નથી." સેનાપતિના બોલવામાં કાંઇક સત્યતા છે, એમ સમજીને રાજાએ સલાહ આપી કે, " દિવાન, સલાહકારકો ને બ્હાના મ્હોટા સરદારોએ મળીને પારધીને હડાવવાના પ્રયત્નો કરવા."

એવી આજ્ઞા સામે કેાઇ ઉચ્ચાર કરી શકયું નહી, તેથી નગારે ચાંદ દેવાનો હુકમ કરીને રાજાએ દરબાર બરખાસ્ત કરી.

નગારચીનને શોધવાને માટે નેકીબદારે દોડા દોડ કરી, પણ તેની નામ નીશાની ન મળે. માંડમાંડ તે બાંદખાનામાંથી ગાંજો ફુકતાં ગંજેરીની ટોળીમાંથી તે મળી આવ્યો; લથડતાં પથડતાં તે બાકી ખંડેર સરખા નોબત બાનામાં ગયો ને નોબા. વગાડવાના દાંડીયા શોધવા લાગ્યો, તે ખુણેબાંથરેથી શોધી કાઢીને નોબતને ડકો દીધો. તે સાંભળીને કેટલાક અશીણમાં ઝોપાં બાતાં રજપુતોની બાંખો ઉઘડી ગઈ. કેટલાકને બગાસાં બાવવા માંડયાં. કેટલાકની અંગીઓ ઉતરી ગયાં, કેટલાકે ચીકર બતાવી કે બા શી પીડા બાવી છે કોઇએ કહ્યું કે, વીર વૈતાળ બાંબ્યો છે, બાપણી સરકારે બા વખે બલીદાન દીધું નહિ હોય, તેથી બલીદાન માગવાને તે બાબ્યો હશે.

બીજે વણી ચોબીબાપર તાલદઇને ઉત્તર દીધો; કે " શેરસિંહજી હુતો ધારતો કે બાતો " સુતેલો સિંહ જગ્યો છે. તેને સાણસામાં પકડવાને બાપણા શુરવીર શ્રીમંત સરદાર સાહેબ સાવધાન થયા છે."

એમ વાતો કરતાં કરતાં પોતાના હથિબારો શોધવા લાગ્યા. કોઇએ દાતરડાં સરખી તરવાર હાથમાં લીધી કોઇએ કાપેલી કટ્ટાર કમરમાં ખોસી. કોઇએ બખરીબોએ દર કીનેલી બાંગી તુટી બંદુકો બાંધપર ચઢાવીને દરબારગઢમાં એકઠા બવા માંડયું. પાયદળ સીપાઇબોના પગમાં જોડા નહોતા. તેમના પાયજામાં ફાટી ટુટી ગયા હતા. અંગપર વસ્ત્રના ચુથાં પાધરાં તાકડા નહોતા. માથે મેલી ઘેલી ચીંથરાં સરખી પાઘડીબો પહેરી હતી. તેવીજ સ્થિતી ઘોડે સ્વારોની હતી. ઘોડાબોનાં પેટમાં હાયહાયના કુવા પડેલા હતા, તેથી તેમની પાંસળીબો ગણી શકાય તેમ હતું. બેવું અવ્યવસ્થિત પાયદળને ઘોડેસ્વાર લશ્કર, જાણે ભુખડી બારસ ટીડનુ ટોળું હોય, તેવું દરબારમાં હાજર થયું. તેની સરદારી સેનાપતિએ લીધી. દિવાન પોતાની દુંદપર હાથફેરવતા, દોડી બાવ્યા ને સીપાઇબોને શુરાતન ચઢાવવાને બે શબ્દો બોચર્યા; સેનાપતિ થરથરતા, ધ્રુજતા, ઘોડેસ્વાર થઇને બાંખરે ચાલ્યા.

સરદાર સાહેબ બા સબળો તમાસો ઉદાસીનપણાથી, બોખમાં બેડો બેડો જોતો હતો, તેણે બાજ્ઞા કરી બેટલે સબળી સેના પારધી સામે ટક્કર લેવાને માટે બાગળ વધી. ચાલતાં ચાલતાં કોઇને ઠેસ લાગી, કોઇએ પડવા માંડયું. કોઇએ મરવાના ભયથી રડવા માંડયું. કોઇએ દુશ્મનથી ડરવા માંડયું. કોઇના હાથમાં ચલમ હતી કોઇના હાથમાં હોકા હતા. ને કોઇબળી તમાકુની નળીબો મોંઢામાં ચુસતા હતા બા સંઘ કેદારનાથની જત્રાએ જતો જોઈને પારધીના પટાવતને હસવું બાવ્યું.

પારધીનાં બેલચી બાતાંબે સાવચેતીના ઉપાબો યોજી રાખેલા હતા. પોતાના બેલચી બાતાના રક્ષણને માટે પચાસ રજપૂત સીપાઇબો, અસ્ત્ર શસ્ત્ર બાંધીને સાવધાન રહ્યા હતા. બે પ્રમાણે તરણ પુરૂષ પણ તૈયારીમાં હતો. તેણે મિનારાવાળી મનહરણ મૂર્તિના રક્ષણને માટે બાનગી માણસોની અદ્ભુત ચોકી બેસાડી હતી. પારધીનું સૈન્ય કાંઇ હાથ પગ જોડીને બેઠું નહોતુ. શહેરના બાગળના ભાગપર હલ્લો કરીને હુલ્લડબોરોને એકદમ દબાવી દેવાની તૈયારીમાં હતું. બે વિચાર પોતાના બેલચી બાતાના અમલદારોને જણાવવાના હેતુથી બાવણીમાંથી એકપછી એક તોપોના અવાજ થવા માંડયા બે અવાજથી ચોંકીને મણિપૂરના શુરવીર સરદારો ચમક્યા. તેમનાં ઘોડાંબોએ પાછાં પગલાં ભરવા માંડયાં. કોઇ સ્વાર ઘોડાપરથી ઝોકાં બાતો ભોંયપર પડી ગયો. કોઇ ઘોડાએ લગામ તોડીને ન્હાસવા

માંડયું. તેની હડફેટમાં જે કોઇ આવ્યું, તે ધબાય નમઃ કરતું પૃથ્વીપર ઢળી પડયું. પાયદળ ટુકડીમાં ભંગાણ પડયું. કોઇએ આમ દોડવા માંડયું. ને કોઇએ તેમ નાસવા માંડયું. ભાગો, ભાગો, દોડો, દોડો, એવા ભયભીત શબ્દો સંભળાવવા માંડયા. કોઇએ જાણ્યું શત્રુએ હલ્લો કીધો છે. કોઇએ જાણ્યું આપણાપર તોપના ગોળા આવી પડયા છે એવા ખ્યાલમાંને ખ્યાલમાં સૈન્ય અવ્યવસ્થિત થઇ ગયું. સેનાપતિનો એક પગ પેંગડામાં રહ્યો ને બીજો પેંગડા બહાર રહ્યાથી તેઓ લટકતા તરફડતા, ઘોડો લઇ જાય તેમ ગયા. દિવાન બોંયપર ચત્તાપાટ થઇ પડયા ને તેમની છાતી ઉંદર થઇને સેંકડો સીપાઇઓ પસાર થઇ ગયા. ગામના લોકોએ દુકાનો ને બજારો બંધ કરી દીધી. ઘરબારના બારણા બારી બંધ કરીને લોકો ઘરમાં ભરાઇ બેઠા. એટલે કમનસિબે આ તમાસો લોકોના જોવામાં ન આવ્યો. શહેરની મુખ્ય બાગોળના પ્રાચીન દ્વાર તોડીને પારધીનું લશ્કર "જયરામ" કરતું શહેરમાં પેઠું. તેઓને આવતાં જોઇને બોંયપર પડેલાં મણિપુરના માણસોના હોશકોશ ઉડી ગયા. સેનાપતિનો ઘોડો પારધીના લશ્કરને આવકાર આપવાને તેમની સામે દોડી ગયો, સેનાપતિને ઉંધે માથે લટકતો જોઇને રાજા કવિએ કહ્યું કે—

"લશ્કરકા ભેદ પાયા"
"આગુસે ગધ્ધા આયા"

એ વચન પારધીની ચતુરંગી સેનાએ ઝીલી લીધું ને ઉંચે સુરે લલકાર્યું. એટલે બાતાના માણસોએ પણ એ વેણ ઉચકી લીધું

(આ સુંદર અને આકર્ષિક વાર્તા આવતા અંકમાં સમાપ્ત થશે.)

MELLIN'S FOOD

બચ્ચાંઓ અને બૂઢાંઓ માટે

હાથ લગાડયા વિનાનો

બચ્ચાંઓના જન્મથીજ તે બચ્ચાંને આપવા લાયક છે

તૈયાર છે

મેશર્સ. લેધામ એમર ક્રોમ્બી એન્ડ કો., મુંબાઇ

માતાઓ માટે બાસ:-"હિંદમાં નાનાં બચ્ચાંની સંભાળ"

ટપાલ બરચનાં બે આના મળતાં હિંદમાં કોઇ પણ સરનામે મોકલીશું

લખો મેસર્સ લેધામ ક્રોમ્બી એન્ડ કો, મુંબાઇ.

Painkiller

(PERRY DAVIS')

પેનકીલર.

(પેરી ડેવીસનું)

આખા દુનીયામા બહુ વેચાય છે કેમકે તે

આંકરાં, દુખારો, મરડો.

અને આંતરડાંના રોગોને મજબુત મારી હઠાવે છે.

જખમથી થયેલો ગોળો તે એકદમ દુર કરી દુખ મટાડે છે.

લચક, તથા કોઈ પણ જાતના જખમો પર.

રામબાણ ઉપાય.

ડાકટર ઇ. સી. સ્મીથ; પીથા પુરમ, હિંદુસ્તાન, લખે છે કેઃ

" કેલેરા અને આંતરડાંની કયાદોને લગતા દરદીઓ જેઓ ડાકટરી મદદથી ઘણા દુર વસે છે તેમને હું હમેશાં પેનકીલર આપું છું પરીણામ.

અજબ સંતોષકારક છે.

સઘળી દવા વેચનારાઓને ત્યાંથી મળે છે.

બીજી કોઇપણ નકલ્યાત ના પાડજો.

બૉસ સ્ટવ

બૉસ ચૂલો

વાપર્યાથી ઘરમાં સુખ, સ્વચ્છતા ને શાંતિ વધે છે. રાંધવું ગરમ થતી નથી. વખત બચે છે. કરકસર થાય છે. એક બચ્ચું પણ પેટવી શકે તેટલા સલામત છે. હજારો કુટુંબોએ ચુલો વાપરી વાહવા ગાય છે અને આ શિશ આપે છે.

એક બરનારના	રૂ.	૪૦
બે	રૂ.	૬૫
ત્રણ "	રૂ.	૯૦
ચાર "	રૂ.	૧૧૫

વધુ વિગત માટે લખો આવવા અમારા શો રૂમ ઉપર આવી જોઈ જાઓ.

ન્યુ ક્વિન્સ રોડ—મુંબાઈ.

એલ૦ રાય સંપત.

હાઇડ્રોથી રેપી.

(The Science of Hydrotherapy.)

પાણીથી દરદીને આરામ આપવાની વિદ્યા

(અમેરીકાનાં ફીઝીકલ કલ્ચર જાતાંના અનુભવ પરથી.

લખનાર—એ. પી. માદન.

(તે દવા વગરનો ડાકટર; જીવનશક્તીનું બંધારણ—ઉપવાસ વગેરેના લેખક.)

શોધખોળ કરનારા વિદ્વાનો એવા અનુમાન ઉપર આવ્યા છે કે, નારંગી (orange) ના રંગનાં કપડાં પહેરવાથી, સૂર્યનાં નિક્ષણુ અને નુકસાનકારક કિરણોની સામે શરીરનો બચાવ થાય છે, છતાં જે કિરણો શરીરની સુખાકારી માટે અગત્યનાં છે તેઓને અંદર દાખલ કરી શક છે, કે જેમ રીતે લાલ અને નારંગી રંગના કાચો ફોટોગ્રાફીનાં કેમીકલ્સોને સંભાળી રાખે છે. કદત ઘણુજ તિક્ષણ કિરણોજ નુકસાનકારક થઇ પડતા હશે, છતાં તેઓને પણ થોડાક પ્રમાણમા લેવાથી ફાયદોજ થાય છે. આ માટે અમેરિકાની સરકારે હાલમાં તેમના ફીલીપાઇન ટાપુમા રહેલા લસ્કરોને એવા નારંગી રંગના કપડા પહેરાવી આ બાબતની તપાસ કરવાનો ઇરાદો કીધેલો છે. આપણા હિંદ દેશમાં જોગીઓ, વેરાગીઓ, વગેરે જે ભગવા રંગ (નારંગી કલર) ના કપડાં પહેરે છે તેનું કારણ આ વાંચવાથી ઘણાઓને હવે સમજ પડશે, કે તે રંગના કપડાં શરીરની સુખાકારી માટે, આપણા ઋષી-મુનીઓ પોતાની અંતર દ્રષ્ટિથી જોઇ મુકરર કરેલાં છે.

સૂર્યની રોશની અનેક નુકશાનકારક કીટાણુઓને મારી નાંખે છે, એટલે તે આજની સાયન્સના શબ્દોમા કહેતા જરમી સાઇડ (germicide) તથા ડીસઇન્ફેકટન્ટ છે, તેમજ શરીરને પ્રાણીક શકિત આપનાર છે. તેની કિંમત બને રીતે, હાલે દુનિયાની દરેક મોટી સેનીતેરીઅમ કે હોસ્પીતાલોમા સ્વીકારવામાં આવી છે, કે જ્યાં સૂર્યના કિરણો તથા રોશની લેવા માટે જૂદા જૂદા ખાસ ઓરડાઓ રાખેલા હોય છે, જ્યાં દરદીઓ આ જાતની ટ્રીટમેન્ટનો લાભ મેળવી શકે.

આ વાત લગભગ સઘળા ધર્મોનાં સ્થાપકો ધર્મના ફરમાનની રૂએ લોકોને આપી ગયા છે. દાખલા તરીકે, એક જરથોસ્તીને દરરોજ સવારે ઉઠયા કેડે સૂર્યની સામે તડકામાં ઉભા રહી, મા ઘરમાં તેનાં સીધાં કિરણો શરીર ઉપર આવે એવી રીતે ઉભા રહી બંદગી કરવાનું અને તેમાં ખાસ કરી સૂર્યની આરાધના (બોરસેદની ન્યાયશ) કરવાની ફરજ પાડી છે. તેનો એક હેતુ શરીરની સુખાકારીનો છે, તેમજ બંદગીથી મનની શુદ્ધતા થાય છે તે પણ હશે. ખરૂ પૂછોતો શરીર સુખી અને તનદરોસ્ત હોય તોજ માણસથી એક ચિત્તે બંદગી થઇ શકે ત્યારે

આપણા મહાન પેગંબરનાં ડહાપણ માટે આપણને આફરીનના ઉદ્‌ગાર કાઢયા વિના રહેવાશે નહી.

જેમને કોઇપણ તિક્ષણ પ્રકારનાં દરદ હોય જેવાંકે સંધિવા, નજળો, ગાઉટ, વગેરે જે જે અવયવ ઉપર દરદ થતું હોય તે ભાગને દરરોજ સૂર્યની રોશની કલાક યા વધુવાર આપે અથવા બની શકેતો આખાં શરીરને સૂર્યની રોશનીનું સ્નાન (સન બાથ) આપે તો ચોક્કસ મુદતમાં તેમનું દરદ તદન દૂર ન થાય તોએ મોટો ફાયદો જરૂ થયલો અનુભવશે–પણ તે માટે સંભાળ રાખવાની જે વિગત આગળ કહી ગયો છું તે ઉપર ધ્યાન રાખી કામ લેવું.

The Sweat Bath પરસેવાનું સ્નાન

પરસેવાનાં સ્નાન માટે, અસલના જંગલી લોકો પણ જાણતા હતા. ઉત્તર રશિયામાં અને ફીનલેન્ડમાં દરેક ઘરમાં એક ઓરડો રાખેલો હોય છે કે જ્યાં પરસેવો લાવવાનું કાર્ય થાય છે. તે ઓરડામાં જેઓ પરસેવો લાવવા ઇચ્છતા હોય તેઓ સઘળા ભેગા થાય છે અને પછી તે ઓરડામાં પત્થરો લાલ થયલા અંગાર જેવા ખડકેલા યાને રાખેલા હોય છે તે ઉપર ગરમ બાફ નાખવામાં આવે છે જેથી ત્યાં પુષ્કળ ગરમી આવી પેવા ભેગા મળેલા માણસોને ઓટલો તો પરસેવો આવે છે કે લગભગ તેઓ તરબોળ ભીનાદ થય છે–ને પછી તેવાજ ગરમ શરીરે તેઓ યા તો ઠંડા પાણીનો બાથ લીયે છે યા તો બરફમાં આળોટયાં મારે છે, કે જેથી ઘણી સખત પ્રકારની પણ તનદરોસ્ત ગરમી તેમનામાં આવે છે.

જે સઘળાં માણસોને આખો દીવસ ભેગી રહી કામ કરવાની ટેવ હોય, અથવા જેઓને ઓફ યા બીજાં કારણોને લીધે કાંઇ પણ કસરત કરવાને ન બની શકતું હોય તેઓએ દર અઠવાડામાં એકવાર આવો પરસેવાનો બાથ લેવો અવશ્યનો છે. આવી રીતે બીનાશવાળી ગરમીની અસર, ચામડીની હેઠળ રહેલા ગલાન્ડસો (ગ્રંથીઓ) ઉપર જે થાય છે તે એ કે શરીર માંહેલો કચરો અથવા નાલાયક પદાર્થ જે ત્યાં (ચામડીની હેઠળ) ઉભરી આવી એકઠો થયલો હોય છે તેને નરમ કરી ચામડી મારફતે બહાર કાઢી નાંખવો, તેમજ ચામડી હેઠળ રહેલા લોહીનાં વાસણોને ફુલાવી યાને પહોળાં કરવાં. આથી કરી શરીર માંહેલા બધા યાને નાલાયક પદાર્થો ઘણી સરસ રીતે બાહેર નીકળી જાય છે એટલુંજ નહી પણ તેમ થતાં લોહી ચામડી તરફ ધસી આવે છે તેથી શરીરની માંહેલી કોરે જે કાંઇ ' કનજેશન ' (ગેર વ્યવસ્થા) હોય તો તે નરમ પડી જાય છે. એવી રીતે જ્યારે ચામડી સફાઇ થઇ કે તુરતજ તેના ઉપર ઠંડો સેક કરવો જોઇએ. આ ઠંડા સેકથી લોહી ઘણું જોરથી અંતરમાં પાછુ દોડી જાય છે કે જેથી કરી શરીરનાં સંચા કામને જોશ આપે છે, અને તેમ કરી તેમનામાં તન્દરોસ્ત શક્તિ વધવા પામે છે.

આ બાથથી કરી શરીરની ન્યુટ્રીશીવ યાને પોષણ આપવાની ક્રિયા જોરદાર થાય છે તેમજ નર્વસ સીસ્ટમને બહુ શક્તિ મળે છે, જેથી કરી ભુખ તેમજ ખોરાકને સમાવવાની ક્રિયા સુધરવા માંડે છે. વળી શરીરની દરદ સામે થવાની યાને ટકી રહેવાની શક્તિ પણ વધે છે.

આ પરસેવાનો બાથ, જોજન જમ્યા પછી દોઢ યા બે કલાક પછીજ લેવો જોઇએ છે. વધુ બેહતર વખત તો તે રાત્રે સુવાની આગમજ લેવો, છતાં તે લેવા પછી બની શકે તો પંદરથી વીસ મીનીટ ખુલ્લી હવામાં ચાલી આવવું, અથવા તો બોડીક તેવી સારી (પણ ઘણી સખત નહી) કસરતો કર્યા પછી બીજાને જવું.

Turkish Bath. ટર્કિશ બાથ.

આ બાથ,ગરમ હવાનાં બાથને મળતો છે,

ફરક એટલો કે આ બાથમા આખુ અગ કે કાય છે, અને જેમ ટરકી ટેનસટેન્ટીનોપલ તેમજ મુધરેલી દુનિયાના બીજા સધળા જોહરોમા અપાય છે તેમ તેની સાથે ક્રીશ્ચન, મમાજ અને શામ્પુ પણ અપાય છે એ માટે તેની ખાસ ગોઠવણ કરેલુ મજાન હોવુ જોઇએ

૬૨ા નગા અગે તે ગરમ ઓરડામા ૧૮ન્યા ગરમી ૧૨૬–થી ૧૪૬ દીગ્રી હોય છે તેમા દાખલ થાય છે, જેમાં જવા આગમજ ઘણુ સરખુ ગરમ યા કે હુ પાણી પીધુ હોય છે, અને તે પછી પેલા ટરમીલ બાથમા દશથી પદર મીનીટ સુધી રહે છે ત્યા રહેનો ખીજમતગાર તેના અગને મુમ ઘસીને ચોળે છે કે જેથી પરસેવો આવે–તે પછી તે બીજા બાતામા નાખલ થાય છે, કે જે આગના કરતા વધુ ગરમ હોય છે, યાને ત્યાની ગરમી ૧૫૬ થી ૧૮૬ દીગ્રી હોય છે, ત્યા પુરતી રીતે પરસેવો આવ્યા પછી તે ‘ શામ્પુ ’ ના ઓરડામા જાય છે જ્યાં તે એક લાબા પથ્થર ઉપર સુવે છે, કે જ્યા તેની ચામડી ઉપર એવી એક જાતની મસાજ કે ચોળવાનુ કાર્ય થાય છે કે જેથી ત્યા ભેગો થયેલો નકામો પદાર્થ ચામડીના છીદ્રો મારફતે બહાર કઢાય તે પછી તો શામ્પુ મા સામુ ઓ પાણીથી અગોલ અપાય છે કે જે પાણીની ગરમી ૧૫૬ દીગ્રી હોય છે ત્યારે અગ મારી પેઠે ગરમ થયુ કે પછી કે ડા પાણીએ નહવાડે છે અથવા તો તે કે ડા પાણીના બાબારામા દરદી પડે છે, જ્યા સોકોદ મીનીટ યા બે કલી તુરતજ મહાર નીકળે તે પછી ઝડપથી તેનુ શરીર લુછાઇ સુકુ કરવામા આવે છે, અને ત્યારકેડે શરીરને આસાયશ આપતા પદરથી વીસ મીનીટ સુધી ચાદર ઓઢાડી રાખવામા આવે છે, જ્યા સુધી તેની નાડ કામદાસર (નોરમલ) થતી નથી તેમજ ચામડી કે ડી અને નુરી થાય ત્યા સુધી તેને પોશાક પહેરવામા આવતો નથી આ ગરમ બાથના ફાયદા ઓછાવતો સારી રીતે બતાવ્યા છે કે તે માટે વધુ લખવાની જરૂર નથી

પણ આ વાત યાદ રાખવી કે એ ગરમ બાથ જે જોઇએ તે કરતા વધુ લેવાય તો તેથી ગેરફાયદા થવાનો ઘણો સભવ રહે છે અને જેતા, જે તે બાથ લેવાથી અગમા પાછી વળતી ગરમીની અસર તેમજ એનરજી ન આવે તો એ બાથ લેવો સનાહમારક નથી જે દાખલાઓમા શરીર પાતળુ અને જોઇએ તે કરતા નબળુ યાને ઓછા વજનવાનુ હોયતો આ બાથથી નુકસાન થાય છે

દુકમા, જેઓ બીજા જોઇ વધુ સાર ઉપાયો ન લે શકે તેવના માટે આ બાથ છે જેઓને ઘણી દાઢ પીવાથી તેમજ બીજી તેવી બોટી આદતોથી જે બરાબર અસર શરીરમા ભેગી થઇ હોય છે તેઓને સાહેબ મદદ આ બાથો અપાય છે ઘણાઓ બુલ્લી હવામા તનદરસ્ત કસરતો કરવાને બદલે આ સહેલા બાથના ઉપાયો લે છે તેઓની બોટી અને બેદરકાર આદતોથી શરીરમા જે નાલાયક પદાર્થો (ઝેરો) એકઠા થયા હોય છે તેઓને પરસેવા વાટે દુર કરવા આ ગરમ બાથ તેઓ તે છે

આ ગરમ બાથમા જે મદદ ન જીવવા લાયક તત્વ છે તે સાથે રહેલી ગરમ અને બબાબ હવા છે કારણ કે તે ઓરડાઓ તદન ગંધબન્ધ, અને હવાની કાદપણ અ બન્બ ન હોય એવા બધેલા હોય છે આ કારણને લીધે ત્યાં બગતો ગરમ બાથનો ફાયદો ઉનગાઇ જાય છે, અને ત્યા જઇ આવેલાને તારમવાર સરદી અને એવા બીજા દરદો લાગુ પડે છે જે ત્યા હવાની ઘણા આબબાબ રાખવામા આવે, એટલે કે જ્યારે એ ઓરડાઓ વપરાતા ન હોય તે વેળા બારીબારણા ઉઘાડા કરી તે ઓરડાને હવાવી નિયમીત સ્વચ્છ રાખવામા આવે તો–આ બાથોની ઘણા કાર્યો માટે બારે બનામણ થઇ શકે ત્યા જનારાઓ હમેશા પોતા

માટે નવું બ્રશ વાપરવા કહેવું જોઇએ; કારણ કે ત્યાં દરેક જાતનાં દરદવાળા માણસો આવી જાય છે.

Vapor Bath વરાળના બાફનો બાથ.

આ માટે ઘરમાંજ તેવી ગોઠવણો થઇ શકે છે. તે માટે એક એવી કેબીનેટ હોય કે જે ગમે ત્યાં લઇ જઇ શકાય. તેવી કેબીનેટ યાને કબાટમાં દરદી બેસે છે. તેની ખુરસી હેઠળ ગેસ અથવા સ્પીરીટનો ચુલો રખાય છે જેની ઉપર ગરમ પાણીનું વાસણ મુકાય છે; તે વાસણ જેટલું મોટું હોવું જોઇએ કે તે માહેલું પાણી સારી રીતે ગરમ થઇ તે માહેલી બાફ પુરતા જથ્થામાં નીકળી દરદીની આસપાસ ફરી વળે. જરા પરસેવો લાવવાની જરૂર હોય છે ત્યાં આ વરાળનો બાફ બહુ કીંમતી થઇ પડે છે. (એ માટે ગરમ " કેબીનેટ બાથ " જુવો).

Warm cleansing Bath.–સાદો ગરમ (સફાઇ કરવાનો) બાથ.

લાંબા કાળથી ચાલતો આવેલો સાબુ સાથે લેવાનો ગરમ સ્નાન જેને ઠંડા પાણીનાં જે જુદા જુદા સ્નાનો છે તેના સાથે લાગતું વળગતું નથી. આ ગરમ બાથ એ કાંઇ 'ટોનીક' નથી, પણ માત્ર સફાઇ–સુવડાઇનું સાધન છે, અને તેથી કરી ચામડીની ચપળતા જળવાય છે.

ઠંડાં પાણીથી માત્ર થોડીકજ સફાઇ આવે છે. ઠંડા બાથો એ માટે હોતાજ નથી. ચામડી ઉપર બારે મેલ થયો હોય તો ઠંડા પાણીથી તે થોડોક નીકળે ખરો, પણ જ્યાં ઘણો મેલ, ચીકાસ અથવા બારીક ધુળનો મેલ આવેલો હોય કે જેઓથી છીદ્રો બંધ થઇ ચામડીનું કાર્ય થઇ શકતું નથી ત્યાં ઠંડા પાણીની અસર જરાએ થતી નથી. તે માટે તો ગરમ પાણી અને સાબુની અવશ્ય જરૂર હોય છે. (એ માટે સાબુ ૨ તેનાં ઉપયોગો એ પ્રકરણ વાંચો)

એ માટે ઘણા ગરમ પાણીની કાંઇ જ હોતી નથી પણ સાધારણ ઉષ્ણ પાણી કે જેની ગરમી શરીરની ગરમી કરતાં સહેજ વધુ હોય તેવું પાણી વાપરવું. સાધારણ નિયમ તરીકે, ગરમ પાણીના બાથમાં દશ મીનીટથી વધુ રહેવું નહી, પણ ઝડપથી અંગને સફાઇ કરી, તુરતજ ઠંડા પાણીએ તાત્કાળિક નાહી લેવું. જ્યાં નળની જારી હોય તો તે ઉઘાડી દશથી પંદર સેકંડમાંજ ઓટી લેવું.

ગરમ પાણીએ કેટલી વાર નાહવું એ દરેક જણના પોતા ઉપર રહેલું હોય છે, તો જોકે એક સાધારણ નિયમ તરીકે, અઠવાડીયામાં બે વારજ ગરમ પાણીએ નહાવું ઠીક છે. બની શકે તો, રાત્રે બીજાને જવા આગમજ ગરમ પાણીએ નાહવું બહેતર છે. કેટલાક દાખલાઓમાં માત્ર એકજ વાર અઠવાડીયામાં નહાવું ઠીક થઇ પડે. અલબતાં જે ભાગો ઉપર ઘણો પરસેવો પડતો હોય અને જે ભાગોને હવા ઘણીજ ઓછી લાગતી હોય જેવાકે બગળ–પગો વગેરે તેમને દરરોજ ધોવા જોઇએ.

કેટલીકવાર કોઇકો કહે છે કે અમે તો બાથ લેતા નથી કારણ કે ચામડી કુદરતી રીતે પોતાનું કાર્ય કરે છે અને તેથી બાથ લઇ તેનાં કાર્યની વચ્ચે આવવું નહી. અલબતાં જે શરીર ઉઘાડું રહેતું હોય યાને જેમ હાથ, મોહોડું હમેશા ખુલ્લું રહે છે તેમજ બીજા ભાગો પણ હવા–તડકાની સામે હમેશાં ખુલ્લા રહેતા હોય તો પછી નાહવાની જરૂર રહે નહી–પણ આજનાં જમાનામાં તો શરીર ઉપર ઘણાં ઘણાં લુગડાં ઘાલી શરીરને ઢાંકી રાખવાનો રેવાજ છે ત્યાં નહાવા વીના મેલ નીકળી શકેજ નહી. અને તેથી સુંવાળતાઇ માટે નહાવાની જરૂરજ હોય છે. પણ

બાથ એવો લેવો જોઇએ કે તેથી ચામડીનાં દરતી અને પોતાની મેળે સફાઇ સુધડાઇ લાવવાનાં કાર્યમાં હરકત કર્તા ન થઇ પડે; પણ તેને મદદ કર્તા થવું જોઇએ.

Wet Hand Rubbing-

ભીંજાયલા હાથે ચોળવું.

આ બાથ નહાના બાળકો તેમજ નબળા થઇ ગયલા અને બીછાને પડેલા દરદીઓ માટે હોય છે. ધારો કે એક દરદીને, ભીંજાયલા હાથે ચોળવાનું છે. તે દરદી ચત્તો (બરડા ઉપર) લાંબો થઇ કોચ ઉપર સુતે છે, ખીદમતગાર પોતાનાં હાથોને પાણીમાં બોળી, પછી દરદીનાં કપાળે એક હાથે લગાડે છે, ને બીજા હાથે કપાળને પકડે છે. તે પહેલાં કપાળનાં મધ્યભાગથી શરૂ કરી લમણાં અથવા કાનપટી તરફ ઘસતો ગાળ ઉપર ઉતરી હડપચી તરફ આવે છે. અને એવી રીતે ૬ થી ૮ વાર ઘસે છે.

જે સ્ત્રી પોતાના વાળ ભીંજવા ન માગતી હોય તેઓએ, ગમે તો માથા ઉપર તુવાલ વિંટાળી વાળોને ઢાંકવા પણ મરદોએ માંથાને પણ ભીંજાયલાં આંગલાંઓ ખુબ ચોળાવા દેવું. તે પછી છાતીનાં ઉપલા ભાગને મજબુત રીતે ઘસવું, અને ત્યાર કેડે પેટની બન્ને બાજુઓ ઉપર પેટને ચોળતા વેળા એક હાથને બીજી તરફ લઇ જવો, અને જોશથી ઘસડવું તે પછી તુરત બીજા હાથે પણ ચોળવાનું શરૂ કરવું. એવી રીતે ઉપર અને નીચે-ત્રણથી છ વાર ચોળવું તે પછી ગોળાકારમાં, જ્યાં કોલન અથવા મોટું આતરડું રહેલું તે જગ્યા ઉપર ઘસડવું.

એક ભાગને ચોળી તુરતજ લુછી સુકો કરી તે પછી બીજા ભાગ ઉપર જવું. એવી રીતે ચોળવું કે ચામડી લાલ થઇ જાય. પછી હાથોને લઇ ચોલવા. તે માટે ખભાંથી શરૂ કરવું. હાથો ચોળાઇ રહયા કેડે તુવાલથી ઘસી લુછી-નાંખવા. એ કરતી વેળા ખીદમતગારે વારમવાર પોતાના હાથો ભીંજવીને પછી ચોળતાં જવું. તે પછી પગો લેવા. પહેલાં જાંગ ઉપરથી શરૂ કરી નીચલા ભાગ ઉપર જવું. છેવટે, તળ્યાં ઉપર આવી તેને ચોળીને, તે ઉપર ત્રણ ચાર મજબુત છાપટો મારવી. તે પછી બરડાને હાથમાં લઇ ત્યાં પણ એજ રીતે કાર્ય કરવું. દરેક કાર્ય ઝડપથી કરી નાખવું. ચોળવું લુછવું ઢાંકવું વગેરે એક પછી એક ઝડપથી થવું જોઇએ.

(સાંધન છે.)

કીસ્મતની કહાંણી.

યાને

રાણી માતાનો પ્યાર.

(ઐતિહાસિક ચાલુ વાર્ત્તા.)

લખનારઃ—ભાગલ્યા.

(ગયા અંકથી ચાલુ.)

પ્રકરણ ૨૫.

હેમ્પટન કોર્ટ.

રાણીમાતા કિનારે આવતાં પ્રીલીપ અને આઇનિઝ સાથે બાદશાહી મજ્યામાં બેઠાં. બીજાઓ બે ઘણા મોટા અને સગવડ ભર્યા મજ્યામાં બેઠાં. પાણીના રોહની મદદ સાથે કદાવર અંગને મજબુત ગોટલાંના બલાસીઓએ તે શાંત પ્રવાહમાંથી બહુ ઝડપે બાદશાહી હોડી હંકારવા માંડી કે તેજ પળે રાણીની ઇચ્છાથી આઇનેઝના સીતારનો રૂપેરી ઘંટ જેવો અવાજ મધુરતા ફેલાવી રહ્યો ને તે સાથે તેમનો નાજુક પણ બની મીઠ્ઠો અવાજ બેળાતાં હવામાં કાંઇ અજબ જેવી શાંતિ પ્રસરી રહી. જાણે કુદરત તે રાણીને હર્ષભેર આવકાર આપતી હલકારની હોય તેમ અચુક માલુમ પડતું હતું. મેરીને ખરેજ આનંદ થયો. પોતાની જીંદગી ભરમાં તેમણે આવો સુખી વખત અનુ ભવ્યો નહતો એમ જોયમાં તેમણે દમુક્યું. તેમની ના હૈયામાં હરેક સવ્યાઇ હતી કે આવું અનુપમ સુખ તે છેકના છેડા સુધીક પહે તેમ ન હતું.

જ્યારે સામેથી હેમ્પટન કોર્ટનો બાદશાહી મહેલ આસમાન સાથે પોતાનું સર લગાડતો દમામદાર જોવો સર્વના નજરે પડ્યો ત્યારે હરેકની અજાયબીનો પાર રહ્યો નહિ. આટલા બધા જલ દી તેઓ આવી પુગ્યા હતા એમ પળવાર માનવાને વધીક તેઓ શંકાશીલ બન્યા. યા ખુદા! શું આઇનિઝે જાદુ કર્યું હતું! તેઓ તેણીના મીઠા સરોદની લહેરમાં એટલા બધા ગુલતાન બની ગયલા હતા કે તેમને આસપાસનું ભાનજ રહ્યું ન હતું. જ્યારે તેઓ પોતાની સ્વપ્નવસ્થ હાલતમાંથી જાગ્યા ત્યારે પોતાને બારેસે ઠેકાણે આવી પુગેલા જોઇ તેઓ જો અજાયબીમાં ગરકાવ થયલા હોય તો તેમાં કશી નવાઇ નથી. રાણીના રક્ષણાર્થે રહેતી લશ્કરી ટુકડી ટુકે રસ્તે થઇને જમીન માર્ગે હેમ્પટન કોર્ટ પૂર ઝડપે આવી પુગી, કિનારા આગળ તેણીને આવકાર આપવા સજ સમારીને ઉભી હતી.

પ્રીલીપે માનમાં ટોપી ઉંચકી રાણીને પોતાનો હાથ આપી જમીનપર ઉતારી તે વેળા રાણીએ હસીને તેનો હાથ દાબતાં જણાવ્યું,

'મારા પ્રીલીપ, તારી સંગતમાં મારો વખત બહુજ આનંદમાં પસાર થયો છે!'

પ્રીલીપ હવે ત્યાંથી ખરતી માપશો એવું ગાર્ડીનર ને તેનું પુછ્યું ડાકટર માનતા હતા પણ તેમની બારે અજાયબી વચ્ચે તેઓએ પ્રીલીપને મહેલના દરવાજામાં દાખલ થઈ બાજપર જતાં

જોયો. ભારે ગભરાટમાં તેઓ એક બીજાનું કોઠું ભોપરા લાગ્યા. ખરેજ તેમને જબરી અકર વકર થઇ હતી. મેરી તો ફીલીપની આ ભલી લાગણી જોતાં ખૂશાલીને મારે તેને વળગી પડી, ચુમ્મીઓ-નો વરસાદ વરસાવતી હતી.

" મહેલમાંજ રહે, મારા જાન. તું કયાં છે એમ જાણતાં મને મોટી ધીરજ ને હિમ્મત મળશે' રાણી કરગરી.

ગારડીનરે જોયું કે વાત વધી પડે તેમ હતુ એટલે ટુકડેથીજ દાંભવા તે નરમાસથી વચ્ચે હો-માઇ બોલ્યોઃ

' નહિ,' મારાં નામવર, આપ મુરબ્બીએ જરા પણ ઉસ્કેરાવું જોઇએ નહિ. એક બે દિવસ શાંત્ત ચુપકીદીમાં પસાર કરવાની આપને ખાસ જરૂર છે. પ્રજા તરફથી તેવી માંગણી હું કરગરીને કરૂં છું. સૌ સારૂં જણાતાં માનવંત રાજાજીને તાકીદે જણાવીશું. ખુદાને ખાતર, મુરબ્બીજી સાહેબ, આપ હવે સીધારો. સહેજ પણ ઉસ્કેરાટ જણાંતાં રાણી માતાની જીંદગી જોખમમાં આવી પડશે. ડાકટર તે માટે સખત આગ્રહ કરે છે. કેમ ખરૂં કેની, ડાકટર ? '

અને ડાકટરે જવાબમાં પાનછેયું ધુણાવ્યું.

ફીલીપે જોયું કે અત્યારથીજ પહેલી ચુમ્મી-માં તેમનો ગાલ કરડવાની જરૂર નહતી. ડાકટરના ફરમાનને માન આપી તે પાંછો જવા નીકળ્યો પણ ચાલમાં બગબર તપાસ કરી તે ઓરડાઓ મા ફર્યો અને પહેલે માળની બારી ઉઘાડી પોતા-ની ખાત્રી કીધી.

"હું સહેલાઇથી કયાં આવી શકીશ ' તે પટપટયો ' અને આ બદમાશ કોરગાઓને ઝટ ખુ-લ્લા પાડીશ. પોતાનું માનિતું કાવતું રદ જતાં ગારડીનરનો કેવો જોવા લાયક ચહેરો થશે તે જોવાની મને ખાસ કરીને જરૂર છે.એ પોતાને ધણોજ હુસ્યાર સમજે છે પણ એ કેવો બેવકુફ છે તે હું એને બતાવી આપીશ.' રાજા મહેલની બહાર પડયો કે જ્યાં આગળ લસ્કરી ટુકડી તેની રાહ જોતી ઉભી હતી. આઇને-ઝ એકલી બારણાં આગળ ઉભી હતી અને ઓર-સુનો સર ફ્રાન્સીસ સાથે વાત કરતો હતો.

" એમ કેમ ! " ફીલીપ વિચારવા લાગ્યો. ' ઓરસુનો એવો બેવકુફ ગધેડો કેમ થયો છે ? એ તો મારી વાહફ પર ફીદા છે તો તેણીને છોડી એ પેલા પોદ્દા સાથે શાનો વાત કરે છે ?...લુચ્ચો-કયેનો ! એના કાન ચીમટવા પડશે બરા ! ' આહ ! પણ ખરૂં કારણ તે કયાં જાણતો હતો ? તે કયાં જાણતો હતો ઓરસુનોએ બરડેલા પગ ગાલીચા પર લંબાવી જોયા હતા પણ થપ્પડ પડ-તાં કુતરાની પેઠે બે પગ વચ્ચે પૂછડી ઘાલી ચીચ-વાતો નહાડો હતો.

ફીલીપ અને આઇનેઝ હવે મજવામાં બેઠાં અને તેમની સાથે ડયુક ઓરસુનો પણ બેઠો.

મજવાવાળાઓ ધીમે-આહીસ્તે હલેસાં મારવા માડયા કે ફીલીપનું પાછી ગયું,

" મારો વખત બહુ કિમતી છે. મને જો પૂર ઝડપે જલદીથી લઇ જશો તો તમો દરેકને એકેક સોનાંનો સીક્કો આપીશ ' ફીલીપે તેમને લલચાવ્યા.

ધનિામની લાલચે તેઓએ હવે પૂર જોરમાં મજવો હંકારવા માંડયો. કે ફીલીપ, આઇનેઝને ઓરસુનો, કેવી રીતે કામ લેવું તેની ગણત્રીઓ કરવા લાગ્યાં. હવે ફીલીપ અધીરો બની ગયો. વખત વહી જતો જોઈ તેને ડર થયો કે રખે તે પોતાની યુકિતમાં ફાવે નહિ ને બદમાશો પોતાનું ચાહયું કરી જાય. આખરે તેને તે છુપ્પો કિનારો જણાયો કે જ્યાં નદીના ખાંચામાં ઝાડોની વચ્ચે " ત્રણ માછીઓ વાળું " દારૂનું પીયું હતું. આ જગ્યાએ ઉતરી જવાની તેને જરૂર હતી પણ તેમ થતાં રખે ચાવાચીની થાય તેનો તેને ધસ્કો પડયો. તુરતજ તેનાં ફળદ્રુપ મેંજએ તેનો રાબબાણ ઉપાય શોધી કાઢયો ને.તે પટપટયો કે મારે હાલ

તુરત મારી મગરૂરી ગજવામાં મુકવી પડશે. બીજી પળે તેનો મધુર અવાજ બાજી રહ્યો ને ખલાસી ઓનાં દીલ બહેલાવી રહ્યોઃ

' પોર્યાઓ, તમોને તરસ લાગી હશે. બચ્ચીત તમે બબરી મહેનત કરી તમારૂં ઇનામ મેળવ્યું છે. ચાલો, પેલાં પીઠાં આગળ મઝ્વો અટકાવો. જોઇએ તમ સાંમાંથી કોનું ગળું સુકકું ટસ થઇ ગયું છે. '

મુકાણીના અવાજથી ખલાસીઓએ તે માંગણી વધાવી લીધી ને બીજી પળે તેઓ તે અંજાણ બચ્ચાએ મઝ્વો અટકાવી ઉભા ને ઝડપથી તેને લંગર નાંખી કિનારે ઉતરવા તૈયાર થયા.

ફીલીપની આ અજબ જેવી હીલચાલે આઇનેઝનાં બધાં ચદી ગયાં ને ઓરસુનો તો બે બાઇઓ જેવો જોવા લાગ્યો; કેમકે ફીલીપ આવી રીતે કદી વર્ત્યો ન હતો. આહ ! આગળ તે તેવો હતો પણ દિલાંઇ કાંઇ ચુકેટાન નહતું કે ના તે હજી જવાનીના મદમાં ઉછળતો જવાન હતો !

આઇનેઝે ફીલીપને પોતાનો હાથ લગાડયો કે સમજી બઇ તે તેણીને સંચારો આપતાં બોલ્યો,

' મારે બાંધો એક સંદેશો કહેવરાવવાની જરૂર છે, નકર બદમાશો પોતાનાં કાવત્રાંમાં ફાવી જશે. વીંડસર ગયા પછી મને આજે મુસાફરી કરવા ગમતું નથી. '

બાઇઓ મઝ્વાને તે અંજાણ બચ્ચાએ લાંગરતાં સબબ નુકસાન થયું પણ તેની કોને પરવા હતી ? ફીલીપ કરે લાગ્યો કે ઓરસુનો પણ તેની સાથે બચ્ચા જેવો થયો પણ તેને અટકાવી ફીલીપે કહ્યું, ' તું લીઓનની સાથે રહે. હું ત્યાં કાંઇ મોકલી આપીશ. બાઇઓ, તમોનાંમાંથી બાર બચ્ચા મારી સાથે આવો. '

બારે મુકાણીનાં કહેવા મારી બાર બલાસીઓ જમીનપર ઉતર્યા. તેઓ બરેબર બચ્ચરા ૨૨ના થયલા હતા.

દારૂવાળો પોતાનું પીઠું બંધ કરતો હતો તેવામાં રાજાને ચાર બલાસીઓ સાથે અંદર આવતાં જોઇ તે બહુ અજબ થયો. તેણે બાદશાહને આવકાર આપી પોતાના સૌથી ઉત્તમ સણગારેલા ઓરડામાં બેસાડયો.

' આ માણસોને જે જોઇએ તે આપ અને તારે ત્યાંના સૌથી ઉંચામાં ઉંચા દારૂની બાટલી, યોડાંક કેક અને ત્રણ ગ્લાસો લઇ આવ. પણ સૌથી પહેલાં આ માણસોને આપ. '

રાજા તે મકાનમાં આમ તેમ ફરવા લાગ્યો એવી આશાએ કે વીલ મઝ્વાવાળો જો ત્યાં હોય તો તુરત બંદોબસ્ત કરવાનું તેને બની આવે. દુકાનવાળો બાટલી લઇ અંદર આવ્યો ને તેણે એક ગ્લાસમાં દારૂ રેડયો.

" આજ રાત્રેજ તું મારો સંદેશો વીલમઝ્વાવાળાને મોકલી શકશે ? ' રાજાએ પૂછ્યું.

" મારા નામવર, હુકમ હશે તો હું જોને જઇશ. '

' હીક ત્યારે. તેને જણાવજે કે રાણી લેમ્પટન કોટ ગયાં છે પણ તે તો આવતી કાલેજ થશે. આ બોલે બોલ કહેજે. જોકું બોલની ? અચ્છા... બરાબર છે ! '

રાજાએ ને પીઠાંવાળાને તેની વકરી ઉપરાંત પૈસા આપ્યા કે જે લેતાં તે દુકાનદાર ઘોડો ઘોડો થઇ ગયો.

' આ કેકો ને દારૂ મઝ્વામાં મારો હજુર્યો છે તેને આપીને મારી આગળ આવ ' રાજાએ ફરમાવ્યું.

આઇનેઝ ઓરસુનો સાથે ગોકશી પડતાં બોલી. ફીલીપની સાથે ન બચ્ચા મારે તેણીનું દેવું તેણીને ડંખવા લાગ્યું. તેમ છતાં બલાસીઓની હાજરી એ તેણીને કાંઇક ધીરજ બગી.

તેઓ ચુપ હોતાં પણ ઓરસુનો વધુ વાર તે બની ન શકયો બાં જાગ્યો પશ્ચાતાપ કરતો બોલ્યો,

'ખાનુ, મને માફ કરો. હાથ જોડીને હું તમારી માફી માગું છું. મને તમારો આગળના જેવો નીમકહલાલ નોકર થવા થઇ મારી જીંદગી તમારી સેવામાં પૂરી કરવાની રબ્બ આપો. પરમાત્માના પુણ્ય નામના કસમથી કહું છું કે આજ પછી પ્યાર જેવો શબ્દ તમો મારી તરફથી સાંભળશો નહિ. હું તમારો ભાઇ થવાની દરેક કોશેશ કરીશ. મારી અક્કલ ગુમ થઇ ગઇ હતી તે દીવાનો બની મેં મારી આગળ ધરવામાં આવેલું મીઠું ફળ ફેંકી દીધું હતું. મને માફ કર. મારો તે બજનો પાંછો મેળવવા મારો જાન આપવો જરૂરી હોય તો તેમ કરવા હું ખરાં જીગરથી તૈયાર છું!'

ઓરસુનોનો ખરાં જીગરનો પસ્તાવો જોતાં આઇનેઝ પીગળી ને મીઠાસથી તેણી બોલી,

'ઇસુફ, હું સઘળું ભૂલી જઇ તમોને ખરાં જીગરથી માફ કરું છું એટલીજ શરતે કે હવે પછી તમારે એવું નાદાન્યતપણું બતાવવું નહિ' અને તેણીએ પોતાનો હાથ લંબાવ્યો કે જે પર તે જવાને હર્ષ ઘેલો બની ઘણીજ માનથી ચુંબન કર્યું.

તેજ વખતે ત્યાં દારૂ ને કેક લઇ પીઠાંવાળો આવ્યો. ઓરસુનોનું તો એવું કોહી ગયું કે તે પીઠાંવાળાને કકડાવીને લાત મારે પણ હવે ઘોળાયલાં દુધ પર વધુ વિલાપ ન કરતાં તેણે ઘણીજ માનથી ને દરબારી તાજીમતવાળનેથી આઇનેઝને દારૂ ને કેક બવડાવવાની બીદમત કીધી.

પીઠાંવાળો આવતાં રાજાએ કહ્યું,

'મને વીલ મંજાવાળા પર અજબ પ્રેમ આવે છે. ગમે તે પગારે તે મારી નોકરીમાં જોડાઇ રહે તેમ બની શકશે?'

'હું નહિ ધારતો, મારા નામવર.'

'દીલગીરીની વાત છે. એ આબાદ મારા જેવો છે.'

'હાજી, આ તરફ લોકો તેમને પૂજે છે.'

'લોર્ડ નોર્થ હજી આ તરફ બટકે છે કે?'

'હા મારા નામવર, પણ તમો તેની દરકાર ન કરો. એ કામ વીલનું છે. તે તેને બરાબર પાર ઉતારશે. હું નહિ ધારતો કે હવે પછી તે કદીથી તમો નામવર પર બજુસી કરવાની કોશેશ કરે.'

'ઓલરાઇટ, જોઇશું.'

ફીલીપ હવે પાછો મજવામાં આવી બેઠો કે બલાસીઓ પૂર ઉમંગમાં હલેસાં મારવા માંડયાં અને તેઓ જલદીથી વીંડસર આવી પૂગ્યા.

પ્રકરણ ૨૬.

મેહનત બરબાદ વ ગુનાહ લાજમ.

બીજા દિવસનું પ્રહર બહુ જલ્દીથી ફાટયું. તે દિવસ ઇંગ્લાંડની તવારિખમાં યાદગાર થઇ જનાર હતો. ગોયા ઇંગ્લાંડની શાહનશાહતની સરબ્બત તે દિવસથી ફરી જનાર હતી. ગારડીનર ને બોનરે રચેલો તાગડો બહુજ મજબુત હતો. અને પાપીઓને શાની જવાનો દરેક સંભવ હતો પણ ખુદા કયારે પાપીઓને ફાવવા દે છે? આહ! ક્ષણિક માયા મેળવતાં ઘડીભર કોઇવેળા નસીબ સંજોગે તે દુષ્ટ ફાવી જાય છે ખરો અને તેમ થતાં તે ફુગરાયલો દેડકો ભાન ભૂલો બની ગોયા પરમાત્મા સામે સરકશી કરવાની હેમાકત કરે છે પણ તે નહિ ધારે તેવા સંજોગોમાંથી તેની સાંથી ખેંચી કાઢવા, વખતોવખત કેટલાક પરમાત્માનો કુદરત સાફી દસ્ત પડે છે ને તેના બોજા હેઠળ તે બેવકુફ ઉલ્લુ પશ્ચાતાપ કરતો સરગરદાન કચડાઇ મરે છે. તેને ત્યારેજ ભાન આવે છે ને. ખરૂં ખોટું તે જાણી શકે છે; પણ હયાં આપણી વાર્તાથી વધુ વેગળા જવાની આપણને જરૂર નથી. ફીસ્મતની કહાંણીથી. જો ગારડીનરને ફાવી જવાનો સંભવ હોત તો કોણ માની શકત? વિધાતા એ લખ્યું હતું કે દુષ્ટ ગારડીનરે ફાવવાનું નહિ તો છોને તે મરતી વખતની જબરી તાણતોડ કરતો? ભલે ને તે જોઇતાં પણાં મારી પોતાના મનમાં મલીદા

ન્તમે ! તેનું આપણને શું છે ? સરજતે પોતાની સાંકળ એવી રીતે ગુંથી હતી કે તેની પકડમાં ગારડીનર જકડાઇ ફ્રેન્ચમાં પુગરાયો હતો પણ તેજ વેળા તેજ સાંકળે પોતાની બીજી કડી બોલી કેપ્ટન બી નું હથ્યાર ઉભું કર્યું હતું જેથી ઇંગ્લાંડની શાહનશાહતને ધૂળમાં રગડોળવા જે તાગડો થયો હતો તે નિષ્ફળ જાય ને દુષ્ટો પોતાના પાપની જ્વાળામાં જળી મરે !

તે દિવસે " બાર અને એક " ના મંડળના બીજા વર્ગના કેટલાક સભાસદો સહુવારના પ્રહરથી લંડનથી હેમ્પટન કોર્ટ સુધીના રસ્તાપર વિખરાઇ ગયા હતા. તેઓ દરેક જૂદા જૂદા પોષાકમાં હતો, અને ઘણા ઘોડેસ્વાર હતો. કેપ્ટન બી પોતે પોતાનાં માનીતા ઘોડા પર સ્વાર થઇ લંડનથી હેમ્પટન કોર્ટ સુધીનો ઘોરી રસ્તો તપાસતો હતો. રાણીમાતાની સ્થિતિમાં જે ઝડપી ફેરફાર થયો હતો તેથી તે અત્યાર આગમજનો વાકેફ થઇ ચુકયો હતો, તે છતાં તેને રાજના સંદેશાથી પણ ખુશાળી લાગી હતી. મધરાતને સમયે રાજાએ તેની સેવાની પીછાણ જે શુરુ હતી તે તેને ખરેજ ઘણી પસંદ પડી હતી. તેને લાગ્યું કે નોકરી કરવી તે આવાજ વિરલાની કરવી સજાવાર હતી.

એ કલાક સુધી તે આમ તેમ ટેકેલ નાંખતો ફર્યા કીધો. એકાએક દુરથી ધસી આવતાં ઘોડાં ઓનાં પગલાંઓના અવાજે તથા આકાશ તરફ ઉડતી ગીરદે તેને સચેત કર્યો. તેણે પોતાના ઘોડા ને એવી રીતે ફેરવી ઉભો રાખ્યો કે જેથી તે રાહદારીઓને તે પોતે જોઇ શકે. તે ટોળી પળ ઉડાડતી ત્યાંથી પસાર થઇ કે તેણે લોર્ડ નોર્થને ઓળખ્યો. તેનો સાથી તેને ઓળખ્યો હતો તથા સાથે ફક્ત ચાર નોકર હતા.'

'અચ્છા !' તે પટપટયો ' મારે મારા આકાઓની મોજ મુકીની તપાસમાંથી હાથ તુરત મુકત કરવા જોઇશે ને તે પછી ચાલ દીકરા, વીંડસર ખાતે રાજની સેવામાં !'

સૂર્યાસ્તની એક કલાક પહેલાં કેપ્ટન બી લશ્કરી પોષાકમાં સજ્જ થઇ ડીટન ખાતે ઘોડો દપ ટાવતો ગયો અને ત્યાંના " સ્વાન " નામનાં હોટલમાં ઉતર્યો. તેના ગજવામાં કાંઇ એવી ચીજ હતી કે જેને હાથ લાગતાં તે ધુમ હસતો હતો અને અવાર નવાર તે ચીજ સલામત હતી કે નહિ તે જાણવા તેનો હાથ તેનાં ગજવામાં જતો હતો.

" આવ જાવ ગારડીનર, હવેજ તારી મજાહ છે ! ' તે પટપટતો. તેણે હવે પેટ ભરતો ખોરાક લીધો ને તે પછી મઝનો ભાડે કરી તે નદીની વચ્ચે જઇ થોભ્યો ને નોર્થની રાહ જોવા લાગ્યો. તે જે કે દુર ગયો હતો પણ ત્યાંથી તે પોતે નિશાન કરી શકે યા નિશાન જોઇ શકે એવી ખાસ ગોઠવણ તેણે કરી હતી.

સૂર્યાસ્ત થયો અને ઝાકળું શરૂ થઇ ગયું. દુરબીનથી તે હવે રાહ જોવા લાગ્યો. બીજી પળે સીપટીના ત્રણ અવાજ થયા કે કેપ્ટન પાછો કીનારે આવી ઉતર્યો.

તેણે રાજાને ઓરમુનોને ચોમેર જોતાં જોયો કે તેણે પોતાનો મઝનો તેમની આગળજ અટકાવી પોતે કુદી પડયો. તેના અંધારાયલા વેષમાં તેઓ તેને ઓળખી ન શકવાથી તેને ખુબ રમુજ પડી.

' ચાલો, ભલા, વખત થઇ જાય છે. બેસી જાઓ, સાહેબો !'

રાજા એકદમ બેસવા જતો હતો પણ હોશના શાણીલા ઓરમુનોએ તેને રોકયો.

' એ તેજ છે કે, મારા નામવર, તમોને પડવાનું આ છટકું છે ?'

' અરે યાર, શું બાયું બાયજ ? જો આબાદ મારી જોડી થઇને બેઠો હતે તો એ તું અજાણ્યો થઇ નહિ ! એ વીલના જેવો ફુસ્યાર છે કેમ્યુ ?' અને બીજી પળે રાજા મઝમાં બેઠો કે ઓરમુનો

પોબ્રા ધસડાયો અને હવે તે ત્રણેને લઈ તે મછવો ગોળ ચક્કર ફરી નદીના મધ્યાનમાં આવ્યો.

'બે અદબી માફ છે, હુજુર; પણ હું ત્યાં તમોને કહી શકયો નહિ' કેપ્ટન બીએ જણાવ્યું. 'કેમકે કમબખ્ત ગારડીનરના બદમુસો લ્યાં ત્યાં હાંત્રને કાજ ઉભરાઇ જાય છે. નોર્થ હજી લ્યાંથી પસાર થયો નથી એટલે આપણે અહીંજ ફર્યા કરીશું.' સામે કિનારેથી કોઇનું ધ્યાન ન ખેંચાય એવી રીતે ઝાંખરાઓમાં તેણે માછવો ફેરવ્યા કીધો.

'ચુક્તાખી. માફ, બરીજ પરવર' કેપ્ટન બોલ્યો. 'પણ તમારા ફ્રીદીએ આ ચીજ તૈયાર કરાવવાની બેઅદબી કરી છે તે દરગુજર કરશો.' અને લ્યાં તેણે એક ચાંપવાળી સોનાની બાંગડી કાઢી. તે ચાંપ બંધ કરવાની ને ખુલવાની કુંચી હતી.

રાજા તે કિમતી દાગીના જોતો ચુપ બેઠો. ત્યાંની ઝાંખી રોશનીમાં તે બાંગડી પર કોતરાયલાં શબ્દો જોતાં તે કાંઇક સમજી ગયો. તેના ચહેરા પર ફીકકું હસવું પ્રગટ થયું. તે શબ્દો નીચે મુજબ હતા.

"રાજાની ભલી દુવા સાથે!"

'ભલા, એ શા માટે?' રાજાએ સવાલ કર્યો.

'હું એ તે બચ્ચાંનાં પગ પર પહેરાવી દઈશ; તે વેળા તમો સાહેબોને તે છોકરાઓનું સર્વસ્વ ખુંચવી લેવાની જરૂર પડશે.'

'પણ તેમ થતાં તેઓ ચેતી જશે!'

'નારે, આપણે તો જંગલમાંના ચોર થવાના છીએ!' અને એમ કહેતાંજ તેણે મોઢાં પર પહેરવાના બુરણા કાઢી એકેક વહેંચી આપ્યા. 'આપણે તો આ બચ્ચું આપણને નકામું છે એમ જોણી લેઇ નોર્થને તે પાછું આપીશું અને તે આપવાના બદલામાં તેની પાસેથી હેમ્પટન કોર્ટના બાગમાંના બાનગી દરવાજાની કુંચી લઇ લઇશું. તમો તેને તેના પૈસાને છંદગી પાછી આપશો તો તે બદમાશ એવો નીચ કંગાળ છે કે તે માટે તે પોતાના પરમાત્માને પણ વેચાતો હોય તો વેચવા ચૂકે નહિ! તે ગારડીનરને આ માટે કહેશે એવું તો તમારે માનવાનું નથી કેમકે તે હીયકારો એવો છે કે કદીએ પોતાનું માથું નાહકના જોખમમાં મુકશે નહિ. મહેલમાં આપણે લુંટ ચલાવનાર છીએ તે જાણવા સાથે તેને શું લાગે વળગે? તેને મનથી ચાહે દુનિયા મરે પણ તેનું હોજરૂં સલામત રહે તો બસ છે. હું એ કંગાળ ને બરાબર પીછાનું છું. આપણી આગળથી એને બડોશ કલાક જવા દઇ તમો પૂઠે જજો ને બદમાશોને તેમનાં હથ્થાર સાથે પકડી કેદ કરજો. એ રીતે કામ લેવું તે તમો નામવરની મુનસફીનું કામ છે. તમો ગારડીનર જેવા સત્તરને ગજવામાં મુકી શકો તેમ છે એટલે બાકી ફીકર કરવાની નથી. મહેલમાં પહેરેગીરોના વડા તરીકે સર ફ્રાન્સીસ રહેનાર છે. તે તમો નામવરને કોઈ પણ જાતની ખટપટ કર્યા વગર યા ગારડીનરને ચેતવ્યા વગર ચુપચુપ પસાર થવા દેશે. મેં આ બાબતની દરેક ગોઠવણ કરી મુકી છે.'

'આ બધું તેં કીધું?'

'હા, મારા નામપર.'

'વલ્લાહ! તમારે તારી સત્તાની હદ કયાં સુધી છે?'

'હું દીલગીર છું કે તમોને રાજા બનાવી શકતો નથી.'

'તારી ઇચ્છા ભલી છે. તે માટે તારો ઉપકાર માનું છું' અને ફીલીપ વિચારના વમળમાં વિંટલાયો.

તેઓ એક કલાક સુધી રાહ જોતા થોભ્યા. ક્રીસ્ટન તરફથી એક મછવા ને વળી ને તે બાજુ તરફ આવતાં ચંદ્રમાની ઝાંખી રોશનીમાં હવે કેપ્ટન બી એ સાથી 'મહેલાં જોયો કે દરવાજે

નજદીક બની; શક્તી ઝડપે હલેસાં મારી તે આવ્યો અને રાજા તથા ઓરસુનોને જમીનપર ઉતારી તેણે મછવાને ઝાંખરાંઓમાં સંતાડ્યો. તેમની ભારે અજાયબી વચ્ચે તેમણે નોર્થને એકલા ને બાગના દરવાજા તરફ પોતાના હાથમાં એક મોટી બાસ્કેટ લઇને આવતાં જોયો.

'હયરો!' કેપ્ટન બીએ પોતાની તરવાર કાઢી આગળ વધી અવાજ કર્યો. 'જલ્દી કરો! તારી પાસેના પૈસા તોલી દે!'

અચાનક સપડાઇ જવાથી નોર્થે રમખાણ ન કરવામાંજ ડહાપણ જોયું. તેને તે બાસ્કીટ જમીનપર મુકી ગજવામાંથી પૈસા કાઢવા માંડ્યા.

'એની પાસેથી તમે પૈસા લ્યો!' કેપ્ટન બી એ રાજા તરફ ફરીને જણાવ્યું. 'બાસ્કી ટમાં શું છે તે જોવાની જરૂર છે.'

નોર્થ એક બોલ પણ બોલી શક્યો નહિ. ભયમાં તે બે બાઝો બની ગયો હતો. અંદરનું બન્યું રડવા લાગ્યું.

'એ તો મારી બૈરી માટે બીસાડી છે!' નોર્થે પોતાની ચોમેર ઘુમી રહેલું ભય જાણનાં લિમત ધરી બોલાસો કીધો.

'દેખ્યે તો સહી કે બીસાડી કેવી છે!' કેપ્ટન બી બોલ્યો.

રાજા ને ઓરસુનો પોતાની તરવાર નોર્થનાં ગળા સાથે અડકાવી ઉભા કે તેનાથી ચવરાયું-સવરાયું નહિ. રાજા પોતે એવી રીતે આડો ઉભો હતો કે નોર્થ કેપ્ટન બીની હીલચાલ જરાએ જોઇ શકે નહિ. કેપ્ટને હવે ઝાપથી તે સોનેરી બંગડી તે બચ્ચાંને પહેરાવી દઇ કુંચી લગાવી દીધી.

"એ કાંઇ બીસાડી નથી.' કેપ્ટને હવે જણાવ્યું. 'એ તો છોકરું બન્યું છે પણ તેનું આપણને કામ નથી. મારે ત્યા એવાં જોઇએ તેટલાં બેરમાં જિનરાઇ બનય છે. માર્યા પોર્યા હું ઓળખી શકતો નથી તો વળી આ કયાં નવી બલા વધારું!'...લે, બાપા, તારું પોર્યું તને મુબારક!'

લોર્ડ નોર્થનો જીવ તો આસમાન સે લાગી ગયો.

'હમો આ ઝાડીમાંના ચોરો છીએ' રાજાએ જણાવ્યું 'પણ જો તું પેલા દરવાજાની કુંચી હમોને આપશે તો તારી પાસેથી મેળવેલી બધી માલમતા પાછી આપીશ.'

'મને પહેલાં અંદર જવા દો તો પછી આપું' નોર્થ કરચો.

'કબુલ' રાજાએ જણાવ્યું.

નોર્થે રાજાને કુંચી આપી અને રાજાએ તેને દરવાજે ઉઘાડી પોતાની બાસ્કેટ સાથે મહેલના બાગમાં જવા દીધો.

"પોર્યા...પોર્યા...હું ધારું છ કે તું જરા મોડો આવ્યો જરૂર જરૂર કોઇ પીર પયગંબર થઇ બનત!' નોર્થને ઝડપ કદમે નહારી જતાં જોઇ રાજા કેપ્ટન તરફ જોઇ હસ્યો.

"સીપાહોને આ બનાવની બબર પડતાં આપણી પાછળ હવે ધાડું તુટી પડશે!' ઓરસુનો ફીકરમંદ થતો બોલ્યો.

"તમારી ભૂલ છે, હયુક. નોર્થ એવો બદમાશ છે કે પોતાનો જન બચાવવા જતાં તેને દુન્યા જોહાનમમાં નાંખવી પડતી હોયતો તે ખુશીથી તેમ કરે. એ તો જરૂર ચૂપ રહેવાનો!'

તેઓએ પોતાના ચહેરા પરથી બુરખા કાઢી નાંખ્યા અને નોર્થના જવા પછી અડધે કલાકે તેઓ બાગમાં દાખલ થયા અને ઝડપ કદમે આગળ વધવા લાગ્યા. પાંચેક કલાક તેઓ ચાલ્યા હશે કે તેમને તે બાજુએ ફરવા પહેરેગીરે ટોક્યા.

'ખબરદાર! મને હુકમ મળ્યો છે કે હયાંથી કોઇને જવા દેવો નહિ!'

'તને કોણે હુકમ આપ્યો છે?'

'બીશપ ગારડીનરે.'

'હું રાજા છું. ચાલ, બાજુ હટ! તારીપર કાંઇ આવી પડશે તો તને બચાવનાર હું છું.'

અને દમામથી ફીલીપ કેપ્ટનને લઇ આગળ વધ્યો. ઓરસુનો તો બહાર દરવાજાપર દેખરેખ રાખતો ઉભો હતો.

તેઓ મહેલ આગળ આવ્યા કે સર ફ્રાન્સીસ મેલવીલે આગળ આવી રાજાને રોક્યો.

'મુરબ્બીજી કોઇને પણ હયાંથી પસાર ન થવા દેવાનો મને સખત હુકમ છે. રાણીમાતાની જીંદગી જોખમમાં છે' તેણે નરમાસથી અદબઆદા કરતાં જણાવ્યું.

કેપ્ટન બી જે ઝાડના ઓઠામાં ઉભો હતો તે હવે આગળ આવ્યો ને તેણે થોડો ખુલાસો કર્યો કે મેલવીલ સલામ કરી બાજુએ હટયો ને રાજાને તેણે પસાર થવા દીધો. પાંચ મીનિટ પછી ફીલીપ રાણીના ઓરડામાં જઇ ઉભો.

ડાક્ટર મોર્ટકલીફે કરેલું ઓપરેશન બહુજ કૂતેહમંદ નીવડયું હતું. રાણી હવે બચી જનાર હતી પણ બટ દઇને ખરો ખોલાસો કરી દેવાની હવેજ જરૂર હતી. તેણે હવે ખુલ્લુ જણાવી દીધું,

'મુરબ્બીજી, તમારે ત્યાં વારેસ થનાર નથી!'

તે સાંભળતાં રાણીનો ચહેરો ફીકકો થઇ અને દયાજનક રીતે તેણી રડમસ થઇ ગઇ. તેણીનો ચહેરો એવો દર્દમંદ થઇ ગયો કે તે જોતાં ડાક્ટરનું જીગર ચીરાઇ પ્રસાઈ ગયું.

'મારા ખુદા! ફીલીપ શું ધારશે?' તેણી આંસુ પાડતી પોતાના હાથો ચોળતી પુકારી અને તે પછી દુઃખ ન સહન થવાથી તેણી ડુસકે ડુસકે રડતી તકીયામાં માંથુ નાંખી ઉંધે મસ્તક પડી. ગોપા તેણીનું જીગર તૂટી જતું જણાયું.

હવે ડાક્ટરે દાવપેચની બાજી ખેલી અને તેણીને કુસલાવતાં તે બોલ્યો,

'મારાં નામવર, તમારે રંજીદા થવાની જરૂર નથી. તમોને હવે બચ્ચાં તો થનારજ નથી, તો પણ તમે કો નહિ દુનીયામાં માતા તરીકે જાહેર થઇ શકો? હવડાંજ એક કેદાણે એક રપેનીશ બચ્ચાંનો જન્મ થયો છે. તમો કહો તો તે હું લઇ આવું ને તમારાં બચ્ચાં તરીકે જાહેર કરું!'

મેરી એ પહેલાં તો તે વિગત તુચ્છકારી કાઢી પણ ધીમે ધીમે ડાક્ટરે તેણીનાં નબળાં ભેજામાં તે ઝેર પચાવ્યું અને રંગે તેમ થતાં તેણી ફીલીપનો પ્યાર હમેશ માટે ગુમાવે એવી ધાસ્તીએ તેણી આનાકાની સાથે તે જૂઠાણામાં શરીક થવા કબુલ થઇ.

'ઓ મારા ખુદા!' તેણી આકાશ તરફ જોતી કરગરી, 'મારો ગુનાહ માફ કર! હું એ બધું ફીલીપને માટેજ કરું છું! તેના વગર મને મારી જીંદગી નકામી છે. બચ્ચાંની ખબરે એ મારાપર કેટલો વીહ્વલો થયો હતો. કાલે મુસાફરીમાં એ કેટલો બધો બેચેન હતો. બચ્ચું જોતાં એ જરૂર મારાપર દીવાનો થશે! માફ...માફ કર, મારા બાપ!'

નસોસ થતાં તેણી હવે ભર ઉંઘમાં પડી અને તેમાં ફીલીપના હવાઇ પ્યારનાં સ્વપ્નાં જોવા લાગી.

પોતાની યુક્તિથી ફુગરાતો ડાક્ટર હવે એક કલાક બાદ રાણીના ઓરડામાં બાસ્કેટ સાથે દાખલ થયો. તે પોતાની કૂતેહથી બેટલો બધો અંધ થઇ ગયો હતો કે નાના બચ્ચાં માટે જોઇતાં કપડાં લેવાનીં તેણે કશી પરવા કરી નહતી. તે બચ્ચું કલાકોનું જૂમું હોવાથી નબળા અવાજે રડતું હતું પણ તેના રડવાની કોને દરકાર હતી?

'મારાં નામવર, તમારો બેટો, ઇંગ્લાંડના ભવિષ્યના શાહનશાહ!' ડાક્ટરે જણાવ્યું.

બીજી પળે ગારડીનર અને ફાધર એનોક ખુશાળ થતા થતા અંદર આવ્યા.

'ઇંગ્લાંડની મુબારકબાદી કબુલો, મારાં નામવર!' ગારડીનરની લપલપી ચાલી. 'તમારો વારેસ બેટો છે. શુકર ખુદા! ઇંગ્લાંડ આખું આનંદની ખુશાણીથી ગાજીવાજી રહેશે. હું તાકીદે આ

શુભ અખર લંડન ખાતે મેકલીશ અને વીંડસર ખાતે નામદાર રાજા સાહેબને—'

તેજ પગે બારણું ઉઘાડી ફીલીપ અંદર આવ્યો.

ગારડીનર એકપળ મુંઝી મુંગો સાવજ બની ગયો; પણ તુરત સાવધ થઇ હસતે ચહેરે આગળ આવી બોલ્યો,

'મારા નામવર...જુઓ તમારો બેટો...મુરબ્બીજી, આબાદ તમારોજ નમુનો છે!'

રાજાએ તે બચ્ચાંને નરમાસથી પોતાના હાથમાં લીધું ને તેનું બેહરણ ઉંચકી ફીકકું હસીને કહ્યું,

'ગારડીનર, બાદશાહી બચ્ચાં સોનાની બંગડી સાથે જન્મે છે એ મેં આજેજ જાણ્યું.'

દરેકના ચહેરા જોવા જોગ થઇ ગયા. તેઓ જબરા ગભરાટમાં પડયા પણ કુનેહ બાજ ગારડીનરે સીપલાસ કીધો,

'એ તો ડાકટરે બુલંદ નસીબની બધાની માટે એ બદેરાવી છે.'

'અંહ! એમ છે કે? તો એને કહેની કે તે કાઢી નાંખે?' ફીલીપે ડાકટરના હાથમાં બચ્ચું આપતાં કહ્યું. તે કમબખ્તે બંગડી કાઢવાના ઘાંઘાં માર્યાં પણ કાંઇ વળ્યું નહિ. બારે ગભરાટમાં તે બોલ્યો,

'એને કુંચી મારેલી છે.'

'બોલતો કેમ નથી?' રાજાનો તકાજો થયો.

ગારડીનરને દામર એનોક તો ભયમાં હવે થરથર ધ્રુજવા લાગ્યા.

'બદમાશ, એની કુંચી તો આ રહી!' ફીલીપ બારે ગુસ્સામાં તરરાયો.

કાવતું નિષ્ફળ ગયું જોઈ રાજી બારે ગભરાટમાં પડી અને એકદમ બેભાન થઇ ગઇ. બચ્ચું પણ રડતું બંધ થયું. રાજાએ કુંચી વડે તે બંગડી બોલી ગારડીનરને આપી જે પર

"રાજાની ભલી દુવા સાથે"

ના અક્ષરો જોતાં તેનો જીવ બેતાબ બની ગયો. ભયમાં થરથર કાંપતો તે ગુંઠણ ભરે પડયો,

'દયા...મુરબ્બીજી...દયા કરો!'

'દયા...હવે તું દયા માંગેછ, કંગાળ!' રાજા જે અદબવાળી તુચ્છકારથી બધા તરફ જોતો ઉભો હતો તે ચીચવાયો. 'મારે હવડાં સીપાહો બોલાવવાનીજ બોટી છે કે તારૂં આવી જ બને. ગારડીનર, મેં તને ચેતાવ્યો હતો. તું મને ઝોણીમાં લીંચકા બાતું બચ્ચું સમજ્યો હતો પણ તારી બદમાશીનો બોગ તું પોતે થઇ! ફાંસીને લાકડે લટકશે!'

'મારા નામવર, માફ કરો. તમારી ચુપકીદીની કિમત તમે ઇંગ્લાંડની રાજગાદીથી માંગી હતી. ખુદાના પાક કસમથી કહું છું. કે તમારો રાજ્યાભિષેક થશે!'

'આહ! આખરે દાવ આવ્યો બરો!' ફીલીપ મનમાં ખલીદા જમતો વિચારવા લાગ્યો. 'ઉઠ, ગારડીનર, તારા જેવા પુજ્ય ગુરૂએ બાકી માણસ આગળ ગુંઠણ ભરે પડવું સજા વાર નથી.'

રાજા તે બચ્ચાંપર પ્રેમથી વાંકો વળ્યો ને પટપટયો.

'હું જાણું છું કે તું મારો લકદાર દીકરો હોત!' એકાએક તે બચ્ચાંનો દેખાવ જોતાં તે ચોંકયો.

'ગારડીનર, તું મુર્ખ ઉજબખ. હું તને હુશ્યાર સમજતો હતો પણ તારા જેવો બેવકુફ બેવડો બીજો નથી. મર મર અન્નાડી. આ બચ્ચું તો ખુબ ગુજ્જર થયું છે. તું એનો ખુની થયો છે. કંગાળ, તારે તો કોઇ બાનુને ફુસલાવવી હતી. જોઇતાં મેનેજર વિના આ બચ્ચું ટબગા ને ભરી

ગયું છે. તારી હેમાકતનો તેં આ કિમતી બોગ આપ્યો છે. ખુદાને તેનો તું જવાબ આપજે!' અને બારે કોમમાં બહાર નીકળી રાજા પાછો વીંટસર ગયો.

પ્રકરણ ૨૭

જયસે કુ તયસે મીલે વહાં લાત, લાત ઔર લાત—

ફીલીપે મહેલમાં બનેલા બનાવની દરેક વિગત આઇનેઝને જણાવી: કેવી રીતે વીલની કોશીશથી તેણે ગારડીનરનું કાવતું નિષ્ફળ કર્યું હતું તે કહી પોતાનો જલદીથી રાજ્યાભિષેક થનાર હતો તે બાબે પોતાની ખુશાલી જાહેર કીધી. તેણે સોગંદ ખાધા કે રાજા થતાં તે પોતે ગારડીનરને દૂર કરશે ને તેની જગા વીલ મછવા વાળાને તેનાં બરાં નામ હેઠળ આપશે.

"તે પ્રોટેસ્ટંટ હશે...તેનો કાંઇ વિચાર કીધો મુરબ્બીજી!' ઔરસુનો કમકમીને બોલ્યો.

'પોર્યા, પોર્યા, આ તમારો મત ભેદ કયાં સુધી રહેશે? શું તે પ્રોટેસ્ટંટ છે તેથી દેંકી દેવાનો છે? શું તે જીવતું પેદા કરેલું પાછું નથી કે ધર્મ એ શું છે? ધર્મની મતકેરી શામાટે જીંદગીનાં બનાવોમાં વચ્ચે લાવવી જોઇએ. જેમ ઇશ્વરે તેને પેદા કર્યો છે તેમ તેણે આપણને બનાવ્યા છે. હું શું એમ કહેશે કે તેનો પેદા કરનાર જૂદો હતો? તો પછી આ ભિન્નતા શામાટે? શરમ છે, ઔર સુનો, તારા આવા વિચાર પર! એક માણસ જૂદા મતનો છે તો જાણે તે આપણા ધિક્કારને પાત્ર છે એમ ધારવાની શી જરૂર છે? હું ખરું કહું છું કે મારી સામે કાવત્રાં રચતા એક કેથોલીક કરતાં આવા એક ભલા પ્રોટેસ્ટંટને હું વધુ પસંદ કરું છું; જોકે તેના ધર્મ સામે મને જબરો અભાવ છે. બહારથી મીઠું બોલી પાતાળ પાણી ચલાવી મોરી કોરડી રાખતા દુષ્ટ કોરગા કેથોલીક કરતાં આ ભલો પ્રોટેસ્ટંટ વધુ ઉત્તમ છે. એ કાંઇ તારાને મારા જેવો સાબુ સુકાયેલો નથી. યાદ રાખજે કે ઇંગ્લાંડનો એ સહુથી નામિચો પુરૂષ બહુ જલદીથી થશે.'

'તમારી વિંટી, મુરબ્બીજી; હજી તેની પાસે છે. તેની સર્વોપરી સત્તા તો તમો નામવર સમજો છો.'

'બરી વાત; મને હવે તેની જરૂર છે અને તેને તેમ નથી. આજથી ગારડીનર મારા સેપાટામાં છે. તેનાથી હવે ચુકે ચાં થાય તેમ નથી. વીલ આપણા સ્ટીફન્સને છોડી દેશે ને વિંટી જરૂર મોકલી આપશે.'

તેજ પળે વેલાસ્કેવઝ દાખલ થયો અને બારે ઉસ્કેરાટમાં ખબર આપી કે ગુમ થયલા ત્રણે સ્પેનીશ સીપાહો પાછા ફર્યા હતા.

'શાબાશ...ખુબ કામ કીધા! કેમ, દીકરા ઔરસુનો! હવે પી તારી ખાતરી થઇ કે નહિ કે વીલ પોતાનો બોલ પાળ્યા વિના રહેતો નથી!'

હવે ફીલીપ આઇનેઝ તરફ ફરી બોલ્યો,

'મારા જાન, તારા પપા કયારે પાછા ફરે છે?'

'આજરાત્રે તેઓ તને મળવા હયાં આવેલાજ છે.'

'બોલાવી લાવ, મારાં જીગર.'

ફીલીપે તે બૂઢા એડમીરલને હુપ બેર આવકાર આપ્યો જે પૈસાની મોટી રકમ લેવા કુસલાવ્યો.

'મારા નામવર, મને પૈસાની, કશી જરૂર નથી. ખુદાનું આપેલું હું અને મારાં બચ્ચાં ખાઇયે તે કરતાં પૂરતું છે. મારૂં છે તે તારૂં જ આઇનેઝનું જ છે એટલે મને બીજાની શી જરૂર

'શું તમને બીજું કશું જોઇતું નથી, પપા' ફીલીપે ખુશ થતાં સગાઇ કબુલ રાખી જણાવ્યું.

પીઅરો અચકાયો. 'કાંઇપણ નહિ, દીકરા' પણ સંભળ અચકી તેણે કહ્યું 'પેલા વાઘન જેવો ચોકીદાર મળે તો બસ છે.'

'બહુ ખુશીથી' ફીલીપ ખુશ થતો બોલ્યો. ઓરસુનો, તેની તાકીદે ગોઠવણ કર. ખુદા હાફીઝ મુરબ્બીઓ અને શેકહેન્ડમાં તેણે ચાંપીને તે બૂઢ્ઢા નો હાથ હીલાવ્યો.

આઇનેઝ પોતાના બાપ સાથે બહાર ગઇ. તેણી તેને પોતાના ઓરડામાં લઇ ગઇ. બાપ બેટી પેટ પુરતાં મળ્યાં, ભેટયાં, રડયાં-હસ્યાં. આઇનેઝ જાણે તેને છેવટનોજ જોતી હોય તેમ તેણીને લાગ્યા કીધું.

હેમ્પટન કોર્ટના બાદશાહી ઓરડામાં ફીલીપ ધસારાબંધ ચાલ્યો ગયો ત્યારેજ ગારડીનરે છૂટકારાનો દમ ખેંચ્યો.

'સદાઇથી બચ્યો!' તે બટબટયો.' પણ હવે ઓનરે મને મદદ કરવી પડશે નકર મારૂં આવી બન્યું કેમકે હું એકલો રાજાના રાજ્યાભિષેક માટે પાસોનેટ પાસે કબુલાવવા અશકત છું. ગમે તેમ પણ મને વખત મળ્યો છે એટલે બસ છે. હું તે પહેલાં કાંઇ નવું જૂનું કરી નાખીશ.'

ડાકટર તો બેશુદ્ધ થયલી રાણીને જામત કરવામાં રોકાયો હતો. ધીમે ધીમે તેણી હુસ્યાર થઇ અને તે પછી આંખો ઉઘાડતાં,

'મારો ધણી, રાજા કયાં છે?' નો પહેલો સવાલ પુછયો.

'મારૂં નામવર' ગારડીનરે આગળ આવી બોલાવ્યો કર્યો.' બચ્યું મરણ પામ્યું છે. નામવર રાજા સાહેબને મેં સંભળાવી લીધા છે ને તેમના રાજ્યાભિષેકની કબુલાત આપી છે. તેઓ નામવર આ બાબે તમને સહજ પણ દોષિત ગણતા નથી.'

'ગુડ્રે ખુદા! આ બેદ બળવાશે કે?'

'તમો નામવર જરા પણ ચિંતા ન કરો. હું બધી ગોઠવણ કરીશ ને તમારી રજાથી ઓનરને મળી,ઉતાવળ કરીશ.'

રાણીએ ડોકું નમાવ્યું. 'પણ લોર્ડ નોર્થ?' તેણીનો સવાલ થયો.

'હું તેને બોલાવી મંગાવીશ, મારાં નામવર.' મેરી હવે બીછાનામાં બેઠી અને પારણાં તરફ જોઇ કમકમતી બોલી,

'આ બહાર કાઢ!' અને બીજી પળે તેણી ધસાધસ રડી પડી.

ડાકટરે તે પારણું ઉંચકયું અને ઓરડામાંથી બહાર લઇ જઇ મુકયું.

જૅન મૉર્ટનાં બચ્ચાંનું શબ ગારડીનરના બંદોબસ્તે તેને છૂપી રીતે લઇ જઇને આપ્યું. લોર્ડ નોર્થની બધેબધ તજવીજ કરતાં તે કયે પણ જણાયો નહિ. તપાસમાં જણાયું કે કાવતું નિષ્ફળ ગયલું જોતાંજ તે મહેલમાંથી ઉભી પૂછડીએ નહાડો હતો. તેની આ નાસભાગથી ગારડીનરને ચિંતા થઇ.

મૉર્ટ ને પોતાનું બચ્યું મુવેલું જાણતાં તેણી મેરી તથા તેણીના જાલ્યાઓ પર હજારો હજાર શ્રાપ નાંખ્યા. આ મહાપાપમાં ભયકોરાઇ બચ્ચાંનું નરીજ ખુબંદ કરવાની હવાઇ કોશેશ કરવા માટે તે પોતાનાં જીવને ભારે કરવા દેવા લાગેા. કમબખ્ત લોર્ડ નૉર્થ જાણે જીવનો મરી ગયો હતો. બપથી કાંપતો, ફીકકે ચહેરે બીજા દિવસની સહવારે તે બીશપ ઓનરના મહેલ આગળ આવી પુગેા.

ત્યાંના નોકરે તેને ન ઓળખતાં તેને કોઇ છૂપેા જાસુસ ધારી બારણું બંધ કરી દીધું પણ નૉર્થે દોડાદોડ કરતાં બારી ઉઘાડી નોકરે ઓળખ માંગી.

'બચ્ચાયા, તું શું મને નથી ઓળખતો? હું લોર્ડ નોર્થ છું મને આખી રાત મુસાફરી કરતો

બીશપ બોનરને મળવા આવ્યો છું. નામવર શાહનશાહ આનુ તરફનો તાકીદ હુકમ હું લઇ આવ્યોછુ.'

'માફ કરજો, મારા લોર્ડ! પણ તમે એવા બદલાઇ ગયા છો કે જરાએ ઓળખાયા નહિ!'

'મારી પેઠે તને પણ ત્રણ રાતનો ઉજાગરો ને આખી રાતની મુસાફરી કરવી પડે તો કેટલો વીસે સો થાય છે તે જણાય. દોડ, દારૂ લાવ. તેટલાં કપડાં પરની ધૂળ હું પખોડી નાંખું!' અને તે નોકર દારૂ લેવા ગયો કે નોર્થ જરા થાકો થોકો થયો. દારૂ આવતાં તેણે ત્રણ ચાર ગ્લાસ યા હોમ ધીચ્યાં. 'આહ! હવે જરા ઠીક લાગેછ. દોડ, વરદી આપ.'

બે મીનિટ પછી નોકર પાછો ફર્યો અને પોતાની સાથે લોડ નોર્થને લઇ ગયો.

બોનર તે ખબર સાંભળવાને એટલો બધો આતુર બન્યો હતો કે પૂરાં પાધરાં કપડાં પહેરવાનું પણ તેને મન થયું નહતું.

'કેમ, શી ખબર છે?' પહેલો સવાલ થયો.

'કાવતરું નિષ્ફળ ગયું છે. રાજાને કોઇ બી ફ્રાસ્મે ખબર પડેલી હોવીજ જોઇએ.'

'એટલે? કાવતરૂં શું ને વાત શું? જરા બોલાસો ફર'

બીશપ બોનરની આ સરકશી સાંભળતાં લોર્ડ નોર્થ મુનો સાવાજ બની ગયો. તે તો હવે તતપપ કરવા લાગ્યો ને હાથ જોડતો બોલ્યો,

'મારા લોર્ડ, હું તમારો આશ્રય માંગું છું કેમકે નિષ્ફળતાનો બોજ મારા પર ઉતરી મારી ગરદન જશે!'

બોનરે આ પછી તેની પાસેથી સંપૂર્ણ હકીકત જાણી. તે સાંભળતાં આ મહાપાપ સામે કમકમાટ જાહેર કરી તેણે પોતાના હાથો ઉંચા કર્યા; પણ બીજી પળે જો હવે પછી નોર્થ તેના હુકમ મુજબ ચાલવા કબુલે તો તેને બચાવી લેવાની કબુલાત આપી.

'મારે રાણીને ખુશ કરવા કાંઇપણ એકદમ કરવું જોઇએ' બોનરે વિચાર્યું. 'ગારડીનર જ્યાં નિષ્ફળ ગયો છે ત્યાં મારે કેવી મેળવી મારી સત્તા બેસાડવી જોઇશે.'

'આ કાવતરાં આગમન કઇ બાબતમાં તને રોકવામાં આવ્યો હતો?' સવાલ થયો. 'યાદ રાખ કે મારી મદદને મહેરબાની બલકે મારા હુકમપર તારી જીંદગીની દોરી લટકે છે. મને હંગવાની કોશેશ કરતોજ ના કેમકે મારો હાથ બહુ લાંબો છે.'

"લેડી એડીથની છૂપી જગ્યા શોધવા રાજા પર જાસુસી ચલાવવા મને રોકવામાં આવ્યો હતો" નોર્થે એકરાર કર્યો કે બોનરે ખૂશાણીમાં હાથ મસલ્યા.

'કેમ, તને કાંઇ જણાયું?'

'હા, મારા નામવર. રાજા ત્રણ માછીવાળાં પીકામાં અવાર નવાર ઉતરે છે.'

'તે તો લોર્ડ કોર્ટનીની જાગીર આગળ છે ને?'

'હાજી, દોઢેક માઇલ દૂર છે.'

'તે મકાનની ઝડતી બીજાઓની પેઠે લેવાઇ હતી કે?'

'હાજી, રાણીમાતાના પેહરેગીરોએ લીધી હતી!'

'તેમનો સરદાર કોણ હતો?'

'સર ફ્રાન્સીસ મેલવીલ.'

'પોલનો ભત્રીજો-તે તો ચુસ્ત કેથોલીક છે.'

'હા, પણ લેડી એડીથનો તે આશક કહેવાય છે.'

'ખરેખર?'

'હા, મારા નામવર, ગારડીનરે મને તેનાપર જાસુસી કરવા પણ જણાવ્યું હતું.'

'છતાં ગારડીનરે તેને તે મકાનની ઝડતી લેવા મોકલ્યો?'

'નહિજી, ઝડતી લેવા તો લેફ્ટેનંટ સર રોબર્ટ ગ્રેન્ડુ ગયો તો!'

'કોણ, પેલો સ્કોચ! હું માનું છ કે તે પોરી તે તરફજ સંતાયલી હશે. તેં બે પકડાયને

ટાવરમાં પડે તો મારી ખાતરી છે કે રાણી માતા મારાપર કુરબાન થઇ જશે. રાણી માતા તેને કેવાં ધિક્કારે છે તે તો આપણે સારી પેઠે જાણ્યે છીએ.'

'હું ચોક્કસ દરજ્જે કૃતેહ પામ્યો છું, મારા લોર્ડ. એક પાદરીએ મારૂં કાગળ તેણીને પૂગાડયું છે કે જેમાં ફ્રાન્સ જવાને રાજે "ત્રણ માછી" નાં પીસાં આગળ મળવા સર ફ્રાન્સીસને નામે મેં લખ્યું હતું. મારી ખાતરી છે કે મારી યુક્તિ જરૂર ફાવશે.'

'તેમ છે તો ખુદાને ખાતર તું ત્યાંજ જા.'

'મને ઉંઘની જરૂર છે. મારો ઘોડો સદંતર થાકી ગયો છે.'

'તું ત્યાંજ રહે. તારે માટે ખાનું મંગાવું છું. તારા ઘોડાની ચાકરી થશે પણ હાલ તું મારો પોતાનો વાપરજે.'

બીશપ ગારડીનર આવવાની ખરદી નોકરે આપતાં તેઓ બંન્ને ચોંકયા. જોનરે બાજુમાંના પરદા તરફ આંગળી કરી કહ્યું,

'ગપ કર!.'

બીજે પલે લોર્ડ નોર્થ ત્યાં જઇ બરાયો કે બીશપ ગારડીનર અંદર આવ્યો. બારણું બંધ થતાંજ તે તૂરતાં ઉભરે બોલ્યો,

'મારા લોર્ડ, અપી મોહબ્બાણુ વગી ગંઇ છે. આપણું આવી બન્યું છે. રાજાને આપણાં કાવતાંની ખબર મળતાં તેણે તે નિષ્ફળ કર્યું છે. પોતાની ચુકવણીની કિમત તે હવે પોતાના રાજ્યાભિષેકથી માંગે છે.'

'મને શું થયું, ગારડીનર? જે તું કયા કાવતાંની વાત કરે છે. જે તું કાંઇ વાતમાં મને સાંભળ સીવેત? મને તો કંઇ ખબર નથી!' જોનર તુંડાઇથી તરડાયો.

'ગારડીનર તો સ્તબ્ધજ થઇ ગયો. નોર્થ કરતાં તે જોનરની બદમાશીથી વધુ બેબાકળો બની ગયો હતો.

'મારા લોર્ડ તમે મને આ કહેવાની હિમત કરો છો કે જ્યારે તમે પોતે રાણીમાતા ગુજર પામતાં તમને રીજંટ થવાના કામમાં મારી મદદ માંગી હતી!' તે કાંઇક ઉશ્કેરાઇને બોલ્યો.

'ચુપ...ચુપ...ચુપ! બુમ નાં પાડ. મને એ કાવત્રાં સાથે કશો સંબંધ ન હતો. તે તારૂં કામ હતું.'

'ત્યારે તે જાણવાનું તમો કબુલો છો ને?' ગારડીનરે તેને સચોટ પકડતાં કહ્યું.

'નહિ, હું ના પાડું છું. તેની ખબર તો તેં હમણાંજ મને આપી છે.'

'ખુદા તમોને માફ કરો, મારા લોર્ડ! મને લાગે છે કે લોર્ડ નોર્થે બદમાશી કરી છે. તેનો નાશ કરવો પડશે ને તેના મદદગારોને પંણ ઉડાવી દેવા પડશે!' ગારડીનરે કાંઇક નિખાસથી જણાવ્યું. 'નોર્થને જીવતો રાખવામાં જોખમ છે.'

નોર્થ આ સાંભળતાં ધ્રુજ્યો. તે બેટલો ગભરાયો કે પડી જતાં બચવા તેણે પડદો પકડયો. પડદાને લીધાનો જોઇ ગારડીનર તે તરફ ધસી ગયો ને તેણે નોર્થને બહાર ખેંચી કાઢયો.

'આનું શું કારણ?' ગારડીનરે ગડગડાટ કર્યો. નોર્થ ગુંઠણ પાયે પડી આજીજી કરતો બોલ્યો,

'મારા લોર્ડ મેં કશો ગુનોહ કર્યો નથી. તમેજ કહ્યું હતું કે નિષ્ફળ જવાં મારે મારો જીવન આપવો પડશે તેથી હું ત્યાં આશરા માટે આવ્યો છું.'

'બેટલે!' ગારડીનરનાં બત્રાં ગડી ગયાં.

'ગારડીનર બસ, ગારડીનર!' જોનર વચ્ચે પુરાયો. 'મેં આ રાજ્યને તેની જીંદગી બચાવ-

વાનું વચન આપ્યું છે એટલે હું મારાં વચનનો ભંગ કરી શકતો નથી.'

'પણ એણે રાજા આગળ આપણો ભરમ ફોડી દીધો છે!' ગારડીનર ચીચવાયો.

'નહિ, મારા લોર્ડ, નહિ, ત્રણ બુરખાવાળાઓએ મને દરવાજા આગળ રોકયો હતો ને બચ્ચાંને લઇ તે પાછું મારે સ્વાધિન કર્યું હતું. તમે કહેશો તેવા સોગંદ પર હું કહીશ કે તેમાં લેશ માત્ર પણ જુઠું નથી.'

'એને કેદમાં રાખવો જરૂરી છે' ગારડીનરે ધીમા અવાજે બોનરને સુચના કરી.

'નહિ, બાબા, નહિ. કાવતું તારું પોતાનું હતું તો પછી આ બાપડા નિર્દોષ પર તેનો ટોપલો શા માટે નાંખે છે? હું એની ચુપકીદી માટે જમીન થઇશ. તમે એને છેડો ના.'

ગારડીનરથી હુજ્જત થઇ નહિ. તેને લાગ્યું કે તેણે આતશ સાથે ચેડાં કાઢવામાં પોતાનાં આંગળાં દઝાડી દીધાં હતાં અને તે હવે બોનરના સપાટામાં હતો.

'ફીલીપનો રાજ્યાભિષેક કરાવવા પાર્લામેંટની સંમતી મેળવવામાં મને તમો મદદ કરશોને? મારી જીંદગીની તે કિમ્મત છે.'

'હું મારૂં બનતું કરીશ' બોનરે જણાવ્યું પણ અંદરખાનેથી તેણે પોતાના હરીફનું કાટલું કાઢવાનો વિચાર કર્યો.

'થેંકસ, મારા લોર્ડ,' કરી ગારડીનરે હવે રૂખસદ લીધી.

'તું આરામ કર નોર્થ. હું તને કપડાં પણ આપીશ' બોનરે જણાવ્યું.

'તે છપ્પો પોષાક જોઇશે, મારા લોર્ડ. મને બીશપ ગારડીનરની ધાસ્તી લાગે છે. મારો પોષાક સર ફ્રાન્સીસ મેલવીલ જેવો હશે તો મને બચવાનો વધુ સંભવ રહેશે.'

'હું જોઇ લઇશ. તું આ દાઢી કાઢી નાંખાવ. બરાબર ચાર વાગતે નીકળજે.'

'હું તૈયાર રહીશ, મારા લોર્ડ.'

નોર્થ ખુશ થતો બાજુમાંના ઓરડામાં જઇ બીછાને પડયો. (સાંધન છે)

હરમીસનાં કીર્ત્તનો

"મીનોઇ મજાહ"—

(પાક અમો જરથુસ્ત્ર તથા અહુરામજદાની ભકિતભાવના ગાયનો નોટેશન સાથે) કીમત આના ૪.

"મધુરિકા"—

(યાને સુબોધ સંગિતની રંગીત રચના તરજુમો સાથે) કીમત આના ૨.

"કયાની કિર્તન"—

(યાને ગયોમર્થી, શાહ જમશેદ અને ગુહાકતું દાસતાન-સંગિત) કીમત ૪ આના.

"સગન સંગિત"—

(નવજોત, લગનના સર્વ સગન, વરસ ગાંઠ, તથા શુભ પ્રસંગના ગાયનો) -નોટેશન સાથે- કીમત આના ૬.

"રેલુબરે રોશની"—

(અમો જરથુસ્ત્રનું જન્મ વૃત્તાંત, બેત તથા સંગિત-નોટેશન સાથે) કિમત આના ૮.

મળવાનું ઠેકાણું—

મી૦ હોરમસજી સો૦ મીસ્ત્રા,

ડોન સ્ટુડીયો, ગોવાલીયા ટેંક રોડ મુંબાઇ.

"DISAPPOINTMENT"

(I for Gulshan)

By—M. H. Bumla.

I am no more what love should made,
If she whom I loved had been true.
True, love, is a fearful trade,
And whoever exchanges shall rue.
I am no more what I should have been;
If she whom I loved were not fair;
Oh! I see not what I should have seen,
If she whom I loven did not fail.
I teach what I have bitterly learnt:
Love, coming too sudden, too sudden
wiil go.
Hers came like a dream; like a vision
it went,
Where or to whom I care not to know.
Ye men ! beware of a maiden,s love;
Trust not her love, oh, trust not her
smiles.
Thou your heart may melt and move,
The smiles of a maiden are wiles.
Desected who give me solace ?
Weeping, who sees the drops in my
eyes,
Or the grief impressed on my face ?
Thus I am wasting and pineing away,
Unbeheld, unwatched of her eyes.
From even to night, from midnight
to day,
Existing on desolate sighs.
Wherefore did I the fair flower see,
I wherefore its fragrance enjoyed,
If destined mine never to be,
With matter most object allowed ?
In the folly of love, a wonderful price,
I had set on that diamond so false,
With lustre so fair to entice;
But oh 'twas a stone in disguise.
She had a false unwomanly heart;
Her eyes had for all men a wink.
Alas ! hearts my unite and part,
But love-fooled, I paused not to think.
Her heart seemed a Heaven of truth,
Me thought the truth I read in her eyes
Alas ! she left without pit or truth,
For her heart was a Hell of Lies.
O earth be kind and open thy womb,
And me in thy hollow receive;
That there in my unconscience tomb,
No more I may sorrow or grie e ?
And though O Sea, when thy vwaters,
are high,
Convey me again on thy wave,
And with a groan and a last long sigh
In thy depths prepare me a grave.

31-5-1916.

My baby

Farewell! Baby ! Gift Celestial !
Nartured by thy Faker's hands,
Who, with bleeding heart, at Midnight,
Witness of thy Burial stands !
Oh !how cruai ! sods of dry cark
Go on falling on my Child–
Fairer than the fairest flower–
Ah ! it makes my mind sun wild !
Am I dead or am I living ?
Am I walking or asleep ?
What was living ? what has parted ?
Solve the direful Riddle, deep.

•Trinbakrai Jadaorai Desai
Barrister at Law.

Yes! without doubt, but in these days of stress the foot must do the rocking, while hand and brain are busy for the Empire. Not for one second must our home be neglected. Do our pink-checked, chubby children in India look like it? Our hearts go out in pity to the few, comparatively very few white faced mites we see, but that, it is safe to say, is due to the purse when the wherewithal is not forthcoming for the expenses of the hills, not to lack of care. Patriotism today is best shown by the lists of the comforts dispatched by the St. John Ambulance Association. These same workers will greet with pleasure one who has come to tell them of the wonderful work being carried on by the Scottish Women's Hospitals for Foreign Service, a truly marvellous undertaking inaurgurated by voluntary workers as a labour of love for their country and its Allies. A Scottish women's effort originally, it has grown from a national into a world-wide organisation.

Mrs. Abbott is to tour India lecturing at all the large stations, and those of our readers who cannot have the opportunity of hearing her should write to her and ask for literature telling of this work. Not only have our own men been helped, but France, Serbia, the Allied troops at Salonica, and Russia have all had Units, Hospitals and Transport Columns. It is now a matter of history, the splendid work done by the Scottish Women's Hospitals in Serbia, fighting the typhus, and the hardships they endured when they were obliged to flee with the refugees across the snow-covered passes But this is only one case. There are many more as fine pieces of work steadfastly carried out in the face of overwhelming difficulties.

For details write to Mrs. G. F. Abbott, c/o Thomas Cook & Sons, Hornby Road, Bombay. All donations should be sent to the Hon. Treasurer, Mrs. Mansel Young, Asansol, Bengal, or to the Alliance Bank of Simla, (Head office or Branches.)

From my Diary.

Marriage

You urge me to marry. Now it seems to me a curious problem and worthy of deep study, why a man the moment he marries exercisefull his ingennity to draw others in the same net. Is it from a feeling of envy of our liberty? Like the unnatural conduct of a trained elephant of India, which gives all is strength and intelligence to *entrapits late companions.*

I don't like the idea of matrimony Leave me to try and discover charms in it with time which works wonders. It now seems to me a system of bear and for bear-a war offensive and diffensive, quite as incomprepensible to the uninitiated as squabblings in in the commons where gentlemen say the most disgreeable things in the world to one another, laugh at them and shake hands a minute after talk of a fellow member as my honourable friend and treat him as if he were a bitter enemy. Matrimony is like martrydom. I take it-fearfull to endure and only a crown of glory when are delivered from it.

(*Mysterious revenge*)

Love.

He spoke no more than truth when he told you that you were his ideal of love and lovliness The women who is so beloved may have successors; but rival-propely so called she can have none love and different as the moon in a heaven full of stars she remains in the world of that man's heart The love-the one love that fulfils all the exigences of illusion all the charms of sense and all the pleasures of companionship comes once in a man's life time. The rests are substitutes make shifts for love. Laura Evingham.

Nature.

Men are more thoughtless about actions of kindness and ministering to the sensitiveness of womens' nature than those of their own sex are as arule. It must not be imputed to them as arising from want of good feeling or heart; but simply from the fait that the business & occupations of life engross their attantion; they feel the weightier responsibilities of existence leave women to bear what they consider as lightcares-those of the heart.

(*My sterious revenge*)

Mother's death.

As we advance to manhood our passions & our wilfulness may lead us far from the object of our filial love-we learn even to pain our mother's heart, to oppose her wishes, to violate her cammand-we may become wild, headstrong & angry at her counsels or her opposition but when death has stilled her monostory voice and nothing but calm memory remains to recapitulate her virtues and good deeds, affection like a flower beaten to the ground by a past storm raises up her head and smiles against the tears. Round that idea the mind clings to that affection.

(*The Gipsy.*)

Wish

We never wish that others should act to our sisters and wives as we do to others-

(*The Duenna. sh. K.*)

Treatment.

Oh; men, men! Ungrateful & perverse! Oh woman! still affectionate though wronged! the beings whose eyes you turn for animation hope and raptnre, though the days of revelry and mirth and on whose bosoms in the hour of sour calamity you seek for rest and consolation them when the pompous follies of your mean ambition are the questions you treat as play things or as slaves.

(Pizzars by sheridan)

ઘડી ચપકો.

વાજબી !

"ઈશ્વર તરફના કેટલા હુકમો આપણને મળેલા છે, છોકરા ?" પરિક્ષકે સવાલ કર્યો.

'દશ, સાહેબ' જવાબ મળ્યો.

"તું તોફાની બની તેમાની એક આજ્ઞા તોડે શું થાય ?'

'દશને બદલે નવ રહે !'

ભાઇ કયાંતો-

'મારી બૈરી મને હમેશાં પૈસા માટે કંટાળો આપે છ' ફરનમ બોલ્યો. 'જસી, તારે ત્યા પણ એમજ છે કે ?'

'નારે; મને તે તેમ કરતી નથી. મારી બૈરી તો ઉધરાણીનું કામ દુકાનદારને માથે રાખે છ ને તેમના તકાજા મને સાભળવા પડે છ'.

ડાહ્યો !

"કેમ, ચુકલ, તારા પપા નહિ આવ્યા...તેમનો સરકમ કેમ છે ?' જાદવજી એ દયા ખાધી.

'છેજી, ઠીક છે. પપા કહેતાતા કે બહાર જતા બધાં કમબખતો ઉટ વૈદુ કરમાવે છે તેના ધસારામાથી બચવા માટે ઘરમાજ પડી રહેવા મા કાંયતો છે. બધાજ જ્યારે ત્યારે ડાકટર થઇ જાય છે તે—

જાદવજી પોતાને ઘરગદુ ડાકટરમા ખપાવતા તા તે સકાઇથી ખરતી માપી ગયાં.

ડાકટરનું બીલ

બેભાન થઇ ગયલા ઘરાકને ટગર ટગર જોતો ડાકટર બોલ્યો. ધીમેથી બીમારે પોતાની આંખો બોલીને સાવમ થયો.

'તમે-તમે હાર્ટના સ્પેશીઆલીસ્ટ છેવને ?' તે બીમારે ફાંસી કરાંજીને પૂછ્યું.

'હા'

'ત્યારે મારા જેવી હાલતવાળાને આવું મોહું બીક કરવાનું કારણ ?'

અને તે પાછો બેભાન થઇ ગયો

એટમ બહિ સો સેંટમ !

નાનો ચેકુસ-(પીંજરાંનું તાળું બોલવાની ફોકટ કોશેશ કરતાં) નહિ એકબી કુંચી નહિ લાગતી. માંડી વાળ.

નાનો ભાઇ-શું કરવા ? મમા આવે તેવણને કહીશું કે આપણે ડાહ્યા થઇ રહીયા એટલે તેવન જરૂર કાઇ આપશેજ !

એ તે દીલાસો !

"કમનસીબ બીચારો !' બીમારના ઓરડામા જતા તેનો દોસ્ત બડબડયો. 'હું તને ખુશી કરી તારો વખત સોહાવવા આવ્યો છું. સાથે સાથે કુલ બી લાવ્યો છું. તું જીવતો હોયતો તને સુંઘવા કામ લાગેને મરી જાયતો તારી કબર પર મુકવા ઠીક થઇ પડે. લડાઇનો વખત છે એટલે કરકસરતો આપણે કરવી જોઇએ જો !

"ચાલ, ચાલ, દીકરા ! આંખ પાણી શાનો કરે છે ? તને શું ધાડે ખાધોછ. હું નહિ ધારતો કે હું તને કબરમાં દાટી આવવા જેવો નસીબદાર હોઉં !

"તારો ઓરડો ઢાંકડો છે હં ! પણ દાદરપર ચડતા મને લાગ્યું કે તારૂં ફરવાન ઉતારતાં બહુ મુશીબત પડશે. છે તે કરીને.....કાંય.....કાંય ! કોર કાંય દેછ ?

ભલી કે ભૂંડી

(સ્ત્રી ચારિત્રનો ઉત્તમ નમુનો)

એક ટુંકી વાર્તા.

(ગુલશન મારે ખાસ.)

સતારાથી સત્તાવીસ માઇલ દૂર આવેલાં જુન્નર ગામની ગદીમાં આજે કાંઇક જગરી ઉલટ વ્યાપી રહેલી જણાય છે. ગદીનો વડો મોરોપંત પોતાના ચે.૨.માં ફક્ત પોત્યાંબર ગાદી તકીયાને અઢેલીને બેઠેલો આપણી નજરે પડે છે. વાંચક, તારી નજર તે જમ.ના તરફ ફેરવ કે જે વેળા મહાન શીવાજીએ દક્ષિણ હિંદુસ્તાનમાં હિંદુ રાજ્ય સ્થાપવાનો પ્રયાસ દરેક રીતે ફતેહ મેળવી હતી. શીવાજીનાં નામ થી હાક આખા હિંદમા પડી હતી અને મરાઠા નામનો ત્રાસ જે પાછળથી હિંદમાં ફેલાઇ રહ્યો હતો તેની તો હજી શરૂઆત હતી.

જુન્નરની ગદીનો વડો મોરોપંત નાનો હાકરડો હતો. તેના તાબામાં ફક્ત તેજ એકલું ગામડું હતું પણ ત્યાં તેની સત્તા બળવાન હતી. મોરોપંતની આસપાસ, ગામના રહીશો ફસરડો મારી બેઠેલા હતા અને મોરોપંતના હુક્કાનો ગુડગુડ ગુડગુડ થતો અવાજ કંટાળેલાં મને સાંભળતા હતા. જમણી - બાજુએ બોડામાં પગ નાંખેલો એક જવાન મરાઠો બેદરકાર દશે ઉભો હતો. તેના હાથ બાંધેલા હતા તથા તેની બાજુમાં બે મરાઠા નાગી તરવાર સાથે ઉભેલા હતા. પોતાની પર ઉતરી આવેલી આ આફત તરફ તુચ્છકારથી જોતો તે જવાન ઉભો હતો.

તેનો દેખાવજ બાવા નાદે ને દોકડા તાબે તેવો હતો. જોકે બાલય કરે તો તેનો ગઠેરો કાંઇક આકર્ષક હતો. તે ખુબસુરત હતો પણ રખડેલ છોકરી અને અનીતિએ તેનો દેખાવ કરી નાંખ્યો હતો. પોતાની આસપાસ ઘુમી રહેલું વાદળ તે અચ્છી રવેસે જોતો હતો છતાં તુંદપણે હસી તે જવાન વિરોધા ચોમેર પોતાની નજર દોડાવતો હતો. તે ખાતરીથી માનતો હતો કે તેની સંજ્ઞા છેવટનીજ હતી અને આવતી કાલે તો સામેનાં મોટાં ઝાડપર લટકી મરવાનું તેના નસીબમાં હતું. તેણે પહેલેથીજ તુંદાઇથી કામ લીધું હતું અને પોતાના ગુનાહનો એકરાર કરી દીધો હતો મોરોપંતના વસણેલી દાઢી જેવા ચહેરા પરથી તેણે જોઇ લીધું હતું કે તેને કોઇ પણ જાતની દયા મળનાર નહતી. તે પોતે ચોરીના માલ સાથે પકડાયો હતો એટલે હવે ના પાડવામાં કશો સાર નહતો.

મોરોપંતે દરેક ચીજ - સાંજણી રહી ; દુકાની નળી ફરી પાછી મોંમાં લીધી ને આડેક ગુટકા ભરી નસકોરાં વાટે બહાર કાઢી તે જોવા માંડયો. તે પછી આસપાસ જોઇ ખુંખાર મારી તે તડો બોડો. તે ચોરને કેવી શિક્ષા થવી જોઇએ તે તે લોકોના ચહેરાપરથી સહેલ પામી ગયો હતો. આજ મુહત થયાં ગામમાંથી જનવરોની ચોરી થતી હતી અને અનેક કોશેશ થવા છતાં તે ચોર પકડાતો ન હતો પણ હવે છટકામાં આવ્યો હતો એટલે તેને છટવો દોડવાની જરૂર ન હતી. સખત શિક્ષા કરી તે પોતાની કિંમતને ઉભરવા માંગતો હતો. તેણે જોયું કે તે જવાન ખરેખ બેઅદબ હતો. તેને તેની જીંદગીની જરાએ પરવા હોય તેમ લાગતું ન હતું. અલબત તે જવાન હતો, જવાનીના જોમમાં ઉછળતો હતો અને તેને આ દુન્યાના ભોગોનો હજી ઘણુ લ્હાવો લેવા ગમતું હતું પણ તે હવે બધુ નિર્થક હતું.

તેના હોઠો ધ્રુજવા લાગ્યા. દયા માટે કરગરવા તે ઉદ્યુક્ત થયો પણ મોરોબાપંતના ચહેરા તરફ ફરી નજર કરતાં તેણે બેદરકાર બની ચુપકીદી અખત્યાર કરી. તેની ખાતરી થઇ હતી કે તેની જીંદગીનો અંજામ આવી ચુક્યો હતો.

એકાએક મોરોબાપંતનો ઘોડો, કઠોર અવાજ ત્યાં ગાજી રહ્યો:

'ભવાની માતાના કસમથી કહું છું કે અય જવાન તારો ગુનાહ પુરવાર થયો છે અને હવે તને સખત શિક્ષા થવાની છે કે જેથી બીજાઓ ધડો લઇ આવી જાતની બદમાશી કરી, ગામને ત્રાસ આપતા અટકે!'

'તે હું ક્યાં નથી જાણતો!' વિઠ્ઠોબા એ નફકરેપણે ખડખડ હસીને કહ્યું. 'ચાલ... ચાલ!...લાહેરી ના કર! તારે બોંસવું હોય તે બોંસી દે! નકામો દાઢમાં રાખી વાગોળ્યા શાનો કરે છે?'

'બદમાશ!' મોરોબાપંત ગુસ્સાથી બરાડયો 'બદમાશ તને તો —નહિ? મારે શાંતપણે ન્યાય આપવો જોઇએ. વિઠ્ઠોબા મુરારીરાવ તને યોગ્ય ઇનસાફ આપવામાં આવ્યો છે. તારો ગુનાહ પુરવાર થયો છે ને તેની શિક્ષા તરીકે આવતી કાલે બપોરે મધ્યાને સામેના આમલીના ઝાડપર તારાં ગળાંમાં—'

મોરોબાપંત પોતાનું વાકય પૂરું કરી શકયો નહિ કેમકે તેજ પળે ચોરામાં એક બહુ સુંદર દેખાવની સ્ત્રી ધસી આવી.

તેણીનું ગોરું મુખ અને સુંદર ઘાટઘટમ જોનારને પહેલી નજરે આકર્ષિ નાંખે તેવાં હતા. તે જવાન નારના ગુલાબી ગાલ અને ચમકારા મારતી, આંખો ખરેજ જોનારનું મન બહેલાવતાં હતાં. તે ખરેજ સુંદરતાનો નમુનો હતી. તેણીને ઉશ્કેરાયલી હાલતમાં ત્યાં ધસી આવતાં જોઇ દરેક જણ અજબ થયું. મોરોબાપંત ચોંકયો ને તેના હાથનો આંચકો લાગતાં તેનો હુક્કો ઉંધો વળી ગયો. તેઓ દરેક જણ તેણીને 'ઓળખતું હોય' તેમ લાગતું હતું. જોકે તેણીને ગામથી બેારે દુર પોતાના મકાનમાં રહેતી હતી પણ તેણી ગણપતરાવ મનસબદારની વહાલી પરણેતર હતી એવું સર્વ કોઇ જાણતા હતા. ગણપતરાવ, શીવાજીના લશ્કરમાં એક જાણીતો અમલદાર હતો અને તેના દમામ આગળ આજુ બાજુનાં નાનાં ગામો ધ્રુજતાં હતાં.

'ઓહ! મને હવડાં ખબર મળી!' તેણી આવતાં સમેત પૂકારી. 'માતા, તારી મહેર કે હું મોડી આવી નથી.'

તે કેદી જે બીજી બાજુએ ટગર ટગર જોતો હતો તે ભારે ઉશ્કેરાટમાં લાલ લાલ બની ગયો.

'તારા!' તે પુકારી ઉઠયો. 'યા ખુદા! એ તું છે કે?' તે સુંદરીએ તેની કશી દરકાર કરી નહિ. તેણી સરભોગ મોરોબાપંત આગળ ગઇ અને તેની આગળ પોતાનું સર નમાવી નીખાલસ ચહેરે તેના તરફ જોતાં બોલી,

'તમે એનું શું કરવા માગો છો?'

'ફાંસી!' દુકાને ટચ જવાબ મળ્યો. 'ભલાં તારા બહેન, સર્વ કોઇ તમોને ઓળખે છે. આ જગ્યા તમો જેવા માટે લાયક નથી. તમારા જેવાંએ—'

'એનો શું ગુનાહ છે?'

'ગઇ પરમની રાત્રીએ એ ગામમાંથી પચીસ ઢોરો ચોરી ગયો હતો. ગઇ કાલે બપોરના આ ઢોરો આગળ બેઠેલો પકડાયો હતો. આવી ચોરીઓ વારંવાર થાય છે માટે એને સખત શિક્ષા કરવામાં આવનાર છે.'

'પરમ દહાડે રાત્રે ને ગઇ કાલે મધ્યાન્હથી બપોર સુધી એ કયાં હતો તે તમે એને પૂછ્યું છે?' તે સુંદરીએ નેન ચઢાવી સવાલ કર્યો 'ના! હું ધારતીજ હતી. એમ ધારો કે પરમ દહાડે રાત્રે ને ગઇ કાલે મધ્યાન સુધી એ બહાર હતો તો!'

'તો એને છોડી મુકવા સિવાય બીજો કશો ઉપાય નથી!' જવાબ મળ્યો. 'કેમકે તેમ હોય તો એ ચોર હોયજ નહિ. પણ એણે તેમ કશું એ જણાવ્યુંજ નથી!'

'કેમ જણાવે ?' તેણી તરડાઈ. 'એક સ્ત્રીનાં ભલાં નામને બચાવવા એ કેમ, તે કહે ? નહિ, પણ હું નિર્દોષને નાહક મરવા દઈશ નહિ. ભાઈઓ, તમો મને સારી પેઠે ઓળખો છો. મારી પોતાની શરમ તમો સમક્ષ ફગુલતાં મારાં ગળાં પર છુરી ફરે છે પણ હું નિર્દોષ ને ખોટો મરવા દઈશ નહિ ને તેમ કરી એનાં લોહીમાં મારા હાથો બોલીશ નહિ. સરદાર, હું ભવાની માતાના સોગંદ પર કહું છું કે આ જવાન વિઠ્ઠોબા મુરારીરાવ ગઈ પરમની આખી રાત ને ગઈ કાલની બપોર સુધી મારી સાથે, મારા ઘરમાં, મારી પાસે, મારા બીછનામાં સુતેલો હતો. તમો જાણોછ કે મારા પતિ તો બહાર ગયલા છે. મને આ જવાન ગમતો હોવાથી મેં તેને મારી છાતી સરસો દાબી રાખ્યો હતો ! મારા ભત્તાર માટે એણે પોતાનો જન આપવા પસંદ કર્યું છે પણ તેમ થવા દેવું ન જોઈએ' !

બારે બેભાનપણામાં તેણીનું સર ઝુકી પડ્યું ને આંખોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. તેણીએ જોકે પોતાની જબુનમાંજબુન નાલેસી કરી હતી છતાં તેણીનો ચહેરો અજબ જેવો સંતોષી ને સુખી લાગતો હતો.

દરેક જણ બારે અકળામણમાં પડી ગયું. તે સ્ત્રીનો એકરાર સાંભળતાં તેઓ સ્તબ્ધ થઈ ગયા. યા ખુદા ! તેઓ કેમ માની શકે ? એક સ્ત્રી મારફતે પોતાનાં સ્વમાનનો આવો ભોગ આપે એમ તેઓ માની શકવાજ નાહ. તેઓ જન કે ગામડિયા ગમાર હતા પણ તેમનાં અંતઃકરણ શુદ્ધ હતાં. દુનિયાનાં છળકપટ ને દાવપેચનો તેમને બહોળો અનુભવ ન હતો. તેઓને પોતાની સ્ત્રી જનપર અજબ વિશ્વાસ હતો પણ ને સ્ત્રીઓમાં આવેશવાન જોતી ગજાની આ તારાબાઈને પોતાને મોટે પોતાની બદનામીનો એકરાર કરતાં સાંભળી તેમની કરતા કાંઈક ઢીલી થઈ ગઈ. તેમને કેમથી પહેલો ખ્યાલ ગજુપતરાવનો થયો. યા ખુદા ! આ ખબર તે કેમ સહન કરશે ? તેનો આકળો સ્વભાવ તથા વેર લેવાની અચુક રીત તેઓ જાણતા હતા. તે જવાન આ બદનામીનો દાઘ આ બેનાં ખુનથીજ ધોઈ નાખ્યા વિના રહે તેમ નહતું. તારા પર ગજુપતરાવ અજબ ફીદા હતો; ગોવા તેણી તેની દેવી હતી પણ કયો શખ્સ આ દુનિયામાં આવું અપમાન ખમી શકે ?

'ઠીક ત્યારે' મોરોબાપતે કાંઇક કંટાળીને કહ્યું. 'એમજ જો હોય ને તમારા બોલવા પર અવિશ્વાસ લઈ જવાનું મને કારણ જણાતું નથી તો પછી કેદીને શકનો લાભ આપ્યા વિના બીજો માર્ગ નથી. જો કેદી તમારે ત્યાં તમારી પાસે ગઈ પરમની રાત્રે હોય તો તે આ ચોરી કરી શકેજ નહિ. ખરી વાતને, કેદી ?'

'બાહ ! મને લાગે છે કે તમો બધાંની આંખ ગરી ચલકી ગઈ છે !' તે કેદી વિઠ્ઠોબા તરડાઈને બોલ્યો. 'આ બાઈ કોણ છે તે હું ઓળખતો નથી. મને લાગે છે કે એ બીચારી દીવાની હોવી જોઈએ તે બોબારની ઝુમખાં જે ગમે તે લવેછ-બકેછ. મેં એ બાઈને આજ સુધી કદી જોઈ નથી તો પછી હું એને ત્યાં કેમ જાઉં ? ખુદાને બાતર, મને રીબાવો ના. હું મારો ગુનાહ કબુલું છું ને તેની શિક્ષા—

'એનું ના માનના !' તેરમી ઝુલની બુરસાથી બોલી 'એ જૂઠું બોલે છે. એ મારું નામ બચાવવા બાલી પેનરા કરે છે. રખે મારો વર—'

'તમારે વધુ કહેવાની જરૂર નથી, બાઈ !' મોરોબાપતે હવે ફરમાવ્યું. 'તપાસ પૂરી થઈ છે ને કેદીને છોડી મુકવામાં આવ્યો છે.'

તે કેદીને તુરત છુટો કરવામાં આવ્યો. તે ફાટેફાટે ડોળે તેઓ તરફ જોતો ઉભોને તે પછી તરડાઈને બરાડ્યો,

'આ બધી ખેમચકરીનું કાંઇ કારણ ?'

'કારણ એ કે તારા પર હમોને પંદર દિવસનો શક હતો. અબજાત તું હમારા કરતાં ઉસ્તાદ હતો પણ કાલમાં તારો ગુનાહ પુરવાર થયલો નહોવાથી તને હમે જતો મુકયો છે !' મોરોબાપતે ચાબુકની બે ફટકા કરી આપી.

'પણ હું એ બાઇને ઓળખતોજ નથીને ?' તે ચીચંવાયા.

'પોર્યા, તારા જેવા મકકઇ બુદ્ધુઓ મેં ઘણા જોયા છે. તું શું મને ઝોળીમાં હીંચ ખાતો પોર્યો સમજે છે ?' મોરાણાપંત તરડાયો. 'જા, જા... બચ્યા ! જા. તારાબાઇ આવતાંજ તું ચોંકયો ને તારા કરી બોલ્યો હતો તે શું સાંભળવાને ને સમજવાને હમોને આંખ કાન નથી ? નહાસ, બાપા, ભાંથી તું ઉભા પૂછડીએ નહાસ. ગણપતરાવના ગુસ્સાથી તારે ડરવાનું છે. તે તને કદી છોડશે નાહ! ભવાની તને મદદ કરો પણ હું નહિ ધારતો કે તું ગણપતના ગુસ્સાથી બચે ! તે તને પાતાળમાંથી બોળી કાઢશે !'

બીજી પળે સભા બરખાસ્ત થઇ અને સર્વ કોઇ ઉઠી પોતપોતાને મકાને ચાલ્યું ગયું. તે કેદી અને તે સ્ત્રી સિવાય ત્યાં કોઇ રહ્યું નહિ. લથડતે પગલે તેઓ બંન્ને બહાર આવ્યાં. એકાએક તે સ્ત્રી બારે જનુનમાં તે જવાનનો હાથ પકડી બોલી,

'વીરૂ, તું નહાસ. હયાંથી એકદમ નહાસ. હવે એક પળ, પણ બોહવાની નથી. ગણપત આજ સાંજનાં તો આવવાનો છે. તેં સરદારને સાંભળ્યો કેની ? કદાચ ગણપત ઘરે આવ્યો પણ હોય. તું તેને ઓળખતો નથી. મેં મારી જીંદગીનો ભોગ આપ્યો છે તો મને વખત આપ! તું કોઇની ફીસમે હમાંથી નહાસ કેમકે ગણપત સાંભળતાંને વાર તારી પૂઠે પડશે ને—

'પણ, મારા દીકરા, મને કહેશે કે આવો જોખમ ખેડવાનું તને શું કારણ હતું ? મને ઘણુંજ લાગે છે કે મેં મારી પર, તું આવી ત્યારે કાંઇ રાખ્યો નહિ. તને જોતાંજ મને આપણું મકાન યાદ આવ્યું. તને હવે આ આફતમાં એકલી છોડી હું જાઉં તેવો હીચકારો નથી. હવે તો મારે—'

'તારે નહાસવુંજ પડશે !' તે સ્ત્રી પૂકારી ઉઠી. 'તું જો ત્યાં રહ્યો તો ગણપત વગર વિચારે આપણું બંન્નેનાં ખુન કરશે. તું જો નહાસશે તો આપણું બંન્નેનું બચવાનો સંભવ રહેશે. તું જાણે ગણપત આગળ જઇ ખરી હકીકત રજુ કરતા બધું ઠીક થઇ જશે પણ તેમ બનશે નહિ તે તો સાંભળવા પણ માંગશે નહિ. પોતાની બંદુક કે તરવારનો પહેલાં ઉપયોગ કરવા તે માંગશે. હું તેને બરાબર પીછાનું છું. કોઇને ખાતર નહિ તો મારે ખાતર નહાસ, વિરૂ !'

આંસુઓની ધારા વચ્ચે તેણીએ કરગરીને તેના તરફ જોયું. તે જવાનનો મકકમ ઠરાવ તેણીની નમ્રતા આગળ પીગળી ગયો. તેની આંખોમાં આંસુ આવ્યા ને પોતાની માતાને ભેટતો હોય તેમ તેણીને વળગી પડયો.

'તારા, તું કહેશે તેમ કરીશ' તે હવે સાવધ થતો પટપટયો. 'હું હયાંથી સીધો પંઢરપુર જવાની કોશેશ કરીશ. કાલ સકવાર સુધીમાં તો પુગી જઇશ ને ત્યાંથી ઉત્તર હિંદુસ્તાન ચાલ્યો જઇશ ! ભવાની તને આશ્રય આપો ! ...ખુદા હાફીઝ !'

મકકમ પગલે, નીચી નજરે હોઠ પીસતી તે સ્ત્રી હવે આગળ વધી. પોતે કેવી આફતમાં ઉતરી ગઇ હતી તે તેણીજ જાણતી હતી. કોઇ પણ પળે ગણપત આવી પુગે તેમ હતું ને તેમ થતાં જે તે લટકો કટકો તુરત થઇ જનાર હતો. ઝોળીમાં હીંચ ખાતી પોતાની નાની બાળકીનો વિચાર થતાં તેણીની આંખોમાં જળઝળ્યાં ભરાઇ આવ્યાં. તેણી પરમાત્માને યાદ કરતી ને ભવાનીની બાધા લેતી આગળ વધી કે ગણપતને ઘરે આવતાં ભોંઠુ થાય. તેમ થતાં આવેલું સંકટ ઓછું કરવાને ઉપાય લેવાનું તેણીને બની આવે.

ધીમેથી હવે તેણી પોતાને મકાને પુગી. મકાનમાં શાંત ચુપકીદી ફેલાયલી હતી. નોકર બાઇ પણ નજરે પડતી ન હતી. ફીકકે ચહેરે ને લથડતે પગલે તેણી અંદર ગઇ. બધું બરાબર જે તે જવા એ પડેલું હતું. એકાએક તેણીની નજર બારીએ ટાંગેલા કપડા પર પડી કે તેણીના પગો ધ્રુજવા લાંગ્યા. તે કપડો ગણપતનો હતો. એટલે તે આવી ગયો હતો ખરો !

રહસ્ય ચહેરે તેણીએ પેતાની બાળકીને ઉંચકી ધવડાવી. તેમ કરતાં ઝોળીમાં પડેલા કાગળ પર નજર પડી કે તે ઉંચકી વાંચ્યું.

તે કાગળપર નીચલો સંદેશો હતો:

" મને બધી ખબર મળી છે. મને ઘરમાં આવ્યાને પાંચ મીનિટ થઇ હશે તેટલામાં તારી પડોશણે મને ખબર કીધી. આ બાજે હું પાછળથી તારી સાથે મારૂં ફોડી લઇશ, પણ સૌથી પહેલાં તે નીચ બદમાશને સપડાવીશ. હું દશ મીનિટમાં તો તેની પુઠે પડીશ ને કાલ સવાર સુધીમાં ડુંગર પર એક શબ પડેલું જણાશે જે મારૂં તો હશેજ નહી. હાલ તુરત તો એટલું જ બસ છે ? "

તે સુંદરીએ પોતાની ધડકતી છાતી પોતાના હાથો વતી દાબી. ગણપત શું કહેવા માંગતો હતો તે તેણી સમજી ગઇ હતી. તે અત્યાર આગમજનો ત્યારે વિઠોબાની પુઠે પડેલો હોવો જોઇએ. કલાકેકમાં તો તેઓ મળ્યા વિના રહેનાર નહતા ને તેમ થતાં એક જણનો જન તત્કાળ જનાર હતો. બનવા જોગ છે કે બંનેનો પણ જન જાય!'

હવે તેણીના જેજામાં એક વિચારે જોશ પકડયો. કોઇની ફાસમે તેણીએ તેમની પુઠે જઇ તે મુલાકાત અટકાવવી જોઇએ. પણ તે નિર્દોષ બચ્ચાંનું શું ? તે બચ્ચાંને કોઇની સંભાળ વગર છોડી જવું તેણીને ગમ્યું નહિ. કદાચ કોઇ તે બચ્ચાં સંભાળ લે પણ-પણ તે હિણાયલી સ્ત્રી નો પાળવ હવે કોણ પકડનાર હતું ! છતાં અજમાવવામાં કશું જતું નહતું. કોઇની ફીકરો તાત્કાળિક કામ લેવાની જરૂર હતી.

ઝડપથી બચ્ચાંને ખભે મારી, બારણાંને તાળું મારી તેણી બહાર નીકળી. થોડે દૂર આવેલાં મકાન આગળ તેણી ગઇ કે બ્યા બારણામાં એક જવાન બરાબર ઉભી હતી. તારાને પોતાની આગળ આવતાં જોઇ તેણીએ કાંઇક મુંઝવાટને અંદર જવા દીધું પણ તારા બીજી પણ હાંફતી હાંફતી તેણી આગળ આવી.

'તને ખબર મળી છેને ?' તેણી ઝંતુનમાં બોલી. 'પણ રાધા, તને તદ્દન બરી ખબર મળી નથી. બનવા જોગ છે કે કોઇ દિવસે તે તું જાણશે. ત્યારે મારાપર કરેલા ઉપકારનો બદલો તને મળશે. હું મારા ધણીની પૂઠે જઇ ખુન થતું અટકાવવા માગું છું; પણ મારૂં બચ્ચું ઘરમાં રાખી શકતી નથી કેમકે કદાચે મને પાછી આવતાં કલાકના કલાકો થાય. ખુદાને ખાતર તું આ નિર્દોષ ભુલકાંની સંભાળ લેજે. રાધા, એ હું તનેજ સોંપી જાઉં છું. તું પોતે બચ્ચાંની માતા છે એટલે બચ્ચાંની માયા સમજે છે. મારી દીકરીને જરાબી અંજવળ આવવા ના દેતી. એટલીજ બહેનપણની મારા પર કર!'

'બ્હેન, એ મારી દીકરી જેવી છે!' તે જવાન સ્ત્રી પોતાના હાથોમાં તે નિર્દોષ ભુલકાંને લઇ તેના નાજુક ગાલો પર ચુંબન કરતી બોલી. 'તું એની જરાબી ફીકર ના કરતી. જા, બ્હેન, ફતેહ કર! હું તારી દીકરીને સારી પેઠે રાખીશ!'

તેજ પળે તારા ત્યાંથી તીરની પેઠે ઉડી. જે રસ્તો વિઠોબાએ પકડયો હતો તેજ રસ્તો હવે તેણીએ પકડયો. પડતી આખડતી તે પહાડી માર્ગ પર તેણી પાંડોમ ધસવા લાગી. ચારેક વાગે વાગ્યાનો સુમાર થયો હશે. એકાએક ડુંગર પર ધુમસ વરસતો થયો ને અંધકાર ફેલાવા લાગ્યો ના તેણીને પડવાની દરકાર હતી કે ના કશાંની. તેણી તો પાંડોમ આગળને આગળ જતી હતી. પોતે દોડતી હોવાથી આગળ ગયલા શખ્સોને સહેજ પકડી શકશે એવી જાણે તેણીને ધીરજ બળતી હતી.

વિઠોબા પોતાની પૂઠે આવનારથી જરૂર ચેતી જઇ યુક્તિ કરી છટકી જશે એવું તેણીને લાગ્યું. દીલની ખાસ કરીને જરૂર હતી કેમકે તેમાંજ સલામતી હતી.

એકાએક તેણી અચકાઈને ઉભીને ધડકની છાની દબાવવા લાગી. તે બે પગલાંઓ જમણી બાજુ એ ડુંગરમાં આવેલી કોતર તરફ પડ્યાં હતાં તે તેણીને ખુલ્લું જણાયું. મા ખુદા ! વિરોબાએ બોટો માર્ગ પકડયો હતો ! ચાલી ચલાવીને તે વાઘના ડાચામા ગયો હતો. રબ્બે તેની બોડી જાય.

ભારે ઉસ્કેરાટમાં તેણી તે તરફ દોડી. હવા એકદમ શરદ થઇ ગઇ અને ધુમસ આખા ડુંગર પર ઝડપમાં ફેલાવા લાગ્યો. ચાર ડગલાં આગળ તેણી કાંઇ જોઇ શકી નહિ.

એકાએક તેણીની નજર બાજુમાં પૂતળાની પેઠે ઉભેલા આકાર પર પડી. બીજી પળે તેણી પોતાના વ્હાલાના કદાવર અંગ આગળ જઇ ઉભી. તે તો જાણે પત્થર બની ગયો હોય તેમ તેણીને જોયા વગર જડ થઇને ઉભો હતો. તે તો ફકત બીજા અવાજની રાહ જોતો હતો કે જે તેની ગણત્રી મુજબ તેની નજદીકમાં હતો

તેના જમણા હાથમાં બંદુક ઉગામેલી હતી અને ડાબો હાથ આંખ પર ધરી તે અંધકારમા જોવાની કોશેશ કરતો હતો કે જ્યા નજદીકમાના ઝાડના ઓઠામા વિરોબા સંતાયલો હતો.

'ગણુપત !' તારા ધીમેથી બોલી 'તે કયાં છે ? કયાં છે ?'

તે જવાબ સહજ પણ હીલ્યો નહિ. જાણે તેણે તેણીને સાંભળીજ ન હોય તેમ તે ઉભો રહ્યો કંટાળેલા અવાજે તે ધીમેથી બોલ્યો,

'પેલો ઝાડ આગળ ભરાયલો છે . આ કમબખ્ત ધુમસમાં કશું જણાતું નથી. એ હવે છટકી વાનો નથી. હું આખી રાત ત્યાં રહીશ જો ધુમસ બંધ થશે કે' એકાએક તે જાગ્રત થયોને તેણે તારાને પોતાની આગળ ઉભેલી જોઇ કહ્યું, 'મારા ખુદા, એ તું છે ? તું ત્યાં શું કરે છ રે, તાર ! ' એ તારો ભુત તો નથીને ?'

તારાને કાંઇક આશા આવી. ધુમસની બરકતે તેઓ બંને મળ્યા નહતા એટલે કાંઇપણ આશા હતી બરી. ખુદા કરે ને તે ધુમસ વધુ વરસે એવું તેણી ઇચ્છવા લાગી.

'તારી બંદુક મને આપ, ગણુપત ! ' તેણી મીઠાશથી બોલી.

તે શું દઇને હસી પડયો.

'તારાં ભેજાંમા ગોળી મારવા કે ?' તે કઠોરપણે બરાડયો. 'તારો વિચાર એવો છે કે તે કંગાળ કોરગાને તું પહેલાં ગોળી મારે ને પછી તારાં પાપી ભેજાંનો ખુરદો કરે કે ? પોરી, તું હુશ્યાર તો બરી હો !'

'મને પહેલા બંદુક આપ' તેણી શોકજનક અવાજે બોલી. 'પછી, મારી વાત સાંભળ. પહેલાં મારૂં કહેવુ સાભળી તને ઠીક લાગે તો મને ગોળી મારજે. હું તૈયાર છુ પણ પહેલાં મારૂ સાભળી...હજુ બહુ વખત છે. આ અંધકારમાં એ અહીંથી છટકી જાય તેમ નથી. મને બંદુક આપ ?'

"હા, માગે ધડોલાડવો કરવા કે ?' તેણે ઠીસણા કીધા. 'નહિ, નહિ, પોરી ? હું એટલો બધો બેવકુફ નથી. હું બંદુક તો રાખીશ, પણ તું કહેશે તે પહેલા સાભળીશ. તારી વાત પૂરી થયા વિના હું કશું કરીશ નહિ ?'

'ગણુપત ' તેણી હવે લગાર મોટા અવાજે બોલી. 'આપણાથી થોડે દુર એક શખ્સ ઉભો છે જે આપણી વાત સાંભળતો હશે. તે કોણ છે તે તું જાણેછ ?'

'કોઇ વિરોબા નામનો કોરગો છે' તે મરદ પુકાર્યો. ' ' કે જેનુ મૂઢદું કલાકેકમાં ત્યાં પડનાર છે.'

'તેનું બરું નામ વિરોબા આપાજી બોંસલે છે ?' તારા ગમખ્વાર અવાજે બોલી. 'અને તે મારો જેડયો ભાઇ છે. તે આ તરફ આવ્યો છે

એવી મને ખબર નહતી. ફક્ત ગઇ કાલે સાંજેજ મેં તેને જોયો હતો !'

'પરમની રાત્રે તે ત્યારે તારી સાથે કેમ હતો?'

'મારા ભાઇ માટે તું એમ બોલે છે ?' તેણી પુકારી. 'શરમ છે તને ! અરે મારા ભોળા, તું શું હજી નહિ સમજતો! મારી જીંદગીનો ભોગ મેં એ મારા જોડયા ભાઇના બચાવ માટે આપ્યો છે. હું મારી દીકરી સાથે ગઇકાલે સાંજે બારણામાં ઉભી હતી ત્યારે કેદીને પકડી લાવવામાં આવ્યો હતો. બબર કાઢતાં જણાયું કે તેને ફાંસીએ ચઢાવવાનો હતો. મારા મા જણ્યા ભાઇને બચાવવા મેં ખુશીથી મારો ભોગ આપ્યો કેમકે હું માનતી હતી કે મારા કહેવા પર કોઇને શક લઇ જવાનું કારણ ન હતું. આ કારણે હું—'

એકાએક આકાશમાં સૂર્યનારાયણ પ્રકાશી રહ્યા ને પુષ્પસનો પડદો પીગળી ગયો કે વિરોજા બોંસલે તેઓ સમક્ષ આવી ઉભો.

'હું બદમાશને બચાવવા એ મારી મા કરતાં વ્હાલી બ્હેને પોતાનો ભોગ આપ્યો છે, ગણપતરાવ !' તે મકકમપણે બોલ્યો. 'વેલ, હવે બધું શું છે તે તેં જાણ્યું છે. તારા મારી જોડ બ્હેન છેઃ આ તરફ તમો લોકો આવી વસ્યાં છો એવી મને સ્વપ્ને પણ બબર ન હતી. તેમ હોત તો મારી બદમાશી ત્યાં અજમાવવા હું કદી આવત નહિ. મારી વહાલી બ્હેન, બાબુએ હા ! ચાલ ગણપત, તારી બંદુક ઉપાડ ને આ કંગાળ જીંદગીનો છેડો લાવ !'

તે શુરવીર જવાને બે બાકળો બની પોતાની બ્રી અને તેણીના બાબના ચહેરા તરફ જોયું. તેમાં તેને મગતાપણું બહુંજ જણાયું કે બંદુક ફેંકી દઇ, મોટેથી હસી પડી તે બોલ્યો,

'બા ખુદા ! તમો બને વચ્ચેનું મગતાપણું અજબ છે ! આબાદ તું તારી બ્હેનનો નમુનો છે ! બોલવામાં, દબાબમાં ને તુંદાદમાં તમો બને અજબ સરખાં છો ! આવ, બાઇ આવ, મને ભેટ ! ખુદાને હાજર-નાજર ગણીને કહું છું કે મને હવે જરાએ શક નથી ! બા ખુદા, હું કેમ આંધળો બન્યો હોઇશ ! મેં મારા ફીરેસ્તાને નાહક દુઃખી કીધો !'

અને તે હર્ષઘેલા જવાને એક હાથે પોતાની વહાલી પરણેતરને પોતાની પાસે બેંચી બીજા હાથે વિરોજાને બેંચી બનેને પોતાની છાતી સરસાં દબાવ્યાં ને બનેની બોજરબ્બાહીથી મારી ચાહી તારાના માથાપર હાથ ફેરવી તે બોલ્યો,

'ધન્ય છે તારી જાત ને માતને ! બી હોને તો તારા જેવીજ હોજો !'

અને ભલા વાંચક, આપણે તે માટે 'આમીન !' નો ઉદ્‌ગાર કાઢી વાર્તા પૂરી કરીશું.

હોતવંતી !

" આ તમારી બોકેટમાં સાંધી કિમતી ચીજ છે કે બાય ' એક બાઇએ બીજાને પુછ્યું.

' હાજી. એમાં મારા સપલાયાહના બાલ છે.'

' કેમ, બાયલાં જીભરૂં સપલાયાહ તો જીવતા જાગતા છે ! '

હાંજી પણ તેવણનું બાયું બોડકું થઇ ગયું છ ને!

સરખામણી

" આજે મને મારા બોલીનું કાગળ મલ્યું છે તે ખુશ બબર આપે છ કે તેને કોલેજમાં ઇનામ મલ્યું છે. તેથી મને બહુજ ખુશાલી લાગે છ ? "

" હા, બાય, કાંય નહિ ખુશાલી લાગે ! મારા કુતરાને બી પરદરસનમાં ઇનામ લાંગું તારે હું બી એવીજ ખુશી થઇતી ! "

કારણ !

' રૂસ્તમ, તું જાણે છે કે હું શામાટે હવડાં તને ફટકારી કાઢવા માંગું છું ? ' છેવાયલા પષા બરાડયા.

'હા ' નફકરો જવાબ મલ્યો. 'બાસ્તુકે તમે મારા કરતાં મોટા છો બાબી તો હું તમને બતાવતો?'

રૂ. ૧૦૦ ઇનામ.

તાવની રામબાણ દવા.

આ દવાથી કોઇપણ જાતનો તાવ ના ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. આ દવાથી ચોથાઓ તાવ નથી ઉતરતો એમ સાબીત કરનારને રૂ. ૧૦૦ નું ઇનામ આપીશું ગોળી ૫૬ ની ડબ્બીની કી. રૂ. ૧–૦–૦

શક્તિની દવા.

થકતી જીવનમાં શક્તિ લાવવાનો ગુણ નથી એમ સાબીત કરનારને રૂ. ૧૦૦ ઇનામ મળશે. દરેક જાતની નબળાઇ દુર કરીને પુરૂષત્વ વધારે છે. વૃદ્ધાવસ્થાથી અગર બીજા કારણોથે કમી થયલી શક્તિ વધારે છે. નાભરદાઇનાં દરદો અને નસાની નબળાઇ દુર કરે છે. ગોળી ૧ ની ડબ્બી ૧ ની કી. રૂ. ૨–૮–૦

૪ ધાતુ ચિકાર—નામનું પુસ્તક એક આનો લખનારને મફત મોકલવામાં આવશે.

શા. ગીરધરલાલ કલ્યાનજી.
ગીરધર ઔષધાલય.

હેડ ઓફીસઃ—ધોળકા, ગુજરાત.
બ્રાંચ ઓફીસઃ—મુંબઇ, ભારબીટ
છીપીચાલ, બી. વજીરસીદાસની કું.

કાગળ પત્રનો વ્યવહાર હેડ ઓફીસે કરવો.

દવાઓની પુઠે જઇ. ફોકટના પૈસા ગુમાવી શા માટે હેરાન થાઓ છો

કબજીયાત તેના કારણો અને કુદરતી ઇલાજો.

(વધારા સાથની બીજી આવૃત્તિ.) જેમાં "કોલન ફ્લેશીંગ" યાને આંતરડાંને પાણીથી ધોવાની બાબત પણ સમાવી છે. ૬૦ પેજી ચીત્રો સાથે કીંમત માત્ર ૬ આના, જીવણ શક્તિ બધારણ—ગોળીનકલ બાકીછે–કીમત રૂ. ૧–૬–૦ કપડાના પુઠાનાં.

વ વગરનો ડાકટર–ભાગ ૧ લો–હવા પાણી, કસરત વગરે ... રૂ. આ. ૫

કુદરતી ઓળખ કરાવનારૂં પુસ્તક (બીજી આવૃતી) ... ... ૦–૧૦—

J. B. L. Cascade–જે બી એલ. કાસકેડ કબજીયાતને તુરત દુર કરવા તેમજ દરદ તીક્ષ્ણ વેળા "ઇન્ટરનલ બાથ" યાને આંતરડાંને પાણીથી ધોવા કાઢવાનું; સાદું સસ્તા અજમાયશ જેવું ઓજાર, માત્ર કોઠલી ઉપર બેઠા કે પાણી અંદર લેવાય છે. કી. રૂ. ૩૮–૮– એની વાગતની 'ચોપડી' મંગાવો.'

એ શિવાય, છાતી અને ફેફસાંને મજબુત કરવાને "ડીપ બ્રીધીંગ" નાં ઓજા રપાઇરોમેતર, એકસેલર તથા "મસાજ" કરવાના "ડા. ફોરેસ્તના" મસાજ રોલરો ચોખે વેજીતેબલ સાબુ, ઉંચી કવોલીટી, પીક ફ્રીનની આખા ઘઉંની (wholemeal) બીસકીટો તથા ડા. ફીલોગની બેટલબ્રીક સેનીટરીયમનાં પુડા વગેરે મળે છે.

મુંબાઇની શાખાઃ—
કોટ. હોર્નબીરોડ, ૨૯૭ લેડબો વાદીટવેની સામે.

બી. પી. માદન.
"હેલ્થ કલ્ચર ડીપો"
(હેડ ઓફીસ) સાન્ટાક્રુઝ.

બાહેરગામના ઓરડરો સાન્ટાક્રુઝ મોકલવા.

સીગનલ વોચ કંપની,

હોર્નબી રોડ કોટ–મુંબઇ.



આ કંપનીના પહેલી ક્વોલીટીનાં ઘડયાળો વીસ વરસે પણ નવાં જેવાં ટકાઉ છે. ઘણી લાંબી વખતેજ થોડીક સેકન્ડનો ફેર માલમ પડે છે. કારણે બારો કમપનસેશનના સેટ-અપ

હાથથી ભરવાની રીસ્ટ વોચ ઘણા ચાલાક માણસોના હાથથી રીપેર કામ થાય છે.

હમારી કંપની થોડે વાજબી નફે સંતોષ પામતી હોવાથીજ હમારા ઘડીયાળો બસ્તાં છે. હમારા વેપારી ભાવો દરેકને અનુસરતા છે. સઘળા વેપારીઓ પાસેથી મળી શકશે. માલેક—મનચેરજી કાવસજી દોરડી વકીલ.

નવલ કથા. **કમલા કુમારી.**

કમળા કુમારીમાં આવેલાં વરણનો છે તે કવી ભવાનીના સંસાર ચીત્રો છે.

" રાસ્ત ગોફતાર "

બાળ લગ્ન, વિધવાપણાનાં સંકટો પુનરલગ્નની જરૂર વિગેના ૧૦૦ નિબંધ કરતાં કમળા કુમારી સરખી ફકત એકજ ચોપડીને વધુ કીમતી ગણીએ છીએ 'વીદ્યા મીત્ર' ભાષા સ્વચ્છ સાથે વીચારન તરેહ અચ્છી મળી જાયને કોઇ કોઈ પાને તો વાંચવાને બહુજ રસ પડે છે. કમળા કુમારીના પીતાનો નકશો અચ્છોને ગંભીર ચીતાર્યો છે.તેની ખુબીનો વિવેક સાગર ગ્રંથને પ્રસન્ન કરવા જેવા તેમ અસર કરનારો કર્યો છે. તેમાં રચનારે શાણાશી મેળવી છે. ગ્રંથને પાને પાનેજેટલી કલ્પના ને કળા આવે છે, તટલી જુના જુસ્સા, નવા વળથી ખુબ સોભાવા કાઢી અને જય મેળવવા સાધક નમુનો બતાવ્યો છે.

" કેશરે લિન્દ "

કીંમત રૂપીયો એક. **' ગુજરાતી જુનાં ગીતો '**

' મુંબઈ ઈલાકાના કુળવણી ખાતાના વધાએ મંજુર કર્યું છે.

આ પુસ્તક જુના સાહિત્યના સંગ્રહ રૂપે છે. કીમત આના–સવો–

ભવાનીશંકર નરસિંહરામ કવિ લીંબડી–કાઠીયાવાડ.

જો તમે ઘણા ઘણા ઇલાજો કરાવી નાઉમેદ થયા હો તો આ જરૂર વાંચો.

મુડદાંઓ જીવતા કરવાની દવા.

જે લોકો બચપણમાં નાદાનીથી પોતાના કૌવતનો નાશ કરે એટલે કુટેવ અથવા બીજા ખોટા કરભોગી પોતાના ગુપ્ત ભાગોની નસોને કમજોર કરી નાંખી છેવટે જુવાનીનો લાભ લઇ શકતા નથી અને પછી ખરેખર વખતપર આપઘાત કરવા જેવા ખોટા વીચારો ઊપજાવે છે અને એમજ સમજે છે કે આવા જીવવા કરતાં તો મરવુંજ બહેતર છે. આવા જીવતા જીવ મુડદાંઓને સજીવન કરવા માટે અમોએ ઘણી મહેનત અને કોશેશથી એક લેપ તઇયાર કર્યો છે જેની કીંમત મહેનત અને ફાયદાના પ્રમાણમાં રૂ. ૨૫ રાખીએ તો પણ વાપરનાર તો સસ્તીજ સમજે પણ ગરીબ અને અમીર સરખા લાભ લઇ શકે તેટલાજ માટે ફક્ત રૂ. ૧ કીંમત રાખી છે. ફક્ત એકજ શીશી વાપરવાથી સઘળી નસો મજબુત થઇ જાય છે અને ગયેલી શક્તી પાછી આવી મળે છે. હવે જેઓને હકીમો અથવા ડોકટરને પોતાની હાલત કહેતાં શરમાવું પડે છે તેવા નીરાશ થયેલા દરદીઓને માટે અમોએ જાદુઇ ગોળીઓ તૈયાર કરી છે. જેની ફક્ત એકજ શીશી જેમાં ૪૦) ચાલીસ ગોળીઓ છે તે વાપરવાથી સઘળી જાતના ગંભીર નુકશાનો દૂર કરી પોતાનો જાદુઇ ચમત્કાર દેખાડે છે. આ ગોળીઓ વીર્યને ઘટ કરે છે, યાદ શક્તિને તેજ કરે છે. ખોરાકને હજમ કરે છે. પેટાના કીરમોનો નાશ કરે છે. કમરના દુખાવાને મટાડે છે, ચહેરાના ફીકા પડેલા રંગને ગુલાબી બનાવી દે છે. આ ગોળીમાં કાંઇ પણ રસાયણ નાંખી નથી. આ ગોળીઓ જન્મના કમકૌવત શીવાય ગમે તેવા કમકૌવત હોય તેને ખરેખર જાદુઇ ચમત્કાર દેખાડે છે. એના ચમત્કારની વાપરવાથીજ ખાત્રી થશે. એકવાર મંગાવો અને ખાત્રી કરો કીંમત ફક્ત ૧–૦–૦ પાંચ રૂપીઆની. દવા મંગાવનારને ગોળીઓની બે શીશીઓ મફત મોકલવામાં આવશે. અમારે ત્યાં દરેક જાતની દવાઓ તૈયાર મળે છે.

નોટ—આફ્રીકાના ગ્રાહકોએ દવાની કીંમત ઉપરાંત પારસલ ખર્ચ માટે ચૌદ આના રૂ. ૦–૧૪–૦ વધુ મોકલવા. પૈસા પોષ્ટલ ઓર્ડરથી મોકલવા. ત્યાં વી. પી. થતાં નથી.

મળવાનું ઠેકાણું:

એમ. ઈ. હકીમ.

સીદ્ધપુર (નોર્થ ગુજરાત.)

જ્યારે પણ તમોને

સ્ટીલની સીલીંગો

ટાઇલ્સ

મારબલ

Mr. Gulamali Gulam Husen,

Proprietor, The Bombay Tile Mart,

21, Bank Street, Fort, Bombay.

જરૂ

કામ પડે ત્યારે ટ્રાયલ આપવા

આ પુરાણી પેઢીને

જરૂર યાદ કરશો.

Cover printed at the Manoranjan Press, Bombay.

ગુલશન

GULSHAN

Editor: Dinshah K. Bhagalia

એક અસાધારણ તક.

શાહુ ચોરની બાણીતી વાર્ત્તાઓવાળાં ત્રણ નોવેલો.

સયતાનનો સાથી	રૂ. ૨-૦-૦
દોલતે દુન્યા	રૂ. ૧-૮-૦
લુપીનની લાહેરી	રૂ. ૧-૧૨-૦

તથા ગુલશન એક વર્ષ સુધી ફક્ત રૂપ્યા પાંચમાં મળશે.

જુન ૧૯૧૭ | Printed by [illegible] at the Nine Satya Vijaya Press, Jarodh, for Mr. Dinshah K. Bhagalia Mota Bahu, Navsari. Dated 7-6-17. | June 1917.

ચેપમેનના આર્ટીફીશયલ અવયવો.



હમોએ આ આરટીફીશીઅલ અવયવો અત્યાર સુધીમાં સરકારી મેડીકલ સ્ટોર્સ, મેરીનહોસ્પીટલ્સ વોર હોસપીટલ, રેલ્વે કંપનીઓ. કોલસાની બાદાની કંપનીઓને તથા સંસ્થાણ વગેરે ખાનગી હોસપીટલોને પૂરા પાડ્યા છે.

ઘણાજ ટકાઉ, હલકા, ચાલવામાં સહેલા તથા દેરેક બોડીને બરના તે બનાવવામાં આવે છે. પરદેશોનો આ બાબતનો હમોને પીસ વર્ષનો અનુભવ છે. અને હમોને તેનું સંપૂર્ણ જ્ઞાન છે હમારી કિંમત એટલી બધી ઓછી છે કે તે ગરીબને પણ પાળવે છે.

સારંગાટના પટાના (જંતરો).

અત્યાર સુધીમાં દુકાન વગતમાં હમે ૩૦૦૦ જંતરો (સારંગાટના પટા) આપ્યા છે જેમાંનો વીસમો ભાગ કુદરતી સારો થઇ ગયો છે. હજારો દરદીની બરકને " રબ્બર " ઉપર ચઢી પોતાની જગ્યાએ રહે છે અને તે ખુલ્લું થવાની કિનારીઓ મજબુત થાય છે. તેમ થતાં કુદરત પોતાનું કામ કરે છે પણ પહેલી ખુશી સારાં જંતરની છે. હમારાં જંતરોથી કોઇ પણ વતનું દુખ થતું નથી.

ઘણા ડાકટરો આ બાબતના દરદીઓને હમારે ત્યાંજ આવવાની સલાહ આપે છે.

પ્રાઇસ લીસ્ટ મંગાવો ને ડાકટરો શું કહે છે તે વાંચો.

૫, સેંડહર્સ્ટરોડ, ગીરગાંવ મુંબાઈ. | જયોર્જ ચેપમેન એન્ડકો. ફોરેસ્ટ બાલ્ડીંગ.

ઇમામ મેહદીનું ઝુહુર

અને તેની પીશારત.

કીંમત

પીશારત ભાગ ૧ લો ગુજરાતી–ઉરદુ રૂા૦ ૦–૬–૦

,, ,, ૨ જો ગુજરાતી–ઉરદુ રૂા૦ ૦–૭–૦

,, ,, ૩ જો ઉરદુ ગુ૦ નથી રૂા૦ ૦–૧૧ ૦

,, ,, ૪ થો ઉરદુ ગુ૦ નથી રૂા૦ ૦–૬–૦

,, ,, ૫ મો ઉરદુ ગુ૦ નથી રૂા૦ ૦–૬–૦

જામાસ્પ નામા ઉરદુ રૂા૦ ૦–૫–૦

આ કીતાબ હકીમ જામાસ્પ કે જેઓ ઇરાનના શહેનશાહ ગશતાશપના વઝીરે આઝમ હતા. તેઓએ આજથી લગભગ ચાર હજાર વરસ પહેલા લખેલી છે તેમાં કીયામત સુધી થનારા અહેવાલ નુજુમના હીસાંબથી બતાવેલા છે.

દરેકના પોસ્ટેજના બે આના અલગ પડશે.

આપને પીશારત ગુજરાતી જોઇએ છે કે ઉરદુ તે જણાવવું.

મળવાનું ઠેકાણું—

અખબાર ઑફીસ,

સીધપુર—નોર્થ ગુજરાત.

AKHBAR OFFICE,

Sidhpur—N. Gujarat

Pam-ala

પામ-આલા.

મેલેરયા, તાઢેયો તાવ તથા તાવનો ચુનંદો ઉપાય.

સત્તાવાર જણાયું છે કે મેલેરયાનો ફેલાયો મચ્છરો કરે છે અને સઘળા રોગોથી મરતાં લોકોની સાંભટી સંખ્યા કરતાં આ રોગથી મરતાં માણુસોની સંખ્યા વધુ છે.

તેનું ઝેર પેવસ થાય તે પહેલાં અટકાવો.

પામ—આલાજ

તેમ કરશે.

રાયપુરથી મી. જ્યોરજ. કે. ગીલ્ડર લખે છે,

બારટરનાં જ ગલમાંથી મુસાફરી કરતાં મારી વઇફ મેલેરીયાથી પટકાઇ પણ પામ—આલા ના ત્રણ ડોઝમાં તેણી હુંશ્યાર થઇ અને બોખાર આવી નહિ. ક્વીનીન કરતાં એ સરસ છે.

સઘળા ગાંધીઓને ત્યાંથી નાની મોટી બાટલીમાં મળશે.

દરજી મુલજી એન્ડ કો.
તથા
મી૦ છગનલાલ રૂપનાથદાસ,
જુમા મસજીદ પોસ્ટ ઓફીસ આગળ.

} મુંબઇના એજંટો.

દક્ષિણ આફ્રિકાના એજન્ટ
મી૰ સી એમ વાવડા,
બોક્સ ૨૨, ટોગાટ,
ક્રોસ્ટરલી, S W

ગુલશન.

દક્ષિણ આફ્રિકા આવે
વતા ગુલશનના લવાજમો
મી૰ વાવડા સ્વિકારશે

GULSHAN.

જુન ૧૯૧૭. વૉલ્યુમ ૯ Vol 9 June 1917.

સાંકળ્યું.

નંબર	વિષય	લેખક	પાન
૧	જાહેરાત	...	૩૨૭–૨૮
૨	સાકળ્યું	...	૩૨૯
૩	માસીક ચર્ચા	અધિપતિ	૩૩૦–૩૧
૪	આવકના કરપર ન રખ !	હરમીસ	૩૩૨
૫	માગે નસિહ !	મીનો માનેકજી માદન	૩૩૩–૩૪
૬	ભણીપુત્રના મહારાન્ત	કવિ ભવાનીશંકર નરસીંહરામ	૩૩૫–૪૨
૭	બેસના સીંગ બેસને ભારી !	ભાગલ્યા	૩૪૩–૫૫
૮	વિશ્વ કોયમ	અધિપતિ	૩૫૬–૬૦
૯	જાહેરાત	...	૩૬૧–૬૨
૧૦	To the people of India	L-Curtis	363–66
૧૧	ક્રીસમતની કહાણી	ભાગલ્યા	૩૬૭–૭૮
૧૨	રશિયાની બળવો	રૂસ્તમજી પે. કરકરીયા.	૩૮૦–૮૪
૧૩.	સારી તંદરસ્તીમા રહેવાની કળી	બે. પી. માદન	૩૮૫–૯૦
૧૪	જાહેરાત	...	૩૯૧–૯૨

માસિક ચર્ચા.

હું? એ ભાગ્યેજ એવો તેવો કોણ છે કે મી. જેહાંગીર મરઝબાનની હું! એની શું તાકાત? વાર્ત્તાનો રિબ્યુ જામેમાં લખવાની સરકશી કરે ને તેમાં તેમને પારસી લેખકોના પિતા સમાન ઓળખાવવાની વાતો કરી જૂદી જૂદી સુચનાઓ કરે? એની શું મજાલ કે બીજાઓ જ્યાં વળખાં મારે ત્યાં એ પસંદગી પામી જાય? એને તો બસ એકદમ—! આહ—કોઇ પેટનો બળેલો બીચારો ગામ બાળવા નીકળ્યોછ પણ એટલુંજ ભૂલી જાય છે કે ગામ બળવાનું તો દુર રહેશે તેટલાં તે પોતે તેની આગમાં સળગી ઉઠશે! જ્યાં છે ત્યાં એ બીચારાને કેયેની ઝાડુ મજેલી લાગે છે નકર આડ ખાયને પાડોસી દંડાય તેવી વાતો કરેજ નહિ! એ મારા જમાને ફીલસુફ, ભાગલાને સસ્તી જાહેરાતની કશી જરૂરત નથી! જેને તે ગમતી હોય તેને તે માટે વળખાં મારવા દો! સાચ્ચુ કહે, ભલા, બીજાઓના નામો મૂકી તેં તારી તેમજ તારા અધિપતિની સુચના આડકત્રી રીતે કરવાની મંતલબ તો નથી રાખીને? તમારાં મહાન જેલ્લાંઓ આગળ એ બીચારાઓ શું લેખામાં છે? જીવનો રહેજે દીકરા, ને એવીજ રીતે ઉપાઈ આવતાં તારા પેટની વરાળ ખાલી કર્યા કરજે નકર નકામાં લેણાંનાં દેણાં થઇ જશે!

ગુજરાત કેળવણી મંડળની જે યોજના પ્રગટ થઇ છે તે ગુજરાત કેળવણી પરથી જણાય છે કે આ મંડળ. મંડળની યોજના બેશક શુભ છે. વાંચનથી પ્રજાના જ્ઞાનમાં ઉમેરો કરવો એ પણ મોટું દાન છે. આતો એક નાનકડાં મંડળની શુભ પહેલ છે એટલે ક્ષેત્ર સંકોચિત છે પણ જેમ જેમ પ્રજા તરફથી તેનો સારો લાભ લેવાનો થશે તેમ તેમ ક્ષેત્રનો વિસ્તાર વધતો જશે એમ આપણે ઉમીદ રાખીશું. એક લાઇબ્રેરીને આ મંડળ રૂ. ૧૫ થી ૨૦ સુધીની મદદ આપનાર છે. આ યોજના તેના મોટા વિસ્તારમાં વડોદરા રાજ્યમાં ચાલુ છે કે જ્યાં પ્રજા ગમે તેટલી રકમ એકઠી કરે તો સરકાર ને પ્રાંત પંચાયત તેટલી તેટલી રકમ આપી અસલ રકમને બેવડી કરે છે. વર્તમાન પત્રોને પુસ્તકોની ચુંટણીમાં સાંકડી નજર રાખવામાં ન આવશે તો સારૂં. આ ચુંટણીમાં ન્યાતજાતનો કશો તફાવત રાખવો જોઇએ નહિ. આપણે ખરાં હૃદયથી ઇચ્છીશું કે ગુજરાતે કેળવણી મંડળ જેવી સંસ્થાઓ તાલુકે તાલુકે ચાલુ થાઓ! તેમ થશે તોજ પ્રજા અજ્ઞાનપણામાં આથડયાં ખાતી બચી જશે આ માટેની અરજીઓ ગુજરાત કેળવણી મંડળના સેક્રેટરીઓને અમદાવાદ દાદાભાઇ કી લાઇબ્રેરીને સરનામે કરવી.

સ્વરાજ્ય! સ્વરાજ્ય!! ની ખૂમો હિંદમાં હવે ચોગરદમ ઉઠવા માંડી છે. સ્વરાજ્ય! ને હાલમાં લડાઇ છતાં આર્મલીંડને આપવામાં આવેલા આ પવિત્ર હકથી આ ચર્ચાએ અત્રે વધુ જોર પકડયું છે. અંતિમ વિચારવાળાઓ ધર્યો ધરાતા નથી ત્યારે સમજુઓ ડહાપણ ભર્યાં પગલાં ભરાય તે જોવા બહુ આતુર છે. રાજ્ય કારોબારમાં આગળ વધતો ભાગ લેવાને, લશ્કરમાં ઓધ્યાઓ મેળવવાને આજનો કેળવાયલો હિંદી દરેક રીતે લાયક પુરવાર થયો છે. હિંદ માટેની બ્રિટિશ સાંકડી નજર તેની લડાયક સેવાથી એકદમ ખૂલી ગઇ અને ઓટોનિયન હિંદને ધનસાદ આપવા તૈયાર થયું છે. તેની શરૂઆત પણ થઇ ગઇ છે. ગીરમીટયા કૂળી પર હમેશનું તાજું પડયું છે. સંસ્થાનો જેવી રીતે હિંદીઓ સાથે વર્તે તેવી રીતે તેઓ સાથે હિંદ વર્તશે એવું જાહેર કરવામાં આવ્યું છે. આ બેશક શુભ થયું છે. સાંકડા મનના તુમાખી ગોરાઓ તરફથી હવે વધુ ચઢ

ગરીબ હિંદી દુખી થશે નહિ. સંસ્થાનોમાં હિંદીઓને જોપાનીઝ પ્રજા જેવા હકો આપવામાં આવ્યા છે તે પણ બરહક છે. આ માટે હિંદ અત્યાર આગમજરતું લાયક હતું પણ અહંકારમાં મસ્ત થયલાઓની નજર સામેનો પડદો ફકત આ લડાઇએજ ખોલ્યો છે.

જાહું થાય તે સારાનેજ કાજે થાય છે. ગરીબ હિંદે આ દારૂણ યુદ્ધમાં નહિ કલ્પિ શકાય શકાય એવા ભોગો આપ્યા છે ત્યારેજ તેની કદર બુજાવા લાગી છે. વોર કાઉન્સીલમાં એક હિંદીની જગ્યા કરવાનું અભય વચન અપાયું છે. આ ઘણીજ શુભ શરૂઆત છે. હજીપણ દેશ કારોબારમાં વધુ સત્તા મળવાની દરેક વકી રખાય છે. આપણે ઉચ્છીશું કે આ નવા હકો પ્રજાની પસંદગી નાજ હશે. પ્રજાએ પણ હવે બતાવી આપવું જોઇએ કે તે દરેક હક માટે સંપૂર્ણ લાયક છે. ખાલી ભાષણોથી કે પેપરોની કિલ્યાણથી સાર્થક થઇ શકતું નથી. એવુંજ કાંઇ ખૂમરાણ આપણે વોલંટીઅરોનો હક મળ્યો ત્યારે કર્યું હતું પણ તેનું પરિણામ—અફસોસ કે ઘણુંજ નિરાશાજનક આવ્યું છે. બલબત તે નિરાશા ચોક્કસ કારણોને આભારી છે. તેનું નિરાકરણ જલદીથી થનાર જણાય છે. પ્રજા તેમ થતાં પોતાનો ઉત્સાહ અચુક આકારમાં બતાવી આપશે એમ આપણે ઘરાં જીગરથી ઇચ્છીશું. આખરે પણ ગરીબ હિંદી બળદની ધીરજનાં ફળ આવવા લાગ્યાં છે તે જાણી આપણે નેહાયત ખુશી છીએ.

છાપાના ભૂતે ગયા અંક સાથે જબરાં ચેડાં કાઢયાં છે. કાંઇક ગફલતને લીધે ગયા અંકની અગ્રેજી કોલમો સુધાર્યા વિનાજ છપાઇ ગઇ હતી.

પલાંસવાવાળા ભલા ભાઇ મી. ડાહ્યાભાઇ રામચંદ્ર હવે આ સાથની તેમની જાહેર ખબર તરફ ધ્યાન ખેંચતાં ગોળીઓની અચુક સરસાઇ માટે અંગત ખાત્રી આપે છે. એક બાહોશ વૈદ્યશાસ્ત્રીની સલાહ મુજબ આ દવા તૈયાર થયલી છે. રખે ચટ દઇને મી. હવે એકાદ બે તોલા અધિપતિ માટે મોકલી દે, તેનો હાલ તુરત મોટો ધરકો પડયો છે કે રખે તેમ થતાં અધિપતિને વધુ જોર આવી જાય! જોઇએ હવે શું થાય છે? મી. હવેને હમો પીછાન્યે છીયે એટલે તેમના તરફથી છેતરાવાની ધાસ્તી નથી.

અમુલ્ય તક.

એક બાહોશ વૈદરાજની સલાહ મુજબ સુવર્ણભસ્મ—મોતીનીભસ્મ વિગેરે કીમતી દ્રવ્યો નાંખી પચીસ દીવસ સુધીની જાતદેખરેખ નીચે ખાસ ઘર વપરાસ સારૂ તૈયાર કરાવેલી શક્તિની અને મગજમારીના સખત કામથી થાકી ગયેલા મગજને સંપૂર્ણ તાજગી બક્ષનારી અમુલ્ય અને સર્વમાન્ય દવા "સુવર્ણ વસંત માલતી" દસ તોલા વધુ હોવાથી વેચવાની છે. તોલા ૧ ના રૂપીયા ૧૫ પંદર તોલાં ૫ ના રૂપીયા ૬૦ સાઠ તાકીદે લખો.

ડાહ્યાભાઇ રામચંદ્ર હવે.
નાયબ-કારભારી.
મુ. પલાંસવા.
પ્રાંત-કચ્છ ભુલેશ્વા-વાગડ.

આજ કા કલપર ન રખ!

લખનાર—"હરમીસ"

ખુદાકી યાદ કર લેના, આજ ઔર કલ નહિ કરના.
પળત નવેગી પળમે "નન," યકી રેને તો હય મરના.
મિતમ, ન જોર ધર લેના, કિયા તો ફેર નહિ કરના,
કયામતકી ઘડી આવે, પડે વાપસ તુંજે ભરના.
હુવા આશક તો મર લેના, કીસીસે દુઃખ નહિ કહેના,
કોઇ દાવા તુંજે ન દે, ચુપીસે જો પડે સહેના.
કોઇ ધબ્બા તુંજે બી દે, આમોશ સર ઝુંકા લે તું,
ભલે માને, યા ન માને, કંઇબી, હો ઉહા લે તું,
લીપત બાકે દુબે જો તું, તું જે વાપસ તો હય તરના,
પટકશે ઔર, છપત તું બા, કબી દીલમે નહિ ડરના.
કોઇ રંજો તુંજે ગર દે, ખુશીસે સીરપે કરલે,
કબી બદલા લીયે ચાહે, ઉસીકે ઔર મિન્નતસે દે.
જગત જંગલ સમજ લે તું ઉસીમે તું હુયે પ્યારા "નન",
કોઇ શીકાર કરે તેરા, શીકારી ઉમકુ તું રે માન.
અગર કંઇ તુજે કરકે, ખુશાલીસે ભરે બંદુક,
તેરીતો નન ગઇ હય પાર, મીટી, ઓ ભરે બંદુક.
ચુકાઇ નાવમે દીસ્તી, કોઇ બરદાદ કર લે ભાઇ,
નહિ હોતી કબી બરબાદ, ઓલી તું ધ્યાન રખ લે સાંઇ.
ખુદાને તુજકો પયેદા કર, એહીં જંગલમેં છોડ હુયે,
બચાના હુયે ઉસે મરના, કબી મુહકો ન મોડ હુયે.

બાગે નસિહત.

(ટાગોર પરથી)

ગુલશન માટે લખનાર—મીના માનેકજી માદન

મેં તારી પાસે કશું માગ્યું નહી, મેં તારા કાનોને મારું નામ પણ ન સંભળાવ્યું. તે જ્યારે હવાથી જવા માટે રજા માગી ત્યારે હું ચુપચુપ ઉભી રહી. હું કુવા પાસ એકલીજ ઉભી હતી, ઝાડોના પડછાયા જમીન ઉપર અરડાઇ પડયા હતા અને બીજી પણ્યારીઓ છવાજવ ઘડાઓ માથાપર લઇ ઘરે ગઇ હતી તેઓએ મને બોલાવી અને કહ્યું, ચાલ, હમારી સાથ આવ! જોતી, સહવારની બપોર થતા આવી છે!" પણ હું તો વિચારના ચમકમા વિટળાઇ જઇ આળસાઇથી બોબી.

મે તારાં પગના માભળ્યા નહી. જ્યારે તારી આખ્યો મારી ઉપર પડી ત્યારે તે ગમગીન હતી, તારો અવાજ થાકી ગયેલો લાગતો હતો, જ્યારે તેં કહ્યું, " અરે, હુ એક 'તરસ્યો મુસાફર છુ" હું મારા સ્વપનામાથી જાગત થઇ અને તારી હથેલીઓમા પાણી રેડયુ પાદડાઓ ઉપર અવાજ કરી રહયા હતા, અંધકારમા મેના ગાઇ રહી હતી, અને ગોળાકાર નાના રસ્તાઓમાથી ફુલોનો સુદર સુગધ આવતો હતો

તેં જ્યારે મારું નામ પુછ્યુ ત્યારે શરમથી લજ્જાતી હુ ચુપ બની રહી અરે, એવુ તે શુ મે કર્યું હતું કે તુ મને માદ રાખના માગતો હતો, ? પણ મે તારી તરસ છિપાવા પાણી રેડયુ હતું તેની માં હમેશ માગ દિલમાં જળવાઇ રહી મીઠાસ પક્ષ્યા કરશે સહવાર પણ વિતી ગઇ છે, પક્ષિઓ થાકી જઇ ધીમેથી ગામણુ ગાય છે, માથા ઉપર નીમવાના પાદડાઓ બોલી રહયા છે. પણ હુ બેઠી બેઠી તરેહવાર વિચાર કર્યા કરું છુ

" હૃદયમેં તું હો તેરી આંખોમે
મૈ સમાયું. "

તારીજ ખુશાલી મારામા છવાજવ પ્રસરી રહી છે. આ રીતે તું નીચે ઉતરી મારી પાસ આવ્યો છે ઓ, તમામ આસમાનોના સાહેબ, અગર જો હું ન હતે તો તારો પ્યારજ કયા રહેતે ?

આ સઘળી બક્ષેમમા ભાગ લેવા તુંએ મને તારો ભાગો બનાવ્યો છે. મારા હૃદયમા તારીજ ખુશાળીની બેસુમાર રમતો રમાય છે મારીજ જીંદગીમા તારી ઇચ્છા શક્તિરૂપ લે છે. આ માટે તુ કે જે બાદશાહનો બાદશાહ છે તેણે ખુબસુરતીનો શ્રગાર સજ્યો છે જેથી મારા દિલને ફસાવે. અને એટલા માટે તારો પ્યાર તારા આશકના પ્યારમા ગુમ થઇ જાય છે અને એ બે સ પૂર્ણ જોડાણમા તું દેખાઇ રહયો છે

મીઠું બાળકનું બોપણ

નાના બાળકની આખ્યોમા નિદ્રા આવે છે. કોઇ જાણે કે જે તે કયાથી આવે છે ? હા, એની વાત કેવાઇ છે કે પરયાઓના મલકમા ઝાડીઓ પર જે જ્યા આમા ફીડાઓ ચમક ચમક થાય છે ત્યા બે જાદુઇ કળીઓ લટકી રહે છે. ત્યાથી તે બાળકની આખ્યોનુ ચુંબન લેવા આવે છે.

નાનુ બાળક જ્યારે નિદમા પડે છે અને તેના હોઠો ઉપર હસવું નાચી રહે છે. કોઇ જાણે છે કે તે હસવુ કયાથી આવ્યું છે ? હા, એની વાતો ચાલે છે કે અર્ધગોળ ચાદનું ફીક્કુ પ્રતિબિબ વાદળાઓ ઉપર જઇ પડયુ, અને એક સુદર સહવારના મમકતા સ્વપનામા તે હસવું જન્મ પામ્યુ તે હસવું જે નિદ્રામા પડેલા બાળકના હોઠો ઉપર નાચી રહે છે તે.

નાના બાળકના બદનમા જે સુંદર ધીમી તાજગી છવાઇ રહે છે—કોઇ જાણે છે કે અત્યારસુધી તે કયા છૂપાઇ રહી હતી ? હા, જ્યારે તેની

માતા એક બાળા હતી ત્યારે તે ક્ષુધા પ્યાર તરીકે તેણીના હૃદયમાં ફેલાયલી હતી–તે તાજગી જે બાળકના બદનમાં છવાઇ રહે છે તે.

અજબ બક્ષેસ.

હમો નાશવંત મનુષ્યો ઉપર તું જે બક્ષેસ કરે છે તે હમારી અભિલાષા પુરી કરી ઓછી થયા વિના તારી તરફ પાછો ફરે છે.

નદી દરરોજ પોતાનું કાર્ય કરતી રહી ખેતરો અને ગામડાંઓમાંથી દોડતી પસાર થાય છે; અત્યારે તેણીનો દોડતો પ્રવાહ તારી બીછ બક્ષેસોને સાફ કરે છે.

ફુલો પોતાના સુગંધથી હવાને ખુશબોદાર બનાવે છે; છતાં તેઓની છેલ્લી ચાકરી તે તારા પર અર્પણ થવાની છે.

તારી સેવા દુન્યાને ગરીબ બનાવતી નથી. મનુષ્યો પોતાની મરજી મુજબ કવિઓના શબ્દોનો અર્થ કરે છે છતાં તેઓનો છેલ્લો અર્થ તો તને જ લાગુ પડે છે.

એક બાપ, ભાઇ, મિતમ.

હું તુને મારા ઇશ્વર તરીકે ઓળખું છું અને તારીથી દુર ઉભો રહું છું–હું તને મારા અંગત તરીકે ગણી તારી નજદીક આવતો નથી. હું તુને મારા બાપ તરીકે ઓળખી તારા ચરણે મારૂં સર ઝુકાવું છું—હું તારા હાથોને એક દોસ્તના હાથો માફક પકડતો નથી

જ્યાં તું નીચે ઉતરી આવી તું મારો છે એવો એકરાર કરે છે ત્યાં હું ઉભો રહેતો નથી અને તને મારા અંગત તરીકે છાતીએ લગાડતો નથી.

તું મારા બીજા બાપ્તઓમાં એક ભાઇ છે, જ્યાં હું તેઓની દરકાર કરતો નથી અને મારી પાસે જે કાંઇ છે તે તેઓને આપતો નથી ગોયા તુને હું મારીયા દુર રાખું છું.

સુખમાં કે દુઃખમાં હું મનુષ્યો પાસ ઉભો રહેતો નથી જોયા હું તારી પાસ ઉભો રહેતો નથી. હું મારી જીંદગી આપવાને અચકાઉં છું જોયા હું જીંદગીના મદાન દર્યામાં કુદી પડવા અચકાઉં છું.

વખત દુકો છે.

તું મને છોડીને ચાલતો થયો.

મેં વિચાર્યું કે મારે તારે માટે માહેતમ કરવી જોઇએ અને તારી એક પુરી મૂર્ત્તિ મારા દિલમાં સોનેરી ગાયનોથી મઢીને બેસાડવી જોઇએ પણ અરે, મારૂં કમબખ્ત હિમ્મત, કે વખત દુકો છે.

(૨) વરસ વરસે જવાની વેહતી જાય છે; વસંતના દહાડા નાહસી જઇ રહ્યા છે; નાતવાન ફુલો સેહેજમાં મરી જાય છે; અને દાનાવ શબ્દો મને ચેતવણી આપે છે કે જીંદગી એક કમળફુલ ઉપર પડેલાં એક દવના ટીપાં સમાન છે.

શું મારે એ સધળું છોડી તેની તરફ નજર દોડાવું જે મને છોડી સદાનો ચાલ્યો ગયો છે? પણ તે માત્ર મૂર્ખાઇ ગણાશે, કારણ વખત દુકો છે.

(૩) ત્યારે તો ઓ મારી વરસાદની રાત્રો, તમો ઝરમર ઝરમર અવાજ કરતે પગલે આવો; ઓ મારી પાનખર ઋતુ, તું હસ; ઓ બેદિકર એપ્રીલ મહિના, તું આવ અને ચોતરફ તારાં ચુંબનો વરસાવ.

તમે સધળાં આવો!

ઓ મારાં પ્યારાંઓ, તમે જાણો છો કે હમો તો નાશવંત મોતને આધિન છીએ. શું એ દાનાઇ બર્યું છે કે આપણે તેને માટે આપણું દિલ જખમી કર્યું કે જે આપણું દિલ જખમી કરી ગયો છે. અરે, વખત દુકો છે.

(૪) એક ખૂણામાં બેસી વિચાર કરવો અને "તું મારી તમામ દુન્યા છે" એવી કવિતા લખવી એતો બહુએ મધુર લાગે છે.

આપણા ગમને બગલગીર થવું અને કદી પણ દિલાસો લેવો નહીં એ બહાદુરીભર્યું છે.

જમ્યા એક સુંદર તાજને ચહેરો મારા બારણામાંથી ટીકે છે અને પોતાની આંખ્યો મારી આંખ્યો તરફ ઉંચકે છે.

ત્યારે હું મારાં આંસુ લુછી મારાં ગમનના રાગને બદલી નાખવા સિવાય રહેતો નથી.

કારણ વખત દુકો છે.

" મણીપુરના મહારાજા. "

(હિંદુ રાજ્યસ્તાના જુનો રંગ)

(નવલકથા.)

લખનારઃ—કવિ ભવાનીશંકર નરસિંહરામ.

(ગયા અંકથી સમાપ્ત)

પ્રકરણ પંદરમું.

" કરણી એવી પારઉતરણી. "

સૂર્ય ના કિરણોના પ્રભાવથી ધુવડો અહીં તહીં જુના ખંડેરોના મકાનોના ખંડેરોમાં અથવા પ્રાચિન ઉંચાં તરૂવરોની બખોલમાં ભરાઇ જાય છે, તેમ, પ્રતાપગઢના પારધીના પ્રતાપ–તાપથી મણીપુરના ન્હાના–મ્હોટા–સરદારો સંતાઈ ગયા. મણીપુરમાં પારધીની સેનાએ પ્રવેશ કરીને શરૂઆતમાં રાજ્યગઢી સર કરી લીધી. રાજ્યગઢી સર કરી લેતાં સેનાના સિપાઇઓને મુદ્દલ શ્રમ પડયો નહિ. મંદિરના રક્ષણ કર્ત્તા સિપાહીઓ હાલહવાલ હથિયારો હાથમાં ધરીને મ્હોડુ વકાશતા ઉભા થઇ રહ્યા ને ક્ષણ વારમાં પારધીના શૂરવીર સિપાહીઓએ વગર શ્રમે રાજ્ય મંદિર અને તેમાં વસતાં માણસોને પોતાના શરણમાં લઇ લીધા. શ્રીમંત સરકાર બાહુક બનીને જનાનખાનાની બારીમાં બેઠેલો આ સઘળો તમાસો નિહાલતો હતો; તેને પારધીને વગર શ્રમે પકડી લીધો. તેના અંગ રક્ષકો આધાપાછા અગી ગયા રાજ્યથી ચુ કે ચાં બોલી શકાયું નહિ. તેના હોશકોશ ઉડી ગયા, તેની આસપાસ ગણગણાટ કરતી મધમાખીઓ ભય નજદીક આવતો જાણીને ઉડી ગઇ. આથી મધપુડાનું રક્ષણ કરનારૂં કોઇ રહ્યું નહિ. સરદારને શરણ કરીને તરતજ રાજ્ય ત્રીજેરીનું રક્ષણ કરવામાં આવ્યું, પણ તેનું રક્ષણ કરવા સરખું કાંઇજ રહ્યું નહોતું પારધીના પડઘા વાગ્યા કે પહેલેથીજ મણિપુરના મહારાજાને અજ્ઞાનપણામાં રાખીને તેના સાચા સલાહકારો રાજ્ય બળનો લુટી ગયા હતા, તેથી તીજેરીમાં " હનુમાન હડીઓ કાદેને ભૂત ભૂરકો મારે " એવું થયુ હતું. જનદારખાનામાં પણ જરજેવમ રહેવા દીધું નહોતું. વાળી ઝાડીને તે સાફ કીધું હતું, એટલે પારધીના સિપાહીઓને તે બાળવાની પણ જરૂર નહોતી રહી. સિપાહીઓએ પોતાના સરદારોના સંકેત પ્રમાણે મણીપુરના મહારાજાને પકડવાનો શ્રમ લીધો. દિવાન પોતાની ડેલી બંધ કરીને અંધારા બોંયરામાં ભરાઇ બેઠો હતો, ને પોતાના મકાનનું તથા પોતાનું રક્ષણ કરવાને માટે કેટલાક પેરેગીરોને ચોકીદાર તરીકે બેસાડયા હતા પણ પારધીના સીપાહીઓ સામે તેમનાથી હાથ ઉંગામી શકયો નહિ, તેથી દિવાનને થરથર તે પગે બોંયરામાંથી બહાર કાઢવામાં આવ્યો, ને તેને લાયકના બંદીગ્રહમાં તેના સોબતીઓ સાથે પધરાવી દીધો. બીજા સરદારો અને સલાહકારોને અહિંતહીંથી કાઢીને બંદીગ્રહમાં સંગ્રહસ્થાનની માફક એકઠા કીધા. આ ખુશામત ખુશ બનાવો, અને હા કરનારા હજુરીઆઓના હાથપગ પારધીના પ્રતાપ આગળ બંધાઇ ગયા તેઓને કારાગ્રહમાં પુરવામાં આવ્યાને તેમાંથી બીજા નિરપરાધી બંદી-

વાનોને પારધીની આજ્ઞાથી મુક્ત કરવામાં આવ્યા. તેઓની દાદ ફરીયાદ કોઇ લેતું નહોતું. તેમને ન્યાય કોઇ આપતું નહોતું. દીવાનની અથવા દોલીયાઓની ધતરાજીમાં ભોગવ્યેગે જે કોઇ સપડાઇ જતો, તો તેને તરતજ મુસ્કોટાટ કરીને કાળાગૃહમાં ધકેલી દેવામાં આવતો હતો. ત્યાં મુદ્દતની મુદ્દતસુધી ચાંચડ મારીને પોતાની જીંદગી પુરી કરતો હતો તેને હજામતનું ઠેકાણું નહોતુ, કપડાંલત્તાંની ગોઠવણ નહોતી, ચોમાસામાં શરદીથી હેરાન થવું પડતું, ઉન્હાળામાં બરાશથી મુંઝાવું પડતું, શિયાળામાં ઠંડીથી ધ્રુજવું પડતુ હતું, તેમને માટે બાવાની મારજત નહોતી. તેથી તેમના પેટમાં ભુખથી હાથ હાથના બાડા પડયા હતા જે કાંઇ પેટના ભાડાં તરીકે મળતું હતું, તેથી પેટનું પુરતું પોષણ થતું નહોતુ. તેને લીધે તેઓ અડધી ભુખે મરવા પડયા હતા. તેમના બચ્ચાંમાંથી બંદીગૃહના અધિકારીઓ અને રક્ષા કરનારા રક્ષકો ભાગ પડાવતા હતા; અને એવા ભાગલા પાડતાં જે કાંઈ બચ્યું તેમાંથી દિવાનોને પોતાનો નિભાવ કરવો પડતો હતો.

માંદે સાજે ઓસડવેસડની સંભાળ લેવાતી નહોતી જેથી જાતના પ્રકારના રોગમાં તે નિરંતર ઘેરાઇ રહેતા, અને માંખીઓ તેનાપર ગણગણ કરતી હતી. ગમેતેમાં કારણસર તેમને તેમના સગા વહાલાં સાથે મળવા દેવામાં આવતા નહોતા. તેથી બાપડા બંદીવાનો, બ્હાલાઓના વિજોગથી રાત્રી-દિવસ ટળવળતા હતા, ઝુરીઝુરી બગર મોતે મરવા પડયા હતા. આવા જુલમથી બચવાને માટે જે તેના કુટુંબીઓ પાંચ પચીસ રૂપીઆ લાંચ-રૂશ્વત રૂપે રાજની આસપાસ ઉડતી મધ માખીઓને ઉડાવી દેવાની તક લેતા તો તેમને તરતજ છોડી મુકવામાં આવતા હતા.

મણિપુરમાં મહારાજાનીજ સત્તા ચાલતી હતી એમ નહોતું. રાજનો જુલમ જાજો જ હતો. રાણીની સત્તા પણ જુદી જ હતી. દિવાનની આજ્ઞા જુદી ચાલતી અને હજુરીઓ વળી પોતાને નામે હુકમ હોદ્દો ચલાવતા હતા તે જુદો હતો. જેની ચાયે આવતું તે પોતાની સત્તા આંખો મીંચીને ચલાવતું હતું. તેમને કોઇ રોકનાર નહોતું, કોઇ પુછનાર-ગાછનાર નહોતું. મતલબ કોઇ. કોઇની આજ્ઞાને આડે આવનાર નહોતું જેથી જેને જેવું સુઝતું, તે તેવી સત્તા ચલાવતું હતું. આવી અંધાધુંધીમાં પોપાંબાઇના રાજ્યમાં પ્રજાની દાદ ફરીયાદ કોણ લે ? તેમના પર પડતા જુલમની પરવા કોણ કરે ? તેથી ગમે તેવા હજુરીઓની અથવા દોલીઓની ધતરાજીમાં આવી પડનારા આશામીના બાર વાગી જતા હતા.

પારધીએ રાજનગરમાં પ્રવેશ કરીને એવાં ધતરાજીમાં આવી પડેલા મનુષ્યોને બંધનમાંથી મુક્ત કર્યાથી તેઓ બહુબહુ પ્રસન્ન થયા; અને મુક્તિ આપનારને આશિર્વચનોથી વધાવી લીધા. લાંબી મુદ્દતનો નર્કવાસ ભોગવીને પોતાના કુટુંબી જનોને બહુ મુદ્દતે મળવાથી સઘળાં જનો પરમાનંદ પામ્યાં. આખી નગરીમાં પારધીના આવા પરોપકાર ભરેલાં પગલાંથી આનંદ ઉત્સવ થઇ રહ્યો.

ગલીએ ગલીએ અને ચકલે ચકલે પારધીના સિપાહીઓએ મુલ્કમેહ શાંતિ સ્થાપવાને માટે પહેરા ભરવા માંડયા બળવાખોરોના હાથપગ બાંધવા માં આવ્યા. હરામખોરોના હાથમાં હાથ કડીઓ જડી લીધી. કિલ્લામાંને કોટમાં પારધીના પહેરેગરોની પહેરો બેસી ગઇ. રણવાસને રાજ્યમંદિરનું સારી રીતે રક્ષણ કરી દીધું. જુનાંને જંગમી પોરણે કામકાજ કરનારા રાજના માનીતા કારભારીઓને જડમુળથી ઉખેડી દીધા. રાજ્યસત્તાવાળાઓ રાજ્યવાસતમાંથી જે જે માલ મીલકત ઉપજી ગયા હતા, તેની તપાસ કરીને રાજ્ય તીજોરીમાં ભરવામાં આવી. પ્રજાજનમાં શાંતિ પ્રસરાવવાનો પ્રબંધ કર્યો. તેમાં મુખ્ય હાથ

આપણા તરૂણ યોદ્ધાનો હતો. તરૂણ યોદ્ધાના પરાક્રમથી પારધી પ્રસન્નતા પામ્યો, ને સરદારગઢના રુભાવાળાઓને " કરણી એવી પાર ઉતરણી " નું ફળ આપવામાં આવ્યું.

પ્રકરણ ૫૪ મું.

" મણિપુરમાં સુલેહશાંતિ. "

ગર્જના પછી વરસાદ વરસે છે ને વરસાદ વરસ્યા પછી સર્વત્ર ભૂમિપર શિતળતા પ્રસરી રહે છે. એ સૃષ્ટિ ચમત્કારના નિયમ પ્રમાણે મણિપુરમાં રાજ્યપલટારી ગાજવીજનું તોફાન ઝઝુમી રહ્યું હતું, તે તેના પુરતાં જોસ સાથે ફાટી નિકળ્યું, અને પ્રતાપગઢના પારધીના પ્રતાપથી આજકાલ સુલેહને શાંતિ સ્થાપન થઇ ચૂકી. કિલ્લાઓ અને કોટની મરામત ચાલુ થઇ, તોપખાનાં અને દારૂખાનાં, શસ્ત્રખાનાં અને અશ્વશાળાઓ, સુધારવામાં આવી તીજોરીઓમાં નાણાંની રેલ છેલ થાય એવી ગોઠવણ રચવામાં આવી ખેડુતોને માથેથી વેરા વેઠ અને કરોનો બોજો કમી કરવામાં આવ્યો. વહીવટદારો અને મુલકી ખાતાના અમલદારોની ફેર નિમણુંકો કીધી, લાંચીઆ અને ઘોળા દિવસના ધાડપાડુ તરીકે નામના ધરાવનારા કારભારીઓને લાયક શાસનો દીધાં. તેમની પદવીપર ન્યાય શાસ્ત્રમાં પ્રવિણ એવા અને પ્રતિષ્ઠાનું પદ પ્રાપ્ત કરી ચુકેલા ન્યાયાધીશોની નિમણુંકો કીધી. મણીપુરની સેનાના સુસ્ત સીપાહીઓને સેવા ચાકરીનો સંતોષકારક શિરપાવ આપીને શાંતિથી જીંદગી ગુજારવાને એકાંત વાસ આપ્યો, અને તેમની જગ્યાપર તાજા તથા તીવ્ર સ્વભાવના ઉત્સાહી રજપુત સિપાહીઓની તરતજ ગોઠવણ કરી દીધી. આવી રીતે મણિપુરના મહારાજાની અને સિપાહીઓનો સડેલો કારોબાર સુધારવાને પારધીએ પરમશ્રમ લીધો તેથી અંધાધુંધી ભરેલા અમલનો છેડો આવવાને લીધે પ્રજાજનોના હૃદય—કમળ પ્રફુલ્લિત થયાં.

મણિપુરના મહારાજાની રાજ્ય વ્યવસ્થા સુધારવાને માટે પ્રતાપગઢના પારધીએ રાજ્ય કળામાં નિપુણતા ધરાવનારા આગેવાનોની મંડળી સ્થાપન કીધી. એ મંડળીનું પ્રમુખપદ પારધીએ સ્વિકાર્યું. સેનાની અવ્યવસ્થિત થયેલી હાલત સુધારીને તેને નવાં સુધરેલાં ધોરણપર મૂકી, અને તેના સરદારોને અધિક સત્તા આપીને તેમના પર અંકુશ રાખવાનો અધિકાર પોતાની સ્વાધીનતામાં રાખ્યો. રાજાનું ઉડાઉને આંધળું ખર્ચ, ઓછું કરી નાંખ્યું અને ભાંડ તથા ભવૈયા અને નાયકાઓ તથા નાચનારીઓનો નકામો ખર્ચ કાઢી નાખ્યો. સાઠમારીના અને એવાજ બીજા જંગલીને ફુરતા ભરેલા તમાસા નાપસંદ કરીને નકામા કીધા. એ રીતે મણીપુરમાં ભરાયલો કચરો સાફસુફ કરીને પ્રતાપગઢના સરદારે રાજ્યમાં સુલેહ શાંતિ પ્રસરાવી દીધી દેશપાર કરેલા ડાહ્યાને દેશાભિમાન વીર પુરૂષોને માન સહીત દેશમાં બોલાવી લીધા તેમની લુંટાયેલી માલમતા તેમને સોંપવામાં આવી, અને તેમની લાયકી પ્રમાણે તેમને રાજ્યકારભારમાં નાના મોટા હોદાઓ દીધા. જમીનદારો અને ઠાકોરોનો જુનો થયેલો સબંધ નવો કીધો. રાજાની સાથે રૈયત અને ભાયાતોની અથકયતા જોઇએ એવો ભાર મુકીને પારધીએ અરસપરસનો પ્રેમ વધારી દીધો અને સરદારગઢના રાજ્યનું સંરક્ષણ થાય એવા રસ્તા હાથમાં લીધા.

મણીપુરના મહારાજાના હાથમાંથી રાજ્ય સત્તા લેઇને તેને ઇશ્વર ભજન કરવાને માટે એકાંતવાસ અર્પણ કર્યો. શહેરની પાસે આવેલા અશોક નામના બગીચાની હવેલીમાં બાકી રહેલા દિવસો પુર્ણ કરવાને માટે તેને પરવાનગી આપવામાં આવી. તેની પાસે તેની આજ્ઞામાં રહે, એવા સેવકો રોકવામાં આવ્યાને તેના જનાનાને માટે પણ તેજ જગ્યા પસંદ કરવામાં આવી.

મણીપુરના મહારાજાને એક કન્યા સિવાય

કાંઇજ સંતતી નહોતી તેને લીધે મણીપુરની રાજ્ય ગાદી કોને સ્વાધીન કરવી તે બાબત બાપોતાં સાથે ભાંજગડ કરીને રાજ્યકન્યાના હાથમાં રાજ્ય લગામ સોંપવાનો નિશ્ચય કીધો. પારધીએ રાજ્યકન્યાની મુલાકાત લીધી તેને તેની લાયકી પ્રમાણે માનપાન દીધું, ને મણીપુરની સુંદરીના સદગુણોથી સંતોષ પામીને પારધીએ મોટી ધામધુમથી તેના હાથમાં તેના પિતાજીના રાજ્યની સત્તા અર્પણ કરવાનો દિવસ મુકરર કીધો. એ દિવસ મુકરર કરતાં પહેલાં આપણા તરૂણ યોદ્ધાનો યત્ન પણ યાદ કરવામાં આવ્યો હતો. તેણે ઉઠાવેલી રંજ તરફ અને તેણે મળેલા વરા બાબી પારધીએ પોતાની અમી દૃષ્ટિ કરી અને પોતાની રૂબરૂમા બોલાવીને તેને અપૂર્વ સનમાન આપ્યું. મણિપુરની સુંદરીને પટાભિષેક કરવાનું મુહુર્ત રાજ્યજોષીની પાસેથી લેવામાં આવ્યું. દિવસ મુકરર કર્યોને આ સઘળી રાજ્યધારી મસલતમાં મણિપુરના મહારાજાએ પણ મન માનતી મદદ કરી. તેની અવસ્થા પાકી ગઇ હતી, અને આ કાળ તેણે અલ્પ મારા શત્રુ કોણ છે મિત્ર કોણ છે તેનું સ્વરૂપકાળમાં તેને ભાન થયું હતું, અને તેને લીધે તેઓ પારધીની જોડના પસંદ કરીને પોતાની કુંવરીને પટાભિષેક કરવામાં પ્રસન્નતા બતાવી. પટાભિષેક કરવાને દિવસે મણિપુરે પોતાનું સ્વરૂપ ફેરવી નાખ્યું. કુકાને કુકાને અને ગૃહે ગૃહે ધ્વજા, પતાકા, આંબાવાડીયો આવ્યા. ને પવનમા ફડફડ ઉડી રહ્યાં. ઘેરઘેર ઉત્સાહ થઇ રહ્યો. રાજમાર્ગ છવાઇ રહ્યા. નગરીનાં લોકોએ ભાતનાં ભોજન આરોગ્યાં. રાજા નગરીમાં સ્વર્ગપુરીની રચના થઇ. દરબાર માં હાયરા ભરાયા, કંકુના ચોળાયા, પ્રેમથી પીધા ને પાયા. સરદારગઢના સિપાઇઓ ને પારધીના સિપાહીઓ પરસ્પર સ્નેહ ભાવ બતાવીને એકબીજાં ભાઇ બીડીને મળવા ભેટવા લાગ્યા. પ્રાચીન કાળના પ્રખ્યાતી પામેલા કિસ્સામાંથી કોઇ કુશળના બતાવનારા વિચિત્ર દર્શક દર્શાવનારાં તોપનાદો થયા. નોબતો ગડગડવા લાગી, નગારાંના નાદ થવાં લાગ્યા. શરણાઇઓ વાગવા માંડી નગારાના નાદ થવા લાગ્યા. ઢોલ, ત્રાસાં ને વાજાં વાગવા લાગ્યાં. ચોપદારોએ હાકલ પાડીને પટ્ટાભિષેકની ક્રિયા થવાનો સમય થયાનું સ્મર્ણ આપ્યું. બ્રાહ્મણો યજ્ઞમંડપમાં વેદ ભણવા લાગ્યા. વેદ ધ્વનીથી આકાશ ગાજી રહ્યું. દક્ષિણાથી ને મિષ્ટ ભોજનના પ્રસાદથી પ્રસન્નતા પામેલા ભૂદેવોએ સ્વસ્તિક વચન ઉચ્ચાર્યાં. ગજનંદ જેવી કાંધવાળાને ઉંચા પહોળા કપાળવાળા ભૂદેવોએ યજમાનને આશીષ વચનો આપ્યાં. પટ્ટાભિષેકની ક્રિયા પુર્ણ થયા પછી દરબાર ભરવામાં આવ્યો, અને એ દરબારનો દબદબો જોઇને તરૂણ પુરૂષ ચકીત થઇ ગયો. મણિપુરના મહારાજાની રાજ્ય કચેરી તેણે થોડા વખત પહેલાંજ જોઇ હતી તેના કરતાં નિસ્તેજ, તેમાં બેસનારા સત્તાવાળાઓ નભાલાને નિર્બળ પણ આ દરબારનો દબદબો જુદાજ પ્રકારનો હતો. આમાંતો જનોઇતા ભાગીદારોને માનીતા માણસોજ બેઠાં હતાં. રણસંગ્રામમાં નામના મેળવીને રજપુત જાતિને શોભાવે એવા શુરવિર સરદારો અને ન્યાયશાસ્ત્રમાં નિપુણતા ધરાવનારા સંગીન શાસ્ત્રીઓજ સભાને શોભા આપતા હતા. આવા ભભકા સપકાથી ભરભરેલા પુરૂષો અજાણ્યા જણ તેમાં આશ્ચર્યકારક કાંઇજ નહોતું.

દરબાર હોળા દડ જામી હતી અને તેમાં સૌ સૌના દરજ્જા પ્રમાણે દરબારીઓએ બેઠક લીધી. મુખ્ય સિંહાસન ઉપર રાજ્યકુંવરીને પધરાવવામાં આવ્યાં. તેમના જમણા હાથપર શિર છત્રરૂપે મણીપુરના મહારાજા અને ડાબા હાથ બાજી પ્રતાપગઢના પારધી સિરાજ્યા સંગીન શાસ્ત્રીઓએ વિવિધ વાજીંત્રોપર હાથ ચલાવ્યા. દરબારનું દિવાનખાનું મનહર સૂરોથી ગાજી રહ્યું. સંગીત રસનું પાન કરી રહ્યા પછી પૂર્વ રીતી પ્રમાણે શાંતિ પ્રસરાવી એ શાંતિનો લાભ લઇને સિંહાસન પરથી પ્રતાપગઢના પારધી મહારાજે મુ-

ખડે ઉભા થયાને સભાજન પ્રતે આ પ્રમાણે સંભાષણ કર્યું.

"રાજ્યપાળા! રાજા સાહેબ! ભાયાતો અને પ્રજાજનો!

આજનો દિવસ ભાગ્યશિક છે. ભાણુપુરપર ઝાકમતાં વાદળાંમાંથી સુલેહ શાંતિનો સૂર્ય ઉદય થયો છે. મારા માલિકને મિત્ર—ખરૂં બોલાવો તો પિતાઇના ભલાને માટે તેના વંશ વારસોના કલ્યાણને માટે, અને પ્રજાહિતને માટે આ પગલું ભરવામાં આવ્યું છે. એમાં અમારા કરતાં તમારો લાભ વધારે સચવાયો છે, તમે સઘળા જાણો છો કે આ રાજ્યરૂપી મિષ્ટ ફળમાં કાવેરાંણોજ કીડાઓ પોતાનું પેટ ભરવાને ભરાયા હતા. તેઓએ ફળ કોતરીને માંહે પ્રવેશ કીધો હતો ને તે માંહેનો ગર ખાઇખાઇને પુષ્ટિ મેળવી પ્રજાજનને પીડા પમાડતા હતા. તે પીડા હવે ઇશ્વર કૃપાથી પતી ગઇ છે.

મહારાજા સાહેબ! આપ જાણો છો કે રાજાએ રક્ષિતનું રક્ષણ કરવું જોઇએ. રાજ્ય ધર્મ બજાવવો એ ખાંડાની ધારે ચાલવા સરખું છે, અને એવો ધર્મ ન બજાવી શકાય તો પોતપોતાને હાથે પોતે રાજ્ય સત્તાનો ત્યાગ કરવો, અથવા પ્રજાએ બળાત્કારથી એવા રાજાના બળને તોડી પાડીને રાજ્ય ત્યાગ કરાવવું ઉચીત છે. આપ મારા પિતાંશ છો, પિતાઇ છો એટલે આપની અને આપનો રાજ્યની સાથે હું સ્નેહ સંબંધણની સાંકળથી જોડાઇ ગયો છું. તેથી કરીને આ રસ્તો લેઇને આપના રાજ્યમાં, આપની હિતની ખાતર મેં સુલેહ-શાંતિ સ્થાપન કરી છે. આપને વધારે પ્રસન્ન થવાનું છે કે, આપની છત્રછાયાની જ્યોત બુઝાયા પછી રાજ્ય ગાદીની તકરાર ન ઉઠે ટંટા ફીસાદ ન થાય તેની ખાતર ઇશ્વર કૃપાથી અહુણાંજ તેનો ફડચો થઇ ગયો છે, આપના કુંવરી સાહેબ જે આપના પછીના મુખ્ય વારસદાર છે, તેમને આપનો રાજ્યની સત્તા આપની સમક્ષિથી આપવામાં આવી છે, તેથી આપ, આપના સરદારો, અને આપની રાજ્યભક્તિમાં ડુબેલી શાંત પ્રજા સંતોષ પામશે એવી આશા છે.

આ તકે અમે અમારા તરફથી સુલેહ શાંતિનો સંદેશો આપ તરફ લઇને મોકલેલા અમારા પ્રતિનીધિનો આભાર માનીને તેને પણ ધન્યવાદ આપીએ છીએ. લાલચથી નહિ, લલચાતાં, પોતાના માલીકને માટે પ્રાણ સમર્પણ કરનારાઓ શૂરવિર સિપાહીને શાબાશી એજ મ્હોટો શીરપાવ છે. ઇશ્વરના આ રાજ્યપર આશિર્વાદ ઉતરો અને આપણો અરસપરસનો સંબંધ વધો એવી ઇશ્વર પ્રતે પ્રાર્થના કરૂંછું"

પારધીના સંભાષણના પડઘાથી દિવાનખાનાની હવા ગાજી રહી. મહારાજાએ સંભાષણમાં સંમતી આપી. સરદારોએ પારધીના ઉદાર સ્વભાવ માટે શાબાશી દીધી. રાજ્યકુંવરીનું હૃદય કમળ પ્રફુલ્લિત થયું જે "નિગાહ રખો મહેરબાન" એવા નેકીબદારના અવાજ સાથે દરબાર બરખાસ્ત થયે.

આ સઘળી સુલેહ-શાંતિની વધાઇ હતી. રાત્રીએ સરદારગઢમાં લંકા સરખી શોભા થઇ. રોશનીના પ્રકાશથી નગરીએ રમણીય રૂપ લીધું. આતસબાજીથી આનંદ થયો બારણે બારણે તોરણ બંધાયાં ને બંદીજનોએ પારધીના યશોગાન ઉચે સ્વરે લલકાર્યાં એ સઘળો મણિપુરની સુંદરીને શુભશુકન હતા.

પ્રકરણ ૬૦ મું.

"સ્નેહનું ફળ-સ્વર્ગ સુખ."

"હું કોણ? આ કોણ? જમીન આસમાનનો તફાવત. હું પગે રઝળતો પાળો, એ સુખપાલમાં ફરનારી રૂપસુંદરી. હું રાંક એ રાજ્ય મદમાં મતવાલી બનેલી. રંભા એવો ભેદ છતાં મારા પર એ ભાવ રાખે છે. ભાવતો રહે પણ મારા સુખ સંકટની ભાગીદારણ બને છે. અહાહા! હા! કેવો

સ્નેહ! સ્વચ્છ અંતઃકરણમાં સ્થિર થયેલો સ્નેહ કેવું રૂપ લે છે? કેવો પ્રકાશ કરે છે? પોતે પવિત્ર બને છે અને બીજાને પવિત્ર બનાવે છે. રંભા! અતીત તું સ્વર્ગની રંભાજ છે. તું કુલીન છે. તું જન પરિક્ષામાં પ્રવિણ છે તારો ને મારો જોગ બનવો અશક્ય મનાય પણ તે જોગ મેળવવા તે તૈયાર થઈ છે, એજ તારા પ્રેમની કસોટી છે. તું પ્રેમ મૂર્તિ છે હું પ્રેમ મૂર્તિનું પુજન કરનાર પુજારી છું. એ પ્રેમ પુજનનું ફળ મને મળવાનું છે, એમ હવે હું અંતઃકરણ પુર્વક માનું છું. તારી "પ્રેમ પત્રીકા" વાંચીને હું પાવન થઇ ગયો છું ને પરમાનંદમાં ગળકાં ખાઉંછું. પ્રભુ તારૂં રક્ષણ કરો શુદ્ધસ્નેહનો સર્વકાળને વિષે જય થાઓ."

પ્રતાપગઢના પારધીના એલચીના પ્રચંડ હવેલીના એક મનોહર દિવાખાનામાં ગાદીતકીઆ નેં અટેલીને પડેલો તરૂણયોધ્ધો મુંખમાંથી આવા શબ્દો ઉચારતો હતો. તે ઘડીમાં ઓરડાની આ બારીમાં બેસતો, ને ઘડીમાં પેલી બારીમાં બેસતો ને નજર વાટિકામાં આવી રહેલાં ઉંચા તરૂઓ પર નજર નાખતો હતો. ઘડીમાં ઉભો થઇને દિવાન ખાનાના આ છેડાથી તે પેલા છેડા સુધી કશા પણ નિયમ વગર આંટા મારતો હતો. ઘડીમાં પરિશ્રમથી ગાદીપર પડીને આંખો મીંચી દઇને મનમાં તર્ક-વિતર્ક કરતો હતો. મનના પરિશ્રમને લીધે તેનું અંગ પલળી ગયું હતું ને માથું ધગધગતું હતું.

એ પુરૂષ કોણ હતો?

વાંચનારને ઓળખતાં વાર નહિ લાગે.

એ પુરૂષ તે આપણો તરૂણ યોધ્ધો હતો. જેને વાંચનાર ગજેંદ્રસિંહના નામથી પણ પિછાણે છે તેની જીંદગીમાં આજે ઘારફેર થવાનું સજ્જત હતું. આ ફેરફાર કેવા પ્રકારનો થવાનો છે, તેની ચિન્તામાં તેના મગજ પર દબાણ હતું, અને એ દબાણને લીધે તે આજે ગભરાટમાં હતો. રાજ્યકન્યાની સાથે લગ્ન કરવાની રગઝગ અમાત્ય મંડળમાં થઇ ચૂકી હતી. રાજ્યકન્યાએ પોતાના પિતા સમાને પ્રતાપસિંહની પાસે નીચે પ્રમાણે ગજેંદ્રસિંહ પ્રત્યેનો પોતાનો પ્રેમ જાહેર કીધો હતો.

"પિતાજી

છતે પિતાએ આપે પિતા સમાન મારૂં અને મારી પ્રજાનું રક્ષણ કરવાનો પ્રયત્ન કીધો છે, તેથી આપ મારા પિતાજીજ છો. અને આપ પણ મને એવી રીતે બોલવા-ચલવાની-વર્તવાની પરવાનગી આપશો.

પિતાજી! સંસાર-વ્યહવારમાં પડવાનો મારો વખત હવે ભરાઇ ગયો છે, પણ સ્નેહ ભાવના વગર આંધળીઆં કરીને અંધારા કુવામાં પડવાને હું રાજી નથી. મનનો વેગ રોકવાને મનુષ્ય માત્ર અશક્ત છે. પિતાજી પાસેથી મન મૂકીને માગી લેવું એ પૂત્ર-પૂત્રીનો ધર્મ છે. તેથી હું પણ મર્યાદા મૂકીને આપની પાસે મારા સંસારનું સુખ માગી લઉં છું. આપ જાણો છો કે નીચ અને ઉચ એ માત્ર માણસાઇ મનની મલીનતા છે. ઉંચ કર્મથી ઉંચી પદવી પમાય છે, અને અધમ કર્મથી અધોગતી પમાય છે.

આપના વિજ્યી તરૂણ યોદ્ધા ગજેંદ્રસિંહના વીરત્વપણાને આપ વખાણોછો, એ વીરપુરૂષના વીરપરાક્રમની પરિક્ષા કરવાની તક મને મળી છેજ ને તેના બળવાન બાહુપર મોહ પામી છું, માટે આપ પિતાજી એ પ્રેમ મૂર્તિ સાથે મારો હસ્ત મેળાપ કરાવીને મને કૃતાર્થ કરશો એવી વિનય પૂર્વક મારી માગણી છે,"

આપની બાલિકા,

રંભા કુમારી.

આ વાત પ્રતાપસિંહને ગળે ઉતરી. પ્રેમ પાત્રને અરસપરસ જોડવી દેવાનો તેણે મનનો

પ્રયત્ન કીધો, અને મણિપુરના માનતંગી મહારાજાને તથા બગીરદારોને અને તાલુકદારોને સમજાવી લેવાને માટે આજે રાજ્યમહાલયમાં સભા બોલાવી હતી. તેમાં અરસપરસ અનેક વાદ-વિવાદ થયા જૂના વર્ગના અને નવા વર્ગના અમીરો વચ્ચે વિવાદો ચાલ્યા. કુલ પર મોહ પામેલાં કુળાભિમાનીઓને કળા કૌશલ્ય તાથી પારધીએ સમજાવી લીધા ને આ વિકટ કામ અંતે પાર પડ્યું

પ્રતાપસીંહજીના પટાવત તરૂણ યોધ્ધા ઉર્ફે ગજેંદ્ર સિંહને તેની રાજ્ય સેવા ને રાજ્યભક્તિના શિરપાવમાં રાજ્યકન્યાનું ઇનામ આપવાનું સર્વાનુમતે ઠરાવ્યું. તેના સમાચાર ભાલાદાર સ્વારની મારફતે તરૂણ યોધ્ધાએ સાંભળ્યાં, ત્યારે તેને સંપુર્ણ સંતોષ થયો. સ્વર્ગ સુખનાં તેને સ્વપ્નાં આવતાં હતાં, તે હવે સાચાં પડ્યાં, તેમ પોતાના સ્નેહીને બગલગીરી કરીને પોતાની આંખમાંથી હર્ષાશ્રુ પાડ્યાં.

આ શુભ વાર્તા મણિપુરમાં વાયુ વેગે પ્રસરી ગઇ તેથી ઘણાંકને આશ્ચર્ય લાગ્યું ને ઘણાંકને આનંદ થયો. લગ્ન દિવસ નક્કી કરવામાં આવ્યો. રાજ્ય મંદિરના વિશાળ ચોકમાં મંડપ બંધાયો ને મંગળ લગ્ન મુહુર્ત જોષીઓ પાસે જોવડાવવામાં આવ્યું. આ લગ્નોત્સવમાં બીજાં એવાં એક લગ્નથી વધારો કરવામાં આવ્યો.

સરહદપરના પ્રાચિન કિલ્લાના વૃદ્ધ સરદાર માનસિંહની માનિતી કન્યા સાથે ભાલાદાર સરદારના લગ્નનું પણ મુકરર કીધું. ભાલાદાર સરદારે લુટારાના હાથમાંથી સરદાર કન્યાનું રક્ષણ કીધું હતું. એ એક શૂરવિર પૂરૂષને શોભે એવું કાર્ય હતું. અને એ કાર્યથી કિલ્લાનો સરદાર સંતોષ પામ્યો હતો. તેણે પોતાની પૂત્રિ અને ભાલાદાર સરદારના સ્નેહની પરિક્ષા કરીને નિજ કન્યાનો હાથ આપવાની આ શુભ તક સાધી લીધી, તેથી ઉત્સાહમાં વધારો થયો. લગ્નના દિવસે આખી નગરીમાં ધામધુમ મચી રહી. મણિપુરે સ્વર્ગપુરીનું રૂપ લીધું. દરબાર ખર્ચથી શહેરી જનને મનમાનતા મિષ્ટાનો આરોગાવ્યા. બ્રાહ્મણોને અને અંદિજનોને દાન-દક્ષિણાને ઇનામો આપીને બહુ બહુ પ્રસન્ન કીધા. મણિપુરના મહારાજાએ પોતાને હાથે ગજેંદ્રને કન્યાદાન દીધું. ભૂદેવોએ "દીર્ઘાયુષ્ય થાઓ" એવો વર—વધુને આશિર્વાદ દીધો. પ્રતાપગઢના પારધીએ હાથ ધરણામાં રાજ્ય કન્યાને હાથી, ઘોડાને, હીરા મોતીહાર અર્પણ કર્યા. સુવર્ણના પુષ્પોની વૃષ્ટિ થઇ. ગીતો ગવાયાં, દેવોએ પુષ્પ વૃષ્ટિ કરી, દુંદભી ગડગડયાં, તોપોની ગર્જના થઇ રાત્રીએ રોશની કરવામાં આવી. આતસબાજીની રમત થઇ. ગરીબોને અન્ન વસ્ત્ર મળ્યાં. એક સપ્ત વારીયું આવો આનંદ-ઉત્સવ મણીપુરમાં છવાઇ રહ્યો.

પ્રતાપગઢના પ્રતાપસિંહજીને લાયક માણસોને લાયક પુરૂષોના લાયક ઇનામો દીધાં. તરૂણ યોદ્ધાની માફક તીરંદાજને તરૂણી પ્રાપ્ત કરવાની ઇચ્છા નહતી; તેથી ગજેંદ્રસિંહની. ભલામણથી ભલાને ભોળા આ રાજ્યભક્ત પુરૂષને ત્રાંબાને પત્રે એક ગામ બક્ષિસ કરવામાં આવ્યું, તેથી તેને પણ તૃપ્તિ થઇ.

રાજ્યકન્યા હૃદયમાં રાજીથઇ. તરૂણપુરૂષ ઉર્ફે ગજેંદ્રસિંહને સ્વર્ગસુખ પ્રાપ્ત થયું. "સ્નેહનું ફળ વર્ગ" તે હવે તેણે સાચું માન્યું. "કરણી એવી પાર ઉતરણી એ કહેવત સાચી ઠરી. રાજ્યકન્યાના પ્રમુખપણા નીચે રાજ્ય કારોબાર ચાલતો થયો. ગજેંદ્રસિંહે એ કારોબારમાં ગજા માફક મદદ કરવાનું કામ માથે લીધું. એટલે રાજ્ય ગાડું નિયમીત પણે ગડગડવા લાગ્યું. રૈયતને મનથી રામ રાજ્ય મળ્યું. સર્વત્ર શાંતિ પ્રસરી ન્યાયના કરનારા ન્યાયકર્તા ને રાજ્ય ચલાવનારા રાજ્ય ચલાવતા. ભાલાદાર સરદારને મણીપુરનો સેનાપતિ બનાવવામાં આવ્યો તેથી તેણે

સેનાની સરદારી હાથમાં લઇને મણીપુરના સંસ્થાનનું રક્ષણ કરવા માંડયું. આવી શાંતિ પ્રસારીને પ્રતાપગઢના પારધીએ હવે પોતાના પાયતખ્ત ભણી જવાની ઇચ્છા કરી. તેના હાથમાં હવે કાંઇજ કામ રહ્યું નહોતું, તેથી તેણે પોતાના દેશ-તંબુ ઉઠાવીને પ્રતાપગઢનો રસ્તો લીધો. રાજ્યકુંવરીને પારધીની જૂદાઇથી લાગી આવ્યું. તેના સરદારોએ અને સામંતોએ તથા પ્રજાજનોએ પારધીનો ઉપકાર માન્યો. સેનાને વિદાય કરવાને રાજ્યકન્યાને ગજેંદ્રસિંહ તથા સરદાર અને પૂરજનો હાઠભાઠ સહીત સરહદ સુધી પધાર્યા. જૂદા પડતી વખતે અરસ પરસ ભેટ્યા ભેટયા અને આનંદની સાથે યશનો ડંકો વજડાવીને પારધીની સેના વિદાય થઇ વિદાય કરનારાઓ મણિપુર ભણી પાછાં ફર્યા, અને પોતપોતાનાં કામકાજમાં પડયાં.

દૈવની ગતિ ન્યારી છે. દૈવ ધારે છે, તે કરવાને શક્તિવાન છે. "લંકાની લાડી ને વેધાનો વર" એ કહેવત યથાર્થ છે. ભાવી લેખ ફળીભૂત થાય છે.

હવે આપણે રાજ્યકન્યાને અને તરૂણ યોદ્ધા ઉર્ફે ગજેંદ્રસિંહને સ્વર્ગનું સુખ ભોગવતાં, રાજ્યમંદિરમાં છુટા મુકીને રજા લઇશું.

વાંચનાર! તું પણ તૃપ્ત થયો હોઇશ, તારી પણ રજા માગું છું, રામ! રામ!

હરમીસનાં કીર્ત્તનો

મીનાઇ મજાદુ"—

(પાક અર્પો જરથુસ્ત્ર તથા અદુરામજદાની ભક્તિભાવના ગાયનો નોટેશન સાથે) કીમત આના ૪.

"મધુરિકા"—

(માને સુબોધ સંગિતની રંગીત રચના તરજુમો સાથે) કીમત આનો ૬૨.

"કથાની કિર્તન"—

(માને ગર્શાસ્પ, ગાહ જમશેદ અને મુદ્દાકનું દાસતાન-સંગિત) કીમત ૪ આના.

"સગન સંગિત"—

(નવલેત, લગનના સર્વ સગન, વરસ ગાંઠ, તથા શુભ પ્રસંગના ગાયનો) -નોટેશન સાથે- કીમત આના ૬.

"રેહુખરે રોશની"—

(અર્પો જરથુસ્ત્રનું જન્મ વૃત્તાંત, બેત તથા સંગિત-નોટેશન સાથે) કિંમત આના ૮.

મળવાનું ઠેકાણું—

મી૦ હોરમસજી શો૦ મીસ્ત્રી,

ડોન સ્ટુડીયો, ગોવાલીયા ટેંક રોડ મુંબાઇ.

ભેંસના શીંગ ભેંસને ભારી.

સોનેરી ટોળીનું પ્રાકમ.

એક ટુંકી વાર્ત્તા.

ગુલશન માટે ખાસ.

વાંદરા ખાતે આવેલું ડાકટર જનલ અરદેશર નાણાવટી એલ. એમ. એન્ડ એસ નું મકાન સાદું પણ સગવડ ભર્યું અને લગાર ટ્રીમદ્રાક હતું. બજારને નાકે આવેલું હોવાથી લોકોનું ધ્યાન તે પહેલી નજરે ખેંચતું હતું. મકાન નવુંજ રંગેલું હોવા સાથે કાળા મોટા અક્ષરોના બે ત્રણ પાંટયાં ગરીબોને રોળા ફાડી જોવા માટેના સાધન રૂપ હતાં. મકાનનો બાહ્ય દેખાવ સારો હતો તેમ અંદર બાનેથી પણ તે લગાર ભપકા ભર્યું હતું. કોઇ રીટાયર્ડ થયલા યુરોપ્યનનાં બંગલાનું ફરનીચર ડાકટરે લીલાવમાં વેચાતુ લઇ મકાનને પોતાના વિચાર મુજબનું સ્ટાઇલીશ કીધું હતું. પ્રેકટીસ હાલ તુરત તો ઠીક ઠીક હતી પણ આગળ વધવાનો દરેક સંભવ હતો. ડાકટરનો ભોળો, નિર્દોષને હસતો ચહેરો જ્યાં પણ જતો ત્યાં અજબ શાંતિ પાંથરી ઉત્સાહ ફેલાવતો હતો. ડાકટરને જોતાંજ દર્દિને કરાર થઇ જતો હતો. તે ધીરજથી હકીકત સાંભળતો હતો. ગમે તેવા લાંબા ટાહેલાંની દરકાર ન કરતો હોવાથી સટાકા મારતી કોલઇઓ અને પીસાઇઓનો તે માનિતો હતો. પાલીહીલ પર નાં બોડાંઠ રેશમી ગ્રાહકો ડાકટરને ત્યાં હતાં પણ દર્દિઓનો મોટો ભાગ ફલુસ માણસનો હોવાથી પોતાની જીંદગીનું ગાડું ગબડાવતાં કેવી મુસ્કેલી નડતી હતી તે તો ફકત ડાકટરનું જીગરજ જાણતું હતું.

ડાકટરનું સૌથી માનિતું ને માતબર ઘરાક લખેશ્રી ખા. બા. જમશેદજી દેવીસન અવારનવાર ડાકટરને ત્યાં ગમે ત્યારે આવી ટાહેલાં કરતા હતા. ડાકટર આ ચિકાસદાર ઘરાકને ખુશ ખુશ રાખતો હતો કેમકે તેની મોટી જાહેરખબર હોવા સાથે મુંબઇની વેપારી બજારની હકીકત તેમજ મુંબઇ અને વાંદરાની સંસારી બાબતોની ખબર મેળવવાનુ અચ્છું સાધન હતું.

એક દહાડો તેઓ વાતોના તડાકા મારતા બેઠા હતા તેવામાં વાંદરા–માહીમ–સાષ્ટી ટ્રામ કંપનીની વાત નીકળી કે તે ચીકાસદાર ઘરાકે ડોકું ધુણાવતાં કહ્યું,

નહી ડાકટર એ સાથે તમારે ચેડાં કાઢવાં નહી !'

'કેમ?' સવાલ થયો. 'તમારી મરજી નથી તો પછી માંડી વાળીશું.'

'પૈસા!' તે શ્રીમંત ઘરાક સમજાવવા લાગ્યો 'પૈસા આ દુન્યામાં જેમ આબાદીની નિશાન છે તેમ તે નાશનું બીજ છે. પૈસાથી ઉસ્તુ પણ ઉસ્તાદમાં ખપે છે ને પૈસાની ગરમી માણસ જાતનાં ભેજાને અજબ તેજ આપે છે.....આ ટ્રામ કંપની વાળી યોજના બહુ ઉપયોગી છે ને તેમાં મોટા નફા થવાની વકકી છે લોકો તેની શેરો ફકત વિશ્વાસ પર લેવા જાયછે. બધી બોલ બાલા જાહેર ખબરોની છે. કુંજ પુંજ વાળો પ્રશ્ન

એમાં નાનું રોકી સારૂ વ્યાજ મેળવી શકે છે? કંપની સ્થાપનાર તરીકે 'ખા૦ બા૦' માણેકજી દલાલનું નામ બહાર આવ્યું છે. આ માણસ જબરા સટોડીયા તરીકે બજારમાં ઓળખાય છે. પેપરોમાં ગયા શનીવારે જ તેનો ફોટો પ્રગટ થયેલો તમે જોયો હશે. પહેલાં તો ધુમ ધડાકે કામ ચાલ્યું હતું પણ ગયે મહીને બધુ કરજ ભુંસ થઇ જનાર હતું તેટલામાં રા૦ બા૦ મંગલદાસ નથુ-ભાઇ વચ્ચે પડયો.'

'એ રા૦ બા૦ મંગલદાસ નથુભાઇ કોણ છે?'

'એ કોઇ અજમેર તરફનો વાણીયો છે. જબરો કોંટીબાજ છે. વેપલો તો લાખોથીજ કરે છે પણ એના દુશ્મનો તો કહેછે કે લીસાબ બધો કોરે પાને મતુનો છે. એ કહેવાતો શ્રીમંત વાણીયો હજી આવી બાબતમાં વચ્ચે પડતાં કહે છે કે લોકો ને જબરો સંતોષ થયોછે વાત બહાર આવી છે કે સર મંગળદાસ પોતે આ યોજનામાં પોતાના દસ લાખ રૂપ્યાની રકમ રોકનાર છે.'

"દસલાખ!" તે જવાન ડાકટર પટપટયો ને પોતાની ટેબલ પર મુકેલા એક સુંદર નાજનીનના ફોટો પર નજર ફેંકી તે વિચારવા લાગ્યો 'ઓ ખુદા! મને એ દસના એકજ લાખ બલકે તેનું બી પા મળે તો!...ઓહ, તોજ ગુલના બાપ મને કબુલ કરી હમેને સુખી કરી શકશે.'

"કંપનીની વિગત અચ્છી લાગી જાય છે ને લોકોનો સેહેલ વિશ્વાસ ખેંચી શકે છે' તે ધરાકે જણાવ્યું. 'પણ.....આહ, હયો ડાકટર, કોઇ બોલાવવા આવ્યું છે?'

'ખુદા ખેર કરે!' ડાકટર જે થાકીને લુસ થયેલો હતો તે ખરાં ટાણે પટપટયો.

ડાકટર પોતાના દવાખાનામાં ગયો તેણે ઝડપ-થી ટેલીફોન હાથમાં લીધો ને ઝડપથી તૈયાર થયો.

"મી. રોબીસન તમારી ગણત્રી ચાલ્યી હરી છે, હું જબરી પાછો ઝવેરીલ પાલીહીલ પર રહેતા રા૦ બા૦ મંગળદાસ નથુભાઇ ગુજર્યા છે ને મને બોલાવે છે...ગાડી, છોકરૂ...એકદમ!"

પાંચ મિનિટમાં તો તે ગાડીમાં પોતાના. ઇમરજન્સી બેગ સાથે બેઠો ને ગાડી પાલીહીલ પર જવા ઉપડી. સર મંગળદાસ આજ બે મહિના થયાં વાંદરા બાતેના એક એકાંત, ભવ્ય બંગલા-માં આવી વસ્યો હતો.

પંદર મિનિટમાં ડાકટરની ગાડી રા૦ બા૦ મંગળદાસના બંગલામાં જઇ ઉભી અને ડાકટર બેગ લઇ અંદર ગયો નીચે ઉંઘતા એક પોર્ટરે માળપર જવાની સુચના કીધી. માળપર ચઢતાં એક એસ્કો હિંદુ જવાન ડાકટરને મલ્યો.

'મારા ભાઇ ગુજરી ગયા!' તે લીટ કાઢતો! ને આંખો લુછતો ડચકા ખાતો બોલ્યો.

"રા૦ બા૦ મંગળદાસના. તમે ભાઈ!" સવાલ થયો.

'હા જી, હું નાનો ભાઇ! દ્વારકાદાસ....., ભાઈ, આજે તો બહુ સારી પેઠે હતા. હમે વાતો કરતા હતા તેટલામાં તેઓ પોતાની ખુરસીમાં ઢળી બેઠા ને પાછા પડી ગયા. બીજી પલે બે ડગલાં ભાઇ તેમણે પોતાનો પ્રાણ મુકી દીધો!'

મોત અને તે વેળાની આફતનો મોટો અનુ-ભવ ડાકટરને હતો. ભાઇ જેવો ભાઇ મરી ગયો હતો પણ આ બાઇને જવાબે ગમ હોય તેમ ડા-કટરને જણાયો નહિ. ડાકટરે દ્વારકાદાસ તરફ ટીપી ટીપીને જોયું પણ તે તો મોટે રૂમાલ ઢાંકી, ડોકું નીચું કરી બેઠો હતો.

"તમો હુસ્યારી રાખો, ભાઇ!" તેણે તે જવાનને ધીરજ આપી. મને તેમની આગળ લઇ જાઓ.. તમો શાંત રહેજો...બહુ બાંડી જેવી ચીજ તો નજ હશે...બ્લડપ્રેશર બારી બેગમાં છે. તમો બેસો ભાઇ આહ! હવે ઠીક થયાને? ચાલો મને લઇ જાઓ!"

તે જવાન હવે ઉઠયો ને લથડતે પગલે તેને બાજુમાંના એક ઓરડામાં લઇ ગયો કે જ્યાં બી-

છાના પર તે શબ પડેલું હતું. ધોતીયાને શર્ટ પર જ તે મરનાર હતો. તે મરનાર લાંબો ને ખુબ્બર દેખાવનો હતો. મોતે કશી પણ બરાબ અસર તેના ચહેરામાં કરી ન હતી. તે ચહેરો ઘણોજ શાંત ને ભવ્ય દેખાતો હતો. તે સાર સાર ભરી ગયો હતો ને સંદંતર ઠંડો ગાર હતો

ડાકટર જલે તે મરનારને બરાબર તપાસ્યો ને પછી દ્વારકાદાસ તરફ ફરીને પૂછ્યું.

'એ ઓ ક્યારે ગુજર્યા...સદંતર ઠંડા છે!'

' કલાકેક થઇ ગયો!' ઓ મારા નથુભાઇરે ની પોક મુકતો તે જવાન રડતો રડતો બોલ્યો 'કલાકથી વધારે બી હોય મને બરાબર યાદ નથી પણ—

'ત્યારે મને અત્યારે બોલાવવાનું કારણ શું?' ડાકટરે અત્યંત થતાં સવાલ કર્યો તેની ખાતરી હતી કે મરણ કલાકો આગમજનું થયું હતું. અલબત્ત માણસની પ્રકૃતિ પર બધો આધાર રહેતો હતો છતાં કલાકેક પરજ તે મરણ થયું હોય તેમ કશું લાગતું નહતું.

' ઓ...હું શું કરું...ઓ, હું તો મરી ગીયો રે બાપ!...બાપલા વગરનો થયોરે બાપા!...ઓ બાપ!... હાય હાય!... હવે શું કરું... ડાકટર સાહેબ, હું તો મરી ગીઓ જો!... ડાકટર, તમે મરણની સરટીફીકેટ તો આપશોની?'

' મને તેમ કરવાની સત્તા છે' ડાકટરે ચોખ્ખું જણાવ્યું, ' મરણ આગમજ હું આવ્યો હોત તો ખુશીથી તેમ કરત પણ હવે તો મને બીક છે કે મરનારની લાસ તપાસવી પડશે!'

તે સાંભળતાંજ દ્વારકાદાસ પોકે પોક મુકી રોયો,

" તમે ત્યાં એકલાજ છો?" ડાકટરે અનંતમીમાં સવાલ કર્યો.

" બધા નોકરો આજે સીનેમા જોવા બાઇની રજા લઇને ગયા છે; પણ હવડાં આવશે"

' આજેજ સમીસાંજે એ બધા ગયા એ બરોબર કમનસીબી છે,'

દ્વારકાદાસે રડતાં રડતાં ડાકટર તરફ ટગર ટગર જોયું. તેણે દડદડ આંસુ બેરવતાં કહ્યું,

' બધા આવશે પણ મારા ભાઇને શું કામના ...: ઓ મારા બાપ!'

" હું દીલગીર છું .... મારે ત્યાં ઘરાકો રાહ જોતાં હશે. હું તમો માટે શું કરું?... તમોને એકલા છોડવા ગમતું નથી," આ પછી થોડીક સમજ આપી ડાકટર ફર્યો,

દ્વારકાદાસે ફી તરીકે એક નોટ આગળ કરી પણ ડાકટરે ગમે તેવી બહેંસ છતાં તે કબુલ કરી નહિ,

" હું કાંઇ ઉપાય અજમાવતે તો ફી લેતે!' ડાકટરે છેવટનો ચુકાદો આપ્યો.

' કયારે તપાસ થશે, ડાકટર?'

" કાલે થશે " ઘણોજ દીલસોજ જવાબ મલ્યો, ' તમારે પોલીસને ખબર આપવી પડશે. તમે જણાવશો ને જરૂર પડશે : તો હું પોતે લાસને તપાસીશ,'

' ત્યારે તમે પાછા તો નહિ આવવાના કે?'

' ભાઇ, તમો જો દરેક ગોઠવણ કરી શકતા હોયતો પછી મારૂં શું કામ છે?... તમારા મિત્રોને બોલાવશો ને?'

'હાજી, હું બધાને બોલાવીશ...મારા ભાઇનું નામ બહુ જાણીતું છે...કેસ, ડાકટર, તકલીફ માફ કરજો!' દીલાસાના કાંઇક શબ્દો બબડી ડાકટરે રૂખસદ લીધી.

દવાખાનામાં જતાંજ મી૰ દેવીસનને ત્યાં બેઠેલા તેણે જોયાં.

'તે મરી ગયો કે?' તેમણે કહ્યું: 'બા ખુદા, કાલે એ બબર ફેલાતાં આપણી ટ્રામ કંપનીના ભાવ બબરમાં સદંતર બગડી જશે.'

' કારણ?'

' કારણ પેલાના દશ લાખ આવશે નહિ ને? હજારો ગરીબ બાપડાઓ મારી જશે ને જેમ જાય તેમ પોતાનાં શેરો પુષ્કળ મારશે!'

'રા૦ બા૦ મંગલદાસ ગોરો ને લાંબો છે.'

'કોણ? મેં તેને જોયેલો. ભડો ફરમે ડુંબા જેવો...કાળી ચામડીનો અલમસ્ત છે! પાંચમે દહાડે મને મળ્યો તો!'

'તે તો પાતળો ને ગોરો છે!'

'કેમ બને?...બનવા જોગ છે. માણસ મરતાં અવળ ફેરવાઈ જાય છે...એમ તો મારો ભાઈ મરતી વખતે...'

'હું તે જાણું છું પણ...'

'પણ શું, ડાક્ટર?'

'મને માફ કરજો, મી૦ દેવીસન. મારે પાછું જવું છે.'

'ઓલરાઇટ, ડાક્ટર...ડાક્ટરનો ધંધોજ એવો છે. ભલા, પાછું જવાનું કાંઈ કારણ?'

'હું તે કાલે જણાવીશ.'

'કાલે આપણે સાથે જમીશું...ટા...ટા!'

ડાક્ટર જાલ બીજી વીકેટોમાં બોલાવી મંગાવી પર ઝડપે રા૦ બા૦ મંગલદાસને બંગલે ગયો. દરવાજામાં જતાંજ ખબર કાઢવા આવેલા પોલીસના સીપાઇને તેણે જોયો. ઝડકુ કદમે તે બાળપર ગયો કે એસ્કીટાટ થયલો એક નોકર તેને સામો મળ્યો.

ડાક્ટરને જોતાંજ તેનો ચહેરો ફીકકો પચ પડી ગયો.

'હું ડાક્ટર છું' તેણે જણાવ્યું. 'મી૦ દ્વારકાંદાસ ક્યાં છે?'

'મોટા રોડના ઓરડામાં. કોઇને તેઓ અંદર જવા દેતા નથી...શબની આજળ તેઓજ બેઠલા છે.'

"શું બન્યું છે તે તમોને ખબર મળી છે?'

"હાંજી...નાના રોડ બહાર આવ્યા હતા ને હમેને ગમખ્વાર ખબર કહી, અંદર જવાની સાફ મનાઈ કરી પાછા ત્યાંજ ગયા છે.'

'હું અંદર જઇશ' ડાક્ટરે જણાવ્યું, અને બારણું પાસેથી ધકેલી તે અંદર ગયો.

દ્વારકાંદાસ આ વેળા બારીએ ઉભો રહી જાણે કોઇની રાહ જોતો હોય તેમ લાગતો હતો. ઓરડામાં એક ખુણે એક મીનબત્તી ઝાંખો ઉજાસ આપતી બળતી હતી; બાકી ત્યાં અંધકાર હતો.

તે શબ હજી બીછાનાં પરજ હતું.

ડાક્ટરને અંદર આવતા જોતાં દ્વારકાંદાસ ચમકી ઉઠયો. ડાક્ટરે તો મજબુતથી બારણાંને કળ દઇ કુંચી પોતાના ગજવામાં મુકી. તેઓ એકમેકને હવે ડોળા ફુરકતા ઉભા.

'દ્વારકાદાસ, આ તમારા ભાઇ નથી' ડાક્ટરે આબાદ તીર માર્યો.

આ સાંભળતાંજ તે જવાન ચોંકયો. બરો પણ ટગર ટગર જોતો ચુપ રહયો.

'રા૦ બા૦ મંગલદાસ નથુભાઇ હજી જીવતા છે' ડાક્ટરે ઉમેર્યું.

'જૂ હું...સદંતર જૂ હું!' તે દાંત કચકચાવ તો બોલ્યો 'આ મારા ભાઇ સર મંગલદાસનુંજ શબ છે.'

ડાક્ટરે કશો જવાબ કર્યો નહિ.

તે ધ્યાનથી સાંભળવા સાથે ડાક્ટરને પણ જોતો હતો. બીજી પળે કોઇ દિવાલ પર થઇને ઉપર આવતું હોય તેવો અવાજ બંન્નેના કાન પર પડયો

દ્વારકાંદાસ હવે બાજુમાંની ટેબલ આગળ ગયો ને તેનાં બાનામાંથી એક બરેટી પીસ્તોલ બહાર કાઢી. ડાક્ટર જે તેની પૂઠજ હતો ને જેની નજર બાનામાંની બીજી પીસ્તોલ પર પડી હતી તેણે હકીમત વાપરી "કોણ" કરી સવાલ પુછયો કે જવાબને દ્વારકાંદાસ બારી આગળ દોડયો ડાક્ટરે ટેબલમાંની બીજી પીસ્તોલ હાથમાં પકડી. દ્વારકાંદાસ પોતાની પીસ્તોલ ફગાવે તે પહેલાં તેણે ડાક્ટરના હાથમાંની પીસ્તોલ પોતાની સામે તાકેલી જોઇ.

'જોતો ખાલી છે' તે ગમગરાટમાં પુકાર્યો

'જોયું' ડાક્ટરે જણાવ્યું.

તેજ પળે કોઇનો હાથ બારીપર પડયો કે દ્વારકાદાસ આગળ આવ્યો ને દાંત કચકચાવતો બોલ્યો.

'સંભાળ ! આ આવે છે તે તારો બાપ તને પળવારમાં કચડી નાખશે. તેને કામ કરતાં તું જો જરાએ અટકાવશે તો પરમાત્માના સોગંદથી કહી શકે કું તને તેજ પળે વિંધી નાંખીશ.'

'આહા!' ડાકટર ચીરડાયો 'તમારી મહોકાણ શું છે તે હું જાણતો નથી પણ મારે તે હાં રહી જોવી છે.'

દ્વારકાદાસ ચાહત તો ડાકટર પર હુમલો કરી શકત પણ તેનામાં તેટલી હિંમત નહતી. તે પ્રપંચી હતો પણ સામે ડોળા ધુરકી ઉભેલાં મોત ને જોતાંજ તે ઠંડોગાર થઈ ગયો હતો; અને ડાકટર !...આહ ! તે તો આજે કાંઇ અજબ રંગમાં આવેલો હતો. તેને મોતની ધાસ્તીજ ન હતી.

એક કદાવર અંગનો કાળો મોટી મુછનો ને સહેજ ઉંધકતા રંગનો સખ્સ અંદર આવ્યો. તેની આંખો માંથી ગોયા આતશ ચમકારા મારી રહયો હતો.

'દાસ, તું કયાં છે ?.....બત્તી કેમ રાખી છે?' તે અંદર આવતાં સમેત પૂકાર્યો 'દશ મિનિટ પર મે તે જોઇતી. તું કયાં છે?'

'કોઇ બીજે હયાં છે, માણેકજી શેઠ'

તે સખ્સ હવે તેઓ તરફ ફર્યો. તેની હીલ ચાલો ઝડપી ને ચપળ હતી. તેની આંખોમાં ખુન વેરવી આવ્યું હતું.

'આ સખ્સે બોલાવેલો હું ડાકટર છું ડાકટર જાને બોલાવો કર્યો 'ભલા કહેશો કે આ બધી ધમાલ શાની છે ?'

'ઓ તારી! એમ છે કે !' તે નવો આવનાર જે કોઇજ પણ ટ્રામવેની યોજના વાળો ખા. સા. માણેકજી દલાલ હતો તેણે સીપલાસ કીધો 'ભલા કહેશો કે ડાકટરો કયારથી પીસ્તોલો સાથે રાખવા લાગ્યા છે ?'

'બોલાવો લંગાન છે ને હાલ બીનજરૂરી છે' ડાકટરે જણાવ્યું.

'વેલ, તેમ છે. તોએ ફીકર નહિ આપની હાં હાજરીની જરૂર નથી. તમે રાજ તો જોયું છેને ? પધારી આવો, સાહેબજી !'

'હું હાંથી જવાનો નથી' ડાકટરે જણાવ્યું 'હું જોઉં છું કે તમો હથ્યાર વગર છો. મારી પાસે પીસ્તોલ છે તેનો ઉપયોગ હું કરું તો આ તમારા દ્વારકાદાસ પોતાની પીસ્તોલનો ઉપયોગ મારા પર કર્યા વગર રહે નહિ; એટલે હમો બંને એક સરખી હાલતમાં છીએ. ભલા, મને કહેશો કે તમારી શી મતલબ છે ?

'માણેકજી શેઠ, એમો પાગી ગયા છ !' દાસે પોતાના ઉસ્તાદના કાનમાં કહ્યું.

'બદમાશ !' દાંતો વચ્ચેથી કચકચતો અવાજ નીકલ્યો.

'હું જોઉં છ કે તમે મરણની ખબર બહાર પાડવાની ખાસ કરીને દોડાદોડી કરવામાં આવી છે. ભલા, આટલી બધી ઉતાવળ શા માટે?'

ઉસ્તાદ અને ચેલો બંન્ને એકમેકને જોવા લાગ્યા. ત્યાંથી તેમની નજર શખ્સ પર ફરી અને તે પછી માણેકજીના દાવપેચ ખેલવા માંડયો.

'બાબા, જાને દો . તમો કાંઇ ઉલ્લુના પટ્ઠા નથી કે—'

'યેંક્સ' ડાકટરે જણાવ્યું

'તમે જોતા હશો કે હાંની તમારી હાજરી અણગમતી છે' ધીમો સીપલાસ થયો.

'એ સા—નું ગળું ભચડી નાંખો !' દ્વારકાદાસ બરાડયા

'ચાલ, ચાલ, છોકરી...એ શું વાત કરેછ!' ઉસ્તાદે ચેલાને શીખ આપી.

'વાજબી કહ્યું' ડાકટર બોલ્યો. 'મારફાડ હાં કામ કરી શકે તેમ નથી.'

તેજપળે બારણું ઉઘડયું ને ફરીએ હુંબ્બા જેવો જાડો ને કાળી ચામડીનો કદાવર હિંદુ ત્યાં આવ્યો. મી૰ ટેવીસનના કહેવા મુજબનો આ નવો આવનાર હોવાથી ડાકટરે તેને શે૰ બ્બા૰ મંગલદાસ તરીકે ઓળખ્યો.

'કેમ, એ શું છે રે?' તેણે સવાલ કર્યો.

'બાંધ, તમે નોકરોની નજરે તો પડયા નથી ને? તમે તો પરલોકવાસી થયા છો!' ડારકાંદાસે જણાવ્યું.

માણેકજીભાએ હવે ટુંકામાં બોલાસો કર્યો કે રા૦ બા૦ મંગલદાસે ધ્યાનથી ડાકટરને જોવા માંડયો.

'બેસો, શેઠ, બેસો' મંગલદાસે ધીમેથી કહ્યું. 'ચાલો બધા બેસી જાઓ. આખી રાત હવે કોના બાપની છે?

તેઓ બેઠા પણ માણેકજીભા છેડાઇ પડયા.

'મારે આખી રાત કામ છે. દરેક પળ જોખમ ભરી છે.'

'ત્યારે, તમે તમારું કામ કરો, ભાઇ!'

ઓરડામાં અંધકાર હતો પણ મીનબત્તીના ઝાંખા પ્રકાશમાં ત્યાં શું બનતું હતું તે ડાકટર સહેલ જોઇ શકતો હતો. માણેકજીએ તે મુદ્દાના કપડાં કાઢી નાંખ્યાં ને એક ચાદર લપેટી તે જડ થયલાં શરીરને બળે માર્યું અને બારી વાટે નીચે ઉતરવા માંડયું.

ડાકટરે બારી આગળ જતાં જોયું તો દોરડાંનો એક કામ ચલાઉ દાદર હતો જે પર થઇને તે થોડ્યો નીચે ગુમ થઇ ગયો હતો. પીઠ પાછળથી રખે દુશ્મનો ધાંય કરી ડાકટર ફુગ્યો તો તેણે તે બંને હિંદુઓને પોતાની તરફ ટગરટગર ટીકતા જોયા.

'હવે બેસો શેઠ' મંગલદાસ બાઇની લપ સપી ગાલી. 'તમે ડાકટર છો ને વળી જવાન છો એટલે ફલુસ મારીસજ હશો. પૈસાની તમોને જરૂર છે ને! યાર, દુનિયા કયાં પૈસા વગર છે. પૈસાથી મન ગમતી બૈરી પરણાય છે ને ગાઢેલું સુખ મેળવી શકાય છે, વેલ, તમે જો રાજી હોવ તો 'સેવક' તમોને બે પૈસાનું મોઢું જોવાનું મળે એવી હાલતમાં મુકવા તૈયાર છે!

'બોશ...પૈસાની કોને દરકાર છે?' ડાકટરે તંગડી ઉંચી કીધી જોને કે તેજ વેળા તેને યાદ આવ્યું કે ગુલના બાપે તેની પાસે દસથી પંદર હજારની રકમ થતાં તેમને પરણાવી આપવા કબુલ્યું હતું.

'એ હેહેહે, શેઠ! એમ ન કરો!' તે બંનાનો બાપેલ હસતો હસતો બોલ્યો, 'અરે શેઠ, પૈસા તો આ દુન્યા છે. પૈસે માણસ જીવે છે ને અમર્ગ થાય છે ને પૈસે તે હિમતી બને ડહાપણું ભર્યો બને છે. પૈસા વગરની જીંદગી તુચ્છ છે. પૈસાના મહોતાજોજ પૈસાની દરકાર કરતાં નથી પણ એકવાર તેમને પૈસા મેળવવા દયોને પછી જુઓ... વેલ, ડાકટર, હું તમો સાથે સદંતર બલોને બોલો થનાર છું; કેમકે' તેણે હસીને ઉમેર્યું, 'મને તેમ કરવાની ફરજ પડે છે!'

'વેલ લુકહીયર પ્લીઝ' એક મિનટ દમ ખાવા થોભી તેણે ચલાવ્યું, 'પાંદરા-માહીમ-સાષ્ટિ ટ્રામ કંપનીની ખબર તો તમે જાણી હશોજ. આ કંપનીનો સ્થાપક મારો મિત્ર બા૦ બા૦ માણેકજી દલાલ છે. તેના શેરો તરફ પહેલાં તો સાધારણ સ્થિતિવાળાઓ સાદી સંખ્યામાં ખેંચાયા હતા પણ પાછળથી લોકોનો વિશ્વાસ ઉઠી ગયો. તેવામાં આ સદાસમાં મારું નામ જોડવામાં આવ્યું. ડાકટર, તમે દવા આપી શકો એટલે બજારની ખબર તમોને હોયજ નહિ. મારું નામ દરેક સદાસ સાથે જોડાય છે અને એ ખુશી વાત જણાયલી છે કે સધ્ધર કંપની વગર હું કોઇ સાથે સંબંધજ રાખતો નથી. વેલ, આ કંપનીના શેરો વૃદ્ધ દમ સદાસ વિનાના હતા પણ મારાં નામની બરકતે ને દમ બાદેર ખબરની કરામતને બદ્દ સારી હાલત પર આવ્યા છે. તમોને એટલું જોઇતું હતું. લોકોની આ શેરોપર તડાપડ પડે છે જોને કે હું તો હજી જોડાયો નથી અને વેલ, તેમ થવાનો મારો વિચાર પણ નથી કેમકે આવતી કાલે. સવારે

પેપર ખોલતાં લોકો મારાં મરણની ખબર જાણશે.

અને ત્યાં તે કહેવાતો શાહ સોદાગર ફોર પણે હસી પડયા.

'હું મરી ગયો છું તેની ખબર સંપેપરોને મળી ચુકી છે. આવતી કાલે બજારમાં ગભરાટ ફેલાઇ જશે ને શેરના ભાવ ગગડી જશે. મધ્યમ વર્ગ હંમેશાં ગાભરો બની જાય છે તેમ આ વેળા ગભરાઇ જે આપે તે લઇ તે પોતાનો શેર વેચી નાંખશે. બે એક દિવસ ગભરાટ ચાલુ રાખી મારો આ બીરાદર ભલતાં નામે ખરીદશે. બીજા દિવસ પછી પેપરોમાં ખબર આવશે કે નાહક પ્રજાને બનાવવામાં આવી હતી. તમે સમજી ગયાને શેઠ ? હમોને પ્રજાનો વીશ લાખ તો મળી ચુકયા છે આ વીશ લાખના શેરો હમો પાછા બેકાદ બે લાખમાં લઇ લઇશું. કંપની બોટમાં કામ કરે તેમ છે જ નહી. ધારેલી રકમમાં શેરો મળી જવા બાદ હું દાણઠામાંના ભુતની પેઠે બહાર આવીશ ને મારાં ભલાં નામ સામે એવાં ધાંતકી ચેહાં કાઢવા માટે હું ધુમ ધડાકા કરી દુનિયાને સંડાઇથી આંજી નાંખીશ.'

તે ડાકટર તો આ પ્રપંચ કથાને સાંભળતો બેઠો.

'તું જો હુશીયારીથી કામ કરશે તો તારો બેહડો પાર ઉતરશે' તેણે તે ભલા જવાનને કુસલાવ્યો. 'આવતી કાલે તપાસ થનાર છે ને? ત્યાં જો તું તારી અંગત બાતરી નં સહી આપશે તો શ૦ બા૦ મંગલદાસને સાંજનાજ સહેલાઇથી ટુંકી દઇ શકાશે'

"શું આપશો...રકમ જણાવો ? ડાકટર લાલચના લોભમાં લપટાતો બોલ્યો. વ્હાલી ગુલનો ચહેરો તેની નજર સામે આવી જાણે તેને ઉશ્કેરતો હતો.

" સહી કરવાની બાતરી આપવા તું કબુલશે તો કાલે તારા નામે બેંકમાં પાંચ હજાર જમા થશે ને બીજા વીસ હજાર એક મહીનામાં તારે નામે હપ્તે હપ્તે જમા થશે"—

'પણ જોખમ'—

'સાંભળ' મંગલદાસે જોયું કે બિલ્લુ બરાબર દાવમાં ઉતર્યો હતો એટલે કાંઇક ગંભીર બનતાં તેણે કહ્યું 'જોખમ કાંઇ બાજો મને જણાતો નથી. બાજોકજી જે શબ્દ ઉપાડી ગયો છે તે આજે મરણ પામેલા એક હિંદુનું છે. તેની બૈરીને પૈસાની લાલચ આપી આ મુડદું ખરીદવામાં આવ્યું છે. તેને મારાં કપડાં પહેરાવી લાં રાખવામાં આવ્યું હતું. હાલ તે પાછું તેને મકાને લઇ જવામાં આવ્યું છે કે જ્યાંથી તેનો સહવાર ના દાટવા લઇ જવામાં આવશે. આ મુડદું બળતું જ દટાશે એવી ગોઠવણ થઇ છે. દાટયા પછી એક કલાકે તે પાછું બોદી કઢાશે ને હયાં લાવી ફરી પાછું તેને રા૦ બા૦ મંગલદાસ તરીકે બોળ બાવવામા આવશે...અલબત્ત જોખમ તો છે મરો પણ તે જીવ જોખો નથી. જોખી શખ્સ મને ઓળખતો હશે તેને આ મુડદું બનાવવામાં આવશે જ નહિ. પોલીસને પણ હાથમાં લીધી છે ને મારા નોકરોને પણ દુર કર્યા છે. સાંજના મારા શબને બાળવાનો તમારી સહી ને બાંતરીથી હુકમ થશે કે મને પુંકી મુકવામાં આવશે...બને હવડાં મકામમાં આવતાં, બહારથી મારાં મરણની ખબર જણાવવામાં આવી હતી'

ડાકટર તો સુનો સાવજ બની ગયો પણ તે ગાતસ્સ. બ્યાલિશ્યુ તો એટ બલ્લ જેવો. રોમ રોમ હોક મટમટાવીને બોલતો હતો.

'તમે તમારા બાઇને સંડોવો૭ ?' સવાલ થયો

'બાઇ સાથે મને સાઠ કયાં છે ! હમે તો આજ વર્ષોના મરાયલા છીએ. મારો બાઇ તો હાલ હમારે દેશ છે. હું બહારથી જીવતો બાછો ફરીશ ત્યારે મારા બાઇપર બરાડપર મરાડ પાડી શ ને કોર્ટમાં વટીક બેંચીશ પણ તે બેથીબી પુરવાર કરશે એટલે બદમાશોનો હું ભોગ થયો હતો એવું માની લોક પોતાની મેળે દપટ પડશે. બહાર આવ્યા પછી મારો વિચાર એકાદ બે વર્ષ યુરોપ અમેરીકાની સફેલ કરી આવવાનો છે.

ડાક્ટર ઢચુપચુ થયો. તે ભયાનક લાલચ તેને સારૂ સાફ પુસલાવવા લાગી.

'પચાસ હજાર રૂપ્યા!' તે હાથ મસલતો બોલ્યો.

'હા, જો તમે ખાતરી આપો સહી કરો તો એ રકમ તમારીજ છે. વેલ, એક ચીજ યાદ રાખો કે તમારે જે તે હવડાંજ નકકી કરવાનું છે કેમકે મારે આજ રાતે ગોકળણ મુજબ ક્યાંથી દુરદરાજ નીકળી જવાનું છે.'

માણેકજી ફરી પાછો બારી વાટે અંદર આવ્યો ને ડાક્ટર વિચારના વમળમાં વિંટલાયો. તેના જીગરમાં જબરી લડત ચાલતી જણાતી હતી.

'આ તમારૂં બહુ લડલડતું કાવતું છે!' તે આખરે બોલી ઉઠયો. 'તેમ થતાં હજારો પાયમાલ થશે!'

'પણ તને પચાસ હજાર મળી શકશે ને? એટલામાં તું લાડી ને વાડી બેળવી શકશે!'

'હા, તેમ કાંઇ છે ખરૂં! એ રકમ આવતાં હું પરણી શકીશ!' ડાક્ટરે એકરાર કરી દીધો.

ઘડમાળમાં દયનો ટકોરો પડયો. મંગલદાસ હવે ઉઠયો.

'મારે જવું જોઇએ' તે બડબડયો.

'તમારી બેગ તૈયાર છે' દ્વારકાદાસે જણાવ્યું. મંગલદાસે કપડાં પહેર્યાં અને હવે જવા ઉભો. માણેકજી પણ ઉભો થયો. તેઓ ડાક્ટર તરફ કરડી નજરે જોવા લાગ્યા.

'ઓલો ભલા' મંગલદાસ હવે કાંઇક બીજવાતો ચીંગવાયો. 'મારે બાર વાગતેનો બેસ પકડવો છે. ત્યાં રહેવામાં માલ નથી. બોલો, શું કહો છો!'

'કબુલ કર, પોપા, કબુલ કર!' માણેકજી તરાયો. તેનો ચહેરો વિકાળ ભુંડા જેવો થઇ ગયો હતો.

ડાક્ટરે જોયું કે તે જબરી આફતમાં આવી ગયો હતો. તે ના પાડે તો તેને જીવતો છોડવામાં આવે તેમ નહતું. ભય જોતાં તે જબરત થઇ ગયો ને કુનેહથી કામ લેવાની તેણે જરૂર હોવાથી તે મીઠાસથી બોલ્યો,

'હું એકદમ કબુલી શકતો નથી. મારે વિચાર કરવો જોઇએ. તમારે હવાંથી બહાર નીકળીજ જવું હોય તો મારે દવાખાને કેમ નહિ આવતા?'

'તું એકલોજ છે કે?' માણેકજીએ તરાડને પૂછયું.

'હા' કંઉ કહેનારનો જવાબ મળ્યો. 'મારો નોકર તો કયારનો સૂઇ ગયો હશે.'

તેઓએ હવે ધુસપુસ કરવા માંડી.

'ઓલરાઇટ ડાક્ટર' મંગલદાસે નરમ બનતાં કહ્યું. 'તમો સીધા ત્યાંથી જાઓ. નોકરો તમોને જુએ તેમ કરજો. હમો માણેકજી સાથે બારી વાટે આવીશું ને ગલીને નાકે તમોને મળીશું"

ડાક્ટર ઝડપ કદમે બહાર પડયો. નોકરોએ શેઠના સમાચાર પૂછ્યા પણ કશો જવાબ આપ્યા વિના તે ચાલ્યો ગયો. બહાર તેની વિકટોર્યા ઉભેલી હતી તેને પુરતું દામ ચાપી ખુશમદ કીધી અને વિચાર કરતો તે તે ગલી તરફ ઉપર્યો. તે હજી બહુ ઢચુપચુ હતો.

ગલી આગળ મંગલદાસને માણેકજી તેને મળ્યા અને બંન્ને વચ્ચે રકી તે પોતાને દવાખાને ગયો. રસ્તામાં ચાલતાં તેનાં ગજવામાં તેનો હાથ ગયો અને ત્યાં પડેલી પીસ્તોલ ધ્યાનમાં આવતાં તેને કાંઇક સબ્યારો મળ્યો, તેની ખાતરી હતી કે જો તે તે કાવત્રામાં ન જોડાય તો તેને જીવતો રહેવાનો કશો ચાન્સ હતો નહિ.

બારણું બોલી તેઓ અંદર પેઠા ને ડાક્ટરે માળપર ચઢવા માંડયું.

'માળપર કાં?' માનેકજી તરાયો.

'કેમકે આ મારો ખાનગી ઓરડો અને બહુ

પવિત્ર છે ! ત્યાં હું કાળું મોઢું કરું જ નહિ ! ' ડાકટરે હસીને કહ્યું.

તેઓ બાળપર ડાકટરનાં મુવાનો ઓરડામાં ગયા. ડાકટરે વ્હીસ્કીની ડીકાંટરને થોડીક બીસ્કીટ તથા સોડા ને ગ્લાસો મુકયાં કે તે બે દયાહિણોએ આઠ આઠ આંગળી પોતાનાં મુકાં ટસ ગળાંમાં હોમી પોતાનાં તન બદનને અસાધારણ ગરમી આપી.

એક પળ સુધી તેઓ ચુપ રહયા. તે પછી સર મંગલદાસે આગળ આવી કહ્યું,

' ડાકટર, હવે તમો સમજ્યા હશો કે આપણો મામલો ટોચે આવી ગયો છે એમાંથી છટકવું મહાલ છે. બોલો, હવે શું કહો છો' તેની પીસતોલ ટેબલ પર હતી. ડાકટરના મનના વિચારો પામી જતાં તેણે કહ્યું, ' ગજવામાંથી મહેરબાની કરી ને હાથ બહાર કાઢો ! '

તેજ પળે નીચેનો ચંગ જોરશમાં વાગ્યો.

' નહિ ' માણેકજી બરાડયો. ' ના જ્યો. તમારો નોકર ચુતીયો હશે તો કોઇ કમબખ્ત ચંગ ફોડી ફોડીને જશે ! '

' કોઇ બરાક હશે, બરફ વગર રાત્રે આવે નહિ ' ડાકટરે તકરાર લીધી.

' નહિ તો તમારી છુપી ઇશારતથી આવતો કોઇ મદદગાર તો નથીને? ' મંગલદાસ બબાલ્યા

' તમોમાંથી એકજણ મારી સાથે આવી ખાતરી કરો ' ડાકટરે સુચના કરી. ' ચંગ વગાડયા કરશે તો મારો નોકર ઉઠીને મને તેડવા ત્યાં આવશે.'

' તેમ છે તો માનેકજી તું એમની સાથે જા ' હુકમ છુટયો.

તેઓ બને નીચે ઉતર્યા.

' ડાકટર, ખબરદાર.....કોઇ દાવ પેચ ચાલશે નહિ ! ' માનેકજીએ ઉતરતાં ઉતરતાં ડાકટરને બબડાવ્યો.

બારણું ઉઘાડતાં તેઓએ એક પારસી બાનુને અર્ધ દુ રેટ ડરેસમાં સજ્જ થઇ અધીરાઇથી રાહ જોતી જોઇ. બહાર રસ્તાપર તેણીની ગાડી ઉભેલી હતી.

' જાલ ' તેણી ડાકટરને જોતાંજ પુકારી.

' ગુલ ! ' ડાકટર અજાયબ થતો બોલ્યો ' તું ત્યાં.....હવડાં ! '

' તારી સાથે કોણ છે? ' તેણી દયામણા અવાજે બોલી ' હું—હું— મારે તને કાંઇ કહેવું છે.

' મારી ભવિષ્યની વાઇફ ' ડાકટરે ધીમેથી માનેકજી જણાવ્યું કે તેણે તરત જણાવ્યું,

' તેમ છે તો તમો મળો. હું ત્યાંજ થોભીશ ''

ડાકટર ગુલને લઇ પોતાના ઓફીસમાં ગયો ને માનેકજીઆ ડાકટર પોબાર ગયો નહિ તે માટે દરવાજા આગળ કરારને જઇ ખુરસી ખેંચી બેઠો ને વિચારવા લાગ્યો,

' આહ ! એ પોરી વખતસર આવીછ. એને કબુલ કરતાં હવે વાર લાગશે નહિ ! નસીબ દેવી હમોને ખરેજ મદદ કરે છે. ડાકટર બરફ સીસામાં ઉતરવાનો ! '

એકલાં પડતાં તે વહાલાંઓ એકમેકને વળગી પડયાં ને બે મિનિટ સુધી—આહ ! તમોને તેનો અનુભવ હોવો જોઇએ.

' હું તો વાડમાવાળાને ત્યાં જમવા ગઇતી ત્યાંજ મેં જાણ્યું કે બીચારા પપા એકદમ ગરીબ થઇ ગયા છે. પપાતો બીચારા ઘરે ગયા છે પણ મને ચેન નહિ પડવાથી તને મળવા આવી છે; તું જાણેછ ડીઅર, કે પપા પૈસાની બાબતમાં સખ્ત છે ;પણ નસીબ કહેવું તે કોઇએ એવનને સટ્ટો કરવા સમજાવ્યા. તે ટ્રામ્વે કંપની ના શેરોનો મોટો સટ્ટો કીધો. કલાકેકપર તેમને ખબર મળી કે તે કંપનીને ધરખમ મદદ કરવાની આશા આપનાર રા૦ બા૦ મંગળદાસ નથુભાઇ ગુજર પામ્યા છે. તે સાંભળતાંજ પપાએ માથું કુટયું. તેનાં મરણથી પપાને શું નુકશાન થાય તે

હું સમજી શકતી નથી. અત્યાર સુધી પપાએ તેને ગરીબાઇને લીધે ના કહ્યું હતું પણ હવે હમો ગરીબ થયાં છીએ એટલે હુંજ તને—

'ગુલ'

'ઓ હવે હમે શું કરશું ? પૈસા ગયા તો બર જહાનમ પણ—'

'ગુલ ! મારા જાન ! હું જાણું છું કે તને કચ્ચડીભચડી મારી ફ્રાસોથી તને ગુંગળાવું...પણ હાલ તેવો સમય નથી. મારે થોડી મિનિટ લંબાણ વાત કરવી છે. સાંભળ મને એ ટ્રામવેના સટ્ટાની ખબર મળીછ. મારાં ધારવા મુજબ ગરીબ વર્ગ સપડાવાનો છે.'

'પપા પણ તેમજ બોલ્યા. પપાનો તો વિચાર ન હતો રે પણ આ મંગલદાસની મહેરબાણ મંડાઇ તે પપા લલચાઇને ખાડામાં પડયા.'

'ગુલ, આવતી કાલે મંગલદાસનાં મરણની ખબર બહાર આવતાંજ બજારમાં ટ્રામવેના શેરો ગગડી જશે ને હજારો ગરીબો તેમજ તારા પપા જેવા બીજાઓ પાયમાલ થઇ જશે !

'ગરીબ બીચારા ! ખુદા તેમને બચાવો !'

ડાક્ટર તો હોઠ પીસતો વિચારમાં પડયો હતો. શું કરવું તેના તે ઠરાવપર આવવા માંગતો હતો.

'ગુલ, પપાએ મારી પાસે દસ હજારની રકમ શર્તાતને માટી સાથે પરણવાની આપના કબુલ્યું છે ને ?'

'હા...પણ દસ હજારની રકમ ને ?'

'દસ હજાર !'

'જરા વિચાર કર' તે જવાન આતુર ચહેરે બોલ્યો. 'ધાર કે મારી પાસે દસ હજાર ન હોય છતાં હું પપાને આ સટ્ટાના પંજામાંથી બચાવું તો તેઓ આપણને પરણાવશે !'

'જરૂર...પપાને જરૂર સમજાવીશું !... મારા જાન !' તેણી તેને વળગતી કરગરી.' ઓ મારા જાન...તું શું પપાને બચાવશે ?...ખુદા કરે ને તેમ બને !—તેમ થાય તો પપા ના કહેશે તો હું બહેંસપર લગન કરસ—તું જેવો ભલો, બહાલોને પ્રમાણિક બીજો કોણ છે ? તારી ભલાઇ, સચ્ચાઇને પાક નીતિ—રીતિ માટે તો હું તને અખંડ પ્યારથી ચાહું છું !'

અને તેણીના હોઠો તેના હોઠો સાથે વળગતાંજ પૈસાનો લોભ ઉડી ગયો.

'સાંભળ, મારા જાન' તે હવે બોલ્યો 'અને મને કશીએ સવાલ પૂછતી ના. તેં મને ખરેજ સ્વર્ગ બતાવ્યું છે. તું અહીંથી જલદી જા ને તુરત પાછી ફર. ગાડી દુર રાખજે ને પગે ચાલીને આવજે...બહારના દરવાજાની આ મારી કુંચી તું રાખ...બાળપર મારા ઓરડા આગળ આવી તેનાં બારણાંમાંથી જેમી વાતચીત થતી હોય તે સાંભળજે. તે સાંભળ્યા પછી તું ઉતરી જજે ને પપા તથા તેમના બે એક મિત્રોને લઇને ત્યાં પાછી આવજે. આ સાહેબોને રીવોલ્વર સાથે લાવવા જણાવજે.

'બરાબર સાડા અગ્યારને સુમારે બધા અહીં હોય તેમ કરજે. હવે, જા.....જરા દયાપણું મોંહ કરજે ને રડતી હોય તેમ આંખ પર રૂમાલ રાખજે.'

તેણે જેવું બારણું બોલ્યું કે તેણે માણેકજીને અધિરો પડી તેઓ તરફ આવતાં જોયો. તે છોકરી પોતાના બહાલાની સુચના મુજબ આંખે રૂમાલ દાબી ડાબી બાજી બહાર ગઇ ને ડાક્ટરનો અવાજ માણેકજીને સંભળાયો,

'નહિ, ડીયર, તારે આવવું નહતું. આટલું બધું મોડે કદી તારે આવવું નહિ.'

બહાર જઇ ડાક્ટરે તેણીને ગાડીમાં બેસાડીને હાથ દાબી તેણીને ચેતાવી.

'કાંઇક બાયકું છે !' ડાક્ટર અંદર આવતાં માણેકજીએ હોઠ મટમટાવ્યો. 'તમે કેમ પરણતા નહિ ડાક્ટર ? ડાક્ટરે તો બાસ કરીને પરણવુંજ જોઇએ.'

'પૈસા મ્હાં ચૂલામાંથી લાવું!' ડાકટર કડવાસથી બોલ્યો.

'આ શું પચીસ હજાર મળવાના છે તે!'

'બાહ! .....મને લલચાવો ના!'

'ડાકટર...ડાકટર, મોની બા...એમાંજ ફાયદો છે...તને ચુપ રહેતાં અડચણ શી છે? પૈસા લેને તારી માનિતી વ્હાલીને પરણી આવ!'

'આહ! હું ઇચ્છું છું કે તેમ કરું!' ડાકટરે અર્ધ કબુલ કર્યું.

માળ પર ચઢતાં માણેકજીભાનો જીવ ખુશ થયેલો જણાયો.

'કેમ? મંગલદાસનો તરારો થયો.

'ડાકટર સાહેબ અડધા કબુલ થયા છે' માણેકજીએ જણાવ્યું.

'અડધાથી વધારે!' ડાકટરે જણાવ્યું.

ફરી પાછી વ્હીસ્કીની બાટલી પાસ કરવામાં આવી. ડાકટરે નામને ખાતર ઘોડો લીધો પણ તેમના પહરોણાઓએ તો બરાબર ઘનસાફ આપ્યો.

ડાકટર આતુરતાથી કાંઇક સાંભળવા માંગતો હોય તેમ જણાયો. ગાડીનો સહજ અવાજ તેના તલ કાનો પર પડયો.

'બારણું ઢાંકો!' ડાકટરે ફરમાસ કરી.

'બીહેછ?' મંગલદાસે અટકા કીધા પણ તેની ઇશારત થતાં માણેકજીએ બારણું ઢાંકયું ને ત્રણે ખુરશી ખેંચી બેઠા.

ડાકટરે બારણાંની નજીકમાં જગ્યા લીધી. મંગલદાસ પોતાની પાસે ટેબલ પર પીસ્તોલનો ઘોડો ચડાવી મુકીને બેઠો.

"અને હવે ગ્રહસ્થો" ડાકટરે સહેજ મોટા અવાજે બારણાંની બહાર સંભળાય તેમ બોલવા માંડયું 'મારે નકકી વિચારપર આવવા માટે આ બનાવની વિગતોનું પુનરાવર્તન કરવાની જરૂર છે. તેમ થતાં શા કારણે હું તમો સાથે જોડાઉં તે નકકી કરવાનું મને બની આવશે. તમો શેઠ રા૦ બા૦ મંગલદાસ નથુભાઇ છો અને આ શેઠયા બા૦ સા૦ માણેકજી દલાલ છે કે જેઓ વાંદરા-માહીમ-સાષ્ટી ટ્રામને કંપનીના સ્થાપક છે. રા૦ બા૦ મંગલદાસે જાહેર કર્યું કે તમારી આ યોજનાને તેઓ દશ લાખની ધરખમ મદદ કરનાર છે. આ જાહેરાતથી બી૦ દલાલની યોજનાને મોટું રૂપ મળ્યું છે. હવે તમે બંને વચ્ચે એવી ગોઠવણ થઇ છે કે જેની ફરજે તમો મંગળદાસ ગુજર પામ્યા છો. આ વિગત જાહેર થતાં તમારા શેરોના ભાવો ગગડી જશે અને તમોને તમારાં કોઇ પુછ્યાં મારફતે ઓછી કીમતે પાછા ખરીદી લેવાની તક મળશે. ખરીદી પછી મંગલદાસ જીવતા થશેને પોતાનાં નામ સાથે આવાં ચેડાં કાઢવા કોઇકોને કોર્ટે વટીક ખેંચશે. મંગળદાસ જીવતા છે એવું જાહેર થતાં કંપની ના શેરોના ભાવ પાછા ટોચે જશે એટલે તમો તમારા શેરો મોટે નફે વેચી શકશો, અને ગડબડ સડબડમાં લાખોનો તડાકો મારી જશો.'

"તમે કોઇનું મુદ્દું ખરીદયું છે જેને મંગલદાસ તરીકે ઓળખાવવામાં આવશે. મારે તમારાં મરણની સરટીફીકેટ આપવી પડશે કે જેથી તમોપર ચુંથણું પડતાં અટકે. મારી સરટીફીકેટને આધારે તમે સાફ સાફ છટકી જઇ લાખોનો તડાકો મારવા માંગો છો. મારી ચુપકીદીની કિમંત તરીકે તમો મને પચીસ હજારની રકમ આપવા કબુલો છો. આજ વિગત છે ને?'

'બરાબર' કહ્યું.'

'પણ ડાકટર એ બધાં ટાહેલાંની શી જરૂર છે?'

'ઓલરાઇટ' ડાકટરે કબુલ્યું 'તમારી જ્યારે એવીજ ઇચ્છા છે તો વધુ બોલવાની જરૂર નથી. મારે જે કહેવું હતું તે મેં કહયું છે. પચીસ હજારની રકમ કોઇ નાંખી દેવા જેવી નથી. હું ઇચ્છું છું કે તમે તેમાં કાંઇક વધારો કર્યો હોત...ફીકર નહિ હું તમો પર વધુ દબાન નથી કરવા માંગતો. વેલ,

મંગલદાસ આપ કેટલાક બાદ દિવસ પાછા ફરવા માંગો છો ?'

'ચોથે કે પાંચમે દિવસે!' તે નાતરસ વર હસી ને બોલ્યો.

'પેપરોમાં હમો જાહેર કરીશું કે એઓ તબ્યતને સર નીકળી ગયા હતા, એટલે કોઇ પણ પેપર એમના વાંચવામાં આવ્યું નહતું' તે શેઠના પુત્રોએ બોલાસો કર્યો 'એમ અવારનવાર થોડા દિવસ એકાંત વાસમાં ગુજારવાની એમને તબેદ પડેલી છે. પેપરોમાં એમનું જીવનવૃતાંત આપવામાં આવ્યું છે તેમાં આ બાબત ખાસ કરીને દર્શાવવામાં આવી છે.'

ડાક્ટર પણ આ સાંભળતાં તે કંગાળોની સાથે હસી પડયો. ઓરડામાંનાં ઘડીયાલમાં અગ્યારનો ટકોરો પડયો.

'ચાલો, હું હવે જલ્દી જઇશ' મંગલદાસે ઘડીયાલ તરફ જોતાં જણાવ્યું 'મારે બહાર વધુ દેખાવ આપવો નથી. કાંઈબી બાબતનો બોલાસો થયો ન હોય. તો તે હવડાંજ કરી હયો.'

ઘણીઘણી વિગતો બહાર આવી. તકરારમાં અડધો કલાક નીકળી ગયો. તેમની વાતો પુરી થાય તે આગમજ બારણાપર ટકોરા પડયા.

તેઓ ચોંકયા. મંગલદાસભાઇનો હાથ પીસ્તોલ પર ગયો પણ પોતાની બેવકૂફાઈ પર હસી તે કાળો થગુક થઈ જોવા લાગ્યો.

'મારાં-મમ્મા હશે!' ડાક્ટર પટપટયો. 'બીચારાનો જીવ મારી પર બહુ છે. મને કોઢી કરશે નહિ ત્યાં તુલીક પોદશે નહિ...મારાં મમ્મા તે બહેબરાં મમ્મા છે...એવાં માય તો કોઇનાંજ થાય...મારે બારણું બોલવુંજ પડશે. ઓલ રાઇટ...મમ્મા...હું આવ્યો...બારણું બોલું છું... એ તો મારા ફ્રેન્ડસો છે.'

'ઝાપ કરીને ઉભાસીને બહારથીજ પતાવ!' મંગલદાસ તરડાયો.

'કદાચ અંદર આવશે...કમબખત પીસ્તોલ હાની બેદી મુકી છ?...કાયનો દુકાળ આને પડશે!' અને ભારે ગુસ્સામાં તરડાઇ મંગલદાસ હાથ લંબાવે તે પહેલાં તે પીસ્તોલ ઉંચકી તેણે બાજુમાંના સોફાની નીચે મુકીને બારણું બોલ્યું.

બારણું ઉઘડતાંજ તેની વ્હાલી ગુલ, તેણીનો બાપ અને તેમના બે મિત્રો એક પારસી ને એક યુરોપ્યન અંદર આવ્યા.

'આ સોફા પર બેસ, ડીઅર' ગુલને તે પીસ્તોલવાળા સોફાપર બેસાડતાં ડાક્ટર હસ્યો.

મંગલદાસ તે તરફ ધસ્યો ને માનેકજી દલાલે બાંહે ચઢાવી. તેઓ કાંઇ કરે તે પહેલાં ડાક્ટરે પોતાનાં ગજવાંમાંથી પીસ્તોલ કાઢી તરડાઇને કહ્યું,

'ખબરદાર! હાથ ઉંચા કરો!'

'દલાલ શેઠ બેસી જાઓ!' મંગલદાસે કાંઇક વિચાર કર્યા બાદ જણાવ્યું. 'આ બદમાશોને બકવા દો!'

પણ તેનો ચહેરો કાળો થગુક મારી ગયો હતો ને તેનું પૂંછડું તો થરથર ધ્રુજતું હતું.

'રા૦ બા૦ મંગલદાસ!' તે યુરોપ્યન બોલ્યો. 'ટાઇમ્સ ઓફ ઇંડીયાનો હું સબ એડીટર છું...મારાં પેપર માટે સંપૂર્ણ વિગત લેવા હું આવ્યો છું...વેલ, ડાક્ટર, તમે કોઇ ખુલાસા-બાની કરશો?'

'જરા થોભો' દમ ખાઇ પોતાનું મુકું ટસ કુજ્જામાંનાં પાણીથી બાંજવતાં તેણે જણાવ્યું.

તેઓ બધા હકીકત થઇ ડાક્ટરની વિગત સાંભળવા લાગ્યા. કેવી રીતે તે લવચાયો હતો પણ ગુલની વાતથી દોરવાયો હતો તે જણાવ્યા વિના તેણે કહી દીધું. તેનો ચહેરો પરસેવે ગરકાવ થઇ ગયો હતો છતાં તે હસતો હતો. ગુલ તો તેનો હાથ બાવાથી પકડી તેના તરફ પ્યાર ભરી આંખોએ જોઇ રહી હતા. તેણીના બાપના આંખોમાં આંસુ હતા. પોતાના આ બહાદુર રક્ષક માટે તેને અભિમાન લેવા થયું. ને તેનો એકલાનો નહિ પણ હજારોનો અવતારનો હતો! આહ... દીકરા હોયતો તો એવાજ હોયતે!

'વેલ, હવે મારે વધુ કહેવાનું રહ્યું નથી!' તેણે જણાવ્યું. 'કેવી રીતે હું લાલચમાં ફસ્યો હતો અને તેમાંથી બચી ગયો છું તે મેં તમોને જણાવ્યું છે. તમો સાહેબોને હવે જે જોઇએ તે યોગ્ય મસલેહત કરી નક્કી કરો. બનતાં સુધી ઝાઝી ચકચાર કરવાની જરૂર નથી...ચાલ, ગુલ, હવે આપણું કામ નથી. જેવી રીતે હજારો ગરીબો આજે બચી ગયા છે તેવી રીતે આ શેઠયાઓ બચવા માંગતા હોય તો બચાવજો!'

અને જેવો ડાકટર બહાર જવા નીકળ્યો કે તેના બૂઢા સસરાએ ગુલનો હાથ તેના હાથમાં આપી બંન્નેને આશીષ દઇ, અજબ ખુશાલીમાં ગરકાવ કરી બહાર કાઢયાં.

વેલ, હવે લંબાવવામાં માલ નથી. રા. બા. મંગલદાસનો પ્રપંચ તેમને ભારી પડી ગયો. યોગ્ય વાટાઘાટ પછી રૂપ્યા એક લાખનો દંડ ભરી તેઓ ધનસાકની દેવડીએ ચઢતા બચી ગયા. આ દંડનો અડધો ભાગ ડાકટરને આપવાની માંગણી થઇ પણ તેણે ધસીને સાફ ના પાડતાં રા. બા. મંગલદાસને નામની મોટી મુફત હોસ્પીટલ સ્થાપવામાં આવી જેના વડા તબીબ તરીકે હમેશ માટે ડાકટર જોલ નાણાવટીને નેમવામાં આવ્યો. બીજે અઠવાડીયે ડાકટરનાં લગ્ન થયાં ને બૂઢાજી પોતાના બહાલાં બચ્ચાંઓને સુખમાં જોઇ જલ્દીથી આ જહાનથી કુચ કરી ગયા અને પોતાની દોલત તેમને સોંપી ગયા.

— ભાગલ્યા.

MELLIN'S FOOD

બચ્ચાંઓ અને બૂઢાંઓ માટે

હાથ લગાડયા વિનાનો

બચ્ચાંઓના જન્મથીજ તે બચ્ચાંને આપવા લાયક છે

તૈયાર છે

મેશર્સ. લેધામ એબર કોમ્બી એન્ડ કો, મુંબાઇ

માતાઓ માટે ખાસ:—"હિંદમાં નાનાં બચ્ચાંની સંભાળ"

ટપાલ ખરચનાં બે આના મળતાં હિંદમાં કોઇ પણ સરનામે મોકલીશું

લખો—મેસર્સ લેધામ એબર કોમ્બી એન્ડ કો, મુંબાઇ.

રિવ્યુ કોલમ.

મુશકીલ આસાન.

લખનાર—મી૦ જહાંગીર બે૦ મરઝબાન.

પ્રગટ કર્તા—મી૦ દીનશાહ એદલજી કરકરીયા.

મારા મિત્ર તે ટોંગસોંગવાળા મી. દીનશાહ કરકરીયાએ 'મુશકીલ આસાન' મારા હાથમાં મુકી અમે માટે તેનો ખાસ રિવ્યુ લખવાની ફરમાસ કરી ત્યારે ખરૂ કહીશ કે મારા ડોળા અસમાનમે ચઢી ગયા. યા અલ્લાહ! જેહાંગીર મરઝબાન જેવા ડાહ્યા પારસી લેખકોના પિતા સમાન લેખકના પુસ્તકનો રિવ્યુ હું લઉં! જબાનો બદલાયો ખરો! પણ નહિ. એ મારૂં બહાદુ નોશાકરૂં ઝીલ્યું વળ્યું તે કેમે કરતાં છુટે નહિ. મારા મિત્રની મહેરબાનીને ખાતર તેમજ એક વિખ્યાત લેખકના લેખનો રિવ્યુ લેવાના અભિમાનને ખાતર મેં હા પાડી, ગાજ્યે ગાજ્યું જાણી દીધું કે બાપા, કાંઈ કહ્યું પડે તો માફ કરજો. મારી પાસેથી બુટ પાલીશ મળશે નહિ.

રિવ્યુ લેતાં હું જે આડો અવળો ફાટતો હોઉં તો માફ કરશો પણ મને મળેલી આ તા " સામી રીતે લેતાં પરિણામ સંતોષકારક છે " ના લુખા હુકમ જેવા હજારોથી પતાવી દેવા જેવું નથી. મી. જેહાંગીર મરઝબાનને હું શરૂઆતમાં ડાહ્યા પારસી લેખકોના પિતા સમાન ઓળખાવી ગયો છું. આ મારી ગલ્તીના કારણે મારે જણાવવાની જરૂર છે.

અત્રેથી આગ્રાકાના જબાનામાં ચલીવલી રહેલા પત્રના જબાનાને કમાનાંથી ઉપાડી સીધા કરે એવા હલ્કાર મી૦ મરઝબાન છે. જો કે ઉમરમાં તો ઉમર નવર છે. આવી ખુબીઓ વચે સાહિત્યનું આવું ઉત્તમ જેમ ને જેવા પારસીઓમાં કવચિતજ જણાય છે. ચોવીસ વર્ષની જવાન વયે સાહિત્યના સાગરમાં ઝબોળવાં મારવાનું શરૂ કરી મી૦ મરઝબાને બીજાં ૪૮ વરસની મોટી મુદત ગુજરાતી ભાષાની ઉન્નતીમાં ગનરી ૨૮ પુસ્તકોની હારમાળા સાહિત્યને ભેટ કરી છે. આ સેવા નાની સુની નથી. યુનીફોર્મ સાઇઝનાં જુદાં જુદાં સાહિત્યને લગતા ૨૮ પુસ્તકો પ્રગટ કરી સાહિત્ય સાગરમાં પોતાનું નામ અમર કરનાર એવો પહેલોજ પારસી લેખક છે એમ જો હું કહીશ તો તેમાં કશી અતિશયોકતી નથી, અલબત કોઈ સાહેબ આ બાબે ચેલેંજ કરવા બહાર આવશે પણ મારૂં કહેવું તો એ છે કે વાર્તા, મુસાફરી તથા રમુજ વગેરે જુદાં જુદાં સાહિત્યના આવા મોટા સમુહ બહાર પાડનાર સૌથી પહેલા એવો છે. એમ તો કેટલાક પારસી નોવેલીસ્ટોના પુસ્તકો બીસ ચાલીસની સંખ્યા પર હશે—આ કીલ્લી પોતે મી૦ મરઝબાનનીજ ઉમરે સાહિત્યમા ડોળા ખાઇ ખાઇ તેમનાથી અર્ધો અર્ધ પુસ્તકો તેમની અડધી ઉમરે પ્રગટ કરવા શકતીવાન થયો છે પણ તે બધી પરકરી વાર્તાને લગતાં વમળમાંજ એટલે તેમની સરખામણી મી. મરઝબાનનાં જુદાં જુદાં પુસ્તકો સાથે કરવાની જરૂર નથી.

મી. મરઝબાનનું જીવન પારસી લેખકો માટે ખાસ કરીને અભ્યાસનિય છે. હું ખરાં જીવનથી જાણું છું કે પાંચ વરસ પહેલાં મી. મરઝબાને ગુજરાતી 'લીટરેચર' ની સેવામાં પગાર કરેલાં પચાસ રૂપીયા પુરા પગાર છે તો તે બોલ્યા જુબીલીનો લાભ લઇ કોઈ અજાણ્યા લેખક તરફથી એમની જીંદગીનું રસમય જીવનવૃત્તાંત બહાર પાડવામાં આવે. તેમ થતાં એક કાંકરે બે પક્ષી મારી શકો. પારસી લેખક મંડળ આ યોજનાના હાથમાં ન લે! ઉપરના લેખકોને તે એક મોટું બ્રહ્મનેત્વન થઇ પડશે. પણ હજી પાંચ

વર્ષનો વિલંબ છે. કોણે જોઇ કે કાલ કેવી છે. હા, બા ! હું સગનનો ગાંઠયો નથી-પચાસના સો વર્ષ મી. મરઝબાન સાહિત્ય સેવામાં ગુજરે એવું આપણે ઈચ્છીશું. વિધાતાના ફરમાન પર આ બધું છોડી આગળ વધતાં મી. મરઝબાનની જીંદગી સાથે સાહિત્યની સાંકળ કેવી રીતે જકડાયલી છે તથા નસીબ દેવીના વિચિત્ર ફાંટાઓએ કેવી રીતે પોતાની જળ તેમની આપાસ પાંથરેલી છે તે અત્રે રજુ કરવાની મને લાલચ થાય છે.

મી. મરઝબાને પોતાનાંજ કુટુંબી પેપર રાસ્ત ગોફ્તારમાં પોતાની લખાણબાજીની નાર ફંકારવી શરૂ કરી હતી. તે વખત આવાં ઉજ્વળ ભવિષ્યનો તેમને ગેબેજ ભાસ ન હશે, પણ પંકાયલા પારસી લેખક મરહુમ મી. કેખશરૂ કામાજીના હાથ નીચે પહેલા મદદનિશ તરીકે કામ કરતાં જરનાલીઝમનો ઉંચ ખ્યાલ તેમને મળ્યો હતો. રાસ્ત ગોફ્તારમાંથી નીકળી તેઓ ટાઇમ્સ ઓફ ઇંડયાના વિદ્વાન મેનેજર મી. ગીઅરીના એસીસ્ટંટ થયા અને મી. ગીઅરીએ મુંબઇ ગેઝેટ વેચાતું લીધું ત્યારે તેના તેઓ મેનેજર થયા. તે વેળા તેમણે જમે જમશેદમાં મી. શરાફ સાથે ભાગ કર્યો અને પાછળથી જમેના એકલા માલેક થયા. આ અરસામાં તેમણે એડવોકેટ ઓફ ઇંડીયા ખરીદી લીધું જે પાછળથી જમેને વધુ ખીલવવા તેમણે વેચી દીધું અને જમે સાથે ગપ-સપ પખવાડીક શરૂ કર્યું જે હજી સુધી ચાલે છે. ન્યુસપેપરો સાથે આવો મોટો સંબંધ ધરાવનાર તેઓ સૌથી પહેલા પારસી છે એમ જણાવવામાં ત્યારે કાંઇ ખોટું છે ? હવે જુઓ; નસીબદેવી કેવી વિચિત્રતા બતાવે છે. અલબત તે દેવી મી. મરઝબાનપર અતિ ઘણી પ્રસન્ન છે એ તો ઉઘડ વાત છે પણ તે સાથે સાથે નખરાંબાજ થવા પણ તે ચુકી નથી. મુંબઇ સમાચારની સ્થાપના કરનાર ગુજરાતી જરના લીઝમના પિતા સમાન ગણાતા મરહુમ શેઠ ફરદુનજી મરઝબાનજી તે મી જેહાંગીર મરઝબાનના બાપાવા હતા. આ પેપરની પોલીસી તે વેળાના પહેલા સર જમશેદજી જીજીભાઇ બેરોનેટની સામે જુદેશ ચલાવવાની હતી. આ કારણે સર જમશેદજી જીજીભાઇના પક્ષ તરફથી જમે જમશેદ, મુંબઇ સમાચાર સામે ધુલરો ચલાવવા સ્થાપન કરવામાં આવ્યું. નખરાં બાજ નસીબદેવીનો ગેબેજ હુકમ થયો કે જે ફરદુનજી મરઝબાનજી સામે જમે સ્થાપન થયું તેજ જમેના માલેક ફરદુનજી મરઝબાનજીનો નબીરો થયો ! મરહુમ શેઠ ફરદુનજી મરઝબાનજી ધંધામાં તારાજ થવાથી મુંબાઇ છોડી ગયા ત્યારે જમે જોરપર આવ્યું. આ જોઇ સમાચારના હિમાયતીઓએ મરહુમ જણીતા બાહોશ લેખક નવરોજી ચાનદારૂ પારસે મુંબઇ ચાબુક પ્રગટ કરાવ્યું. મરહુમ ચાનદારૂ હલકારના નામ હેઠળ પોતાના લેખો લખતા હતા. આ હલકારના લેખ જમેની વિરૂધ્ધ હતા તેજ જમેના હાલના બધી પતી મી. પીલમને હલકાર ગણાવવામાં આવે છે.

મુરાબ્રીલ આસાન એક ઘણી દીલચશ્પ વાર્તા છે જેમાંના કેટલાંક પાત્રો ખરેજ કમાલ કરે છે. માહીમના એક બંગલામાંથી આ વાર્તાનું વધુ રાઝ થાય છે. જુદાં જુદાં મથકોએ ફેરવી ફેરવી વાર્તા સુખી સેવટપર ખતમ થાય છે. કર ને ભોગવે એ આ વાર્તાનો સાર છે. જીંદગીમાં ઘણીક વાર દુષ્ટ માણસો કેવાં ફાવી જઇ પોતાના પ્રપંચો ફેલાવી શકે છે તે આ વાર્તામાંના મેહેરબાન નામના ઘણીના પાત્રપરથી પ્રગટ જણાય છે. આ બદમાશ પોતાના જેવાજ પાપી મદદગાર સાથે કેવાં કર્મિણ કામો કરે છે તે વાંચવા જોગ છે પણ આખર ઇનસાફની લાકડી તેમના પર ઉતર છે ને તેઓ પોતાની કરણીના ફેજે પુગે છે. તેહમીનું પાત્ર ઘણુ અચ્છું છે. સાચવટને ખાતર તે બાપડી કેટલું ખમે છે તે વાચતાં આપણી દયા ઉશકેરાય છે. તે જોગી પણ આકળી સ્વી વડીક બહાર કોરગાની ચાપલુસીપર અજબ અંજાઇ જાય છે. આવાજ બનાવો સંસારમાં આપણને ડગલે ને પગલે બનતા જણાય છે. દાદીબા મારતરનું પાત્ર એક સુદ્ધા પારસી જવાનને છાજતુ છે. પણ એનો બાપ મરે એ શાપુરજી મારતરનો ! જબરો સ્વાર્થનો સાથી ! પોતાના અંગાર તજેજ રોટલી ખેંચતા એવા ઘણા કનાસો આપણે જોઇએ છીએ કે જેઓ રીલસુફ ડાચું કરવા છતાં ઘરડે ઘડપણ પોતાનાં વર્ષો વેચવા જરાએ લજવાતા નથી. વાર્તાની હીરોઇન ખુરશીદનું પાત્ર ખરેજ દીલકશ છે. એક નિર્દોષ અબળા ભોળપણમાં કેવી એક ઉઠાઉગીરને હાથ ફસી જાય છે ને ફસી પડતાં પોતાના કુટુંબના નામને ખાતર કેવી આફતો સહન કરે છે તે જાણતાં ખરેજ આંખમાંથી આંસુઓ પડયા વિના રહેજ નહિ પણ આખરે તેણીની ધીરજનો બદલો તે મહાન બાપ આપે છે. સંકટ સમય આકળા પડી પોતાના જીવને બધુ હેરાન

પરેશાન ન કરતાં ધીરજથી તે સહન કરતાં પરમાત્માની કેવી મેહેર મેળવાય છે તે ગુરશેદનું પાત્ર અરેખુ સમજાવે છે. તેણીના પિતા નવાબ રાજ દારા-બજંગ જગરે ભેળા જણાય છે પણ મોટાઇની મસ્તી માં તુંદ બનેલો તે પારસી કેવો દયાહિણ બની પોતાના ફરજંદને ફકત પોતાની મોટાઇનો ટેક ઓછો ન થાય તે માટે દુઃખમાં સબડવા દે છે તે ખરેજ અફસોસકારક છે. બાલી ટંકરાઈમાં લુબ્ધ થઈ પોતાનાં બચ્ચાંઓને એક ભૂલને ખાતર ઓવાર નિવાર કરી પોતાને તેમજ બીજાઓને દુઃખી કરતાં એકદર શાખ્સો આપણે ચાલુ બનાવોમાં ઘણી વખત જોઇએ છે. એવા દયાહિણો કેવી રીતે પોતાના આત્માનું તારણ કરી શકે ?

મી મરઝબાનની સ્ટાઈલ અજબ મોહક છે. તેમાં રમુજ ટચકો ખુલ્લો જણાય છે. ગમે તેવાં ગંભીર લેખાણમાં પણ મી. મરઝબાનનો રમુજ ટચકો હોય છે. આ એક કુટુંબી વારસો છે. મી. પીલમમાં આ વારસાનો સારો અંશ ઉતરેલો જણાય છે. હું એક રીતે જોઇને વધુ ખુશી છું કે મી. મરઝબાને ઓરીજીનલ લેખક તરીકે પોતાને જાહેરમાં લાવવાનો દાવો કીધો નથી. આજ કાલ પારસીઓમાં કહેવાતા ઓરીજીનલ લેખક થવાનો ધખારો છે પણ ઓરીજીનલ લેખક કેવો ફતેહમંદ થાય છે તે જણાવવાની જરૂર નથી. મી. મરઝબાનના મુસાફરીનાં ઓરીજીનલ પુસ્તકો બાદ કરતાં તેમના ટાદુકા-ટુચકા ને વાર્તાના પુસ્તકો લઇશું તો જણાશે કે તેઓ એક ફરર્ટ કલાસ એડેપ્ટર છે. એડેપ્શન કરવું એ કાંઇ ખાવાનો ખેલ નથી. એક સારા એડેપ્ટરને કેટલી બધી મુશ્કેલી નડે છે તે તો જેઓ તેવાં કામ કરે છે તેજ બખર છે: બાકી આપણા સંસારની વાર્તા લઇ તેમાંના નામો પારસી નામોમાં ફેરવી તેને પારસી સંસારી વાર્તા તરીકે ઓળખાવવાની સરકસી કરવી એ સારૂ દેખાડત છે. કયારે જોવી ઓરીજીનલ વાર્તા કરતાં સારા એડેપ્ટેશન સંજોગ, સ્થિતિ અને વખતને અનુસરતું બદલવા જોગવા હોય છે. મારા જાણવામાં આવ્યું છે કે ' મુશ્કીલ આશાન ' નો પ્લોટ ત્રણ નાના નાના પુસ્તકો મેળવીને મી. મરઝબાને રચેલો છે, અને ઘણો ભાગ એવાના પોતાના અનુભવનો છે.

મુશ્કીલ આશાન મી. મરઝબાનનાં પુસ્તકોમાંનો સોનું છે જેમ જોનાર વધુ સ્ટાઈલીશ છે. ચોપડીનો ગેટ-અપ ફરર્ટ કલાસ છે. વેલ, જ્યાં આપણા " પારસી મારમીલન " સાહેબનો હાથ ફર્યો ત્યાં કચાસજ શેનો ?

આ પુસ્તકનો દીબાચો જાણીતા પારસી લેખક સમશુ ઓલમાં ડાકટર જીવનજી મોદીએ લખ્યો છે. પુસ્તકોના દીબાચા બીજાઓ પાસે લખાવવાની રૂઢી કાંઇક પસંદ કરવા જોગ છે. તેમ થતાં લેખકને અન્યોન્યાય મળે છે અને વાંચક વર્ગને પુસ્તક માટે તોલ કરવાનું બની આવે છે, અલબત તે દીબાચો સ્વતંત્ર હોવો જોઇએ, સમ. ઓ. ડાકટર જીવનજી ને કે વાર્તાનવેરા નથી છતાં એક લેખકબંધુ માટે જે કાંઇ તેમણે કર્યું છે તે ખરેજ તેમને માનભર્યું છે. સ. ઓ. ડાકટર જીવનજી પારસી લેખક મંડળના પ્રમુખ છે તેમને આ તકે એક યોગ્ય સુચના કરવાની હું જરૂર જોઉં છું. કમનસીબે પારસી લેખક મંડળ એક યા બીજા કારણે મી. જેહાંગીર મરઝબાન જેવા પારસી લેખકોના પિતા સમાનને પોતાનામાં જોડવાને ફતેહ પામ્યું નથી મી. મરઝબાન પોતાની સાહિત્ય સેવાની જુબીલી પાંચ વર્ષ પછી ઉજવનાર છે, તો કાં નહિ લેખક મંડળ મી. મરઝબાનને પોતાના ઓનરરી લાઇફ મેમબર બનાવવું ? તેમ કરવું દરેક રીતે સન્માનવાર છે. તે પછી મંડળ આ જયુબીલી ધામ ધુમથી ઉજવવાની ગોઠવણ એકાદ મેમોરીયલ વોલ્યુમથી કરશે તો તે એવું આવકારદાયક થઇ પડશે. હું ઇચ્છું છું કે આ સુચનાપર કાંઇક વિચાર થાય પણ હું જાણીને દલગીર છું કે મી. જહાંગીર મરઝબાન આવાં કોઇપણ મંડળમાં જોડાવાને ખુશી નથી.

અત્યાર સુધી મી મરઝબાનની સીફતમાં હું પુરતુ બોલી ચુકયો છું એટલે પુસ્તકમાં જણાતી ખામીઓ પણ રજુ કરવાની હવે જરૂર છે. આ મારા દીકરા અરા પોતાના જે તે કેટલે દરજ્જે દીકરા છે તે હું વાચક વર્ગને સોંપું છું.

મી. મરઝબાનની સ્ટાઇલ ઉત્તમ છે પણ તેમના આ પુસ્તકના લખાણની ભાષા તમામ ' પારસી ' છે. જોડણીપર વધુ લક્ષ અપાવવું જણાતું નથી. અલબત તેથી હું કાંઇ મી. મરઝબાનને શુદ્ધ સંસ્કૃતમય ગુજરાતી લખવામા સુચના કરતો નથી. મારા અનુભવ મુજબ આવીજ ભાષા પારસી વાંચકોને પ્રિય થઇ પડે છે. શુદ્ધતા તરફ દોરવાઇ જતાં મજકુરને મોતે મુવેલા વાળા જેવી હાલત થઇ પડે છે છતાં વચલો માર્ગ મદદ કરવામાં કશું ખોટું થતું નથી. મારી દીલગીરી એ કાંસે છે કે મી મરઝબાનના બા

પુસ્તકો પારસી સાહિત્યમાં રસાંડી ગોલ્યુમો જેવાં છે તો ભવિષ્યમાં પારસી ભાષા ટીકા રૂપ ન થાય. સહેજ લક્ષ અપાયતો જોઇતી ખામી સુધર્યા વિના રહે તેમ નથી. વાર્તામાં દોરેલું તેહમીનું પાત્ર કાંઈક વિચિત્રતા બતાવે છે. તેહમી જે એક વાર સાયટને ખાતર જબરી હાડમારી ભોગવે છે તે તે હાડમારીથી ડરી ફરી પાછી દુન્યવી બની જાય છે તે એકંદર યાહોમ ગળે ઉતરતું નથી. એ તેહમીને રાંગ. ઓ ડાક્ટર જીવનજીએ પોતાની પ્રસ્તાવનામાં મંદાને નામો સાથે સરખાવી છે તે તેણીની છેલ્લી દીલચોટોથી ધોરણે જણાતું નથી. પીકચરો ઘણાજ સુંદર છે પણ પાને ૨૪૨ પરનાં ચિત્રે મને વિચારમાં નાંખ્યો છે. યા ખુદા આ બાયડું કે બાયડો ! ભોતમાંથી બાંદગીમાં આવેલું આ બાયડું આવું ચેંટા જેવું હતું તો તે પોતાના બહારમાં કેવું કે હશે ! અને પાન ૬૪ પરનો ચીનાઇ વાંદરો ! ઓ મારા બાપ ! પારસીઓમાં આવાજ ચીનાઇ વાંદરો છે છતાં શું તેમની કમબખ્તી લાગી છે કે તેઓ બીજી તરફ પોતાની નજર દોડાવે છે. છાપોના ભૂતે અહીંતહીં ઘોડાક ચોટાં મારેલાં પણ કાંઈક નજરે પડે છે.

એ પુસ્તક પારસી મેકમીલનને આપવાનું કારણ જણાવતાં મી. મરઝબાને મારા એ ચટપટયા બીરાદરનાં કામની ઘોગ્ય તારીફ કરી છે. મી. દીનશાહ કરકરીયાનો આ નવો સહાસ પસંદ કરવા જોગ છે. જુદા જુદા લેખકોનાં પુસ્તકો મેળવી આ પ્રમાણે પ્રગટ કરી સાહિત્યની સેવા મી. કરકરીયા અચ્છી બજાવે છે. આ બીરાદરને હું વર્ષો થયાનો ઓળખું છું કે જે વેળા આ ભવિષ્યનો તેને ખ્યાલ વટીક ન હતો. પણ કારમતની કરામત ઓર છે. પ્રમાણિકપણું અંત અને લખાઈ શું કરી શકે છે તે મી. કરકરીયાએ પોતાના દ્રષ્ટાંત બચુક બતાવી આપ્યું છે ઘોડે ઘોડવે વધુ કામ કરી શકનાર આ બીરાદર ઇર્શાખોરોની ઈર્શામાંથી બાકાત રહેવો નથી. જેનાથી બુજવો પાપડે ભાંજી શકાતો નથી તેઓને નકામી ભટાઈ મારતાં સાંભળતાં અરેજ મન કચવાય છે. એક નાનું પ્રેસ તેના બંતીલા માલેકની નજર ફેરવે એક મોટાં પ્રેસને વટીક ટક્કર મારે છે તે માટે ઉત્તેજનના રાબ્દો તો રહ્યા પણ ખાલીપીલી ઠીસણાં કરવામાં આવે એ સરફ બેહયાઈ છે. મી. મરઝબાને મી. કરકરયાને જે શાબ્દ ઉત્તેજન આપી તેમનાં કામની કારસેનાશી કરી છે તે બેશક તેમને બારે માનભરી છે.

વધુ લંબાન ન કરતાં હું અત્રેજ અટકીશ. " મુબારીક આસન " અરેજ દીલકા છે. એક પુસ્તકની બરી ખુબી તેનાં વાંચક વર્ગને આકર્ષિ રાખનારાં બેચાણ અને વાંચકની નજર સમક્ષ જ બનાવ બનતો હોય તેવાં દોરાતા ચીતારપર, બાસ કરીને સમાય છે. આ પુસ્તક તે બંને ખુબીઓ ધરાવે છે. આપણે ઇચ્છીયું-બરા જગરથી ઇચ્છીયું-કે મી. જેહાંગીર મરઝબાન પોતાની સાહીત્ય સેવાની ગોલ્ડન અને રામબંડ જુબીલીઓ ઉજવવાને બાગ્યશાળી થાય અને તે સાથે તેમના પુસ્તકોનો આંકડો તેમની જબરી ખ્યાનમાં લેવા સાથે ઓછામાં ઓછી ચાલી સની સંખ્યાપર આવી હમો રહે ! પારસી સાહિત્યને મરઝબાન જેવી ચટાકાદાર કલમની બાસ કરીને વિશેષ જરૂર છે.

વીસમી સદી.

આ જાણીતા માસીકે ગુજરાતી સાહિત્યમાં આવા એક સહાસની જે મોટી ખોટ હતી તે અરેજ પૂરી પાડી છે. તેના પિતા જાણીતા લેખક મી. હાજી મહમદ હાજી અલ્લારખ્યા શીવજી છે કે જેઓએ ગુજરાતી સાહિત્યમાં આજ વર્ષોનું પોતાનું નામ જાણીતું કર્યું છે. આ માસીક બાસ કરીને તેનાં ભારોભાર ચિત્રો માટે બહુ વખણાય છે. ઘણાંજ આગળ વધેલાં ફક્ત ગણતરીનાં બપ-ટુ-ડેટ બંગ્રેજી માસીકોની આગાદ રટાઇલ આ માસીકે ગ્રહણ કરેલી છે તેનો એકે એક લેખ ચિત્રોયુક્ત થાય છે. હાલના મોંઘવારીના વખતમાં કે જે વેળા કાગળો અને જુદી જુદી સામગ્રીઓના ભાવ ત્રણગણા વધી ગયા છે તે વેળા લગભગ સોની સંખ્યાના ચિત્રો પ્રત્યેક અંકમાં આપવાં...તેજ પ્રમાણે તેટલી મોટી સંખ્યામાં વાંચનની બાજનો આપવી તથા ઉત્તમ પ્રકારનાં અકેકથી અકેક સરસ ચિત્રો રજુ કરવાં એ કાંઇ જેવો તેવો સહાસ નથી. આવા ખર્ચાળુ સહાસમાં ઝીપલાવવાને મી. શીવજી સિવાય બીજો લેખક તૈયાર થાત એ હમો માની શકતાજ નથી. આ કામ માટે જોઇતી રકમને બીજા બધામાં હોતી નથી. મી. શીવજીએ આવાં એક બપ-ટુ-ડેટ માસીક માટે બાજે વર્ષો થયાં ગોઠવણ કરી હતી અને આખરે પોતાની નેમ પાર પાડી ગુજરાતી પ્રજાને તેમણે બતાવી આપ્યું છે કે સહાસ તે શું ચીજ છે ! કુટકલ્યાઓને નકામી બુમરાણ કરી પુકારતાં જોવાં હવે અરેજ હસવું આવે

છે. તેમને વીસમી સદી પરથી શીખવાનું ઘણું છે. આવા સહાસોની કદર પ્રજાએ કરવી ઘટે છે. છ રૂપ્યાનું વાર્ષિક લવાજમ આ સુંદર માસિક માટે કાંઈ જ નથી. અલબત ખુદાની બક્ષેસથી બહેરખબરો ની ઠીક કમાણી છે પણ તે હજી મોટાં પ્રમાણમાં થવી જોઇએ છે. ઈંગ્લાંડનાં આવાં સુંદર માસિકો આઠામાં ઓછાં સોથી દોઢસો પાનાં મોટાં દામની જહેર ખબરમાં રોકે છે. ત્યારેજ ઉત્સાહી માલેકને તે સહાસ પરવડી શકે છે ? પણ કમનસીબે આપણો દેશ હજી ઈંગ્લાંડ જેવો થયો નથી. ધંધાના વધારા માટે જહેરખબરોની ખરી જરૂર કરતાં આપણે શીખ્યા નથી. ગુજરાતી પ્રજા કમનસીબે ઉછીનાં વાંચનની શોખીન છે. સાહિત્યનાં સુંદર પ્રયાસને તેની ટોચે લઈ જવાની પ્રજાની ફરજ છે. વીસમી સદી જેવો સહાસ ઇંગ્લાંડમાં થાય તો તેની કમતીમાં કમની જોવણ લાખ નકલો નીકળે. ત્યાં તેવા વખતને એક જમાનો હજી જોઇએ છે. મુંબઇ ઇલાકાની બે કરોડને છ લાખની વસ્તીમાંથી ગુજરાતી બોલનારી ફક્ત કરોડની સંખ્યા લઈએ તો સહેજે કલ્પિ શકાશે કે ઉત્તેજન મળતાં આવું માસિક લાખોની સંખ્યામાં પોતાની પ્રતો કાઢી શકે. ગુજરાતી માસિકોમાંના કાંઇક જુજનો ફેલાવો ફક્ત પહેલી આંબણીની ટેરવી પર ગણાવા દાખલાનો છે તો આપણે ખરાં હજારથી ઉંચીજીએ કે એવા બધા માસિકોના સામટા સભ્યની સંખ્યા વીસમી સદી છટ આગળ જતા ને ઘરેઘર તેનું નામ યાદગાર થઈ રહે.

ચાલુ માસનો અંક બહોળા વિદ્વાન નર મી. ચીમનલાલ હરીલાલનાં ચિત્રો સાથેના ચારિત્રથી મુશોભિત થયો છે. આ માટે કરેલો પ્રયાસ કોઇપણ ઉત્તમ માસિકને સફાળી ટક્કર મારે તેવો છે. બધા લાની સટ્ટેલ ચિત્રો સાથે ખાસ કરાવવામાં આવી છે. બહોળા સાહસ તથા એન્થુસિયાસ્ટીક મી હીમતલાલ ચંદરિયાએ બારાબુરીની સફર શાખાના બાગો સાથે કરી હતી તે ચિત્રો સાથે બારાબુરીના ગુફાઓનાં અજબ વર્ણન સાથે પ્રગટ કરી છે. ટાકર બાનો વિષય પણ અજબ છે. આજના પીઅરસનસિ મેગેઝીનમાં એ વિષય પ્રગટ થયો હતો તેનો આધાર લીધેલો લાગે છે. " ઉતાવળીનો નીરે " પણ સુંદરને દીલચસ્પ છે. પંખાની પ્રેમ ભરી કાંડીઓના કલેન્ડરને બદ બહારથી ભરી તથા ચાલુ બનાવોના મારા હસતા આપ્યા છે. આ ચાલુ વાર્તાઓનાં ચિત્રો ખરેજ આકર્ષક છે.

આવેજ દરેક અંક નીહાળતો હોવાથી કયાંને વખાણવો ને કયાંને આછુંએ રાખવો એ વિચારવા જેવું થઈ પડે છે.

હમો જોઈને દીલગીર છીએ કે આ માસિકને ગયે કોઇપણ પારસી લેખક ઉતરતો નથી. ભલા, કાંઇ કારણ હશે ને ? શુધ્ધ સંસ્કૃતમય ગુજરાતી પારસી ઓ ન લખતા હશે પણ તેથી કાંઇ તેઓ જોકજ નાંખી દેવાના નથી. હમો માનીએ છીએ કે ઘોરાક પારસી લેખકોને પોતાના માસિકમાં અજમાવતાં પણ શીખજ તેનું ઓર રૂડું ફળ જોઇ શકશે પારસી વાંચક વર્ગ બહોળાતોર ગુજરાતીનો શોખીન નથી. કોઇ કોઇવાર તેને ઘોડો મોહ થાય છે પણ તુરત તે કંટાળી જાય છે. સાહિત્યની જે ઉંચ જેમ ધ્યાનમાં રાખી છે તે તરફ લક્ષ આપી દરેકનું અનુસરતું પીરસવામાં આવે તો તેમાં કશુંએ ઓકું થાય એવું હમો જોઇ શકતા નથી.

વીસમી સદી માસિક તે ખરેજ વીસમી સદીની અજાયબી છે. મી. શીવજી પોતે એક કુશળ લેખક, સાહિત્યના મોટા પુંજરી, ઉત્તમ વાંચનનો ભંડાર ધરાવનાર તથા આર્ટના અચ્છા પીછાનનાર હોવાથી આ મહાન સહાસમાં અચ્છી ટક્કર ઝીલી રહયા છે જેમને બહોળો અનુભવ, બોહળું વાંચન બોહળી પીછાણ તથા બોહળી કુરસદ અને ખુલ્લાં બોહળી ચીકાર કોથી હોય તેઓજ આવું કામ કરી શકે છે. સાહિત્યની આ સેવામાં પોતાનાં તન, મન ને ધનનો કેવો ભોગ આપ્યો છે તે મી. શીવજીજ જાણે છે, તો પછી પ્રજાએ ઉમંગ ધરી યોગ્ય કદર બુજી આવા પ્રેમીઓને ખુટથી ઉત્તેજન આપવાની અગત્ય જરૂર છે. તેમાં બધાનેજ ફાયદો છે. ખાસ કરીને શ્રીમંતને મધ્યમ વર્ગની ટેબલપર આવાં માસિકો પડયાં દરેકે જોઇએ. રૂ. ૬ નું લવાજમ ગરીબોને પણ પાલવે તેમ છે. ગુજરાતી પ્રજાએ હવે નમ્રત થઈ " ઉપરા-ઉપરી વાંચનને નિસાંતરી આપી આવા સહાસોની કદર બુજવી જોઇએ છે.

હમો મી. શીવજીને એકવાર ફરી આવા સુંદર સહાસ માટે અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપી તેમને દરેક વરસ મળો એવું પ્રભો પ્રતે યાચીએ છીએ.

મળવાનું ઠેકાનું.

૧૮૩, બોમ્બ મેન્શન્સ, સેક્યુલરસ્ટ્રીટ, મુંબાઇ.

મુંબાઇ.

Painkiller

(PERRY DAVIS')

પેન કીલર (પેરીડેવીસનું)

આંતરડાંના દરેક રોગો માટે રામબાણ ઉપાય.

અમાંરાં દુખાારો મરડો

ઘણી વખતે ભયાનક કોલેરા પણ એથા મટે છે. ઘા, જખમ, છોળાણ, ચચક, વિંછીનેા દંખ તથા ઝેરી સાંપના દંખ પર બહારથી લગાડવા આ દવા ઉપયેાગી છે.

૭૦ વર્ષ થયાં ઉપલા ઉપચારેા આ દવાથી કૃતેહમંદ થતા આવ્યા છે.

સઘળે ઠેકાણેથી મળશે.

બૉસ ચૂલો

એક બરનારના ૩. ૪૦
ચાર ૩. ૧૧૫
ત્રણ ૩. ૯૦
બે ૩. ૬૫

વાપર્યાથી ઘરમાં સુખ, સ્વચ્છતાઇ ને શાંતિ વધે છે. રાંધણી ગરમ થતી નથી. વખત બચે છે. કરકસર થાય છે. એક બચ્યું પણ પેટવી શકે તેટલા સલામત છે. હજારો કુટુંબો એ ચુલો વાપરી વાહવા ગાય છે અને આશીશ આપે છે.



વધુ વિગત માટે લખો અથવા અમારા શો રૂમ ઉપર આવી જોઇ જાઓ.

ન્યુ ક્વિન્સ રોડ—મુંબાઇ.

એલ૦ રાય સંપત.

To The People of India.

L. Curtis Esq.

(Mr. Curtis whose letter published in almost all the Indian Papers, last January, causing the greatest sensation at that time, has published the above named book in justification of his letter. We quote a few passages from it—Editor.)

INDIA AND THE DOMINIONS.

For myself, I have come to India to learn, and every day I regret more deeply that I could not have come here before. The question I started to examine some eight years ago was the one forced upon my immediate friends and myself by events, the relations of England to the self-governing Dominions. Blame me as much as you like for this narrowness of view, and yet I would urge, we have more to gain by trying to understand each other. My first step was to study opinion in the other Dominions as well as in South Africa. Now the factor which impressed me most in Canada, New Zealand and Australia was the rooted aversion these peoples have to any scheme which meant their sharing in the government of India. There were many of them ready enough to send members to a Parliament which controlled the foreign affairs of the British Commonwealth. A much smaller minority were prepared to send members to a Parliament which controlled India. The feeling against such proposals was overwhelming and the reason is not far to seek. To these young democratic communities the principal of self-government is the breath of their nostrils. It is almost a religion. They feel as if there were something inherently wrong in one people ruling another. It is the same feeling as that which makes the Americans dislike governing the Philippines and decline to restore order in Mexico. My first impressions on this subject were strongly confirmed on my recent visit to these Dominions. I scarcely recall one of the numerous meetings I addressed at which I was not asked why India was not given self-government and what steps were being taken in that direction.

So evident was this feeling in these Dominions that I set out to enquire whether it was possible for a parliament to control foreign affairs without controlling the government of India. Now any such proposal meant that the Imperial Cabinet responsible to that Parliament would include the Secretary of State for Foreign Affairs, but not the Secretary of State for India, who would have to be transferred to the new Dominion Cabinet created to govern the British Isles and answerable solely to a British parliament and a British electorate.

Here was a purely practical question which could not be tested by logic or reasoning, but only by the experience of men who had worked the machine. So I asked all the ministers I knew who had ever sat in an Imperial Cabinet whether they could picture the Foreign Secretary, the minister for War and the First Lord of the Admiralty doing their work in a Cabinet which did not contain the Secretary of State for India. From all but one I received the unhesitating answer that they could not imagine it even for a year. The one exception thought that such an arrangement might be worked for a very short time but was certain to break down in a few years. This last opinion I obtained only after I had finished and signed 'The problem of the Commonwealth.'

As an independent researcher my business is to emphasize those truths which people don't want to hear. The public has plenty of people to tell them the things they want to hear. The principal object of the Round Table groups is that students may learn to recognise those particular truths from which the natural man recoils. The people of the Dominions rightly aspire to control their own foreign affairs and yet retain their status as British citizens. On the other hand they detest the idea of paying taxes to any Imperial Parliament, even to one upon which their own representatives sit. The enquiry convinced me that, unless they sent members and paid taxes to an Imperial Parliament, they could not control their foreign affairs and also remain British subjects. But I do not think that doctrine is more distasteful to them than the idea of having anything to do with the Government of India. There are, I may add, a large number of people in England who share that view.

I am not a political leader who has to think of his following, nor a journalist who has to consider his circulation but an isolated student of public affairs. I have been careful to speak for no one but myself, because I felt that one great need of the age was men who would search out and emphasize those truths from which the mind naturally recoils. Self-government would be a vastly easier matter than it is, if all we had to do was to don our wishing caps and then count them! In truth self-government depends upon the capacity of men to recognise the truths they most dislike and to sacrifice their several wishes to the public good.'

The root of the present trouble is that this insistence of mine on the doctrine that you can not at present divide the control of India and the control of foreign affairs, has led to a false impression here that the Dominions want to control Indian affairs. There is nothing they less desire, and the best remedy for this false impression is a clear, unhesitating statement of the facts.

A VITAL STATEMENT OF PRINCIPLE.

My insistence on this belief that the Secretary of State for India must sit in a reformed Imperial Parliament and not in the new Dominion Government of the British Isles has led you

to treat this book as one hostile to your aspirations. Indian reviewers were so possessed with that idea, that they have seized upon and quoted all the passages which could be represented as hostile to their immediate programme and have failed to notice those which endorse their ultimate aims. I will ask you to read one of these passages, on page 205 of the Problem of Commonwealth.'

'*Principle of the Commonwealth as applicable to the Government of Dependencies:*-

'The inclusion in one vast Common 'wealth of the most democratic countries in the world side by side with 'ancient and primitive countries, which 'constitute whole sections of the human race and are scattered all over 'the world, is the consequence neither 'of chance nor of forethought. This 'conjunction of human elements so 'different in one world Commonwealth 'is the gradual result of the deepest 'necessities of human life Of these the 'first is to establish ordered relations 'between most different races of 'men ordained by Providence to dwell 'together in one planet, the various 'regions of which have now been 'brought into intimate contact with 'one an other. In order to do this the 'Commonwealth has had to evolve 'order from chaos in politically backward communities like India. But the 'Commonwealth cannot, like Despotisms, rest content with establishing 'order in and between the communities it includes. It must by its nature 'prepare those communities first to 'maintain order within themselves. 'It must make them, to an ever-'increasing degree, the instruments 'whereby justice is ordained and enforced between one citizen and another. 'The peoples of India and Egypt, no 'less than those of the British Isles 'and Dominions, must be gradually 'schooled to the management of their 'national affairs. But even when this 'has been done, the goal of the commonwealth has not been reached, until 'the mutual relations of all the self 'governing nations it includes are 'controlled by the will of their peoples 'acting in common. It is not enough 'that free communities should submit 'their relations to the rule of law. Until 'all those peoples control that law the 'principle by which the Commonwealth 'exists is unfulfilled. The task of 'preparing for freedom the races which 'cannot as yet govern themselves is 'the supreme duty of those who can. 'It is the spiritual end for which 'the Commonwealth exists, and mati-'rial order is nothing except as a 'means to it.'

I have before me two reviews, each consisting of five successive articles. I am asked in these reviews why I do not apply my arguments in favour of selfgovernment to India. The answer is contained in the passage I have quoted.

When considering this passage I will ask you to fix your attention on the matter and to forgive the manner. Now that I have made some Indian friends, I begin to realise how deeply, in their position, I should resent being told that I 'must gradually be schooled to the management

of my national affairs.' I came here in order to learn how to recognise and avoid such mistakes. But in justice let me add that I spared no pains to avoid them before I came. Every word of this chapter was submitted to friends who had spent their lives in India and had impressed upon me the duty of avoiding needless offence Under their eyes I re-wrote it again and again selecting the words they suggested as least likely to wound. I had spoken, for instance, of the people of the Dependencies, as distinguished from those in the self-governing countries, as 'non Europeans.' I was advised to discard this word because it might suggest some idea of racial inferiority and to use 'politically backward' instead on the ground that Indians recognised this backwardness as a fact they were anxious to change. Since coming to India this particular phrase has been pointed out to me as specially obnoxious. Please accept an expression of honest regret. Now that you know the facts, I will ask you to judge me by my intention. My stay here has made me realise that *we in England* have fallen into a habit of writing in one way, when we are talking of fellow-citizens in the *Dominions*, and in another when we are talking of our fellow-citizens in India and Egypt. It is one of the faults which can only be corrected by a closer acquaintance, and that is why it is of such importance that Indians and Englishmen should meet and learn to discuss their mutual relations without provoking each other. I have never yet seen a situation in which the public interests were served by men wounding each others feelings. You will do me a service if you will continue to point out anything I may write which is not true, which had better have been left unsaid, or, if necessary to be said, could have been put in words less likely to hurt And, it will help still further if you can add example to precept.

In all my personal intercourse with Indians I cannot recall a single thing said which I thought was meant to offend. It is with our pens that we wound, rather than with our tongues. I do say that we Englishmen have got to learn to write to our Indian fellow-citizens exactly as we write to each other. But will you also realise that in that case we shall begin to write with greater frankness. And will you reciprocate that frankness with the same gentleness and courtesy that you use in personal intercourse.

Now leaving faults of expression aside, I ask you to consider what the passage to which I have drawn your attention means. In plains words it means these two things—

(1) That it is the duty of those who govern the whole British Commonwealth to do everything in their power to enable Indians to govern themselves as soon as possible.

(2) That Indians must also come to share in the government of the British Commonwealth as a whole.

કીસ્મતની કહાંણી

યાને

રાણી માતાનો પ્યાર.

(ઐતિહાસિક ચાલુ વાર્ત્તા.)

લખનારઃ—ભાગલ્યા.

(ગયા અંકથી ચાલુ.)

પ્રકરણ ૨૮

ચુલામાંથી પેણામાં.

તેજ દિવસની રાત્રે કેપ્ટન બી વીલ મછવાવાળાના પોષાકમા સજ્જ થઈ પોતાના હાથમાં મછવાનું દોરડું પકડી રાખી રાજની અધિરાઇથી રાહ જોતો ઉભો હતો. તેને પોતાને એક ખાસ જરૂરી કામે જવાની જરૂર હતી. તે કામમા ઓર રસુજ પડનાર હોવાથી તે મજલ્હ ગુમાવવા તેને જરાએ ગમતું નહતું. મજલ્હ જાણે તેની જીંદગીનો સાથી હતી. મજલ્હ મેળવ્યા વિના કીલીપ્સ જીંદગી ગુજારવી તેને કોઇ પણ રીતે ગમતી નહતી.

આખરે તેની અધિરાઇનો છેડો આવ્યો. તેણે રાજાને ઘણે દુરથી પોતાના કાળા ઘોડાને દોડાવતો આવતો જોયો. બીજી પળે તે ધર્મશાળાના રખેવાલને પોતાનો ઘોડો સોંપી રાજા નદીમાં ઉતરવાની પગથી તરફ આવ્યો. વીલે ઘણીજ નરમાસથી રાજાને નમન કર્યું અને ત્યાર પછી ખરા મછવાવાળા તરફ ફરી તેના હાથમાં પૈસા મૂકી ધર્મશાળા તરફ આંગળી કરી. તે માણી ખુશ થતો, આભાર માનતો, ઝડપથી ચાલ્યો ગયો ને દારૂના બે એક કોપટાં ગટાની ખુશ લ્હેરમા હવાઈ સપ્ના જોતો પડયો

'આજે બેજ મછવા છે, વીલ?'

'હા, મારા નામવર. બીજો તો બદબખ્ત લોર્ડ નોર્થની કમબખ્તી પૂરી કરવા માટે છે જી' કીલીપ હસ્યો.

'હવે ગારડીનર માર્ગ સપાટામાં આવ્યો છે. સ્ટીફન્સને છોડવામા હરકત નથી.'

'તમારી વિંટી, મારા નામવર.'

કીલીપને તે માટે કહેવું પડવા તેણે દીધું નહતું તેથી તેની મહેરબાની વીલપર ઘણીજ વધી. હસીને વિંટી લઈ રાજાએ તે પોતાની આગળી પર મેરવી દીધી.

'મને મછવો જોઇશે, વીલ.'

"તૈયાર છે મુરબ્બીજી. બાયહું...બાયહું. હમેશા મોહકાણુનો સામાન છે!' વીલ જાણે પટપટતો હોય તેમ બડબડયો પણ તેની મનવમ રાજાને તે સંભળાવવાની હતી. રાજા ચોંકયો...આહ! શું ત્યારે આ તેને જાણી જોઇને ચેતવણી આપવામાં આવી હતી? પોતાના આ છગ્ગા પંજાના દાવપેચની વાત તેને કોઇ આગળ કરવા ગમતી ન હોવાથી કીલીપે કશાંની દરકાર ન કરતાં મછવામા બેઠક લઇ મછવાને અધવચ્ચે લીધો પણ થોડેક જતાં તે થોભ્યો.

'હું તને ભાડું આપવાનું ભૂલી ગયો.'

બંને યુવાન હસી પડ્યાં. કેપ્ટન બી હવે ઝડપ કદમે ધર્મશાળામાં ગયો. ત્યાંના રખેવાલ માટે એક ચીઠ્ઠી મુકી તેણે કપડાં બદલ્યાં. તે પછી પાંચ ફર્લાંકે એક સરોવર જેવાં કદની, સુંદર ચહેરાની કુમારિકા, પોતાના ખોળા પર નાંખેલા જાડા ભુરખા અને લાંબાં સ્કર્ટ સાથે, જેથી ચહેરો તેમજ પગો જણાય નહિ, ધર્મશાળાથી અડધે માઇલ દૂર લાંગરેલા એક મજવા તરફ ટપક ટપક ચાલતી, મૂછમાં હસતી ને નખરાં કરતી જતી જણાતી હતી. તેણી ત્યાં જલદીથી પૂગીને મજવામાં બેઠી ને પોતાના હાથોમાં હલેસાં લીધાં! વાહ! તે હાથો રાયોદી હતા. નાજુક બીના જેવા તો તે જણાતાજ ન હતા. ધીમેથી તેણી હલેસાં મારી આમતેમ ફરવા લાગી ને કોઇની જાણે ખાસ રાહ જોતી હોય તેમ જણાઇ.

લોર્ડ નોર્થ તે ધર્મશાળામાં આવી પુગ્યો. પોતે સર ફ્રાન્સીસ મેકવીલનો આબાદ નમુનોજ થઇને આવ્યો હતો. એવો તેને ધખારો થયો હતો એટલે તો મુરતાક હતો. તે સીધો નદીમાં ઉતરવાની પગથી આગળ ગયો અને નદીની ચારે બાજુએ નજર દોડાવી તે વિચારમાં તલ્લિન થઇને ઉભો. કાંઇક ખ્યાલ થતાં તે પાછો ધર્મશાળામાં ગયો ને તેણે દારૂ મંગાવ્યો. જે સુંદર બાબતું તે બોનરના સપાટામાં મોંપણા માંગતો હતો તેમાં ફતેહ મેળવવા આ હિંમતબારી હિમત પોતાના દીલમાં તે લાવવા માંગતો હતો. તેણે બરાબર તાગડો રચી રાખ્યો હતો. તે હરી-હસાવીને એડીથને મજવા સાથે સ્ટેફન્સ ખાતે લાવવા માગતો હતો કે જ્યાં તેણે પોતાના બનમુસો રાખ્યા હતા. ત્યાં જતાંજ એડીથને ગાડામાં નાખી બોનરને સોંપી દેવાનીજ બોટી હતી. મોઢામાં ડુચો મારવા તે મોટો રેશમી કપડો લાવ્યો હતો તથા હાથ પગ બાંધવા તેના બજવામાં મોટો સેથ તૈયાર હતો. આહ! તે પોતાની ફતેહ માટે અચુક હતો. હવે બોટી કસ્ત તે રાહ જોતી બાજુએ જઇ મળનાર આશકનીજ હતી.

ધર્મશાળાના રખેવાલે લોર્ડનોર્થને તેની બોડાવેલી દાઢીને લીધે ઓળખ્યો નહિ પણ કેપ્ટન બીએ તેને જણાવ્યું હતું કે સર ફ્રાન્સીસ જેવો દેખાવાની તે અચુક ગોઠવણ કરશે એટલે તેને ઝટ જણાઇ આવ્યું કે તે તેજ છોકરો હતો.

તેણે લોર્ડનોર્થ આગળ આવીને કહ્યું,

'સર ફ્રાન્સીસ મેકવીલ આજ રાત્રે જ્યાં આવનાર હતા તેમને માટેનો પત્ર આવેલો છે?'

લોર્ડનોર્થે બારે ઉસ્કેરાટમાં પોતાનો હાથ લંબાવતાં કહ્યું,

'તે મારોજ છે! હુંજ સર ફ્રાન્સીસ છું.'

'ખરેખર!' તે રખેવાલ બોલ્યો. 'બરાબર છે, મારે જાણવુંજ જોઇએ કેમકે સર ફ્રાન્સીસ આખાં બર્ક શાયરમાં સૌથી ખુબસુરત જવાન તરીકે ઓળખાય છે' અને તેણે તે ચીઠ્ઠી આપી. લોર્ડનોર્થ સર ફ્રાન્સીસ તરીકે ઓળખાવાથી ખુશા લીના માર્યો ફુલી-ફાટી ગયો; પણ તેણે જોયું નહિ કે તે રખેવાલ તેને બનાવીને ખુબ રમુજ પામતો પોતાના ઓરડામાં જઈ બેઠો હતો.

લોર્ડનોર્થે તે ચીઠ્ઠી વાંચી!

" મારા સર્વથી વ્હાલા ફ્રાન્સીસ,

તારો વ્હાલો પત્ર મને સલામત મળ્યો છે. તે મહાન દિલદારના આભારમાં આ જીગર જાણે ફાટી જાય છે. જે પગલું તું ભરવા તૈયાર છે તેમાં તે આપ તને ફતેહ આપો! ને કદાચ તને બિવિષયમાં તે માટે દીલગીર ન કરો! ધર્મશાળાથી અડધા માઇલ દૂરના બાગ પર હું મારા મજવામાં રાતે આઠ વાગતે આવીશ.

હમેશની તારી વ્હાલી,

એડીથા.

'તરકટ! આવી મારા હાથમાં! હવે મજવો બાકી લઇને લોકલન્ચ કરવાની કશી જરૂર નથી' તેણે દારૂ પુરો કીધો ને રખેવાલને કાંઇક વધુ નવાજીશ તેની સલામ લિધાકરતો તે હવે ઝડપ કદમે નદીને કિનારે કિનારે ચાલ્યો.

'આજ તે જરૂર હોવી જોઇએ' તે હવે પટાવરેા 'યા ખુદા! કેવી ઓકાંતને ભયાનક જગ્યા છે.'

હલેસાંનેા છબકારેા પાણીમાં સાંભળતાં નોર્થે ચેાકી પાછળ ફરીને જોયું! આહ, આ શું પેલા મછવામાં તેનેા શિકાર સપડાયા તૈયારજ હતેા. તે મછવેા કિનારે અથડાયેા. રખે બેાલવાથી તે પકડાઇ આવે કરીને તે ચુપજ રહ્યેા પણ ભારે ઉશ્કેરાટમાં તેના દાંતેા કચકચવા લાગ્યા. તે મછવામાં કુદી બેઠેા કે તેની ભારે અજાયબી વચ્ચે તે સ્ત્રીએ. અજબ જેવાં જોરથી મછવાને પાછળ હઠાવ્યેા અને તે કિનારાથી દુર ચાલ્યેા.

'છાવાએ ફેરફાર તેા ફકકડ કીધેાછ!' કેપ્ટન બીએ હલેસાં મારતાં વિચાર્યું

'હાલા, તું હવે હલેસાં મારશે?' કેપ્ટન બી એ ઘણુંજ નખરાથી નાજુક અવાજે ફરમાસ કીધી.

લેાર્ડ નોર્થ ઉઠ્યેા ને આગળ આવ્યેા. તેજ પળે તેની ભારે અજાયબી વચ્ચે કેપ્ટન બી એ પેાતાના જબરા હાથમાંનું હલેસું પાણીમાં બેાસી દઇ, આંચકા સમેત બેંચી કાઢયું કે મછવેા ઉધેા વળ્યેા, તેમ થતાં કેપ્ટને મછવેા એકદમ અંટકાવ્યેા, પણ નોર્થતેા પછડાઇને પાણીમાં પડયેા. મછવેા તરત તેનાથી દુર થયેા. નોર્થે પાણીમાં ડુબકી મારી. બીજી વખતે જ્યારે તે પાણીની સપાટી પર આવ્યેા ત્યારેજ તે મછવેા તેના હાથમાં આવે તેવી રીતે નજદીક આવ્યેા.

'એા મારા વ્હાલા જાન, તું ભીંજાઇ ગયેા કે?' કેપ્ટન ફસ ફસ્યેા. 'જીગર, કાંઇ તને લાગ્યું કે?'

નોર્થે તરફડયાં મારી બેાટ પકડી. તે ગુંગળાતેા જણાતેા હતેા. તેને વળખાં મારતાં જોઇ કેપ્ટન ફસફસ્યેા,

'નહિ, જો, બેાશ જાન, 'નહિ, એા; નહિ તેા હું બી પાણીમાં પડસ...નહિ,ન બેા! મને તરતાં નથી આવડતું જો! એા...હું તેા મરી જવસ!...ફ્રાન્સીસ ડીઅર, તું સુકાન આગળ જઇ તેને મજબુત પકડ કે હું તને હલેસાં મારી કિનારે લઇ જવસ!'

નોર્થની ભારે અકળામણ વચ્ચે તે મછવા એ કિનારે જતાં લાંબેા વખત લીધેા.

'જલ્દી કર, ઓડીયા' તે કરગર્યેા. 'મારાથી હવે પકડાતું નથી. મારા હાથને ધુજારાં આવે છે!'

'ભયમાં તે પેાતાના કુદરતી અવાજે બેાલી પડયેા હતેા.

'એા માયરે! આ મારા વ્હાલાનેા સાદ નહિ!...હું તેા મરી ગઇ! એા તું મરે મુવા બદમાસ...મુવેા કંગાળ ...તું...તું...' તેણી વધુ બેાલી શકી નહિ કેમકે સ્ત્રીને છાજતા શબ્દેા તેણીને તે પળે યાદ આવ્યા નહિ.

નોર્થે ભારે ગભરાટમાં કિનારે લઇ જવા કાલાવાલા કર્યા. આ તેાહમત ના પાડી શકવાની તેનામાં હિમતજ ન હતી. કેપ્ટન તેને દુબાડવા માંગતેા ન હેાવાથી તે તેને કિનારાથી દશેક ફીટ દુર સુધી બેંચી લાવ્યેા.

'અહીં પાણી છાલકાં છે...ચાલ, ચાલીને લાંથી જા...બદબખ્ત, જા કે એક સ્ત્રી સાથે તને કામ પાડવું પડયું છે નકર આવતી કાલનેા સૂર્ય તું જોવા પામતેજ નહિ.'

લેાર્ડ નોર્થ ઝબકારાતેા કિનારે પૂગ્યેા અને ત્યાંથી તે ઉભી પૂછડીએ દુર નઠાડેા. કેપ્ટન બી ધુમ હસતેા બડબડયેા,

'મારેા વ્હાલેા ચૂલામાંથી ચેણામાં પડયેા છે. એને દુબાડવામાંજ માલ હતેા; છતાં મને કેાઇનેા જાન ફેાકટમાં લેવા ગમતું નથી. હું એની ટેાપી એક યાદ તરીકે જાળવી રાખીશ' અને હસતેા હસતેા તે ધર્મશાળામાં ગયેા ને કપડાં બદલી બહાર પડયેા.

પ્રકરણ ૨૯.

પાપીનો ફેજ.

પોતાની વ્હાલી માશુક કરતાં વીલનો વધુ વિચાર કરતો રાજા પોતાના મછવામાં નષ્ટી કરેલી જગ્યાએ ઉતર્યો. તેનું ચંચળ ભેજું હાલમાં બહુજ અકળામણમાં હતું.

ફીલીપને અંતી ઘણો હર્ષ થયો આવકાર આપી ફેરેલ્માએ નહિ જોઇતું પગલું ભર્યું. પોતાના પ્યારની જંજીરમાં તેને વધુ વાર પકડી રાખવાની તેનામાં શંકિત નહતી. તેણી જાણતી હતી કે જેવો શિકાર તેના પાસામાં સપડાતો કે તેનો પ્યાર ફરોગાર થઈ જતો હતો. આવીજ ભૂલ આગરા પણ કરી હતી અને પરિણામમાં ફીલીપ તેણીને હાથથી ગયો હતો. તેણીનું ગરમ, જુસ્સાભર લોહી ઉકળી આવ્યું હતું એટલે પોતાનું જીગર તેણીએ તેને ખુલ્લું વાંચવા દીધું. તેણીએ ખુશીથી બધું તેને આપ્યું પણ બદલામાં તેની ઇચ્છા રાખી નહિ.

ફીલીપે મીઠાસથી તેણીને ગળે વળગાડી, મીઠી ફાસ લીધી પણ ફેરેલ્માએ તરતજ જોઇ લીધું કે હવડાં ને આગલો હવરી ફીલીપના જેવો જુસ્સામાં ભર્યો રહ્યો નહતો.

'તને મારૂં કાગળ મળ્યું હતું ને, જીગર?'

'હા મારા જાન. તારી કિંમતી ચિઠ્ઠી પણ મને મળી હતી.

'ખાલ! તે શાની કિમતી? ... તું તેની દરકાર ના કર! વીલ મછવા વાળાની તેં તલાસ કરી છે ને? તને શું જણાયું?'

ફેરેલ્મા જોતે કે ફકત આ ફારસ બજવતી હતી પણ તેણીને ખીજવટ લાગ્યો કે તેનો એકવારજો માનિતો ફીલીપ પ્રેમના શબ્દો ને બદલે મછવા વાળાની ઝાઝી દરકાર કરતો હતો.

'તેના બાનગી છંદગીની ખબર હું તમો નામવરને આપી શકતી નથી. મને એટલીજ ખબર મળી છે કે તે ધર્મ ચાળામાં નોકર છે.'

'મને તે માહીતી જરૂર નથી. જે માણસ તેનો ભાગ ભજવે છે ને જેણે મારી અપાર સેવા બજાવી છે તેને માટે હું પૂછતો હું. હું ધારૂં છું તેમ તે આરથર સેસીલ, લોર્ડ બરલે છે.'

ફેરેલ્મા ચોંકી. શું રાજાને ખરી ખબર મળી હતી કે તેનો આ બર વખતનો ઠુકકો હતો. તેણીએ તુરતજ વાત ફેરવી બોલી,

'રાણી માતાને એકદમ હેમપટન કોર્ટ કેમ જવું પડ્યું, મુરબ્બીજી? તેઓ સારી પેઠે તો છે ને?'

ફેરેલ્મા ઉસ્તાદ હતી તો ફીલીપ કયાં ઓછો હતો. તે હસીને બોલ્યો,

'જાને મન, હું પ્યારની વાતો કરવા આવ્યો છું; નહિ કે રાણીની.'

'હું તો ધારતીતી કે તમે વીલ મછવાવાળાની વાત કરવા આવ્યા છો'.

'હું તો મારાં જીગર, તારી સાથે મારૂં જીગર મેળવી, સુખના ઉંડા સાગરમાં ગરક થઇ બ્હેસ્ત નું અમૃત મેળવવાની અરજ કરવા આવ્યો છું.'

'હવડાં નહિ, મારા નામવર, તમે એટલા બધા ઉતાવળા ના થાઓ તમારી અચુક વફાદારી ની મને કાંઇક સાબેતિ જોઇએ છે. એક સ્ત્રી ફોકટમાં પોતાનું સર્વસ્વ આપી દઈ તે હમેશ માટે ગુમાવવા માંગતી નથી'.

ફીલીપનાં બવાંનો ચિલ્લો ચઢ્યો. પ્રેમની મસ્તીમાં તેને કોઇ પણ જાતની નાઇતબા ગમતી ન હતી.

'તેની કિમત જણાવ; હું પુરતો શ્રીમંત છું.'

'મારા નામવર, તમે શું મને એટલી બધી અકકલહીણ સમજો છો કે પૈસાને ખાતર હું મારી છંદગીની કિમતીમાં કિમતી ચીજ વેચવા તૈયાર થઇશ...બાલ! ત્યારે તમે મને ઓળખતાજ નથી!'

'બાફ કર, મારી મીઠી, મને માફકર. મને આ તમારી અંગ્રેજી રીત

બાતની કશી માહિતી નથી. વલ્લાહ !... આપણે તો સ્પેનીશમાં વાત કર્યે છીએ ને મને તારા અંગ્રેજી ઉચ્ચારો કેમ જણાતા નથી ?'

'તમો નામવરની પધરામણી પછી ઈંગ્લાંડની દરેક બાનુ સ્પેનીશ ભાષા શુધ્ધ ઉચ્ચારે બોલતાં શીખે છે તે શું તમનેજ ખબર નથી ?'

'પણ તું તો સ્પેનીઆર્ડની પેઠે બોલે છે ?'

'મને છાપરે ન ચઢાવો, મારા નામવર. મને સ્પેનીશનો અચ્છો અભ્યાસ છે એમ મારે કબુલવું જોઇએ.'

'સેવક મુબારકબાદી આપે છે !'

'પ્યારના માર્ગમાં કોઇ પણ મુશ્કેલી હોતી જ નથી.'

ફ્રેડેલ્મા ભાગ્યે તુટું અંગરેજી બોલતી હોવાથી પકડાઈ આવવાની ધાસ્તીને લીધે તેણીએ આ ઓછો જોખમ ખેડયો હતો.

'તમારે મને બે વચન આપવાં પડશે, મારા પ્રીલીપ.'

'બેના બસેં મારા જાન !'

'બેનીજ જરૂર છે પણ તે બે માટે તમારે શાહી વચન આપી પાળવાં પડશે. પહેલું તો એ કે તમારે રાણીની અદેખાઇનો ભોગ થતાં લેડી એડીથા હાવર્ડને બચાવવી.'

પ્રીલીપ બારે અજંપેખીમાં ચોંકયો.

'તેમ કરવાનો મારો ઇરાદો છેજ' તેણે જણાવ્યું.

તેવામાં તેઓ કોઇના ભારી પગલાંના અવાજે ચોંકયા. તેમણે એક શખ્સને ટોપી વગર તેમના તરફ દોડતો આવતાં જોયો. કે ફ્રેડેલ્માએ ગભરાટમાં ચુમ પાડી,

'પાછા હઠો મારા નામવર. તમો હયાં જણાવા જોઇએ નહિ. ચંદ્રમાની રોશનીમાં આ શખ્સ કોણ છે તે હું ઓળખી શકતી નથી.'

તેણીએ ઝડપથી મોઢાં પર બુરખો ખેંચ્યો અને આગળ વધી જાણે તે શખ્સનો રસ્તો રોકતી હોય તેમ ઉભી.

'આહ ! તું મારા સપાટામાંથી છટકવા માંગતી હતી કે, લેડી એડીથ હાવર્ડ !' તે શખ્સ અનકા કરતો બોલ્યો. 'તું ગમે તેવી હુસ્યાર હશે પણ તને મારા જેવા સાથે કામ લેવાનું હતું. તારા જેવી સત્તરને હું ચાંચડની પેઠે ચોળી નાખું ! તું મારી કેદી છે. ચાલ ગરબડ ના કર ! એકદમ ચાલ. આ વખતે તો મારે દરેક સંભાળ રાખવી પડશે.'

ફ્રેડેલ્મા આ સાંભળતાંજ અજાયબીમાં એવી સ્તબ્ધ થઇ કે તેનાથી કશું બોલી શકાયું નહિ. તે શખ્સ કોઇજ નહિ પણ લોર્ડ નોર્થ હતો તે હવે તરવાર ખેંચી ધમકી આપતો આગળ આવ્યો. રાજા જે ઝાડીમાં ભરાઇ ગયો હતો તે હવે ચંદ્રની રૂપેરી પ્રકાશમાં પોતાની તરવાર ચમકાવતો આગળ આવ્યો.

'આહ યુ હીચકારા ! સંભાળ...તારી જીંદગી માટે હુસ્યાર બન !'

નોર્થે જોયું કે તેનું આવી બન્યું હતું કેમકે તેણે તુરતજ રાજાને ઓળખ્યો હતો. મરણની બીકે તેનામાં અસાધારણ હિમત આવી અને તે જંગલી વાઘની પેઠે લડયો પોતાને ખાતર પોતાના જાનની દરકાર વગર લડવા માટે ફ્રેડેલ્મા રાજા પર કુરબાન થતી. તેણીનો એકવાર બુજવાઇ ગયેલો પ્યાર પજરવા લાગ્યો અને તેણીએ ખરાં હૃદયથી તે પરમાત્માની દરગાહમાં રાજાની સલામતી માટે દુવા ગુજરી. તેણીની આ દીલેજરી ફક્ત દુંક વખતનીજ હતી. પ્રીલીપે પોતાનો માનીતો દાવ અજમાવ્યો. નોર્થે એક કાતીલ ફટકો અટકાવવાની કોશીશ કરી પણ તે પહેલાં તો તે ફટકાનો દાવ બદલાઇ ગયો ને તે ચકચકતી તરવાર તેની છાતી આરપાર વિંધી બહાર નીકળી ગઇ ને તે બદબખ્ત મુડદું થઈ ભોંયે પછડાયો.

'શુકર ખુદા કે પ્રીલીપ તું સલામત છે' ખુશાલીના આવેશમાં આવી જઇ ફ્રેડેલ્માએ તેની ગરદન આસપાસ પોતાના હાથો વિંટાવી જુસ્સાથી કીસ કરતાં બોલી.

'એ કોણ છે?' ધામેથી તેણીની ધડકતી છાતીએથી છૂટો થતાં ફીલીપે પુછ્યું.

'હું નહિ જાણતી.'

'ચાલ ત્યારે જોઇએ.'

ચંદ્રમાની રૂપેરી રોશની તે લોહીલુહાન થયલાં શબપર પડી તેનો ખરડાયલો લચડાયલો દેખાવ વધુ ભયાનક કરતી હતી. ફીલીપે વાંકો વળી તે ચહેરો તપાસ્યો તે ઓળખતાંજ તે ચોંકીને ઉઠ્યો,

'યા ખુદા! આતો પેલો બદમાશ જાસુસ લોર્ડનોર્થ છે. એની ઓડેલી દાઢી છતાં એ ખુલ્લો ઓળખાય છે. આ કંગાળને આવું આબરૂદાર મોત લાયક નહતું, એના પાપી લોહીમાં મારી તરવાર બોળવા માટે હું ખરેજ દીલગીર છું.'

'હારી જા, મારા વ્હાલા ફીલીપ; ચાં નજદીકમાં એના કેટલાકો છે કે જેઓ તને ઘડી ભર પણ ચહાતા નથી.'

'આહ! ત્યારે વીલ બોલ્યો તો તે ખરી વાત દેખું!' ફીલીપે વિચાર્યું. 'હું હવાં તને આ કંગાળ આગળ એકલી છોડી જઇ શકતો નથી' અને તેણે તે શબને લાત મારી દુર ફેંક્યું.

'મારી દરકાર ના કર... મારે માટે હવાંથી જા... મારી આબરૂને ખાતર!'

ફીલીપ તેણીને ખરાં હુંગરથી ભેટ્યો ને ભીંતી કાસ સાથે છૂટો પડી મઝવા તરફ ગયો. ટેકરા ત્યાંથી ઝટપટ કદમે બનેલાં બનાવની ખબર કેપ્ટન રાને આપવા ગઇ. તેણીનું હુંગર ફીલીપના પ્રેમ માટે જોરથી ધબકારા લેતું હતું.

રાજાએ વીલ મઝવાવાળાને તેના પાછા ફરવાની રાહ જોતો બેસેલો જોયો.

'હું ઘણો ખુશીછું કે આપ નામવાર સલામત પાછા ફર્યા છો, મુરબ્બીઝ!'

'મેં તેને કાપી નાંખ્યો છે, વીલ!'

'કોનુને?' ચિંતાતુર સવાલ થયો.

'પેલા બદમાશ કોરયા નોર્થને!'

'તે કંગાળ તમારા બાદશાહી હાથે મરવાને બદલે લાયક નહતો, મુરબ્બીઝ.'

તેને માટે તો ફાંસીનું દોરડુંજ પૂરતું હતું!'

'આ વાતની ખબર બહાર પડવા દેવાની નથી. વીલ, તું બધુ ચુપચાપ કરી નાંખશે?'

'એ બધું મારા પરજ છોડો, મુરબ્બીઝ, હું એની પાયદસ્ત કઢાવીશ. તમો નામવરને હાથે એ માર્યો ગયો છે એવો સ્વપ્ને પણ ખ્યાલ ગારડીનરને ન થાય તેમ હું કરીશ.'

'મારી ખાતરી છે કે ગારડીનરે એને આ કામ પર મોકલ્યો નથી. તું સમજેછ કે, વીલ? એ પહેલી વખતે નિષ્ફળ ગયો એટલે ગારડીનરના ગુસ્સાથી ડરી એ બોનરના પક્ષમાં ભરાયો હશે અને તેનાજ હુકમથી એ હાં આવ્યો હશે. કેમ, સમજમાં આવે છે ને? વેલ, જો લેડી એડીથ આ તરફજ હોય તો બાબા હુશ્યારીમાં રહેજો કેમકે નોર્થ પાછો ન ફરતાં બોનરનાં પૂછડાંઓ આ બાજુમાં જરૂરજ ઉભરાઇ જશે.'

'વાજબી કહ્યું, મુરબ્બીઝ. યેંકસ.'

'હું જો તને મદદ કરી શકતો હોઉં તો ખુશીથી ફરમાવ?'

'યેંકસ, મારા નામવર શાહનશાહ!'

અને બીજી પળે ફીલીપ ઘોડેસ્વાર થઇ અંધારામાં દુર નીકળી ગયો.

પ્રકરણ ૩૦.

લેડી એડીથ ફરી કેદમાં.

ઉપલા બનાવ પછી ત્રીજા દીવસની સવી સાંજના કેપ્ટન બી એ પોતાનાં નંબર એક વાળાં મથકે જતાં પોતાની આગળ ઉડતી ધુળનું વાદળ જોયું. તુરત તેણે રસ્તો બદલ્યો અને ઘોરી રસ્તા પર આવી તેણે ઘોડાને એડ મારીને આગળ ગયો. પાંચ મિનિટ પછી તેણે બોનરના સીપાહીઓમાંના છ જણાને ઘોડા દપટાવતા જોયા.

'રાજા ખરેજ બોલ્યો તો' તે પટપટ્યો. 'આ બદમાશો તોફાન કરવા આવે છે.' અને આ વિચાર માત્રે તેણે પોતાના ઘોડાને દાબીને એડ

મારી કે તે નીમકહલાલ પ્રાણી તીરની પેઠે ગયું. તે ઝડપથી ધારેલે મથકે પુગ્યો ને ભયની ચેતવણી આપતાં તેણે જણાવ્યું,

' આ છોકરાઓને પકડવાજ પડશે. '

કેપ્ટન સી નાહકની મારામારી કરવા માંગતો ન હોવાથી બોલ્યો,

' મારા લોર્ડ, હું નહિ ધારતો કે એઓ હવાંથી કાંઇ પણ જાણી શકે '

' બનવાજોગ છે પણ કાં નહિ તેઓ મકાનને આગ લગાડે ? તમે રાણી માતાના ઢંઢેરો શું જાણતા નથી ? તમારી રજા સાથે હું એ છોકરાઓને અચાનક પકડાવવાનીગોઠવણ કરીશ, ' કેપ્ટન બી એ જણાવ્યું.

' જેમ તમને લાગે તેમ કરો. જો મકાનને આગ બાંધી બચાવવુંજ પડતું હોયતો પછી લડયા વિના છૂટક નથી. તેમ થતાં હું તમારી સાથેજ રહીશ. '

'લડવાની જરૂર નથી ભલા ! એતો જરા ચીલ ઝડપનો દાવ બતાવીશું તો બસ થશે.'

કેપ્ટન બી હવે ઝડપથી બીજા ત્રણ બાઇબંધો સાથે ગયો ને તે છૂપા માર્ગે થઇને ગુમ થઇ ગયો. પેડી ઓડીથને કેદખાને લઇ જતા સીપાહો જોઇ તેમને ત્યાં કેદ પડેલા હતા તેમાંના ચાર આગળ જઇ તેણે તેમનાં કપડાં કઢાવી પોતે સાથે લીધેલાં પહેરવાની ફરજ પાડી. કેપ્ટન બી એ પોતે તે સીપાહોના વડાનાં કપડાં પહેરી તેના જેવો પોતાનો ચહેરો ને હાવભાવ ફેરવ્યો. તે કપડાં જોતે કે, કાંઇક ટુંકા હતાં પણ કેપ્ટને ખુશાળ ઢગરે તે પહેરી ઝડપથી પોતાની સુરત બદલવા માંડી.

તે ચારે છુપા વેષમાં પાછા ફર્યા કે તેમને જોતાં તેમના બાઇબંધો બારે ગભરાટમાં પડયા. તેઓ એકપળ સુધી તેમને ઓનરનાં માણસોજ સમજ્યા. કેપ્ટન બી હસી પડયો પણ દરવાજાપર પડતા મોટા કોકાઓના અવાજે તે, ચુપ થઇ ગયો. કેપ્ટન સી પોતે દરવાજાપર ગયેલ

' બીશપ ઓનરના હુકમથી રૂએ હમારે આ મકાનની ઝડતી લેવાની છે ' તે સીપાહોના વડાએ આગળ આવી હકીકત નિવેદન કરી. ' કશુંએ ન મળતાં હમોને આ મકાન બાળીને ખાખ રાખ કરી નાંખવાનો હુકમ છે, સાહેબ ! '

કેપ્ટન સી એ અદબથી નમન કરતાં કહ્યું,

' તમારા હુકમ મુજબ કરો. હાં તમોને કોઇ પણ બંડખોર મળશે નહિ '

' તે તો જોવાનું છે, મારા લોર્ડ. ખુદાને ખાતર એ ચોરીને આપી દેવ ને તમારાં સુંદર મકાનને બળતું બચાવો ! ' તે વડાએ શીખામણ આપી.

' તમારા હુકમ મુજબ કરો, સારજંટ. મારે વધુ કહેવાની કશી જરૂરજ નથી.'

તે છ સીપાહોએ આખું મકાન તળેથી ઉપર તપાસ્યું. તે બાદ કેપ્ટન બી, ઓનરના જાસુસોના પોષાકમાં તેઓ સમક્ષ આવી ઉભો ને તે ઝડતી લેનારાઓને અજાયબીમાં ગરક કીધા. સારજંટ તો ગુસ્સાથી દિવાનો બની ગયો કેમ કે તેને તો મોટું ઇનામ મેળવવું હતું. હવે તેના કરતાં ઉંચા દરજ્જાનો અમલદાર ત્યાં આવ્યો હતો એટલે ઇનામની મોટી રકમ તેના હાથમાંથી છટકી જનાર હતી તેણે તે નવા આવનાર તરફ ટગર ટગરે જોઇ કહ્યું,

' વલ્લાહ ! કેપ્ટન જેફ્રસે ! ... મારા ખુદા ! એ તમારો ભૂત છે કે ? મુવેલાં મુદડાં પણ પાછાં ઉઠે છે શું ? '

' તે બીશપ ઓનરનું કામ છે. હું ચોકકસ છૂપ્પાં કામપર હતો. કેમ તને શું માલ્યું છે ? '

' કશું એ નહિ, કેપ્ટન '

' હું પણ તેમજ ધારતો હતો. '

' હવે હમો મકાનને સળગાવી તે ડાકણને અંદર જીવતી બાળી મુકવાના છીએ, '

' કેમ, તેમ કરી તારું ઇનામ ખોહવા માંગેછ કે મૂર્ખા ? ' કેપ્ટને કહ્યું. ' ચાલ, મારી પૂઠે. હું

તને લાંનો છૂપો માર્ગ અતાવીશ. જો, તે ડાકણ લાંજ હશે તો તારા હાથમાં 'જરૂર સપડાશે.' તેઓ પત્થરવાળા એક મોટા ઓરડા તરફ કેપ્ટન બી સાથે ગયા. તેણે ગજવામાંથી એક ખરડાયલું-લચડાયલું કાગળ કાઢી સારજંટના કોન પર પડી કહ્યું.

'તે છૂપા ઓરડાની આ ચાવી છે' અને તેણે વાંચ્યું. બારી આગળથી ચોથો ને જમીન આગળથી બીજો પત્થર. આ પત્થર ઢીલો છે તે ઉચકો. ને તે ભેદી ઓરડાની ચાવી તમોને મળશે!...વેલ, બચ્ચા, તું આ તપાસ કર. હું લોર્ડ કોર્ટને અને તેના મિત્રોને કેદ કરીશ.'

કેપ્ટન બીએ બે મિનિટ પછી તે ઓરડાનો બારે દરવાજો બહારથી બંધ કર્યો ને તેને તાળું મારી કેપ્ટન સી જે તેની રાહ જોતો હતો તેના તરફ દોડતો ગયો.

'છાવાઓને મેં સપડાવ્યા છે. હવે જરા રમુજ કરવાની છે. લાકડાં, કચરો વગેરે મંગાવો. બનતાં સુધી જેમ વધારે ધુમાડો થાય તેમ કરવાનું છે. બે ચાર ધમણ પણ મંગાવો.'

તે મિત્રો ખુશ થતા રમુજમાં ભાગ લેવા દોડ્યા. તેઓ ઝડપથી જોઇતી ચીજો લેઇને ત્યાં ગયા તો. તેમણે કેપ્ટન બી ને તે સારજંટને પોતાને દુર રાખી કામ કાઢી લેવાની તદબીર કરવા માટે ગાળો ભાંડતો સાંભળ્યો. દરવાજા ઉઘડાવવા તે ઠોકાઠોક કરતો હતો જોકે સાથે સાથે તે બહાર તાળાં મજબુત હતા કે નહિ તે પણ તપાસતો હતો. તેના મિત્રોએ હવે બાજુમાં જબરી ધુણી સળગાવીને બારણાની નીચેથી ધુમાડો ધમણ વાટે અંદર મોકલવા માંડ્યો, હવે સારજંટને તેના સીપાહો ગભરાવા ને ચોકાચોક કરી બરાડ પાડવા લાગ્યા.

'બારણું ખોલો ... હમોને બહાર કાઢો! ... મકાનને આગ લાગી છે!'

તેમની બરાડની કશી અસર ન થતાં તેઓ રડમસ ચહેરે દયા માટે કરગરવા લાગ્યા.

'કેપ્ટન બીએ હવે ઘોધારી અવાજે બરાડ પાડી.

'તાબે થાઓ, નકર જીવતા બળી મરો! તમો બધા કેદીઓ છોને હમારા તાબામાં છો!'

'હમો તાબે થઇએ છીએ?'

'ત્યારે તમારા હથ્યારો બારીના સળ્યા વાટે નીચે જમીન પર ફેંકો!'

આ વખતે તે મોટાં મંડળના વીસેક સભાસદો હથ્યારબંધ થયેલાં 'બુરખા પહેરી, કેપ્ટન બી ના હુકમ પ્રમાણે ચાલવા તૈયાર થઇ ઉભા હતાં.

'મને આ પોષાકમાં એ લોકે પોછો જોવો જોઇએ નહિ. લોર્ડ કોર્ટને તમો આ બે અદબી માટે દરગુજર ચાહો-કહોકે એ તમારૂં કામ નથી પણ બાજુમાં વસતા લટારાઓનું છે. એ લોકના હાથ પગ બંધાવી આંખે પાટા બાંધી લઇ જાવ. કયાં રાખવા તે તો તમો જાણોછોજ!'

આ સુચનાપર પૂર્ણ અમલ થયો ને તે કેદીઓ સલામત જગાએ પડ્યા પછીજ લોર્ડ કોર્ટને એ છૂટકારાનો દમ ખેંચ્યો ને કેપ્ટનનો હાથ પકડી ખરાં જીગરનાં જોશથી કહ્યું.

'એકવાર ફરી હમો તમારા આભારી થયાં છે.'

'પુલ! ચાલ ચાલ બેયા! વાત ન કરીશ. મને ઓર ગમત પડી...છાવાઓ જબરા તંડખા થાઇ હોં!'

કેપ્ટન સીએ હવે એક તાકીદનો જરૂરી જનેલી વિગતથી વાકેફ કરવા સર ફ્રાન્સીસ મેલવીલ તરફ હેમપ્ટન કોર્ટ મોકલ્યો અને તેણે લેડી એડીથને તેમની કંપનીનાં મકાન નંબર ચારમાં લઇ જવા સુપના કરી. તેમ થતાં તેમની સલામત રહી શકશે એવી તેણે ખાતરી જણાવી.

લગભગ મધરાતને સુમારે સર ફ્રાન્સીસ રીજ પર આવી પુગ્યો ને તેણે કેપ્ટન બીને લેડી એડીથને છૂપા વેશમાં તે નવી સલામતીની જગ્યાએ લઇ જવાના કાલાવાલા કર્યા.

'હું એ બધું તમોનેજ સોંપું છું, માઇ લોર્ડ,' તે બોલ્યો, 'મારાથી ફક્ત બે ત્રણ કલાક સિવાય વધુવાર મહેલથી દૂર રહી શકાતું નથી. તે જગ્યા બહુ દૂર છે એટલે હું લાચાર છું.'

તે સાવ કેદખાના જેવી જીંદગીથી લેડી એડીથની તબ્યતપર ગંભીર અસર થઇ હતી. બોનરના જાસુસોની દોડધામે તેણી છેકજ નકોસ થઇ ગઇ હતી અને પોતાને એકદમ બહાર લઇ જવા કરગરવા લાગી હતી.

સર ફ્રાન્સીસે પોતાની પ્રાણ સમાન બ્હાલી થી ભારે દીલગીર છતે રૂખસદ લીધી. તેઓનાં મંડળમાંના ઘણાક ભાઇબંધ કેપ્ટન સીની તેની પસંદગી માટે અભીનંદન થયા.

'એ કામ તો કેપ્ટન બી સિવાય બીજાથી થાયજ નહિ!' તેઓ એકમેકને સમજાવવા લાગ્યા. 'તેની ચાલાકી અને કુનેહ દુશ્મનની આંખમાં સફાઇથી ધૂળ છાંટી સર્વ મુશ્કેલીઓ દૂર કરે છે.'

કેપ્ટન બીને પોતાને લેડી એડીથ માટે ધાસ્તી લાગી. લોર્ડ કોર્ટને અલબત ભલો, નમાનો ને મોટા પુરૂષ હતો પણ તેનામાં રમુજ જેવી ચીજ જ હસ્તી ધરાવતી ન હતી એટલે કેપ્ટન બી ની નજરમાં મહાન સંકટોમાંથી તરી પાર નીકળવાની તેનામાં કુદરતી બક્ષેસજ ગણી શકાય નહિ.

બીજા દિવસે કેપ્ટન સી એક બુઢ્ઢા બેહુતના પોષાકમાં ફ્રુટનું ગાડું હાંકતો બેઠો. તેણે તે ગાડું તે જંગલના નાકા તરફ લીધું કે જ્યાંથી લેડી એડીથ બેહુતની છોકરીના પોષાકમાં ઘણે દીકકે ચહેરે હાથમાં ઈંડાની ટોપલી લઇ ગાડામાં તેની પાસે બેઠી. બાપ બેટી શહેરમાં માલ વેચવા જતાં હોય તેમ લાગતાં હતાં. સર્વની ભલી દુવાઓ વચ્ચે તેઓ ઉપડી ગયાં. તેમના જવા પછી કેપ્ટન બી નિરાશ થતો બોલ્યો,

'હું ખરાં જીગરથી ઇચ્છું છું કે કેપ્ટન એ પોતે આ મુસાફરી માટે પોતાનો વખત ફાલતું પાડી શક્યો હોત. અલબત ફેરફાર તો આબાદ છેને કેપ્ટન સી બહાદુર નર છે છતાં કોણ જાણે શું છે તે મને ભય લાગ્યા કરે છે. મુસાફરી લાંબી છે ને કમબખ્ત બોનરના જાસુસો જગેજગ ઉભરાઇ જાય છે.

કેપ્ટન સીએ લેડી એડીથને ગમત આપવાને પોતાનું બનતું કર્યું પણ તેણીના ફીક્કા ચહેરા પર સહેજ પણ હસવું આવ્યું નહિ.

દશેક માઇલ દૂર જવા પછી તેણે બોનરના ડજનેક સીપાહોને તેમની તરફ આવતા જોયા પણ લેડી એડીથને તેણે ચેતાવી નહિ. પાછળ ફરવામાં પણ કશું સાર્થક ન હતું. આસપાસની જગ્યા એટલી બધી સપાટ હતી કે કેયે પણ ભરાઇ બેસાય તેમ મુદ્દલજ ન હતું.

તે સીપાહો તેઓ આગળ આવી પુગ્યા.

'આહ! એ તો ચાલ્યા જશે!' કેપ્ટન સીએ વભાર્યું; પણ તે સીપાહોનો વડો જે છાકટો ધુત હતો તે તો ગાડાં આગળ આવતાંજ પોતાનો ઘોડો ઘોભાવી ઉભો.

'આપણે ઘોડીક ફ્રુટ ચુસીશું. પુજ્ય દેવ લના પુંજારીઓને આ ભોગ આપવો પડશે... સબર!' તેણે બરાડ પાડી અને ઘોડા પરથી ઉતરી તેણે ગાડામાંથી ફ્રુટ પોતે ખાવા માંડી અને પોતાના સાથીઓને છૂટથી આપી.

"ડોકરા, આ તારી પોદી ફ્રાંકડી છે હું!... આમ આવરે પોરી! તને કીસ કરવાનો મને શોક થયોછ!' અને તે છાકટો લેડી એડીથપર વાંકો વળ્યો. તેના ગંધ મારતા વાસંથી કમકમી ને તેના પંજામાંથી છટકવા લેડી એડીથે વાંકી વળી. તે બદમાશ યું દઇને હસી પડયો ને તેણે તેણીને પોતાની બાથમાં પકડી. તેના હાથમાંથી છટકવા તેણીએ તરફડયાં માર્યાં. પોતાની જીંદગી બચાવવા તેણી તેમ કરત નહિ પણ હાં તો તેણીને પોતાની આબરૂ જીંદગી કરતાં બહુ કિમતી હતી. અફડાતફડીમાં તેણીએ પહેરેલી બોટા બા-

લની ટોપી નીકળી ગઇ ને તેણીનો ચહેરો ખૂલ્લો થયો.

' મારા ખુદા !...આ કોણ રે ? આ તો મોટે ઘરનાં અબ્બાજી છે ! ' તેણે ગજવામાંથી એક કાગળ કાઢયું ને તેમાં આપેલું લેડી એડીથ-નું વર્ણન વાંચ્યું. ' મારા બાપજી—આનો ! આતો પેલી કાકણ લેડી એડીથ દેખું જેને માટે આસમાનને જમીન તળે ઉપર થઇ જાય છે.'

- કેપ્ટન સીએ બોલાસો કરવાની કોશેશ કરી પણ તેનામાં કેપ્ટન બી ના જેવી કુનેહ કે ચાલાકી ન હતી.

' પાંચસેં સોનાના સીક્કા ! ' તે કંગાળ ખુશાણીમાં કુદરકદા મારતો બરાડયો. ' પોરી, તું મારી કેદી છે ! '

કેપ્ટન સી પોતે વગર હથ્યારનો હોવાથી તેણે જોયું કે મારામારી કરવામાં કશો માલ ન હતો. કોઇપણ રીતે હવે જલદી બચાવ કરવાનીજ જરૂર હતી. તે ગાડાંમાંથી નીચે ઉતર્યો. આસ પાસ જોઇ તેણે તે વડા અમલદારનાં બોભરાંમાં એક મુકી કકડાવીને મારી કે તે ધૂળ ચાટતો થઇ ગયો. ત્યાંથી કુદી તે તેના ઘોડાપર બેઠોને તે તેજ પ્રાણીને એડ મારી ચાર પગે દોડતું છોડી મુકયું. તે સીપાહો તો કુદ ચુમતા હતા. તેમના બંન્ને હાથો રોકાયલા હોવાથી તેઓ કશું કરી શકયા નહિ. આંખના પળકારામાં આ બનાવ બની ગયો. ત્રણ સ્વારો તે છતાં તેની પૂઠે પડયા પણ કેપ્ટન સી-વાણું પ્રાણી તેજ હોવાથી તે ઝાપટથી તેમની નજરથી ગુમ થઇ ગયો

કેપ્ટન એમ ને પોતાની વહાલી બીબ્બને સોંપતાં મનમાં ખટકો થયા કરવાથી પોતે જલ્દે લઇ જવા તેણે હરાવ કર્યો. રાણીના ગુસ્સાની તેણે દરકાર કરી નહિ. તે સીપો ગઢેલમાંથી નીકળી તે મથકે આવ્યો પણ ત્યાં તેને ખબર મળી કે નકી કરેલા વખતની એક કલાક આગમજ કેપ્ટન સી ઉપડી ગયો હતો. હજી તેઓ બધા વિચાર કરતા હતા તેટલાં કેપ્ટન સીએ આવી તે આફતજનક ખબર જણાવી. દરેકની નજર તે વેળા ત્યાં ઉભેલા કેપ્ટન બી તરફ ફરી.

' ઘોડેસ્વાર ! ' તેણે બરાડ પાડી. ' અલબત તેઓ આપણાથી માઇલો દૂર છે પણ હિંમત રાખો !.....તૈયાર !..... જનવરોની દરકાર ના કરતા ! '

તેઓ દિવાનાની પેઠે આગળ ધસ્યા. તે જનવરો ફીણ ફીણ થઇ ગયાં. તે જનવરો પણ જાણે આજે જીવ સટોસટનો મામલો હોય તેમ પાહોમ ધસતાં હતાં. અકેક પછી ગામડાંઓ પસાર થયાં પણ જ્યાં સુધી તેઓ લડગેટ ગયા નહિ ત્યાં તુલીક તેમને તે સીપાહોની બાલ મળી નહિ. ગામડયાઓ દધાઇને તે પાહોમ ધસતા સ્વા-રોને જોતા હતા. ઘોડાઓ એવા તો થાકી ગયા હતા કે ટપ જમીનપર પડે, પણ તેની દરકાર કોઇ-ને નહતી. ચાબુકના ચાલુ માર પડતા હતા ને તે બાપડા લોહીલુવાણ થઇ ગયા હતા.

બોનરના સીપાહોઓ ઘોડેસ્વારોનાં પગલાં સાંભળ્યાં. લેડી એડીથના બચાવ માટે તેઓ આ-વતા હતા એવું માની તેઓએ પણ પોતાના ઘોડા પૂર જોરમાં હાંકયા. તેમનો ચડો લેડી એડીથને પો-તાની બાથમાં લઇને બેઠો હતો તે સ્વારોથી વધુ બો-જાને લીધે પાછળ પડયો, ચોકસ હુકમ છૂટતાં તે સ્વારો જમણી બાજુએ ફર્યા અને ધસી આવતા ઘોડે સ્વારોને અટકાવવા માંગતાં હોય તેમ આગળ વધ્યાપણ ઘોડેસ્વારોનું મોટું ટોળું તેમના તરફ આવતું જોઇ તેઓ દુમ દબાવી ન્હાઠા અને પોતાના વડાની સાથે રહયા.

' લગાર ... ઝાપ... લેડી એડીથને બચા-વીયું ? કેપ્ટન બી ની બરાડ પડી.

સર ફ્રાન્સીસ જે હેમ્પટન કોર્ટથી આવ્યો હતો તેનો ઘોડો છેકજ નબળો પડી ગયો હતો, છતાં ઘંતો મજબુત બીડી પૂતળાંની પેઠે જરૂર થઇ તે એક ભાગો જતો હતો.

ટાવર હવે દરેકને દેખાયો. આહ ! તેઓ નજદીક આવતા હતા. યા ખુદા ! ટાવરમાંના પેહેરોગીરો ઉપરથી આ બધો બનાવ જોતા હતા. શું બને છે તે સમજી જતાં તેમણે ટાવરનો લોખંડી દરવાજો ઉપર ખેંચ્યો કે જેથી માર્ગ મળે. ચાલીસ વારનો તફાવત રહ્યો હતો. એક વધુ કોશેશ ! યા અલીક ! ખરેજ તે ઝકેરાટ ભરી પળ હતી. બોનરના જાસુસો બેભાન હાલતમાં તે ઉઘાડે દરવાજે દાખલ થયા. લેડીઓડીથ બાપડી તો અત્યાર આગમજની બેશુદ્ધ હતી. હવે જેવા કેપ્ટન બી, સર ફ્રાન્સીસને તેની ટોળી ત્યાં આવ્યા કે ભારે કડાકા સાથે તે દરવાજો નીચે પડ્યો.

'ડાબી બાજુ, એકદમ !' કેપ્ટન બીએ ફરી બરાડ પાડી.

તે હુકમ બરેજ વખતસરનો હતો કેમકે તેમ ન થાતતો તે અતી ભારે દરવાજો તે ટોળીને કચડી નાંખતે. તેઓ હવે બીજી બાજુએ નીકળી ગયા.

'ઘોડો પકડ... ફ્રાન્સીસ...હુસ્યાર થા !' કેપ્ટન બીએ પોતાના મિત્રને ચકકર ખાતો જોઇ આગળ જઇ તેને જાગ્રત કરતાં કહ્યું.

એક માણસ સુથી તેઓ ગુપચુપ ગયા. તે પછી કેપ્ટન બીએ ફરમાવ્યું;

'બધા છૂટા પડી જાવ. હું સર ફ્રાન્સીસ સાથે રહીશ.'

ઘોડેક દૂર જવા પછી અને કોઇ પૂઠે ન હતું એવી ખાતરી થવા પછી કેપ્ટન બીએ ભારે બહોંશ કરી એક ધર્મશાળા આગળ સર ફ્રાન્સીસને ઉતાર્યો ને તેને જગાડ્યા પછી ઘોડાઓને પોતાની નજર આગળ માલીસ કરાવી.

'હવે શું કર્યે, મારા લોર્ડ ?'

'તું જરા આરામ લઇ તારા મામાજી, કાર્ડીનલ સાહેબ આગળ જા. તેઓ લેડી ઓડીથને છોડાવશે. રાણી પર તેમની સત્તા અસાધારણ છે. ખરૂં બોલું તો ધર્મગુરૂ જાણે પણ આખું ઇંગ્લાંડ જાણે છે રાણી પોતાના આ સગાને ખરાં જીગરથી ચાહે છે. તે તેણીનો ભરથાર થનાર હતો પણ—'

'હું તેમની આગળ જાઉંછ.'

'હું પણ થોભીશ નહિ. આપણને મદદ કરે એવી રીતે મારે બોનરને ગભરાવવો છે.'

આ વાત સર ફ્રાન્સીસનાં ભેજામાં ઉતરી નહિ. તે ડોકું ધુણાવતો બોલ્યો,

'મારા લોર્ડ, તારી ગમે તેવી કુનેહની હદ હોય છે.'

તે મિત્રો હવે છૂટા પડ્યા.

હેમપ્ટન પેલેસમાં કાર્ડીનલ ડી લા પોલ પોતાના વાંચવાના ઓરડામાં એકલો બેઠો હતો. ઓરડાની રંગીન કાચની બારીઓ મંદ પ્રકાશ પાંથરી ત્યાંની ચુપકીદીમાં વધારો કરતી હતી. તેઓ એક સુંદર લખાન એકાગ્ર ચિત્તે વાંચતા હતા. કાર્ડીનલ જે ખુનામરકીને કાપાકાપી પસંદ ન કરતો હતો તથા જેના ધાર્મિક વિચારો બોહળા હતા તે શખ્સ આવા ઉંચાં પદ માટે કેમ લાયક થયો હતો તેજ દરેકની અજાયબી હતી. તે મહાન પુજ્ય બાપ તરફજ પોતાની નજર રાખી તે ભલાં મનનો પાદરી કશો પણ ઘોંધાટ કે ધરપચ કર્યા વગર દયાને માયાથી અજાયબી ઉત્પન્ન કરતાં પરિણામો લાવતો હતો. આથી પણ તે ઘણાઓને ડોર સમાન હતો કે જેમનો માર્ગ બસ લોહી રેડવામાંજ આવી રહેલો હતો. માયાને મીઠાસ દુન્યામાં શું કરી શકે છે તે આ ભલા પાદરીના દ્રષ્ટાંત પરથી અચુક જણાતું હતું.

તે પોતાના ધર્મનાં સિધ્ધાંતોને ફરમાનો આંધળી શ્રધ્ધાથી તેમનાં ઉંડાણમાં ઉતરીને માનતો હતો. તે તે વાંચતો ને તે પર મનન કરતો હતો. અને વારંવાર એકાગ્ર ચિત્તે બારી તરફ જોતો હતો. એકાએક તેની શાંન્તતામાં ખલલ કરતાં ઘોડાનાં પગલાં સંભળાયાં. તેમણે હસ્તે ચહેરે ચોપડી બાજુએ મુકી. આજે વધુ વંચાય તેમ ન હતું. "વળી એ ચેરો આવ્યો...ગમે

તેમ થોડો દપટાવે છ...જુવાની એવીજ છે" તેઓ પટપટયા. બીજી પળે સર ફ્રાન્સીસ ધ્રુજીયલો–લચડાયલો ભારે ઉસ્કેરાટમાં ત્યાં ધસી આવ્યો. કાર્ડીનલ તેને આ 'અસાધારણ હાલતમાં જોતાં ઘણા અજબ થયા.

" ભલે આવ્યો, મારા દીકરા " તેમણે ઉઠીને પોતાનો હાથ લંબાવતાં આવકાર આપ્યો.

સર ફ્રાન્સીસે નમન કરી ને પર ચુંબન કર્યું.

" દીકરા, શું તું મારા સમાચાર લાવ્યોછ કે આ હાલતમાં અત્રે આવ્યો. "

' હા, મુરબ્બીજી, મારી બબર બહા બુરી છે. મને માફ કરો મામાજી. હું આજે જબરી મુસાફરી કરી આવ્યો છે. મારાં જીગરની રાણી, મારી સુંદરાયલી મહોરદાર લેડી એડીથ હાવર્ડ ને બોનરનો જાસુસો રાણીની ઉસ્કેરણીથી ટાવરમાં કેદ કરવા લઈ ગયા છે.'

' મને બધું કહે, મારા દીકરા.'

' મારા મુરબ્બીજી, હું તમને નહિ કહું તો કોને કહું ? હું તો તમારી મદદ લેવા આવ્યો! મું પણ મને બીક લાગે છે કે રખે તેમ થતાં તમો પર રાણીની બતરાજી થાય. '

' મને આ દુન્યાની બાલ મૅત્રિ પર જરાએ વિશ્વાસ નથી...લેડી એડીથ ટાવરમાં પડીછ... મારા ખુદા, તે કેમ બને ! '

' તેણી પ્રોટેસ્ટંટ છે. '

' નાસ્તીક !...ખુદાનો આશરો ! નાસ્તીક...આગળ ચલાવ ! '

" પોતાના ધર્મ તરફ કદ એતેકાદ ધરાવી તે બદાન બાપ તરફ નિખાલસ પ્રેમ રાખવા માટે હું તેના પર દીલા છું. '

' મા ખુદા! શું તેં આ દુન્યની માયા માટે તારો આત્મા વેચ્યો છે! તેણીએ તને પણ વટલાવ્યો કે ! '

' નહિ, તેમ નથી. હું તો તેણીને જાગતા આગમજ પ્રોટેસ્ટંટ હતો. '

' તું...તું બી નાસ્તીક છે ? '

' તમોને દુખ થાય કરી મેં તમો મુરબ્બીજીને જણાવ્યું ન હતું. '

કાર્ડીનલે બોલવા ચાહું પણ તેમનો અવાજ તેમનાં ગળામાંજ ગુંગળાઇ ગયો. તેમને અસહ્ય દુખ થતું હતું. તેઓ પોતાની બુરસીમાં ફસડાઇ ગયા. તેમનો ચહેરો ઉંજળો સપ થઇ ગયો અને તેમણે પોતાનાં મનનો ઉસ્કેરાટ દબાવવાની કોશીટમાં તજવીજ કરી.

" ફ્રાન્સીસ, આ ગમખ્વાર બાબત પર તું શાંત થશે ત્યારે આપણે વધુ વાત કરીશું. હું રાણીમાતાને મળીશ ને લેડી એડીથના આ ગુનાહ પર દયાની નજરે જોવા સમજાવીશ. '

' ગુનાહ...શાનો ગુનાહ ? ' ફ્રાન્સીસ બરાડયો

' અલબત સૌને પોતપોતાનાં અંતઃકરણની પ્રેરણા મુજબ ચાલવાનો દરેક હક છે. ' કાર્ડીનલે સમજાવ્યું. ' હું મારૂં બનતું કરીશ પણ ' તારે મને વચન આપવું પડશે કે તું પ્રોટેસ્ટંટ છે એવું કોઇને તું જણાવશે નહિ.

' હું તો અત્યાર આગમજનું જણાવી ચૂકયો છું. '

' કોને ? '

' કાધર ઓનોફ્રને. '

' હું બરેજ દીલગીર છું. '

' તમો રાણીને કયારે મળશો. '

' જેમ બને તેમ જલદી. દોડાદોડીની શું જરૂર છે ! '

' ખુદાને બાતર મામાજી તમો ત્વરાજ જાઓ. યા ખુદા ! તેણીની દયાજનક હાલતનો તો ખ્યાલ કરો ! ' તે કરગર્યો.

'હું બનતું કરીશ. યાદ રાખજે કે હિમતે મર્દાં તો મદદે ખુદા છે. બસ મારાપર ભરોસો રાખ.'

સર ફ્રાન્સીસ મામાને હર્ષભેર ભેટયો ને તેમની ભલી દુવાઓ સાથે તે ઉછળતાં જીગરે બહાર પડયો. સારાં પરિણામની તેને હવે દરેક ખાતરી હતી.

તે કારીનસે બારી આગળ ઉભો રહી તેને જતાં જોયો.

'અફસોસ, કે મારૂં બગ્યું વટાયું છે! આકે...પેટ્રો કેવો ફાંકડો છે! ફર્સ્ટ કલાસ સ્વાર છે...ઓલરાઇટ! હું એને ફરી પાછો સચ્ચાઈના માર્ગ તરફ ફેરવીશ!' અને વિચાર કરી તેમણે બીજે દીવસે વીંડસર જવા માટેની તૈયારી કરવાનો હુકમ કર્યો.

(સાંધન છે.).

ધ્યાનથી વાંચો અને ફાયદો ઉઠાવો.

અમારા કારખાનામાં નીચે મુજબની વીગતે ખાસ બનાવેલી દવાઓ મોજુદ છે. જેના પોતાને મોટે વખાણવું કરવા ફોગટ છે. એક વખત વાપરી જોવાથી તેની ખુબી માલમ પડશે.

રોગન અકસીર તિલા—એ રોગન ઘણું ખર્ચ અને મહેનતથી બનાવવામાં આવે છે. નાદાનીમાં ગફલતથી બુરાં કર્મોથી ને તરેહવાર પ્રકારની બરાબીથી નસોમાં કાંઇ પણ ફરક આવેલો હોય અથવા સંતાન પેદા કરવામાં કાયરતા હોય અથવા કોઇ પ્રકારની કમજોરીની સીકાયત હોય એને માટે એ તિલા અકસીર છે એને કાયદાથી માલેશ કરવાથી થોડા દીવસમાં મહા બળવાન બને છે. બુઢાને જુવાન અને જુવાનને નવ—જુવાન બનાવવાનું એનું કામ છે.

કીંમત—એક ઔંસની સીસીના રૂા. ૫) એક તોલાની સીસીના રૂા. ૩) પોસ્ટેજ જુદું.

હબુબ નાદર—એ ગોલીઓ અજબ તાકતવાલી છે. એ સાહેબો માટે છે કે જે વારંવાર દવાઓ વાપરવાથી કાયર બની ગયેલા હોય અને જેનાં મોઢા ઉપર મુરદાલી છાઇ રહેતી હોય તે થોડાજ વખતમાં ગયેલી તાકત પાછી આવી જાય છે અને જીંદગીનો સ્વાદ ફરીથી પેદા થાય છે અને એ ગોલીઓ ઘણી મુદ્દતનાં ચીજોથી બનાવેલી છે. **કીંમત**—એક શીશીમાં ગોલીઓ ૧૦૦) ના રૂ. ૩ તથા ગોલીઓ ૬૦ નાં રૂ.,૨) પોસ્ટેજ જુદું. **રોગન ફરાબાત**—આ તેલની માલેસથી જુનામાં જુનું સાંધાનું દર્દ તથા સોજ ગઠીયા રીછનવા જેને અંગ્રેજીમાં સાયેટીકા કહે છે તે જલદી દુર થઇ જાય છે જે લોક એની બરાબ બીમારીઓથી તંગ થયેલા હોય તે વાપરી જુવો. અમે ખાતરીથી કહીએ છીએ કે તે લોક ફરીથી પોતાના કામ લાયક થશે એ પુરી ખાતરી કરેલી છે. **કીંમત** એક શીશી એક ઔંસની રૂ. ૨) પોસ્ટેજ જુદું.

હબુબ શિયાત—આ ગોલીઓ વાપરવાથી સાંધાનું દર્દ તથા સોજ વીગેરેનો મવાદ મામુલી ઝાડા સાથે જલ્દીથી નીકલી જાય છે અને સદાની કમજોરાત દુર થઇને ઝાડો રોજને માટે સાફ આવે છે **કીંમત** એક શીશીમાં ગોલીઓ ૧૦૦) રૂા. ૨) એક શીશીમાં ગોલીઓ ૪૦) ના રૂ. ૧) પોસ્ટેજ જુદું. **સફફ નીમક સુલેમાની લાસાની**—એ એક જાતનું સ્વાદ આપે તેવું ચુરન છે. એક માસા ખાવાથી પેટનું દર્દ તથા આફરો જુનું અને બદહજમી વીગેરે દુર થઇ જાય છે અને પેટનાં તમામ બીકારોને માટે અજાયબ દવા છે. **કીંમત**—એ ઔંસની શીશી ૧) ના રૂા. ૧) પોસ્ટેજ જુદું.

દવા બનાવનાર બાવાઠેક

ડી. એમ. ખોસલા એન્ડ સન્સ.

D. M. Khosla & sons, Patiala (Panjab.) પટિઆલા—પંજાબ.

રશિયન બળવાનો ભેદ

ઐતિહાસીક વિષય.

લખનારઃ—રૂસતમજી પેસતનજી કરકરીયા.

રશિયન બળવાના સંબંધમાં ઘણાઓ જેઓ ભણેલા ગણાય તેઓનાં મનમાં કાંઇક ગેરસમજુતી હજી થઇ હતી, તેઓ એમ ધારતા હતા કે હાલના બળવામાં જર્મનીનો હાથ સમાયલો છે અને મિત્ર રાજ્યોને તેથી મોટું નુકસાન પહોંચ્યું છે. પણ ખરી હકીકત તો તેથી ઉલટીજ છે. હાલના રશિયન બળવાથી તો જર્મન બાજીને મજબુત ફટકો પડયો છે અને લડાઇનું સેવટ મિત્ર રાજ્યોની તરફેણમાં લાવવાની મોટી સગવડ એથી થઇ છે. લોકોમાં પણ સાધારણ રીતે એવો ખોટો વિચાર ફેલાયો છે કે રશિયન બળવાથી આ લડાઇમાં જર્મનીએ પોતાના દુશ્મનોને મોટો ફટકો માર્યો છે; પણ જેઓ ઇતિહાસથી વાકેફ છે તેઓ આવી ભુલ કરે નહિ જર્મનીની રાજનીતિ મુકલ વખત થયા એવે ધોરણે ચલાવવામાં આવી છે કે રશિયાના ઝારનાં આપખુદ રાજ્યને બનતાં સુધી આંખી રીતે ટકાવી રાખી તેને ટેકો આપી પોતાનું કામ કાઢી લેવું. દોઢ સદી ઉપર ફ્રેડરીક થી ગ્રેટ અને તેની પછીના બીજા પ્રશીયન અને જર્મન રાજકર્તાઓ એજ રાજનીતિ ધારણ કરતા આવ્યા છે. તેઓ આ આપખુદ રાજ્યને ટેકો આપવા ખાતી શામાટે હતા તેનું કારણ જાણવા માટે રશિયાની આગલી હાલત તરફ નજર કરવી જોઇએ છે. બેસદી અગાઉ રશિયન રાજ કારોબાર ઓથિયાટિક ધોરણ ઉપર ચાલતો હતો, પણ જ્યારે પીટર થી ગ્રેટના અમલમાં તેને યુરોપીઅન ઢબ ઉપર મેલવામાં આવ્યો ત્યારે પશ્ચિમનો સુધારો વધારો એ રાજકર્તાને પોતાની પ્રજામાં દાખલ કરવાની જરૂર જણાઇ તેમજ ઉભટ પેદા થઇ તેવા સુધારાવધારાના નમુના તરીકે જર્મનીને પસંદ કરવામાં આવ્યું હતું. એ વખતથી એ બે દેશો એકમેક સાથ નીકટ સંબંધમાં આવવાનું શરૂ થયું. રશિયામાં આપખુદ કારોબાર ટકાવી રાખવામાંજ જર્મનીને પોતાનો લાભ છે એવું માનવામાં આવતું હતું. કેમકે જર્મની પોતે એક આપખુદ રાજ્ય હતું. પીટર થી ગ્રેટ પોતાની પ્રજા જે એશિયાટિક જેવી હતી તેને સુધારવા જર્મનીનો અને પ્રશિયાનો હાથ ધરવા ઇચ્છતો હતો અને તેથી પોતા પછી આવનારાઓને ફરમાવી ગયો કે પ્રસ્યન રાજ્યની પનાહ પકડવી અને પ્રજાના સુધારાવધારા માટે જર્મન રાજાઓની સલાહ લેવી. પ્રસ્યાના રાજાઓની પ્રજા સંખ્યામાં ઘણી

---

* આ વિષયને લગતું જનહેર ભાષણ પારસી લેખક મંડળ તરફથી જાણીતા વિદ્વાન રૅાવર મી. રૂ. પે કરકરયા એ તા. ૨૬–૪–૧૭ ને દીને મુંબઇ ખાતે આપ્યું હતું. આ મહેનતનો વિષય ખાસ સુધારા વધારા સાથે અત્રે પ્રગટ થયો છે, અને તે માટે આ જાણીતા ને માનિતા વિદ્વાનના મોટા આભારી થયા છે. ઐતિહાસિક બાબતોમાં મી. કરકરયા સત્તાસમાન લેખાય છે.

અધિપતિ.

નોની છે, પણ રશિયા વિશાળ અને તેની વસ્તી પણ બહુ મોટી છે. જર્મન રાજ્યોએ જોયું કે રશિયન પ્રજા આકલમાં તેઓની પ્રજા કરતાં મંદ છે તેથી તેના અમીરઉમરાવ અને રાજકર્તા કુટુંબને પોતાના હાથમાં લેવાની તજવીજ કરી રશિયાને પોતાની પાછળ ચાલતું રાખ્યું હતું. પીટર ધી ગ્રેટે જર્મન સુધારાને પોતાની પ્રજામાં સામેલ કરવા પોતાની પછી આવતા રાજકર્તાઓને એવી સલાહ આપી હતી કે બનતાં સુધી જર્મન રાજકુટુંબમાંજ પરણવું. ઉમરાવોને પણ તેવીજ સલાહ આપી હતી જેથી જર્મન સુધારાવધારા દાખલ થાય. પીટરની એ ઇચ્છા ઘણે દરજ્જે પાર પડી. જો કે કેટલાક રશિયનો પોતાનું સાહિત્ય કરવાને પ્રેરાયા છે તો પણ આગળ તે સાહિત્ય નામ કહાડે તેવું નહિ હતું. જર્મની અને પ્રશિયાએ પોતાનો વગ રશિયા ઉપર બેસાડવા માટે જર્મન અમલદારો અને બૌજ્ઞોને પુરા પાડતા ગયા તેથી રશિયામાં જર્મન તત્વ ઘણું આમેજ છે. આને લીધે રશિયનો જર્મન સાહિત્ય અને સુધારા વધારા તરફ ઘણા ઢળેલા હતા. જર્મન અમલદારોએ રશિયન લશ્કરને સુધાર્યું વધાર્યું હતું. અને એ રીતે ઘણી બાબતમાં જર્મનોએ પોતાનો પગપેસારો રશિયામાં વધારી દીધો હતો. રશિયાના મુલકનાં આર્થિક સાધનો જર્મનીએ પોતાનાં હોમ તેમ વાપર્યાં હતાં અને હજી પણ વાપરે છે. તેની ખાણો અને તરેહવાર ધાતુ જર્મનીએ પુષ્કળ પોતાને હાથ કીધાં હતાં તેથી રશિયન રાજઅમલ હાલનોજ ટકાવી રાખવામાં જર્મનીનો મોટો લાભજ હતો.

હાલનો અમલને ટકાવવાનું બીજું કારણ એ હતું કે હાલનો અમલ આપખુદ હતો એટલે ઝાર જે કહે તેજ મુજબ થાય સઘળી બાબતમાં એક માણસનું રાજ અને મરજી હતી અને તેમ એ સદી સુધી ચાલ્યું હતું. જર્મની અને પ્રશિયાનાં રાજ્ય પણ તેવાંજ ઘોરણે પચાસ વરસ ઉપર ચાલતાં હતું. તે પછી પ્રજાને રાજકારોબારમાં કાંઇક ભાગ આપી પારલામેંટ જેવું કાંઇક ખરું પણ તે ઘણું નહી. તેમાં પણ કૈસર જે કરે તે ખરું. હાલની લડાઇ ઉભી કરનાર કૈસર છે તે જગ જાહેર છે. કૈસરે પોતાની પ્રજાને એવી રીતે કેળવીને ચલાવી હતી કે પોતાનો લોભ તેનામાં પણ ઉતાર્યો હતો. પણ જો કૈસરનો વિચાર સુલેહ સંપથી ચાલવાનો હતે તો તે તેમ કરી શકતે. પોતાના જેવો આપખુદ અમલ ઝારના રાજ્યમાં પણ ચાલે તો તે જોવા કૈસર કુદરતી રીતે ઇચ્છતો હતો. પોતાના પાડોશીનું રાજ્ય પોતાના જેવું જ આપખુદ કાયમ રહે તો પોતાની પ્રજામાં તેથી બડબડાટ ચાલે નહિ; જો પાડોશના રાજ્યમાં પ્રજાકિય બંધારણ હોય તો તેવોજ અમલ પોતાની પ્રજા માગે એવો ભય તેને કુદરતી રીતે રહે તેથી કૈસરનો પક્કો ઠરાવ હતો કે ઝારના રાજ્ય અમલને ટકાવી રાખવો. બાર વર્ષ પર રસોજેપાનીઝ લડાઇ વેળા રશ્યન પ્રજામાં હાલના જેવો બળભળાટ થયો હતો. પ્રજા તે વેળા જોવા લાગી કે આટલું આપણું બળ ને દ્રવ્ય છતાં તેના ઉપર જેપાને છત મેળવી તે આપખુદ અમલની નબળાઇનેજ લીધે હતું. તે વેળા મોટા રાજદ્વારીઓએ તેને સમજાવી લીધી વતી. તે વેળા બંધવો નહિ પણ નાની ઉઠલપાથલ થઇ હતી. તે વેળા ઝારે જોયું કે પ્રજાને રાજી રાખવા કાંઇ કરવું જોઇએ. ઝારના માતા જેવણનું તે વખતે રાજમાં ચલણ બહુ હતું તેવણે એ સુધારો કરવા માટે મરજી દેખાડી અને તેનાં પરિણામે, પહેલી ડુમા ૧૯૦૬ માં મળી. હાલનો ઝાર દરેક રીતે સારી અક્કલ, હુશ્યારી અને ઉમદા વચારો ધરાવે છે, પણ તેનાથી કાંઇ પણ ભલું કામ થઇ શક્યું નથી. તે પોતે પણ જાણે છે ને પોતાના મિત્રોપર કાગળોમાં જણાવ્યું હતું કે મારાથી કાંઇ ભલું કામ થઇ શકતું નથી. ડુમા બોલાવવામાં આવી પણ કાંઇ વળ્યું નહિ. તે નબળો મનનો હોવાથી

આજુબાજુનું મંડળ તેને જેમ દોરવે તેમ તે દોરવાતો હતો. તે મંડળ દુમાથી ગભરાવવા લાગ્યું અને પોતાની આપ ખુદ સત્તા જતી રહેવાના ભયમાં પડયું. તેને રશિયન પારલામેંટને એવી તકદીરથી નંબળી બનાવી નાંખી કે પ્રજાનું કાંઇ વજુદ નહી. પ્રજામાં વધું બળભળાટ ઉઠતાં બીજી દુમા ૧૯૦૭ માં બોલાવવાનો ઢંઢેરો નીકળ્યો. પોહુકમાં તે પણ બંધ પડી. ત્યાર પછી ત્રીજી દુમા બોલાવવામાં આવી તે પણ ૧૯૧૨ માં આપખુદી તોડવાને નિષ્ફળ નીવડી. ઝારે જોયું કે હું ગમે તેવું બહું પ્રજાનું કરવા માગું છું પણ તેને તે લાયક નથી તેથી તેણે પોતાનો આગલો આપખુદ અમલ ચાલુ રાખવા માંડયો, તેટલાં હાલની લડાઇ શરૂ થઇ તેમાં પ્રજા પોતાના વાંધા બાજુએ રાખી વફાદારીથી તે લડાઇમાં જોડાઇ.

આપણે લડાઇની શરૂઆતમાં રશિયા ઉપર ઘણી આશા રાખી હતી. રશિયાનું લસ્કર એટલું મજબુત અને એટલું બહોળું હતું કે તે આપણી આશા પાર પાડતે પણ જર્મનીએ પોતાનો રશિયા માંહેલો બહોળો લાગવગ વાપરી તેને નબળું પાડી નાખવાની કુતેહબંદ તજવીજ કરી. લડાઇની શરૂઆતમાં પણ રશિયા તેમાં નહિ ઉતરે તે માટે જર્મનીએ હરકતો નાંખી હતી. જર્મનીએ આગળ પણ ઓસ્ત્રીઆને ઉશ્કેરી તેની પાસે બોસ્નીઆ અને હરસેગોવિનાના પ્રાંતો રશિયાની મરજી વિરૂધ્ધ જોડી નંખાવ્યા ત્યારે તેણે પૂર વધી રાખી હતી કે રશિયા લડાઇમાં ઉતરશે નહિ. ૧૯૦૮ માં રશિયાએ ઘણા વાંધા ઉઠાવ્યા પણ તેનું કાંઇ ચાલ્યું નહિ. આ વેળાએ પણ ૧૯૧૪ માં જ્યારે સરબ્યાનો સવાલ ઉભો થયો ત્યારે ઓસ્ત્રી. આને ઉશ્કેરી તેની પાસે આ લડાઇ જગાડી ત્યારે પણ જર્મનીની લગભગ ખાતરી હતી કે રશિયા પોતા સામે લડાઇમાં ઉતરશે નહિ. તેમ બનતે પણ ફ્રાન્સ અને ઇગ્લાંડે તેને સારી સલાહ આપી લડાઇમાં ઉતરવાની જરૂર દેખાડી અને તે લડાઇમાં ઉતર્યું એટલે જર્મનીની વહિ વિરૂધ્ધ તેને ફટકો પડયો એ ફટકાનો જડબો નરમ કરવા તેણે સબળા ઉપાયો લીધા. પોતાના રશિયા માહેના જાસુસો મારફતે રશિયન લસ્કર આ લડાઇમાં કાંઇ ઝાઝુ કરવાને શક્તિવાન નહિ થાય તે માટે ઉપાયો લીધા. તેનાં પરિણામમાં તેનાં દારૂગોળાનાં કારખાનાઓ ઉડાડી નંખાવ્યાં. શરૂઆતમાં લડાયક અસબાબ બનાવવાના મુખ્ય કારખાનાઓમાં આગ લગાડી તેમાંનો તમામ અસબાબ પુરો કરાવ્યો. એપ્રીલ ૧૯૧૫ માં રશિયન લસ્કર ઓસ્ત્રીઆ સામે આગળ વધ્યું, પણ લડાયક અસબાબની બેડાજ વખતમા ખૂટ માલુમ પડી અને જુન જુલાઇમાં તે કારણે રશિયા ઉપર આગળ વધવામા અટકાવ પડયો. વળી લસ્કરના જોખમદાર વડાઓને જર્મનોએ લાંચ રૂશવતથી પોતાના હાથમાં લીધા અને લડાઇનું કામ ધીમું કરાવ્યું. રશિયાના લડાઇ ખાતાનો પ્રધાન મે૦ સુખમ્લી નોકર બેવફા નીવડયો અને તે પાછળથી માલુમ પડયું હતું. એ લડાઇ ખાતાંનો પ્રધાન જર્મનીના હાથમાં હતો એટલે લસ્કર શું કરી શકે ? એજ રીતે બીજા ઘણા મોટા પ્રધાનો તેમજ લસ્કરી સરદારો જર્મનીના હાથમાં રમતા હતા, તેથી લડાઇ મજબુત રીતે આગળ ચલાવી તેને જલદી પુરી કરવાની આશા રખાતી હતી તે ભંગ થઇ. એ લડાઇ ખાતાંના કાવત્રાંખોર અને દગાબાજ પ્રધાનની તપાસ ચાલશે તેમાં ઘણી જાણવાજોગ બીનાઓ બહાર પડશે અને તે ઉપરથી આપણને ઘણી હાલ બેદમ રહેલી બિનતો માલુમ પડશે. પ્રજા એ સઘળી બાબતથી અજાણ રહી ન હતી કે તેના મોટા અમલદારો લડવા માટે લસ્કરના માર્ગમાં તરેદવાર અગવડો નાખતા હતા. લગભગ અઢી ત્રણ વરસ સુધી એમ ચાલ્યા કર્યું. બાકીરથી તો બધું ઠીક ચાલ્યું. કેટલાક મોટા પ્રધાનો અને લસ્કરી અમલદારો ખોટી દોડધામ કરતા અને આગળ રહીને કુમાન્યાનો નાશ જર્મની પાસ કરાવવાનો મોટો યશ તેઓ ઉપર છે.

છેલ્લે જ્યારે ઝારના જોખમદાર સલાહકારો અને પ્રધાને એ પાક સત્તાધારક ઉતરતા છતાં

અનાજને સંતાડી રાખી ખોરાકીના ભાવો બહુ ઉંચે ચઢાવી નહીં દુકાલનો દુકાલ રશિયામાં પાડવાની તજવીજ એવી મકસદથી કરી કે પ્રજા લડાઇ બંધ પાડી જર્મની સાથ જલદીથી સુલેહ કરવો સારૂ તલબગાર બને ત્યારે રશિયન પ્રજાની ધિરજની હદ આવી. અને તેણે આપખુદ અને પોતાના દેશનાં ભક્ષાં વિરૂદ્ધના અમલનો નાશ કરયો.

પ્રજા ઝારને તો બોદા તરીકે માનતી અને જોકે હાલના ઝારનો અમલ બંધ પાડયો છે તો પણ હવે પછી મજમુત બંધનો અને અંકોશ રાખી તેનો અમલ પાછો ચાલુ કરવામાં આવે એ બનવા જોગ છે. એમ લાગે છે કે મજમુત બંધનો કરી એજ ઝારને અથવા તેના કુટુંબના શાહજાદાને કોઇ પાછો એસાડવામાં આવશે. ઝાર તરફ રશિયન પ્રજા જે ભક્તિભાવ ધરાવે છે તે ધાર્મિક લાગણી સાથ નિકટ સંબંધથી જોડાયલો છે. જો ઝાર નીકોલાસ હજી પણ છેલ્લી ઘડીએ સમજ્યો હતે અને રાજબંધારણ કીધું હતે તો હાલની સ્થિતીએ પહોંચતે નહિ; જ્યારે તેણે બધો મામલો પોતાની વિરૂદ્ધ ગયલો જોયો ત્યારે પોતેજ રાજગાદી છોડી ગયો છે અને પોતાના નાના ભાઇ ગ્રાંડ ડયુક માઇકલને રાજ ગાદી મળે એવી ઇચ્છા દેખાડી છે. એ ઉપર ધારેલા વિચાર ચલાયલામાં આવશે. ઘણું ખરૂં પ્રજાસતાક રાજ્ય જોવું હાલ રશિયામાં થશે નહી. જો રાજબંધારણ વાળી (constitutional) સરકાર થાય તો હું ધારૂં છું કે રોમાનાફ રાજકુટુંબમાંથીજ કોઇ શાહજાદાને તેના વડા તરીકે પસંદ કરવામાં આવશે. એ કુટુંબના રાજકર્તાઓમાં કાંઇ નહિ ને કાંઇ ગંભીર ખામી તમે જોશો. હાલના ઝારની મુખ્ય ખામી: એ છે કે તે બહુ નબળાં મનનો અને મરજી વાળો છે. તેનું મન હમેશ ડચુમચુ રહેતું હતું. તેનો બાપ તેનાથી ઉલટીજ કિસમનો હતો, પણ પરિણામ લગભગ એક સરખાં જોશો. જોકે ત્રીજા એલેગઝાંડરના વખતના મોટા બળો-ડા જાગવા પામ્યા ન હતા તો પણ બેદીલી તો પસરી રહીજ હતી. જેપાન સાથની લડાઇએ નીકોલસને અચ્છી તક આપી હતી અને તેનો લાભ જો લીધો હતે તો આજે તે આવે ટેજે પુગતે નહિ અને આજે સુધારો બધારો. ધણો થતે તેમજ હાલની લડાઇનો અંત પણ એકાદ વર્ષમાં લાવી શકાતે. આ બીજી લડાઇમાં પણ તેને તક મળી હતી પણ તેનો તેણે કાંઇ ઉપયોગ કરયો નહિ તેથી પ્રજા નિરાશ થઇ તેના આપ ખુદ અમલનો અંત લાવવાના ઠરાવપર આવીને આ બળવા જેવું સખત પગલું ભર્યું. કદાચ તેનો પિત્રાઇ ગ્રાંડ ડયુક નીકોલાસ રાજબંધારણના સઘળા કાનુનો સાથે રાજગાદી સ્વીકારી શકે. બીજું એ ત્રણ કુટુંબીઓ છે કે જેને ગાદી આપી શકાય પણ તે ભવિષ્યની વાત છે અને તે ત્રણ ચાર માસમાં માલુમ પડી જશે.

લોકોમાં એવો ખ્યાલ હતો કે જર્મનીએ આ બળવો કરાવ્યો તે બોટો ખ્યાલ દુર થવો જોઇએ. સામું આ બળવા પછી જર્મન રાજદ્વારીઓ એટલા ગભરાયા કે જર્મનીના વડા પ્રધાને તરતજ પોતાની રાજસભામાં જાહેર કર્યું કે આપણી પ્રજાને પણ હકો આપવા જોઇએ. તે હકો કેમ અને કેટલી હદ સુધી આપવા તે બાબત રાજદ્વારીઓમાં ઘણો ગભરાટ પેદા થયો છે એમાં શક નથી. પડોશની રશિયાની પ્રજા પછી પોતાની પ્રજા પણ સળગી ઉઠશે તેનો તેમને કુદરતી રીતે ભારે ભય લાગ્યો છે. પોતાના પશ્ચીમ તરફના પાડોશી ફ્રાંસની પ્રજામાં આગલ થયલા જેવા બળવાઓથી જર્મન પ્રજામાં ભારે અસર થવા પામી હતી. ફ્રાનસ જ્યારે પ્રજાસતાક રાજ્ય થયું અને ૧૭૮૯ પછી જે બંડો. ત્યાં થયાં તે વેળા જર્મન પ્રજાને સુઝ પડયું કે આપણે પણ પ્રજા તરીકે એકત્ર થઇ જવું જોઇએ પણ જર્મન પ્રજાની બુદ્ધિ પ્રજાકિય રાજ્ય ચલાવવાની ઝાઝી ન હતી. ૧૮૧૫ ની સુલેહ પછી જર્મનીના રાજાઓ પાછા પોતાની અસલ આપખુદ સતા હાથ કરવા લાગ્યા.

૧૮૩૦ માં જ્યારે ફ્રાંસમાં બીજો બળવો થયો ત્યારે જર્મનીમાં ફરી ચળવળ થઇ અને ૧૮૪૮ માં જ્યારે ત્રીજો બળવો થયો તયારે વિશેષ ધુજારો જર્મનીમાં થયો અને બે પ્રજાને કોઇ મજબુત મનના રાજવર મળ્યા હોતતો પરિણામ જૂદું આવ્યું હતે. ૧૮૭૦ માં જ્યારે ફ્રાનસમાં પાછો બળવો થયો ત્યારે પણ જર્મન પ્રજાને યોગ્યક હકો મળ્યા હતા. તે પછી રાજદ્વારી ફેરફારો ઘણા થવા લાગ્યા. હાલની લડાઇના ફેટલાક બનાવો ચેતવણી આપે છે કે કયસર ની આપખુદ સત્તા ઉપર લડાઇના પરિણામમાં મોટો અઘાત મુકાશે અને જે આગમજથી સમજી જઇને કયસરની સુધ ઠેકાણે નહી આવશે તો તેની ગાદી જશે એમ લાગે છે.

રૂમાન્યાને રશિયાએ મદદ આપવામાં કાંઇપણ બહાને ઢીલ કરવા કીધી તેથી રશિયન પ્રજા ઘણી ઉશ્કેરાઇ તો પણ બળવો કીધો નહી. પણ ચાલુ સાલની શરૂઆતમાં જર્મનીએ બીજી બાજી રચી રશિયા પાસ છુંદી સુલેહ કરાવવાની કોશેશ કરી, જેની લડાઇ દરમ્યાન વારંવાર કરવામાં આવી હતી. પણ ગયા જાન્યુઆરીમાં તે ઘણી મજબુત રીતે કયસર તરફથી થઇ હતી. ઝાર નબળા મનનો હોવાથી રશીઅની દરબાર મારફતે તેના પર વગ ચલાવવામાં આવ્યો અને ઝારની રાનુ તેમાં જોડાઇ એટલે ઝાર ઉપર ઘણુ મજબુત દબાણ થવા લાગ્યુ. ત્રણ ચાર વર્ષ સુધી ઝારીનાનું ચલણ રશિયન દરબારમાં ઝાઝુ હતું. પ્રથમમાં ઝારની માતાનું સઘળુ ચલણ ત્યાં હતું, પણ પાછળથી દુર થઇ તેની બોદરદાર ઝારીનાનો લાગવગ વધવા પામ્યો તેનાં પરિણામે ગયા જાન્યુઆરીમાં જર્મનીએ જે કોશેશ કીધી તેમાં રાસ્પુતીનની રાનુને પણ સામેલ કીધી અને મામલો એટલે હદ સુધી ગયો કે વખત જતે તો રશિયા છુટી સુલેહ કરવાની ખબર આપણે સાંભળત. પણ તેટલામાં રશિયન પ્રજાના આગેવાનોએ ચબરાક ચેતી લશ્કરને પોતાની તરફેણમાં લઇ બળવો કરી તેનો અટકાવ કીધો. રશિયન પ્રજા જર્મની સામે ઘણો અભાવ ધરાવે છે, જોકે તેના રાજકર્ત્તાઓ આપણે જોયું તેમ તેની તરફ અસલથીજ ઢળેલા છે. જ્યારે ઇંગ્લાંડ અને ફ્રાન્સને રશિયાની જૂદી સુલેહ કરવાની ધારણાની ખબર પડી ત્યારે લોર્ડ મીલનરમાં વડપણ હેઠળ એક મીશન મોકલ્યું. છેક ગયા ફેબ્રુઆરીમાં તે મીશને એવો મામલો અનુભવ્યો કે રશિયામાં કાંઇ જબરી રાજદ્વારી ઉથલપાથલ થવી જોઇએ. તા. ૧૫ મી માર્ચે રશિયન બળવાની ખબર મળી ત્યારે હું કાંઇ અજબ થયો નહિ, કેમકે તેની દોઢમાસ આગમજ કાંઇ અડકતી ખબર લંડન ટાઇમ્સમાં આડકતરી રીતે પ્રગટ થઇ હતી અને તે ઉપરથી મેં ધાર્યું હતું કે રશિયામાં કાંઇ નવું જુનું થવું જોઇએ. વળી તે અરસામાં રશિયાનો ઝાર અવારનવાર મોટા પ્રધાનોને કઢાડતો ગયો પણ તેનો ભેદ આપણને તે વેળા માલુમ પડતો હતો નહી, પણ ઝાર દુમાને રાજી રાખવા ઘણો આતુર હતો અને જ્યારે પાંચ માસ પર દુમાને તહકુફ કીધી ત્યાર લાગતું હતુ કે હવે મામલો ગંભીર બનતો જતો હતો. આ બળવાની જે મોટી અસર થઇ તે યુનાઇટેડ સ્ટેટસ ઉપર થઇ છે અને તેથી ત્યાં અતિશય ખુશાલી ફેલાઇ હતી. હવે આ ફેરફારથી રશ્યા પોતાનું સઘળુ બળ વાપરશે અને તેના પરિણામમાં સુલેહ જલદી થશે એમ વાજબી રીતે માની પ્રેસીડંટ વીલસને કોંગ્રેસને બોલાવી લડાઇ જાહેર કીધી હતી. આ રશિયન બળવાની અસર મિત્ર રાજ્યો જેવી માંગે છે તેવી સુલેહ જલદીથી થવામાં આવે એમ મજબુતીથી માનવાનું કારણ છે. બ્રિટીશો અને ફ્રેન્ચો પશ્ચિમની રણભૂમિ ઉપર જર્મનો સામે બારે ધુન્દરો લઇ ગયા છે અને આગળ વધતા જાય છે અને મેસોપોટેમ્યામાં પણ આપણી મોટી જીતો થઇ છે. અમેરિકા લડાઇમાં ઉતરી મદદ આપવા તૈયાર થયું છે તેથી ૧૯૧૭ નું સાલ શુભ શુકનવંતુ ગણાતું જોઇએ. અને એ સાલમાં જર્મન રાજ્ય ઉપર સંપૂર્ણ ફતેહ મેળવવામાં આવશે એમ આપણે હવે સલામતી સાથે માનીશું.

સારી તંદુરસ્તીમાં રહેવાની કળા.

લેખક–એ. પી. માદન.

આ દુઃખગીરીની પણ ખરી મીના છે કે જીંદગી નીભાવવાને લગતી સૌથી સરસ રીતો માટે લોકો મોટે ભાગે અજ્ઞાન રહેલા હોય છે એટલું જ નહી પરંતુ "કેવી રીતે રહેવું" તે જાણવા માટે પણ તેઓ જીજ્ઞાસા ધરાવતા હોતાં નથી. આ વાતનો સમજ ત્યારેજ પડે છે કે જ્યારે મરદો અને ઓરતો ત્રીસ અથવા ચાલીસ વર્ષની ઉમરે પુગે છે કે જે વેળા તેઓએ કુદરતના અચળ કાયદાઓનો ઉલ્લંઘન કરવાથી યા તે માટે બેદરકાર રહેવાથી ઉપજેલા પરિણામ તરીકે દરદનો પાયો તેમના શરીરમાં ઘર કરી બેઠો હોય છે.

કેળવણી સાથેની તંદુરસ્તીનું જ્ઞાન મળવું જોઇએ.

પણ કોઇપણ માણસને તંદરોસ્તીને લગતા કાયદાઓ જાણવા માટે એટલો લાંબો વખત બોલવાની કશી ફરજ કે કારણ નથી. તેણે જ્યાર થી એ. બી. સી. અથવા બારાખડી શીખવા માંડી ત્યારથીજ અથવા તેની સાથે સાથેજ તનદરોસ્તીને લગતું જ્ઞાન પણ લેવા શરૂ કરવું હતું. એક પ્રજા માટે જેટલું સંસ્કૃત યા અંગ્રેજી લાટીન ભાષા જાણવાનું અગત્યનું છે, તે કરતાં માણસે કેવી રીતે રહેવું એ વધુ અગત્યનું છે કારણ કે માણસ પાસે જ્ઞાન હોય, માલમતા હોય દુનિયાની બધી ચીજો હોય, છતાં તંદરોસ્તી ન હોય તો તેને બરૂ સુખ કયાંથી મળે! બલકે જીંદગી નકામી થઇ પડે.

કુદરત પોતાનાં કાયદા તોડનારને માફ કરતી નથી.

કુદરત પોતાના કાયદાઓ માણસને લાંબો વખત તોડવા દેછે, પરંતુ તેનો ખંગ અથવા બદલો મરદો અથવા ઓરતોની દુંક ઉમરમાં જીંદગીની દોરી કાપી પુરેપુરો લે છે. કુદરત કદીપણ માફ કરતી નથી પછી તેના કાયદા જાણી જોઇને યા અજાણપણે તોડેલા હોય, પણ વાજબી અને બેવાજબી માણસોને સરખી રીતે ખમવુ પડે છે ત્યારે તંદરસ્તી જેવી સૌથી અગત્યની બાબદ માટે માણસ જાત એટલું થોડું ધ્યાન આપે તે માણસના બીજા કારોબારોમાં વારંવાર થતા અવિચારીપણાઓ માંહેલુ એક છે.

ખોરાક વિષે સામાન્ય અજ્ઞાનતા.

ખોરાકને લગતા મૂળ કાયદાઓ જે કે સેંકડો વરસો થયા જણાયેલા છે છતાં તે કાયદાઓને વહેવારમાં મુકવાની બીના તપાસ્યે તો જણે લોકો તે માટે અંધારામાંજ હોય એવું દીસે છે નહીતો દરદ જેવું હોતેજ નહી અને સરાસરી માણસની જીંદગી હાલમાં રહે છે યા નીભે છે તે કરતાં વધુ લાંબી ટકી શકતે. માત્ર ચીજો વિષે જાણવું તેમાં કાંઇ સાર નથી. પણ તે પ્રમાણે કરવું અથવા તેમને અમલમાં મુકવી એ વધુ અગત્યનું છે.

વાંચનારે દુન્યા તરફ કદીપણ નજર ફેરવી હોય અને તેમાં રહેલા લાખો આંધળાઓ, પાંગળાઓ, અને દરદીઓ નિહાળ્યા હોય તો પાર વિના હેરાન થતી મનુષ્ય જાતી માટે તેને દુઃખ ઉપજ્યા વિના રહ્યુંજ હશે અને ને જો તેણે એ બાબદ ઉંડાણથી વિચાર કર્યો હશે તો તેણે જરૂર અજાયબી લાગતી હશે કે દુન્યામાં આટલું બધું દુઃખ શા માટે આવતું હશે? એનો જવાબ એકજ છે, અને તે એકે બધાં દરદો અથવા મોટે ભાગે દરદોનું કારણ તે કુદરતના નિર્માણ કરેલા ચોકકસ

કાયદાઓનું ઉલ્લંઘનજ જણાશે—આપણે ખાઇએ પીએ છે તેથી તનદરોસ્તી મળે છે યા તો દુઃખદરદ આવે છે. ગમે તેમ તમો સમજતો પણ આજ રસ્તો અથવા આજ કારણ છે કે જેથી માણસનાં શરીરમાં દરદ પેદા થાય છે.

જ્યારે માણસ આ વાત યાદ રાખે કે એક સાધારણ રીતે તંદરોસ્ત માણાપને ત્યાં એક બાળક જન્મ પામે તેનો જન્મથી તે પાછો જાય યાને તેનું મરણ આવે ત્યાંસુધી તેને એકબી દીવસ કોઇબી સીકનેસ કે દરદથી હેરાન થવાની કશી ગરજ નથી ત્યારેજ સામન્ય રીતે લોકોને સમજાશે કે તન્દરોસ્તીએ પ્રજાને લગતી અગત્યની બીના છે, કે જે માટે, એક દેશના ધારાશાસ્ત્રીયો જેમ પ્રજાને કેળવવા માટે ધારા બાંધે છે તેમ સામન્ય પ્રજાની તન્દરોસ્તી કેમ વધવા પામે તેને લગતા પ્રજાકિયે તન્દરોસ્તી સાચવવાના કાયદાઓ બાંધવાને પોતાનું તન-મન અપણ કરશે.

ખોરાકને લગતો પહેલો અગત્યનો સવાલ.

આ બાબત, ખોરાક અથવા ખાવાની કળા વિષે સૌથી આગળ વધેલું જ્ઞાન આપવા માટેજ લખાએ છે અહીં કોઇ એકજ જાતની "થીઅરી" હાથમાં લેવાઈ નથી પરંતુ એકથી વધુ અપાશે. ખોરાકનો સવાલ એટલો તો બહોળો છે કે તેમાં જાતજાતનાં વિચારો અને મતો અપાયાં છે—સામન્યની નજરે જોતાં માણસાઇ શરીરને પોષણ આપવા માટે અમુક પ્રમાણમાં જૂદાં જૂદાં તત્વોની ગરજ છે. જેવા કે 'કારબન'—'ઓક્સીજન'—'નાઇટ્રોજન'—'હાઇડ્રોજન'—વગેરે, પછી તે તત્વોનાં મૂળ જાનવરમાં હોય કે વનસ્પતિમાંથી હોય—પરંતુ આ બાબતનો વિચાર કરવા માટે, આ એકલીજ બીના પુરતી નથી. આ લખાણમાં ખોરાકની સવાલની જુદી જુદી બાજુઓ અપક્ષપાતપણે મુકવામાં આવશે, એટલે વાંચનાર પોતે પોતાનો અભિપ્રાય અથવા ખ્યાલ બેંધી કાઢશે. માણસને પોતાનો અનુભવ શીખાડે કે કુલાણો ખોરાક મારે માટે સૌથી ઉત્તમ છે, તે ખોરાક પસંદ કરવાનું તેને માટે સહેલ છે.—ધંધો, આસપાસનાં જોગો ઉમર, જાતા—સ્વભાવ, હવા પાણી અને બીજી હાલતો માટે ખોરાકના કાયદા તેને અનુસરતા હોવા જોઇએ—છતાં આટલું તો નક્કી કહી શકાય કે, ચોક્કસ એવા સહુથી વધુ અગત્યનાં કાયદાઓ છે કે જેનાથી ઉલટું જવાઇ શકાય નહી, અને જેમ બીજા કુદરતનાં યા જૂની પ્રજાઓનાં કાયદાઓ અચળ અને નહી ફેરવાય તેવા છે તેમ ખોરાકને લગતી રીતીઓના નિયમો છે કે જેનો સંક્ષેપ્ત બે શબ્દોમાં આવી જાય છે, અને તે મધ્યમપણું અને "મોડરાલીવેશન" યાને ખોરાક ઉપર મહોડામાંથી થતી ક્રીયા.—

કેટલું ખાવું? કેમ ખાવું.

આ બે નીયમો, ખોરાકની આખી સીસ્ટમનાં મૂળ થાયા જેવા છે, કે જેની અંદર કેટલું ખાવું અને કેમ ખાવું એ સવાલો આવી જાય છે તે પછી જે અગત્યના સવાલો છે તે "શું ખાવું અને કયારે ખાવું" એ બાબત આવી જાય છે—એ સર્વેની ઉપર, ખોરાકનાં સંબંધી જે મનની વળાણ છે તે ભૂલી જવાની નથી.

એકવાર મધ્યમપણું અને ક્રિયાના નિયમો સમજવામાં આવ્યા છે અને બરાબર શીખાયા તો પછી ખોરાકને લગતા બીજા હેરફેરીનાં સવાલોનું કુદરતી રીતે બંડન થઇ જાય છે—જીંદગીની કળાના સવાલની હદ, માંસનો ખોરાક કે, અનાજ, ફોડોળ, યા કૂળ કૂળાદીનો છે એવી તકરાર કરવામાંજ કાંઇ માત્ર આવી રહેતી નથી. પણ તેમાં જીંદગીનાં રહેવા કરવાનાં બધુ ઉંચ સવાલો પણ આવી જાય છે. ખોરાકમાં સુધારો કરવાનાં ખ્યાલના અર્થ માટે બોલતાં એક પ્રખ્યાત ફ્રેન્ચ ફીલસુફ આ શબ્દો જાહેર કરે છે કે "Use but not abuse" યાને ખોરાકને (વાપરવી) રીતે ઉપયોગ કરો અને નહી કે ગેરઆબરુની, તેમજ પરહેજ રહેવાથી

અથવા જોઇએ તે કરતાં વધુ ખાવાથી માણસ સુખી થઇ શકતો નથી.

તંદુરસ્તી એ દરેક મનુષ્યનો વારસો છે એની દલીલ પરથી દરેક વાચકની મનનો માણસ કે જે આ લખાણ વાંચે તેને અરજ કરવામાં આવે છે કે તેણે ખોરાકમાં સુધારો કરવાના નિયમો ઉપર ધ્યાન લગાડવું. સો વરસ અગાઉ એક ફ્રેંચ સાયનટીસ્ટે The Physiologyof Taste. 'યાને સ્વાદ ની ફીઝીયાલોજી' નામે પુસ્તક લખ્યું છે તેમાં તેણે "Moderation and Mastication" એટલે ખોરાકમાં મધ્યમપણું અને ધટતા રીતે ચાવવાની ક્રિયાના નિયમો દર્શાવ્યા છે કે જે પુસ્તક આજે પણ એક સત્તાધારી ક્લાસીક તરીકે વંચાય છે.

આ લખાણનો મુખ્ય હેતુ તંદુરસ્તી શીખવવાનો છે કે જેથી હજારો માણસો જેઓ થોડા યા ઘણા આજારી હોય તેમને તેમજ જેઓ તંદુરસ્તી જરણાદ કરવાના ખરાબા ઉપર, ચેતવણી વગર ચાલ્યા જતા હોય તેમને પણ આશીરવાદ સમાન થઇ પડશે આટલો ખુલાસો કર્યા પછી હવે તંદુરસ્તીની કળાની બાબદ સીધી હાથમાં ધરીશું.

કુદરતી માણસ તેનો કુદરતી ખોરાક.

સઘળી પ્રજાઓની દંતકથાઓમાં, માણસ જે એકવાર કાંઇપણ દુઃખદરદ વિના સંપૂર્ણ તંદુરસ્તીમાં સુખી અને છૂટો રહેતો હતો તેણે પોતાનું સ્વર્ગ ગુમાવ્યું એ ખ્યાલ હમેશાં રહેલો હોય છે– હીરોદોટસથી તે છેક હાલના જમાનાના તવારિખ નવેશો તે સોનેરી જમાનાનાં લોકો માટે જણાવી ગયા છે, કે જ્યારે ખોરાક માટે જનવરોનો જાન લેવામાં આવતો ન હતો અને જ્યારે સઘળું સંપૂર્ણ સુખ અને શાંતિ સલાહસંપજ પ્રસરી રહેલી હતી. ક્રાઇસ્ટની કેટલીક સદીઓ આગલ થઇ ગયેલા લોકો માટે આપણે જાણીએ છીએ; કે બુદ્ધ, પીથેગોરાસ, સોક્રેટીસ, પ્લુટાર્ક વગરે એ શીખાડ્યું છે કે મનુષ્યનો ખોરાક વનસ્પતિ ફળફળાદી વગરે છે. હીસયોડ જે ક્રાઇસ્ટની આઠ સદી આગમજ થઇ ગયો છે તે જે સોનેરી જમાનાં વિષે કહી ગયો છે કે જ્યારે માંસનો અહાર બીલકુલ જણાયલો નહતો તેથી અનઢળ શાક અહારનો સવાલ કાંઇ આજનો નવો નથી. જ્યારે આજે પણ દુનિયાનો અડધા ભાગથી ઉપરનાં લોકો માંસાહારી નથી. એટલે કે વેજીટેરીયન છે ત્યારે જે હાલત મનુષ્યોને આ ખ્યાલ ઉપર લાવી છે તે ઘણીક લાંબી સદીઓનું જ પરીણામ હશે.

વેજીટેરીયન એટલે જેઓ માંસને ખોરાક તરીકે વાપરતા નથી, પણ ફળ—ફૂળાદી—કઠોળ અને વનસ્પતિ ખાય છે તે અર્થ થાય છે.

જેપાનીઝો, ચીનાઓ, હીંદના બુદ્ધિસ્ટો અને પૂર્વના એવા કરોડો માણસો ત્રણથી ચાર હજાર વરસો થયાં વેજીટેરીયન હોવાનું જણાવ્યું છે, કદાચ તેઓ હમેશાનાં તેમજ હશે.

માણસની આદતો અને ખોરાકનું વર્ણન કરતાં કેટલાકો તેમને વારંવાર માંસાહારી કહે છે. એ અજ્ઞાનથી ભરેલું છે, કારણ કે શાહદત જોતાં માણસ તેથી ઉલટા પ્રકારનો છે. માણસનાં શરીર ને વાંદરાને સૌથી વધુ મળતાપણું હોવાથી, અને વાંદરો ફળફળાદી ઉપરજ જીવતો હોવાથી, માણસ પણ વનસ્પતિ આહારીજ છે.

વાંદરા અને માણસનું આ મળતાપણું તેમનાં બાકી શરીરનાજ હદમાં રહેલું હોય છે, જે બહોળો ફરક એક ઉત્તમ પ્રકારના વાંદરા અને જંગલીમાં જંગલી માણસમાં રહેલો છે તે એ છે કે માણસને મન યાને અક્કલ છે જ્યારે તે વાંદરામાં રહેલી નથી.

માણસને બરાં ખોટાંનો ખ્યાલ હોય છે, તે ઉંચ વિચારો કરી શકે છે, અને તે એકજ પ્રાણી છે કે જે પોતાના વિચારો, બોલીને યાને શબ્દો મારફતે દેખડાવી શકે છે. પણ જ્યાં સુધી

ખોરાકનો સવાલ રહેલો છે. ત્યાં સુધી માણસ વાંદરાનેજ મળતો આવે છે અને વનસ્પતિ આહારના પ્રાણી વર્ગમાંજ મુકી શકાય છે.

સાયંટીસ્ટો કહે છે કે માણસ ફળફળાદી માટેજ લાયક છે.

પ્રખ્યાત એનેટોમીસ્ટો અને નેચરેલીસ્ટો જેવા કે, કવીયર, કારપેનટર, લુબરીગ્યુઅર, ટેલર, પ્રોફેસર ઓવન, હ્યુમેક, અને બીજા ઘણાઓએ સંપૂર્ણ રીતે દેખાડી આપ્યું છે કે માણસ તેના શારીરીક બંધારણથી ફલફલાદીનાજ ખોરાક માટે સરજાયલો છે એટલુંજ નહી પણ કુદરતના કાયદાઓનું ઉલ્લંઘન કરી માણસે માંસ ખાવા માંડયું તે પછીજ હદ વગરના દુઃખ દરદો માણસ જાતને લાગુ પડયાં છે, જે બીનાઓને જૂના જમાનાના રૂષી મુનીઓ–જેવા કે પ્લેટો સોક્રેતીસ–પ્લેનીકા, પીટેગોરાસ, પ્લુતાર્ક કબુલ રાખેલી તે આજે પણ પ્રગટીકરણના કાયદાઓ જે લોમારક, દારવીન, વોલેશ, સ્પેનેસર વગેરે જાહેર કર્યા છે તેઓએ પણ સ્વીકાર્યા છે, કે જેથી જીંદગીના મૂળ અને તેનાં આ ધરતી ઉપરની વૃદ્ધિના સવાલ ઉપર ઘણું અજવાળું નાંખ્યું છે

દુનિયાની શરૂઆતથીજ મનુષ્ય તથા પ્રાણીઓ વનસ્પતી આહાર કરતાં આવ્યાં છે.

આ ખુલ્લું છે કે, સઘળા પ્રાણીઓનો ખોરાક અસલમાં વનસ્પતિ વર્ગમાંથીજ નીકળ્યો હતો, કારણ કે જનવરોના શરીર સીધી રીતે જમીનમાંથી પોષણ મેળવવાને અશકત છે; કેટલાક નેચરીલીસ્ટો આગળ વધી એમ પણ કહે છે કે, શરૂઆતમાં કોઇપણ જનવર માંસાહારી હતું નહી, પણ તેવા માંસ અહાર કરનારા વર્ગોનું પ્રગટીકરણ આ ધરતી ઉપર જમીનમાં ફેરફાર થવાને લીધે વનસ્પતિ વર્ગ ખુટી જવાથી થવા પામ્યું. અને તાર દ્વારે ઉપર્યાજ કારણને લીધે માણસને પણ વનસ્પતિ વર્ગ ન મળવાને લીધે તે માંસાહાર કરવા લાગ્યો હોય જેને બુસ્તર વિદ્યાના યાને ઝુવોલોજીના અભ્યાસીઓ ગ્રેશીયલ યાને બરફનો જમાનો કહે છે કે જે આજથી પચાસથી ત્રીશ હજાર વર્ષ ઉપર થઇ ગયો છે.

તે જમાનાએ પ્રાણી વર્ગની હાલત તેવા પ્રકારની કરી દીધી અને કદાચ એથી કરી માણસની તેની અસલ અને કુદરતી વનસ્પતિ આહારની આદતમાં કે જે તેને હજારો વરસની થઇ લાગી હતી તેમાંથી જાહેર કાઢી માંસાહાર કરવા માટે ફરજ પાડી હોય. આ વેળા એ માણસને ચોકસ માંસ ખાવાની ટેવ લાગુ પડી હોય, છતાં તેનો શારીરીક બાંધો જરાએ ફેરફાર બનાનો રહયો છે, જે ખુલ્લું દેખાડે છે કે કુદરતે તેને માંસનો અહાર કરવા સરજાવ્યો નથી. અને મોડે કે વેહલે તેને પાછો જમીનમાંથી ઉગતા વનસ્પતિ ખોરાક તરફજ ફરવાનું હતું.

પ્લેટો જેને ક્રાઇસ્ટ ચારસેં વર્ષ અગાઉ "ધી રીપબલીક" નામનો પ્રખ્યાત લેખ લખ્યો છે તેમાં સોક્રેટીસને એક નમુનેદાર શેહરનું બયાન કરતો ચીતારે છે કે જ્યાંનો રહેવાશીઓનો ખોરાક માત્ર ફળફલાદી અને અનાજ હતો એ ખોરાક તદન સાદો હતો એવો કાંઇક વાંધો ઉઠાવે તેના જવાબમાં સોક્રેતીઝ કેટલીક દલીલો આપે છે ત્યાં લડાઇ અને દરદ એની બન્નેનું મૂળ માંસ નો ખોરાક તરીકે ઉપયોગ કરવામાં સમાયલું છે એવું પુરવાર કરે છે.

શરીરનું બંધારણ જોતાં પણ માણસ વનસ્પતી માટે સરજાયલો છે.

વિચાર કરતો, બરાને બોટાંનો તોલ કરતો માણસ કદીપણ કુદરતી રીતે માંસ ખાનારૂં નથી. તેના દાંતો, હોજરી, આંતરડાઓના બાંધો યાને એલીમેનતરી કેનાલ, અને તેનું આખું શરીર સઘળાં જનાએ શક વિના દેખાડે છે કે માણસને વડ અને બીજા જંગલી હેવાનો માફક માંસ ખા

ન્નારા પ્રાણી વર્ગમાં મુંબી શકાયજ નહીં આપણા પ્રાપદાદાઓ જંગલી હતા કે અર્ધ જંગલી કે સુધરેલા હતા, તે વાતની તકરાર ન કરતાં. આજે તો આપને તો આ જમાનામાં સુધરેલા રહેવાનું છેજ. આદમ અને ઇવના વખતથી માણસ જાતને ફળફળાદી યાને વેજીટેરીયનપણું શીખાડવામાં આવ્યું છે.

મહાં બળવાન પ્રાણીઓ પણ વનસ્પતી આહારી છે.

પ્રાણી વર્ગ તરફ જોતાં આપણે શું માલુમ પડે છે કે હાથી એ વનસ્પતિ અહાર કરનાર છે. ટ્રોમોદરી અને રેનદીયર જેવા અનીયણી સહન શક્તિવાળા મોટા પ્રાણીઓ કેવળ વનસ્પતિ ખાનાર છે, હરણ અને ઘોડા જે બધાં જનાવરો કરતાં સૌથી વધુ ઝડપવાળાં પ્રાણી છે તેઓ પણ એજ વર્ગમાં આવી જાય છે. વનસ્પતિ ખાનાર ગોરીલો વાંદરો જંગલનો રાજાજ છે કારણ કે સીંહને માત્ર એક લાકડાંના ઝપાટાએ મારી નાખતાં તે જણાયલો છે. કોઇપણ શાક વગર વનસ્પતિ ખાનારાં જનવરો દરેક પ્રાણી વર્ગના રાજાઓજ તરીકે જોરમાં, ચાલાકીમાં, સહન શક્તિમાં અને ઝડપમાં ગણાય છે.

પ્રજાઓની તવારિખ વનસ્પતી અહારને કેવળ ટેકો આપે છે.

જ્યારે આપણે માણસ તરફ આવ્યે છીએ ત્યારે આપણને માલુમ પડે છે કે મજબુત સ્કોચ મેન માત્ર ઓટમીલ કેક યા પોરીજ, વગેરે અનાજ ઉપર રહે છે તે મન અને શારીરીક મજબુતીમાં હરોલમાં ચાલનાર છે.

જેપાનીઓ સદીઓ થયાં અનાજ (ચોખા) ઉપરજ રહેતા થકિ પોતાના નર્વસ અને શક્તી એટલાં તો ખીલવ્યાં છે કે તેમનાં મહાન કાર્યો જોઇને દુન્યા હેરત થઈ છે. યુરોપમાં લોકો સવાલ કરે છે કે ખરૂં કહીએ તો જેપાનીઓ શું સુધરેલી પ્રજાની સૌથી વધુ આગેવાન પ્રજા નથી! અને છતાં જેપાનીઓ મેવા ચાનુલ-શાક આહારીજ છે.

વળી આઇરીશમેનો જેમનો મુખ્ય ખોરાક પટેટા, પોરીજ, દુધ અને પાણીના વેલા અને કદાચજ માંછલી હોય છે. તેઓ પણ લડાયક લોક તરીકે હમેશાં જણીતા છે.

આપણે જાણીએ છીએ કે રોમન લશ્કરી સીપાઇઓને અનાજ અને ધક ઉપરજ રાખતાં હતા. રોમના ખાસ ગ્લેડીએટર નામનાં લડાયક સીપાઇઓ માત્ર જુવાર, અંજીર અને ઓલીવ ઉપર ગુજરો કરતા હતા. વળી ગ્રીસનાં સઘળા કસરતખાનો કેવળ વનસ્પતિ ઉપરજ રહેતા હતા અને જોર શક્તિ મેળવી વખણાઇ ગયા છે. "મીડલ એજીસ" નાં ટર્કો કે જેઓ માત્ર અંજીર, અનાજ અને કઠોળ ઉપર રહેતાં તેઓએ એકવાર અર્ધા યુરોપ જીતી તે ઉપર અમલ ચલાવ્યો છે. આ પ્રમાણે અન્નફળ શાક અહાર કરવાની રૂઢી તમો અભ્યાસથી તપાસશો તો માણસ અને જનવર બનેમાં બહોળા પુરાવા મળે છે કે અન-ફળ-શાક-અહારીઓ, માંસાહારીઓ પર સરસાઇ ભોગવે છે.

આ સિવાય વધુ પુરાવા જો કોઇને જોઇતા હોય તો હાલના સૌથી વધુ જાણીતા અને સત્તાધિકારી પુસ્તક L Alementation et les Regimes (Diet & Dietetics) by Gautier ખોરાક અને ખોરાકની વિદ્યા એ નામની પ્રખ્યાત ફ્રેંચ સંતાધિકારીએ લખી છે જેમાં તે કહે છે કે:—

આંમ કહેવું ખોટું છે કે માંસ વગરનાં ખોરાકથી શારીરીક નબળાઇ લાગુ પડવાનો ભય છે.

જે. સીન્કલેર લખે છે તે પ્રમાણે હીંદુસ્તાનમાં બેપીયાઓ જેઓ લાંબા છેટે સુધી કાગજ પત્રો લઇ જાય છે તેઓ માત્ર ચોખા ઉપરજ રહેતા હોય છે અને દર દીવસે એક ગામથી બીજે ગામ

દોડતા ફરતા રહે છે અને દીવસનાં ૬૦ માઇલ જેટલો છેટો કાપે છે અને તે પણ કાંઇ એક દીવસ નહીં પણ અઠવાડીયાના દરદીવસે એક પણ ખાડા વિનાં મહીનાં અને વરસો સુધી.

રશીયાનાં ખેડુતો જેઓ માત્ર વેજીટેબલ કાળી રોટી દુધ અને દરીયાની જળો ઉપર રહે છે તેઓ દીવસનાં સોલથી અઢાર કલાક કામ કરે છે

નોરવેના ખેડુતો જનરેજ જનવરનું માંસ ચાખતાં હોય છે છતાં માઇલોના માઇલો ચાલતા હોય છે.

હાલના કન્ઝરવેટીવ મજુરો તથા ખલાસીઓ કે જે વર્ષ લાંબા કાળથી અરધુચા કાંદા વટેણાં અને દાળ ખજુર ઉપર રહેતો આવ્યો છે તેઓની જોરશકિતયો આજે પણ લોકો વિસમય પામે છે. દક્ષિણ અમેરિકાની ખાણોમાં કામ કરનારાં મજુરો જેઓ કદી પણ માંસ ખાતા નથી તેઓ પોતાના ખભા ઉપર બસેં રતલનાં બોજા લઇ પહાડ ઉપર દરરોજ બાર માઇલ ચઢતા જાય છે.

માંસ ખાવાથી થતી હાંણીઓ.

આ ઉપરથી જણાશે કે વનસ્પતિ અહારજ મનુષ્ય માટે વગર શકે બંધ બેસતો છે. કોટળાવાળા ફળો, ફુટ અને અનાજથી વધુ ચોખ્ખો, વધુ મજેદાર અને વધુ પોષણકારક બીજો કોઈ ખોરાક નથી. સત્તાધારીઓ એવું કહે છે કે માંસનાં તતો માંસ ખાનારનાં લોહીમાં એવાં તો પસરી જાય છે કે તેઓને દુઃખરો કાઢવાવાળા અવયવો કેમ કરી બાદબાકી કાઢી શકતાં નથી. માંસથી એક જાતની અસાધારણ અથવા અકુદરતી ગરમી શરીરમાં પેદા થાય છે, જે માણસનાં જુસ્સા અને હવસોને ઉશ્કેરે છે, અને છેવટે તેની નરવસને નબળાઇ લાવુ પડે છે કે જે માંસ ખાનારાંઓને મોટે ભાગે થાય છે, ત્યારે માંસ શા માટે ખરાબ છે અને પ્રજા એ અકુદરતી ખોરાક છોડી પોતાના કુદરતી અનાજ શાકના અહાર ઉપર શા માટે વળતી નથી ? તેનું કારણ એ છે કે જુનો બદીઓ ચાલુ રખાય છે. જુનો ખોટા વિચારો અને ભુલો એક જમાનો બીજા જમાનાને આપી જાય છે અને આપણે જુનાં કૃતવા ઓજ શીખતા આવીએ છીએ અને તે રીતો હજુ સુધી ચાલુ રહેલી છે અને તેથી આપણે ખોટી રીતે માંસની તરફદારી કર્યે છીએ અને બીજા ખોરાક તરફ અભાવ બતાવ્યે છીએ. કુંકમાં લોકો પોતાના માંસના ખોરાક માટે મોટા ઇ લે છે અને તે મોટી દેવી તરીકે પુંજાય છે. જ્યાં સુધી દરેક માણસ પોતે સારી રીતે સમજી વિચાર કરી સુધરો કરશે નહી ત્યાં સુધી આવીજ હાલત ચાલુ રહેવાની.

સારી તંદરોસ્તી ભોગવવાનો મૂળ પાયો કે કંઇ ચીજથી તે સારી રહે અને કઇ ચીજ ખાવાથી તેને રોગ થવાનો સંભવ છે એ બાબત ઉપર. ઉપલું વિવેચન પુરતું ગણી, તે સવાલને દરેક માણસની પોતાની વિચાર શકતી અને અકકલ ઉપર છોડીશું—અને જે ખરેખર વધુ અગત્યનાં સવાલો, "કયારે ખાવુ, કેટલું ખાવું ને કેમ ખાવું એ સવાલો કે જે વિષે મનુષ્ય જાત મોટે ભાગે કાંઇજ જાણતી નથી, અને જેને લીધેજ તે નાના મોટા અંધકાર રોગોનો ભોગ થઇ પડે છે તે બાબદ વિષે આવતાં અંકમાં સમજાવીશું.

વરા !

'તમોજ તમારા કુટુંબના વડા છો કે ?'

'નહિ બા, મારી સરજત તે કરતાં કોઇ જોવા માણસની છે કે જે સારૂં થાય ત્યારે ભૂલી જવામાં આવે છે ને બુરૂં થાય ત્યારે બધો ટોપલો માથે ઉઠાવી લે છે !'

એમ નહિરે —

તે-ત્યારે શું તું ડરેછ કે હું મારી બેરીનું પૂરું કરી ન શકીશ.

જેની-એમ નહિ પણ હું ધારૂંછ કે તમારી બેરી તમારૂં પૂરું કરી શકે તેમ નથી.

રૂ. ૧૦૦ ઇનામ.

તાવની રામબાણ દવા.

આ દવાથી કોઇપણ જાતનો તાવ ના ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. આ દવાથી ચોથીઓ તાવ નથી ઉતરતો એમ સાબીત કરનારને રૂ. ૧૦૦ નું ઇનામ આપીશું ગોળી ૫૬ ની ડબ્બીની કી'. રૂ. ૧-૮-૦

શક્તિની દવા.

શક્તી જીવનમાં શક્તિ લાવવાનો ગુણ નથી એમ સાબીત કરનારને રૂ. ૧૦૦ ઇનામ મળશે. દરેક જાતની નબળાઇ દુર કરીને પુરૂષાત્વ વધારે છે. વૃદ્ધાવસ્થાથી આવર ખીલ્લું કારણોથી ઉભી થયલી શક્તિ વધારે છે. નાગરદાબનાં દરદો અને નસાની નબળાઇ દુર કરે છે. ગોળા ૧૦ ની ડબ્બી ૧ ની કી'. રૂ. ૨-૮-૦

૪ ધાતુ ટોનીક—નામનું પુસ્તક એક ભાઈ લખનારને મફત મોકલવામાં આવશે.

શા ગીરધરલાલ કલ્યાનજી. ગીરધર ઔષધાલય.

હેડ ઓફીસઃ—ધોળકા, ગુજરાત.
બ્રાંચ ઓફીસઃ-મુંબઇ, મારકીટ
છાપીયાલ, બી. વજારસીંદાસની મું.

કાગળ પત્રનો વ્યવહાર હેડ ઓફીસે કરવો.

દવાઓના પુરે જાય. ફોકટના પૈસા ગુમાવી શા માટે હેરાન થાઓ છો ?

કુબજ્યાત તેના કારણો અને કુદરતી ઇલાજો.

(વધારા ત્રીજી આવૃત્તિ.) નવા "મોલન ફ્લેસીંગ" યાને આંતરડાંને પાણીથી ધોવાની આબત પણ સમાવી છે. ૬૦ પેજી ચીત્રો સાથે કીંમત માત્ર ૬ આના, જીવણ શક્તિનું બંધારણ—ચોરીનકલ આકીછે-કીમત રૂ. ૧-૬-૦ કપડાના પુઠામાં.

વ વગરનો ડાકટર—ભાગ ૧ લો-૬૦ પાનો, કસરત વગરે રૂ. આ. પા.

કુદરતી ઔળખ કરાવનારો' પુસ્તક (બીજી આવૃતી) ૦-૧૦-૦

J. B. L. Cascade-જે બી એલ. કાસકેડ કબજીયાતને તુરત દુર કરવા તેમજ દરેક જીવાણુ દરદ વેળા "ઇન્ટરનલ બાથ" યાને આંતરડાંને પાણીથી ધોવું કહેવાનું, સાદું સસ્તા અજમાવા જેવું ઓજાર. માત્ર કોકડી ઉપર જેવા કે પાણી અંદર સેવાય છે. કીં. રૂ ૩૮-૮-૦ એની બાગતની 'ચોપડી' મંગાવો.'

એ શિવાય, ખાતી અને કેરસાંને મજબુત કરવાને "ટીપ ટોપીંગ" નાં ઓનલ સ્પોઇરોમેતર, ઓકસેલર તથા "મસાજ" કરવાના "ડા. કેરેસ્તના" મસાજ રોલરો ગોળે વૈજ્ઞતેજલ રાખુ. કુદરતી કરોબીતી, પીક કરીનની આખા ઘઉંની (wholemeal) બીસકી તથા ડા. કીલે ગની બેટલકીક ચેનાટેરીયમનાં કુડા નગેરે મલે છે.

મુંબઇની શાખાઃ—
૨૦૨. લોનબીરેડ, ૨૯૭
સેહનો વાડીવે II સામે.

બી. પી. માંદન.
"હેલ્થ હલ્યર ટીપો"
(હેડ ઓફીસ) સાન્ટાકુઝ.

બાકેદરગામના ઓરડરો સાન્ટાકુઝ મોકલવા.

સીગનલ વોચ કંપની,

હોર્નબી રોડ ફોર્ટ-મુંબઇ.



આ કંપનીના ઘડીયાળો ઘણાજ સારા ચાલે છે. ઘણી જગ્યા પરથી પત્રો આવ્યાં કરે છે. ઘણી ખાત્રી રાખવી કે બીજી કંપની કરતાં આ કંપનીનાં ઘડીયાળો ઘણાજ સારાં ચાલે છે. ઘણાં ગૃહસ્થોએ આ કંપનીનાં ઘડીયાળો વાપરવાં શરૂ કર્યાં છે. ઘણાં ગૃહસ્થોએ આ કંપનીનાં ઘડીયાળો વાપરવાં શરૂ કર્યાં છે.

તમારી કંપની થોડે વાજબી નફે સંતોષ પામતી હોવાથીજ તમારા ઘડીયાળો ઘરનાં છે. તમારા વેપારી ભાવો દરેકને અનુકરણ છે અધ્ધા ઓર્ડરો આવેથી મોકલી આપશે. માલીક —મનસુખજી પ્રાગજી કોરડી ધરીયાળા

નવલ કથા. # કુંવરી કુંમારી.

જો તમે ઘણા ઘણા ઇલાજો કરાવી નાઉમેદ થયા હો તો આ જરૂર વાંચો.

મુડદાંઓ જીવતા કરવાની દવા.

જે લોકો બચપણમાં નાદાનીથી પોતાના કૌવતનો નાશ કરે એટલે કુટેવ અથવા બીજા ખોટા કરમોથી પોતાના ગુપ્ત ભાગોની નસોને કમજોર કરી નાંખી છેવટે જુવાનીનો લાભ લઇ શકતા નથી અને પછી ખરેખર વખતપર આપઘાત કરવા જેવા ખોટા વીચારો ઊપજાવે છે અને એમજ સમજે છે કે આવા જીવવા કરતાં તો મરવુંજ બહેતર છે. આવા જીવતા જીવ મુડદાંઓને સજીવન કરવા માટે અમોએ ઘણી મહેનત અને કોશેશથી એક લેપ તઇયાર કર્યો છે જેની કીંમત મહેનત અને ફાયદાના પ્રમાણમાં રૂ. ૨૫ રાખીએ તો પણ વાપરનાર તો સસ્તીજ સમજે પણ ગરીબ અને અમીર સરખા લાભ લઇ શકે તેટલાજ માટે ફક્ત રૂ. ૧ કીંમત રાખી છે. ફક્ત એકજ શીશી વાપરવાથી સઘળી નસો મજબુત થઇ જાય છે અને ગયેલી શક્તી પાછી આવી મળે છે. હવે જેઓને હકીમો અથવા ડોકટરને પોતાની હાલત કહેતાં શરમાવું પડે છે તેવા નીરાશ થયેલા દરદીઓને માટે અમોએ જાદુઇ ગોળીઓ તૈયાર કરી છે. જેની ફક્ત એકજ શીશી જેમાં ૪૦) ચાલીસ ગોળીઓ છે તે વાપરવાથી સઘળી જાતના ગંભીર નુકશાનો દૂર કરી પોતાનો જાદુઇ ચમત્કાર દેખાડે છે. આ ગોળીઓ વીર્યને ઘટ કરે છે, યાદ શક્તિને તેજ કરે છે. ખોરાકને હજમ કરે છે. પેટાના કીરમોનો નાશ કરે છે. કમરના દુખાવાને મટાડે છે, ચહેરાના ફીકા પડેલા રંગને ગુલાબી બનાવી દે છે. આ ગોળીમાં કાંઇ પણ રસાયણ નાંખી નથી. આ ગોળીઓ જન્મના ઠમકૌવત શીવાય ગમે તેવો કમકૌવત હોય તેને ખરેખર જાદુઇ ચમત્કાર દેખાડે છે. એના ચમત્કારની વાપરવાથીજ ખાત્રી થશે. એકવાર મંગાવો અને ખાત્રી કરો કીંમત ફક્ત ૧-૦-૦ પાંચ રૂપીઆની દવા મંગાવનારને ગોળીઓની બે શીશીઓ મફત મોકલવામાં આવશે. અમારે ત્યાં દરેક જાતની દવાઓ તૈયાર મળે છે.

નોટ—આફ્રીકાના ગ્રાહકોએ દવાની કીંમત ઉપરાંત પારસલ ખર્ચ માટે ચૌદ આના રૂ. ૦-૧૪-૦ વધુ મોકલવા. પૈસા પોસ્ટલ ઓર્ડરથી મોકલવા. ત્યાં વી. પી.થતાં નથી.

મળવાનું ઠેકાણું:

એમ. ઈ. હકીમ.

સીદ્ધપુર (નોર્થ ગુજરાત.)

જ્યારે પણ તમોને

સ્ટીલની સીલીંગો

ટાઈલ્સ

ભારમલ

M/s Gulamali Gulam Hussein

Figured, The Pioneer Tile Mart,

24 Bent Street, 1st, Bombay.

નું

કામ પડે ત્યારે હાયલ આપવા.

આ પુરાણી પેઢીને

ગુલશન

GULSHAN

Editor Dilshah K. Bhagalia

વિષયો.

ઉંદરના દાદાનું મરણ	
ગુલબદન ગુલ	(નવી ગ્રાહક વાર્તા)
પારસી બાનુ લુપીન	(રમુજી વિષય)
હાંઉડ્રોમી રેપી	(ગ્રાહક વિષય)
એક શરત—તેનું પરિણામ	(કુંવરી વાર્તા)
ઉંદરમતની કહાણી	(ગ્રાહક વાર્તા)
Nivapanjali	(Poem)

જુલાઇ ૧૯૧૭ } { July 1917.

Printed by Manekbai A. Doctor, at the Shree Sayaji Vijaya Press Baroda, for Mr. Dilshah K. Bhagalia.

ચેપમેનના આર્ટીફીશયલ અવયવો.





હમોએ આ આરટીફીશીઅલ અવયવો અત્યાર સુધીમાં સરકારી મેડીકલ સ્ટોર્સ, મેરીનલાઇન્સ વોર હોસપીટલ, રેલ્વે કંપનીઓ, કોલસાની ખાણોની કંપનીઓને તથા સંખ્યાબંધ ખાનગી હોસપીટલોને પૂરા પાડ્યા છે.

ઘણાજ ટકાઉ, હલકા, ચાલવામાં સહેલા તથા દરેક મોસમને બરના તે બનાવવામાં આવે છે. પરદેશોનો આ બાબેનો હમોને વીસ વર્ષનો અનુભવ છે. અને હમોને તેનું સંપૂર્ણ જ્ઞાન છે. હમારી કિંમત એટલી બધી ઓછી છે કે તે ગરીબને પણ પાળવે છે.

સારંગાટના પટાના (જંતરો).

અત્યાર સુધીમાં દુંક વખતમાં હમે ૩૦૦૦ જંતરો (સારંગાટના પટા) આપ્યા છે જેમાંનો વીસમો ભાગ કુદરતી સારો થઇ ગયો છે. હમારાં દરદોની બરકતે " રપચર " ઉંચે ચઢી પોતાની જગ્યાએ રહે છે અને તે બુદ્દલું થવાની ફિકરીઓ મજબુત થાય છે. તેમ બનાં કુદરત પોતાનું કામ કરે છે પણ પહેલી મુદ્દી સારાં જંતરની છે. હમારાં જંતરોથી કોઇ પણ જાતનું દુખ થતું નથી.

ઘણા ડાકટરો આ બાબેના દરદીઓને હમારે ત્યાંજ આવવાની સલાહ આપે છે.

પ્રાઇસ લીસ્ટ મંગાવો ને ડાકટરો શું કહે છે તે વાંચો.

૫, એડલ્સટરરોડ, ગીરગાંવ
મુંબાઈ.

જ્યોર્જ ચેપમેન એન્ડકો.
સ્પેશીઆલીસ્ટ.

દક્ષિણ આફ્રિકાના ઓનરરી
મી૦ સી. એમ વાચ્છા,
બોકસ ૨૨, ટોગા,
કોસટરવી, S W

ગુલશન.

GULSHAN.

દક્ષિણ આફ્રિકા માટે
ખરતા ગુલશનના ખવાલગો
મી૦ વાચ્છા તિકાન ૧

જુલાઇ ૧૯૧૭. વૉલ્યુમ ૯ Vol. 9 July 1917.

માસિક ચર્ચા.

આગ એક આગલા અકમા ચાલુ માસથી પારસી સંસારી વાર્તા શરૂ કરવાની મે કબુલાત આપી હતી અને તે મુજબ બે સુંદર વળાંકોને ગુથી લઇ ચાલુ માસને હકતો પોડોક તૈયાર વટિક કર્યો હતો તેવામા મુંબાઈને બનણીના પારસી કલાવર અને ઇતિહાસના મોટા અભ્યાસી મી૦ ઉમતમજી પેમતનજી કરકરયાની તેમને મકાને મુલાકાત લેવાનુ મને માન મલ્યુ. તે વેળા તેઓ માંયે તેમની કિમતી અને મોટી લાયબ્રેરી જોતા તેમણે મારુ ધ્યાન એક પુસ્તક તરફ ખેચી આગ નોખને અનુસરતી તે ચીજ હતી એવુ જણાવ્યુ પુસ્તક જોઇ ઉપયોગ નજર કરતાજ મને તે અધિક પસંદ આવ્યુ. આ પુસ્તકની નકલ હવે જોયે મળતી ન હોવાથી તેમજ તેની આવૃતિ ઇ સ. ૧૮૭૪ પછી બધ પડેલી હોવાથી ગુલશ નમા તે ચીજ કરવાની મે આહેશ બતાવતા તેમણે ખુશીથી મને પોતાની પાસેની નકલ ઉપયોગમા લેવા આપી છે. પુસ્તક આખુ વાચી જોતા તેમા સમાયલુ રહસ્ય મને અધિક ગમી આવતા પારસી સંસારી વાર્તા આગળ ચલાવવાનુ માડી વાળી આ પુસ્તક હાથમા લઇ તેના પરિણામમા ગુલ બદન ગુલ નામની ઐતિહાસિક વાર્તા શરૂ કરી છે

કલ્પિત વાર્તા કરતા ઇતિહાસની શાખ પુરતી વાર્તાઓ વાચક વર્ગને વધુ પસંદ પડે છે એ મારી માન્યતા છે અને તે કારણેજ મે મારી હાથમાની વાર્તા બાજુએ મુકી આ નવી શરૂઆત કરી છે આ ચુટણીની યોગ્યતાનુ નિરાકરણ કરવાનું કામ હુ મારા વાચક વર્ગનેજ સોપીને અત્યારની વાર્તા જેમ જેમ પોતાના વળામા ઉંડાણ ઉતરતી જશે તેમ તેમ તેના તરફનો વાચકનો મોહ વધતો જશેજ એમ કહેવામા કશી અતિશયોક્તિ નથીજ. શેઠ રૂસ્તમજી પે કરકરયાનો ગુલશન તરફની આવી ઉદાર મમતા માટે અત્રે ખાસ કરીને મોટો ઉપકાર માનવાની રજા લઉ છુ.

પારસીઓનુ નવુ વર્ષ ધમધમ કરતું આગળ આવતું જાય છે આ વેળા કાગળનો દુકાળ ઘણો મોટો અકે કાઢતા ડરાવે છે તો પણ વાચક વર્ગની આ માનીતી મોજ કોઇપણ રીતે થોડી ઘણી તૃપ્ત કરવાનો વિચાર રાખ્યો છે આ અકે માટેના પોતાના લખાનો ચાલુ માસની તા. ૨૫ સુધીમા મોકલી આપવા માન માનવંત લેખકોને આ તકે જાહેર આમ ત્રણ કરવાની રજા લેઉ છુ.

હિંદમાં હાલ જ્યાં જોઇએ ત્યાં એકની એક ચલવલ ચાલી રહી છે. ગરીબ હિંદ કંગાલ્યાતમાં રહેવા કરતાં બ્રિટિશ સામ્રાજ્યના છાયા હેઠળ સ્વરાજ્ય મેળવવા તલપે છે એ જણીતી છે. આખું હિંદ તે માટે જાગ્રત થયું છે. કોંગ્રેસે વહીક આ નેમ સ્વિકારી છે. મુસલીમ ભાઇઓ જેઓ આગળ અલગ વિચારો ધરાવતા હતા તેઓ પણ આ બાબતમાં સાથે ભેળાયા છે. ખુદ બ્રિટિશ શાહનશાહતે હિંદની લડાઇ દરમ્યાનની અથાગ સેવા જોતાં સ્વરાજ માટેની તેની નેમ સ્વિકારી છે ને હિંદને બ્રિટિશ તાબેના બીજા મુલકોની પંક્તિપર મુકયો છે. છતાં અજાયબી તો એ છે કે હિંદના કેટલાક અમલદારોને આ ચલવલ દુરસ્ત થતી જણાઇ નથી. મદ્રાસના ગવર્નરે તે સામે પોતાનો બોધ જાહેર કરી પોતાને ત્યાં વિદ્યાર્થીઓને હોમરૂલ લીગનાં બાપણો સાંભળવા જવાની મનાઇ કરી છે. તેને પગલે વિદ્યાર્થીઓની મનાઇમાં મુંબઇ સરકાર પણ ચાલી છે. મદ્રાસની સરકારે તો આગળ વધી લીગનાં સ્થાપક વિદુષી બાનુ બીસીસ એની બીઝંટ અને તેણીના બે મદદનિશોને નવા કાયદાનો લાભ લઇ નજરકેદ કર્યાં છે. આ પગલાંઓએ આખા હિંદમાં અજાયબી જગાવી છે. હોમરૂલ લીગમાં આગળ જોઓ જોડાવા ઇચ્છતા ન હતા તેઓ વહીક સરકારનાં આ સખત પગલાંથી લીગમાં જોડાવા લલચાયા છે. હિંદના કેળવણી પામેલાઓ દિનપ્રતિદિન લીગમાં જોડાવા લાગ્યા છે અને એટલુંજ નહિ પણ પૈસાની કિમતી મદદ પણ લીગને મળવા લાગી છે. ઘણી વાર માઠું થાય છે તે સારાંનેજ હાટે હોય છે તેમ મદ્રાસની સરકારે કર્યું છે. ખચીત આ જાતનાં પગલાં મદ્રાસની સરકાર ન લેત તો દેશાભિમાનનો જે જુસ્સો આખા હિંદમાં હાલને કાજ કેવાઈ રહેલો છે તે કદી પણ આવું રૂપ લેત નહિ. આ માટે આખો કરી શકનાર નથી. અલબત વિચારોની આપ લેમાં મતફેરી થશે પણ તે બધી નિર્જીવજ આપણે ખરાં છાગરથી ઇચ્છીશું કે દેશાભિમાનનો આ જુસ્સો વધુ પલ્લવણ લઇ યોગ્ય રીતે દાદ મેળવવા વધુ નસીબવાન થાય. ધીરજનું ધન પરમાત્મા તરફથી મળ્યા વિના રહેનારજ નથી; ભલે ને તેમાં ઢીલ થાય!

હિંદના દાદા, દાદાભાઇ નવરોજજી, ગુજરી પામ્યા છે. સાધારણ રીતે તેમનો આત્મા ખાકી ખોળીયામાંથી નીકળી ગયો છે પરંતુ તેમની સુવાસના આખા હિંદમાં ચાલુ રહી તેઓ જાણે આપણામાં જીવતા જાગતા હોય તેવું ભાન કરાવે છે. ખરેજ કહ્યું છે કે દાદા મુવા નથી પણ જીવતાજ છે. દાદાની યાદ અમર રાખવાનું કામ હિંદવાસીઓનું છે કે જેમને ખાતર તન, મન અને ધનનો ભોગ આપવામાં તેમણે કદી પાછી પાણી કરી નથી. દાદાનો જન્મ ચોકસ કારણે મુંબઇમાં થયેલો જણાવવામાં આવ્યો છે પણ અચુક વિગતોથી પુરવાર થયું છે કે તેમનો જન્મ નવસારીમાંજ થયો હતો. એક સાધારણ હાલતનો માણસ ખંત, પ્રમાણિકપણું, નીતિ અને આપ બળથી કેવો દરજ્જો પામી શકે છે તેનું અચુક દ્રષ્ટાંત દાદાભાઇ નવરોજજી છે. દેશ સેવા કેમ થઇ શકે છે તે દાદાએ અચુક બતાવી આપ્યું છે. દાદાની અમર યાદનાં જે બીજ અત્યારે આગમજ નાં હિંદમાં વવાઇ ચુક્યાં છે તે બીજને મોડે વહેલે મીઠો ફળ પાક્યા વિના રહેનાર નથી. તેવા એક નરની યાદ શું આપણામાંથી કદીએ ભુલાઇ જનાર છે? ના, કદી નહિ. સાચવટ, હુશ્યારી, નિસ્વાર્થીપણું અને માતૃભૂમિની સેવાની દાઝ હૈડે ધરનાર આ પરોપકારી નરને એકત્રીસ કરોડની હિંદની વસ્તીએ પોતાના "દાદા" જણાવવાનું બહુ માન આપ્યું છે એ ખરેજ મોજ છે. ખુદા આવા અનેક દાદાઓ આપણામાં પેદા કરો અને આ તમારા વ્હાલા દાદાને સ્વર્ગમાં ઉત્તમમાં ઉત્ત

હિંદના દાદાનું મરણ.

સાત દાયકા સુધી હિંદુસ્તાનની અથાગ સેવા બજાવી, સ્વરાજ્યનો કિમતી મંત્ર ભણાવી, ઓગણીસ કરોડ વસ્તીના દાદા ગણાવવાનું અનુપમ માન મેળવી, મહાન વિરલા દાદાભાઈ નવરોજ ગઇ તા. ૩૦ જુન ૧૯૧૭ ને દીને ઝાંજના પાંચ કલાકે આ ફાની જેહાનથી ફારેગ થયા છે. દાદાનાં મરણથી હિંદે એક મહાન પુત્ર ખોઇયો છે. તેમની જગ્યા લેવા એવો બીજો વિરલો પેદા થવાની જરૂર છે. દાદાની અપાર સેવાઓ માટે બહુ ઓછાયું છે ને હજી ઓછાશે તેમ જરાયે શક નથી. આ અદના આશિક વરજે એ મહાન નરની મોટી માયા હતી. મરહુમની જીંદગીનો ટુંક ઇતિહાસ નીચે મુજબ છે.

શેઠ દાદાભાઇનો જનમ રોજ ૭ મો અમરદાદ માહ ૧૨ મો અસપંદારમદ યઝ દેજરદી સને ૧૧૯૪ ને વાર રવેજ તા. ૪ થી સપ્ટેંબર ૧૮૨૫ ઇસ્વીને દીને થયો હતો.

શેઠ દાદાભાઈ નવસારીના ભરચ સાયના અથોરનાન જાદા હતા અને કાકા પાલણની પોલથી હતી આવ્યા હતા. તેમનું કુટુંબ દોરડીની અટક ધરાવતું હતું. તેમના પીતા નવરોજજી પાલનજી હોરમજજી ફરામજી બચાજી નામના હતા. તે વખત કેવા નામો નોસાકરા પારસીઓમાં હતાં તે આ ઉપરથી જણાશે કે છેલ્લા શેઠ બચાજીનાં બાવા મેહેરનોશ દારાબ બરજોર યાદજી હતા અને આ છેલ્લાથી દોરડી ઓ લખ પડવી દીસે છે.

મજકુર યાદજી ઇ. સ. ૧૬૩૫ માં થઇ ગયા કહેવાય છે. તેમના વડવા કામદીન બીન વાચ્છા બીન પાલન બીન આનના હતા.

અધીયારૂ નવરોજજી પાલનજી દોરડી દાદાભાઇને ૪) વર્ષની નાની ઉમરે મુકી ગુજરી ગયા હતા માટે તેમને પાલવાનો બોજો તેમના માતાજીને માથે પડયો હતો અને તેવીજ તેમની બરદાસ કીધી હતી. શેઠ દાદાભાઈના માય બાઇ માણેકબાઈ તા. ૨૫મી મે ૧૮૮૧ (રોજ ૭ મો માહ ૯ મો ય. જ. ૧૨૪૪) ને દીને ગીરગામ ખાતે ૬૯ વરસની ઉમરે ગુજર્યાં હતાં.

નાનો દાદી જ્યારે ૧૦ વરસનો થયો ત્યારે તેને સરકારી ઉમેદ નીશાળમાં મુકવામાં આવ્યો હતો, અને ત્યાં તેણે પોતાના ગોરા. દીલજીત ચહેરા અને નાનકડાં કદને-હીયે તેમજ ભોહડેના હીસાબ મથેની હાજર જવાબીથી સર્વનું ધ્યાન ખેંચ્યું હતું.

સરેસ્તા મુજબ તેમને એલ્ફીનસ્ટન ઇનસ્ટીટ્યુટ સ્કુલ વીભાગમાંથી કોલેજ ખાતામાં ચઢાવામાં આવ્યા હતા અને સ્કુલ માફક કોલેજમાં તેવણે ઇનામો અને સ્કોલરશીપો મેળવ્યાં હતાં.

એલ્ફીનસ્ટન પ્રોફેસરશીપની ૧૮૨૭ માંજ અત્રે ગવરનર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફીનસ્ટની યાદગારી જળવવા માટે સ્થાપના થઇ હતી અને તે વખતે નવાઈ હતી કે એવો વખત ક્યારે આવશે કે જ્યારે એક હીંદીવાન પોતે એ ઉંચા માનને લાયક થાય.

દાદાભાઈ ૧૪ વરસના હતા ત્યારે તેમને વાડીયાના આતશબહેરામમાં નાવર કરવામાં આવ્યા હતા,

તા. ૨૭ મી માર્ચે ૧૮૪૧ એ દીને શેઠ દાદાભાઇને એલ્ફીનસ્ટન ઇનસ્ટીટ્યુટ તરફથી "ફ્લેરસ્કો લર" ની પદવી મળી હતી.

તા. ૩ જી જનેવારી ૧૮૪૩ ને દીને શેઠ દાદાભાઇને ૧૮૪૨ ના સાલમાં ખુલેલા 'નોરમલ સ્કોલર' ના વરગમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમાં ફતેહમંદીથી પસાર કર્યો હતો.

તેવણ આસરે ૨૧ વરસનાં થયાં ત્યારે એટલે ઇ. સ. ૧૮૪૬ ના સાલમાં તેમની એલ્ફીનસ્ટન ઇનસ્ટીટ્યુશનના એક શીક્ષક તરીકે નેમણુંક થઇ હતી.

તા. ૧૩ મી જુન ૧૮૪૮ ને દીને શેઠ દાદાભાઇના પ્રમુખપણા હેઠળ દેશીઓમાં હીંદમાં જ્ઞાન ફેલાવવા માટેની 'સ્ટુડંટસ લીટરરી એંડ

સાયંટીફીક સોસાયટી ' ની સ્થાપના થઇ હતી અને એ સોસાયટીની ચૌદીને એલફીનસ્ટન ઈન્સ્ટીટ્યુશનમાં મળેલી સભામાં શેઠ દાદાભાઇના પ્રમુખપણા હેઠળ તે માટેના કેટલાક કાયદા મુકરર કરવામાં આવ્યા હતા પ્રથમમાં ઉપલી સોસાયટીની કમીટીના એક સભાસદ તેમજ ખજાનચી તરીકે શેઠ દાદાભાઇને ચુંટી કાઢવામાં આવ્યા હતા.

" રટુડેંટસ લીટરરી સોસાયટી " ની શરૂઆતથી શેઠ દાદાભાઇ એ મંડલીની કમીટીના એક મહેનતુ સભાસદ હતા. તેમજ પ્રથમમાં શેઠ દાદાભાઇએ મજકુર કમીટીની ચથલી સભાઓમા પ્રમુખપદ ચેલાવ્યું હતું. બાદ એ મંડળી તરફથી ઇ. સ. ૧૮૪૯ ના માસ જુલાઇથી ઇ. સ. ૧૮૬૭ ના માસ ડીસેમબર સુધી " જ્ઞાન પ્રસારક " ના નામે એક ચોપાનીયું નીકળતું હતું જેમાં અધીપતી તરીકે શેઠ દાદાભાઇ પોતાની કીમતી મદદ આપવા ઉપરાંત એ ચોપાનીયામાં લખનારાઓને દર માસે રૂ. ૨૦ ની રકમ આપતા હતા.

તા. ૧૭ મી અકટોબર ઇ. સ. ૧૮૫૧ ને દીને યથલાં પારસી મુસલમાન હુલ્લડ વેળા પારસીઓએ પોતાના બચાવ માટે સરકાર પાસે મદદ માગવાની એક અરજ શેઠ દાદાભાઈ પાસે લખાવી હતી. તે ઉપરાંત તે વખને ઉભા કીધેલાં બચાવ ફંડની રકમ શેઠ દાદાભાઇને નામે બેંકમાં રાખવામાં આવી હતી.

તા. ૨૨ મી સપ્ટેંબર ૧૮૫૧ ને દીને ' રટુડેંટસ લીટરરી સોસાયટી " ના એક મુરબ્બી મરહુમ શેઠ ફરામજી કાવસજી બનાજીની યાદગીરી કાયમ રાખવા માટેની સરકારને અરજ કરવા મળેલી સભામાં શેઠ દાદાભાઇએ મુસોબીદા નુરસાદાર ભાષણ કર્યું હતું. બાદ મજકુર સોસાયટી તરફથી સરકારમાં ઉપરી અરજ કરવા બાબેના સંદેશા ચલાવવાની કમીટીમાં શેઠ દાદાભાઇની નેમણુંક થઈ હતી.

તા૦ ૨૭ મી જનેવારી ૧૮૫૨ ને દીને અસેની એજયુકેશનલ કોન્ફરન્સના ' એસીસ્ટંટ પ્રોફેસર ' તરીકે શેઠ દાદાભાઇ નવરોજીને ' બોર્ડ ઓફ એજયુકેશન ' તરફથી નેમવામાં આવ્યા હતા. તેવખ્ત આબીદ નહી પણ આખ. રેમમાં પઢેલાજ દીદીવાન હતા કે જેમને પ્રોફેસરની બુરસી મલી હતી અને પાંચ વરસ પેર બે ચોપડા પ્રગટ કરવે બોલવ્યા હતા.

તા. ૩ જી આગષ્ટ ૧૮૫૨ ને દીને જરથોસ્તીઓમાં જુદીનોની કેટલીક ચહેમી રસમો ચાલતી તે દુર કરવા કરાવવા માટે ' રાહનુમાયે માજદયસ્નાન સભા, સ્થાપવામાં આવી હતી. મંડળી ની પહેલી સભા એ દીને શેઠ નવરોજી ફરદુનજીના પ્રમુખપદ તળે મલી તે સભામાં શેઠ દાદાભાઇ નવરોજીને એસીસ્ટંટ મુનશી તરીકે અને મંડલીના એક કારોબારી સભાસદ ઠરાવ્યા હતા અને તેવખ્તે ૧૮૫૨ ના સાલમાં મજકુર મંડલી તરફથી " પંચાએતના ગડાગર સાહેબોએ રવાન તથા લગન ખર્ચ કમી કરવા વીશે આગલ શું શું કોશેશો કીધી છે તથા આપણી કરજ આતો શું છે " એ બાબદ ઉપર એક ઉતમ અને વસીલું ભાષણ આપ્યું હતું.

૧૫ મી નવેંબર ૧૮૫૨ ને દીનથી શેઠ ખુરશેદજી નરારવાનજી કામાજીની છપામણી સંબંધી ખર્ચની સહાયતાથી શેઠ દાદાભાઇએ ' રાસ્ત ગોફતાર ' નામનું પખવાડીક પત્ર બહાર પાડયું તેમજ શેઠ દાદાભાઇએ છેક શરૂઆતથી તે ઇ. સ. ૧૮૫૨ ના આગસ્ટ માસ સુધી વગર પગારે તેનું અધીપતીપણું ભોગવ્યું હતું.

તા૦ ૧૧ મી અકટોબર ૧૮૫૪ ને દીને શેઠ દાદાભાઈને ' ગાયન ઉત્તેજક ' મંડલીના એક ઓનરરી લાઈફ મેમબર તરીકે ચુંટી કહાડવામાં આવ્યા હતા.

તા. ૫ મી અકટોબર ૧૮૫૫ ના દીને મરહુમ નવરોજજી ફરદુનજી સી. આઈ ઈ ના મરણ બાબે દીલગીરી બતાવવાને રાહનુમાયે માજદયસ્નની સભાની એક બહેર સભા ખાનદેખલ શેઠ દાદાભાઇ નવરોજજીના પ્રમુખપણા હેઠળ મલી હતી જે વેળા દીલગીરીના ઠરાવો એકમતે પસાર થયા હતા.

શેઠ દાદાભાઇ જો કે ગરીબ હતા પણ મોટા દીલના હતા. જેથી સાર્વજનીક યા બહેર ઉપયોગી ફંડ થવા પત્રમાં આવતાં તેમાં તેવખ્ત પોતાની ગુંજાસ મુજબ પણ ઉદાર હાથે નાણાં ભરવાને ચુકતા ન હતા અને એમ તેવખ્તે જેટલી રકમો ભરી છે તેનો સરવાળો એક આબાદની સભાવત કરતાં ઓછો નીકળે નહિં.

તા. ૨૬ મી જુન ૧૮૫૫ ને દીને શેઠ દાદાભાઈ કામા ની પેઢીમાં ભાગીદા તરીકે વેપાર અર્થે વલાત જવા હોવાથી પોતાના કોલેજના પ્રોફેસર તરીકેના ઓદ્દા ઉપરથી ફારેગ થવા બે વર્ષની રજા મટે નામ

દાર સરકારને અરજ કરી હતી પણ તેમની આ અર જ નહીં સ્વીકારતાં જવાબમાં જણાવ્યુ કે અગર તેવણ માફી કરશે તો નામદાર સરકાર શેઠ દાદાભા ઇને તેમનો અપરાધ ખુશી થી પાછો આપશે.

તા. ૨૬ મી જુલાઇ ૧૮૫૯ ને દીને સ્ટીમર મદ્રાસ મારફતે શેઠ દાદાભાઈ વેલાત પાછા ગયા હતા.

તા૦ ૨૭ મી ઓગસ્ટ ૧૮૫૫ ને દીને પાર સીઓએ પોતાને માટે લગ્ન તથા વારસા હીસ્સા બાબતે પોતાને અનુસરતા કાયદા બાંધવાને લેજીસલે ટીવ કાઉનસીલને અરજ કરી હતી. એ મા શેઠ દાદા ભાઇએ પોતાના હમદા વીચારો લખી મોકલી પાર સી કોમને તેમની આજારી બનાવી હતી. અને પાર સીઓને ઇન્ડીયન સીવીલ કોડનો મારો સદાકરો લાગુ ન પડે તે માટે તેવણે અથાગ મહેનત કરી હતી.

તા૦ ૧ લી માર્ચ ૧૮૫૬ ને દીને શેઠ દાદાભાઇની ઇગ્લાંડ મધે લંડન યુનીવરસીટી કોલેજમાં ગુજરાતી ભાષાના પ્રોફેસર તરીકેની નેમણુંક થઇ હતી.

તા૦ ૧૮ મી મે ૧૮૫૬ ઇગ્લાંડની સરકાર તરફથી સીવીલ સરવીસની પરીક્ષાની લાયકાત માટેની ઉમ્મર ૨૩ વરસથી ઘટાડી ૨૨ વરસની નક્કેર કરવામાં આવી

તા૦ ૨૬ મી ઓગસ્ટ ૧૮૫૨ ને દીને આ દેશના વતનીઓના રાજદ્વારી લાભ સાચવવા માટે બોમ્બે એસોસીએશન નામે એક મંડળી કાયમ કરવા અત્રેના મુખ્ય દેશીઓની એક સભા એલ્ફીનસ્ટન ઇનસ્ટીટ્યુટમાં મળી હતી તે વેળા શેઠ દાદાભાઇએ એક સુશો ભીત ભાષણ કરી કાયદાનો ખરડો બાહાલ રાખવાને ટેકો આપ્યો હતો.

૧૮૫૪ ને દીને શેઠ દાદાભાઈને અત્રેની બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશીયાટીક સોસાયટીની મંડળીના એક સભાસદ તરીકે ચુંટી કહાડવામાં આવ્યા હતા.

ફશીયાના જુલમાટમાંથી ટુરકીને બચાવવામાં બ્રીટીશે જે મદદ આપી હતી તે લડાઇમાં માર્યા ગયલા અને જખમી થયલા સેપાહીઓના બાલ બચ્ચાં વીગેરેને મદદ કરવા માટે એક પેટીઓટીક ફંડ ૧૮૫૫ માં કરવાની મરહુમ નામદાર મહારાણી વિક્ટોરીયાની એલતેમાસથી અત્રેના ગવરનર લોર્ડ એલ્ફીનસ્ટને એક સભા ભરી હતી. આ સભામાં શેઠ દાદાભાઇએ પોતા તરફથી એક હુસરસાદાર લાંબુ ભરેલું અસર કારક ભાષણ કીધું હતું.

તા૦ ૧૩ મી માર્ચ ૧૮૬૧ ને દીને શેઠ દાદાભાઇ એ લીવરપુલ મધેની રીલીજીયસ રોસાયટીની એક સભામાં 'પારસીઓની રીતભાત અને રીવાજે' ઉપરો એક નીબંધ વાંચી સંભળાવ્યો હતો.

૧૮૬૧ ના સાલમાં શેઠ દાદાભાઇએ શેઠ મ ચેરજી હોરમસજી કામા જેવે ઇંગલાંડ વસતા પારસીઓ તરફથી લશ્કરી ખાતામાં તબીબી ઓધા દેશીઓને, કાં નહિ મળે તે બાબતની અરજ કરી હતી.

૧૮૬૪ ના એપ્રીલ માસમાં શેઠ દાદાભાઇને સર કારે મુંબઇની યુનીવરસીટીના ફેલો તરીકે નીમ્યા હતા.

૧૮૬૪ માં મુંબઇના ગવરનરની મારફતે હીંદુ સ્તાનના માજી ગવરનર જનરલ માજી લોર્ડ ઇનીંગના નામની એક ફેલોશીપ સ્થાપવા માટે રૂા. ૧૭૫૦૦૦ ભરાયા હતા જે મધે શેઠ દાદાભાઈની ઓરોના રૂપીયા ૫૭,૦૦૦ હતા.

તા૦ ૨૯ મી એપ્રીલ ૧૮૬૫ ને દીને શેઠ દાદાભાઇ પોતાના માતાજી બાઇ માણેકબાઈ તથા ધણીયાણી બાઈ ગુલબાઈ અને બે છોકરાને લઈને એક વધુવાર ઇગ્લાંડની સફરે ગયા હતા.

તેવણે હિંદુસ્તાનમાં સ્ત્રી કેળવણી વીશે આંકડા ઓ ટાંકી દાખલા દલીલોથી ભરપુર અરજીઓ હીંદી પ્રધાનને વારંવાર અદ્યધી સુધી ઉપર કરી હતી. ૧૮૬૮ નાં મુંબાઇનાં જે રહેવાસીઓ ઇંગ્લાંડમાં વસતા હતા તેમો એ સ્ત્રી કેળવણીમાં સરકારની મદદ માગવા અરજ કરી હતી તેના ટેકામાં શેઠ દાદાભાઇએ એ બાદર ઉપર એક પત્ર લખ્યો હતો. જેમાં તેવણે બતાવ્યું હતું કે ૧૮૬૭ માં મુંબઇ સરકારે સ્ત્રી કેળવણી પાછળ આવતાં વરસ માટે રૂ. ૩૪૧ કેવી આપ્યા હતા.

શેઠ દાદાભાઇએ પોતાના દેશ અને દેશીઓ માટે બેહદમત વર્ષો સુધી લઇને જે ઉત્તમ સેવા બજાવી હતી તેની કદર પીછાનવા દેશીઓની સભા તા૦ ૩ જી જુલાઇ ૧૮૬૯ ને દીને મળી હતી જેમાં શેઠ દાદાભાઇને એક માન પત્ર આપવામાં આવ્યુ હતું અને એમને માટે એક 'ટેસ્ટીમોનીઅલ ફંડ' ખોલી તેમાં ભરાયલી રૂ.. ૨૮૬૨૬ ની રકમમાંથી એમની એક મોટી તરવીર ચીતરાવી ફરામજી કાવસજી જી ઈન્સટીટ્યુશનમાં મુકવામાં આવી હતી. બાકી રહેલા રૂ. ૨૫,૭૩૦ ની પર્સ ભેટ આપવામાં આવી હતી.

૧૮૭૨ ના સાલમાં શેઠ દાદાભાઈ કાઠીયાવાડમાં ૬ માસ સુધી મુસાફરી કરી ઇંગ્લંડ ગયા એસોસીએશનને માટે રૂ. ૨૫ હજાર ફંડ ભરાવી લાવ્યા હતા, જેથી એ રીતની મંડળી પાકી કાર થઈ હતી

૧૮૭૨ માં શેઠ દાદાભાઈ જ્યારે ઇંગ્લંડ ગયા એસોશીએશનના સેક્રેટરી હતા. ત્યારે તેવણ વેલ્લાત જઈ ઇંડિયન નેશનલ કમીટીની હજુર પોતાની હુજ્જતો આપી આવ્યા હતા

વડોદરાના મહારાજા મલ્હારાવને પોતાનું રાજ બરાબર ન ચલાવવા માટે ત્યારે સરકાર તરફથી અયોગ્યવાર ઠરાવ્યા હતા ત્યારે પોતાનું રાજ સુધારવા એક બાહોશ દીવાન તરીકે ૧૮૭૭ ના સપ્ટેંબર માસમાં શેઠ દાદા ઠરી નેમણુંક કરી હતી. આ વેળા મહારાજાએ દરબાર ભરી શેઠ દાદાભાઇને પોશાક આપ્યો હતો . શેઠ દાદાભાઇએ તા.૨૧ મી ડીસેમ્બર ૧૮૭૪ ને દીને પોતાનો હોદ્દો છોડી તા. ૧૧ મી જનેવારી ૧૮૭૫ ને દીન પાછા મુંબઈ આવ્યા હતા.

હીંદુસ્તાનની ચડી ચાલસભામાં પધાર થયેલા "જમીનના મહેસુલ સબંધી બાબતોમાં મુંબઇ ઈલાકાની દીવાની અદાલતોની સત્તા હદમાં રાખવાને લગતો ધારો" કે જેથી બે તેનાં બોન બધ થઈ જઇ તેમની ફરીયાદ દીવાની અદાલતમાં નહી લઇ જવાય, તે ધારો નામંજુર રાખવા માટે ઠરાવ કરવાને તા. ૧૮ મી એપ્રીલ ૧૮૭૬ ને દીને મુંબઈની પ્રજાની એક જબ્બર સભા મળી હતી ત્યા મજકુર બાબદ વીશે સેક્રેટરી ઓફ સ્ટેટને અરજ કરવા માટે નેમાયલી કમીટીમાં શેઠ દાદાભઈની પણ નેમણુંક થઈ હતી.

શેઠ દાદાભાઈએ ૧૮૭૬ ના સાલનાં એપ્રીલ અને જુન માસમાં "ઈસ્ટ ઇંડીયા એસોશીયેશન" ની મુંબઇની શાખાના સંબંધમાં કરેલા 'હી હુસ્તાનની ગરીબાઈ' વીશેના બાવનની ચોપડી લંડન મધે ૧૮૭૮ માં છપાઇ બહાર પડી હતી મજકુર ચોપડીનું ઇંગ્લેંડ નામ Poverty of India કરી હતું.

દેશી મેજીસ્ત્રેટોને યુરોપીયન ગુન્હેગારોની તપાસ કરવાની મુદ આપવા બાબતના દેખાદારી કાયદાના મુસદ્દા અંદ ઇલબર્ટ બીલ વીશે આમની સભામાં ઈંગ્લાંડ જાવા મોકલી આપવાનો ઠરાવ કરવા માટેની અગેના દેશીઓની એક જબ્બર સભા તા૦ ૨૪. મી એપ્રીલ ૧૮૮૩ ને દીને મળી હતી તેમાં શેઠ દાદાભાઇએ આગેવાનો ભાગ લીધો હતો.

તા. ૮ મી આગસ્ટ ૧૮૮૩ ને દીને વલસાડની પાસે આવેલા એરગામના બાઇ મોતીબાઇ બમનજી જમશેદજી મુલ્લાંના બંધાવેલાં દોખમા તથા દરમેહરને ઉજવાની કી॥ નવસારીના બજર સાંથના મોબેદો પાસે કરાવવાથી ઉદવાડાના મોબેદોએ તે કામના પોતાના હક માટે વલસાડની કોર્ટમાં કર્યાદી માંડી હતી. એ મુકદમો બન્ને પક્ષની રાજીખુશીથી કોર્ટે શેઠ દાદાભાઈ નવરોજજી ની લવાદી ઉપર સોંપ્યો હતો.

શેઠ દાદાભાઇ નવરોજજી પાર્લામેંટના મેમ્બર તરીકે 'હોલબરન' શહેર તરફના પ્રતીનીધી તરીકે બાહેર પડેલા હોવાથી તેમનામાં આ દેશની પ્રજાનો મોટો વીશ્વાસ બહેર કરવાને બહેર સભાઓ મળી હતી.

તા૦ ૬ ઠી જુલાઇ ૧૮૮૬ ને દીને ઓનરેબલ દાદાભાઈ નવરોજજીને પાર્લામેંટના મેંબર તરીકેની હોબરન શહેરની ચુંટણીમાં ૧૯૫૦ તથા તેમના હરીફ મી૦ ટંકરને ૩૬૫૨ મત મળવાથી શેઠ દાદાભાઈને નીરાશ થવું પડ્યું હતું.

તા૦ ૨૮ મી ડીસેંબર ૧૮૮૬ ને દીને હીંદુસ્તાનને લગતાં કેટલાક રાજદ્વારી સવાલોપર તકરાર કરવાને આ દેશના જુદા જુદા ભાગો તરફના દેશી પ્રતીનીધોનું એક કોમ્પ્રેસ કલકત્તામાં ઓનરેબલ દાદાભાઇ નવરોજજીના પ્રમુખપણા હેઠળ મળ્યું હતું.

તા૦ ૨૬ મી જુન ૧૮૮૭ ને દીને મહારાણી વીક્ટોરીયાને ઇંગ્લાંડમાં વસતા હીંદીવાનો તરફનું જુબલીનું મુબારકબાદીનું માનપત્ર શેઠ દાદાભાઈ નવરોજજી તથા પંજાબના એક દેશી પ્રતીનીધી વીંડસર કુંસલમાં લેઈ જઇ હાથોહાથ પહોંચાડ્યું હતું.

૧૮૮૭ ના સાલની આખરે મી૦ દાદાભાઇ નવરોજજીના હીંદુસ્થાનને લગતી રાજદ્વારી બાબતો વીશેનાં લખાણો, ભાષણો વીગેરેનું ઇંગ્લેંડમાં એક પુસ્તક મી૦ લલ્લુભાઈ પારખે છપાવ્યું હતું

તા. ૪ થી જુલાઈ ૧૮૮૯ ને દીને ઈંગ્લાંડના સાઉ નામકરીત ઈંગ્લંડની સફરે ગયેલા હોવાથી તેમને લંડનના પારસીઓ તરફથી દાદાભાઇ નવરોજજીએ એક માનપત્ર અપીંગદામ પેલેસમાં જઈ આપ્યું હતું.

વરસો વેર અભ્યાસ કરવા પછી મી. દાદાભાઈ નવરોજ એવા વીચાર ઉપર આવ્યા કે આ દેશના લોકો ઉપર રાજ ચલાવવાને માટે પરદેશીઓનું રાજ મોળું પડે અને બને તેટલાં એ દેશના બેરાઓનેજ તે સોંપવાની ધીરે ધીરે તજવીજ કરવી જોઈએ કે જેથી કરીને દેશના બેરાઓના પગાર અને પેનશન દેશમાંજ રહે અને સાથે સાથે પોતા ા દેશનો કારોબાર તેઓ પંચ સમકે અલબત્ત ઇ એ ૨ રાજની કર્યમી નવરચવા ને તેવણ બહુજ પણ રીતે ચાહતા અને એ રાજને આ દેશને માથે બંધુકનું રાખવાના હેતુથીજ તેવણ પોતાના તરફના સુધારાઓ સુચવતા આ રીતીને તેવણે સ્વરાજનું દેશી નામ લાગુ પાડયું અને મુખ્ય કરીને ૧૯૦૬ ના ડીસેમબર માસની હીંદી નેશનલ કોંગ્રેસના તેવણ પ્રમુખપદેથી એક વાદગાર ભાષણ કરી સ્વરાજની લહરને મોટી મની આપી

" હીંદીવાસીઓની ફર્યાદોની દાદ લેવાઓ ને બેપરવાઈ બંધ થવામાં આવશે તો આખરે સોકોમાં બેદીલી વધશે " એવી ચેત ણી તેના એક સાચા દોસ્ત અને દુરચ દેશ રાજ પ્રકરણી તરીકે મી૦ દ.દ ભાઇએ અનેકવાર પોતાની લહતો દરમ્યાન આપી હતી.

તા૦ ૨૩ મી ઓગસ્ટ ૧૮૯૫ વાલા તેમના સદેશામાં કહે છે " કે જેમાં હીંદુસ્તાનનું ભલું થાય તેમાં આખી બ્રીટીશ શાહનશાહત કુંભ સમાઈ જાય છે હીંદુસ્તાનના લાભમાં એ વો હીંદુસ્તાનોજ નહી પણ બધા બોનો ભાગ છે બ્રીટીશ શાહનશાત ના સલામતી હીંદુસ્તાનના લાભમાં સમાઈ છે. "

તા. ૨૩ મી જુલાઈ ૧૮૯૨ ને દીને શેઠ દાદાભાઈ નવરોજજી પાર્લામેંટના મેમબર તરીકે લંડનના શેરવુડ સ્ક્રીન્સબરીના લોક તરફથી ચુંટી કઢાયા હતા તેવણ પહેલ વહેલા હીંદીવાન એમ. પી. હતા અને પારસી કોમને આ કાંઈ જેવું તેવું માન ન હતું.

શેઠ દાદાભાઇ ૧૮૯૩ ના ક્રીસમસના તેહેવાર ઉપર લાહોર ખાતે ભરાનારી નેશનલ કોંગ્રેસમાં બીરા જવાને માટે લંડનથી હીંદુસ્થાન બાતે આવ્યા હતા. પહેલ વહેલા તેવણ તા. ૩ જી ડીસેમબરે આવી પુગા તે વેળાં કરી કોઈ દેશીને ન મળેલું અસાધારણ ભારી માન એમને આપવામાં આવેલું હતું

શેઠ દાદાભાઇને હીંદી પ્રજની નોકરીની પરીક્ષા ઇંગલંડ જોડે હીંદુસ્તાનમાં પણ લેવા માટે લડત ચાલુ કીધી તેમાં માજી વડા જજ સર અર્સકીન પેરીએ મહેનત લઈ તેમને એવા અબર મોકલી આપી હતી કે ૧૮૬૦ માં ખુદ હીંદી વજીરની કાઉનસીલે ઠરાવ કરી તે માટે બહાલણ કીધી હતી.

૧૯૦૬ ના ડીસેમબર માસમાં હીંદી નેશનલ કોંગ્રેસ મળી હતી તેના પ્રમુખ તરીકે શેઠ દાદાભાઇને નેમવામાં આવેલા હોવાથી તા. ૧૪ મી ડીસેમબરે તેવણ મુંબઈના કીનારે આવી પુગ્યા તે વેળા મુંબઇની પયરંગી પ્રજાએ તેમને બાદશાહી આવકાર આપ્યો હતો.

શેઠ દાદાભાઇની તબીયત હવે સારી રીતે ચાહતી ન હોવાથી પોતાની જીંદગીના બાકીના કીવસ પોતાના દેશમાં ગુજરવા માટે તા૦ ૧૧ મી નવેમબર ૧૯૦૭ ને દીને તેવણ વેલાતથી અત્રે આવી પૂગા હતા.

શેઠ દાદાભાઈનાં પોતાનાં દર્શન કરવા અને તેમના હાથ યા પગને પોતાની આંખે લગાડવાને ઘણાંક સ્ત્રીઓ અને પુરૂષો એક ઘણું શુભ શુકનનું કામ માનતાં આવતાં હતાં.

મુંબઈ ઈલાકાના રાજકીય ચઢતા પીઢતા મંડળ (યુનીવરસીટીએ) પોતાની સર્વથી ચઢતી ઓનરરી પદવીને આપી હતી.

જનેવારી ૧૯૧૬ ને દીને શેઠ દાદાભાઈને એ પદવી મુંબઈના ગવરનર તથા ચેનસેલર લોર્ડ વીલીંગડને એક ખાસ કોનવોકેશન ભરી વાઈસ ચેનસેલર ડા. મેકીનની દરખાસ્ત ઉપરથી એનાયત કરી હતી.

તેવણે એક નવો પર્મ આ દેશના જવાનીયાઓને શીખવ્યો કે જે પર્મ જનસેવા અને બીનસ્વાર્થ ગુણોનો હતો (Gospel of selflessness and saintliness)

શેઠ દાદાભાઈની બાકીની જીંદગી પણ જબરજસ્ત જીંદગી જેવીજ નમુનેદાર હતી. એક બેટા, ભરથાર તથા બાપ તરીકેની તેમની ફરજો તેવણે ઘણીજ મનભાવની રીતે બજાવેલી જણાય છે. તેમની સ્ત્રી જોઈ કે તેમના જેવા આગળ વધેલા સુધરેલા વીચારવાળાં કે દેખાવડાં ન હતા તે પણ તેમની સાદગી વર્તણુંક અને રીતી કોમને એક કીમતી બોધ પુરેપુરો પાડતું. તેમના બાલાજીની યાદમાં તેવણના જેવી નરીબ સ્થીતીમાં રહેવાને માન જોગ ગૃહસ્થે રૂ. ૧૫૦૦ સ્ત્રી કેળવણી માટે પહેલી તકે કાઢી આપેલા.

શેઠ દાદાભાઈના બેબુરા બેટા જેવણ ૧૮૮૪ માં મુંબઇ યુનીવરસીટીમા બંધ. એમ. એન્ડ એસ. થઈને કચ્છ સરકારમાં મોટી હદ્દેરમાં તનીબ હતા તેવણ ત્યાંજ તા૦ ૭ મી ઓકટોબર ૧૮૯૩ ને દીને વરસની બરજવાન વયે ગુજરી ગા હતા.

Pam-ala

પામ આલા

મેલેરયા, તાઢયોતાવ તથા તાવનો ચુનંદો ઉપાય.

સત્તાવાર જણાયું છે કે મેલેરયાનો ફેલાવો મચ્છરો કરે છે અને સઘળા રોગોથી મરતાં લોકોની સામટી સંખ્યા કરતાં આ રોગથી મરતાં માણુસની સંખ્ય વધુ છે.

તેનું ઝેર પેવશ થઈ જાય તે પહેલા અટકાવો

પામ—આલાજ.

તેમ કરશે.

રાયપુરથી મી૦ જયોરજ. કે. ગીલ્ડર લખે છે.

" બાસ્ટરનાં જંગલમાથી મુસાફરી કરતાં મારી વાઈફ મેલેરયાથી પટકાઈ પણ પામ—આલા ના ત્રણ ડોઝમાં તેણી હુંશ્યાર થઈ અને બોખાર આવી નહિ. કવીનીન કરતાં એ સરસ છે."

સઘળા ગાંધીઓને ત્યાંથી નાની મોટી બાટલીમાં મળશે.

ગુલબદન ગુલ.

યાને

મહાન અકબરનો જમાનો.

(મોગલ શાહનશાહતની જાહોજલાલીનો યાદગાર સફેા.)

ગુલશન માટે ખાસ.

લખનારઃ—ભાગલ્યા.

શરૂઆતના બે બોલ.

આ ઐતિહાસિક વાર્ત્તાની મૂળ મતલબ વાંચકનું મન આકર્ષવા સાથે શાહ અકબરની દરબારને લગતો આબાદ ચિતાર આપવાની ખાસ કરીને છે કે જે મહાન શાહનશાહે હિંદુસ્થાનમા પોતાનો રાજ અમલ બહુ દબદબાપણુ અને કુનેહથી ચલાવી પોતાનું નામ અમર કર્યું છે. આ વાર્ત્તા કયા સંજોગોમા લખવાની મને જરૂર જણાઇ છે તે બાબે હું મારી માસિક ચર્ચામાં પૂરતું બોલનાર હોવાથી અત્રે તે માટે કશું જણાવવાની જરૂર નથી. અસલ લખાનનો લખનાર ડોકટર પી. એ. એમ. વાન લીમબર્ગ—બ્રાકેવર નામનો ડચ સ્કોલર હતો જેનો જન્મ ઇ. સ. ૧૮૩૨ મા હોલાંડના "લીજ" શહેર ખાતે થયો હતો. આ વિદ્વાને અનેક ભાષાઓનો અભ્યાસ કર્યો હતો. તે સંસ્કૃતનો બાબિક મેબર હતો અને તેણે ડચ ભાષામા હિંદુસ્થાનને લગતી ઘણી બાબતો પર સારા લેખો લખેલા છે. ડોકટર વાન લીમબર્ગ—બ્રાકેવરે બાબર અકબર પછી અકબરની બાબતમાં આ વાર્ત્તા લખી છે અને વાર્ત્તા માથે અકબરના રાજ્યઅમલની ટૂંકીટીક બાબતો ઘણી સુંદર રીતે ગુથી લીધી છે. તેમ કરવા જતા અસલ લેખકને ઇતિહાસને લગતી ટૂંકીટીક બિનતોને જૂદા આકારમા રજુ કરવાની જરૂર પડી છે. મારી અલ્પ માન્યતા મુજબ આવી રીતની ગોઠવણ વાર્ત્તામાના ઐતિહાસિક તત્વનું જોશ ઓછું કરે છે તેથી મારાથી બની શકતો સુધારો વધારો કોઇકિ હેકાણે ઠીક લાગશે તો કરવાની રજા લઇશ. આ વાર્ત્તા પૂરી થયા પછી મેં કયાં સુધારો–વધારો કર્યો છે તે અસલ લખાન સાથે રજુ કરી તેનું તોલ કરવાનું મારા વાંચકનેજ સોપીશ. આ વાર્ત્તામાં આવતા હિંદુ પાત્રો ફેરવી નાખી એક બીજું ઐતિહાસિક વળું તેમાં હું ગુંથી લેવા ભાંગતો હતો પણ તેમ થતાં મૂળ લેખકથી હું સદંતર જૂદો પડી જઉં તેમ હોવાથી વિચાર કરતા તે યોજના મેં હરજ રાખી છે. આવી વાર્ત્તાઓ ચિત્રો સાથે બહુ આકર્ષક થાય છે પણ તે માટેનો હાલનો ખરચ જોતાં આંચકો લાગે છે પરમાત્માની ઇચ્છા હશે તો આ બાબતમા આગળ ચાલતા કાંઈ કરીશું બસ.

આ તકે શાહ અકબરને લગતું ટુંક વૃત્તાંત રજુ કરવાની હું ખાસ જરૂર જોઉં છું. ઇતિહાસમા જે બાબતો તે વૃતાંતમાં આવી છે તેની ફકત એક ઉડતીજ તપાસ આપણે હાલમાં લઇશું. અહી સૈકા મુંથી હિંદુસ્થાનમાં અકબરોનો દોર

ચાલ્યા પછી આગરે મોગલ રાજ્યનો પાયો ઈ. સ. ૧૫૨૫ માં નાંખ્યો. ઇ. સ. ૧૫૩૦ માં તે મરણ પામ્યો ને તેનો બેટો હુમાયન ગાદી પર આવ્યો જેને શેરશાહ સાથે લડતાં ઈ. સ. ૧૫૪૦ માં હારીને નઠાસવું પડયું. ઇરિન જતાં રસ્તામાં ઈ. સ. ૧૫૪૨ ના અકટોબર મહીનામાં શાહજાદો હુમાયન, તેની બ્હાલી જવાન પરણેતર હમીદા, તેનો નોકર જોહર, ફશનબેગ નામનો અમલદાર ને બીજા માણસો મળી આઠ જણા થાકીને લુસ થયલા, પાણીથી ટળવળતા સીંધના રણમાંથી આગળ વધ્યા. મોત ઉપરાંત નાનકડાનાં હજારેક માણસ જાતના બરા ગુણ દોષો જણાઇ આવે છે. આ મુસાફરીમાં ફશનનો ઘોડો તદન નકામો થઇ ગયો એટલે તેણે જવાન રાણીને પોતાનો ઘોડો આપ્યો હતો તે જગરીથી તેણીની પાસે લઇ લીધો. રાણી ફક્ત પંદર વર્ષની ઉમરની હતી અને તેણી થોડા દિવસમાં બચ્ચાંનો જન્મ આપનાર હતી. રાણીનો ઘોડો જતાં હુમાયુને પોતાનો ઘોડો પોતાની પરણેતરને આપ્યો ને પોતે ચોડે રસ્તે ચાલ્યો ને તે બાદ સામાન સાથનાં ઉંટ પર બેઠો થોડા કલાક પછી તે મુસાફરો ઠઠ્ઠાની પાસેના અમરકોટના કીલ્લામા દાખલ થયા. ત્યાં એક ઝાડના છાયા નીચે રાણી હમીદાએ શાહ અકબરનો જન્મ તા. ૧૪ મીએ આપ્યો. હુમાયને કસ્તુરી પોતાના માણસોમાં વહેંચી બતી દુવા ચાદી. તે બાદ ઇરાનની મદદ સાથે પોતાની ગાદી પાછી મેળવીને ઇ સ. ૧૫૫૬ માં હુમાયુન મરણ પામ્યો ઇ. સ. ૧૫૬૦ થી અકબરે બરોબરી સત્તા પોતાના હાથમાં લીધી. વધી મુદી લડાઇ ચલાવી તેણે લગભગ આખું હિંદુસ્થાન કબજે કર્યું. ચાર લડાઇઓ લડવા છતાં અકબરે પોતાના રાજ્યના સુધારા વધારા તરફ મોટું ધ્યાન આપી પ્રજાને સુખી કરી. નવા નવા સુધારાઓ દાખલ થયા; કેળવણીને ઉત્તેજન આપવામાં આવ્યું ને ધર્મને લગતી દરેક છૂટ મળી. અકબર ઘણું શીખેલો નહતો પણ એક વિદ્વાનને ટક્કર મારે એવા ગુણો તેનામાં હતા. તેના કામોમાં તેને મોટી મદદ અબુલફઝલ અને ફૈઝી નામના બે વિદ્વાન ભાઇઓ, તેના બાહોશ હિંદુ મંત્રીઓ અને વફાદાર સીપેહ સાલારોએ આપી હતી. અબુલફાઝલ અને ફૈઝી પર તેની આંધળી શ્રદ્ધા હતી. અકબરે દરેક ધર્મને માન આપવાનો ઠરાવ કરેલો હોવાથી તેણે હિંદના દરેક ધર્મના વિદ્વાનોને પોતાની ચોપાસ ઝોકડા કર્યા હતા. ત્યાં તે તેઓ પાસે તકરાર કરાવતો અને ખરાં ખોટાંનું તોલ કરતો હતો. ફતેહપુર સીક્રી આગળ પોતાના બેટા સલીમના જન્મની યાદમાં તેણે મોટું શહેર વસાવી ત્યાં એક મોટો મહેલ બાંધ્યો હતો તથા ત્યાં દીવાનખાના સામનું મકાન બાંધ્યું હતું જેનો પશ્ચિમ ભાગ સૈયદો માટે; દક્ષિણ ભાગ ઓલમાઓ માટે; ઉત્તર ભાગ શેખો માટે ને પૂર્વ ભાગ ઉમરાવો તથા બીજાઓ માટે જુદો રાખ્યો હતો. "તારીખે બદાઉની" નો કર્ત્તા મુલ્લાં અબદુલ કાદીર બદાઉની ઈ. સ ૧૫૪૦ માં જન્મ્યો હતો. તેણે ગાયન, ખગોળશાસ્ત્રને ઇતિહાસનો ઉંડો અભ્યાસ કર્યો હતો. તે સુરત મુસલમાન હતો પોતાના વિચારોના ઝનુનમાં તે બધાને ભૂલી જતો હતો. અકબરના સલાહકારો અબુલ ફાઝલ ને ફૈઝીને તે કાફરો તરીકે ઓળખાવતો ને અકબરને ધર્મિપણાંથી ફેરવવાનું તેમના પર આળ મુકતો હતો. સંસ્કૃત અને અરબી પુસ્તકોનો ફારસીમાં તરજુમો કરવાનું કામ તેને સોંપવામાં આવેલ હતું. તેણે મહાભારત અને રામાયણનો તરજુમો કર્યો હતો.

અકબરની દરબારમાં દરેક ધર્મના વિદ્વાનો ઝોકડા થયા હતા અને દર ગુરૂવારે સાંજના દીવાનખાનામાંના અનુપ તળાવ આગળ તેઓ બેગા મળી વિવાદ કરતા હતા. મુસલમીન ઓલમાઓ નાજનુતી દુખલાઓથી અકબરને દુઃખ થયું હતું

એટલે તેમની સામે તે બીજાઓને દીક્ષા કરવા ઉસ્કેરતો હતો. તકરાર વધતીજ જોઈ તેણે તોફાનીઓને કાઢી મુકવાની ધમકી આપી ત્યારેજ જરા જબાંન કાબુમાં આવી. મુસલમાનો અકબરને ધીમે ધીમે પોતાના ધર્મ તરફથી દૂર થતાં જોઈ ઘણા ઝનુનમાં આવી ગયા પણ તેમનું ચાલ્યું નહિ. અકબરે દરેક ધર્મના રહસ્ય સમજી લઈ પોતાને માટે નવો ધર્મ સ્થાપિત કર્યો ને તેને તોહીદે-એલાહી એવું નામ આપ્યું. આ ધર્મના મુખ્ય સિદ્ધાંતો જરથોસ્તી અને હિંદુ ધર્મમાંથી લેવામાં આવ્યાં હતાં. તે કામમાં અબુલ ફાઝલ ને ફૈઝીની મુખ્ય મદદ તેમને મળી હતી. અબુલ ફાઝલે "અકબર નામે" કરી ત્રણ વોલ્યુમમાં અકબરને લગતી તવારીખ લખી છે તે બહુ જાણીતી છે. તેમાં અકબરને લગતી દરેક બાબતોનો સમાવેશ છે.

અકબરનાં છેલ્લાં વર્ષો દુખમાં પસાર થયાં હતાં. તેના વાહલા વડા બેટા સલીમે તેની સામે બંડ ઉઠાવ્યું હતું ને અકબરના જાની મિત્ર અબુલ ફાઝલને મારી નંખાવ્યો હતો. અબુલ ફાઝલ ઇતિહાસમાં પોતાનું નામ અમર કરી ગયો છે. અકબર પોતે ૧૬૦૫ માં મરણ પામ્યો હતો.

અકબરની પહેલી સ્ત્રી સુલતાના રાજમીહાલ બેગમ તેના કાકા હીંડાળની બેટી હતી પણ તેને પેટે કોઇબી ફરજંદની વૃદ્ધી થઈ ન હતી. બીજી સ્ત્રી સુલતાના સુલીમા બેગમ, બાબરની છોકરીની છોકરી હતી તેણી એક હુસ્યાર કવિ હતી. ત્રીજી સ્ત્રી નુરજેહાંન નામની હતી ને ચોથી રજપુત શાહજાદી જોધબાઈ હતી જેને ત્યાં સલીમનો જન્મ થયો હતો. તેના ફરજંદોમાં હસન અને હુસેન બચપણમાં મરી ગયા હતાં. સલીમ, ગાદી વારેસ હતો તથા મુરાદ અને દાન્યલ પોતાના બાપ વખતમાંજ દારૂ પી પીને મરણ પામ્યા હતા; તેમનાં ત્રણ છોકરીઓ હતી.

આ ટુંક તવારિખ પછી આપણે આપણી વાર્તામાં આગળ વધ્યે તે પહેલાં અત્રે જણાવવાની હું જરૂર જોઉં છું કે આ અસલ પુસ્તક ડચ ભાષામાં ઇ. સ. ૧૮૭૨ માં પ્રગટ થયું હતું. તેનો જર્મન તરજુમો ઈ. સ. ૧૮૭૭ માં અને અંગ્રેજી તરજુમો ઈ. સ ૧૮૭૯ માં પ્રગટ થયો હતો અને તેની આ ગુજરાતી આવૃત્તિ ૧૯૧૭ માં શરૂ થાય છે.

પ્રકરણ ૧.

સન્યાસી.

સમીસાંજનો વખત થવા આવ્યો હતો. સૂર્યનારાયણ આ પૃથ્વીને પોતાની તેજસ્વી રોશનીનું તેજ આપી ગોથા થાકી ગયો હોય અને આરામ લેવા જતો હોય તેમ પશ્ચિમમાં આથમતો હતો. મધ્યાને આગ ઝળગાવવાને પૂરતાં તેજસ્વી તેનાં કિરણો હવે કાંઈ ઠંડાં થયાં હતાં. તેમનું તેજ હવે ઝાંખું હતું. હિમાલયનાં ઉંચા ડુંગરોમાં ચીમાઇને સંતાવાની તૈયારી કરતા સૂર્યનારાયણને બે ઘડી અજવાળીમાં ડુંગ થઈ જોવામાં આપણને કાંઈ અજબ ગમત પડે છે. ઠંડાં થતાં કિરણોના રંગબેરંગી પ્રકાશમાં બરફથી ઢંકાયલા હિમાલયની ટોચોનો દેખાવ બહુજ મનહર લાગે છે. આકાશ કીરમજી રંગનું બની ગયું હતું અને તેનાં પ્રતિબીંબ ટોચોપરના બરફમાંથી બહાર આવી અજબ ચળકાટ ફેલાવતાં હતાં. આ મોટા પર્વતની એક મોટી બદ્રીનાથ * ની ટેકડી પર ફેલાઇ રહેલો

---

* હિમાલયમાં બદ્રીનાથની ટેકડી અતી; પવિત્ર છે. ત્યાં વિશ્નુની સ્થાપના છે. બદ્રીનાથની ટેકડી ૭ ટોંચના સમુહની બનેલી છે જે દર્યાની સપાટીથી ૨૨૦૦૦ થી ૨૩૪૦૦ ફીટ ઉંચી છે. બદ્રીનાથનું શહેર કાસ્મીરનાં શ્રીનગર શેહેરથી ૫૫ માઇલ દુર છે. શેહેરમાં સૌથી ઉંચી જગ્યાએ બદ્રીનાથનું મંદીર છે અને તેની નીચે તળાવ છે જેમાં ગંધકનાં પાણીનો ઝરો છે. આ મંદીરે હજારો જાત્રાળુ આવે છે. મંદીર દર્યાની સપાટીથી ૧૦,૨૯૪ ફીટ ઉંચુ છે.

દેખાવ અજબ દીલખુશ હતો. દેખાવની મનહરતામાં ખીણોમાંથી થઇ બહાર આવતો ઠંડો, મધુર પવન કુલોનો મધમધાટ ત્યાં પંથરાવતો મંદમંદ વાતો હતો. જમાનાઓ થયા આ અચળ નિયમ ચાલ્યો આવ્યો હતો. દિવસના સૂર્યની રોશની તેજ આપતી ને સાંજના ઠંડા કિરણોના રંગ બેરંગી તેજમાં મીઠી મધભરી લંપટવાળી હવા મનને અજબ શાંત્ત કરતી ફુંકતી હતી. જમાનાઓ જાણે તે ભવ્ય જગ્યાએ તેની શાંત્તિમાં ખલલ કરવા કશુંએ કરી ન શકતા જણાતા હતા. આ ઉંચાણવાળી જગ્યાએ આવી અજબ શાંત્તિ હતી ત્યારે નીચે માણસો લોભ, લાલચને માયા ને વશ થઇ એકમેકનાં ગળાં રહેંસતાં હતાં. રાજ્યો સ્થાપિત થતાં યા વેરાન-મેદાન થઇ જતાં હતાં.

સોળમાં સૈકાની આખેરીમાં જલાલુદીન મહમદ યાને મહાન અકબરે મોગલ શાહનશાહતનું સર આસમાનસે લગાડી આખાં હિંદુસ્થાનમાં પોતાની સત્તાનો ડંકો ચલાવ્યો હતો. તે વેળા પવિત્ર હિમાલયનાં આશ્રમો તેના દોરથી નીરાળાં રહયાં હતાં. તે પવિત્ર આશ્રમો કે જ્યાં ફક્ત દેવતાઓ આરામ લેતા હતા ત્યાં અકબરની મહાન શાહનશાહત ગમે તેવી કુતેહ છતાં પુગી શકી ન હતી. આ પવિત્ર આશ્રમો હજી જંગલી હાલતમાં એમનાં એમ રહેલાં છે. આ એકાંતવાસમાં ખલલ કરવા કોઇ કદાચજ માણસનું પગલું ત્યાં ચાલતું સંભળાતું હતું યા કવચિતજ ત્યાં ભક્ષ કરનારાં પક્ષિનો અવાજ યા નાનાં પ્રાણીઓનું કીલ્લાણ સંભળાતું હતું. ત્યાં ગોવા ચુપકીદી પર જોશમાં પોતાનો દમામ ચલાવી રહી હતી.

આવી સર્વોત્તમ શાંત્તિ છતાં તે પુલ્ય જગ્યા કાંઇ વસ્તી વિના ખાલી હોય એમ જણાતું ન હતું. સાધારણ જોનારને કદાચ નજરે આવે નહિ પણ બારીક અવલોકનકારને ત્યાંની વસ્તી સહેજે માલુમ પડી શકે તેમ હતું. ત્યાંનાં લાંબા ઘાસમાં લગભગ છૂપાયલો એક મોટો લાંબો ચિત્તો ઝડાઇને પડેલો હતો. તેની ચામડી પર કાળા ને સફેદ પટા હતા અને ગોવા તે મહાન શીલ્પકાર હોય તેમ એકાગ્ર ચિત્તે બરફથી ઢંકાયલી ટોચો નિહાળતો હતો અને તેમ કરતાં પોતાની આંખો નીચી કરી વિચારના વમળમાં જાણે વિંટળાતો હતો. તે ઘણે નીચે આવેલી લીલી છમ ખીણો જોતો હતો અને ત્યાંથી પોતાની નજર પર્વતોની ટોચ તરફ ફેરવતો હતો કે જે ટોચો આકાશ સાથે પોતાનું સર લગાડવા ગોવા એક બીજા સાથે હરીફાઈ કરી રહી હતી દૃષ્ટિમર્યાદા તરફ આ દેખાવ અજબ મનહર જણાતો હતો યા ભાલીક! તે પ્રાણી શાનો વિચાર કરતું હશે? કોઈ કોઈવાર નીચે ને કોઇ વાર ઉંચે જોતાં જનવાજોગ છે કે તે પોતાના આગલા જન્મને યાદ કરતો એ હોય! કાં નહિ તે આગલા વખતમાં કોઈ મહાન રાજા હોય કે જેના હુકમની હજારો માણસોએ સેવા ઉઠાવી હોય!...યા તો કાં નહિ તે કંગાળમાં કંગાળ દુષ્ટ મનુષ્ય યા પ્રાણી હોય!...આહ! હાલમાં તો તે જંગલના રાજા જેવો હતો આગલા જન્મ કરતાં હાલ તે વધુ રાજી હોય તેમ હતો. તેની સર્વોપરી સત્તા સામે હાલમાં સરકશી કરે તેવો કોઇપણ હરીફ ત્યાં હતોજ નહિ. ભારે મગરૂરીમાં ચોપાસ ફરતી તેની નજર પરથી જાણે કહી શકાતું હોય કે તે પોતાની મોટી સત્તાની કિંમત અચ્છી રીતે પીછાનતો હતો. જે એકાએક તે પોતાનાં હવાઇ સ્વપ્નાંમાંથી જાગૃત થયો, ને કુદકો મારી આગળ વધ્યો અને સાંભળવા લાગ્યો. માણસોની વાતચીતનો અવાજ તેના તિક્ષ્ણ કાનો પર આબાદ પડયો.

જો કે હજી ગોવો દૂર હતા છતાં તેણે ઇંધણાંક સ્વારોની એક ટોળીને બાજુમાંના પર્વતપરથી થઇને તેની જગ્યા તરફ આવતી જોઇ. તે ટોળી

માં ફક્ત ચાર જણ હતા. હરોલમાં એક ગભરૂ જવાન ચાલનો હતો, જેનો દમામદાર દેખાવ તથા ચાલવાની ઢબછબ અને તેનો કિમતી પોષાક તેને કોઇ અમીર ખાનદાનનો નબીરો હોય તેમ અચુક જણાવતાં હતાં. તે જવાનની સાથે એક અદ્ધેર ઉંમરનો સાદા પણ સફાઇદાર પોષાકમાં સજ્જ થયલો શખ્સ ચાલતો હતો અને પાછળ બે નોકરો હતા. તે જવાન એક ઝડપી ચાલના અને મજબુત કાઠીના સુફેદ આરબ પર સ્વાર થયલો હતો. તેનો સાથી એક મોટાકાળા ઘોડાપર સ્વાર હતો ત્યારે નોકરો ત્યાંના પહાડી ટટ્ટુઓ ફુદાવતા હતા. તે જવાને સોનાના બટન સાથની બ્લુ રેશમની એક મોટી જોકીટ તથા પોહળો લેંઘો અને રાતા બુટ પહેરેલા હતા. તેનાં માથાપર એક હલકી ટોપી હતી કે જેમાં એક મોટા હીરા સાથે જડી લીધેલું મોટું પીછ ખોસેલું હતું. તેની બાજુએ એક વાંકી તરવાર લટકતી હતી અને તેનાં કિંમતી કમરબંધમાં હિરા જડીત મૂઠ વાળું ખંજર ખોસેલું દેખાતું હતું. તેના જમણા હાથમાં એક મોટો, ભારી, ભાલો હતો. તે ફટ પુષ્ટને કદાવર અંગનો હતો. તેનો દેખાવ ખુબજ હતો અને તડકાને લીધે સહજ કાલાશપર થવાથી તે ઘણોજ ખેંચાણકારક જણાતો હતો. તેની આંખો અને તેના બાલ કાળા ભમર હતા અને હોઠપર ફુટેલી ભૂરી મૂછ તે આર્યન ઓલાદનો હતો તેની અચુક નિશાની બતાવતાં હતાં.

તેનો સાથી અલમસ્ત જેવો, પોહળા છાતીનો, સામળા ચહેરાનો, કદાવર હતો. તેના ચહેરા પરથી તે પણ આર્યન ઓલાદનો ખુલ્લો જણાતો હતો. મોટી કરચલીવાળી દાઢીએ જાણે તેનો આખો ચહેરો ઢાંકી નાંખ્યો હતો અને તે પર છાયા માટે માથાપર મોટી સુફેદ પાઘડી પહેરી હતી. તેણે સુંદર કપડાંનો એક મોટો ઝબ્બો પહેરેલો હતો જે તેના પગ સુધી આવતો હતો. કેમર પર તેણે સોનેરી પટો વિંટાળેલો હતો. તે પણ તરવાર અને ભાલાથી સજ્જ થયલો હતો; પણ તેની ખાંધ પર વધુમાં એક નાની ઢાલ લટકતી જણાતી હતી. નોકરોએ એક મોટો ઝબ્બો પંગ સુધીનો પહેરેલો હતો. તેમના હાથોને પગોમાં તાંબાપીત્તળની બાંગડીઓ હતી જે ચાલતાં અવાજ કર્યા કરતી હતી. તેમની પાસે હથ્યારમાં ટુંકા ભાલા અને નાની ઢાલો હતી.

તે મુસાફરો કોણ હતા, કયાંથી આવ્યા હતા તથા તેમની મુસાફરીનું કારણ શું હતું તે તેમની વાતચીત પરથી સહેજે જણાઇ આવશે. તે જવાનનું નામ સીધરાજ હતું અને તે કાશ્મીરના વડા વજીરનો બેટો હતો. શાહનશાહ અકબર, માટે અગત્યનાં કાગળો લઇ તેને આગ્રાની દરબારમાં મોકલવામાં આવ્યો હતો કેમકે શાહી લશ્કરમાં રજપુત સેનાની એક ટુકડીની સરદારી તેને લેવાની હતી. તે પોતાના રાહબર અને શિક્ષક કલુસા સાથે હતો કે જે ઉંચ બ્રાહ્મણ કુટુંબનો હોઇ એક મોટા લડૈયા ઉપરાંત મોટા વિદ્વાન તરીકે જાણીતો હતો. તેણે લડાયક હથ્યારોમાં પોતાના શિષ્યને ઉસ્તાદ કર્યો હતો તેમજ હિંદુ શાસ્ત્ર અને બીજાં શાસ્ત્રોના જ્ઞાનમાં તેને પૂર્ણિણ કર્યો હતો. લડાયક શિક્ષણ સાથે નીતિ-રીતિનું શિક્ષણ તે જરાએ ભૂલ્યો નહતો

તે જવાન આવ્યા બાદ તે પહેલાં તેમને બદ્રીનાથના ડુંગરમાં વસતા સન્યાસીને મળવાની જરૂર હતી. ત્યાંથી નીકળી તે જવાન અલ્લાબાદ જનાર હતો કે જ્યાં તેનો કાકો, મહાન અકબરનાં રક્ષણ હેઠળ ગંગા અને જમનાના સંયોગવાળા દિલ્લાના સરદાર તરીકે હકુમત ચલાવતો હતો. કાકાને ત્યાં જવાનું બીજું ખેંચાણ કાકાની એક પૂરી દીકરી ઇન્દુમતી હતી કે જેણીનું વેવીશાળ સીધરાજ જોડે થઇ ગયું હતું. ફક્ત બેટી લગ્નની હતી કે જે માટેના દિવસો તે પ્રેમાળ જોડું એક બીજાથી અજાણ આંગણા પર ગણતું હતું.

થોડો વખત પોતાના ગુરૂની જોડમાં મુસાફરી કર્યા પછી સીધરાજે કહ્યું,

' ઉસ્તાદજી તમો કહો છો કે અહીંના રસ્તા-થી તમો માહિતગાર છો અને હવે આપણે આશ્રમની લગભગ આવી લાગ્યા છીએ. ભલે તેમ હોય પણ મને તો હજાં ઝુંપડી જેવા આકારની કશી ચીજ જણાતી નથી. શું બનવા જોગ છે કે તે મહાન પુન્ય ગુરૂજી અહીંથી કેયે ગયો છે?'

' બેટા, જરા ધીરધર ' કલુસાએ નરમાસથી જણાવ્યું ' આપણે પેલી જગ્યાએથી વાંક લઇશું ત્યારે ત્યાંની નાની ઝાડી જોઇ શકીશું કે જ્યાં પુન્ય સન્યાસીએ પોતાનું આશ્રમ સ્થાપ્યું છે. બેટા, આવા મહાન અને પુન્ય નર માટે વધુ માન થી બોલવાની તને જરૂર છે. ત્યાં જતાં હું ખાત્રી-થી માનું છું કે તારી પૂરતી ખાતરી તે બાબે થઇ જશે. '

' હું કોઇપણ રીતે બેઅદબ થયો નથી ' સીધરાજે ખાતરી આપી. ' આહ, પણ આ શું ?' પહાડની બાજુમાં પવનની ગેરહાજરી છતાં હીલ તાં ઘાસ તરફ પોતાનો ભાંલો ફેરવતાં તે બોલ્યો.

પણ તેનો ઉસ્તાદ તેને રોકે તે પહેલાં તે જ-વાને પોતાનો ઘોડો તે તરફ ફેરવ્યો અને તે હીલ તાં ઘાસ તરફ પૂર ઝડપે નીકળી ગયો. કલુસા કે નો-કરો તેની પૂંઠ જાય તે પહેલાં તેમણે તે જવાનને લગામ ખેંચી પૂતળાંની પેઠે જડ થઈ એકાગ્ર ચિત્તે સામે જોતાં જોયો.

ઘાસમાં થતી હીલચાલ બંધ પડી હતી. ના ઘાસનું એક તણખલું હીલતું હતું કે ના કશોજ અવાજ થતો હતો. ફરી પાછું ઘોડે વારે ઘાસ હીલવા લાગ્યું પણ તે ઘણે દૂર હતું. ધ્યાનથી જોતાં ચળકતી ચામડીવાળો એક વાઘ કુદકા મા-રતો ચાલી જતો તેને જણાયો.

સીધરાજે પોતાના ઘોડાને એડ મારી પણ બીજી પળે તે લાંબો છર થઇને જમીન પર પડયો લીસોતરીથી ઢંકાયલા એક મોટા ખાડામાં તેનો ઘોડો પડતાં ઘોડો તેમજ સ્વાર બંને ટપકાઇને નીચે પડયા હતા. બંને તુરત ઉઠી ઉભા થયા.

' કાંઇ નથી થયું, વત્સા ! ' સીધરાજે પો-તાના નોકરને જણાવ્યું કે જે પોતાનું ટટ્ટુ છોડી દઇ દોડતો પોતાના શેઠની પૂંઠે ગયો હતો. ' મને કશું લાગ્યું નથી તેમજ ઘોડાને પણ ઇજા થઇ હોય તેમ જણાતું નથી. પોચી જમીન હતી ને?'

તપાસ કરતાં ઘોડો પણ પોતાના સ્વાર જેવો કોઇપણ જાતની ઇજા વગરનો જણાયો. તે પછી ગમે તેવી તપાસ કરતાં વાધનો કશો પત્તો જ-ણાયો નહિ.

હવે પાછા સ્વાર થઇ તે મુસાફરીમાં આગળ વધ્યા સિવાય બીજો કશો માર્ગ રહ્યો નહતો.

સીધરાજ ગુપચુપ પોતાનાં ઉસ્તાદ આગળ આવ્યો. તે પોતાના આ મૂર્ખ સહાસથી કાંઇક ઝંખવાણો પડેલો જણાતો હતો. તે ઉસ્તાદે હસીને કહ્યું,

' બેટા, તારાં આ બચ્ચાં સહી ચેડાં મને નહિ ગમ્યાં '

' હાજી ' સીધરાજે શરમાઇને જણાવ્યું. ' આવી રીતે ગબડી પડતાં હું તમારી નજરમાં મૂર્ખ ગણાયોજ હોઇશ ! '

' નહિ, એમાં તું શું કરે ? '

' હાજી. છૂપ્યા ખાડાઓ કોણ જાણી શકેજી !'

' નહિ, બેટા, હું જાદૂજ કહેવા માગું છું !'

' તે શું ? '

' હું જે ધારું છું તેજ હશે તો તને જલ-દીથી તેની ખબર પડશે. ' તે બોલતાં કલુસાના ચહેરાપર છવાઇ રહેલું મંદહાસ્ય જોતાં સીધરા-જની જીજ્ઞાસા ઉશ્કેરાઇ. તે સવાલ પૂછવા જતો હતો તેવામાં તેઓએ વળાણ લીધી અને ત્યાંથી તેઓ બીજાના બીજા માર્ગપર આવ્યા કે જે જગ્યા જાણે સોનેરી પ્રકાશમાં નાહી રહી હતી.

' જોયું જે ' કલુસાએ ઝાડોની એક નાની, ઝાડી પોતાના બાલા વતી બતાવતાં બોલ્યો. ' આ

ગુરૂ આશ્રમ છે !' અને કાંઇ પણ વધુ બોલ્યાં વિના તે સ્વારો એક મોટાં ઉતરાણ પરથી ઉતરી ખીણના માર્ગ પર આવ્યા.

ત્યાં ઝાડોના છાયાની નીચે વાંસનું એક ઝુંપડું તેમણે જોયું કે જેની રચના વેળાએ ચતુરાઈ તેનો દેખાવ દીલચસ્પ બનાવવામાં આવ્યો હતો. પસાર થયલી જીંદગીનું પ્રાયશ્ચિત કરતા એક સન્યાસીનાં મથક કરતાં કોઇ હુંફેરી છાવડાની મજા હતું તે મથક વધુ લાગતું હતું. તે મકાનની પાછળ ગીચ ઝાડી હતી જ્યારે આગળ સ્વચ્છ પાણીનું એક નાનકડું તળાવ હતું કે જેમાંના આસમાની અને સુફેદ કમળ કુલો સૂર્યની રોશની ના પ્રતિબીંબ પાણીમાં ફેંકી પાણીને રંગબેરંગી બનાવતાં હતાં. એક બાજુએ થઈને એક નાનો ઝરો રૂપેરી ફીણ ઉરાડતો ખલખલ વહેતો જતો હતો અને મકાનના રહીશોને પોતાનાં અમૃત સરીખાં પાણીનો સ્વાદ ચખાડતો હતો. ઘણે દૂર પહાડોની હાર ગગનમાં દિવાલ કરી ઉભેલી જણાતી હતી કે જેમનાં બરફવાળા મથાળાંપર કોઇપણ માણસનો પગ હજી ફર્યો નહતો.

તે ભવ્ય અને અનુપમ દેખાવ જોતાં તે મુસાફરો અજાયબીમાં ડંગ થઇ બે ઘડી થોભી ગયા પણ પોતે પોતાની મુસાફરીને છેડે આવ્યા હતા તેનું ભાન થતાં તેઓ ઘોડાપરથી ઉતર્યા અને નોકરોને ઘોડા સ્વાધિન કર્યા. તે પછી પોતાની આમદની બાબર આપવા કલુસા એકલો તે ઝુંપડી તરફ ગયો. તેને વધુ મેહનત પડીજ નહિ કેમકે તે ત્યાં જઈ પુગે તે આગમજ તે સન્યાસી પોતેજ ઝુંપડાંમાંથી બહાર આવ્યો. તેનો નોકર તેની ઇશારત થતાં દોડી ગયો અને ઘોડાઓની લગામ લઇ મકાનના પાછલા ભાગ તરફ તેમને લઇ ગયો.

આ પુજ્ય સન્યાસીને જોતાં મીધરાજ પર જબરી અસર થઇ ગઈ. કાશ્મીરના ડુંગરો અને જંગલોમાં તેણે ઘણા સન્યાસીઓ અને સાધુઓ, પ્રામક્રિત કરતા તપેશ્વીઓ, સ્વયોગ આપનારા જોગીઓ તથા ભટકતા ભક્તો જોયા હતા. આ બધા એકજ જાતની રહેણી-કરણી ભોગવતા હતા. કેટલાકો કંગાળ ચીથડાં પહેરી હાથોમાં મોટા ડંડુકા ને ગળામાં મોટા મણકા પહેરતા તો કોઇ ફક્ત લંગોટભર ફરતા તો કોઇ વસ્ત્રને બદલે ફક્ત ઝાડોની છાલનો ઉપયોગ કરતા તો કોઇ સદંતર નગ્ન હાલતમાં ફરતા, તો કોઇ માથાં મુંડાવી તે પર તેલ ચોપડી તેને સળગાવી તેની અગન સહન કરતા દોડતા તો કોઇ કપાળમાં કે છાતીમાં ખીલા ઠોકી ભક્તિ કરવામાં લીન થતા હતા. આ બધા પોતાના આંધળા વિશ્વાસને આધિન થઇ ફક્ત મોક્ષ મેળવવાનોજ મતલબજ તેમ કરતા હતા તે તે જવાન અચ્છી રીતે જાણતો હતો. તે સાથે બહારથી પરમાત્મા સાથે મળી જવાનું ડોળ બતાવી ભીતરમાં કાળા કુકર્મો કરતા અનેક બગલા ભગતો તેણે જોયા હતા. તેવા મવાલીઓ તરફ તેને જબરો તીરસ્કાર હતો. બદ્રીનાથના સન્યાસીનું નામ સાંભળતાં તેનું મન ઘણું લલચાયું નહતું; પણ બારણાં આગળ ઉભેલા આકારને જોતાંજ ને થમ થઇ ગયો. તે કદાવર, દમામદાર આકારે તેના પર જબરી અસર કરી. તે સન્યાસીના આવકારમાં માયા સાથે તેના દરજ્જાને લાયકનો રૂઆબ ખુબસો જણાતો હતો.

તે વૃદ્ધ ઉમરનો સુફેદ ધોળાં કપડાંમાં સજ્જ થયલો બુઝોર્ગ હતો. તેના બાલો સુફેદ હતાં. માથાંપર ફક્ત થોડાં સુફેદ ઝુલ્ફાં હતાં બાકી ટાળક પડેલું હતું, પણ તેની મોટી દાઢી તેના દેખાવમાં મોટો વધારો કરતી હતી. તે વૃદ્ધ હતો છતાં જવાનીએ તમ્મને નાદુરસ્ત કે કમરમાંથી વળેલો નહતો. તે કોઇ કસરત બાજના જેવો ખુબસો જણાતો હતો. તેના હાવભાવ પરથી ખુબસું જણાતું હતું કે હુકમો સાંભળવા ને માન્ય કરવાને બદલે તે હુકમો આપવાને સરજાયલો હતો.

'ભલે પધારો, મિત્રો' તેણે પોતાના બન્ને

પરોણાઓને પોતાનો હાથ આપતાં આવકાર આપ્યો કે જે પરોણાઓએ તે હાથ વાંકાવાળી પોતાની આંખોમાં ચાંપી પોતાના હોઠે લગાડ્યો,

"મારા એકાંતવાસમાં તમારી આમદ મુબારક છે. ખરેજ મને નેહાયત ખુશાળી થાય છે કે મને ફરી એકવાર મારા' ત્યાં તે એક પળવાર થોભ્યો ને પછી દૃઢ મન કરી બોલ્યો 'મારા મિત્રો, મારો દેશ અને મારી ભૂમિની ખબર જાણવાની મને તક મળી છે.' -

કલુસા કે સીધરાજ હજી તેનો યોગ્ય જવાબ આપે તે પહેલાં તેમની નજદીકમાંથી આવતા એક મોટા ઘુરકવાના અવાજે તેમનું ધ્યાન તે તરફ કર્યું. બીજી પળે, મકાનના પાછલા ભાગમાંથી એક કદાવર ચીતો મોટા દમામથી ધીમે પગલે આવી તે ત્રણે આગળ ઉભો રહી પોતાની પૂછડી આમથી તેમ હીલવવા લાગ્યો. તે જોતાંજ સીધરાજ પાછળ હટ્યો ને કુદરતી રીતે તેનો હાથ તેનાં ખંજરપર પડ્યો ને તેણે તે કમર બંધમાંથી ખેંચી કાઢ્યું.

'એ તારૂં રમકડું તેની જગ્યાએ પાછું બોરસી મુક' સન્યાસીએ હસીને કહ્યું. 'હરીને તું ઇજા ન કરીશ' તે પછી તે ચિત્તા તરફ ફરી કાંઇક થથરાવનારા અવાજે તેમણે તેને તડુકાવ્યો કે તે જંગલનો રાજા ઘુછને તુરત પોતાના શોઠના પગ આગળ લાંબો થઇને પડ્યો.

"મેં તને શું કહ્યું હતું?' કલુસાએ તે વાઘ તરફ આંગળી બતાવતાં સીધરાજને કહ્યું. 'તું કેવી રીતે ગબડી પડ્યો હતો તેનું કારણ હવે તું સમજ્યો?'

'માફ કરો, પુજ્ય ગુરૂજી, માફ કરો!' સન્યાસી આગળ બે હાથ જોડી માફ માંગતો તે બોલ્યો કેમકે તેણે જોયું કે સન્યાસીના પાલેલાં આ વાઘને તે મારવા દોડ્યો હતો. 'ખરેજ હું અજાણ હતો'

'હું સમજ્યો' સન્યાસીએ હસીને કહ્યું. 'તમે હરીનો શીકાર કરવા ગયા હતા કે? આગળ અનેકવાર તેમ થયું હતું પણ તેમાં આ મારાં નીમકહલાલ પ્રાણી કરતાં તેના શીકારીઓને વધુ ઇજા થઇ હતી; કેમકે એ જ્યારે ગુસ્સામાં આવે છે ત્યારે ધર્યો ધરાતો નથી, છતાં જેઓ એને ઇજા કરતા નથી તેમને એ કદી દુઃખ દેતો નથી. કલુસા જાણે છે તેમ જ્યારથી એ ધાવતું બચ્ચું હતું ત્યારથી તે મારી પાસે છે, અને હવે હમો એક બીજાને બહુ અચ્છી રીતે ઓળખી ગયા છીએ. ખરી વાતને, હરી? તેઓ સહેજ વાંકા વળ્યા કે તે વફાદાર પ્રાણીએ અર્ધ ઉઠી પોતાનું પહોળું માથું પોતાના શોઠના હાથ ઉપર ફેરવ્યુ. 'અને મારા મિત્રો તે એનાં પણ મિત્રો છે! તમે અજમાવો!' તેમણે જણાવ્યું કે સીધરાજ આગળ આવ્યો અને તેણે તે વાઘનાં બબાં પર બીયાથી પોતાનો હાથ મુકયો. આ જોતાંજ તે પ્રાણીએ પોતાના શોઠ તરફ જોયું અને ત્યાંથી સીધરાજ તરફ નજર ફેરવી પોતાની ખાતરી થતાં તે સીધરાજના પગ આગળ લાંબો થઇ પડ્યો ને પોતાનું માથું તેના હાથો સાથે દબાવ્યું. આ જોતાંજ તે જવાન જરાએ ગભરાયો નહિ પણ ઓર ખુશ થઇ તેણે તેને પસવાર્યો અને જ્યારે ખુશાળીમાં આવી તે પ્રાણીએ પોતાનું મોંહ પોહળું કરી પોતાના સુફેદ, તીક્ષ્ણ-દાંતોની હાર બતાવી જરૂરી બતાવી આપી ત્યારે પણ સીધરાજને જરાએ ગભરાટ છુટ્યો નહિ.

"શાબાશ...અચ્છા!" તે પ્રાણી પોતાના શોઠ આગળ પાછું ફર્યું કે હસીને તે સન્યાસીએ પોતાની ખુશાળી બતાવી. 'તારા કરતાં કાંઇ વધુ ઉમરના શુરવીરોને આ હાલતમાં આવા શાંત રહેતા મેં બહુજ થોડા જોયા છે. જવા દો હવે એ વાતને. આપણને બીજો વિચાર કરવાનો છે. ગીચ ઝાડીઓ અને પહાડો પરથી આવતા મુસાફરોને પોતાની થાક ઉતારવાને તે માટે આરામ તથા ખોરાક લેવાની જરૂર છે. મારી સાથે આવો.' અને આગળ ચાલીને સન્યાસી મકાનમાં દાખલ થયો.

તે મકાનમાં જરૂરિયાત સિવાયની કશી ચીજ હતી નહિ, પણ બધું સફાઈદાર ગોઠવેલામાં આવ્યું હતું, જે જોતાં આંખને અજબ ટાઢક વળતી હતી.

જમીન પર પાથરેલી સુંદર મોટી ચટાઈઓ પર આરામ લેવા પછી તે નોકર કે જે ઘોડાઓને લઈ ગયો હતો તે પોતાના હાથમાં ખોરાકથી ભરેલી થોડીક રકાબીઓ લઈ આવ્યો.

તે દમામદાર અને રાજવંશી જેવા દેખાતા સન્યાસીએ જે સાદી અને સહેલી રીતે તેની સાથે વાત કરી તે પરથી તે જવાનની ખાતરી થઈ કે તે સન્યાસી દુન્યવી બાબતોમાં કટ્ટર હતો અને તે ખાતરી થતાં તેમના તરફ તેને બારે શ્રદ્ધા થઈ. સીધરાજે પોતાના બાપ, પોતાની અદરાયલી પત્નિ તથા પોતાની કાશ્મીરમાંની જીંદગીને લગતા સન્યાસીના સવાલોના જવાબો ખુલ્લાં દીલથી કાંઈક અદ્ધર અંદાજ સાથે આપ્યા. તેના બચપણમાં કાશ્મીર શું શું બન્યું હતું તે દરેક વાતથી તે સન્યાસી માહીતગાર હોય એમ તેની બારે અજયપી વચ્ચે તેને જણાયું. જે છૂપા ભેદો બાદશાહી કુટુંબના ધાડા સંબંધમા આવેલા ઘણુજ થોડા સિવાય કોઇ બીજું જાણતું ન હતું તેથી આ સન્યાસી નાકેફ હોય તેમ લાગ્યું. આ પરથી તે જવાને ધાર્યું કે આ સન્યાસી તેની જવાનીમાં એકાદ શાહજાદાનો જાની મિત્ર યા મદદગારજ હશે. તે સન્યાસીની આગલી જીંદગી માટે તેને સવાલ કરવા તેનું મન ઘણું લલચાયું પણ તેમ કરવામાં સારી રીતભાત તેને ન જણાવાથી તેણે તે બાબે ખામોશી અખત્યાર કરી. તેણે જોયું કે તે સન્યાસી બહુજ ખુશ ખુશાલ હતો અને પોતાની હાલની હાલતમાં પૂર્ણ સંતોષી હોય તેમ જણાતો હતો. પણ ઉત્તર તરફની રાજદ્વારી બાબ તોની વિગત નીકળતાં વારંવાર તેનાં ભવ્ય કપાળ ઉપર કરચળી ચઢી આવતી હતી. તેની ગમે તેવી પ્રીલમુરી આવી વાતોમાં તેનું મન દ્રઢ રાખી શકતી ન હતી.

રાત પડી ચુકી હતી અને ચંદ્રમા પોતાની રૂપેરી રોશનીની ચાદર આ પૃથ્વી પર પાથરી ચુક્યો હતો. વાતોમાંને વાતોમાં ઘણું મોડું થઇ ગયું હતું.

'બે અદબી માફ છે, ભલા સીધરાજ' સન્યાસીએ ઉઠતાં જણાવ્યું. 'મારે જરા તારા શિક્ષક અને ગુરૂ કલુસાનું કામ છે તેથી હમો અહીંથી થોડે દૂર જવા માગીએ છીએ...નહિ...બેટા, તારે જોઇએ તેમ તું ફર. મારે કાંઇક ખાનગી બબરો જાણવી છે જેમાં હું નહિ ધારતો કે તને જરાએ રસ પડે. તારે ન્હાવું હોયતો આપણું તળાવ હાજર છે. ખુશ્કી રીતે ન્હાવાની હું ધારૂંછ તેમ તને ટેવ હશેજ!'

તે બંન્ને જણા તે મકાન છોડી ગયા અને સીધરાજે તેમને ઘણો વખત સુધી હાથમાં હાથ ભેળવી આતુરપણે વાતો કરતા જોયા. જ્યારે તે ઓ પાછા ફર્યા ત્યારે આરામ લેવાનો વખત થઇ ગયો હતો એટલે બહુજ ખુશીથી તે મુસાફરો પોતાની થાક ઉતારવા તૈયાર રાખેલાં બીછાનામાં લાંબા છર થઈને પડયા ને તુરત નિંદ્રાવશ થઇ ગયા.

બીજી સવારે સકાળેથી જાગ્રત થતાં તેઓ તળાવમાં ઉતરી નાહયા અને દાતણ કરી, તૈયાર કરેલાં બાજોઠને પેટ ભુસ્તો 'હાજરાજ' આવ્યો અને તે બાદ તેમણે પોતાની મુસાફરીમાં આગળ વધવા ની તૈયારી કરવા માંડી. તેમના ઘોડાઓને તૈયાર કરવામાં આવતા હતા તેટલાં સન્યાસીએ કલુસા સાંભળે નહિ તેમ થોડે દૂર જવાન સીધરાજને લઇ જઇ ઘણા પ્રેમથી કહ્યું,

"બેટા, સાધુ સંતોનો નિયમ છે કે જ્યારે પણ જવાન્યાઓ તેમની મુલાકાત લે ત્યારે તેમને શીખામણ અને સલાહના બે બોલ સમજાવવા. કદાચ મારી તરફથી તેવી તું વધી રાખતો હશે તો તારી મોટી ભૂલ છે. તારા ઉસ્તાદ કલુસાએ જે કાંઇ તને શીખવ્યું છે તેમાં હું કશોએ ઉમેરો

કરી શકું તેમ છેજ નહિ. કલુસા મોટો જ્ઞાની અને માલાક છે. તારે માટે જે કાંઈ હવે બાકી છે તે તને જે દુન્યામાં હવે તું જાય છે તેની જીંદગી શીખવશે, છતાં મારે વિનંતી સાથે તને એકાદ બે શબ્દ જણાવવાની જરૂર છે. જ્યારે પણ તું ભપકા ભરી અને મોજીલી આગ્રાની દરબારમાં દાખલ થાય ત્યારે જરૂરી મોજમજાહ અને રમત ગમતમાં ભાગ લેતાં કદી બી ડરતો ના. તેમ કરશે તોજ ખરૂં અને ખોટું શું છે તે ઝટ પીછાનતો તું થઇ જશે. અલબત તારા ઉસ્તાદે તને તો વારંવાર જણાવ્યું હશે તેમ તું તારૂં અંતઃકરણ સ્વચ્છ રાખજે અને ધ્યાનમાં રાખી એવું તું કોઇબી કામ કરતો ના કે જેથી તને પોતાને કે બીજાઓને શરમ લાગે. આ શીખામણ અંતઃકરણ માં કોતરી રાખવા છતાં જો આવો બનાવ બનવા પામે અને તારા મનની શાંતિમાં ખલલ થાય તેમજ તે વેળા તને ખરી સલાહ આપનારા એક ભલા બ્યર બ્યાહની જરૂર જણાયતો તારા બાપ અને તારા ઉસ્તાદના આ પુરાણા મિત્રને યાદ કરી બદ્રીનાથના સન્યાસી આગળ આવજે. બોલ, તને આ કબુલ છે ?'

'સરોયસ્મથી' સીધરાજે સાદાઇથી પણ બરાં જીગરના જોસથી જણાવ્યું અને ગુરૂજીને પગે પડયો. તે સન્યાસીએ બાયાથી તેનાં માથાં પર પોતાનો હાથ ફેરવી તેને આશિષ દીધો અને તેને ઉઠાડી પોતાની છાતી સરસો ચાંપ્યો.

માણસો ઘોડા લેઇ આવ્યા અને તે સ્વારો સન્યાસીની રજા લઇ ઘોડેસ્વાર થયાં અને જલ્દી થી તેઓ જંગલમાં થઇને પહાડી માર્ગ તરફ ફર્યા.

બોટાં ઝાડો આગળ ઉભા રહેલા તે સન્યાસીના આકારને સીધરાજે અનેકવાર ફરી ફરીને જોયા કીધો. તેની જોડમાં તેનું વફાદાર પ્રાણી ઉભું હતું. જ્યારે તે આકાર તેની નજરે પડતો બંધ થયો ત્યારેજ તેણે પોતાની નજર રસ્તા તરફ ફેરવી. તે ઉંડા વિચારમાં પડી ગયલો લાગતો હતો. એકાએક, જાણે તે પોતાની સ્વપ્નવસ્થ હાલતમાં થી જાગ્રત થયો હોય તેમ ઘોડાની લગામ જોરથી ખેંચી તેને પાછલા પગ પર ઉભો કરી તે બોલ્યો,

'કલુસા, પુજ્ય ગુરૂજી જેવો શબ્દ આજ સુધી મેં કોઇજ જોયો નથી !' એ આ શબ્દોથી તેના ઉસ્તાદ અને મિત્રનું દીલ દુખાય એવું ધારી તે બેજલસતથી લાલલાલ થઇ ગયો પણ કલુસા તો પોતાના પુરાણા મિત્રની આ બરાં જીગરની વંખાણ સાંભળી ખુશખુશ થઇ ગયો.

"બરેજ" તેણે કહ્યું. "તારા આવા વિચારોથી હું નેહાયત ખુશી થયો છું. ગુરૂજી માટેના તારા વિચારો દરેક રીતે બરહક છે"

'પણ એઓ કોણ છે ?' ઘોડેસ્વાર થોડી સીધરાજે પુછ્યું.

'કેમ ? તેં પોતે જોયું ને કે તેઓ બદ્રીનાથ ના સન્યાસી છે !'

'હા...તે તો હું સમજ્યો. તેમાં શું મોટું છે? પણ એઓ પહેલાં કોણ હતા ? હયાં આવ્યા પહેલાં અને વાઘો પાળવા પહેલાં એઓ કોણ હતા?'

'તેઓ તે વેળા માણસો કેળવવા માંગતા હતા' કલુસાએ ગંભીરપણે જણાવ્યું. 'કમનસીબે તેઓ પોતાની યોજનામાં ફાવ્યા નહિ. ભલા, તેં કાં નહિ તેમને તે માટે સવાલ કર્યો ?'

"તેમ થતાં બેઅદબી થતે—શું તમોને તે ગમતે ?'

'અચ્ચીતજ નહિ. અસલ્ય જીજ્ઞાસા બતાવી તેં પરોણાગતના નિયમોનો ભંગ કર્યો નહિ તેમાં તેં ઠલાપણજ વાપર્યું છે. બાબતી જીજ્ઞાસા ગમે તેવી તિવ્ર હોય છતાં આપણે કદીબી નિયમોનું ઉલંઘન કરવું નહિ. પુજ્ય ગુરૂજીએ તેમનું અસલ નામ તથા તેમની આગલી જીંદગીનું બ્યાન તારી આગળ કરવા મને રજા આપેલી છે માટે સાંભળ:

"તેઓ અસલમાં મહાન રાજા હતા."

"કેમ—કેમ?" સીધરાજ અધીરો થઇ બોલ્યો. 'શું તમે મને રાજા પાદશાહ ને છત્ર પરમાંની વાતો સંભળાવવા માંગો છો કે જેની વાતો બચપણમાં અટપણે સાંભળી હતી.'

"તારે જોઇએ તો સાંભળ યા કાનમાં હુવા ખોસ!' કલુસાએ શાંતપણે જણાવ્યું. 'મેં કહયું તું તેમ તેઓ આગળ એક મોટા, બળવાન રાજા હતા. તેમના સલાહકારો ડાહયા અને જ્ઞાની હતા એટલે તેમણે બહુ ડહાપણથી અને માયાથી પોતાનું રાજ્ય ચલાંવ્યું હતું. તેમને ત્યાં ફરજંદની વૃદ્ધિ થઇ ન હતી. તેમને ફકત એક નાનો ભાઇ હતો જે ઘણોજ કુશળ અને ચંચળ હતો. તેનાપર વડા ભાઇનો અગાધ પ્રેમ હતો એટલે પોતાનાં મરણ પછી તેને ગાદીવારેસ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો–પોતાની બુઢ્ઢાગીને લીધે પણ રાજ્યની ખટપટ અધિક થઇ પડે તો એ તેમણે પોતાની ગાદી પોતાના ભાઇને સોંપવાનો વિચાર કરી મુકયો હતો. આ યોજના છતાં તે જવાન ભાઈ બહુ લોભી હતો અને તેનો ભલા સદ્‌ગુણો છતાં તેને ગાદી માટે લાંબો વખત બોભવાનું રૂચ્યું નહિ. રાજ્યમાં હંમેશા બે પક્ષ હોય છેજ એટલે રાજા સામે કાવાદાવા કરતી ટોળી સાથે તે મળી ગયો. પહેલાં તો તે ચોરી છૂપી થી ભાગ લેવા લાગ્યો પણ પાછળથી તે જાહેર થયો અને તેણે પોતાના ભાઇ તથા હકદાર રાજા સામે બંડ ઉઠાવ્યું પણ તેમાં તે હારી ગયો અને પોતાના સાથીઓ સાથે કેદ પકડાયો. તે કેદીઓને રાજનગરમાં લાવી કેદખાનામાં પૂરવામાં આવ્યા. આ હારથી શરૂ થયેલાં બંડો સમી ગયા નહિ. કેક કેકાણે તોફાનો થવા લાગ્યાં એટલે રાજ્યની સલામતી માટે રાજાને પોતના અતિ વહાલા પણ બંડખોર ભાઇને તેના સાથીઓ સાથે મારી નાંખવાની ખુની સલાહ મળી. રાજ્યની હસ્તી માટે આ ઉપાય જરૂરી હોવાથી રાજા પણ કબુલ થયો. તેમ થતાં તે પોતાના ભાઇનાં અને બીજાઓનાં લોહીમાં પોતાની ગાદી સ્થાપનાર હતો એ ખ્યાલે તેને હેરાન પરેશાન કર્યો. તેણે જોયું કે રાજ્ય ગાદીની ખટપટમાં સેંકડો જનની નાહક ખુવારી થનાર હતી. આ વિચારે તેના મનપર અજબ અસર કરી તેને એકદમ ચોકકસ વિચાર પર લાવી મુકયો. કોઇને તેની સ્વપ્ને પણ વકફી ન હતી. એકાએક શહેરમાં ગપ ફેલાઇ રહી કે રાજા પોતાના મહેલમાંથી ગુમ થયો હતો, અને કોઇ બદમાસનાં કાવત્રાંનો નાહકનો ભોગ થઈ ગયો હતો. તે દિવસ પછી રાજાની કશી ધનનસલ રાજ્યમાં જણાઈ નહિ. કેદમાં સબડતા તેના નાના ભાઇને એકદમ છોડવામાં આવ્યો ને હકદાર વારેસ તરીકે તે ગાદીપર બેઠો અને ત્યારથી તે અત્યાર સુધી પોતાના વડીલ ભાઇના ડાહ્યા સલાહકારોને પોતાની બાજુમાં તે રાજ્ય ચલાવે છે. જોકે વડા ભાઇ જેટલું ડહાપણ તેનામાં જણાતું નથી છતાં તે નસીબવંત હોવાથી રાજ્યમાંના બખેડાઓ સમી ગયા છે ને દેશમાં સુલેહશાંતિ પથરાઇ રહી છે.'

પોતાના શિષ્યના ચહેરાપર આ વાતથી શી અસર થઇ હતી તે જોવા કલુસા એક ક્ષણવાર થોભ્યો પણ ના તેણે અસાધારણ ઉલટ બતાવી કે ના અજબપણે દેખાડી.

"તમો કહોછો તે હકીકત તો આપણા હાલના રાજા અને તેમના વડીલ ભાઇ રાજા નંદીગુપ્તને લગતી છે' તેણે નરમાસથી જણાવ્યું. 'એકે એક કાશ્મીરી આ વિગતથી વાકેફ છે.'

"ખરી વાત" કલુસાએ જણાવ્યું 'જે ઇતિહાસ મેં રજુ કર્યો છે તે ઘણો જાણીતો છે. જે દરેકને ખબર નથી પણ ઘણાજ થોડા અતલગના જાણે છે તે એ છે કે રાજા નંદીગુપ્ત ના કોઇપણ બદમાસનો ભોગ થઇ પડયો હતો કે ના મરણ પામ્યો હતો કે ના હારી જવાથી ન્હાસી ગયો હતો તે પોતાની રાજીખુશી પોતાના ભાઇને તેમજ પોતાના ઘણા થોડા અંગત સલાહકારોને મિત્રોને.

જણાવ્યા વગર એક દૂરનો આવેલો મથકે ચાલ્યો ગયો હતો ત્યાંથી પોતાના મરણની ખોટી ખબર ફેલાવી તેણે પોતાના ભાઇને શરમ ભરેલાં મરણથી બચાવી પોતાનાં રાજ્યને ખુનામરકીની આફત થી ઉગાર્યું હતું.'

"આહ! ત્યારે રાજા નંદીગુપ્ત હજી જીવે છે' સીધરાજ ઉસ્કેરાઇને બોલ્યો 'અને તેઓ ત્યારે—'

"તું જે ધારે છે તેજ તેઓ છે' કલુસાએ જણાવ્યું. "આપણા પુજ્ય સન્યાસી રાજા નંદીગુપ્ત છે. ખબરદાર! આ ભેદ તારે તારા જીવની પેઠે સાચવવો જોઇશે. તેના રાજ્ય અને તેની રૈયતનો આ મહાન ભેદ ફક્ત તારાપર ભરોસો મુકી તને સોંપવામાં આવ્યો છે. સૌથી મોટા તીમકહલાલ નોકરોમાંના એકનો બેટો અને એકનો મિત્ર આ ભેદ અચ્છી રીતે જાળવશે એવી મને ઉમીદ છે."

"આહ! આપણે ત્યાં હતાં ત્યારેજ કાં નહિ મને આ ભેદ જણાવ્યો?' સીધરાજ નારાજ થતો બોલ્યો 'તેમ થાત તો મારા પીતાજી અને મારી જનવાળાઓ પર તેમણે પોતાના બાલના વખતમાં કરેલા અનહદ ઉપકારો માટે આભાર માનવાની તક લેત પણ હું કોઇપણ દીવસે તે તક જરૂર લઇશ કેમકે પુજ્ય ગુરૂજીએ મારી કોઇપણ મુશ્કેલીમાં મને સારી સલાહની જરૂર પડે તો ખુશીથી પોતાની આગળ આવવા આમંત્રણ કર્યું છે.'

"તેમનું આમંત્રણ કબુલવામાં તેં ઉતાવળ વાપર્યું છે" કલુસાએ જણાવ્યું "તારો બોલ જરૂર પાળજે. પુજ્ય ગુરૂજી આપણા જેવા સત્તર જાનીઓ કરતાં વિશેષ જાની ને ડહાપણવાળા છે'

સીધરાજ પોતાના વિચારોમાં એવો ચિંતળા ઇ ગયો હતો કે તેણે પોતાના ઉસ્તાદના બોલો બાજેજ સાંભળ્યા. તે સન્યાસી સાથની મુલાકાતે તથા તેના ભેદની જાણ થવાથી તેના પર મોટી અસર થઇ હતી તે ખરાં મને પોતાને મુબારક બાદી આપવા લાગ્યોકે પોતાની મુસાફરીની શરૂઆતમાંજ આવા રાજવંશી પ્રીલમુફ સાથે તેની મુલાકાત થઇ હતી, જેણે પોતાના ભાઈ અને દેશ તરફના પ્રેમને ખાતર પોતાની હદ વિનાની સત્તા તથા એશ આરામનો ભોગ આપ્યો હતો. તથા જે પોતે કરેલાં ભલા કામથી ખુશખુશ થઈ જંગલમાં મંગલ કરી રહ્યો હતો, અને મિત્ર તરીકે મનુષ્યને ન રાખતાં જંગલના રાજાને રાખ્યો હતો. તે પોતે હાલમાં મહાન મોગલ શાહનશાહની દરબારમાં કીર્ત્તિ અને માન મેળવવાની હોંશ થી જતો હતો કે જે શાહે તરવાર કરતાં ડહાપણ થી પોતાના રાજ્યની આણાદી ફેલાવવાની જરૂર જોઇ તેમાં કુત્તેહ મેળવી હતી. ખરેજ આ મોગલ શાહનશાહ મહાન હતો. ઘણા દૂરના રાજાઓ તેના મિત્રો હતા. તે અતિ શ્રીમંત હતો અને તેનો ઉપયોગ કરતાં અચ્છી રીતે સમજતો હતો; તથા દરેક ધર્મને માન આપી તેના રહસ્ય જાણવાની કોશેશ કરતો હતો

સીધરાજ જે પોતાનાં અમીરી ખાનદાન માટે મગરૂર હતો અને દરેક બાબતમાં તે વાત આગળ ધરતો હતો તેણે હવેજ જોયું કે આ બે મહાન નરો આગળ તે કશી ગણતરીમાં ન હતો. આ બે મહાન શખ્સોમાં કોણ વધુ ઉત્તમ હતો તે જાણવું તેને માટે ઉખાણા સમાન થઈ પડવાથી શાહ અકબરની મુલાકાત લેવાય નહિ ત્યાં તુરીક તેણે કયા હરાવ પર નહિ આવવાની જરૂર જોઈ. આ વિચાર થતાંજ તેનું મન આહ્લાદ ખાતે રાહ જોતી તેની વહાલી દંપતી ઉંદુમતી તરફ ફર્યું. અત્યાર સુધી તેના ચહેરા પર જે ગંભીરતા છવાઇ રહી હતી તે આ વિચાર થતાં નીકળી ગઇ અને તે ઉત્સાહી બની ચપળ થઇ ગયો. તેણે ઘોડાને એકમારી "ચાલો-ધમો?" કરી મુખ પાડી કલુસાએ તેને ઘોડાને એક મારી, હવામાં પોતાનો બાહો ફેરવી "ઉંદુમતી" નું નામ દેતાં સાંભળ્યો.

"ધસો ધસો ! આગળ ધસો !" તે વિદ્વાન પોતાનાં મન સાથે પટપટયો અને તેણે પણ પોતાના ઘોડાને એડમારી. "જીંદગીનો છેડો આવે ત્યાં-સુધી એમજ આગળ ધસવાનું છે. મારી તો હવે આખેર આવી ચુકી છે પણ એની જીંદગીની તો હજી શરૂઆત થાય છે. હે પ્રભુ તું એની જીંદગી સરળ અને સાફ રાખજે ! અલબત જીંદગીના તબકકાઓમાં જૂદા જૂદા આડા આબોખ્યાંઓ અને ટેકડાઓ તેના માર્ગમાં આવી તેને દોજખના ઉંડાગાર તરફ ખેંચી જવાની કોશશ તો કરશેજ પણ હે પરમ કૃપાળુ પરમાત્મા ! તું એને અનેક લાલચોથી દુર રાખી એની જીંદગી સુખમય કરજે ?"

પ્રકરણ. ૨.

કંદુમતી.

અલ્હાબાદના ભવ્ય કિલ્લાના એક મોટાં દિવાનખાનાંની બાજુની અગાસીપર મોટાં મોટાં વૃક્ષોની છાયામાં એક જવાન સુંદરી બેસી પોતાની સામેનો દેખાવ એકાગ્ર ચિત્તે જોઈ રહી હતી. તેણીનું માથું તેણીના હાથોમાં ઝુકી પડયું હતું. જમના અને ગંગાનો પવિત્ર સંગમ તેણી ખાસ કરીને જોતી હતી કે જ્યાં તે બે પવિત્ર નદીઓ એકત્ર થઈ ફીણ ફીણ ઉરાડતી આગળ વધતી હતી. આકાશ સ્વચ્છ હતું અને સહવારની આનંદ જનક લહેરીમાં ત્યાંનો દેખાવ અજબ ખુલ્લુમાં હતો. ડાબી બાજુએ જમુનાજીનો રેતાળ કિનારો તેના ખડકો સાથે આવી રહેલો હતો જ્યારે જમણી બાજુએ ગંગાજીની ખાણો લીલીછમ જણાતી હતી. આંબાના ઝાડોની ઘટા ગીચ હતી જે પર અસંખ્ય પોપટો, કોયલો, મેના, બુલબુલો વસી કલાહોલ કરી મુકતાં હતાં. પાણીમાં લાં ત્યાં કુંગરો જણાતા હતા જે પર પણ વસવાટ હોય તેમ ખુલ્લું જણાતું હતું. કિલ્લાની તરફ ઉંચી ટેકરીઓ હતા કે જે પર આવેલાં મોટાં મંદીરો સૂર્ય નારાયણના પ્રકાશમાં અજબ ચળકી રહ્યાં હતાં. તેણીના પોષાકપરથી તેણી કયા કુંટુબની હતી તે જાણી શકાય તેમ ન હતું. કેમકે તેણીએ ઘણો સાદો પોષાક પહેરેલો હતો. ફકત સુરેદ લુગડું હતું કે જેને રાતી કિનાર હતી તથા સાદી ચોળી દીલમાં હતી. માથા પરનો બાલનો મોટો બાથરો ગાંઠવાળી ખુલ્લો રાખવામાં આવ્યો હતો અને તેમાં કમળનું ફુલ ખોસેલું હતું. તે ફુલ સિવાય તેણીનાં શરીરપર બીજે ઘરેણું ન હતું. આહ ! તેણીના લંબ ગોળ, દીલજીત ચહેરા ને ઘરેણાંની કે ટાપટીપની કશી જરૂરજ ન હતી. તેણીની મોટી કાળી આંખો તે પરનાં રેશમી, લાંબાં પાંપણો સાથે અજબ ચમકચમક થતી હતી. તેણી ઘણીજ ઉજળા રંગની ન હતી. તેણીનો ચહેરો ઉઘડતો હતો પણ તે એટલે બધો ખેંચાનકારક હતો કે જોનાર જાણે તેણી તરફ આકર્ષાઇ જતો હતો. તેણીના કીરમજી ગાલોપરનો રતાસ તથા તેમાં સમાયલો શરમાળપણાંનો છાપ અજબ મોહક હતો. પરમાત્માની કુરસદને વખતે ટાપટીપ કરીને તૈયાર કરેલું તે પૂતળું હતું. આહ ! તેણીનો દેખાવ જોતાંજ તેણીની મોટાઇને શ્રેષ્ટપણું ખુલ્લાં જણાઈ આવતાં હતાં. પૈસાને લીધે ના તેણી છકી ગઇ હતી કે ના તેણી સ્વભાવે બદલાઈ હતી. તેણીનો નમ્ર સ્વભાવ તેણીના ઉંચ કુળની સાબેતી આપતો હતો. તેણીની રહેણી કરણી સાદીપણુ અતિ ઉત્તમ હતી. ગરીબીમાંથી શ્રીમંતાઈ ભળતાં કેટલાં ઉલ્લુઓ પહેરવા ઓઢવામાં છબરડા કરી બાપદાદાઓ દીઠું ન હોય તેમ પોતાને ગોમા જવાહીરોથી મઢી લેવામાં મોટાઈ માને છે, તેમાંની તેણી ન હતી તેમજ ના તેણી તે શ્રીમંત વર્ગની હતી કે જે વર્ગ ગરીબોને હીણી તેને તરછોડવામાં ગમત લે છે. તેણીની દરેક ચીજ સાદી હતી પણ એટલી સરસ ટેસ્ટની હતી કે જે આગળ ઉંચ પોષાક તેના છબરડા સાથે કુચ્છ બીસાદનો પણ ન હતો.

આજે આગળ પેઠે ગંગાને જમુનાજીનો પવિત્ર સંયમ તથા તેની આજુબાજુનો ભવ્ય દેખાવ તેણી નીહાળતી ન હતી. આજે તો આગળની પેઠે તેણી દુરનો પહાડો તરફ ટીકી ટીકીને જોતી હતી કે જ્યાંથી તે વહાલો આવનાર હતો. વર્ષો થયાં તેણી આતુરતાથી ફોકટમાં તેની રાહ જોતી હતી. યા ખુદા ! તે શા માટે ત્યાં થોભતો હશે ? તેના ત્યાંના અટકાવનું શું કારણ હશે ? શું તે તેણીનો વિચાર કરતો હશે કે કવચિત કવચિતજ . તેણીનો ખ્યાલ કરતો હશે કે જ્યારે દિવસોના દિવસો ને વર્ષોનાં વર્ષો સુધી તેણી તો આંખો વખત તેનાજ નામનું રટણ કરતી હતી. ફકત તે અને તેજ એકલો તેણીના પરમાત્મા અને પીતા જેવો હતો અલબ કે એમ કહીશું તો ચાલશે કે તેણીને મનથી પીતા કરતાં કાંઇક અધિક વહાલો હતો. (સાધન છે.)

ધ્યાનથી વાંચો અને ફાયદો ઉઠાવો.

અમારા કારખાનામાં નીચે મુજબની વીગતે ખાસ અજમાવેલી દવાઓ મોજુદ છે. જેના પોતાને મોટે વખાણ કરવા ફોગટ છે. એક વખત વાપરી જોવાથી તેની ખુબી માલમ પડશે.

રોગન અકસીર તિલા—એ રોગન ઘણું ખર્ચ અને મહેનતથી બનાવવામાં આવે છે. નાહાનીમાં ગફલતથી બુરાં કર્મથી ને તરેહવાર પ્રકારની ખરાબીથી નસોમાં કાંઇ પણ ફરક આવેલો હોય અથવા સંતાન પેદા કરવામાં કાયરતા હોય અથવા કોઇ પ્રકારની કમજોરીની શીકાયત હોય એને માટે એ તિલા અકસીર છે એને કાયદાથી માલેશ કરવાથી થોડા દીવસમાં મહા બળવાન બને છે. બુઢ્ઢાને જુવાન અને જુવાનને નવ—જુવાન બનાવવાનું એનું કામ છે.

કીંમત—એક ઔંસની શીશીના રૂા. ૫) એક તોલાની શીશીના રૂા. ૩) પોસ્ટેજ જુદું.

હબુબ્બ નાદર—એ ગોલીઓ અજબ તાકતવાલી છે. એ સાહેબો માટે છે કે જે વારંવાર દવાઓ વાપરવાથી કાયર બની ગયેલા હોય અને જેનાં મોઢા ઉપર મુરદાલી છાઇ રહેતી હોય તે થોડાજ વખતમાં ગયેલી તાકત પાછી આવી જાય છે અને જીંદગીનો સ્વાદ ફરીથી પેદા થાય છે અને એ ગોલીઓ ઘણી કીમતી ચીજોથી બનાવેલી છે. કીમત—એક શીશીમાં ગોલીઓ ૧૦૦) ના રૂ. ૩ તથા ગોલીઓ ૬૦ નાં રૂ. ૨) પોસ્ટેજ જુદું. **રોગન ફરામાત**—આ તેલની માલેસથી જુનામાં જુનું સાંધાનું દર્દ તથા સોજ ગડીયા રીછવા જેને અંગ્રેજીમાં સાયેટીકા કહે છે તે જલદી દુર થઈ જાય છે જે લોક એવી ખરાબ બીમારીઓથી તંગ થયેલા હોય તે વાપરી જુવો. અમે ખાતરીથી કહીએ છીએ કે તે લોક ફરીથી પોતાના કામ લાયક થશે એ પુરી ખાતરી કરેલી છે. કીમત એક શીશી એક ઔંસની રૂ. ૨) પોસ્ટેજ જુદું.

હબુબ્બ લિયાત—આ ગોલીઓ વાપરવાથી સાંધાનું દર્દ તથા સોજ વીગેરેનો મવાદ મામુલી ઝાડા સાથે જાડથી નીકલી જાય છે અને લોહીની કબજીઆત દુર થઇને ઝાડો રોજને માટે સાફ આવે છે કીંમત એક શીશીમાં ગોલીઓ ૧૦૦) રૂા. ૨) એક શીશીમાં ગોલીઓ ૪૦) નો રૂ. ૧) પોસ્ટેજ જુદું. **સફફ નીમક મુસેમાની લાસાની**—એ એક જાતનું સ્વાદ આપે તેવું ચુરન છે. એક માસા ખાવાથી પેટનું દર્દ તથા આફરી જવું અને બદહજમી વીગેરે દુર થઇ જાય છે અને પેટનાં તમામ વીકારોને માટે અજમાવ્યા છે. કીંમત—એ ઔંસની શીશી ૧) નો રૂા. ૧) પોસ્ટેજ જુદું.

દવા મળવાનું ઠેકાણું.

ડી. એમ. ખોસલા એન્ડ સન્સ.

D. M. Khosla & sons, Patiala (Panjab.) પટિઆલા—પંજાબ.

પારસી બાનુ લુપીન !

"ગુલશન" ની જાણીતી ગંજાવર ડીટેકટીવ સીરીઅલ.

ગઇ કાલ સુધીની સેનસસના આંકડા ઉપરથી માલુમ પડયું છે કે આખે બેદી વારતા વાંચનારાં બાવણ કરોડ બત્રીસ લાખ આસામીઓને હાર્ટ ડીઝીઝ લાગુ પડી ચુકયું છે !

પ્રકરણ અઠાવીસમું.

(જેમાં બેસવું જમવા માટમાંથીજ સોનાબાનુ ગડેરીજીનું અને ચાટવાં આંગળાં ઘાન ઘાસથી ભરાયલાં તથા ફેંટ મારી જવું જીવણાઇ ડોસાંનું.)

"બાઇઓ ચાલો, જમવાનું તૈયાર છે ચાલો !"

આલબ્બેસ બાંગના ઓટલાપરથી નીકળતો આ જાણીતો અને માનીતો અવાજ—હાઆ આચ્ચા !—કેટલાં કોમળ હૈયાંઓને હરખથી ગોયાં દેવાનાં બનાવી મુકે છે ! તે દીવસની મીજલસ પણ આ લોકપ્રીય સાદથી ગાજીબાજી રહી હતી અને જ્યારે તે સાદનો મધુર ગણગણાટ સોમલીબાઇ પોમલીબાઇઓના સુપડાં જેવા નાજુક કાનોસે અથડયો ત્યારે ત્યાં જમી રહેલી ધમાસનો દેખાવ, ઓ મહાન પાદ્યે ફેરઝ સીનેમોટો વાલાઓ, તમો કાં નથી ફીલમમાં ઉતારી લેતા વારૂં ? લીમેલેટ (અથવા તો લેમલેટ) નાં બરફક ગલાસ મધે પોટવીન હોમાવીને ધીંચેવાની ખુશનખ્તીભરી યાદ કરતી રૂપાળીઓ જ્યારે લટક ચાલે હીંડતી જમવાના ઓટલા તરફ ધસડાવા લાગી, ત્યારે, ઓ તમો મરહુમ ક્વેશ્ચન કરીઓ શેક્સપીયર. બાયરન, દલપતરામ, વીગેરે, જુઓ તમો આ જેલાનમાં પાછા ઉતરી આવતે તો કેવી મોજ ચખાડતે ?

પણ આપણુ જેવાં બેવકુફોનું ધારવું કાંઇ સદાજ ખુદાપજ હારે પાંડતા નથી. એમ તો લેવેની, તે દારે આપણાં ધનબાદને જે ત્યાં ખુદા-ની સાલગેરી ઉતી તે દારે—! પણ જવા દો, ધનબાદજીના મુચાની ઢીંગ કહાડવા પર ગોર પાપરીની કાની ચીટકી જવશે કેની, તો વાત વાતને ઠેકાણે રહી જશે.

જ્યારે પાવરીના માણસોએ કાલીઆણ કરી મુક્યું કે જમવાનું તૈયાર છે કરીને ત્યારે સઘળું બેરૂં લોક મારામારી કરતું, જમવાનાં ઓટલા તરફ ધસડાઇ ગયું જો કે ડીટેકટીવ મીસ ગંદેરી તો ઘેરનાં ને ઘેરનાંજ કહેવાય, તે છતાં જમવા બાદ પોતાને પડનારાં અગત્યનાં કામને લીધે તેવણ બનતી ઉતાવળે જમવા બેસી ગયાં. તેવણને જરા એમ લાગ્યું તો ખરૂં જો કે મુવું નીચું જેવું ગણાય પણ એમ તો કુમલીમી બેસી ગયલી કેની ? તે નહીં ઘેરની કહેવાય ? ત્ય ! ને તાહરે ? ઘેરની નહીં તો શું ? બાહરની ? એમ જે બધાંજ ઘેરનાં ને બહારનાં કરવા કરે ત્યારે પછી કામે પુરૂં કયારે થાય ?

ખુદાની મહેરથી વરસાદ નહીં હતો એટલે બધા ટેબલો બાગમાં ગોઠવી દેવાની મજાહ પડી ગઇ હતી. જો વરસાદ પડતો હતે તો એમ બાગમાં ટેબલ મંડાતે નહીં એ હીરાદોરે જેવું બોલ્લું જણાતું હતું. જો વરસાદના દીવસોમી હતે તો બી એમ બાગમાં ટેબલો માંડવાનો અખતરો

જોખમભર્યો ગણાતે. એ તો બીલકુલ વરસાદના દીવસો નહીં હતા તેમાં પાવરીને હીમ્મત આવી. હવે એ હીમ્મતથી કાંઇ જેવી તેવી નહીં ગણાય. કાંય જો કે ચપ કરતો કે કમોસમનોજ વરસાદ તૂટી પડે તો શું થાય? કુદરતનું કોઇ થયું છે, કે કુદરત તમારી થાય? જો એવો કમોસમનો વરસાદ આવી જાય તો કેવા બાર વાગી જાય તે વીચારવું સહેલ છે. એ ગંભીર બાબદ ઉપર પુખ્ત વીચાર કરવાનો વાંચનારને આગ્રહ કરી ને આપણે આપણી આ અતી રસીલી અને લહેજતદાર ચાલુ ડીટેકટીવ વારતાનાં વળાંમાં આગળ વધીશું.

દાદાર તારો આશરો!
પરવરદીગાર તારી મદદ!!
બારેહકતાલા તારી પનાહ!!!
"દોધીનો મુરબ્બો બાઇને?"
"ચોખાની રોટલી મુરબ્બી?"
"મછીનો સાહસ મુકું, શેઠાણી?"

આજે બીજી વારનું પુજન કામ ચાલી રહ્યું હતું. ઘણાં ખરાં જમનારાંઓ નકી માલ પાછો બીજી વખત લેતાં જણાતાં હતાં મછી અને કસ્ત રવાલાને ઝાઝી તસ્દી પડતી જણાતી હતી જ્યારે રોટલી પુજનારનું કામ તદન આસાન માલમ પડતું હતું. એવી રીતે બીજી વારની વાણીઓ પીરસાતી હતી તેટલાં એક બાઇ ઘણીજ નિશ્ચણ ચીસ પાડીને મુર્છાગત થઇ પડ્યાં.

તેજણ કાંઇ આપણાં ઓખ્ખીતાં હતાં નહીં. ઓળખીતાં હોત કે નહીં પણ આપણી જરી દીલસોજી તેઓ તરફ ખેંચાયા વગર રહે નહીં તો જો એમ આપણી દીલસોજી નહીં ખેંચાય ત્યારે તો જણવું જે આપણાં જીગરો-માંથી ઇનસાન્યતપણું ગાયબ થઇ તેની જગ્યાએ હેવાન્યતપણું હસ્તી જોકું હશે, પણ કરમ અજેશ તે કીરતારની કે તેવું કશું થયું નહીં અને આપણે સર્વે જણાં હસ્તાં રમતાં ઇનસાન તરીકે જ પુરવાર થવા પામ્યાં.

તે ચીસ પાડનાર નવ જવાન બાનુનું નામ જીવણબાઇ હતું. તે પણ નામદારની છેલ્લી સાલ ગ્રહોને દીને તેઓએ બ્યાંતાલીસ વરસ પુરાં કીધાં હતાં અને છ આંગળ બીરાનડીનની લહેરમાં તેમણે પાડેલી તે તીણી ચીસનું કારણ એ હતું કે મછીના સાહસવાલાએ તેજણની લાહેની કાંત બાતી સાડી ઉપર સાહસના ત્રણ છાંટા ઉડારયા હતા.

તે ડોસાંની તીણી ચીસથી આખો આલમ-લેસ બાગ ધમધમી રહ્યો અને ભુખાગ્રાંસ થયલા માટીડાઓ ત્યાં ગીધડાની માફક તૂટી પડયા. તે લોકને એવો ખ્યાલ કે એક પૈડું બેશુદ્ધ થઇ પડે તો આખી પાંટ આધા વગર ઉડી જશે અને તેમ જો થાય તો વ્હીસ્કીના પેગથી તર થયલાં તે લોકનાં પેટડાંને કેટલી વહેલ્લી થંડક મળશે! પણ ના! બૈરાં, જેનું નામ બૈરાં, તે કાંઇ એક જણની ચીસ સાંભળીને પોતાનું સુન્દા જેવું બેસબ્રીરીન ને બારી બદામ મુકી ઉઠે કે? અરે જનવરોજ છીંગા!

પેલાં બેશુદ્ધ થયલાં જીવણબાઇને તો અરધું ગલાસ ભરીને બીરાનડીન કાચોજ પાયો ત્યારે તુરતજ સુધીમાં આવી ગયાં અને બધાં ડબુસા મારીને બેસબ્રીરીન દબાટવા લાગ્યાં. પેલા બધા માટીડાઓ કુજાતુદીન બનીને જોવા આવેલા તેવાજ પાછા ગયા.

પણ એ સઘળો વખત મીસ સુનૉ ગરેરી શું કરતાં હતાં બારૂં? તેજણનું બાનડું ઉંચકાઈ ગયાને બારસી પોણા ત્રણ બીનીટ પસાર થઇ જવા છતાં તેજણના હાથ પોતાડવા કોઇ આવ્યો નહીં તેથી તેજણનો બાધેલો પીધેલો જીવ બધો ઉકળીને બાટો બટ થઇ ગયો, પણ કરે શું? પર-પોટલાં જોડાને બોલાવી મંગાવીને તે બાબેની જો ફીરયાદ કરે તો તેમી ટેક કજેતા જેવું લાગે! બાબી સરસ રસ્તો તો એજ હતો, કે મુંગાં મુંગાં

ગગરી રહેવું. અને આંગળા પર ચાવલનાં જેટલાં તન્તાં વળગેલાં હોય તે સઘળાં ધીરે ધીરે ચાટી ચાટીને પુરાં કરવાં. સોનાબાનોએ બી તેજ મુઆફેક શુભ કામ શુરૂ કર્યું, અને ખુદાની મેહેરથી હાથ ધોવાડનારો આયો તેટલાં તો ચાવલનો છેલ્લાંમાં છેલ્લો દાનોબી ચપાટી કાઢયો.

" મરેરે, પેલી સુના જોઇ કે? ટીંબકટુ વેરથી હુંઈ ડીટેકટીવનું કામ કરવા આવીછને ધાનદારનાં ભરેલાં આગલાં ચાટતાં શરમાતીબી નથી ને!"

" હારે મરે! ને પેલી રાત કુમી અલ્લારખ્યા ને જોઇ કે? જાણે કોઇએ કોઈ દહાડો ધન્નું જોયું નહીં હોય તેમ જેટલું વરે અપાવેલું હોસે તેટલું બધુંજ લાધી આવીછ તે?"

' હારે, નકરી જાણે કાકાના બદીની ધન! તેબી એમજ કરીને લોકમાં નામ બગારેછ. મુવાંઓએ કોઈ દાડો માયબાપને તાંહ જોયલું નહીં હોય કેની તાંહરે એવાજ છબરડા કરતાં ફરે! જોની, જોની! ગોલાબી સારી ને લીલું બલાઉઝ! કેવું કેની પહેરી આવીછ તે? કેનસી ડ્રેસ બૉલમાં જવાની હોસે!"

અને ખરેખર લગનની મીજલસમાં કેટલીક બાઇઓ જે છબરડા ડ્રેસમાં કરી આવે છે તે વિષેની ઉપલી ટીકા કેટલે દરજ્જે ખરી હતી તે તો મારી બટકની પાંખ જેવી પ્યારી વાંચનારી બહેનો રહેજ સમજી શકશે. પાંથરણાપર બેસવા જતી બાનુઓએ જે એસકાર કરવા મોંડયો છે તે વિષે પણ ઘણો બળભળાટ ચાલી રહેલો આપણે જાણ્યે છીયે, પણ હવે સુના ગરેરીના હાથ ધોવાઈ રહેલા હોવાથી વધુ વીવેચન કરવાની આપણને તક મળતી નથી. જુવો, જુવો, જુવો! સઘળાં બાઇઓ પોનસોબારી ચાવતાં ચાવતાં હૉલ તરફ ચાલવા લાગ્યાં છે!

પ્રકરણ ઓગણત્રીસમું.

(જેનાં બનાવે છે અમીનાબાનુ પોતાની કળાનો હુન્નરમંદ નમુનો અને છક કરી નાંખે છે તબલચી ધન્નુમલ સર્વ શ્રોતાજનોને-તથા બેટ આપે છે સર મોટાભાઇ આદરજી બેનસાહકનો પીડીયા બોટા નીકા વાલાજી પોતાની બેટીને એક નવાઇ જેવી વેડીંગ પ્રેસંટ!)

બાનુઓ જમીને પાછા ફર્યા તેટલાં તો લગનનું કામ બતમ થઇ ચુક્યું હતું. આશીરવાદ સરાઈ રહ્યા હતા. દસ્તુરજીએ પેલું કરામતી પડીકું પીછોડી વચ્ચે સંતાડી દીધું હતું. પાનરીનાં માણુસોએ લગનની બુરસી ઈંટોનો વગેસગે કરી દીધાં હતાં. વર કન્યાને થયલી સેસનાં પડીકાંનો હુંગર ધનજીભાઈ બરાસ સંભાળવા બેઠા હતા અને એવીજ બધી સ્ટીરીઓ ટાઇપ ધાંધળ ધરપચથી બાગનો હૉલ ગાજ્યાજ રહ્યો હતો જેની વચ્ચે જમી રહેલાં બાનુઓની જે ધુસની ધુસ ધસડાઇ આવી ને તે બધો એવો ગડબડ ગોટો થઇ ગયો કે જાને નકરૂં મછી બજાર!

હવે ત્યાં ગાયનની બેઠક મંડાઇ ગઇ.

સઘળાંને આગળથી બબર હતું કે આજે લાહોર વાલી પ્રબ્યાત નાયતારી અમ્મીનાજાન્ન અને વિબ્યાત તબલચી ધન્નુમલની અજાયબ કળાનો નમુનો ચાખવાનો હતો. એ બબરે પ્રેક્ષક વર્ગમાં જેટલો તો ઉત્સાહ અને જેટલી તો ઇંત જારી ફેલાવી મારી હતી કે કેટલાક માટીડાઓ તો એક હાથમાં વ્હીસકી સોડાનું ગલાસ અને બીજા હાથમાં તરેલા છમણાની પુછડી પકડીને કયારના ત્યાં આવી ગોઠવાઈ બેઠા હતા.

ગાયનની બેઠક કયારની ગોઠવાઇ ગઇ હતી. આપણી વહાલી દીકરી ચાંદણુ કોકટ દહાડી બહાડી સૌ પેહેરીને બેવી તો આબેહુબ તબલચી બની ગઈ હતી કે તેણીનો બાપ બસતામાંથી ઉઠી આવીને સામો ઉભો રહે તો તેબી પોતાની પેટ જણી બેટીને ઓળખી શકે નહીં. વાંચક બીરાદરો

બી તેણીને તેણીન્ર છે એમ માનવા સાફ ના પાડી બેઠા હતા પણ તેવી બોહોંસ કરતા બહમ્મનજીઓને અકેકો દારૂ આપીને આપણે હવે અમીનાબ્જન બનેલા લાડકા જહાંગીર બાબાની તપાસ લઇએ.

અમીના તે જહાંગીર ?

શું બરેબર ?

એ કેમ મનાય ?

જાંગુ તેજ અમીના ?

શું બરેબર ?

તે કેમ મનાય ?

એની સાબેતી શું ?

તમે જાંડું બોલતાં હોવ તો અમે શું જાણ્યે ?

અને હમે જાડું બોલતા હોઇએ તો તમે શું જાણો ?

એજ રીતે માને ઉપર લખવા મુજબનીજ હોજતોજ જો આપણે જરી રાખ્યે તો બેશક આપે ગંજાવર ઓરરરરીજીનલ્લ ડીટેકટીવ વારતાનો કદી છેડોજ ન આવે અને એવી એક છેડા વગરની વારતા લખાવવાનો દુનીયામાં સૌથી પહેલવહો હક એક મહાન પારસી ગુજરાતી વારતા લેખકનેં ફાળે આવે! પણ દયેને આપણી નામદાર સરકાર એવા એક મહાન લખનારની કદરસનાસી કરીને સર નામદેનો એલકાબ આપી દીયે તેની અનુપમ ધારણીયી થરથર ધુજને હું પેલી હોજ તોજ જરી નહીં રાખતાં, પછી ચાંદલે શું કીધું તે બાબદ હાથ ધરવાની રજા લઉં છું.

ચાંદબુ અને જાંગીર એટલે ધનુમલ તબ લગા અને અમીનાના જાનની પ્રખ્યાત જોડીએ પોતાના પ્રોગ્રામનો પહેલવહો પીસ શ્રોતાજનોની તાલીઓના ભારે ગડગડાટ વચે એક મધુર લાવ ભીના પ્રકારમાં રજુ કીધો.

હૉલમાં જ્યારે તે ગાયણની મજલીસ મળી હતી ત્યારે બાગમાં જમવાની ટેબલોપર બધો માટીડો ઉલટી પડયો અને કેટલેક ઠેકાણે તો ખુરસીઓ છીણવી લેવાની નાની નાની મારા મારીઓ વટીક થઇ હતી. એ ઉત્સાહ ખુલ્લું પુર વાર કરી આપતો કે માટીડાઓનાં હોજરોમાં નેપીઅર જોનસને ખુબ ચડચડાત જમાવ્યો હશે. જો બ્રીટીશ સરકારે નવા સોલજરોને દુશમનની ટ્રેન્ચ કેમ છતવી તેનાં લેસન આપવાં હોય તો અમારી નમ્ર સલાહ છે કે તેવા સોલજરોને આલ બલેશ બાગમાં લાવીને આ માટીડા જમનારા ઓને બૈરાંલોકની બાલી પડતી ખુરસીઓ છતતા દેખાડવા જોઇએ !

શું ધમાલ ?

હા આ આ આ !

એ બાધરા ગીધડાઓની શું તૂટાતૂટ !

કેવી ધક્કા મુક્કી !

બચારાં બાયડાંઓની કેવી અવરદશા !

હા આ આ આ આ આસ !

જે માટીડાઓનાં ઓળખીતાં બૈરાં નથી હોતાં તે લોકને ઘણીજ દોડાદોડી કરવી પડે છે કારણ કે બૈરાંની પીછાન ધરાવનારા માટીડાઓ તો તેવાં પીછાનવાળાં બૈરાંઓની ખુરસી પછવાડેજ ઉભા રહીને

" કાંએ ધનબાઇ આઇસક્રીમ નહીં આતાં ? "

" કાંએ જલાં, પાનનાં બીરાંમાં ચુનો નહીં લગાડની કે ? ".

" એ બાબા શું બુચાને વરે ગજવામાં મારી કે, દીધુ ? "

" દીલ્લા, હાથ ચીક્ણા છે ? હાથ બોવાર નારને પાછો બોલાવું ? "

બીજેરે બીજેરે બેતીજ કરવાનું ટોલ ધાલે છે ! કેવા સીફતબોરા ગુન્ધઓ ! પછવાડેજ ઉભા

રહીને એમ મેનીજ કરે એટલે જેવું પેલું ઓળ ખીતું બરૂ ઉકયું કે કપ દેતા કે તેની ખુરસીપર ગોઠવાઇ જવાનું મળે!

મને લાગેછ કે એવાં લગનમાં જમવા માટે કંઇક નોવેલ ગોઠવણ કરવી જોઇએ. જો દરવાજામાં દાખલ થતાં દરેક માટીડાને નંબરની ટીકીટ આપી હોય તો કેમ? પહેલા આવનારને પહેલું ઓન્ડ સો ઓન?

પછી બહારનાં જમી ઉઠે કે જેનાં પહેલાં નંબર હોય તે લોકનેજ પહેલા બેસવાનો હક! જો તેની કંઇ ગોઠવણ થાય તો માટીડાઓ છેક આઠ વાગતે આવવાને બદલે જરા વહેલા આવવા માંડે બરાં કે! પછી તો કોઇ કોઇ પહેલું જમવાની ઉલટમાં સવારના છ વાગેથી બી આવીને ધામો નાખે તો હું અજબ થાઉં નહીં જો!

પેલી ગાયનની મીજલસ તંડ તંડ તંડ તંડ કરતી કે નાચતી ને કુદતી પોતાનું કામ બજાવી જતી હતી.

ચાંદણુ, તબલચીના વેશમાં કમાલ કરી રહી હતી.

અને બાજો જેહાંગીર તો બીજી અમીનાબાનુ તરીકે એવો ખીલી રહયો હતો કે તેનાં–તેણીનાં?– દરેક ગાણાં અને દરેક નાચ પચાસ પચાસ વખત આંકોર થતાં હતાં. શું તેના પગની થમક.

અને શું તેની કમ્મરની ઝમક!

શું તેનાં ગળાંનું સુર!

અને શું તેની નજરનું તુર!

શું તેનાં—

(વળી ફાટયો કે—ભાગલ્યા.)

પણ તે ખુબ જોરમાં આવી ગયલા જલસાને જરા રાહત આપવા વખતસર નામદાર સર મોટાભાઇ આદરજી એન્ત સાઇકલો પોડીઆ શ્રીટાનીકાવાલાજી તે રંગીલા અખેવાનમાં પોતાની આમદ લાવ્યા.

"બાનુઓ અને ગ્રહસ્થો," તેવણે એક એન્ટ ઉડની ખુરસીપર ચઢીને ઉભા થતા બાગેખુલંદ આવાજે કહ્યું,

"ડોકરાઓ ટકોરો જાસ્તી મારેલો લાગેછ."

પેસીએ ફરામેના કાનમાં કહ્યું,

"બાનુઓ અને ગૃહસ્થો, આજે મારી પરબાંની પાંખ જેવી પ્યારી પનોતી બેટી પેરીનને મીસ્ટર અરદેશર સુઝના હવાલામાં સોંપવા અગાઉ મારે એ પૂતળીને એક અજબ જેવી પરજેટ આપવી છે. મને કોઇએ કહ્યું કે બાબાવરબાનાં બીબીઓએ પરણતી કન્યાને શું ભેટ મળી તે જાણવાનાં ઘણાં વળખાં માર્યા પણ અત્યારસેર કોઇબી મારી આ અજબ પ્રકારની ભેટ વિષે જાણતું હતું નહીં."

અત્રે સર મોટાભાઇ આદરજીબા એન્ત સાઇકલોપોડીઆ શ્રીટાનીકાવાલાજી જરા દમ ખાવા થોભ્યા.

બે પાંચ દમુસા દમના બાધા બાદ મ્હોડું મટમટાવીને તેવણે આગળ ચલાવ્યું,

"હવે દોધીનો મુરબ્બો પેટ ભરીને જો ભરી આવેલાં અને તરેલા છમણાની નકર પુછડીઓની ધમધોકાર પાયદસ્ત ફેરવી આવેલાં મારાં પ્યારાં પરોણાંઓ, તમો જાણીને અજબ થશો કે મારી વહાલી દીકરીને લગનની પરજેટ તરીકે હું ડરબીની સોરટીની એક ટીકીટ ભેટ આપું છું."

આમ અજબ જેવી વેડીંગ પ્રેજંટની વાત જાહેર થતાંજ આખા મંડપમાં મોટો હોકોકાર મચી રહ્યો. કોન્ગ્રેસની બેઠક પુરી થતાં તેના મંડપમાં કેવી બધી કલાહોલ થઇ રહે છે તેવોજ આબાદ દેખાવ આલબલેશ બાગના તે હોલમાં થઇ રહ્યો. બધાએ તાલીનો અવાજોથી પરણેલી કન્યા (ઉ૦ વ૦ ૬૦) ને વધાવી લીધી.

તેટલાં છેક ખુણાંમાંથી એક અંજાણ અવાજે પુછયું,

"પણ એ ટીકીટનું નંબર શું છે?"

સર આદરજીએ પછી ખાતરી કરવા તે નંબર બરાબર જોયું અને પછી બોલ્યા.

"૧૮૫૭!"

પ્રકરણ ત્રીસમું.

(જેમાં ઉપજવી આંકડાની ગેબી અજાયબીઓ અને જેમાં ગાયબ થઇ જવી કરબી સ્ટીપની ટીકીટ નંબર ૧૮૫૭). "૧૮૫૭ ?"

"તે ગંજાવર હોલને એક નાકેથી બીજે છેડે સુધી તે કરબી સ્ટીપની ટીકીટનાં નંબરનો આંકડો ગણુગણી રહ્યો. તે ટીકટનું નંબર કોણ જાણે શા કારણ થકી બધાંને ઘણું માનીતું અને જાણીતું લાગતું હતું !

સીત્તેર વરસનાં ડોસાં જીવણજી તે નંબર સાંભળતાં બોલી ઉઠયાં,

"હું જનમેલી એ વરસમાં તો !"

"આંકડાની અજાયબીઓ" નામની નામાંકિત કીતાબનાં કાબેલ કર્તા શેઠ હોરમજશાહ હીરાવજીર બોલી ઉઠયા કે "કેવું અજબ જેવું ? જુવોજી ! એ નંબરના પહેલ્લા અને બીજા આંકડાનો સરવાળો કરો. શું જવાબ ? નવ હવે એ નવરાની આગળ અને પાછળ બેઉ બાજુએ એજ નંબરનો પહેલ્લો ફીગર મુકો અને તે ત્રણુ આંકડાઓ આગળ એ ટીકીટનાં નંબરનો છેલ્લો ફીગર મુકોજી. મુકયો ? વારૂ, શું જવાબ ?"

કોઇ બોલ્યું "૧૯૧૭."

"રાઇટ હો ! જુવો કેવી અજબ અજાયબી ? આપણું ચાલતું સાલ ૧૯૧૭ ! એમાંથી નીકળી આવ્યું !"

પણ એ આંકડાની અજાયબીઓ વાળા શેઠ હોરમજશાહને પોષ્ટ આપે તેવા એક જવેાસ્તી તે મીજલસમાં હાજર હતા તે પણ બોલી પડયા. "એમાં કંઇ વજુ નહીં ! જુવોજી. એ ૧૮૫૭ના દરેક ફીગર અકેકમાં ઉમેરો—શું ટોટલ ? ૨૧ ! હવે એ ૨૧ ના બેમાંથી ૧ બાદ કરો તો શું રહ્યું ?"

કોઇએ મોટેથી બાંગ મારી કે "એક !"

"રાઇટ હો ! એ એક એટલે સર મોટાભાઇ આદરજી એનુ સાઇકલો પીડીઆ ઝીટાનીકાવાલાજીએ પોતાનાં બેટીને વેડીંગ પ્રેઝંટ તરીકે એક ટીકીટ આપી તે ! જોયું ?"

એ બધી વાત ચાલે છે તેટલાં તો સર મોટા ભાઇ પોતેજ પાછા ખુરશીમાં ઉઠીને ઉભા થયા.

"અરે તમે લોક બધાં એ શું બચ્ચાં સહી ચેડાં કાઢો છો ? એ ટીકીટના નંબરનું સાયનટીફીક પૃથ્થકરણ કરતાં શીખો અને પછી જે આંકડાની બુલંદ અજાયબીઓ મળી આવે છે તે જુવો ! એ નંબર શું છે ?"

"૧૮૫૭" કોઇએ કહ્યું.

"હં. ૧૮૫૭! હવે એના બીજામાંથી પહેલ્લો બાદ કરો તો ચોથાની બરોબર જવાબ આવે. (તાલીઓ) અને જે બીજામાંથી ચોથો બાદ કરો તો પહેલ્લાની બરોબર આવે. (તાલીઓ અને હુરરેના અવાજો.) વળી જે ચોથામાં પહેલ્લો ઉમેરો તો બીજે બની જાય અને બીજામાં ચોથો ઉમેરો તો પહેલ્લો અને ત્રીજો પાસે પાસે મુકયા બરોબરનો જવાબ આવે (તાલીના ગંજાવર અવાજો) હવે જો બીજામાં ત્રીજો ઉમેરો (૧૩) અને પહેલ્લામાં ચોથો ઉમેરો (૮) અને પછી પહેલ્લા જવાબમાંથી બીજો જવાબ બાદ કરો તો ૧૮૫૭ માંના ત્રીજા ફીગરની બરાબરનો જવાબ આવશે ! ગર્જના થતી હોય તેવા તાલીઓના તથા હુરયાના અવાજો) એટલામાંજ કાંઈ એ અજાયબીઓ પુરી થતી નથી ! તમે એ આંકડાના પહેલ્લા ત્રણ ફીગરોનો સરવાળો કરો અને તેમાંથી ચોથો ફીગર બાદ કરો તોબી બાકીનો ચોથો ફીગર જ રહી જાય ! કરી જુવો?"

મજકુર છેલ્લી અજાયબીથી તો બધાં પરોણાંઓ એવાં ગકીન થઇ ગયાં હતાં કે મીસીસ અરદેશર મુઇ (એટલે જાણે કે આપણા માનવંતા મુરબ્બીજી શેઠજી સાહેબ સર મોટાભાઇજી આદર બાદશાહ એન સાઇકલોપીડીઆ ઝીટાનીકા વાલાજીનાં આજેજ પરણેલાં બેટીજી (ઉ૦ વ૦ ૬૦૫) બાનો પેરીન) પોતાના હાથમાં પોતાને પરણ્યત મળેલી કરબી સ્ટીપની ટીકીટ નંબર ૧૮૫૭ એકી ટસરે ટીકતાં ઉભાં રહ્યાં હતાં. તે ઉપરથી કોઇનું ધ્યાન ખેંચાયું નહીં.

પેરીન જ્યારે પોતાની એ ટીકીટ ટીકતી ઉભી હતી ત્યારે કોઇ પણ જાણે નહીં તેવી રીતે હરસેથી પેલો મહાન ડીટેકટીવ ગાનીમાર્ડ તેણીની પછવાડે આવીને ભરાઇ ઉભો.

ગાનીમાર્ડ ખાસ કરીને મહાન પારસીબાનુ ડીટેકટીવ મીસ સુના ગરેરીની શોધખોળમાં મદદ કરવા ચક્રીજ છેક પારીસ વેરથી આવ્યો હતો વળી તેને ફ્રાન્સનાં પ્રેસીડંટ મોંસ્યું પેંપરવેંટ તરફથી એવું કમીશન મળ્યું હતું કે પેલો લુપીન જો કદાચ ફરમીની શરતમાં કાંઇ ધોંટાળો કરવા હીંદુસ્થાન મધે આવેલાં ચીમોર ગામ તરફ ઉતરી પડે તો તેની ઉપરથી રાઇના દાના જેવી બારીક નજર રાખવી.

આપણે આગલાં પ્રકરણોમાં એ વિષે કાંઇક જોઇ આવ્યાં છીયે કે ચાંદણુની બહેન બાઇમાયનો પરણેતર પેલો મુવો લુચ્ચો લુપીન મુંબઇ આવવા માટે મારસેલ્સથી ઉપડી ચુકયો હતો.

ગાનીમાર્ડ જ્યારે પેરીનની પછવાડે છુપાઇને ઉભો ત્યારે મહાન ડીટેકટીવ સુનઇજી પોતાનાં કોઇ ખાસ કારણુસર પાદરી પાસેથી આઇસક્રીમની એક પ્લેટ માંગવા ગયા અને તે તકનો લાભ લઇને તબલચી બનેલો ચાંદણુ કોકટે પોતાના શાગેર્દ અમીનાબ્દન બનેલા જાંગુને એક છુપી ઇશારત કીધી.

એ ઇશારત થતાંજ જોહાંગીરે પેલા તબલાની ઉપર એક એવો તો જબરો તાં આં આં આં આંડડ કરતો કે ફટકો મારો કે તે તબલાનું ચામડું તડાક દેતું કે ફાટી ગયું અને તે ફાટવાની સાથેજ, ઓ મહાન આદરજી ધાસલેટનાં રહ તારી મદદ!

એ શું થયું?

તે ફાટેલા તબલામાંથી કુરરરરરરર કરતો કે કસીકુ મોતીરામ ઉડી ગયો!

બધું લોકલોક હજી તો ચક્રીત થઇને તે કસીકુ તરફ જોય તેટલાં તો તે ઉડતો કે જંઘને મીસીસ અરદેશર સુઇ (પેરીન) નાં ખભાંપર બેઠો અને આપણે "દીનશાજી દમોરીનાં દીનબઇ" કરીને બોલ્યે તેટલાં તો પેલી કરબી સ્ત્રીપની ૧૮૫૭ નંબરવાળી ટીકીટ ચાંચમાં પકડીને પાછો ઉડીને કયે ગાયબ થઇ ગયો!

બીરાદરો, પેરીન હયાં જે મુર્છાગત થઈ પડે તો તમો સ્હેજણી અજબ થાવો?

(સાંધનં છે).

[હવે આવતા અંકમાં પારસી બાનુ લુપીનજીનાં ભેદી પ્રાકમો વધારે ઉંડા બનતાં જશે].

અમુલ્ય તક.

એક બાહોશ વૈદરાજની સલાહ મુજબ સુવર્ણભસ્મ-મોતીનીલરમ વિગેરે કીમતી દ્રવ્યો નાંખી પચીસ દીવસ સુધીની જાતીદેખરેખ નીચે ખાસ ઘર વપરાસ સારૂ તૈયાર કરાવેલી શક્તિની અને મગજમારીના સખત કામથી થાકી ગયેલા મગજને સંપૂર્ણ તાજગી બક્ષનારી અમુલ્ય અને સર્વમાન્ય દવા "સુવર્ણ વસંત માલતી" દસ તોલા વધુ હોવાથી વેચવાની છે. તોલા ૧ ના રૂપીયા ૧૫ પંદર તોલા ૫ ના રૂપીયા ૬૦ સાઠ તાકીદે લખો.

ડાહ્યાભાઈ રામચંદ્ર હવે.
નાયબ કારભારી.
મુ. પલાંસવા.
માંત-કચ્છ જીલ્લો-વાગડ.

રિવ્યુ કોલમ.

માખી અને મંદવાડ

મહારાણી શ્રી નંદકુંવરબા આરોગ્યમાળા નં. ૧.

લખનાર—F. I. C.

કિંમત ૦-૨-૦.

ભાવનગરની સેનેટરી એસોસીએશનના જોઇન્ટ સેક્રેટરી તરફથી બહાર પડેલું આ નાનકડું પુસ્તક આજ દીવસોનું હોમને મળ્યું હતું. જગ્યા ને અભાવે તેનો રિવ્યુ પ્રગટ થતો રહી ગયો હતો. આ પુસ્તકમાં માંખીનું જીવન વૃતાંત આપી માખી કઇ કઇ જાતના રોગો કેવી રીતે ફેલાવે છે તેની રસીલી વિગત આપી છે. એટલું જ નહિ પણ બે નાની વિદ્યાર્થીઓ વચ્ચેનો સંવાદ રજુ કરી કર્તાએ કુમળાં બાળકોનાં મનપર માખી શું કરી શકે છે તેનો જે છાપ નાંખવાની કોશેશ કરી છે તે ખરેજ યથાર્થ છે. સેનેટરી એસોસીએશનો તરફથી જૂદી જૂદી જાતનાં લીફલેટસો પ્રગટ થતાં આપણે અનેક જોઇએ છે તેઓમાં માંખીને લગતી વિગત રજુ કરતું આ પુસ્તક ઉત્તમ પ્રકારનું છે. હોમો તે માટે ભાવનગરની આ એસોસીએશનને શાબાશી આપીશું. વધુ ખુશીની વાત એ છે કે આ પુસ્તકના લેખક પારસી છે. પારસીઓમાં શુદ્ધ ગુજરાતીનો પ્રચાર કેવો વધ્યો છે તેનો આ પુસ્તક નમુનો છે. સંસ્કૃતમય ગુજરાતી લેખકોનાં ટીયકાં પારસીઓ ની ભાષા સામે ચટ્ટી જાય છે એઓ આ લેખક માટે શું ધારશે. ?

બીડી પીવાની બદી.

લખનાર મી. પી. એન. પૉલીશવાળા.

રીપોર્ટીંગ પ્રતીનીધી 'સાંજવર્તમાન'

મી. પોલીશવાળાનું નામ રીપોર્ટને લગતી બાબતોથી વાંચકોને અજાણ્યું નથી. ગુજરાતી સાહિત્યમાં પોલીશવાળા ભાઇઓ જાણીતા છે. હાલના કાગળના દુકાળમાં મી. પોલીશવાળાએ જે બીડું ઝડપી પારસી કોમની સેવા બજાવી છે તે ખરેજ તેમને માન ભરી છે બીડી પીવાથી થતા દુર્ગુણો વર્ણવતાં તંબાકુની ઉત્પત્તિ, 'તેનુ દુર્વ્યસન તેથી થતા ગેરફાયદા તથા નામાંકિત પુરૂષો ને સત્તાધારીઓનાં મત એમણે બહુ અસર કારક રીતે આ નાનકડાં પુસ્તકમાં રજુ કર્યાં છે બીજા ભાગમાં એજ મતલબને લગતો અંગ્રેજી લેખ છે. આજ ને કાલ કહેવાતા સુધારાવાળા પારસી જરથોસ્તીઓ જેઓ સુધારાવાળાને બદલે કુધારાવાળા સહેલ ગણી શકાશે તેઓમાં બીડી કુટવાનું ચેતક વધી ગયું છે. મુંબઇની એ બદી કમનસીબે મુફસીલના પારસીઓમાં પણ શરૂ થવા લાગી છે તેવા વખતમાં આ પુસ્તક બહુ કિમતી થઇ પડશે એમ આપણે માનીશું. કવર પરનું બીડી પીતા ગગાનું ચિત્ર પણ પ્રસંગોપાત છે. પારસી કોમમાં આબાદી જે ફેશનની દેખાદેખીએ વધતી ચાલી છે તેનો મજબુત હાથે અટકાવ કરવાની જરૂર છે. આ પુસ્તક પારસીઓમાં મુફત વહેંચવામાં આવ્યું છે તે બરાબર છે. પારસી ભાઇબહેનો ખાસ પોતાનાં બચ્ચાંઓને

ઉજળતી જીંદગીનો નાશ કરતી આ બદીનો વિચાર કરવો જોઇએ છે. ભાવનગરના રાજ્યમાં નાના છોકરાઓને તમાકુ વેચવાની બંધી કરવામાં આવી છે તેની મી૦ પોલીશવાળા તારીફ કરતાં વડોદરા રાજ્યને તેનું અનુકરણ કરવા સમજાવે છે પણ મી. પોલીશવાળાએ જાણવું જોઇએ છે કે વડોદરા રાજ્યમાં આ જાતનો કાયદો વર્ષો થયાનો અમલમાં છે! આવા સુધારાઓમાં તો વડોદરા રાજ્ય હમેશાં હરોલમાંજ છે.

આ પુસ્તક મી. પી. એન. પોલીશવાળા, પાઉવાળા બીલ્ડીંગસ, ગ્રાંટરોડ, મુંબાઇ લખવાથી મળી શકશે.

હિંદુ અનાથાશ્રમનો

તા. ૧–૮–૧૫ થી ૩૧–૭–૧૬ સુધીનો રિપોર્ટ.

નડીયાદવાળાં હિંદુ અનાથાશ્રમના વાર્ષિક રિપોર્ટ નો ચોથો હમારી ટેબલ પર આવી પડયો છે. આ ચોથામાં આશ્રમને લગતી સંપૂર્ણ હકીકત રજુ કરવામાં આવી છે. આ રિપોર્ટ પરથી જણાય છે આ અનાથાશ્રમ તરફ લોકોનો મોહ વધતો જાય છે ને સારી મદદ મળતી જાય છે, અલબત્ત પૈસાની જેમ જેમ સવડ થતી જાય છે તેમ તેમ તેનો સદુપયોગ કરવામાં આવે છેજ. રખડતાં–ભટકતાં અનાથો માટે આ આશ્રમ બહુજ આશીર્વાદ ભર્યું થઇ પડયું છે. બાળકોને ઘણાજ ઉપયોગી ધંધા શીખવવામાં આવે છે કે જેથી તેમને પોતાની જીંદગી જોગવવામાં કશી અડચણ આવે નહિ. રીપોર્ટ દરમ્યાનની મુદતમાં લગભગ ત્રીસ હજારની આવક થઇ છે ત્યારે વીશેક હજારનો ખર્ચ થયો છે. રીપોર્ટ વગેરે પર થતો મોટો ખર્ચ હમો માનીએ છીએ કે સહેલ બચાવી શકાશે. સારાં ઉંચાં કાગળો ને આર્ટપેપર પર શું આવા રિપોર્ટો પ્રગટ કરવાની જરૂર છે? ઉલટું હમો માનીએ છીએ કે આવા રીપોર્ટો બાતલ તરફ બે પૈસા વધુ ખેંચતા અટકાવી શકે તેમ છે. રીપોર્ટમાં આ અનાથાશ્રમને મદદ કરનારાઓની જંગી ટીપ આપવામાં આવી છે તથા છેવટે વીઝીટ કરનારાઓના શેરા પ્રગટ થયા છે આ અનાથાશ્રમ સંગીન કામ કરી હિંદુ કોમની મોટી સેવા બજાવે છે તેમાં કશો શક નથી. આપણે ખરાં જીગરથી ઇચ્છીયું કે નડીયાદ અનાથાશ્રમ જેવી સંસ્થાઓ શહેરે શહેરે સ્થાપિત થાઓ! અનાથોની વાહરે ધાવું તેના કરતાં બીજું મોટું પુણ્ય આ દુન્યામાં બીજું શું છે?

ચિત્રમય જગત.

વાર્ષિક લવાજમ રૂા. ૩ ૮ ૦

સંપાદક—તુળજાશંકર ગૌરીશંકર યાજ્ઞીક.

પુનાવાળાં જાણીતાં મરાઠી ચિત્રમય જગત માસિકની ગુજરાતીમાં પ્રગટ થતી આવૃત્તિનો માર્ચ નંબર 'અવલોકન માટે ખાસ' એવી નોંધ સાથે મળ્યો છે. આ માસિકે ગુજરાતી વાંચક વર્ગમાં ઠીક પગપેસારો કર્યો છે, જોકે તે વાર્તાઓથી સદંતર નિરાળું રહ્યું છે. એમાં ઉત્તમ પ્રકારના લેખો પ્રગટ થાય છે. ઘણા ખરા મરાઠી લેખોનું ભાષાંતર એમાં થાય છે. શરૂઆતમાં મોટાં કદનું "યશોદા કૃષ્ણ" નું ચિત્ર આપવામાં આવ્યું છે જે હિંદુ ભાઇઓ સહેલ પોતાને ત્યાં છબીમાં મઢાવી શકશે. વિર વિવેકાનંદનો, ચંદ્રબીંબનો, ઔદ્યોગિક નવ યુગનો, લશ્કરી ભરતી કેવી રીતે કરે છે તેનો તથા ભારતીય ધનુર્વિદ્યાના વિષયો ચિત્રો યુક્ત પ્રગટ થયલા છે. આ બધા લેખો વિદ્વાનો પાસે લખાવવામાં આવેલા છે. દર મહીને લડાઇને લગતી માસિક વિગત આ માસિકમાં પ્રગટ કરવામાં આવે છે ને તેને લગતા નકશાઓ પ્રગટ થાય છે. ચિત્રોમાં લડાઇના કાળમાં સ્ત્રીઓ શું શું કામો કરે છે તેને લગતી બાબતો જોવા જોગ છે. આ માસિક દરેક રીતે ઉત્તમ પ્રકારનું છે અને તેમાં આવતા વિષયો ઘણાજ ઉંચ પ્રકારના હોય છે. આપણાં વર્તમાનપત્રોવાળો મી. યાજ્ઞિકનો વિષય પણ વાંચવાજોગ છે. હમો આ

માસિકને દરેક ફતેહ ઇચ્છીએ છીએ. પારસી લેખકો પોતાને ગળે નહિ ઉતારતાં માસિકોમાંનું આ એક છે. ભાષા ઘણી શુધ્ધ છે ને પારસીઓને ગળે ઝટ ઉતરે તેમ નથી. આ બાબે આગળ પણ હમોએ સુચના કરી હતી તે તરફ સંપાદકનું સહજ લક્ષ ખેંચીયું.

જ્યોતિષ વિદ્યા.

તેની તુલોતવીલ તપાસ.

લખનાર–મી૦ અરદેશર નસરવાનજી

બીલીમોરીઆ.

જાણીતા પારસી લેખક ને ધર્માભ્યાસી મી૦ નસરવાનજી ફરામજી બીલીમોર્યાથી કયો પારસી વાંચક વર્ગ અજાણ છે? કાબેલ બાપના પુત્રો પણ કાબેલ હોય છે તેમ ચેરાગ વાળા નસરવાનજી શેઠના કાબેલ પુત્ર મી. અરદેશરમાં પણ એક અન્છા અભ્યાસીના ચિન્હો પ્રગટ જણાય છે. તેમની તરફથી બહાર પડેલું સદરહું નાનકડું પુસ્તક જ્યોતિષ વિદ્યા બાબેનો તેમનો અભ્યાસ કેવો મોટો છે તે ખુલ્લું બતાવે છે. આ પુસ્તકમાં જ્યોતિષ વિદ્યાની તપાસ બહુ ઉંડાણથી લેવામાં આવી છે, અને આ વિદ્યા ખરી છે તેની સાબેતીઓ આપવા ઉપરાંત કર્ત્તાએ અંગ્રેજી પુસ્તકોમાંથી એ બાબતને લગતા અનેક ફકરાઓ પૂરાવા તરીકે સાથે નોંધ્યા છે. આ વિદ્યા હાલને કાજ શા કારણોને સર ખોટી માનવામાં આવે છે તેનાં કેટલાંક અયુક્ત કારણો કર્ત્તાએ આપ્યાં છે. આખો વિષય વાંચતાં એટલી ખાતરી તો થાય છે કે જો આ બાબતમાં પુરતી મેહનત લઇ તપાસ કરવામાં આવે તો જાહેર કરવામાં આવેલાં ફળમાં ભૂલ થવાનો સંભવ રહેતો નથી. અજ્ઞાન જોષી મહારાજોના ટપકાઓ બાબે કરવામાં આવેલી ફર્યાદ કેવળ યથાર્થ છે. આ બાબતમાં સુચવેલો માર્ગ પસંદ કરવા જોગ છે. મી- બીલીમોર્યા જણાવે છે કે:

'માણસની જીંદગીની જેમ સુખ મેળવવાની છે. આટલા માટે મુસ્કેલીઓ અને આફતો કયારે અને કેવાં રૂપમાં આવશે તે જાણવાથી તેમને દુર કરવા, યા તેમની પોતા ઉપર થતી અસરને નિર્મળ કરવા માટે પોતે મજબુત થવા આ વિદ્યાના જ્ઞાનથી ઘણું કરી શકે એમ છે, અને તેટલા માટે જ્યોતિષ વિદ્યાનાં મૂળ તત્વોનું જ્ઞાન મેળવવાની બહુ જરૂર છે.'

આ પુસ્તકમાં હિંદુ જ્યોતિષ રૂઢીને અંગ્રેજ જ્યોતિષ રૂઢી પર સરસાઇ ભોગવતી જણાવી છે.

સદરહુ પુસ્તક મી૦ બીલીમોર્યાએ મુર્ત વહેંચવાની હાલના વખતમાં જે કોશેશ કરી છે તે તેમને ઘણીજ માન ભરી છે. આવી બાબતો છૂટથી વંચાય તેમાં જન સમાજને લાભ છે. શ્રીમંતોએ ખાસ કરી આવી બાબતોને ઉત્તેજન આપવાની જરૂર છે. મી૦ બીલીમોર્યા તરફથી જ્યોતિષને લગતું એક પુસ્તક બહાર પડનાર છે તે જાણી આપણે ખુશી છીએ. હમો એમને એમના ભલા પ્રયાસમાં દરેક ફતેહ ઇચ્છીએ છીએ.

પુસ્તક મળવાનું ઠેકાણું લુનસીકુઇ, નવસારી.

વીનસ બામ.

મેસર્સ પી. એલન એન્ડ કો. મુંબઇ (૧૨) તરફથી તેમના આ જાણીતા બામની એક બાટલી હમોને મળી છે. આ મલમ સાંધાના દુખાવા, સંધીવા, માથાના દુખાવા તથા ઝેરી જનવરના દંખ તેમજ દદ, ઇંડી, સરેખમ વગેરે માટે ઘણી અકસીર છે એમ જણાવવામાં આવે છે. હમારા એક અંગત મિત્રે આ બામ વાપરી પોતાની ખાત રી કરી છે અને બજારમાં વેચાતા બીજા બામો કરતાં તેને ચડીયાતો ગણ્યો છે. હમો તે માટે આ સાદસીક કંપનીને શાબાશી આપ્યે છીએ; પત્ર છે તે કરીને એ બલાં ભાગુસો મુલશનમાં જાહેર બબર કાં નહિ અજમાવતા? યાર, ગુજરાતના અરસપરસના લાભનું કંઇ કરવામાંજ લાભ છે નાં!

Painkiller

(PERRY DAVIS)

પેનકીલર.

(પેરી ડેવીસનું)

આખા દુન્યામા બહુ વેચાય છે કેમકે તે

આંકરાં, દુખારો, મરડો.

અને આંતરડાંના રોગોને મજબુત મારી હઠાવે છે.

જખમથી થયેલો સોજો તે એકદમ દુર કરી દુખ મટાડે છે.

લચક, તથા કોઇ પણ જાતના જખમો પર.

રામબાણ ઉપાય.

ડાકટર ઇ. સી. સ્મીથ; પીથા પુરમ, હિંદુસ્તાન, લખે છે કે:

" કોલેરા અને આતરડાની ફર્યાદોને લગતા દરદીઓ જેઓ ડાકટરી મદદથી ઘણા દુર વસે છે તેમને હું હમેશા પેનકીલર આપું છું પરીણામ.

અજબ સંતોષકારક છે.

સઘળી દવા વેચનારાઓને ત્યાંથી મળે છે.

બીજી કોઇપણ બનાવટ ના પાડજો.

વાપરો.

કિંમત

બરનરો

૧ ૩. ૪૫

૨ ૩. ૭૦

૩ ૩. ૧૮૦

૪ ૩. ૧૨૫

૫ ૩. ૧૫૦

બૉસ ચૂલો

વાપર્યાથી ઘરમાં સુખ, સ્વચ્છતા ને શાંતિ વધે છે. રાંધણી ગરમ થતી નથી. વખત બચે છે. કરકસર થાય છે. એક બચ્યું પણ ચેટવી શકે તેટલા સલામત છે. હજારો કુટુંબો એ ચુલો વાપરી વાહવા ગાય છે અને આશીશ આપે છે. આ ચૂલો વાપર્યાથી તમોને કશી પણ તકલીફ પડશે નહિ. તમારા કુટુંબ માટે એક નંગ જરૂર ખરીદજો.

ખરીદો—

બૉસ ચૂલો

વધુ વિગત માટે લખો અથવા અમારા શો રૂમ્સ ઉપર આવી જોઈ જાઓ.

શોરૂમ્સ
ન્યુ કવીન્સ રોડ

હેડ ઓફીસ
એલ. રોય સ પટ્ટ
૭૦ એપોલો સ્ટ્રીટ, ફોર્ટ મુંબાઇ

બ્રાંચીસ
૪ કેશમીરગેટ
દિલ્હી
એલ્ગીનસ્ટન સ્ટ્રીટ, કેપ
કરાંચી

એક શરત—તેનું પરિણામ.

એક ટુંકી વાર્તા.

(ગુલશન માટે ખાસ.)

લખનાર—(Miss) K. C.

તેઓ સઘળી અઢારથી વીસ વર્ષની વયની છોકરીઓ હશે, કે જેઓ આજે નિશાળના બંધ થવાને દહાડે એકઠી થઇ વાતો કરતી કુંડાળામાં ઉભી હતી. પરિન્જબાઇ માસ્તર નામે ઓળખાતાં બાઇની બોરડીંગ સ્કુલ તે હતી. નહાના પાયા ઉપર શરૂઆત કરી તેવણ ઠીક ફાવ્યાં હતાં અને આજે તેમની સ્કુલ એક આગેવાન સ્કુલ ગણાવા લાગી હતી. તે છોકરીઓ ખુશાળ હસ્તે મ્હેરે પોતાની વ્હાલી શિક્ષકની રાહબરી હેઠળ ત્યાં ફરતી હતી. તે મ્હોટી છ છોકરીઓનો ગ્રુપ હતો. સઘળાં સાથેજ ફરતાં, ખાતાં પીતાં અને શિક્ષણ લેતાં હતાં. એમાંની બેાડીક શીખી રહ્યાથી ઉઠી જવાની હતી અને બીજી ઓ હવે પરણવા લાયક થઇ હતી કરી તે માબાપ દહાડો લેતાં હતાં. પીલાં પાંડે, મેહરાં રતનાગર, રતી વકીલ, મની લાલ, ઝવેર વાટવા અને પૂતળી પાટક કરી તે છનાં સુંદર ગ્રુપથી પરિન્જબાઇ માસ્તર ખબરદાર હતાં.

તે એક નહિ ધારેલો સંજોગ હતો. સર્વ એક એકથી સરસ ખુબસુરતી ધરાવતાં હતાં તોપણ તેમાં પુતળી પાટક સર્વથી ચડતી સુંદરી હતી એમ સર્વનું મત હતું. તે હદ બહાર ખુબસુરત હતી એકદમ ગોરી ન હોવા છતાં તેણીનું સીધું સરોવર જેવું બદન અણિયાળું નાક, માંજરા બૂરા ડોળા અને બૂરા બાલથી તે અજબ સુંદર લાગતી.

આજે નિશાળનો છેલ્લો દહાડો હતો. કાલથી તે ક્રિસ્ટમસના તહેવારોને લીધે બંધ થનાર હતી. તે પછી નવી છોકરીઓને દાખલ કરવાનું હતું. નાની બેાડીક જેઓ વરબાર વગરની માબાપના આશરો મોહી બેઠી બાલાઓને તો પરિન્જબાઇ માસ્ત- પોતાના હોમમાંજ રાખતાં હતાં અને માતા દાખલ તેમની ઉઠબેઠ કરતાં હતાં. નહાની મ્હોટી નિશાળની છોડીઓ ત્યાં એકઠી થઇ બાગમાં રમત રમતી હતી તેવામાં નોકરે આવી પરિન્જબાઇને કોઇ શેઠ મલવા આવ્યા હતા કરી ખબર પૂગાડી.

"તેમને અહિં મોકલ, બાઇ" તે બુલ્લા દિવસની મનાહ છોડી અંદર જવા અચકાઇને પરિન્જબાઇ બોલ્યાં.

એક એશ્કી કપડામાં સજ્જ થયલો આશરે પાંત્રીસેક વર્ષનો ગ્રહસ્થ ત્યાં સઘળાને સલામ કરતો હોમના વડાં શિક્ષક આગળ આવ્યો જેની સાથે આશરે સાતેક વર્ષની વયની અતિ રૂપાળી છોડી પણ ચાલતી હતી જે જરા ગભરાયલી હોય તેમ લાગતું હતું.

તે કામસર મળવા આવેલો હતો એમ જાણી છોકરીઓને બીજે ઠેકાણે ફરવાનો હોકમ આપી પરિન્જબાઇ ત્યાંજ બેઠાં અને નજદીકના બાજઠ ઉપર તે ગ્રહસ્થને બેસવા ઈશારત કરી.

"મ્હારૂં નામ દીનશાહ મુલ્લાં છે, મિસ માસ્તર અને આ મ્હારી એક પૂરી દીકરીને તમારાં હોમની તારીફ સાંભળી અહિં મુકવા આવ્યો છું" તેણે ધીમે રહાદે કહ્યું.

"મ્હારાં હોમની ઠર્મ જાનેવારીપી છે શેઠ. હું કોઇ પણ દહાડે એમ વચમાં છોકરીઓને લેતી નથી." તે વદન નહાની ભૂલકીને લેવા પરિન્જબાઇ નાખુશ હતા કરી કહ્યું.

"મ્હારા પર એક ઉપકાર કરો બ્હેન. મ્હારી વાઇફ આજે પાંચ વર્ષ થયાં મરણ પામીછ અને એ નહાની ભુલકીને હું મ્હોટે જલછ ત્યારે એકલી મુકી જતાં બીહુ છું" તેણે કાલાવાલા કર્યા.

"તમારે એને ત્યારે આંખની આગળજ રાખવી જોઇયે ? કમનસીબ છોકરી ! એનું નામ શું ?" તેવણે દયાથી પૂછ્યું.

"રતન"–તે ધીમેથી બોલ્યો પછી વધાર્યું. "બકારી બહાદુર એને જન્મ આપતાં ગુજરી ગઇ તે કારણથી મેં એની દરકાર કરી નહિ! બહારનાં એક બૂનાં ગરીબ સગાંને હરતક એને અજ સુધી સોંપી હતી તેથી મને નિરાંત હતી પણ છ માસ થયાં તે બાઈ પણ ગુજરી ગયાં છે એથી હું એને બહારે ત્યા લઇ આવ્યો ત્યારેજ મેં બહારી એ દીકરી કેવી મીઠી અને લક્ષી છે તે અનુભવ્યું. આબાદ એની માતા નોજ નમુનો છે! આટલાં વર્ષ મેં એને બહારાથી જુદી રાખી કરી પસ્તાવો થાય છે. છ મહિના થયાં એને ખાતર મેં બહારો ધંધો કીમતી કર્યો છે. હું કોલસાનો વેપારી છું. બહારી પેહલી તરફથી મને કલકતે જવાનું ઈજન થયું છે તે જો હું ના પાડું તો બહારો ધંધો તદન બંધ થાય મને આ વખતે જરૂર જોઇએ. ત્યારે હું એને કયાં રાખું? માટે તમો મને મદદ કરો કરી હું અહિં આવ્યો!' તેણે ખરો ખુલાસો કરી દેતાં કહ્યું.

રતન જે પીરોજબાઇ માસ્તરને ગભરાઇને જોતી હતી તેથી તેવણે તેણીને નિશાળની છોકરીઓ આગળ જઇ રમવા કહ્યું, જેમ તે ધીમે પગલે ચાલી ગઇ.

ખરેખરજ તે એક સુંદર બાળકી હતી. તેણીના બન્ને આકાર તરફ જોતો તે પિતા બોડા હતો. જોઇને દુઃખનો એક નિસાસો નાંખ્યો કેમકે દિવસે દિવસ તે દીકરી તેની મરનાર ધણ્યાણીની યાદ આપતી હતી. મુખ્ય કરીને તેજ કારણ લીધે તે એમ દીકરીથી વિખૂટો પડતો હતો. તેણે પોતાની ધણ્યાણી રાચીનને સાચ્ચા પ્યારથી ચાહી હતી. દોઢ વર્ષની દુઃખ પરણેથી છંદગીનું સુખ ભોગવી તે બાળકીનો જન્મ આપતાંજ મરણ પામી એ દુખ દીનબાંધવને અતિશય લાગ્યું, જેથી તે બ્રહ્મચર્યમાં ચાલી ગયો. છ મહિના પછી તે દુખનો ભ્રમ ભૂલ્યો એવું ધારી પાછો આવ્યો ને ધંધામાં પડ્યો પણ નહિ! રાત અને દીવસ તેની સુંદર ધણ્યાણીની છબી તેની આંખ આગળ આવી ઉભી રેહતી

એ તેનાં દુઃખની વાત સઘળાં જાણતાં હતાં. હવમાસ છ વર્ષ થયાં તે પાછો પરણ્યો નહિ કરી સઘળાં આગ્રહથી બંધાયો તે વાત પાછીને પાછી યાદ કરતાં હતાં અને પીરોજબાઇને પણ તે બનાવ યાદ આવ્યો જેથી દયાથી ઢાકી તેવણે તે નાની છોકરીને પોતાની સંભાળમાં લેવા હા પાડી.

દીનબાંધવ તુર્ત ત્રણ મહિનાની સામટી રજા તેમના હાથમાં મેલી જે ધારા કરતાં બેવડી હતી. અને પોતે તે બુલબુલને મળવા અવારનવાર આવશે એમ કહી તેને રજા લીધી.

"તમે એને મળીને જાવો, શેઠ" પીરોજબાઇ બોલ્યાં પણ તે વાત તેણે સાફ ના પાડી.

"મને એ જરા નહિ દેશો? તમે એને બરાબર સમજાવશો તો એ સમજશે. કલકત્તે જવા અગાઉ હું એને મળવા પાછો આવીશ." તે સહેજ ટ્રેજડી રહાદે બોલ્યો અને દીકરીથી છૂટું પડવાના દુઃખને દાબી દેતો તે એક શોકહેન્ડ કરી દુઃખી છગરે ત્યાંથી ચાલ્યો ગયો.

પોતાની સ્ત્રીના મરણ પછી તે બેહદ બદિયલ અને દુઃખી થયો હતો કે તેનો રમુજ સ્વભાવ તદન બગડી ગયો હતો અને તે ગંભિર દુઃખી આદમી થયો હતો.

તેના જવા પછી પીરોજબાઇ પાછાં છોકરીઓ આગળ ગયાં. તેઓએ તેમને આવતાં દીઠા નહિ કારણ કે તેઓ સઘળાં એક સાથે પૂતળી કંઇ બોલતી હતી તે સાંભલતા હતા. તેવણ તેથી પાછાં ફર્યા અને પોતાની જગ્યા ઉપર જઇ બેઠાં પણ તે પણ જો ત્યાં ઉભાં હતે તો બદ્યિત્તજ કંઈ નવું જાણતે.

"પીરોજ તેં જે વાત કાઢી તે હું માનતી નથી કાંઇક કોઇની મરહ પોતાની મુવેલી ધણીયાણીની યાદ તાજી રાખી શકતો નથી. આજે નહિને દશ વર્ષે પણ તે ભૂલી જઇ પાછાં પરણેજે તેથી આ મીઠ મુલાયમ તેં જે જે વાતો કરી છે તે માનવા લાયક નથી." પુતળી પાડ્રે પોતાના મોઢા ઉપરજ તેણીને બોલતી અટકાવી.

"પુતળી કહે છે તે ખરૂ છે" કરેક વદ્યા જે પુતળીની ટોળી મિત્રણ હતી તે બોલી "આપણ સ્ત્રીઓની માફક તેઓ રંડાપો બોગવી શકતા નથી અને લાગલા પરણી નીકળે છે. વખતને આ ફેસ એમ થયોછ તેનું કારણજ એવજ જે કોઇ બોલાવતા નહિ હશે. જે આપણામાંની જ બોડી છોકરીઓના ચાલુ સમાગમમાં તેવજ આવેલો છ મહિનામાં પરણી જશ!" તે ખુબસુરત બોડીએ જે સઘળી સહીઓની ખુબસુરતી ઉપર મુસ્તાક હતી તે બબરીથી બોલ્યું કેમકે બોડી.

"હું તો બા એવા બરિયલ પારસી સાથ નહિ પરણું. વળી સાથે એક છોકરીબી! વગર બચ્ચાંએ વેઠ કરવા તે કોણને ગમે?" પીરોજા પાટે પાછું બોલી.

"પણ એ જ્યારે પણવાનોજ નથી ત્યારે શું કામ તું અમથી તહારા વિચાર નહેર કરેછ" પુતલી બી-મેયો બોલી.

"હા, એ તો પણવાનોજ નથી. ઘણે ઘરની બા-બોજો ફાંફાં માર્યા; પણ નાજ કહેછ એ કહેછ કે કોઇબી બૈરી ગ્હારી મુવેલી ધણ્યાણીની યાદ મને વિસરાવે તેવી મળવાનીજ નથી માને દહાડો તે પોતાની સાથે તે બૈરીની સબી લઇ ફરેછ. જમવા બેસવાના ઓરડામાં હોલમાં દરેક ઠેકાણે ઠેકાણે તેની સબી તેણે મુકાવી છે ને તે કારણથી તે કદી તેને વી-સરી શકતો નથી." પીરોજા જોને એવી એવી વાત કરવા ઘણી ગમતી હતી તેણે કહ્યું.

"હું કહું છું કે એ બધો ઢોંગ છે. એ પારસી ત્યારે ખરી રીતે પોતાની તે બૈરીને ગ્હાતો નહિજ હશે ફરીથી પુતળી બોલી.

"નહિ નહિ પુતળી તેમ નથી. અમે લોકેબી એને માટે ઘણી ઘણી વાત સાંભળી છે ને બધી તે ખરી ન હોય તોપણ થોડી તો હશેજ!" બધી છોક-રીઓ સાથે બોલી ઉઠી જેથી પુતલી મુંબી રહી ગઇ

"છ વર્ષ થયાં તોપણ હજી એને મન ગમતી બૈરી જે એની બૈરીની યાદ ભુલાવે તેવી મલી નથી કેવું અજબ જેવું" પુતલી વિચારવંત અદાએ બોલી.

"એમાં અજબ થવાનું કંઇ નથી. ઘણી છોક-રીઓ એ પૈસાવે લો છે તેથી પરણવા તૈયાર છે, પણ એ કોઇને મચક આપતો નથી કેમકે એ કહેછ તેમ એની આગલી બૈરીને કોઇ વીસરાવે તેવી હજી મલતી નથી. મને તો એ ચાહી ચીતીને પરણવા માંગે તોબી હું તો નહિ પરણું" પીરોજા પાછું બોલી.

"આપણે એમ બોલ્યેછ, પણ મેં તો ગયે મહિને હું મમાને મલવા ગઈ ત્યારે વાત સાંભળી કે ગમે એવી છોકરી સારી સુંદર હોય, તોપણ એ પોતાની પેહલી ધણ્યાની શીરીનની યાદ આતર પરણવાનોજ નથી." હવે મેદરાં રતનાગર જે અત્યાર સુધી ચુપ રહી હતી તે બોલી.

"પણ સબર પેલી એવણની બુચી અહિ આપ-ણી

"કંઇ નહિ તે કોણ ગ્હોટી આવી, પણ એમજ તે હોય કે આ પારસી પાછો પરણવા નાજ પાડતો હોય તો હું કહું છું કે એક ત્રણ મહિનાની અંદર હું એને ગ્હારા પગ આગળ લાવી વટલાવી શકશ; એટલે હું એની સાથે ત્રણ મહિનાની અંદર પરણી શકશ તો પછી તમો લોક શું ધારશો? હું કહું છું કે બઈડા પોતાની પર કાબુ રાખી શકતા નથી અને હું એ માટે શરત બકુ છું." પુતળી પાટકે અંતે તે છોકરી તેમની આગળ આવે તે પહેલાં. પોતાની મરજી ખુલ્લી જણાવી.

"આહા! આહ!" સઘળી સાથે હસી પડી તેણીને ભારી પડી ગયું. તોપણ હિમત હારી નહિ. તેણીનો ચહેરો ગુલાબી બની ગયો.

"પુતળી, ગ્હાલી પુતળી તું શું કહે છે તે કંઈ સમજે છે?" હવેર વાડયાએ તેણીની આગળ જઇ પ્યારથી પુછયું "એમાં ગ્હોટો જોખમ છે ડીયર"

"હું તે સમજુછ, ને હું શરત બકુંછ કે ત્રણ મહિનામાંજ હું મિસીસ દીનશાહ મુલ્લાં તરીકે તમો સઘળાને મળું, અને પછી ધીરેથી એક પાર્ટી પણ તમો સઘળાને ગ્હારાં લગનની ખુશાલીમાં આપીશ એ ગ્હારી શરત છે કબુલ?" તેણી તે છોકરીઓ ગમ ફરી જોયું. "મહારે આ માણસનો ઠરાવ ભાંજવો જોઇએ. એક બૈરી મરી ગઈ તેથી બીજી ગામમાં ઘણી મળશે, તે પણ તેને શીખવવું જોઈએ, તે ઠરાવ બધું ગ્હોટું કરી બોલી. પણ અરે તે વખતે ભવિષ્ય માં બનવાના બનાવ તે જોઇ શકી હતેતો કદીએ જેવું ઉંદી શરત તે કરતે નહિ.

"કબુલ છે—એ શરત અમને કબુલ છે! તું તો અહીંજ રહેવાની છે, એટલે તેમાં ફાવી શકશે." પીરોજા જે ઉઠી જવાની હતી તે બધાંની વતી બોલી.

"હું એકલીજ અહિં નથી રહેવાની, આપણા છમાંથી બે ચાર જણતો રહીશુંજ, ને બીજી નવીઓ આપણા કલાસમાં ચઢશે તે જુદી. હું કોઇબી રીતે તેના રસ્તામાં આવીશ નહિ પણ તે પોતે ગ્હારા હાથની માંગણી કરતો આવશે ત્યારેજ હું તે હા પાડીશ: તે સિવાય નહિ" પુતળીએ કહ્યું. તે સાચ્ચું બોલનારી એક વચની છોકરી હતી તેથી સર્વએ તેની ઉપર ભરસો મેલ્યો. તેઓ વાતમાં એટલાં તો

હતી તે પણ વીસરી ગયાં. અને ઝવેરનું ધ્યાન ખેંચાયું.

"આપણી ગડબડમાં પેલી બીચારી દયાળને ત્યાંજ ઉભી રહી ગઇ છે." તે બોલી.

બીજી બધી છોકરીઓ તે ભુલકણીની આસપાસ ફરી વળી પણ પુતળી દૂરજ રહી. બનતાં સુધી અળગી રહી તે પોતાની શરત જીતવા માગતી હતી.

ઘણોવાર વેર તે છોકરીઓ પીરોજબાઇ આગળ ન ગઇ તેથી તેવણે અંતે તેમને માણસો પાસે તેડાવ્યાં, જે વખતમાં બહાની રતન બધાં સાથ મળી ગઇ હતી. પીરોજબાઇએ તે ભુલકણીને તેનો પિતા પાછો આવનાર છે કરી સમજાવ્યું. નવી નવી રીતો જોવાની મળવાથી તે બાળકીએ મનપર ઘણું લીધું નહિ અને તેઓ ખુશાલ છૂટાં પડ્યાં.

એક આઠ દિવસને બાતર પુતળી ગઇ હતી પણ તે પાછી આવનાર હતી. જ્યારે પીલાં પાઠ અને મેદરાં રત્નાગર ઉડી ગઇ હતી. રતી વકીલ, મની લાય, ઝવેર બહાદુર પંદરમી જનેવારીએ પાછા આવનાર હતાં. તેઓ કરતાં બહેની પુતળી આવનાર હતી. તેણીના પિતા બહારગામ હતા અને મુંબઇમાં કોઇ સગાને ત્યાં તે વધારે દિવસ રહેવા ઇચ્છતી નહતી.

બાકીની બહાની છોકરીઓ સિવાય પીરોજબાઇ તદન ઓસાં રહ્યાં હતાં જેમાં બહાની રતનથી તેમનો વખત ઘણો જલદી પસાર થઇ જતો હતો અને હોમમાંની સઘળી છોકરીઓ તેણીને ચહાવા લાગી હતી.

એવામાં એક દિન તેવણને દિનશાહ મુલ્લાંનું કાગળ મલ્યું. તે વકીલને જઇ આપ્યો હતો અને કાગળમાં જરા સીધા ચાલનો હોવાથી બેવી રતનને મળવા આવી ન શકનો હતો પણ તેવણ હોમના બાકી રહેલાં છોકરાઓ સાથ આખો દહાડો નવા વર્ષને દહાડે તેના બંગલામાં વાકફેયર બાને આવે એમ કહ્યા આમદ્રણ તેડનો હતો અને જવાબ કાગળ લખી તેને હકારી કરવા વિનવતો હતો.

પીરોજબાઇ ઘણા વિચારમાં પડ્યાં હતાં કેમકે નવા વર્ષની બેઠ રાત અગાઉ પુતળી તેમને ત્યાં આવનાર હતી. બીજી બહોળી છોકરીઓને તો વાર હતો, પણ પુતળી બેમ અગાઉના પ્રસંગને ત્યાં આવવો કે તે એક શક હતો અને તેણીને પૂછ્યા વગર જવાબ લખવા તેવણને ગમ્યુ નહિ આથી તે ચીઠ્ઠી સાથે તેવણે પુતળીને બેનવાડ સગાંને ત્યાં રહેતી હતી બીજી ચીઠ્ઠી લખી તેણીની મરજી પૂછાવી,

તે પોતાનાં શિક્ષકની ચીઠ્ઠી વાંચી ગભરાઇ ગઇ. તેણીએ બકેટી સરત તેણીને યાદ આવી અને તેનાં મ્હોડાંપર લાલી આવી ગઇ. શું કુદરત તેણી મેમદદ કરતી ન હતી? જો ના પાડી બેસે તો સગાંઓ તો બહાર ગામ જનાર હતાં ત્યારે તે રહે ક્યાં? એ રીતે તે તદન ગુંચવાઇ ગઇ. તોપણ ઉતાવળ વાપરી તેણીએ પોતાના શિક્ષકપર નીચે મુજબ ચીઠ્ઠી લખી.

"મહેરબાન મુરબ્બી માતાજી પીરોજબાઇ, તમારી ચીઠ્ઠી મલીછેજી, હું એ બાબદમાં કંઇપણ વિચાર બાંધી શકતી નથીજી. આપ મુરબ્બીજીને જે ધ્યાનમાં આવે તેમ લખો. મ્હારે બાતર બીચારાં બહાના બુલકાંઓ રહી જાય તે મને પસંદ નથી. તમો પોતે હમારી સાથેજો એટલે મને કાંઇ અટચણ નથી પણ તે છતાં આપને કંઇ લાગે તેમ જોગવણ કરજોજી. ઉમેદ છે કે તમો મુરબ્બી માતાજી સારી પેઠે હશો, આ નવાં વર્ષની દરેક ભલી દુવા સાથે

તમારી સદા તાબેદાર શિષ્ય
પુતળી.

તે કાગળ વાંચી પીરોજબાઇ નકકી ઉપર ઉપર આવ્યાં અને રતનના બાપપર દા લખ્યું. જે વાંચીને તે ઘણો ખુશી થયો અને હપકારનો એક બીજો કાગલ મિસ મારવરને લખ્યો.

પુતળી લખ્યા મુજબ નવાં વર્ષની એક રાત અગાઉ હોમમાં ગઇ અને પછી બીજ મુલ્લાંને ત્યાં જવાની તૈયારી કરવા લાગી. જ્યારે આવી તક મલી હતી ત્યારે તેનો બરાબરજ લાભ લેવાને તે ઇચ્છતી હતી.

બરાબર આઠને અમલે તે તૈયાર થઈ ઉભી કારણ કે નારતો રતન વીલામાં બાવાનો હતો. છ છોકરાં બીજાં, રતન, પીરોજબાઇ, પુતળી અને બે આયા કરી સઘળાં તૈયાર થઈ ઉભાં હતાં. દીનશાહ મુલ્લાંએ પોતાની મોટી રતન મોટર મોકલી હતી અને બીજી બાડીની કરી તેઓ ગયાં હતાં.

રતન ખુશાલ હતી પોતાના બાપને ઘણે દહાડે મલવા બીજુર થઈ હતી.

પુતળી ચુપચાપ હતી. તેણી ત્યાં આખો વખત શું કરશે તેનું તેને ખબર ન હતું. કુદરતે તેને ઓચીંતી મદદ કરી તો એમાં પણ તે સહાય થશે એમ તે ખાતરી રાખતી હતી.

દરવાનમાં દીનશાહ મુલ્લાં હસ્તે ચહેરે આવકાર આપવા ઉભો હતો. તે બંગલાને વિશાલ બગીચો હતો ને વટાવી ગાડી પોર્ટીકોમાં જઇ ઉભી ત્યારે રતનની ખુશાલીનું વર્ણન કરવું કોઇ કઠિન હતું.

તે પુતળીને જોઇ સહેજ અટકળ થયો પણ તુર્તજ વિવેક રાખી તેને ઘરનો આવકાર આપ્યો. આ વખતે પીરોજબાઇએ તેમની ઓલખ કરાવી ને ઘરનો ખુલાસો આપ્યો. જે તેણે સ્વિકાર્યો.

તે બાળકોની સગવડ બાબત તેણે ઘણી મેહનત લીધી હતી અને રમવાગમવા માટે કાળજી રાખી હતી. તે ઉપરાંત પુતળી અને પીરોજબાઇને માટે પણ તે કાળજી રાખી ફરતો હતો. એક વખતે પુતળી તેની પર બારિક નિગાહ રાખતી હતી. કોઇપણ રીતે તે છોકરીઓએ કરેલા વર્ણન મુજબ તે બરિયલ હતો નહિ પણ તેટલો ઘણો ખુશાલ પણ ન હતો.

કંઇ ઝાઝો નોંધવા લાયક બનાવ બન્યો નહિ સિવાય કે જતી વખતે તેણે પુતળીથી છૂટા પડતાં ફરી મલવાની આશા બતાવી.

"આજે તમોએ મને ઘણો ઉપકારી કીધો છે. મિસ મોસ્તર, અને હું ખુશી છું કે આ નાવારેસ બચ્ચાંઓને આજે હું કંઇ મોજ ચખાડી શકયો છું" તે લાગણીથી બોલ્યો. "અને તમે મિસ પાટક મહારે ત્યાં આવી મને અતિશય માન આપ્યું છે તે માટે હું ઘણો ઉપકારી થયો છું. અને ઉમેદ છે કે ફરી તમારા પગલાંથી મ્હારું ઘર પવિત્ર કરશો"

એક પળ પુતળીએ પોતાનો લાભ થયો ન્હેરો ઉંચકી તેની નજર સામે જોયું અને પછી તે નજર ફેરવી નાંખી. તે બે તેમની સલ્લત માટે બોલે તો પછી એવું ઇજન કરે કે? તે બધી રીતે લાયક જવાન હતો. સુખી ગૃહસ્થ હતો એટલું તો તે આખા દિવસમાં જોઇ શકી તે ઉપરાંત તે વીલામાં પીલાં પાડે એ કહ્યું હતું તેમ ઠેકાણે ઠેકાણે તેની મરહુમ સ્ત્રીની છબી ટાંગેલી તેણીએ જોઇ અને એકવાર જ્યારે તે એકલી દિવાનખાનામાં મરહુમ શીરીન મુલ્લાંની છબી જોઇ વિચારમાં ઉભી હતી ત્યારે દીનશાહ ત્યાં અચાનક આવી ચડયો હતો, અને એ પોતાની મરહુમ ધણીયાણીની છબી છે એમ જણાવી તે બોલ્યો.

"ઘણાજ નમ્ર સ્વભાવના ખુબસુરત બાઇ છે" અંતે તેણીને ખરૂ કેહવાની ફર્જ પડી. પણ એ વખતે દીનશાહ કંઇ બીજાજ ખ્યાલમાં હતો. તે છબી સાથ પુતળીના જીવતાં પીક્ચરને સરખાવતો હતો. આહા! કેટલી તે દીલ જીત લાગતી હતી! વળી મેજ ઉપર ચાહ બનાવવા માટે જ્યારે તેણીને ફરમાશ થઈ ત્યારે તે કેવી નાજો અદાથી તે બનાવતી હતી તે સઘળું તેઓના જવા પછી દીનશાહ બેઠો બેઠો યાદ કરતો હતો. ખરીતજ નામ પ્રમાણે તે એક પુતળીજ હતી. તે ગળગળ સડસડ નરમ પડયા પછી તેને તે એકાંત ઘર લાગ્યું અને છ વર્ષના ગાળા પછી પ્હેલીજવાર તે ઘરમાં સ્ત્રીના આકારને ફરતો જોવાની મનહુ તે ભોગવી શકયો. આટલાં લાંબાં વર્ષો એકાંતવાસમાં ગુજર્યા પછી તેને લાગ્યું કે તેની જીંદગી તદન વ્યર્થ ગઇ હતી.

રતનને પીરોજબાઇએ રહેવા કહ્યું પણ તેણીને પુતળી સાથ ઘણી મહોબ્બત બાઝી હતી તેથી રહેવા ના પાડયું અને ઘર પૂગે તે પહેલાં તે નિરાંતે પુતળીના ખોળામાં ઉંઘાઇ પણ ગઈ ગરીબ પુતળી! તે રાત્રે જાગવાનું શું પરિણામ આવશે તે જાણ્યા વગર બોલી ગઇ હતી ત્યારે આ તો કુદરતી તેમાં મદદ મલતી હતી.

ચાર દિવસમાં દીનશાહ મુલ્લાં હોમમાં ફરી આવ્યો. તે વખતે પીરોજબાઈ બોલાં છોકરાંને લઇ બ્હાર ગયાં હતાં ને પુતળીને હોમ સોંપ્યું હતું જે બાગમાં એક બાજહ ઉપર બેસી વાંચતી હતી ત્યાં સરપ્રોગ તે ચાલો આવ્યો.

પુતળી ગભરાટમા ઉભી થઈ. તેણીનો ચહેરો લાલ થઈ ગયો હતો. તેને લાંબો કરેલો હાથ શેકહેન્ડ માં લઈ મૂકી દીધો તેટલોજ આવકાર તે આપી શકી.

"રતન કયાં છે?" તેને તે છોકરીનો ગભરાટ પામી જતાં તે શાંત થાય ત્યાં વેર તેણીને તક આપવાના ખ્યાલથી બોલ્યો.

"તે પીરોજબાઇ સાથ ફરવાં ગઈ છે પણ હમણા આવતા હશે! તમે બેસોની મી. મુલ્લાં" તેણીને કેહવાની ફર્જ પડી. તેનાં ખુબસુરત ચ્હેરાં પર વખાણની નજરે જોતો તે ઉભો હતો. પુતળીના કેહવાથી તે બેઠો.

"આ બંગલો પણ ઘણો સારો છે. આવો સરસ બગીચો અને સઘળી રીતે ખુલ્લો. પ્લેગથી હોમ ખાલિ છે કે?" તેણે જાણવા માગ્યું.

"આજે પાંચ વર્ષ થયા ખાલિ છે. તેની અગાઉ કોટમાં હતું" પુતળીએ જવાબ દીધો.

"હું આજે સીનેમેટોગ્રાફમાં જવાની ટીકીટ લાવ્યો છું મિસ પાટક તમો મહારી રતન સાથે આવશો?" તેણે સ્નેહભર ચૂપકીદી પછી પૂછયું પુતળી લાલ બની ગઇ! "ત્રણ આખ્ખી ટીકીટ અને બાકીની સાત અડધી ટીકીટ છે. મને આશા છે કે મિસ માસ્તર પણ આવશે." તેણે છેલ્લે ઉમેર્યું તેણીના ભૂરા ડોળા જે ઘડીકમાં માંજરા જેવા પણ દીસતા હતા તે ખુશાલીથી ચમકતા હતા. સીનેમાં તેણીએ વર્ષોનો વાત ઉપર જોયો હતો પણ તેટલાં તેણીને પેલી શરત યાદ આવી ને તે ગુંચવાઇ

"હું કહી શકિત નથી. જો પીરોજબાઇ આવશે તો હું આવીશ, નહિ તો નહિ બનશે" તેણી એ રોકડો જવાબ દીધો. આ વખતે પીરોજબાઈ આવ્યાં અને તુર્તજ દીનશાહે તેમને સીનેમાની વાત કહી-પીરોજબાઈ જવા નાખુશ હતાં. તેવણ પોતાના હોમની છોકરીઓને સાદી રીતે રહેવા શીખવવા માંગતાં હતા અને તે કારણથી તેવણ પોતે પણ ત્યાં જતાં ન હતાં પણ તે નહાની છોકરીઓ જે લોકના દેખતાંજ દીનશાહે વાત કરી હતી તેઓ જવા તૈયાર થઈ ગયાં હતાં તેમને નિરાશ કરવા તેવણને ગમ્યું નહિ અને તેથી નાખુશીથી હા પાડયું. પુતળી આ બધા વખત ચુપજ ઉભી હતી.

પોતાની નેમમાં દીનશાહ ફેરફાર કરી ને હવે ત્યાં બેસવા નહિ અને તુર્તજ રતન લઈ તે જવા ઉઠયો. જેમ કરતાં ઉઠતે તે પુતળીને મળ્યો.

"હવે તમે ના પાડી મને નિરાશ કરશો નહિ મિસ પાટક" તેણે ધીમે સાદે કહ્યું. તે જવાબ દઇ શકી નહિ. અને એટલું બોલી તે વિદાય થયો. રસ્તા માં ચાલતાં તે કંઈ કંઈ વિચાર કરતો હતો. તે શું પ્યારમાં પડયો હતો? તેની બદાલી પરસ્પરને કોઇ બીજારને મેરી અવસ્થા તેને શું બની હતી? છતાં બની બેસ નેમ બની પત્ર હોત તોપણ તે પાછો પરણવા નહિ ઇચ્છતો હતો. આથી તેણે મકકમ રહેવાનો ઠરાવ કર્યો. તે પોતાની નાની તેઓ સાથ મેળવવા ને હતો. તેણે પુતળીનો સુંદર ચહેરો ભૂલવાની કોશેષ કરી પણ નહિ. અંતે સાંજ કયારે પડે કે તે તેણીને મળે એ રાહ જોતો તે પોતાના એકાંત બંગલામાં બેઠો હતો.

વખત થવાની અડધો કલાક આગળ તે એક ટેક્ષી અને પોતાની ગાડી લઈ હોમમાં ગયો, કે ત્યાં તેઓ પણ તૈયાર થઈ ઉભાં હતાં રતન ખુશાલીથી નાચતી હતી, તે પોતાના વ્હાલા પિતાને બે વખત મળી ખુશી થતી હતી.

ટેક્ષીમાં રતને પોતાની સાથ પુતળીને ખેંચી અને પીરોજબાઇને ગાડીમાં બીજાં બચ્ચાંઓને સાચવવા ખાતર બેસવું પડયું. દીનશાહ એ ગોઠવણથી રાજી થયો હતો તે પુતળીની સાથ એકલો પડવા માગતો હતો

રતનની પટપટને લીધે તેઓ ઝાઝી વાત કરી શકયા નહિ તોપણ દીનશાહ ખુશ હતો કારણ કે તે ખુબસુરત ચહેરાને બારીકાથી નિહાળવાની અચ્છી તક તેને મળી. જેવો મીઠો ચહેરો હતો તેવોજ વાંસળી જેવો મધુર સાદ પુતળીનો હતો. થોડીક સાધારણ વાતચીત સિવાય બીજું કશું બન્યું નહિ અને તેઓ સીનેમામાં જઈ બેઠાં.

દીનશાહે પુતળીને પોતાની નજદીક બેસાડી અને ખોળામાં રતનને લીધી. દેખીતોજ તે પ્યારમાં પડયો હતો. પણ તે સમજી શકયો નહતો. પુતળી ની હાલત પણ તેવીજ હતી તેણીએ તે શરત બધી ત્યારે રતનને પણ ખ્યાલ ન હતો કે તે રમ્યસને તે બહાનાં શીખશે. ત્યારે આતો નહિ ધારેલું બનતું હતું. ફકત રેલી અમળ અને જાત તોડવાના બ્યાલથી રે. શરત તેણીએ બકી હતી. ઘર પાછા ફરતાં બીજાં છોકરાંઓને માટે ટેક્ષી તેણે પીરોજબાઇને આપી, અને પોતે પુતળી અને રતનને ગાડીમાં લઇ બેઠો. પુતળી ધડકતે છાતીએ તેમાં બેઠી. ગાડીમાં તે દસબાર ચુપ હતી. ટેક્ષી દશ પરવરતે કે પાંચ મીનીટમાં પેર પુગને પણ આ ગાડીમાં તો ધીરે ધીરે બોલવું પણ બારી થયું.

હવે તે પસ્તાતી હતી. શરતનું પરિણામ દશ દુર હતું છતાં તેમાંથી તે છુટી શકે તેવું રસ્તો તે ઇચ્છવા લાગી. ખરેખરજ તે એક બહાદુર જવાન હતો. તેની મોટી આંખોમાંની ઉંડી

દીવગીરી પુતળીના ચહેરા પર જ્યારે તે આંખ ઠંડી રહેતી ત્યારે જતી રહેતી હતી.

જ્યારે તે મળીને જરા નીકળ્યો ત્યારે પુતળીને આસ્તેથી કેહતો ગયો "આજે તમે મ્હારી પર બહોળો ઉપકાર કીધો છે." આ ન્હાના વાકયમાં ઘણો અર્થ સમાયલો હતો અને પુતળી શરમથી લાલ બની ગઇ. તેણી જવાબ દઇ શકી નહિ.

તે હજી ત્યાં રહેવા ઇચ્છતો હતો પણ તેમ બનવું મુશકેલ હતું. બલાં પીરોજબાઇએ તેનો ઘણો આભાર માન્યો અને તે ગયો.

હવે દરરોજ તે રતનને સારૂ ગાડી મોકલવા લાગ્યો જેમાં પીરોજબાઈ પોતાં છોકરાંને લઇ ફરવા જવા લાગ્યાં પુતળી બને તેમ જવાના અખાડા કરતી કારણ કે તેઓની પુઠે રતનને મળવાનાં બહાનાંએ તે આવતો જેમાં બીજું કંઇજ ન હતું. તેની એ મહેરબાનીના બદલામાં પીરોજબાઇએ એકવેળા તેને ઘી પર નોતર્યો જે વખતે ખાસ માથું દુખવાના બહાનાં હેઠળ પુતળી ગેરહાજર રહી. બનતાં લગી તે તેનાથી દુર નહાસ્તી. એ સઘળું તે દુઃખી દીલે જોતો હતો. તેને તે છોકરી હદ બહાર ગમી હતી. પુતળી તેના નામ પ્રમાણે એક પુતળીજ હતી. દીનશાહ હવે પોતાની માગણી બરાબર સમજવા માગ્યો હતો. અને તે જે ફરી પ્યારમાં કહી પડવાનોજ નહિ હતો તે પંદર દિવસનાં ટુંક અરસામાં પુતળીને ખરા પ્યારથી ન્હાવા લાગ્યો.

હવે પુતળીની સહીઓ રતી વકીલ, મની લાલ અને ઝવેર બ્હાડયા આવી હતી. તેઓએ જ્યારે દીનશાહ મુલ્લાં સાથની ઓળખની વાત જણી ત્યારે તેઓ આપસ આપસમાં ખડખડ હસી પડી. પુતળી પોતાની બાજી બેહતી હતી એમ તેઓ સમજી. બીચારી પુતળી ! તેણીની હાલત દયા લાવવા જેવી હતી. સુડી વચ્ચે સોપારી ! બોલ્યો બોલ અનબોલ થતો નહતો. એકવાર દીનશાહ ત્યાં આવ્યો ત્યારે તે ત્રણે નવી છોકરીઓ સાથ પીરોજબાઇએ મશ્કરીથી ઓલખ કરાવી કાંકે તેઓ હદબહાર સુંદર છોકરીઓ હતી તે ખુબસુરત છોકરીઓને જોતો દીનશાહ અજબ થઈ ગયો. ઝવેર બોલી હતી તે ખરૂં હતું. એકાંતવાસમાં રહેવાની ટેવને લીધે તે જેવું અનુમાન બાંધી રાકયો હતો કે શરીન જેવી બીજી ખુબસુરત અબલા દેખાજ નહિ પણ તેમાં તેની ભૂલ હતી.

હવે હોમ પોતાની શરમ રીતે ચાલુ થયું. ઘણી નવી છોકરીઓ આવી હતી. પીરોજબાઇ વધુ ઉમંગથી કામ ઉપર મંડયાં હતાં પણ તે વખતે બે છવરા ઉદાસ અને દુઃખી ફરતા હતા. ચતુર ઝવેર બ્હાડયા પુતળીનો ભેદ પામી ગઈ હતી. હવે તે પસ્તાતી હતી.

"પુતળી તુને શું છે તું દહાડે દહાડે કુજરી કેમ થાય છે" તેણે એકાંતમાં પૂછયું હોમના દિવાનખાના મા દીનશાહ રતનને લઈ બેઠા હતા જેથી પુતળી પોતાના રૂમમાં આવી હતી.

"મને કંઈ નથી ઝવેર ! જરા બ્હાર માથું દુખે છે." ત્રણ વર્ષના ચાલુ સહવાસમાં એક પણ વાર એ ફર્યાદ પુતળીએ કીધી ન હતી જેથી ઝવેર ખડખડ હસી પડી.

"હું કેહું તુને શું છે તે ? તું ચિરકાશે નહિ કે ? તેણીએ પુછયું," પુતળીએ ડોકું ધુણાવ્યું.

"તું દીનશાહ મુલ્લા સાથે પ્યારમાં પડી ચુકી છ અને તે અકેલી શરત માટે તું પસ્તાય છ, ખરી વાતની ?" તે છોકરીએ ખુલ્લું પુછયું. પુતળી ગભરાઈ ગઇ તે શું જવાબ આપે ! તેણીનો ચહેરો લાલ થઇ ગયો.

"મેં તુને પહેલેથીજ કહ્યું હતું કે એ શરત બકવાનું બહુજ ભારી છે. તું ત્યારે સમજી નહિ." તે પાછું બોલી.

"તેમ છેજ નહિ ઝવેર. તું અમથી બીહના. એ શરતબકી તેમાં શું થયું ? કાં નહિ તેથી હું તેને ચાહી ન શકું ? એવું તો કંઈ અંદર આપણા બોલ્યાં નથીને ?" તેણીએ હિમત ધરી પુછયું. કેમ ત્રણ મહિનામાં હું મિસીસ મુલ્લાં થાઉ એ મ્હારો શરત હતી પછી તે કંઈપણ ભોગે તેની સાથે તમને કામ નથી" તે જરા ભગરીથી બોલી.

"હું જોઉછ કે તું તેમાં ફાવશે, કારણ કે દીનશાહ મુલ્લાંથી તું જેમ દુર ન્હાસે છે તેમ તેવણ તારી તરફ વધુ ને વધુ ખેંચાય છે. પીરોજ કેહેતી હતી તેવા બદિપલ એવણ તો નથી લાગતા."

"પીરોજ એ શબ્દસના દીલમાં છુપાઇ જોવું કંઇ જ નથી એમ કહેતી હતી પણ તેમનામાં એક ખરૂં વફાદાર છુપાઇ ધડકે છે તે ઉપરાંત તેવણ અતિશય ભાયાળુ છે. પીરોજની આખી વાત બોટી નિકળી છે" તે હવે દીનશાહની તારીફ કરતાં બોલી. અને પછી ત્યાંથી ચાલી ગઇ,

ખરેખરજ તે દીનશાહ સાથ પ્યારમાં પડી ચુકી હતી. પણ તે જો આ શરતનું બકબક જાણે તો શું તે છતાં તે પુતળીને ચહાશે ? એ એક નહિ સમજ પડે તેવો સવાલ હતો.

વળી વચમાં પરિનજબાઈએ તેને હોમમાં જમવા બોલાવ્યો તેવણને પોતાને તે ગમ્યો હતો. વળી તેવણ એમ જોતાં હતાં કે જ્યારે તેને પરણવાનો અભાવ હતો ત્યારે તેના જેવો એક ગૃહસ્થ હોમમાં ભેળાય તેમાં નુકસાન ન હતું, પણ તે પણ કેવો ભૂલ ભરેલો વિચાર ધરાવતાં હતાં. તેમની આંખ આગળ જે બનાવ બનતો હતો તે તેવણ જોઇ શકતાં નહોતા. એમ નહોતું. કોઇવાર તેમને લાગતું કે દીનશાહ પૂતળી પર હદ બહાર ધ્યાન આપતો હતો. પણ બીજજ વખત તે વિચાર તેવણ ફેરવતાં. પુતળીની વર્તણુંક જુદીજ હતી તેથી તેવણ તેવો વિચાર બાંધી શકયાં નહિ.

એક સાંજે તેવણ અગત્યના કામે બહાર ગયાં હતાં તે વેળા દીનશાહ ગાડી લઇને આવ્યો. તેણે રતન સાથ પુતળીને આવવા અરજ કરી પણ તે વાત તેણે ના પાડી. પરિનજબાઇને પુછયા વગર કોઇ ગ્રહોદી છોકરીઓ એકલી ફરવા જઇ શકતી નહતી એવો કાયદો તેમણે બાંધ્યો હતો.

હવેર, મનીને તો પરિનજબાઇ લઇ ગયાં હતાં. રતી તાવથી આજરી હતી–બીજી નથી છોકરી લેસન કરવા પડી હતી અને પુતળીજ દરેક રીતે ખુશી હતી. આ તક તેણે ઠીક જોઈ રતનને એકલી પોતાવાળાના ચાર્જમાં આપી તે પાછે આવી પુતળી આગળ બોડા. તે આજે તેણીનો જવાબ માગનો આવ્યો હતો.

" તમે એમ મદારાથી દૂર નદારોજ કાંઇ તે હું સમજી શકતો નથી " પુતળી તેણીને ઉડી જતી જોઇ અટકાવતાં તે બોલ્યો. " બીજી છોકરીઓ મારી સાથ કલાકના કલાક વાતચીત કરે છે ત્યારે તમો એમ કાં કરો છો!" તેણીનો ચહેરો ગુલાબ બન્યો જે વખાણથી જોતાં તે ખુશજ થયો.

હવે ને બે પળમાં આગળ આવ્યો. " જેમ જેમ તમે મદારાથી અલગ રહો છો તેમ હું તમને ચહાવાં શીખ્યો છું. પુતળી તું એમ સમજાતા, મને જવાબ આપ. શું હું તને જોઇતો અનુકમનો છું કે તું મદારાથી બીજાને નદારે છે!" તેણે કાલાવાલા કર્યા. 'અરેરે તે બોલી શું જવાબ આપે! તેના માટે ના પ્યારથી તેની છાતી ઉભરાતી હતી પણ પેલી કમબખત શરત! તે હજી ચુપજ રહી તે રડી! પડે તેવો દેખાવ થઇ રહયો હતો.

" મને માફ કરો મીઓ દીનશાહ–હું બહુજ દીલગીર છું કે તમારા સવાલનો જવાબ હું આપી શકિત નથી. " તે જેમ તેમ મુજતા સહાદે બોલી.

તેણીના ઠંડા સ્વાદથી તે નિરાશ થયો. વખતે તે છોકરી તેને ચહાતી ન હોય અને તેણે ઉતાવળ કરી કામ બીગાડયું હોય તો! પણ નહિ તે નીચા નજરે ઉભી હતી તેથી તેણીનું જીગર તે વાંચી શકયો નહિ એમ તેને લાગ્યું.

' ગ્હારી સામે જો પુતળી ? મને ખરૂ કહે? ખુદાના કસમ ખાઇને બોલ કે તું મને ચહાતી નથી તો પછી હું કોઇપણ દહાડે તુને ફરી પુછીશ નહિ. ગ્હારી શીરીનની યાદ ભૂલાવે તેવી અબળા આજ સુધી મને મળતી નહિ પણ તુને જોતાંજ હું તેની યાદ ભૂલ્યો ને ત્હારા પ્યારમાં પડયો. મને કહે પુતળી તું શું ખરેખરજ મને નથી ચહાતી" તેણે પૂછયું. તે છોકરી સાચી હતી જ્યારે તે આવા પાક કસમ આપી તેને પૂછતો હતો ત્યારે તે જુઠું કેમ બોલી શકે? તેની ભરજી મુજબ તેણે ઉંચું જોયું. જે ભૂરી ભાંજરી આંખોમાં દીનશાહે પોતાનો જવાબ વાંચ્યો ને ખુશાલીથી એકદમ તેણીને પોતાની ગમ ખેંચી.

" મને માફ કરો દીનશાહ હું તમને ચાહું છું એ વાત ખરી છે પણ હું તમારી સાથ કોઇની દહા પરણી શકીશ નહિ. મને ના પૂછો! ખુદાને ખાતર મને જવા દો. " તે તનબદનથી મુજતાં તેનાં જોરાવર હાથોમાંથી છૂટી થતાં બોલી.

" હું એમ તુને છોડી શકતો નથી, જ્હાલી જાન. જ્હારા વગર એક દહાડો પણ હું જીવી શકતો નથી, તું જોતી નથી. અહિં આવવાના રોજના જ્હારા પગારા તે બધુ જ્હારે હોવે હતું તો મને કારણ કહે" આ વખતે હીમત રાખી તે છોકરીએ શરતની વાત તેને કરી દીધી હતે તો ઠીક થતે પણ તે ગભરાઈ. તે એટલી મુજતી હતી કે અતે દીનશાહને તેણીને જોડાડી દેવાની ફરજ પડી અને પોતે તેના પર આગળ ગાઢ મોહ પાડયો. હતે તેમ પોતો જોઇ તેણીએ આંખો પર હાથ ઢાંકયાં! પેલા કોર ચળો તેણીને યાદ આવ્યા.

"એમ જો હોય કે આ પારસી પરણવા નાજ પાડતો હોય તો હું કહું છું કે ત્રણ મહિનાની અંદર એને મ્હારા પગ આગળ લાવી પટલાની શકશ" કોઈપણ સારી સ્ત્રી એવા ઉદગાર કાઢે નહિ તે પુતળી જેવી મોટી આંખની બોલી હતી. તેણીના જીગરમાં શું થતું હતું તે દીનશાહ સમજી શકયો નહિ.

"જો તું મને ચહાતી હોય તો પછી શું અટચણ છે?" તે પાછુ ને પાછુ પુછતો હતો આ વખતે ઓરડાનું બારણું ખોલી ડ્રેસર અને મની અંદર આવ્યાં. ડ્રેસર તેમને તેમ બેઠેલાં જોઇ ગભરાઇને પાછ્યા હઠી. પણ મની લાગ તે દેખાવ જોઈ શરતની વાત યાદ આવવાથી ખરખર હસી પડી. જોને બેંચીને બહાર લઇ જતાં ડ્રેસરે તે દરવાજો પાછો ઢાંકયો. હવે પુતળી એક ઠેકાણ પર આવી.

"હું તમને સાચ્ચા પ્યારથી ચહાઉં છું દીનશાહ, ખરૂ કહું છું કે તમારા પૈસા કે આ તમારા શોભીતા બંગલા ખાતર, હું તમને ચહાવા નથી લાગી. બુચી રતન અને તમોને હું સાચા પ્યારથી ચાહું છ તેમ છતાં એક નટ વચમાં છે તે કારણથી હું તમારી સાથ પરણી શકતી નથી મને માફ કરો" અને તે ઉઠીને ઉભો થાય તે પહેલાં ઝડપથી બારણું ખોલી બહાર નિકળી પડી.

દીનશાહ સ્તબ્ધ થઇને ઉભો. તે છોકરી શું બોલતી હતી. એક નટ હતી. તે તેને ચ્હાતી હતી છતાં એક નટ હતી! શું તે ઉખ્યાણું ઉકલાવતી હતી

પુતળી તુર્તજ પીરોજબાઇના ઓરડામાં ગઇ તેણીનો હદબહાર ઉશ્કેરાયલો ચહેરો જોતાંજ તેણ કંઇ નવું જુનું થયું છ એમ પામી ગયાં એક આર્મ ચેર પર તેણ બેઠાં હતાં જ્યાં પુતળી જઇને રૂદન લઇ બેઠી.

અને ત્યાં રડતાં તે શરતની વાત અને દીનશાહની માંગણીની તેણીએ ખબર આપી. જો તેણે દીલગીર ચહેરે સાંભળી દીનશાહને ના પાડવાના કારણમાં તેણે વધુદ જોયું નહિ તેથી તેણે તેણીને પટાની મુગ્ધા રાખી.

"દીનશાહની માગણી ના પાડવાનો ખાસ સબળ હું જોતી નથી, દીકરી" તેણના આંસુ લુછીને એક કીસ કરતાં બોલ્યાં હોમની છોકરીઓ તેણીને વિશ્વાસમાં લઈ વાત કરતી હતી કરી તેણ ખુશી થયાં હતાં.

"પણ પીરોજબાય, એવણ એ વાત જાણે તો? એવણ સાચાને ચ્હાનારા છે જ્યારે તે છુપી રાખી હું ઠાગો કેમ રમુ?" તે સાચી અબળાએ પુછ્યું." એવણની માંગણી ના પાડી હું ચાલી આવી ત્યારે એવણનો દુઃખી ચ્હેરો જોઈ મારૂં કાલજું કપાઇ ગયું!"

"હજી દીનશાહ ત્યાંજ હશે. તું પાછી જા દીકરી અને તેમને હા કહે. કુદરતે તને દરેકમાં મદદ કરી કહેછે તો પછી પણ તે મદદ મળશે. તું ના કહી તેમને દુઃખી ના કર" તેણે તેણીને ધીરજ આપી પાછી મોકલી.

તે પીરોજબાઇનો સધુન રાખી હીમત આવવાથી પાછી દીવાનખાનામાં ધડકતે જીગરે દાખલ થઈ. દીનશાહ તે ચાલી ગઇ ત્યારે જ્યાં ઉભો હતો ત્યાંજ હજી હતો.

"દીનશાહ મને માફ કરો, તમને નારાજ કરતાં મને ઘણું દુઃખ લાગ્યું હતું પણ પીરોજબાય કહે છે કે એમાં મહારોજ વાંક છે અને તમારી માગણી બજાવવાથી ના પાડવામાં મેં ભૂલ કીધીછ" તે પ્યારથી તેના ચ્હેરા સામે જોઈ ધીમે સ્વરે બોલી.

દીનશાહે તેને ખુશાલીથી પોતાની નજદીક લીધી અને પ્યાર ભર્યાં ચુબનોથી તેને ભરી નાંખી, જે સુખ ના લહાવો ચાખતી તે ચૂપ ઉભી. થોડે વારે શાંત થતાં તેણે પૂછ્યું.

"મહારી રતનની નટ તો તને નહિ લાગી હોય પુતળી? તેમ જો હોયતો બેટર કે આપણે હવડાંથી છુટા પડીયે. તું જુઠું બોલી મને ઉઠાવતી ના કેમકે કોઇકની મને હશે છે ત્યારે હું તેનો તે વાંક માફ કરી શકતો નથી એવો મહારો ભૂંડો ખવાસ છે. માટે મને ખરૂં કહે." તેણે પુછ્યું.

તે શું બોલ્યો! પીરોજબાઇએ તો તેણીને ધીરજ આપી હતી ને આ તેની ધમકી સાંભળી પુતળીના શરીરમાંથી ધ્રુજારી પસાર થઇ. તોપણ તે વાત હતીજ નહિ તેથી તેણીએ હીમતથી તેનાં મ્હોંડા ગમ જોયું.

"રતન માટેના પ્યારમાં તમને કંઇ ફરક લાગે છે વારૂં? કે તમે એવો અણઘટતો સવાલ પૂછોછ, જ્હાલા! એ દીકરીથી તો, આપણ એકમેકને મળવા

પાગ્યા ને તેથી હું તો એને બેવડા હેતથી ચહાવસ" આ વખતે સચ્ચાઇનો પ્રકાશ એવો તેણીના મ્હોંડા પર પડતો હતો કે તે વધુ દિલછત લાગી. અરે આ વખતેજી તેણીએ હીમ્મત ધરી બરીવાત કહી દીધી હતે તો ભવિષ્યનું દુઃખ ભોગવીજ ન શકતે

તે દહેથી બનતી ઉતાવલ કરવા લાગ્યો. અને હોમમાં તથા બહાર દીનશાહ મુલ્લાંનો ઠરાવ પીગળાવી નાખનારી તે છોકરીની વાત છટેચોક થવા લાગી. તે જે આટલાં વર્ષોથી પાછો પરણવા ના પાડતો હતો તે એક મહિનામાં એક જુવાન છોકરીને હાથ વેચાયો હતો એમ લોક બોલતાં હતાં. પણ તેની તેઓને પરવાજ કયાં હતી ?

પીરોજ પાંડે અને મહેરાં રતનાગરનું કાગળ પુતળી પર આવ્યું. તેમાં તેઓએ તે શરતમાં છતી હતી અને દીનશાહને પગ પર માથું મેલાવી છતી રાકી હતી કરી મુબારકબાદી આપતાં હતાં. પુતળીનાં સુખમાં ઓકજ કતરો હતો. જે તેની એકાદ સહી તે શરતની વાત દીનશાહને જણાવે તો પછી. !

કેવા સુખના દહાડા તે વહી ગયા કે પુતળી તો જાણે સ્વપ્નોજ માનતી હતી. તેણીના માનપિતા આવ્યાં હતા અને લગનને ફકત આઠજ દહાડા બાકી હતા. પુતળી સાચી છોકરી હતી અને જેવી તે માંગતો હતો તેવી બૈરી તેને મળી કરી તે ખુશ થતો હતો. બચિયલ, કુંજરો, વિગેરે વિરોધકોથી તે નિરાળો હતો એમ સઘળી છોકરીઓ જોઈ રાકી હતી.

લગનમાં રખે પીરોજ પાંડે આવવા માંગે એ પુતળીનો રાતદિવસનો વિચાર હતો પણ ખુદાએ તેની તે શીકર ટાલી. કેમકે તે કોઈ સગાને ત્યાં લાનોડી ગઇ હતી.

ત્રણ મહિનાની રામટી રી આપી દીધી હતી તેથી રતનને તો તેઓ ત્યાંજ રાખનાર હતાં અને પરણીને તેઓ હનીમુન કરવા જવાના હતાં. તે જાણે મુખનો સ્વપ્નોજ હતો. ઘણીવાર પુતળી બીહીને થરથર ધ્રુજતી. રખે એ સ્વપ્નો ખોટો પડે ! પણ નહિ, હજી સુધી ખુદા મેહરબાન હતો. માર્ચ મહિનો બીતતાં તે જોઇ આવનાર હતાં તેટલાં તે બધાં ધુન્નરામાંથી મોકલી થઇ હતી.

બદાની રતન તેણીને હવે મમાના બોલાં નામે બોલાવવા લાગી હતી તેથી તેણીને ઘણું ગમતું.

લગન થયાં અને તે સુખી જોડું હનીમુન કરવા ગયું. એ વખતે પુતળીને ધીરજ આવી.

તેઓ ધારવા કરતાં વધુ વખત ફર્યાં. ત્રણ મહિના કેમ પૂરા થયાં તે પૂતળી જાણી શકી નહિ. આહ ! તે સુખી દીવસો પાણીના રેળા માફક ગબડી ગયા. અને હવે તેઓ મુંબાઇ પાછા ફરવા નિકળ્યાં હતાં, દીનશાહે બંગલામાં વેટતો ફેરફાર કરાવ્યો હતો અને સર્વ પુતળીનાં શોખ તે પૂરા પાડતો હતો. તેણે હદ બહાર મબલક પૂતળીને કરાવી હતી અને તે તો જાણે હજીપણ એ સુખનાં સ્વપ્નાજ જોતી હોય તેમ હતું દીનશાહ પોતે પણ જાણે તે સ્વપ્નોજ માનતો હતો અને એ રીતે તેઓ ખુશાળ હનીમુન કરી રતન વીલામાં ઠર પડ્યાં.

દીનશાહ રતનને હજી ત્યાંજ રાખવાનો હતો. હોમમાં તેને ગમતું હતું. અને વળી કામસર દીનશાહ કલકત્તે જવાનો હતો ત્યાં પુતલી સાથે જવાની હતી.

એવામાં એક દીન તે કામસર બહારગામ ગયો ત્યાં પીરોજ પાંડેના બાપ મેહરવાનજી તેને મલ્યા. તેવણે દીનશાહને મુબારકબાદી આપી અને પછી તે શરત-જે પુતલીએ સ્કુલમાં બંધી હતી તે વિષે ઇસારો કર્યો.

" તમારી મિસીસ હવે ધીરજથી ત્યાં રહો કેમકે તેવણ પોતાની નેમમાં ફાવ્યા છે, નહિ ? " તેવણે પૂછ્યું.

" કઇ નેમ " ? દીનશાહે પૂછ્યું

" તમે શું તે જાણતા નથી " શરતની કહાંણી તેવણે પીરોજને મ્હોંટે સાંભળી હતી તેથી પૂછ્યું.

" અચિતજ, મને કંઈ માલમ નથી. હું જાણું છું ત્યાં સુધી મહારી બહેનાંણીએ મ્હારો સાચ્ચો પ્યાર મેળવવા સિવાયની બીજી કશી નેમ રાખી હતી નહિ." પુતળીનાં પ્યારમાં ઘેલો બનેલો તે બરબાર બોલ્યો.

" છટ નોનસન્સ ! એ બધો આજનાં છોકરાઓનો પ્યાર બાજેના ધખારોજ તો ! " તે ખુદાજી બોલવા " પ્યારનું નામ આગે ને મતલબ કાદી યે ! "

" મેહરબાની કરી ખુદાસાથી બોલો, રોકજ " હવે જરા શીકો પડતાં દીનશાહ બોલ્યો. શું પૂતળીએ તેમે ઉતર્યો હતો ? નહિ તે સાચ્ચી છોકરી હતી, ત્યારે આ શું બેઠ હતો ?

" જોવાની બી. મુલ્લાં, તમારી વાહેડે પોતાંની સહીઓ સાથે તમારા પારને શરત બની હતી કે ત્રણ

મહિનાની અંદર (તેણીની સાથ ઓળખ થયા પછી) તમો પગે પડતા તેણીને પોતાની વાઇફ બનાવશો અને તે મિસીસ મુલ્લા દાખલ તમને પરણીને તે રાસ્ત છતી છે! શું એ બીનાથી તમે અજાણ છો! તમે પગે પડતાં તેણીને તમારી ધણીયાણી બનાવવાના કાલાવાલા કીધા તે વખી એની બે સખીઓએ જોયું હતું?" તે પરવારતા પારસીએ ભેદ ખુલ્લો કરી દેતા કહ્યું. દીનશાહ સ્તબ્ધ થઇ ગયો જે સ્ત્રીને ખરા જીગરથી ચાહી હતી તેણેજ એવા કઠોર શબ્દોમાં રાસ્ત બકી હતી અને તેને પૈસા ખાતર પરણી હતી યા ખુદા?

"તમે એ બીના કેમ જાણી?" તેણે ધીમા દુઃખી સ્વરે પૂછ્યું. "એ બોટી બીના છે અને તમે એ મ બોલી મને મહારી ધણીયાણીને અપમાન કરો છો"

"એ તદન સાચ્ચી વાત છે? વળી એટલે સુધી વાત હતી કે પરણ્યાં પછી એ છતની ખુશાલીમાં એક પાર્ટી નિશાળની સહીઓને આપવી અને હવડાં તેવણ તેની ગોઠવણમાં છે?" પાંડે એ જવાબ દીધો. "તે જ્યાં ખાતરી ન થતી હોય તો તો જાઓ અને તેવણને પૂછી ખાતરી કરો" અને તે સલામ કરી ત્યાંથી ચાલી ગયો.

ગરીબ દીનશાહ? શું પુતળીએ જે પ્યાર તેની તરફ બતાવ્યો હતો તે બોટો હતો? તેણીની મતલબ મહેલખીજ ત્યારે જાહી હતી? તેના પૈસા અને તેના સુંદર બંગલાપર તે લોભાઇ હતી ને તેથી આવી રાસ્ત બકી હશે! તે જે કામ કરવા બહાર નીકળ્યો હતો તે મોકુફ રાખી પાછો ઘર ભણી ઘસ્યો. તેણીને મ્હોંયેથી તે વાત તે સાંભળવા ઇચ્છતો હતો તેથી પાછો ફર્યો. ગરીબ પુતળી? કશાપણ ખ્યાલ વગર ઘરમાં નિરાંતે બેઠી બેઠી દીનશાહનાજ પાછા ફરવાની રાહ જોતી, નફકરાઈથી ગાયન લલકારતી હતી.

બાગમાં ગાડી દાખલ થવાના રહાદથી તે એકદમ ઉઠી ને હર્ષભરા દરવાજામાં દોડી. એક પળ તેણીનાં સુંદર મુખડાં પરનો હર્ષ જોતાં દીનશાહ તે વાત ભુલ્યો અને ખુશી થઇ તેને મળ્યો. પણ બીજીજ પળે તે કેવી કમારી છે તેનું તેને જ્ઞાન થયું!

"શું છે દીનશાહ" તેને હદ બહાર ગંભીર જોઇ પુતળીએ પુછ્યું. "તબ્યત સારી નથી કે બનાં"

"હું સારી પેઠે છું, પુતળી; પણ હવડાં મેં એક અજાણ જેવી વાત સાંભળી છે તે હું માનતો નથી તું હમેશાં મને સાચ્ચુ કહે છે તેથી પુછું છું. મને સાચ્ચો જવાબ દેજે તે સિવાય બીજી વાત હું માની શકશ નહિ" દીનશાહે તુર્તજ તે વાત કાઢી પુછ્યું.

"ન બા, દીના, આજે એમ શું કરોછ? તમને કોઈ પણ વાત મેં કદી જુઠી કહી નથી. શું તમને મ્હારીપર વિશ્વાસ નથી" તેણીએ દીનશાહની પાસે બેસતાં સવાલ પુછ્યો. જોકે તેણીને ખ્યાલ તુર્તજ થયો કે તે બેહુંદી રાસ્તની વાત સાંભળીને તે આવ્યો હતો. તેણી થરથર ધ્રુજતી હતી. જો તે પોતાને ઠગાયેલો જાણશે તો કદી માફ કરશે નહિ એમ તે સમજતી હતી. તોપણ ખુદાપર વિશ્વાસ રાખી તે બોલી. જે થાય તે ખરૂં.

"આજે મને મેહરવાનજી પાંડે મળ્યા હતા, હારી સ્કુલની સખી પીરોજ પાંડેના બાપા! તેવણે મને કંઇ વાત કહી, હું ઇચ્છું છું કે તે ખરી નહિ હોય!" તેણે ગંભીર સ્વરે શરૂ કર્યું. તે ફેરવાયેલો ચ્હેરો જોતી પુતળી મુંગીજ બેઠી. વળી તેણે ચલાવ્યું,

"તેં મ્હારા વાસ્તે રાસ્ત બકી હતી કે હું તુંને પગે પડતો પરણવા માંગીશ અને ત્રણ મહિનામાં તું મને પરણીને રાસ્તમાં છતે તો તે લોકને એક છપાવત આપે; જે હવડાં તું આપવા નિકળી છ તેનું એ કારણ છે કે?" તેણે પુછ્યું.

પુતળી ગભરાઇ ગઈ. તે ફિક્કા ચ્હેરાએ દયા માંગતી હોય તે મીસાલ બે એક પળ દીનશાહના ચ્હેરાગમ જોયુ.

"મને બરજ કેહજે પુતળી, મ્હારાથી કાંઇ છુપાવતી નાં" તેણે ફરી કહ્યું.

"હા એજ કારણ છે દીનશાહ, પણ તમે જે મારી બધી વાત—

"તેં એવી રાસ્ત બકી હતી?" તેણે કઠોરતાથી પુછ્યું "હા" પુતળી બરજ કહી દેતાં ઉઠીને હેબી થઇ.

"ઓ દીનશાહ મ્હારા તરફ એ રીતે નાં જુઓ. મને સાભળે. જરા મ્હારો ખુલાસો—

"હું કંઇ સમજવા માંગતો નથી. તેં એ રાસ્ત બકી ત્યારે મ્હારા વાસ્તે શું વિચાર મનમાં ધરાવતી હશે કે આવી મલક કરી શકી? બરેબરજ હું એવ-

કુફ બન્યો. મ્હારી બ્હાલી-અતિ બ્હાલી શીરીનની બબ્યા તુંને જે ભરૂસો રાખી મેં આપી તેને 'તું-તું તદન નાલાયક છે. મ્હારી રતનની માતા ગણાવવી પણ નહિ જોઇએ અરે શીરીન—મને માફ કરજે બન, કે અજાણપણામાં તહારી મીઠી યાદને હું ભુલ્યો. ઓ બ્હાદા !" અને દુઃખથી ઉરકેરાયલો દીનશાહ ખુરસી પર પાછો બેસી ગયો.

"તુને મ્હારા પૈસાજ જોઇતા હતા તો તું તેમાં ફાવીછ ! તહારી સગરડ સચવાય તેમ હું બંદોબસ્ત કરશ. એ રીતે મને ઠંગી તું સુખી થઇ તો ભલે. પણ હું હવે તહારી સાથ સંબંધ રાખવા માંગતો નથી. મને કલકત્તે જવું છે ત્યાંજ હું રહીશ કામના બ્હાનાં હેઠળ તેમ થઇ શકશે. તું અહિંજ રેહેજે ગમે તેમ મ્હારો પૈસો વાપરયો તો તુંને કોઇ અટકાવશે નહિ. હાલ તુર્ત મ્હારી રતન હોમમાંજ રહેશે." તે ઝડપથી એક ઠરાવપર આવી ગયો. "કાલે હું જવાનો હતો તેને બદલે આજેજ જઇશ. "હવડાંજ અને તે બહુ દુઃખી છતાંરે તે ગુંચવે પડેલા આકારની ગમે એટલી સમજવત છતાં ત્યાંથી ચાલી ગયો.

સાથળે અંધકાર હતો. બન્નેની દુનયાજ રૂઠી હતી. અરેરે, તે બેહુંદી શરતે કેવો ઘાણ કહાડયો હતો પણ તે તો ખુલાસો સમજવા બોલ્યો હત તો પુતળીનો વાંક માફ કરતે પણ આતો પોતાને ઠગાયલો જોઇ તે અતિશય ક્રોધમાં આવ્યો હતો. તે ધારતો હતો તેજ થયું. સુખનો સ્વપ્નો હતો તે પુરો થયો ને દુઃખની સીમા રાજ થઈ હતી.

ગરીબ પુતલી અંતે બેહોશ થઇ જમીન પડી. આ કૃટકો ન ધારેલો હતો. અને જ્યારે દીનશાહ તેણીને મલવા વગરજ કલકત્તે જવા સાજ કપડાં પેટરો ત્યારે તેણીની આશાના બે ડોકાડર હબા હતા, અને તેને દુરવાર કરવાનો પ્રયત્ન કરતા હતા તે બનવા વગરજ તે ગયો.

તે બનાવ બન્યા પછી ત્રીજે દિવસે જ્યારે પુતળી ભાનમાં આવ્યા પછી પુતળી તે દુઃખ ભર્યા બનાવ પર વિચાર કરતી બેઠી હતી તેટલામાં હોમમાંથી એક નોકર ચીઠી લઇ—

મદારી સદા બ્હાલે બેટી પુતળી.—

આજે ચાર દીન થયા બુબી રતન હુંય ન આવવાંથી ચારૂ ફર્યાત કરી જુમો પાડતી રહી છે અને તુને અને દીનશાહને મલવા ટલવે છે એમ ખબર થઇ એક ચીઠી મેં પુગાડી હતી પણ વે માણસ પાછો આવ્યો કે બાઇ ઘણા સીક છે અને કોઇ બીનું નથી તેથી મેં ચીઠી નથી આપી. હું તને મળવા આવવાની હતી બેટી પણ રતન ઘણી આનંદી થઇ ગઇ છે. આજે તેણે આઠ દિવસ થયા મુદલ આંખ મીચી નથી અને ચારૂ તને મળવા માગે છે. તું આવી શકશે ? જે જરા પણ ઠીક હોયતો આવ. હાલ તુર્ત દીનશાહને ગભરાવવાનું કારણ નથી માટે તુંજ આવ. મને આશા છે કે તું બેટી સારી પેઠે હશે.

તહારા હુકમાં સદા હુવા બન્છનારી
પીરોજબાયની હુવા વાંચજે.

તે ચીઠી વાંચતાની સાથ પુતળી રૂઠી. આ દુઃખમાં પીરોજબાઈની મદદ માંગવા તે કેમ ભૂલી હશે કરી રૂઠી; પણ નહિ તે હુજી બહુ નબળી હતી. દુઃખનો જે ફટકો તેણી પર પડયો તેથી તે તદનજ હિમત બોઇ બેઠી હતી. ફરી તેણીનું મગજ ભમવા લાગ્યું અને તે બેહોશ થઇ પડી.

હુશયાર થતાંજ તે તૈયાર થઇ અને ગાડી જોડાવી હોમમાં ગઈ જ્યાં પીરોજબાઇ આતુર ચ્હેરે તેણીની રાહ જોતાં હતાં પણ તેવણ આ તેણીનો અવતાર જોઇ ગભરાયાં. બુચી રતન વધારે આનંદી થઇ હતી તેણીના ભેજા પર ભાર હતો જે તે એક બે કલાકની પણ શાંત ઉંઘ સુવે તો ઠીક નહિ તો ઘેલાપણાના ચિન્હ દેખાશે એવું ડાકટરનું મત હતું.

"રતન કેમ છે ?" તેણીએ આતુરતાથી પુછયું જ્યારે તેણીને બદી બીના કહેતાં તે ખુબ રડી. શું તેનું તે બ્હાનું બુલકું એ રીતે હંમેશાનું બેનું બને ! કંઇપણ કરી તેણીને ભયમાંથી બચાવવાનો વિચાર કરી રતનને મળવા તે ઉઠી.

"તેં દીનશાહને કહ્યું છે કે દીકરી" પીરોજબાઇએ પુછયું.

"નહિ દીનશાહ આજે પાંચ છ દિવસ થયા કલકત્તે ગયા છે" તે જેમ તેમ દુઃખનું ડચકું ઠમાવી બોલી.

બુચી રતન ઉઘાડી આંખોએ ટગર ટગર બારણું જોતી પડી હતી. પુતળીને જોઇ તે ખુશ થઇ અને તેણીના ખોળા જમ જોતી શાંત પડી રહી.

"રતન દીકરી હું આવી. તું મને શું કહે છે ?" તેણીએ તે બાળાને જેમ જેમ બોલું જોઈ મીઠાસથી પુછયું.

"ભમા" તે ધીમેથી બોલી કે પુતળીના મગજ પરનો ભાર હલકો થયો. હજી તે બાળકી નેણીને ચહાતી હતી તો પછી દીનશાહનો શો મુલકો છે? એ વિચારથી તે ત્યાં તેની પાસે બેઠી.

"ભમા, અગાઉ તમે મહારી આગળ વાતો કરતાં હતાં તેમ કરો, રાજા બાદશાહ પરીઓની" તે હવે પુતળીના બોળા ઉપર માથું મેલી બ્યારથી બોલી. પુતળીએ તેણીને ઉંચકી અને પોતાના બોળા માં બરાબર સુવાડી બ્યારે તે હાલના હોઠ પુતળીને કીસ કરવા ઉંચકી તેજ ઢંગે ને માતાના મુખમાંથી મીઠા સંવાદની હાંની હાની વાર્તા સાંભળતી ચૂપ પડી.

ડાકટર જે ત્યાં હજર રહી પુતળીની હીલચાલ તપાસતો હતો તે હવે બુચી રતનને શાંત બયલી જોઇ કંઇક આશાના શબ્દો પીરોજબાઇને કેહવા લાગ્યો.

થોડીથી જે પુતળી મુંગી રહેતી કે રતન જાની હડતી. હજી તે કાચી ઉંઘે સુતી હતી એવું એક કલાક પછી ડાકટરે મત આપ્યું જોથી પુતળીએ તે અખતરો ચાલુ રાખ્યો. કેવી કેવી રીતે વગર અર્થની કેટલી વાતો તે એક રાતમાં પુતલીએ કીધી તેનું તેને ભાનજ ન હતું. ફકત તે છોકરી શાંત ઉંઘમાં પડે એ ખ્યાલથી તે બોલતી હતી અને તે વાંસળી જેવો સંવાદ સાંભળતી બુચી રતન રોકકરની ઇચ્છા મુજબ એક લાંબી ઉંઘમાં પડી. દીનશાહને ખાતર તે છોકરીનો જન બચાવવા પુતળીએ એટલો શ્રમ બેગ્યો હતો જરાબી હીલચાલ કર્યા વગર તે એક સરખી આખી રાત બેઠી હતી જોથી તે તદન નરોસ થઈ ગઈ હતી એવું જોઇ ડાકટર હવે સહચારે ત્યા આગ્યો ને પોતાના જોરાવર હાથમાં તે સુતેલી બૂલબીને ઉઠાવી તેની જગ્યાએ ગોઠવી. તે દબાવ જેતી પુતળી થાક અને દુઃખથી અધમુઈ જેવી પીરોજબાઇના શરીર ઉપર બેહોશ બની પડી.

"એવણની શકતી હપરાંત એ થયું છે. "તમે બીજા બીજાણાંની ગોઠવણ કરી શકશો મને ભય છે કે આ બાબતી બારી ચિંતાની છે" તે ડાકટર હવે પુતલીને તપાસતો બોલ્યો. "આજે બુચી રતન ભયમાંથી મોકલી થઈ છે વખતે તે આખો દિવસજ ઉઘાડ કરશે તો તેની ફીકર ના કરતાં પણ મીસીસ મુલ્લાં બહુ બારતી બરી બિમારી બોગવશે. એમને બેભાનની હાલતનો હુમલો થયો છે.

રતનને બચાવી તે પછડાઇ પડી. દીનશાહે દીનશાહના ચાલુ પોકાર તે કરતી હતી. ત્યારેજ બાપડાં પીરોજબાઈ શી બીના બની છે તે સમજી શકયાં? ઘડીકમાં તે બુચાબો સાંભળીને જવા વિનવતી અને ઘડીકમાં ગુસ્સામાં તેને તરછોડી કાઢી જવાનો હુકમ આપતી. રાત અને દીવસની નર્સ રાખી પીરોજબાઈ ચાલુ ભાવજતમાં બડાજ હતા.

રહોતબ્રવન વચ્ચે અથડવા બાતી ચાલુ બકબકારો કરતી ગરીબ પુતળી બિછાને પડી હતી. તેને આઠ દિવસ થઈ ગયા હતા. આજે ડાકટરે વધારે બારતી આપી હતી જેથી રહતાં પીરોજબાઇ ઉભા હતાં. અંતે તેવણને એક વિચાર આવ્યો. દીનશાહને તેવણ વાકેફ કરી ચુકયા હતાં તોપણ તે આવતો ન હતો જોથી તેવણે પોતાના વિશ્વાસમાં ડાકટરને લીધો અને તે બંને મસલત કરી તેવણે દુઃખમાં જે વિગત બની હતી તે કહી જેથી તેમની મરજી મે આવેનો તાર દીનશાહ પર કરવા કબુલ થયો.

ડાકટરનો તાર પુગ્યા પછી તુર્તજ આવવા ઉપડી ચુકયો હતો. પૈસા કે ખર્ચની કશી વાત કર્યા વગર બુચી રતનની માવજત તે આવે તેટલી સારી રીતે કરવા બાતર તે કાલાવાલા કરતો હતો. ત્યારે બુચી રતન ખુદાના હોકમથી સાજી થઈ ફરતી હતી! એ રીતે તેઓએ તેને ફરી જન્મ!

એકવાર પુતળીને ત્યાં પીરોજબાઇ બટતી ચીજો લાવવા ગયા જ્યાંથી પુતળીની વિશ્વાસુ બાયાએ શો બનાવ બન્યો હતો તે વિગતવાર કહ્યો કે દીનશાહને એકાતમા મળી તેની ખાતરી કરવા તેવણ માંગતા હતા તેવણે નોકરોને હુકમ કરી રાખ્યો હતો કે જેવા તે આવે તેવા તેમને ચેતવે.

હોગબાંજ દીનશાહ હડતો હોય તે મોસાલ આંગ્યો ને તે દીકરી મરી જોય તો શીરીનની યાદ તદન જ ભુલાય, એ ખ્યાલથી તે દિવાના જેવો થયો હતો.

પીરોજબાઇ દીવાનખાનામાં બેઠાં કે તુર્તજ તે બાતુરતાથી પરપુછ કરવા લાગ્યો. જેના સાચ્ચા જવાબ તેવણે બાપ્યા. અને પછી પોતાની વાત કાઢી. પુતલીના સીકનેસની જાણ છતાં તે આવ્યો નહિ કરી તેને તેવણે ઠપકો બાપ્યો.

તેબોના લગન બગાઉ પુતલી કેવી રહતી તે પણ બાગળ બાવી હતી અને તેને નહિ પરણવાનો ઠરાવ

તેવણે કેવી રીતે ફેરવ્યો હતો તે વાત તેવણે માંડીને કહી. જે નર્સ તેઓના પ્યારમાં હતી તે એ શરત-એ બેદુંદી શરતનીજ હતી એમ તેવણે ભાર મૂકી જણાવ્યું. તેવણની સલાહ માની તે છોકરીએ તેની માગણી દા પાડી તે સઘળું તેવણે વર્ણન કર્યું. અને પછી બુચી રતનની જય ભરી બિમારીમાં તેણીએ ખરી માતાનો કેવો અચ્છો ભાગ ભજવ્યો તે વાત તેને કહી, અને આ તેની; ઘાતકી ચાલનો પસ્તાવો તે કરે તેવા સુંદર બોલોમાં તે બધી છોકરીની આજની દારુણ બિમારી તેને જણાવી.

" તમે ઘણાજ કમનસીબ છો, દીનશાહ કે એક કરતાં બે હીરા જેવી ઘરઘાણી તમોએ ગુમાવી " ડાકટર કહે છે કે ફકત પોતાજ કલાક પુતળી જીવશે. " 'આજે આ બુચી રતન જીવતી છે એ તમારી એ. પુતળીનેજ આભારી છે. " તેવણે તે બેવકુફ રાજ્યની આંખ્યો પર જે પટ્ટો ફરી વળ્યો હતો તે બોલતાં કહ્યું.

દીનશાહ તે લાંબુ લેકચર સાંભળી દારુણ ફાડ થઇ ગયો. કોઈપણ દહાડે પોતાનામાયને એટલું બોલતાં તેણે સાંભળ્યાં નહોતાં.

" મહારી રતન સાજી છે...તે આનદી નથી "? તેણે અન્તયત્નીમાં પુછ્યું.

" તમારી રતન સાજી થઇ છે. એક બેભલ જીવના બોગે–એક નહિ દીનશાહ– બે બેભૂલા જીવના બોગે એ બચી છે કારણ કે પુતળી બે જીવસે છે અને આ માંદગીમાં પડી ન હતે તો જરૂરજ એનું બચ્યું જીવતે " હવે બીજી બબરથી દીનશાહને ગભરાવ્યો.

" છોકરી છોકરીઓ વચ્ચેની એક શરતે તમને આટલું દુઃખ લાવ્યું એ પણ એક અલબખી છે. હા, હું કબુલ કરું છું કે પુતળીએ આ વાત તમને કહેવી હતી પણ તે એક ખૂનનું શું પરિણામ આવ્યું છે તે તો તમે જોઇ ચુકયા છો. ત્યાં પેલા ઓરડામાં પુતળી નર્સ અને ડાકટરના હાથમાં પડેલી છે.

" ઓ પીરોજબાઇ. મને એ બધી વાતની બબર નહિ–મને માફ કરો, ને પુતળી આજના દહાડા જીવો " તે શરમીંદો થઈ બોલ્યો. તેવણ ધીમે પગલે તે ઓરડો બતારી આજતથી ચાલી ગયાં

તે ઓરડી બૂબી જેવી બોરામ પડેલી હતી. ત્યાં તે ગુંડાણ મંદિરે પડયો. અને તે તવાઇ ગયેલો હાથ પોતાના હાથમાં લઇ પસવારવા લાગ્યો.

'પુતળી મહારી જાન મને માફ કર " તે ધીમેથી બોલ્યો. " ઓ બોદા એકજ વખત એને આમાંથી ઉઠાડ " તે બરા જીગરથી પ્રાર્થના કરતો બોલ્યો. ચાલુ તે અવાજ કાન ઉપર પડવાથી પુતળી જરા સાવધ થઇ.

" દીનશાહ—ઓ દીનશાહ મને માફ કરો " તે ધીમેથી બબડી અને પછી શાંત રીતે ઉઘાડ્યું ફેરવી સુતી કે જેમ આજે પંદરથી વધુ દીન તે સુતેલીજ નહતી. હવે ડાકટરે આવી દીનશાહને ઉઠાડ્યો કેમકે ઘણી ઉશ્કેરવાનો જોખમ તેઓ જોવા નહિ માગતા હતા " તમો સહવારે પાછા આવજો મી. મુલ્લાં " તે બોલ્યો પણ તેણે ઘણી ઓજર બ્બારીથી ત્યાંજ રેહવાના કાલાવાલા કર્યા જેથી ડાકટર લાચાર થયો.

કંઇ ડાજો ફેર પુતળીને પડ્યો નહિ અને તેના માટે આશા છોડતાં ત્યારે દીનશાહ તેણીને તરેહવાર પ્યાર ભર્યા નામે બોલાવી જાણે પાછો તેડી જવાનો.

એ રીતે દીનશાહનાં આવ્યા પછી પાંચ દિવસને બાંધે પુતળીને:ધાસ્તીમાંથી બોડલી ડાકટરોએ જાહેર કરી. દીનશાહને તે ઓળખી શકી હતી. અને જ્યારે એકાંતમાં તેને મળવા માગ્યું ત્યારે ડાકટરે ફકત પંચ મીનીટજ તેઓને આપી એ વખતે પુતળીની છાતી પર માથું મેલી એક બાળક મિસાલ દીનશાહ રડ્યો. અને પોતાના વાંકની મારી ચાલી.

તે ખરેખરજ દિલસ્પર્શ દેખાવ હતો એક બૂણામાં નર્સ પણ તેઓનો મેળાપ જોતી દુઃખી થઇ રડતી હતી. પુતળીએ તેને લખેલો વાર્યો પત્ર પોતે કેવા અપશબ્દો તેને કહ્યા હતા તે યાદ કરી કરીને તે પસ્તાતો અને એ રીતે તે દુઃખી મુલાકાતમાં તે બે જણા ફરી પાછા એક થયા.

દેશમાં હવે સર્વ ખુશાલ હતાં. પીરોજબાઇને પત્ર પુતળીનાં આજ થવાથી પીરોજ આવી તેણીનું બચ્યું તેણે જોયું એજ એક અસહ્ય દુઃખ પુતળીને થતું હતું, બાકીને સર્વ વાતે હવે સુખી થઇ હતી.

બુચી રતન એક ખરી દેવવંતી દીકરી કાજલ પુતળીને મ્હોટાટેકા બિમારી થઈ પડી. તેઓએ હવે પુતળી ચેન્જ લઈ પાછી આવે પછી એક મ્હોટી

ાર્યો (જાહેર) આપવાનો ઠરાવ કર્યો. ફરી એક ાત તે બેયનું સુખ પુતલી ભોગવવા લાગી.

આજેજ મિસીસ દીનશાહ મુલ્લાંને ત્યાંની જ્યા ત હતી ફરીથી તે સુંદરી પોતાની બેહદ ખુબસુરતી ાથે રતન વીતા દીપાવતી થઈ હતી. તેણીની ાથી સખીઓ ત્યાં હાજર હતી અને તેઓ સર્વ, ા તેના સુખમાં ખુશાલ હતાં.

આણાંની મેજ ઉપર પુતલીએ પોતાની બહેન ણીઓને શીખામણ દીધી અને શરત કોઈપણ બે દી શરત-કદી કોઈ સાથે બંકવી નહિ એમ સમ ાવ્યું. પોતે તે શરતનાં પરિણામમાં શું નુકશાન ર્યું હતું તે તેણીએ ઘણા લાગણી ભર્યા ાબ્દોમાં સમજાવ્યું, અને ફરીથી કદીતે એવી રીતે રશે નહિ એમ વચન આપ્યું. જે વખતે એ દુઃખ ભરી બીના પાછી તાજી નહિ કરવાના કાલાવાલા કરતો દીનશાહ ઉભો થયો અને આજના ખુશાલીના પ્રસંગે એવી વાત તેની વાઈફે તેમને કહી દીલગીર કર્યા તેની માફી માગી.

હવે ઘોડું બાકી છે. તે બેહાં વચ્ચે ફરી એવો કડવાસ કદી પણ ઉભો ન થયો અને આજે તેમના જેવી સુખી જીંદગી કોઈનું ગુલરતું હશે ખુબી રતન એ અરસામાં મોટી થઇ હતી અને હવે તેની નવલોતની ધમાલમાં તેઓ પડયાં હતાં. પીરોજબાઇ મારતરના હોમે બહુ વિખ્યાતી મેળવી અને આગળ કરતાં વધુ સંખ્યામાં તે નિરાળની છોકરીઓ લાભ લેવા લાગી હતી. દીનશાહ અને પુતળી તે હોમમાં સદા ઉલટ લેતાં હતાં અને ખુબી રતનને " ડે બોરડર " તરીકે ત્યાં રાખી હતી

મફત ! મફત !! મફત !!!

ખાત્રી કરી જોવાને માટે માત્ર ત્રણ દિવસજ વાપરવા લાયક

સર્વમંગલા.

હાથમાં લઇ જનારાને આપવામાં આવે છે. બહારગામથી મંગાવનારાઓને રૂ. ૦।૮ મોકલવાથી અથવા વી. પી. દ્વારા મંગાવવાથી ત્રણ દિવસની દવા મોકલી શકાય છે. આ દવાનો સૌથી મોટો ગુણ એ છે કે તે માત્ર એકજ વખત લેવાથી અમર કરે છે. આ દવા એવી અકસીર છે કે તેના સેવન પછી અરધા કલાકમાંજ આમ્લશૂળ અને દાહ બંધ કરે છે. એક બે કલાકમાં કોઠો સાફ કરીને ભૂખ વધારે છે. ૪ કલાકમાં મોહરોગ, એક દિવસમાં સ્વપ્નદોષ, ૨૪ કલાકની અંદર સ્ત્રીરોગ અને તેથી ઉત્પન્ન થએલી વેદના, મૂર્ચ્છા, મૂર્છા વિગેરેથી આરામ કરે છે. ૩૬ કલાકમાં ગરમી અને સુજનને ધીમે મટાડે છે. બે દિવસમાં પાણી જેવી પાતળી ધાતુને ઘટ બનાવે છે. ત્રણ દિવસમાં સર્વ તરેહની વાઇનું દરદ અને સાત દિવસમાં ધાતુક્ષીણતા નષ્ટ થાય છે. શરીરમાં શક્તિ તથા વિચાર અને સ્મરણશક્તિની વૃદ્ધિ થાય છે. આ દવા મહાત્માની આપેલી ને જંગલની જડીબુટીઓમાંથી બનાવેલી છે તેથી અગણિત દર્દીઓને આરામ થયો છે. એક શીશીની વી. પોસ્ટ ખર્ચ સાથે રૂ. ૧-૧૩-૦ છે. આ એકજ દવા જૂદા જૂદા અનુપાન સાથે લેવાથી ધાતુ અને લોહી વિકારના સર્વે રોગો એકજ શીશી વાપરવાથી મટી જાય છે બીજી શીશી વાપરવાની જરૂર રહેતી નથી. ઓર્ડર મોકલતી વેળા રોગની વિગત નહીં લખવાથી દવા મોકલવામાં આવતી નથી. કારણ કે તે આયુની આપેલી છે તેથી રોગ ઉપર આરામ થવો એજ તેનો સિદ્ધાંત છે.

દવા મળવાનું ઠેકાણું:—
સર્વ મંગલા ફાર્મસી.
બીડન સ્કવેર-કલકત્તા.
Sarvmangla Pharmacy.
Beadon square-Calcutta.

હાઇડ્રોથી રેપી.

(The Science of Hydrotherapy.)

પાણીથી દરદીને આરા ન આપવાની વિદ્યા.

(અમેરીકાનાં ફ્રીમીકલ કલ્ચર બાતાંના અનુભવ પરથી.

લખનાર—એ. પી. માદન.

(તે દવાવગરનો ડાકટર; જીવનશક્તીનું અંધારગુ-ઉ વાસ વગેરેના લેખક.)

Mud Baths માટીનું સ્નાન.

આ મડબાથ યાને માટીનો બાથ એટલે કે શરીરને માટીનું પદ કરવું. એ રીત હાલે યુરોપના ઘણાક 'નેચર ક્યોર' ના હિમાયતીઓ કામે લગાડે છે. આ માટીથી શરીર માંહેલા ઘણાક વિજાતીય પદાર્થો અથવા ઝેરો બાહેર નીકળી જાય છે અને દરદો સાજાં થાય છે, આ માટે સોજી બીની માટી જ્યાં મળી શકે ત્યાં, સાધારણ કાદવ અથવા બીની માટીને બદલે વપરાય છે. સુકી માટી પણ કેટલાકો વાપરે છે. તે એમ કે માટીમાં માથું બાદેર રાખી આખું શરીર લગભગ દાટી મુકાય છે. પણ બીની માટી જેટલી તે ગુણકારક હોતી નથી. માટી જે સુર્યના તાપથી ગરમ થએલી હોય છે તો તેથી શરીરને ગરમી લાવી પરસેવો છુટે છે. સુકી માટી જે વપરાય તો થોડી પણ ગરમ હોવી જોઇએ.

તરે આ માટી કઇ જગ્યા પરની વાપરવી તે માટે વિશેષ ધ્યાન રાખવાનું છે. ચોખ્ખી જગ્યાની માટી ન હોય તો કાંઇ તેવો ચેપી રોગ લાગવાનો ભય રહે છે. જ્યાં ગામડી ઢાટી હોય ત્યાં આ મડબાથ લેવો સલાહકારક નથી. પણ જ્યાં કાંઇક સોજ્યો આવ્યો હોય, જેવા કે રૂમેનીઝમ (સંધીવા) અથવા માર લાગ્યો હોય. ત્યાં બીની માટીના ચોપડાથી પણ આરામ થાય છે. છતાં ગરમ પાણીના સેક પણ સારો ફાયદો થાય છે, અને તે પણ સલાહકારક ઉપાય છે.

The wet Sheet Pack.

ભીણી ચાદરનાં સેક.

આ બાથની રીત એ છે કે, શરીરને ભીણી સુતરાઉ ચાદર લપેટી તે ઉપર બીજું ગરમ કપડું વીંટાળવું કે જેથી હવા ઉડી ન જાય, અને નીચેની ભીણી ચાદર જલદી સુકાઇ ન જાય—આ માટે જોઇતી ચીજો નીચે પ્રમાણે છે.

એક મોટો દબલ બ્લાનકેટ, એક સીંગલ બ્લાનકેટ, બે મોટી ચાદરો, જેમાની એક બનીશકે તો લીનનની લેવી, ને બીજી કોટનની સફેદ ચાદર, એક મોટો તોવેલ યાને દીલ પુછવું, અને બે થી ત્રણ, ગાલન જેટલું પાણી, જેની ગરમી ૬૦' થી ૭૦' ડીગરી હોય એટલું ઠંડું પાણી, (૧) પહેલા-એક મોટી ચાદર લઇને તેની લંબાઇએ, દબલ કરી બીજાના ઉપર મુકવી પણ તેનો ઉપલો છેડો દરદીનાં માથાં તળે જે પાટલો ઓસીકો અથવા તકીયો હોય તેનો નીચેનો થોડોક ભાગ ઢંકાય એટલી લાંબી ચાદર હોવી જોઇએ.

(૨) પેલા દબલ બ્લાનકેટને કોચ ઉપર એવી રીતે મુકવો કે તેની એક બાજુ, દરદી ઉપર પ્રયોગ કરનાર બાજુસ હોય તેની સામી બાજુએ બે ફીટ જેટલો ભાગ નીચે લટકતો રહેવો જોઇએ (જુઓ ચીત્ર ૧ લું સામા પેજ ઉપર).

(૩) બીજી (લીનનની) ચાદરને પાણીમાં બોળીને બે માણસોએ તેને નીચવી દાટી મુકી

કરવી (તે માટે બે માણસો સામસામી ઉભા રહી ચાદરનો એકેક છેડો પકડીને નીચવવાથી થઇ શકે છે) આ ઝીણી ચાદરને પેલા બ્લાનકેટ ઉપર એવી રીતે પાથરવી કે બ્લાન્કેટનો છેડો પેલી ચાદરથી એક યા બે ઇંચ બાહેર રહે.

(૪) તે પછી દરદીએ પેલી ભીની ચાદર ઉપર સુંવું કે તે એવી રીતે કે, ચાદરનો ઉપલા યાને માથાં આગળનો ભાગ, દરદીનાં ખભાથી આશરે ત્રણેક ઇંચ જેટલો બાહેર રહે, તે વેળા દરદીનાં બેઉ હાથો માથાં ઉપર ઉંચે કરવા જુઓ ચીત્ર.

(ચિત્ર ૧ લું બેડશીટ પેક કેમ અપાય છે તેની રીત.)

(૫) તે પછી પેલો બીદમતગાર અથવા ડાકટર એક બાજુથી ચાદરને હાથમાં લઇ હાથની નીચેથી લપેટી ત્યાં ટાંચણી યા સેફટી પીને, ટાઇટ કરી લેવું તે પછી એકે પગને લપેટી ત્યાં પણ પીન લગાડે, બીજો પગ ખુલ્લો જ રહે, તે પછી ચાદરનો દુરનો ભાગ શરીરનાં બીજા ખુલ્લા ભાગ ઉપર લાવે, અને તેજ વેળા દરદી પોતાના હાથો હેઠળ લાવી પોતાની બાજુમાં મુકે તે પછી અકેક ખભા ઉપર ચાદર લપેટતા જવું તે એવી રીતે કે દરદીને કાંઇ અગવડ ન આવે કે જેથી તેના લોહીનાં વાસણો, દબાઇ જાય.

(૬) તે પછી નીચેના બ્લાનકેટનો એક છેડો લેઇ પેલી ચાદરની ઉપર, પહેલાં પગો ઉપર વીંટાલતાં જઇ ખભા સુધી સંભાળથી લાવવો, કે જેથી બીજા ખભા સુધી આવી ત્યાં બરાબર બંધાય.

હુકમાં કહીએતો-પેહલાં ભીની ચાદરમાં દરદીને લપેટી લેઇ તેની ઉપર પેલો ગરમ બ્લાનકેટ, વીંટાલી જાણે કે એક પુતળાંને બાંધી મુકયું હોય તેવી રીતે કરવું, કે જેથી હવા અંદર જઇ ન શકે, જુઓ ચીત્ર.

(ચિત્ર ૨ જું પેક કરાયેલો દરદી)

જ્યાં વધુ ગરમીની જરૂર હોય ત્યાં બીજો એક વધુ બ્લાનકેટ દરદીને ઓઢાડવો, પણ તેને ખભાં તેમજ પગ આગળથી "ટક ઇન" કરી સંકડીને રહે તેમ કરવું-જો ચાદર ટાઇટ લપેટાય નહી તો ઠંડી લાગવાનો સંભવ રહે છે માટે શરૂઆતની જે ચાદર લપેટાય તે શરીરની ચામડીને તદન સપાટ થઇ લાગી જાય. એવી



રીતે તાઇટ લપેટવી–કારણ કે આ સંજોગોમાં ગરમી ઉડી જાય છે; જ્યારે આ પેક આપવાની મતલબ એજ કે, દરદીનાં અંગમાં સારી જેવી ગરમી તેમજ મજ્જાતુત પાછી વળતી અસર આવે–તેથી આ ઘણું અગત્યનું છે કે ચાદર ધણી સંભાળથી લપેટવી કે જેથી કોઇપણ જગ્યા એવી ખાલી ન રહે કે જેમાંથી દરદીને ઠંડક લાગેજ અને તેમ જે દરદીને ઠંડક લાગે, તો આ બાથ આપવો બંધ કરવો. અથવા તો વધુ સંભાળ લઇ ફરીને આ ક્રીયા કરવી.

જ્યાં એક દરદી ઘણોજ નાનવાન હોય યા ઘણો નર્વસ હોય ત્યાં તેનો એક હાથ યા બન્ને હાથો પેકની બાહેરજ રાખવા ઠીક છે, પણ તેમને ગરમ કપડાં યા બ્લાનકેટથી સારીપેઠે વીટાળી બંધ રાખવા, કે જેથી દરદીને ઠંડક લાગે નહીં.

આ બાથ જે જરૂર રીતે અપાય તો તેથી લોહીમા રહેલા ઝેરી તત્વો ઘણું ઝડપથી બાહેર નીકળી જાય છે, તેમજ દરદીની શક્તિ વધવા માંડે છે.

ન્યુમોન્યાં જેવા દરદમાં, ઘણાક કેસોમાં, જ્યાં આ પેક અપાયો છે ત્યાં એ પેકનો ગુણ માલમ પડયો છે

પેકમાં મુકયા પછી દરદીને ગરમી ન આવતી હોય એવું લાગે, તો બાહેરનો જે બ્લાનકેટ ઓઢાડેલો હોય તેના ઉપરથી, બીદમતગારે શરીરને ખુબ ઘસવું, અથવા તો ગરમ પાણીની કોઠળી યા બાટલી યા ઇંટ કે પથ્થર જે મળી શકે તે ગરમ કરી પગનાં તલીયામાં, તેમજ શરીરની બન્ને બાજુમાં તેમજ પેટ ઉપર પણ મુકવા. યાને ગરમ સેક કરવા.

દરદી પેકમાં બંધાય તેની આગમજ તેનું માથું, મ્હોઢું અને ગરદન, આ ત્રણે હમેશા ઠંડાજ હોવા જોઇએ, અને જ્યાં સુધી પેલો પેક ચાલુ રહે ત્યાં સુધી એક રૂમાલ યા નાપકીનને ઠંડા પાણીમાં બીંજવી અને નીચવી કાઢી, થોડી થોડી મીનીટે મ્હોઢા તેમજ માથાં ઉપર ચાલુ મુકયા જવું.

આ કેટલોવાર રાખવું તે જે પરીણામ લાવવા માંગતા હોય તેની ઉપર આધાર રાખે છે.

જ્યાં તોનીક અસર જોઇતી હોય ત્યાં દરદીને ગરમીની લાગણી સગવડ ભરી થઇ લાગે ત્યા સુધી ચાલુ રાખવી, કે જે દેખાડે છે તેને પાછી (જોઇતી) વળતી અસર થઈ છે. આ વીશ મીનીટથી ઓછા ટાઇમમાં થવું ન જોઇએ.

જ્યાં રીએક્શુલેટીંગ અથવા ઘણી ગરમીની અસર જોઇતી હોય ત્યાં આ પેક જ્યાં સુધી પરસેવો આવવા લાગે નહીં ત્યાં સુધી ચાલુ રાખવો. અને એ માટે એક કલાક પણ લાગે તો તેની કાંઇ ચિંતા નહીં, સીવાય કે દરદી. જે તદન કાચી ગયેલો દીસે તોજ કાઢી નાંખવો અમે તો વધુ બે ત્રણ ચાર બ્લાનકેટ ઓઢાડયા.

દરદીને જ્યારે પહેલાં પેકમાં વીંટાળવામાં આવે છે ત્યારે ઘણુાખરાંઓને નર્વસ ફીલીંગ યાને ધાસ્તી જેવું લાગે છે તે કાંઇ અસાધરણ નથી, પણ જેવા પેકમાં વીંટલાયો કે પછી તુરતજ ગરમી આવી સગવડ ભર્યું થઇ લાગે છે અને ત્યારકેડે ઉંઘ પણ આવી જાય છે.

આ વેટ (ભીનાં) પેકના ચાર તબક્કા છે એવું કહેવાઇ શકાય–તેમનો આધાર દરદીની સામાન્ય હાલત તેમજ કેટલી વાર સુધી પેક રખાય તે ઉપર રાખે છે. (૧) ઠંડુ કરવાનું કાર્ય (cooling) ઠંડા પેકથી શરીરની ગરમી (તાવ) ઓછી થાય છે. (૨) Neutral યાને ધણો ગરમ પણ નહી, તેમજ ઠંડો પણ નહી એટલે કે શરીરની ગરમી જેટલીજ ગરમ સેક તે ન્યુત્રલ. (૩) જેવી ગરમી એકકી થાય છે તેવીજ શરીરમાં ગરમી વધવા પામે છે. (૪) Sweating યાને પરસેવો.

આ ઠંડો પેક જો દરદીને સહવારનાં જોગ્યા કે યાને જ્યારે રાતની એકકી થયેલી ગરમી તેના શરીરમાં રહેલી હોય છે ત્યારે તુરતજ આપવી ઠીક છે તેમ જો ન અપાય તો ત્યાર કેડે પેક આપવા આગમજ, તેને થોડીક મજબુત કસરતો કરાવવી જોઇએ, અથવા પહેલા ગરમ બાથ આપી આ પેક માટે તૈયાર કરવો જોઇએ છે. નીયમ તરીકે જ્યારેથી તેને ઠંડી જેવું લાગતું હોય ત્યારે આ ઠંડો પેક કદી પણ આપવો નહીં.

જો માત્ર ટોનીક અસર જોઇતી હોય તો દરદીને તે પેકમાં સાતથી દશ મીનીટ સુધીજ રાખી તુરતજ બાહેર કાઢવો.

તે પછી જો તેના અંગને જુમ જોર મસળવામાં–ના ચોળવામાં આવે અથવા તેવી ઝડપી કસરતો અપાય તો આ ઠંડો પેક ઘણી સારી અસર કરે છે.

તાવ જેવા દાખલામાં, જ્યાં ગરમી ઓછી કરવાની હોય ત્યાં, કેટલાક દાખલામાં, દર દશ મીનીટે ઠંડો પેક બદલવો જોઇએ. અથવા તો પાછી રીએકશન શરૂ થાય તેની આગળ,

જ્યાં સુધી ન્યુત્રલ અસર યાને ગરમી બધી ઓસરી જાય ત્યાં સુધી પેક થયા કરે તો તે ન્યુત્રલ બાથના જેવીજ અસર કરે છે યાને દરદીને આરામ થઇ–ઉંઘ લાવે છે.

તે પછીના તબક્કે કે જ્યારે શરીરમાં પરસેવો આવી છીદ્રો માંહેથી પરસેવાના આકારમાં ઝેરો (Toxins) બાહેર નીકળવા માંડે છે તે બહુજ કીમતી મદદ કરે છે. તેની ફાયદાકારક અસરોને મદદ કરવા યાને વધુ પરસેવો નીકળે તે માટે દરદીને ઘણું સરખું ગરમાગરમ પાણી અથવા ગરમ લેમોનેડ પાયા કરવો.

આ જાતના પેકો, તાવ ઉપરાંત–ગોવરૂ–ન્યુમોન્યા વગરે માટે બહુ ફાયદાકારક અને કીંમતી થઇ પડે છે દરદીનાં આંગપરની છેક હેઠળની ચાદર કાઢવા વિના ઠંડી અસર ઉપજાવવા માટે આ પેકની સારી અસરો થવા માટે બે રસ્તા છે. યા તો છાતીની ઉપરનાં ભાગ ઉપર ઠંડુ પાણી છાંટવું અથવા તો આઇસ (બરફ) નાં ટુકડાને લઈ તે ચાદર ઉપર ફેરવવો–તે પછી ઉપરનો (ગરમી આપવામાં) બ્લાનકેટ આગળ કહ્યું છે તેમ વીંટાળવો.

જ્યાં માત્ર પરસેવોજ લાવવાનો હેતુ હોય, ત્યાં, વધુ બ્લાનકેટ ઓઢાડવા તેમજ ગરમ પાણીની બાટલીઓ આપવી.

The Wet Sheet Rub–ઠંડી ચાદર પર ઘસવું.

આ એક સહુથી પુરાણો તેમજ સારી પેઠે જાણીતો હાથોથી રેપીનો ઇલાજ છે–અને ઘણાં લાંબા કાળથી, સારી અસર ઉપજાવનાર તરીકે વપરાય છે, એમાં પાણી કેટલું ગરમ–યા

થંડુ લેવું તે દરદીની હાલત અથવા ગરજ પ્રમાણે નક્કી કરવું–પણ એની રીત ચીત્રમાં દેખાડવા મુજબ છે.

એક ગરમ પાણીનાં (૧૦૪ થી ૧૧૦ ડીગ્રી સુધીનાં ગરમ) ફુટ બાથમાં પગો રાખી ઉભા રહી–જે બનતું પાણી જોઇએ તે પાણીમાં ચાદર બોળી કાઢી–નીચવી લઇ—દરદીને કાડપથી ગરદન આસપાસ વીંટાળી લઇ આખા શરીરને લપેટી નાખી તાંચણીથી બંધ કરી લેવી. તે પછી બીદમતગાર પોતાના હાથો ઉઘાડા કરી તેમાંથી દરદીની શરીરને ઉપરથી તે છેક પગ સુધી ચોળે છે તે માટે ચાદર બરાબર સપાટ વીંટાએલી હોવી જોઇએ કે જેથી ઘસતાં ચાદર ઉપર નીચે બને નહી. આ લપેટવાનું કામ કાડપથી થવું જોઇએ. અને તેમ કરવા માટે, કેટલીવાર બે બીદમતગારની મદદ લેવી જોઇએ છે–કે જેથી એક બાજુ શરીરને આગળથી ઘસે, બ્યારે બીજો પાછલા ભાગને ચોળનો બને–બ્યાં સબબ પસારો બબરાને શરીર નબળું હોય ત્યારે માત્ર હાથની છાપનો મારવા બદલું–દરેક ભાગ ઉપર એક પછી ચાપુ છાપનો મારતા બદલું.

ઓરતો માટે નહાવાનું–ઓરતો માટે ઠંડો બાથ બાસ કરી ભલામણ કરી શકાય. જે ઓરતોને પોતાના શરીરનાં કાર્યમાં બલલ થતી હોય યાને અમુક ભાગો કાર્ય કરતા ન હોય તેઓને જે વેદના થાય છે તેઓ જો ઠંડા બાથ લઇ તેની શક્તીમંદ અસર મેળવતા હતે તો કદી પણ આવી વેદનાનાં ભોગ થઇ પડતે નહીં. શરીરનાં અવયવોનાં કાર્ય સમાન રીતે ચાલુ રહે તે માટે ઠંડા બાથ જેવું ફાયદા કારક ઇલાજ એકે નથી. કારણ કે તેથી જ્ઞાનતંતુઓ (મજવા) સચેત થાય છે, અને તેથી નર્વસ વીકનેસ મારી કાઢે છે અને હીસતીરીયા જેવો રોગ કદી પણ આવી શકતો નથી.

જે ઓરતોને ઠંડા પાણીનો બાથ લેવાની આદત હોય છે. તેમને મારીક માંદગી કે જે ઘણા ઓને હેરાન કરતી હોય છે, તે કદી પણ થતું નથી.

મોટે ભાગે નહાવાની બાબદ બલકે જે જે ચીજને મરદને લાગુ પડે છે, તે ઓરતોને પણ એક સરખી રીતે લાગુ પડે છે. ઠંડાં પાણીનાં ફાયદા બન્ને એક સરખા ફાયદા કારક થાય છે. પરંતુ ઘણી ઓરતોના બાબમાં અતીશય ઠંડા પાણીથી દુર રહેવામાં સારૂં છે.

હવે આ શરીરને હાઇડ્રોથી રેપીનાં ઇલાજો કરવાના છે તેની આગમજ સહુથી પહેલા જે બાબદ ઉપર વિશેષ ધ્યાન આપવાનું છે તે માટે ચેતાવ્યાથી–આ પાણીના ઇલાજોને દરદને મટાડવાને બધુ કાર્યસાધક થઇ પડશે.

દરદી માણસની મુખ્ય ફરીયાદ અથવા જે દરદ વેળા ચાલુ નહી પણ હોય, છતાં શરૂઆતમાં તો તેને કબજીયાત અથવા ઝાડો નીયમસર નહિ આવવાની ફરીયાદ, મોટા માણસમાંથી નવાનું કેસમાં જરૂર હશેજ. માટે તેના ઉપાય શરૂઆત માંજ લેવાવા ઘટે છે કારણ કે આ બધી બા બરોને જે આંતરડામાં રહેવા પામે છે તે બાદર નીકળવાથીજ માણસને દરેક પ્રકારની બીક

બાધીઓ થાય છે. તેથી એ આંતરડાનો કચરો તે શું, તે કેમ કઢાય, તેની સહેલમાં સહેલ છતાં ઉતમ પ્રકારનો જે પાણીનો ધલાજ યાને અંતર-સ્નાન છે તે વીષે ખુલાશાવાર સમજાવેલું વ્યર્થ જશે નહીં.

એક મોટી ભુલ.

તમને દરરોજ એક ઝાડો થતો હોય તેથી એમ ન સમજવું કે તમારી મોટી ઇનટેસ્ટાઇનમાં કબજીયાત નથી યાને તેની અંદર ચોટકી રહેલી કોઇક વસ્તુઓ નથી. સારી તનદરોસ્તી ભોગવવા માટે, માણસને દરરોજ બે અથવા ઓછામાં ઓછો એક ઝાડો તો સારી રીતે થવો જ જોઇએ.

જ્યારે તમને સુસ્તીની લાગણી, તાવ જેવું બરાબ્ર શ્વાસ, છાંબ ઉપર કરો, ઘેરાયલો ફીકો ચહેરો, હાંરણ, હાંસો કે કુત્તા, ખીલ વગેરે જેવું માલમ પડે ત્યારે જાણવું કે આ કુદરતી ચેતવણી છે કે અંદર કાંઇ બરાબર નથી અને તેથી તે ઉપર તમારે તુરત ધ્યાન આપવું જોઇએ.

આ માત્ર બાહેરની નીશાણીઓ છે કે જેમનાં તરફ તમો બેદરકારી બતાવો અને જો આ ઇનટેસ્ટાઇનને સાફ—સ્વચ્છ કરવા માટે ધલાજ ન લીધો તો તમને અવશ્ય તાવ—રૂમેટીઝમ—લીવરની ફરીયાદ, હાર્ટ યા ફીકની ત્રાસલ વગેરે ભયંકર ફરીયાદ ઉભી થવાની—તેનું કારણ ?

જે કચરો કુદરતે નાલાયક કીધો અને જેનો શરીરને પાછો કશો ઉપયોગ નથી તે કચરા (ઝેરો) ને જ્યારે તમારાં આંતરડા બાહેર ફેંકવાને કાર્ય કરી શકતાં નથી ટુંકમાં તમને કબજીયાત થઇ તો પછી ત્યાં ધીમે ધીમે વધુ ઝેરો પેદા થવા માંડે છે કે જે લોહીનાં સરક્યુલેશનમાં ભળતાં થઇ ખુદ લોહીને નાલાયક—(ઝેરી) કરી, અમુક ગંભીર દરદને જનમ આપે છે—આ વાત જો તમારા ધ્યાનમાં ઉતરે તો પછી તમો સહેલાયી સમજી શકશો કે મેડીકલ ડાકટરો દરદ માટે જે કહે છે કે તે બાહેરથી આવે છે—તેમાં કાંઇ વજુદ નથી પણ જે કાંઇ દુઃખ દરદ થાય છે તે માટે આ "કોલન" યાને આતરડું જે માણસાઇ ગટર છે તેજ જવાબદાર છે જે માટે નીચલી સોહદત રજુ કરીશ.

દુનીયામાં સહુથી વધુ પ્રખ્યાત થયેલા પ્રોફેસર મેચનીકોફ કહે છે કે, "કોલન" ગે ભયંકર કીડાઓ (જર્મો) ને પેદા કરવાની જગ્યા છે.

પ્રો૦ મેચનીકોફ—કે જેના કરતાં વધું કુશળ બાયોલોજીસ્ટ અને ફીઝીયોલોજીસ્ટ દુનીયામાં બીજો કોઇ નથી એવું કહેવાય છે તેણે લાંબા વખતથી પુરવાર કર્યું છે કે તનદરોસ્તી માટે આ "કોલન" મોટું ભય સમાન છે એટલુંજ નહીં પણ જીંદગીને પણ જોખમ સમાન છે.

કેટલાક વરસો આગમજ જ્યારે પ્રો. મેચનીકોફ કોલેરા વીષે અભ્યાસ કરતો હતો, ત્યારે તેને માલમ પડયું કે એક સાધારણ તંદરોસ્ત દેખાતા માણસના આંતરડામાં અસંખ્ય જાતના "બેકટીરીયા" (જીવ જંતુઓ હમેશાં રહેતા હોય છે કે જે માંહેલી કેટલીક જાત ઘણી ભયંકર હોય છે તે કે જે ખાસ કરીને કોલન યાને મોટાં આંતરડાં કે જ્યાં આ નુકશાન કારક જીવજંતુઓ ઘણાંજ ભેગાં થતા હોય છે—તેણે પોતાની મક્કમ માન્યતા જાહેર કરી છે કે "આ ઇનટેસ્ટાઇનલ" "બેકટીરીયા" જે ઝેરો પેદા કરે છે તેઓજ મનુષ્ય જાતને થતાં સઘળાં દરદોનું મુળ કારણ છે તેમજ જવાન વયે (યાને ટુંક ઉમરમાં) બુઢાપો લાવવાનું મુખ્ય કારણ છે.

હવે આતો પુરવાર થયેલી બીના છે કે સઘળાં પ્રાણીઓ, માણસ તથા જનાવરો જ્યારે જનમે છે ત્યારે તેમનાં પાચન ક્રીયાંના અવયવો તદન પવીત્ર અને સોજ્જાં હોય છે, તેમજ આ

એકત્રીયાથી નીરાળાં હોય છે, અને આ બાબદ પ્રો૰ મેચનીકોફ કહે છે કે, મારૂં ખાત્રીપુર્વક મત છે કે જો આપણે આપણી બાળઅવસ્થાની કેરી વચ્છ ઇનટેસ્ટાઇનને હમેશાં બળવી રાખીએ અને તેને આ ઝેરી એકત્રીયાથી બચાવી રાખીએ યાને તેઓને પેદા થવાનું કારણ ન આપીએ તો જે દરદો આ જીવડાઓને લીધે થવા પામે છે તે બધાં દરદો થતાં આપણે અટકાવી શકીયે, કે જે દરદોમાં કોનીક. "હાર્ટ-ડીસીસ," આરટીયરો સ્લેરોસીસ અને સઘળી જાતના "હેડ-એક" યાને માથાનાં દરદો આવી જાય છે એટલુંજ નહી પણ આપણી જીંદગીને વધું લાંબી, વધુ સુખવાસી બનાવી શકાયે-કારણકે કવખતે બુઢાપો આવવાનું સઉથી મોટું કારણ જે આતરડામાં આ ઝેરો એકઠાં થવાનું અને લોહીને ઝેરી બનાવવાનું છે તે એકઠા થવાનું બંધ થાય-જે મતને સેંટ ફ્રાનસીસની પોસ્ટ ગ્રેજુએટ હોસ્પીટાલેાનો વડો ડા૰ સામયુલ લોઇટ ટેકો આપે છે અને કહે છે કે-મેચનીકોફ કહે છે તેમાં જરાયે શક નથી કે માણસનું મોટું આંતરડું, એ ઝેરી કીડાઓને પાળવાનું મુખ્ય મથક છે, કે જેઓ તનદુરસ્તી ને જોખમ કરી જીંદગી ટુંકી કરે છે.

(એ ઝેરી જીવજંતુઓ પેદા થવાનું કારણ તે કબજીયાત છે જે માણસ પોતાની હાયેજ ઉપજાવે છે,)

કબજીયાતને લીધે શરીરની થતી બીજી ગંભીર હાલતો.

કબજીયાતનું પરીણામ ઉપર કહ્યું છે તેમ દુખદરદો ઉપજાવે છે. તેથી જીવન શક્તિ તથા ખમવાની (Endurance) શક્તી ઘટવા માંડે તે સામે શરીરની બીજી બધી શક્તીઓ પણ ઘટવા માંડે છે. ખાસકરી પાચનક્રીયા (એસીમીલેશન) સમાવેશ ક્રીયા લોહી વહેવાની ક્રીયા વગેરે અને આ સઘળું મેડીકલ સાયન્સથી કબુલ કરે છે કે આ કોલનમાં ભેગા થયેલા ઝેરોનુ પરીણામ છે.

ત્યારે આ ઘટી ગયેલી જીવનશક્તિને પાછું વધારવાનું અને કવખતે મરણ થતું અટકાવવાનું તેમજ કરીને એકવાર જીંદગીની મોજ (ખરી તંદરોસ્તી) ભોગવવાનું એ સહુ આપણાં પોતાના હાથમાંજ રહેલ છે. અને તે આ ઇનટનલ બાથના ઉપાય છે કે જેથી આ ઝેરો કોલનમાંથી નીકળી જઇ તમારી ગટર સાફ થશે અને ત્યારેજ લોહી પાછું પવીત્ર થવા માંડી તબીયત સુધરતી જશે. દવાની ગોળીઓ કે ધીયારાથી થઇ શકતું નથી-(જે માટે હજારો માણસોને અનુભવ હશે) એવા અકુદરતી ભેલાઓ વાપરવા માટે ગેાયા કુદરત તમને શીક્ષા કરે છે કે જ્યારે તમો આટલા નબળા પડી જાઓ છો કે તેની સામે ટકવાની તમારામાં શકતી રહેતી નથી અને ત્યારે ડાકટર કહેશે કે હવે હમારી દવા તમો ઉપર કારગત થતી નથી અને ચાલી શકતી નથી કારણકે તે કહેશે કે ત્યાં ગંભીર કોમપ્લીકેશન (complication) થયું છે અલબતાં ડાકટર કાંઇ એમતો નજ કબુલ કરશે કે આ હાલત આ બધી 'કેથારતીક', દવાઓની આદતને આભારી છે!

કદાચ કેટલાક વાંચનારાઓ કહેશે કે આ બાબદને મેં બહુજ ગંભીર રૂપ આપ્યું છે પણ તેમ કાંઇ ગભરાવા માટે આ લખ્યું નથી પણ કબજીયાતની ફરીયાદ કેટલી હદસુધી ખરાબી કરે છે તેનો કાંઇક ગંભીર ખ્યાલ તમને આવે એટલા માટેજ આ લંબાણ વીગત આપી છે.

હવે તો સઉથી મોટા આગેવાન મેડીકલ સત્તાધીકારીઓ પણ કહે છે (જે વિષે શરૂઆતમાં Medical Brief જેવા નામનીના પેપરનો રીપોર્ટ હું આપી ગયો છું) કે ૮૦ થી ૮૫ ટકા જેટલા દરદોનું મુળ આ મોટાં આંતરડામાંજ રહેલું છે, અને જ્યારે ડાકટરો પાસે તેનો ઇલાજ તરીકે "કેથારતીક" ભેલાઓ અને છરી સીવાય બીજા કાંઇ ઉપાયો નથી ત્યારે તો આ "ઇનટરનલ" બાથ તરફ દરેક માણસે ધ્યાન દોરવુંજ જોઇએ; કારણ કે

કીસ્મતની કહાંણી.

યાને

રાણી માતાનો પ્યાર

(ઐતિહાસિક ચાલુ વાર્ત્તા.)

(ગયા અંકથી ચાલુ.)

પ્રકરણ ૩૧.

બોનરની અજાયબી.

સુભાગ્યે મહેલમાંથી . સર ફ્રાન્સીસની ગેર હાજરીની ખબર કોઇને પડી નહિ. રાણીમાતાને તેની જરૂર ન પડતાં તેને તેડવામાં આવ્યો નહિ એટલે તેને શોધવા કોઇએ ધરકડી કરી નહિ. તે ધુપા વેષમાં હોવાથી લેડી એડીથના બચાવનારાઓમાંના એક તરીકે પણ જણાઈ શકયો નહિ.

તેના આવ્યા પછી ચારેક કલાકે બોનરનો માણસ મહેલમાં આવ્યો ને તેણે રાણી માતાને વરદી આપી કે બોનરના માણસોની હીકમત અને કુનેહથી ભારે મહેનત અને ઝપાઝપી પછી લેડી એડીથને પાછી પકડવામાં આવી હતી અને ટાવરમાં કેદ પૂરવામાં આવી હતી.

રાણીને આ ખબર અમૃત સમાન થઈ પડી. ગોમા તેણીની બેચેન જીંદગીમાં તેથી નવું જોશ આવ્યું અને તેણીએ તુરતજ બીજે દીવસે ત્યાંથી નીકળી વીંડસર જવાનો હુકમ આપ્યો.

આ બધી ધમાધમી ચાલતી હતી ત્યારે આપણો માનીતો કેપ્ટન બી શું કરતો હતો તે જોવાની કાંઇક જરૂર છે. સર ફ્રાન્સીસ પોતાના મામાને મળ્યો ને પછી હાથ જોડી, ખુદા પર શરૂસો રાખી ચુપ બેઠો હતો. કેપ્ટન બી કોઇથી ખાંડ્યો જાય તેમ ન હતો. તેણે પોતાના એક મદદનીશની મદદ સાથે લોર્ડ નોર્થનું મૂરદું એક ગાડીમાં મુકયું. તે પછી એક કાગળ લખી તે કાગળ મૂરદાંની છાતી પર ચીટકારી તેણે તે પેટી બંધ કરી ચોકકસ હુકમો આપ્યા.

બે માણસો બે તેજ ઘોડાની ગાડી દબડાવતા બીશપ બોનરના મહેલ આગળ આવ્યા. ઘંટ વગાડવા સાથે તેમણે તે પેટી ગાડીમાંથી ઉપાડીને જોયો દરવાજો ઉઘડયો કે પેટી લઇ જઇને હોલમાં મુકી.

"લોર્ડ બીશપ બોનર બારે એ છે, ભાઇ" તેઓમાંના એકે વરદી આપી, ને તેઓ બહાર આવી ગાડીમાં બેઠા ને બે મીનિટમાં તો નજરથી ગુમ થઇ ગયા.

બોનર ખુશાલીમાં આવી જઇ ફસકાઇ ફસકાઇને હસતો પોતાના ઓરડામાં બેઠો હતો. 'લેડી એડીથ હાવર્ડ ટાવરમાં હવે તો સલામત છે' તે એકસો ને એકમી વાર પોતાનાં મનને સંભારો આપી રહ્યો. 'વલ્લાહ...વલ્લાહ...તરખલા! ગારડીનરનો ચહેરો જોવાલેગ થયો હશે! એ ચીનાઇ વરોરૂં જબરૂં ધુમરાઇ ગયું હશે. રાણીમાતા અજબ ખુશ થશે. તેમને તો આ ખબર મળી ગઇ હશે...આહ! હવે મારો દાવ આવ્યો ખરો! બચ્ચા ગારડીનર, તું બહુ કુંકું કુંકું કરી રહ્યોછ તે હવે તને—' તેના આ હવાઇ

સ્વપ્નામાં ખલલ કરવા તેનો નોકર અંદર આવ્યો ને એક ભારે વજનની પેટી આવવાની વરદી આપી.

'અલબત્ત, રાણીમાતા તરફની તે ભેટ હશે!' બોનર પોતાની ખુશાલી જેમ તેમ છૂપાવતો વિચારવા લાગ્યો. 'દોડ, માણસો સાથે એકદમ લાં લઇ આવ.'

'તેઓ તો ગયાં, મારા લોર્ડ.'

'શું? એટલાં બધાં જલદી! કારણ?...મારે તેમને કાંઇક બક્ષિસ આપવાની હતી...બોલ-ગઇટ, તું તે લાં ઉંચકાવી લાવ.'

ચાર માણસો તે લઇને આવ્યા.

'બોલો' બોનરે ફરમાવ્યું.

ત્યાંનો દેખાવ અત્રે રજુ કરવા કરતાં કલ્પનાથીજ મનમાં ધારી લેવા વાંચક વર્ગ પર છોડી-યું તો તેમાંજ ફાયદો છે. તે પેટીમાંનાં મૂદ્દાંનો દેખાવ જોતાં બારે ગભરાટમાં પડી તે માણસો ત્યાંથી ન્હાસી ગયાં. ભયમાં થરથર ધ્રુજતો બોનર એકલોજ ત્યાં રહી ગયો. તેના ટાંટયા ધ્રુજતા હતા પણ એક પગલું તેનાથી આગળ ઉંચકાતું ન હતું. ધીરેથી તેનું ધ્યાન છાતી પરનાં કાગળ તરફ ખેંચાયું. વાંકો વળી તેણે પોતાનો ફોસ તે શબ પર મુકયો ને પછી પોતાના હાથે તે કાગળ ખેંચી કાઢી વાંચ્યું. તે નીચે મુજબ હતું.

"મારા લોર્ડ બીશપ,

તમોજ જોઇ શકશો કે લેડી ઓડીથ લ્યવર્ડ-ના પકડાવા સાથે લોર્ડ નોર્થે પહેલા ભોગ તરીકે પોતાનો જન આપ્યો છે. તેણીના મોત સાથે તારી જીંદગીનો ભોગ તને આપવો પડશે. સંભાળ! ખુબ હુસ્યારીમાં રહેજે!!"

"તરવારને બોપરીનાં નિશાન સાથનો! ...ઓહ, મારા ખુદા!' બોનર રાક્ષસ ચહેરે આસમાન તરફ જોતો બોલ્યો. 'આ બદબખ્ત બોરતને મારી હું તો રાણીમાતાની મહેરબાનીમાં આગળ વધવા માંગતો હતો!'

તે સ્તબ્ધ જેવો જમીન પર બેસી રહ્યો. 'તેણીનાં મોત સાથે મારી જીંદગીનો મને ભોગ આપવો પડશે' બેભાન હાલતમાં તે પડયો હોય તેમ તે બકબક બક કરવા લાગ્યો, મુંઝાયે થોડા વખતમાં તેનો નોકર પાછો અંદર આવ્યો.

'મારા લોર્ડ, આપનો શું હુકમ છે?' તેણે નરમાસથી પૂછયું. બોનર ચોંકયો. તે હવે ઉઠીને ખુરસી પર બેઠો.

'આને હયાંથી ઉપાડી જા' તે મૂદ્દાં તરફ જોતાં તેણે ફરમાવ્યું. 'એને બા આબરૂ સાથે દટાવજે, સમજેછ કે?'

'હા, મારા લોર્ડ.'

'આ કાગળમાં બધો બોલાસો છે' તે કાગળ બતાવતાં તેણે જણાવ્યું. 'મને મારે બીજાને લઇ જા ... હું લગાર આરામ કરીશ. મારા મિત્રનાં મરણથી હું લાચાર બની ગયો છું.' તેણે છેલ્લી નજર તે શબ પર નાંખી. તેનું શરીર થર થર ધ્રુજ્યું ને લથડતે પગલે નોકરના ટેકા સાથે તે બીજાને જઇ પછડાયો

પ્રકરણ ૩૨

મેરીની લુચ્છાઇ!

તે કાવતું નિષ્ફળ જવા પછી ફીલીપ કેવી રીતે વર્તશે તે બાબે રાણીને ઘણો ડર થયા કરતો હતો. વીંડસર આવતાં તે તેણીને બંદરે લેવા ગયો હતો ને બહેન સુંથી સાથે ગયો હતો. તે વેળા તેણે તે બાબે એક શબ્દ પણ તેણીને ન કહેવાથી તેણીને કાંઇક ધીરજ આવી હતી. તે તો જાણે કશું બે ન જાણતો હોય તેમ સારૂ સત્કારેલા તીન પાછું કરી ગયો હતો. ઉલટું તેણીની મરકરી કરી અચ્છી તબ્યત માટે મુબારકબાદી આપી હતી.

'શાં, મારા જન, તું તો હવે દશ વર્ષ નાની થઇ ગઈ છે!' તે કહ્યો 'દીકરા, ખરૂં પૂછવે તો તારા વિના મહેલમાં બધું સુમસામ છે. હવે જરા

જેશ તે જેમ આવશે ખરાં... એવી શાંતિ થા, મને તો પસંદ નથી ?

ફીલીપ શું કહેવા માંગતો હતો તે બરોબર સમજ્યા વિના રાણીએ તે બધું ગળે ઉતારી ખુશ ખુશ થઇ ગઇ ને બાજુમાં ઉભેલા લીઓન તરફ ફરી હસતે ચહેરે બોલી,

'લીઓન, વીંડસર પાછી ફરવા હું ખરાં મને ખુશ થઈ છું. હેમ્પટન કોર્ટનો હમારો સ્હેલ હું હવે પછી હર હમેશ ધિક્કારતી રહીશ. ફીલીપ મારા જાન, જણાવવાને હું બહુ દીલગીર છું કે બીશપ બોનરે લેડી એડીથને પાછી કેદ કરી છે. તે ટાવરમાં પડી છે,' અને રાજા આ ખબર કેવી રીતે ગળે ઉતારેછે તે જોવા તેણી ચમકારા મારતી આંખો એ તેના તરફ જોઇ રહી તેણીનો ક્રોધ ને અદેખાઇ તેણીના ચહેરામાં ખુલ્લાં જણાતાં હતાં. તેણે તો ખભાં હીલવી બે દરકાર ઢબે કહ્યું,

'હું ધારૂં છ તેમ આ ભલો પાદરી પોતાનું અચ્છી રવેશે સમજે છે.'

તેજ પળે નેક નામવર કાર્ડીનલ ડી લાપોલ આવવાની વરદી આપાઇ.

'ચાલ લીઓન' ફીલીપ ઉઠતો બોલ્યો. 'રાણી સાહેબને દરબારને લગતાં કામકાજને કરવાનાં હશે એટલે આપણી હાજરી સદંતર નકામી છે' અને રાણી કાંઇ બોલી વાંધો ઉઠાવે તે પહેલાં ફીલીપ અને આઇનેઝ ત્યાંથી ચાલ્યાં ગયાં કે બીજે બારણેથી કાર્ડીનલ અંદર આવ્યો.

ફીલીપની આ હીલચાલ મેરીને ગળે ઉતરી નહિ. તેણી તેનું તોલ કરવાની ગુંચવણમાં પડી. લેડી એડીથના પકડાવાથી ના તે ગુસ્સે થયો હતો કે ના તેણે ધમકી આપી હતી. જાણે તે રોજીંદો બનાવ હોય તેમ તે વર્તયો હતો.

કાર્ડીનલ આવતાં તે એટલો બધો ઝડપથી ચાલ્યો કેમ ગયો હશે ' તેણી વિચાર કરવા લાગી ને પછી હસી પડી. ' આહ ! મારે માટે તે અદેખો થયો ખરો એટલે કે મારા પર હજી તેનો થોડો ઘણો પ્રેમ તો છેજ.'

તેણી હવે નખરાં કરી હસતે ચહેરે કાર્ડીનલ તરફ ફરી ને તેને હર્ષ ભેર આવકાર આપતાં બોલી,

'આવો, સગા, તમોને જોવાને હું અતી ખુશ છું.' ' મારાં જેટલાં તો ન હશે, મારા નામવર. આશા છે જે તમો નામવર પુર તંદરોસ્તીમાં હશોજી.'

'હું માંગું છ તેટલી બધી તંદરોસ્ત નથી, મારા વ્હાલા મહેરબાન.'

'હું કાંઇક અગત્યના કામ તમોને મેળવા આવ્યો છું.'

'મહેરબાની કરી બાખુશીથી ફરમાવો. તમારૂં કામ કરવા બહુ ખુશી થઇશ. મારી કાંઇ મદદની જરૂર છે ?'

'હા, મારા નામવર તમારી મદદ વિના તે થાય તેમ નથી. લેડી એડીથ હાવર્ડ ટાવરમાં કેદ પડીછ.'

'ખરેખર, વ્હાલા સગા, હું તે જાણી બહુ દીલગીર થઈ છું. પણ શું કરૂં ? એ તો બોનરનું કામ. તેણીએ પોતે એકરાર કર્યો છે એટલે લાચાર !'

'તમો નામવરની દીલસોજી હું શા માટે માંગું છું તેનું સૌથી મોટું ને સબળ કારણ એ છે કે મારો ભાણેજ તેના પર ખરાં હ્રદયથી ફીદા છે...વેલ, તમે પોતે એ બંન્નેને પરણાવવા કબુલ્યું હતું !'

" તેમજ હતું તો મેં એને ફરમાવ્યું તમારે શા માટે તેણીએ ના પાડી હતી ?" રાણી ચીયવાઇ, "મને કહેતાં ઘણુંજ દુઃખ થાય છે, પણ એ રાંડ ડાકણ છે. હવે એ લગ્ન થઇ શકે તેમ નથી, તે તમે પણ કબુલ કરશો.

'મહેરબાની કરી તેને છોડી મુકવા ફરમાવશો ?'

'મારી તેવીજ ઇચ્છા છે...હું તેમજ કરીશ !'

'મારાં નામવર, આ મહેરબાની માટે ખરાં જીગરથી હું તમારો આભાર માનું છું' હું જાણતોજ હતો કે તમારૂં ઉમદા જીગર મારી માંગણી જરૂર કબુલ મંજુર કરશે. હું એ બાનુને ફરી પાછી કેથોલીક પંથમાં લાવી મારા ભાણેજ સાથે પરણાવીશ. મહેરબાની કરી તેણીને છોડી મુકવાનો હુકમ મનેજ આપો કે હું તેણીને મારી અંગત દેખરેખ નીચે લઈ તેણીના વિચારો ફેરવવાનાં પગલાં ભરીશ.'

રાણી હવે ડગમગવા લાગી. તેણી વાહી પટારીને કાર્ડીનલને ઉઠાવવા માંગતી હતી તે હવે ન બને તેમ લાગ્યું કેમકે કાર્ડીનલ તેણીને જૂની ચેકે વળગેલ હતો. ધીમેથી તાલતલાવત કરી છટકી જવા તેણી બોલી,

'આપના માનવંત ધર્મના રક્ષકોએ તેણીને ટાવરમાં પૂરી છે, નહિ કે મેં...એટલે હું તેમનાં હુકમો સામે પગલાં ભરી શકતી નથી, ધર્મના રક્ષકો ચાહેતો બધે તેણીને છોડી મુકે.'

'કોણ આગળ તેણીએ કનફેશન કર્યું છે ?'

'ફ્રાધર ઓનોફ આગળ.'

'તમારા પાદરી આગળ ! મહેરબાની કરી તમો તેને હમાં બોલાવી મંગાવશો ?'

તેણી તે માંગણી ના પાડી શકે નહિ. ફ્રાધર ઓનોફ આવ્યો ત્યાં સુધી તેઓ ચુપચાપ બેસી રહ્યાં. રાણી અને કાર્ડીનલને એકલાં બેઠેલાં જોતાંજ શું બનાવ બન્યો તે તે પાદરી ઝટ સમજી ગયો.

'બહા ફ્રાધર ઓનોફ; રાણીમાતા લેડી ઓડીથ હાવર્ડના આચાર વિચારો માટે બહું જીગરથી દુખી છે. તેમાં સુધારો કરવા તેઓ તેણીને છોડી મુકવા માંગે છે. મહેરબાની કરીને ઘટતું વોરંટ હમણાંજ તૈયાર કરી આપશો ?'

ફ્રાધર ઓનોફે રાણી તરફ ટગરટગર જોયું કે તેણીએ કાર્ડીનલ ન જોય તેમ સફાઇથી ના પાડવા ડોકું ધુણાવ્યું.

'મેં કહયું તે સાંભળ્યું કે ફ્રાધર ઓનોફ ?'

'હા, મારા નામવર, મહેરબાની કરી મને જણાવવા દેશો કે તેણીની કબુલાત પછી એકદમ છોડી દેતાં પ્રજાના મનપર ખોટી અસર થઈ બીજાઓને તે પગલે ચાલવાની લાલચ થશે.'

'ફ્રાધર !' તે પુજ્ય પાદરી ગમખ્વારીથી બોલ્યો. 'આપણું કામ આત્માનો ઉદ્ધાર કરવાનું છે તો કયારથી તેં ખુના મરકીના દહેસ્તનાક કામ તરફ વલણ લીધી છે? ફ્રાધર ઓનોફ શું તું નકામું લોહી રેડવા માંગે છે ?'

'હું તો રાણી માતાનો ફરમાબરદાર છું... તેમણે ચોખ્ખું જણાવેલું છે. તેમને માન આપવાની મારી ફરજ છે.'

રાણીએ તે પાદરી તરફ બારે ગુસ્સામાં જોયું. શા માટે તે છબરડો કરી તેણીને સંડોવતો હતો ?

'હું ખરાં જીગરથી લેડી ઓડીથ હાવર્ડને છોડી મુકવા માંગું છું, ફ્રાધર ઓનોફ !' તેણી તરડાઇ 'તમે જાણોછ કે એ કામ મારૂં નથી... એ તો તમો ધર્મના ઉપાધ્યાઓનું છે !'

કાર્ડીનલનું ધ્યાન ખેંચવા માટે તે શબ્દો પુરતા હતા. તેમણે ઉઠતાં જણાવ્યું,

'બહા ફ્રાધર ઓનોફ. હું તમારી સાથે આવીને તે વોરંટ તૈયાર કરવામાં મદદ કરીશ.'

મેદાનો છવ નીકળી ગયો. બટ દઇને ના પાડવા તેણી બોલવા જતી હતી છતાં છળ કપટ છોડવા તેણીને ગમ્યું નહિ.

'કાર્ડીનલ, આપ નામવર પોતે તે વોરંટ મારી સહી કરવા માટે લેઇ આવશો !'

કાર્ડીનલ ઉઠીને બહાર ગયા કે રાણીએ બારે ગુસ્સામાં ફ્રાધર ઓનોફને આગળ તેડી ધીમા અવાજે કહ્યું.

'વોરંટપર સહી થઈ તો તું મુનેજ સમજજે!'

ફાધર એનોક કાર્ડીનલની પૂઠે દોડયો. એકલા પડતાં તેણે પોતાનું જીગર ખોલ્લું કરી, ભારે ઝંકેરાટમાં થરથર કાંપતો બોલ્યો,

'મારા નામવર, મને ના મારો. હું તો સદંતર લાચાર છું. તમો પોતે જોઇ શકતા હશો કે રાણીમાતા તે બીચારી કમનસીબ છોડીને મારવા તૈયાર થઇ રહેલાં છે. મને ખુલ્લું જણાવ્યું છે કે વારંટપર સહી થતાં માફ આવી બનેલું મારે સમજવું. હું શું કરું? હું ઇચ્છું છું કે તેણીને મદદ કરું. મને તેનાં મરણથી શું લાભ છે? મેં તો તેણીને બચાવવા બહુએ કોશેશ કરી હતી પણ રાણીએ ફરજ પાડી મને તે દુખ ભરી ફરજ સોંપી હતી. મેં તો તેણીને બચાવવાનો સહેલ માર્ગ બતાવ્યો પણ પોતાના નવા ધર્મની મસ્તીમાં તેણીએ કશાંની દરકાર કરી નહિ. રાજા તેણીપર દીવાનો બન્યો હતો તેથી રાણી તેણીની જબરી અદેખી બની છે. એમ તો તમારો ભાણેજ પણ કનફેસ કરી ગયો હતો પણ મેં તેને બચાવી લીધો છે.'

કાર્ડીનલ આવીજ વિગતની વકી રાખતો હતો. તે પાદરીની તકરાર ચાલ્યી હતી.

'આ કામનું તને શું ઇનામ મળનાર છે?'

'કાર્ડીનલશીપ; પણ મારૂં માનજો કે ઇનામની દરકાર કર્યા વગર હું તેણીને બચાવી શકતો હોત તો ખુશીથી તેમ કરત.'

'હું સમજ્યો,' ફાધર એનોક. રાણીજીને મારી સલામ કહેજો' અને રાણીને મળ્યા વિના તે પુજ્ય પાદરી ત્યાંથી ચાલ્યો ગયો.

'ફ્રાન્સીસ કહેતો હતો તેમાં કશો શક નથી કે રાજાને તે બાપડી તરફ વધુ ધ્યાન આપતો જોતાં અદેખાઇના આવેશમાં આવી જઇ રાણી તદન હેવાંગુતી બની ગઇ છે અને નિચમાં નિચ કૃત્ય કરવા આતુર થઇ છે! શરમ છે, એ જીંદગી ને!...તમારા પવિત્ર ધર્મનું મહાન શિક્ષણ ક્યાં ગયું? યા ખુદા! એ માણસો છે કે દયાહિણા!' તે પુજ્ય પાદરી પોતાનાં મકાને જતાં બડબડયો. તેને બારે દુખ થયું હતું પણ હવે તે લાચાર હતો.

પ્રકરણ ૩૩

વીંડસર બાતે પાછો ફરતાંજ સર ફ્રાન્સીસને રાણી માતા તરફથી બોલાવવામાં આવ્યો. ધડકતાં દીલે તે હાજર થયો. તેજ પળે તેણીએ લોર્ડ નોર્થની ગેરહાજરી બાબે તેને સવાલ કર્યો કે તેણે સંધ્યારાનો દમ ખેંચ્યો.

'ગરીબ પરવર, તમારી ફરમાસ મુજબ મેં તેના ઓરડા તરફ માણસ મોકલ્યો હતો. બારણું ઠોકવા છતાં કશો જવાબ મલ્યો નહતો. બીજી તપાસમાં બારણાંને તાળું મારેલું જણાયું છે. તે તો ગુમ થઇ ગયો છે ને આજે દિવસો થયાંનો તે કોઇને જણાયો નથી.'

'તેને ગમે ત્યાંથી શોધી કાઢ! મારો હુકમ છે કે તેણે એકદમ મારી આગળ હાજર થવું!' રાણીએ ભારે ખીજવાટમાં ફરમાવ્યું. તેણીને ધાસ્તી લાગી કે તેણીનો ભેદ ફોડી દઇ પોતાનો પાપી પ્રાણ બચાવવા લોર્ડ નોર્થ ન્હાસી ગયો હતો. આવી કિમતી ખબર મેળવવા ઇલીઝાબેથના મળત્યાઓ મોટી દોલત આપે એવો દરેક સંભવ હતો.

બીજે દીવસે જ્યારે તેનાં મરણની ખબર રાણીને મળી ત્યારે તેણી લગાર ખુશ થઇને ખુદાના શુકર કીધા. બોનરને માટે આ તો ખરેજ ધીકેળાં હતાં. આવી તક તેને ફરી ફરીથી મળનાર ન હતી. રાણી તેના પર એકદમ કુરબાન થઇ ગઇ ને તે જે માંગે તે તેને આપવા પોતાની ઇચ્છા દર્શાવી.

ગારડીનર હવે એકલો પડી ગયો. તે ઘરમાં પડી મુરવા લાગ્યો. તેના પરથી રાણીની પ્રિતિ એકદમ કમતી થઇ ગઈ હતી. રાણી

તેને મળવાના ખાસ અખાડા કરતી હતી તે પરથી તે પોતાનું મોત ચેતી ચુકયો હતો. ઘણાંજ અગત્યનાં સરકારી કામે પણ રાણી તેને મળવા નારાજ જણાતી હતી.

" યા ખુદા ! શું મારૂં નશીબ છેકજ બદબખ્ત થયું છે કે આ કાવત્રુ નિષ્ફળ જતાં મારો સદંતર ધાણ નીકળી ગયો છે ! " તે કપનસીબ આસ્માન તરફ હાથો પોહળા કરી રડમસ ચહેરે પૂકાર્યો. ' શું ત્યારે મારી ઉપર બોનર સ્વાર થનાર છે ? ઓહ...તે કેમ ખમાય ! ના...ના .. હું તેમ થવા દઇશ નહિ, રાણી...આહ ! તે શું આવી હેમાયત કરનાર છે ? તે કેમ ભૂલે છે કે હું તેમની વિગતો ઘણાં મોટાં પ્રમાણમાં જાણું છું. મારા જેવાને છેડી તેઓ કયાં પોતાનો કાર કરનાર છે ...યલ્લાહ!...યલ્લાહ ! નોર્થ મુવો છે તે બેશક મારાં મુબારબની નિશાન છે. તેનો સાથી તો કયારનોએ સ્વધામ પુગી ગયો છે એટલે મને તે તરફથી ડરવાનું કશું કારણ નથી. હવડા બોનર ફાલી ફુટી ગયો છે તો તેનો શું મુજરો છે? લેડી એડીથ તો કાંઈ અકસમાતિક સપડાઇ ગઇ છે પણ છાનો તેની બધી કીર્તિ પોતેજ છલબ્બે કરી જાય છે. અલબત તેની આ મહાભારત સેવા માટે તે જે માંગશે તે રાણી પાસે મેળવી શકશે. યાદ મેં જે રાજાએ મને કહ્યું તે વેળાજ તેનું કબુલ કર્યું હોત તો આજે આ કાવત્રાંનો બોજો સહેલાઇથી હું બોનરની ગરદન પર ફેંકી શકત. રાજાએ કાંઈ અજબ જેવા સંજોગોમાંજ આ શોધ કરી હશે....આહ! રખે બદમાશ નોર્થ બેવફા થયો હોય ? નોર્થ પૈસાનો જબરો લાલચુ હતો ને રાજા પોતાનું કામ પાર પાડવા કાંકરાની પેઠે પૈસા વેરે છે એટલે કાં નહિ તે બદમાશ વટ્યો હોય ? મારે કોઈપણ કીસ્સે રાજાનો રાજ્યાભિષેક કરવોજ પડશે. ન કરતાં મારે માટે આત્મઘાત કરવા સિવાય બીજો માર્ગ રહેશે નહિ. સુખમાંથી દુઃખમાં ગબડી હાય સોસારામાં રહેવા કરતાં મોત ઓર ભલું છે. રાજા સાથે વધુવાર ચેડાં કઢાય તેમ પણ નથી નકર હું તેને સફાઇથી નચાવ્યા કરતે. ઓલ રાઇટ જે થાય તે ખરૂં. અલબત બોનર મારા માર્ગમાં અનેક મુસ્કેલીઓ ઉભી કરશે. પણ સાવચેતીથી કામ લઇશ તો જરૂર હું ફતેહ પામીશ. "

તેજ પળે રાજા ફીલીપ ગુપચુપ ગારડીનરના ઓરડામાં ચાલ્યો આવ્યો અને ગારડીનર ઉઠવા જતો હતો તેને બેસાડી દઇ નરમાસથી બોલ્યો.

' સાહેબજી, ગારડીનર; કેમ તારૂં ગાડું કેમ ચાલે છે? મારો રાજ્યાભિષેક કયારે કરાવવો છે?'

' પાર્લામેંટમાંથી બીલ પસાર થતાં તુરતજ મુરબ્બીજી, મારી સત્તા ને લાગવગના જોરે મને પરિણામની કશી ધાસ્તી નથીજી ! '

' જોઇશું ત્યારે. '

' લોહ નોર્થ મરી ગયો છે, ગરીબ પરવર.'

' ખરેખર...અજબ !...આતો મહા બુરી થઇ'

બે અદબી માફ છે, હુજુર; પણ હું ધારૂંછું તેમ તેમાં હક ઇનસાફ થયો છે. હેમ્પટન કોર્ટમાં તે બચ્ચું લાવનાર તે એકલો સાહેદ હમેશને માટે આ દુનીયાથી ગુમ થયો છે. '

' તરસા ! કેમ ભલા ગારડીનર, આ બદબોસ તારા હુકમથી મુવો છે શું ? મને પકકે પાયેથી ખબર મળી છે કે નોર્થની સાથે જે તેનો મદદનીશ હતો તેને રસ્તામાં પકડી રહેંસી નાંખવામાં આવ્યો છે ! '

' સાધારણ ચોરો હશે, મુરબ્બીજી. તમારી ખબર ખરી છે. મને બોનર તરફથી તેમજ જણાવવામાં આવ્યું હતું.

ફીલીપ ગુંચવણમાં પડયો ને હસતો હસતો બોલ્યો,

' જો બોનર તેમ કરી શકે તો વગર શકે તે બીજાંનું ખરૂં કરી શકશે ! '

ગારડીનર અનયમીમાં ગરકાવ થઇ રાજા તરફ જોવા લાગ્યો.

'જે બેદી મંડળ આપણી સામે કામ કરે છે તે માટે આપ નામવર મને કાંઇ જણાવી શકશો ?'

'બોશ ! આગળ પણ તેં મને એજ સવાલ કર્યો હતો. હું કશું જાણતો નથી. મને ખબર મળી છે કે લેડીએડીથને ટાવરમાં પૂરવામાં આવી છે. કોઈ પણ જોખમે તારે તેણીને છોડવવી જોઇશે.'

'એ બધી બોનરની મહેરબાણી છે. કાંઇક અકસ્માતિક સંજોગે તેણી તેના સપાટામાં આવી છે એટલે તે આ મારફતે રાણીમાતા પર પોતાની સત્તા બેસાડવાનાં સ્વપ્નાં જુએ છે.'

'બાહ ! તમે બંન્ને સરખા છો. તારા હાથમાંથી એ શીકાર છટકી ગયો છે તેથી તું દીલગીર હશે. તું વળી તારા સપાટામાં લેડી એડીથ આવતે તો તેણીને કેદમાં પૂરી, છવતી બાણી મુકી રાણીની મહેરબાની મેળવવા જરાએ ચુકતે નહિ. એ પેતરા મારી આગળ ના કર ! મેં તને ચેતાવ્યો તે વેળાજ તું જો સમજ્યો હોત તો આજે હયાનતમાં પડવાનો તને વખત આવત નહિ. આજે હું તને છેવટની ચેતવણી આપું છું કે લેડી એડીથનું મરણ નીપજશે તો તે સાથે તારી સત્તાનું પણ મોત આવશે ને હડધુત થઇ તું કુતરાની મોતે મરશે. રાણીપર જેટલી સત્તા હું ધરાવું છું, તે તું સારી પેઠે જાણે છે. તને તારી જીંદગી વહાલી હોય તો મારો હુકમ બજાવજે !'

અને તે કહેતાંજ રાજા સરભોગ ત્યાંથી ચાલી ગયો ને ગારડીનર બાપડો પોતાનાં હીણાં નસીબને રડતો બેસી રહ્યો.

પ્રીલીપ હવે પોતાના ઓરડામાં ગયો કે જ્યાં તેણે આઇનેઝને આતુરતાથી તેની રાહ જોતી જોઇ. તેણીના હાથમાં કાગળ હતો કે જે તેણીને ઘણો અગત્યનો લાગતો હતો.

રાજાએ તે કાગળ વાંચ્યો જે નીચે મુજબ હતો.

માનવંત નામવર,

આપ નામવરનાં દર્શનનો હું અભિલાષિ છું. તમારા હજુરીયાની ચિઠ્ઠી મારા હાથમાં આવી છે અને તે ચોરનાર બદમાશ સલામત કેદમાં છે.

વીલ મછવાવાળો.

'તે જવાબની રાહ જુએ છે શું ?' રાજાએ આતુરતાથી પૂછ્યું.

'હા. પ્રીલીપ; તે બાગમાં છે-'

'બુલબુલ, તું તેને હમાં બોલાવી નહિ લાવે? તેમ થતાં રાણીના સીપાહોને ચુનેચરા કરવાની જરૂર પડશે નહિ.'

આઇનેઝ તુરત ગઇ. આખેર કરે ને તે સ્ત્રી હતી એટલે શું હશે તે જાણવા તેણીની જીજ્ઞાસા ઉશ્કેરાઇ હતી. આ મુલાકાત શા માટે હતી ? શું તેને તેણી યા લેડી એડીથ કે કેડેલમા સાથે કાંઇ સંબંધ હતો ?

રાજાતો ઓરડામાં આમતેમ ફરતો હતો.

'લોર્ડ બરલે હમાં આવે છે એટલે કાંઇપણ અગત્યનો બનાવ બન્યો હશે. ચિઠ્ઠીનું તો કઇક બહાનું જ છે એમ હું ખાતરીથી માનું છું. જબરો ચાલાક માણસ છે !'

લાલ લાલ ચહેરે આઇનેઝ પાછી ફરી. કેપ્ટન બી એ પોતાની હમેશની રમુજી ઢબે તેણી માટે જોવા ટિકા કીધા હતા કે જે સાંભળતાં તેણીને પોતાના મર્દાના પોષાક માટે ધિક્કાર પેદા થયો હતો. જો કે એક વખત પર તે કેપ્ટન તેણીને ઉપાડી ગયો હતો તે છતાં તેણીને દરબારના બીજા દરબારીઓ કરતાં તે વિશેષ ગમતો હતો તેણીએ હાલમાં તેને, દરબારીના બદલા બર્યા પોષાકમાં એકદીપાટ થયલો જોયો. આઇનેઝ તેને પ્રીલીપના ઓરડામાં લઇ ગઇ.

'એ અટકી માફ છે સરકાર; કે આ પોષાકમાંજ હું તમો નામવર સનમુખ હાજર થયો છું પણ મને કપડાં બદલવાનો વખતજ મળ્યો નથી.'

તે સાચુંજ બોલ્યેા હતેા કેમકે તે સીધેા તે પળે વેસ્ટ મીનીસ્ટરથી પાછેા આવ્યેા હતેા.

' ઓલરાઇટ વીલ ' રાજા હસ્યેા ' તેની ફીકર નહિં. હયાં તારા આ પેાષાકમાં તને કેાઇ ઓળખનાર નથી. '

કેપ્ટન બી એ આઇનેઝ તરફ ફરી તેણીને ઘણુંજ માનથી નમન કરી કહ્યું,

' તારી વિંટી, લીઓન.

તેણીએ તે લઇ, ઉપકાર માની, પેાતાનાં ગજવામાં મુકી.

' એનેા ચેાર ઝેકવીનાર્ડ સલામત કેદ પડેલેા છે. મુરબ્બીજી. તે જાહેર દિવાનેા છે. તે તેા તમારેા જાન લેવાના હડહડતા સેાગંદ લે છે. મુકેટાનમા કબરેા ખુંટવાની કાંઇ મેાટી મેાટી વાતેા તે કરે છે. '

' તે ખરેજ દિવાનેા હેાવેા જોઇએ ' રાજાએ વિચાર કરીને જણાવ્યું. ' તે ડાહ્યેા થાય ત્યાં સુધી તેને રેાકી રાખજો. '

કેપ્ટન બી એ તે પછી બારણાં તરફ જોઇ આઇનેઝ તરફ નજર કરી. ફીલીપ સમજી ગયેા.

' તું જા, લીઓન ' તેણે જણાવ્યું.

બારણું બંધ થતાંજ કેપ્ટન બીએ જણાવ્યું

' નોર્થનું મુદ્દું મેં બેાનર પર મારી ચીઠ્ઠી સાથે મેાકલી આપ્યું છે ને ચેતવણી આપી છે કે જે દિવસે લેડી એડીથ મરશે તે દિવસે તેની પેાતાની જીંદગી ખતમ થશે. '

' તે પેલી ઉઘાડનાં બેાનરનેા ચહેરેા કેવેા થયેા હશે તે મારે જોવાની જરૂર હતી ? ' કેપ્ટન હસ્યેા ' હાવેા જબરેા તડખાયલેા છે, કેમકે તેણે જાહેર કીધું છે કે સેાઈ નોર્થને બદમાશીએ મારી નાંખ્યેા છે. '

કેવી રીતે તેં પાણીથી ભીંજાયલેા ટેાપી વિના ત્યાં આવ્યેા હતેા ? ' રાજાએ સવાલ કર્યેા.

તે સાંજનેા યાદગાર જનાબ કેપ્ટન બી એ રાજાને જણાવ્યેા.

રાજા ધુમ હસતેા બેાલ્યેા, ' દુનીયામાંથી એક પાપ ઓછું થયું વીલ ! '

' મેં સર ફ્રાન્સીસ મેલવીલને વચન આપ્યું છે કે હું લેડી એડીથને મરવા દઇશ નહિ. મુરબ્બી છે, મને તમારી મદદ મળશે. ! '

' ખુશીથી હું રાણીને ફરજ પાડીશ; પણ તેમ થતાં એ દીવાની તે બાપડીનું કેાઇ બીજા પાસે કાટલું કઢાવી નાંખશે. આ કારણે મેં તેણીની રાજ્ય નિશાનીની વિંટી સીફત કરીને કે જોર વાપરીને મેળવવાનેા ઠરાવ કર્યેા છે. આ વિંટી સાથે હું એક એવેા હુકમ લખી આપીશ કે જેની રૂએ લેડી એડીથને તને કે તારા કેાઇ વિશ્વાસુ માણસને સેાંપી દેવામાં આવશે. '

' તરલ્લા, મુરબ્બીજી ! કેાઇની કીસમે આપ મુરબ્બીજી કરત તેવેા હુકમજ મેળવેા તેા વિંટી વગર હું મારૂં કામ કાઢી લઇશ. હુજુર, તમારામાં પણ જબરી રાજદ્વારી કુનેહ છે. દાવપેચ, કેમ કરી સામાંને સીસામાં ઉતારવાની ચપળાઇ તમારામાં જબરી છે. હું બારે ખુશાલીથી આ બાબતં તમેા નામવરનેજ સેાંપું છું જરૂર બેડેા પાર પડશે. '

રાજાને આ ખુશામત ગમી આવી. પેાતાની લાયકાત આ કરતાં અધીક રીતે પુરવાર કરી આપવાનેા તેણે દઢ ઠરાવ કર્યેા.

' હું લેડી રેાઝ તરફથી સંદેશેા લાવ્યેા છું. '

' પેલી સ્ત્રે તેા તેં અમે ચેતાવ્યેા હતેા ? '

કેપ્ટન બી હસી પડયેા.

' તેણી બીજી મુલાકાતની આ રજુ કરે છે. મારી સુચના એ છે કે લેડીએડીથનેા બચાવ થાય ત્યાં સુધી આ મુલાકાત આપ નામવરે લેવી નહિ. '

' કારણ ? '

' કારણ તેણીના કેટલાક મિત્રેા તમેા નામવર તરફ મિત્રભાવ ધરાવતા નથી. પણ આપ નામવરની જરૂરતે જો લેડીએડીથ બચી જશે તેા તેઓ તમારા સદાના આભારી થઇ રહેશે. '

(આપત્ન છે.)

Thoughts on Health.

Collected by—Mr. B. P. MADAN.

(1) There is no wealth but life. That country is the richest which nourishes the greatest number of noble and happy human beings.
Ruskin.

(2) Health is the soul that animates all the enjoyments of life.
Sir W. Temple.

(3) Health is the vital principle of bliss, and Exercise is the vital principle of health, *Thompson.*

(4) Physical prowess is the Elen right of manhood–*Kingsley.*

(5) Keep eternal spring time on the face–*Shakespeare.*

(6) Health is a thing to be attended to continually. There is no achievement in the world that is equal to perfect health–*Carlyle.*

(7) To reform a world, to reform a nation, no wise man will undertake, and all but foolish men know that the only solid, though a far slower, reformation is what each begins and perfects on himself–*Carlyle.*

(8) Accuse not nature, she has done her part
Do thou but thine–*Milton.*
To be weak is miserable, doing or suffering—*Milton.*

(9) Health is the greatest Wealth. Without health you are a physical bankrupt—*Macfadden*

(10) Health is far more than financial wealth–Riches cannot buy health. Wealthy weak men are always poor—Physical Health is of priceless Value *B Macfadden.*

MELLIN'S FOOD

For infants & invalids.

મેલીન્સ ફુડ.

બચ્ચાંઓ ને અશકતો માટે.

હિંદુસ્તાન, બરમા ને સીલોનના બધા વેપારીઓને ત્યાંથી મળે છે.

જથ્થાબંધના એજંટો.

મેસર્સ. લેધામ એબરક્રોમ્બી એન્ડ કો, મુંબાઈ

(An Offering of Love and Esteem to the Memory of My Beloved Friend, Mr. Chimanlal Narbheram Thakor, Barrister—at—Law, of Ahmedabad.)

" Friends after Friends depart—
Who hath not lost a Friend ? "

1

O My Dear Friend Chimanlal !
O *Moonlight* of my Life !
Life is no Life henceforth,
With *Death-like Sorrow* rife.

2

Can Arjun live on this Earth,
When Krishna rests in Sky ?
Methinks by thy Departure,
My Journey's end is nigh.

3

The *World* is like a *Phantom*,
That lures us on and on,
Amidst the *Night* of *Maya*,
Till bursts forth *Vidya's Dawn*.

4

When *Friends* and *foes* and *Kinsmen*,
All melt like *Hills* of *Snow*,
Unto the *Primal Water*,
And as *One* Substance flow.

5

So, let the *Dead* and *Living*,
Find *Union* in the *Lord*,
The One Eternal Spirit,
The All-Uniting Chord !

6

Thy Soul, O Friend ! and My Soul,
Are not, in fact, apart,
Advait in *One* Parmatman,
How can we ever part ?

The Soul is all-immortal,
And never, never dead,
So say the *Sacred Scriptures*,
On which the *World* is fed

8

O My *Life-Breath-Chimanlal !*
Can Life from Life depart ?
When we have but *One Atman*,
How can we ever part ?

9

So, Chimanlal ! Chimanlal ! Chimanlal !
Shall be my ' Advait '—Song,
In cities, woods or jungles,—
Let Life be short or long.

Trimbakrai Jadavrai Desai,
Barrister-at-Law.

ઇમામ મેહદીનું ઝુહુર

અને તેની ખીશારત.

કીમત

ખીશારત	ભાગ ૧ લો	ગુજરાતી–ઉરદુ	રૂા૦ ૦–૬–૦
,,	,, ૨ જો	ગુજરાતી–ઉરદુ	રૂા૦ ૦–૭–૦
,,	,, ૩ જો	ઉરદુ ગુ૦ નથી	રૂા૦ ૦–૧૧–૦
,,	,, ૪ થો	ઉરદુ ગુ૦ નથી	રૂા૦ ૦–૬–૦
,,	,, ૫ મો	ઉરદુ ગુ૦ નથી	રૂા૦ ૦–૬–૦
	જામાસ્પ	નામા ઉરદુ	રૂા૦ ૦–૫–૦

આ કીતાબ હકીમ જામાસ્પ કે જેઓ ઇરાનના શહેનશાહ ગશતાશપના વઝીરે આઝમ હતા. તેઓએ આજથી લગભગ ચાર હજાર વરસ પહેલાં લખેલી છે તેમાં કીયામત સુધી થનારા અહેવાલ નુજુમના હીસાબથી બતાવેલા છે.

દરેકના પોસ્ટેજના બે આના અલગ પડશે.

આપને ખીશારત ગુજરાતી જોઇએ છે કે ઉરદુ તે જણાવવું.

મળવાનું ઠેકાણું—

અખબાર ઑફીસ,

સીધપુર—નોર્થ ગુજરાત.

AKHBAR OFFICE,

Sidhpur—N. Gujarat.

સીગનલ વોચ કંપની,

હોર્નબી રોડ ફોર્ટ-મુંબઇ.

આ કંપનીના પહેલી ક્વોલીટીનાં ઘડયાળો વીસ વરસે પણ નવાં જેવાં ટકાય છે. ઘણે લાંબે વખતેજ બોડીક સેક-ડનો ફેર માલમ પડે છે. બારણે ખરાં કમ્પેનસેટાગ સેલન્સ



હોવાથી હવાના ફેરફાર સામે રક્ષણ કરે છે. હિંદુસ્થાનની બધી હેલવેના કામદા-રોમાં આ ઘડયાળો ઘણાંજ વખાણીતાં છે. ઘણા ગ્રાહક માણસોના હાથથી રીપેર

હમારી કંપની થોડે વાજબી નફે સંતોષ પામતી હોવાથીજ હમારા ઘડીયાળો મસ્તાં છે. હમારા વેપારી ભાવો દરેકને અનુસરતા છે. સઘળા વેપારીઓ પાસેથી મળી શકશે. માલેક—મનચેરજી કાવસજી દોરડી ઘડીયાળી.

રૂ. ૧૦૦ ઇનામ.

તાવની રામબાણ દવા

આ દવાથી કોઇપણ જાતનો તાવ ના ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. આ દવાથી ચોથીઓ તાવ નથી ઉતરતો એમ સાબીત કરનારને રૂ. ૧૦૦ નું ઇનામ આપીશું ગોળી ૫૬ ની ડબ્બી-કી. રૂ. ૧-૦-૦

શક્તિની દવા.

શરતી જીવનમાં શક્તિ લાવવાનો ગુણ નથી એમ સાબીત કરનારને રૂ. ૧૦૦ ઇનામ મળશે. દરેક જાતની નબળાઇ દુર કરીને પુરૂષત્વ વધારે છે. વૃદ્ધાવસ્થાથી અગર બીજા કારણોથી ઉભી થયલી શક્તિ વધારે છે. નામરદાઇનાં દરદો અને નસાની નબળાઇ દુર કરે છે ગોળી ૧ ની ડબ્બી ૧ ની કી. રૂ. ૨-૮-૦

૪ ધાતુ વિકાર—નામનું પુસ્તક એક કાડ લખનારને મફત મોકલવામાં આવશે.

શા ગીરધરલાલ કહાનજી. ગીરધર ઔષધાલય.

દેશ ઓફીસઃ—પીળજા, ગુજરાત.
બ્રાંચ ઓફીસઃ—મુંબઇ, મારફાટ
ફ્રીપીયાલ, બી. વજારસીલાલની કું.

કાગળ પત્રનો વ્યવહાર દેશ ઓફીસે કરવો.

જો તમે ઘણા ઘણા ઈલાજો કરાવી નાઉમેદ થયા હો તો આ જરૂર વાંચો.

મુડદાંઓ જીવતા કરવાની દવા.

જે લોકો બચપણમાં નાદાનીથી પોતાના કૌવતનો નાશ કરે એટલે હસ્તમૈથુન અથવા બીજા ખોટા કરમોથી પોતાના ગુપ્ત ભાગોની નસોને કમજોર કરી નાંખી છેવટે જુવાનીનો લાભ લઈ શકતા નથી અને પછી બરોબર વખતપર આપઘાત કરવા જેવા ખોટા વીચારો ઊપજાવે છે અને એમજ સમજે છે કે આવા જીવવા કરતાં તો મરવું જ બહેતર છે. આવા જીવતા જીવ મુડદાંઓને સજીવન કરવા માટે અમોએ ઘણી મહેનત અને કોશેશથી એક લેપ તઈયાર કર્યો છે જેની કીંમત મહેનત અને ફાયદાના પ્રમાણમાં રૂ. ૨૫ રાખીએ તો પણ વાપરનાર તો સસ્તીજ સમજે પણ ગરીબ અને અમીર સરખા લાભ લઈ શકે તેટલાજ માટે ફક્ત રૂ. ૧ કીંમત રાખી છે. ફક્ત એકજ શીશી વાપરવાથી સઘળી નસો મજબુત થઈ જાય છે અને ગયેલી શક્તી પાછી આવી મળે છે. હવે જેઓને હકીમો અથવા ડોકટરને પોતાની હાલત કહેતાં શરમાવું પડે છે તેવા નીરાશ થયેલા દરદીઓને માટે અમોએ જાદુઇ ગોળીઓ તૈયાર કરી છે. જેની ફક્ત એકજ શીશી જેમાં ૪૦) ચાલીસ ગોળીઓ છે તે વાપરવાથી સઘળી જાતના ગંભીર નુકશાનો દૂર કરી પોતાનો જાદુઇ ચમત્કાર દેખાડે છે. આ ગોળીઓ વીર્યને ઘટ્ટ કરે છે, યાદ શક્તિને તેજ કરે છે. ખોરાકને હજમ કરે છે. પેટાના કીરમોનો નાશ કરે છે. કમરના દુખાવાને મટાડે છે, ચહેરાના ફીકા પડેલા રંગને ગુલાબી બનાવી દે છે. આ ગોળીમાં કાંઇ પણ રસાયણ નાંખી નથી. આ ગોળીઓ જન્મના કમકૌવત શીવાય ગમે તેવો કમકૌવત હોય તેને બરોબર જાદુઇ ચમત્કાર દેખાડે છે. એના ચમત્કારોની વાપરવાથીજ ખાત્રી થશે. એકવાર મંગાવો અને ખાત્રી કરો કીંમત ફક્ત ૧-૦-૦ પાંચ રૂપીઆની દવા મંગાવનારને ગોળીઓની બે શીશીઓ મફત મોકલવામાં આવશે. અમારે ત્યાં દરેક જાતની દવાઓ તૈયાર મળે છે.

નોટ—આફ્રીકાના ગ્રાહકોએ દવાની કીંમત ઉપરાંત પારસલ ખર્ચ માટે ચૌદ આના રૂ. ૦-૧૪-૦ વધુ મોકલવા. પૈસા પોષ્ટલ ઓર્ડરથી મોકલવા. વ્હી. પી થતાં નથી.

મળવાનું ઠેકાણું:

એમ. ઈ. હકીમ.

સીદ્ધપુર (નોર્થ ગુજરાત.)

જ્યારે પણ તમોને

સ્ટીલની સીલીંગો

ટાઇલ્સ

ભારબલ.

M/s Gulamali Gulam Hussain

Prop: The Bombay Tile Mart

21, Dhobi Talao, Bombay.

નું

કામ પડે ત્યારે ટ્રાયલ આપવા

આ પુરાણી પેઢીને

જરૂર યાદ કરશો.

ગુલશન

GULSHAN

Editor
Dilshad K. Bhagalia

August 1917.

શાલ દીલીપ

પરણેલી, પણ નાણી તરીકે

નદિ ગોળખાતી પરણેતર

આયુનેઝ

ઉર્ફ લીઓન (લખુબા)

(લખુબા કીરમતના કહાણી.

ચાલુ વાર્તા)

ઓગસ્ટ ૧૯૧૭.

Printed by Manekla A. Doctor, at the Shree Bayaji Vijaya Press Baroda, for Mr. Dilshad K. Bhagalia Mota Falia, Navsari. Dated 10—8—17.

રિવ્યુ કોલમ.

શાહનામુ.

વોલ્યુમ આઠ.

કર્ત્તા, એરવદ માહિયાર ન. કુટાર અને ફરામર્ઝ ન. કુટાર.

કુટાર બિરાદરોનાં શાહનામાંનું આઠમું વોલ્યુમ આજ દિવસો થયાંનું હમોને મળ્યું છે. કવિ ફીરદોસીને ગુજરાતી ભાષામાં ખાસ અમર કરનારો કુતાર બિરાદરોનો આ સહાસ ખરેજ વખાણને પાત્ર છે. પારસી કોમ મજદેયર્દ શહેરયાર પછી જે કાંઇ ન કરી શકવા પામી તે આ બે સાદા-માદા બીરાદરો એ પોતાના જતી અભ્યાસ ને ખંતથી કરી બતાવ્યું છે. લગભગ નવસે વર્ષ પછી ગુજરાતી જાણનારાઓ માટે ફીરદોસીની યાદ તાજી કરવામાં આવી છે. શાહનામું ગુજરાતી જબાનમાં રજુ કરવા કંઇકોએ પ્રયાસ કર્યો છે, પણ કુતાર બીરાદરોનાં વોલ્યુમોએ તે સઘળાં પર શ્રેષ્ટાઇ મેળવી છે તેમાં કશો શક નથી. કહે છે નોશાકરાઓ જીદી ઝોરાં છે અને તેઓ એક બોલ પકડે તેને ચીવટાઇથી વળગી રહે છે. રમુજમાં એક નોશાકરી વિગત રજુ કરવામાં આવે છે કે તે જમાનામાં ઘરેઘર જાજરૂ સીસ્ટમ ન હતી; લોકો આરોગ્યતાનાં કારણે ખાસ કરીને પાદ રડે કુદરતના સરળ માર્ગ માટે જણા હતા. ત્યાં બે મોબેદો વચ્ચે તકરાર થઇ. એકે બીજાને ખાસ કરીને કહ્યું. રસ્તાનો માર્ગ બીજો મોબેદ ખસતો ખસતો નવસારીથી નીકળી સુરત જઇને ઉભો ત્યારેજ તેનો આત્મા ગયો ! આ વાત નોંધ કરી જીદનો નમુનો રજુ કરે છે. તેજ મુનાસેબ નોશાકરાઓ ને સાગું કામ માટે એક વેળા જીદ પકડી બેસે છે તો ચાહે દુન્યા ફનાહાલો થઇ જાય પણ તેઓ પોતાની જીદ છોડતા નથી. કુટાર બીરાદરોએ પોતાની વારસામાં મળેલી નોશાકરી જીદને વળગી રહયાં અને ગમે તેવી મુકેલીઓ છતાં તેમણે પોતાના માર્ગને સરળ બનાવી હવે તેઓ પોતાની રંજની આખેરીએ આવવા લાગ્યા છે. એંટાળ નોશાકરા શું કરી શકે છે તે કુતાર બીરાદરોના દ્રષ્ટાંત પરથી અચુક જાણી શકાય છે.

સદરહુ વોલ્યુમ પાદશાહ અર્દશીર તખ્ત નશીન થયો ત્યાંથી શરૂ થઈ આજે પણ પળેપળ યાદ થતા નોશેરવાન અદલે ચીનના રાજા ખાકાનપર નામું લખ્યું ત્યાં સુધી છે. દુન્યાના આ નામીચા શાહનશાહનો સંપૂર્ણ ઇતિહાસ બે વોલ્યુમોમાં ન આપતાં એકજ વોલ્યુમમાં આપવામાં આવી નવમું વોલ્યુમ વધુ દલદાર કરવામાં આવતે તો બેશક તે બહુ-યોગ્ય થઇ પડતે; પણ સરખી ઢબનાં વોલ્યુમો કાઢવાને લીધે આ દુન્યાના મહાનામી સુલતાનનો ઇતિહાસ અડધેથી તોડવામાં આવ્યો છે. આ વોલ્યુમનો અડધો ઉપર ભાગ શાહ બેહરામ ગુરનાં દાસ્તાને રોકયો છે હમેશ મુજબ આ વોલ્યુમમાં પણ ૬૩૭૬ બેતો સમાવવામાં આવી છે.

કુતાર બીરાદરોનું શાહનામું જે બધાં ગુજરાતી શાહનામાઓમાં અગત્યનું સ્થાન ભોગવતું હોય તો તેના તુલોતીવલ પણાને લીધે નહિ પણ ખાસ કરીને અભ્યાસથી લખવામાં આવતી તેની પ્રસ્તાવનાને લીધે છે. એક સારો અભ્યાસી શરસીમાંથી તરજુમો અચ્છી રીતે કરી શકે; પણ તેમાંના ઐતિહાસિક સરાઓ પર કિમતી અજવાળું નાંખી અંધકારમાં દટાઇ ગયલી બાબતો પર નવિન રોશની નાંખવાનું કામ કાંઇ સાધારણ લે બાયુ લખનારાઓનું નથી. આ માટે ઉંડા અભ્યાસને અનેક સાદરતોની જાતની જરૂર પડે

છે. આ પ્રસ્તાવનાઓ એટલી બધી ઉંચ પ્રકારની છે કે તેમાંની એક અશો જરથોસ્ત વિષેની આ અદના કટારોમાં ઉતારવાની હમારી લાલચ હમો ખાળવી શકયા ન હતા. તેવોજ વખત આ પ્રસ્તાવના વેળા પણ થયો છે પરંતુ સ્થળ સંકોચતાને લીધે ધારેલી તેમ પાર પાડી શકતા નથી. સદરહુ પ્રસ્તાવનામાં કયાની અને હખામની શાહનશાહતોની મેળમેળનો જે ખીચડો આજ તુલીક ચાલતો આવ્યો છે તે પર પોતાના અભ્યાસનું અજવાળું નાખી આ બને શાહનશાહત કેવી રીતે સદંતર જૂદીઓ હતી તે દાખલા દલીલ સહ સિદ્ધ કરી આપ્યું છે. કુતાર બીરાદરોની આ તકપર વધુ ચુને ચરા થઇ તેની યોગ્યતા હજી વધુ પ્રસિદ્ધીમાં આવવી જોઇએ છે. આ ઉપરાંત આ પ્રસ્તાવનામાં સીકંદર ખ્રિસ્તી ઓલાદનો નાહ પણ ઇરાની ઓલાદનો હતો તે ખુલ્લા આકારમાં બતાવી આપવામાં આવ્યું છે. આવી ઐતિહાસીક શોધો માટે કુટાર બીરાદરોને ખરેખર ધન્યવાદ ઘટે છે. પારસી કોમે તો આ બીરાદરોના મોટા આ ભારના બદલામાં આગળ વધી તેમને બે હાથે આવકાર આપવો જોઇએ છે કે જેથી તેમને પોતાને નવી નવી શોધ ખોળો કરવા ના કામમાં હિમત અને ઉતેજન મળે. હમો એ બીરાદરોને દરેક કતેહ ઇચ્છીએ છીએ.

જીગર કે દીગર ?

પારસી સંસારની એક વારતા.

અનાવનારઃ—અરદેશર ખરશેદજી દેસાઇ.

કિંમત રૂા ૧।.

મી० દેસાઇની આ વાર્તા અગ્રેજપરથી લેવાઇ પારસી ચિત્રોમાં ગુંથી લેવામાં આવી છે. વાર્તા સોહેલી અને વાંચવા જોગ છે. કર ને જે નાં પાત્રો તેમાં ઠેકઠેકાણે રજુ કરવામાં આવ્યાં છે. ૨૫૩ મોટા સફાની આ વાર્તા સારાં કાગળોને સુઘડ છપાઇ સાથે સવા રૂપ્યામાં આપવામાં આવી છે તે જોતાં જણાય છે લેખકે પૈસા કમાવા કરતાં પોતાના નામને આગળ પાડવાની આસ કરીને જરૂર જોઇ છે. હમો એ બીરાદરને આવકાર આપ્યે છીએ અને તેમનાં કામને કતેહ ઇચ્છીએ છે. હમારી દીલગીરી એજ છે કે જોડણીપર જરાએ ધ્યાન આપવામાં આવ્યું નથી. આવાં લખાનો વાંચતાં ને અશુદ્ધતા જોતાં હિંદુ ભાઇઓમાં ભારે કચવાટ છુટે છે તેમાં કશી નવાઇ નથી. ભવિષ્યમાં આ બાબે લક્ષ આપેલું વ્યર્થ જશે નહિ, કેમકે લેખક મોટા લખનાર થવાની હોંશ રાખે છે. પ્રસ્તાવનામાં પારસી મેકમીલન સામે જે હલકો ઇસારો કરવામાં આવ્યો છે તે બીલકુલ પસંદ કરવા જોગ નથી. આ લેખક પબ્લીશર થવા માંગતા નથી પણ મોટો લખનાર થવા માંગે છે તો પછી કોઇનો પબ્લીશર થવાનો શોખ હોય તે સામે ખોટો કટાક્ષ કરવાની જરૂરજ શી છે ? પ્રસ્તાવનામાં વાર્તાના ગુણ દોષ પર મુજહેમત કરવાની છે અને નહ કે નકામાં ચીથડા ફાડવાનાં ! લેખક હજી ઉપરતા જવાન છે એટલે આગળ વધતાં પોતાની મેળે દરેક ચીજ તેનાં ખરાં રૂપ રંગમાં જોતા થઇ જશે તેમાં કશો શક નથી. મળવાનું ઠેકાણું—નવરંગ ઓફીસ, બજાર ગેટ, કોટ, મુંબાઇ.

કચ્છી જૈન મિત્ર

મૂલ્ય. વાર્ષિક રૂા૦ ત્રણ.

આ એક કોમી માસીક છે પણ તેની જાતના બીજા માસીકો કરતાં કાંઇક સારી હયપર નીકળે છે. મુખ પૃષ્ટ પર કચ્છી જૈન બાળાનું ચિત્ર બે કલરમાં આકર્ષક છે. અંદરનો સમાવેશ ઘણો સારો છે; અને ચિત્રો પણ મનહરે તેવાં છે. બે અંકો હમોને મળ્યાં છે પણ બંને અંકો અકેકથી ચઢયાતા છે અને ભવિષ્યમાં પણ તેમજ રહેશે એવી દરેક આશા જણાય છે. એવી સખત મોંઘવારીમાં ત્રણ રૂપ્યામાં આ સહાસ પરવડી શકે તેમ નથી પણ કોમી શ્રીમંતોનો ટેકો મળતો જાય છે તે જોઇ આપણને આનંદ થાય છે. શ્રીમંતોની વધુ મદદ મળતાં આ ઉત્સાહી બાળ કાંઇક અજબ કુદકારા મારે તેમાં કશી નવાઇ નથી.

પ્રકાશકઃ—જેઠાભાઇ દે. માંગડી. મળવાનું ઠેકાણું કાથા બજાર, માંડવી, મુંબાઇ.

Pam-ala

પામ-આલા.

મેલેરયા, તાઢયેા તાવ તથા તાવનેા ચુનંદેા ઉપાય.

સત્તાવાર જહાયું છે કે મેલેરયાનેા ફેલાવે મચ્છરેા કરે છે અને સઘળા રેાગેાથી મરત લેાકેાની સામટી સંખ્યા કરતાં આ રેાગથી મરતાં માણુસેાની સંખ્યા વધુ છે.

તેનું ઝેર પેવસ થાય તે પહેલાં અટકાવેા.

પામ—આલાજ

તેમ કરશે.

રાયપુરથી મી. જ્યેારજ. કે. ગીલ્ડર લખે છે,

બાસ્ટરનાં જંગલમાંથી મુસાફરી કરતાં મારી વાઇફ મેલેરીયાથી પટકા

પણ પામ—આલા ના ત્રણ ડેાઝમાં તેણી હુંસ્યાર થઇ અને બેાખાર આ નહિ. ક્વીનીન કરતાં એ સરસ છે.

સઘળા ગાંધીઓને ત્યાંથી નાની મેાટી બાટલીમાં મળશે.

હરજી મુલજી એન્ડ કેા.
તથા
મી૦ છગનલાલ રૂધનાથદાસ,
જુમા મસજીદ પેાસ્ટ ઓફીસ આગળ.

મુંબઇના એજંટેા.

ઔરંગઝીબ.

તેના ઇતિહાસ વીશે એક હીંદીવાને રચેલો મોટો ગ્રંથ.

ગુલશન માટે ખાસ ફરમાસથી

લખનાર—મી. ફરદુનજી પેસતનજી ફરકરયા.

તવારિખ વિષે આપના હિંદીવાનોની બેદરકારી જાણીતી છે. અસલથીજ આપણા લોકોમાં ખુદ પોતાની તવારિખ વિષે ઝાઝી દરકાર હતી નહિ, અને તેથીજ આપણો આગલો ઇતિહાસ સંગ્રહી રખાયલો નથી. ઇતિહાસ જાણવા બાબેની ઉત્કંઠા પણ આપણા લોકોમાં ઝાઝી ન હોવાથી હાલ સુધી જે થોડી ઘણી અને છૂટી છવાઇ સામગ્રીઓ હસ્તી ધરાવતી હતી તે પણ ઉપયોગ કર્યા વગર ઘણી ખરી પડી રહી હતી. પશ્ચિમનાં ધોરણ ઉપર રચાયલી કેળવણી આપવાનું હિંદમાં પોણી સદી થયાં ચાલુ છે. તોપણ ઇતિહાસ બાબેની ઉત્કંઠા આપણા કેળવાયલા જનોમાં ઝાઝી આવી નથી એ બહુ દીલગીરી ભરેલી બિના છે. પોણી સદી સુધી અત્રે તેમજ હિંદની પેલી બાજુના બંગાળ પ્રાંતમાંથી અંગ્રેજી રૂઢીની કેળવણી લઇ પુષ્કળ હિંદીવાનો બહાર પડયા છે. પણ તેઓમાંથી કોઇએ તવારિખ રચવા ઉપર પોતાનું લક્ષ દોડાવ્યું હોય એમ આપણને માલમ નથી. પણ હાલમાં થોડુંક થયું તે બેદરકારક બાબી દુર થવાનો સંભવ દીસે છે. આપણી હીંદી યુનીવર્સિટિઓએ તવારિખ ઉપર લગાર વધુ ધ્યાન આપતું કીધું છે. મુંબઇ અને બંગાળ યુનીવર્સિટિના નવા રચાયલા અભ્યાસક્રમમાં તવારિખ લગાર વધુ ભળ્યા જોકે છે. અને એમ. એ. ની પદવી માટેની પરિક્ષા માટે ઇતિહાસનો લગાર ઉંડો અભ્યાસ કરવામાં આવે છે. એ પદવી માટે ઇતિહાસનો વિષય લઇ બહાર પડેલા જનોમાં પાછળથી ઇતિહાસ પોતે જાતે રચવા બાબેની ઉત્કંઠા અને લાયકાત ઉભી થયેલી જોવાની આશા આપણે રાખી શકીએ. વળી હાલમાં હિંદી યુનીવર્સિટિઓમાં તવારિખની શોધખોળ ઉપર પણ ધ્યાન અપાતું જણાય છે. અને એવી શોધ ખોળ માટે સ્કોલરશીપો, ફેલોશીપો, અને વળી બે ત્રણ પ્રોફેસરશીપો પણ સ્થાપવામાં આવી છે. તે ઉપરથી પણ આપણને વધું આશા રાખવાનું કારણ મળે છે કે આપણા ઉંચી કેળવણી પામેલા હિંદીવાનો હવે તવારિખની ઉંડી શોધખોળ ચલાવી ઉંચા પ્રકારના ગ્રંથો રચી બહાર પાડવા ઉપર પોતાનું લક્ષ દોડાવશે. બાકી હાલતો એવા હિંદીવાનો આપણામાં હસ્તી ધરાવતા ઝાઝા માલુમ પડતા નથી. આપણા મુંબઇ ઇલાકામાં હજુ સુધી કોઇ કેળવાયલા હિંદીવાને આપણા દેશની તવારિખ બાબે કોઇ જાણવા લાયક મોટો ગ્રંથ રચ્યો હોય એમ અમને માલુમ નથી. તો જોકે એ તવારિખના સાધનોની શોધખોળ બાબે કેટલાકોએ ઘણી મહેનત લઇ કેટલાંક જાણવાજોગ લખાણો કર્યાં છે. જેમાં મરાઠા તવારીખ વીશેનો મરહુમ મી. જસ્તીસ રાનાડે (૧૮૪૨–૧૯૦૧) ના લખાણો મુખ્ય છે. બંગાળ ઇલાકામાં તવારિખ રચવા ઉપર લગાર વધુ ધ્યાન અપાયું છે અને તે તરફના એકાદ બે કેળવાયલા પુરૂષોએ એ વિષયમાં પ્રવિણતા મેળવી નામ પણ કાઢયું છે. પૂર્વ તરફના એવા હિંદીવાનોમાં મી૦ જદુનાથ સરકારનું નામ જાણીતું છે. એવણે કલકત્તા યુનીવર્સિટિમાં એમ. એ. થઇ તરતજ હિંદી તવારિખ ઉપર બારિક ધ્યાન આપવાનું શરૂ કર્યું હતું. અને છેલ્લાં કેટલાક વરસોમાં એ તવારિખને લગતા કેટલાક વિષયો અંગત કર્યા હતા, જેમણે

ઘણું ધ્યાન ખેચ્યું છે. અકબર બાદશાહના રાજમાં હીંદુસ્તાનની રાજદ્વારી અને આર્થિક હાલત બાબે એક નાનું પણ અતિ ધ્યાન ખેંચવા જોગ પુસ્તક પહેલાં પ્રગટ કર્યું હતું. ત્યારબાદ મી૦ સરદાર જેવણ કેટલાંક વરસ થયાં પટના કોલેજમાં પ્રોફેસરનો હોદો. ધરાવે છે તેવણે મોગલ વંશના છેલ્લા નામીયા બાદશાહ ઔરંગઝીબના ઇતિહાસ ઉપર બારીક ધ્યાન આપવા માંડયું હતું અને તેના રાજ અમલ બાબે શોધખોળ ચલાવી કેટલાક વિદ્વત્તા ભરેલા વિષયો લખ્યા હતા. હાલમાં ઔરંગઝેબના રાજ અમલ બાબે જેવણે પોતાની શોધખોળ ઘણી આગળ વધારી ઔરંગઝીબની આખી તવારિખ રચવાનું કામ બહુ વિકટ કામ માથે ઉઠાવ્યું છે અને જ્યારે એ સંપૂર્ણ રીતે પાર ઉતારશે ત્યારે આપણે એ બાદશાહના અમલ વિષે એક મોટો અને સત્તાધારી ગ્રંથ મેળવવાને ભાગ્યશાળી થઇશું.

આ લગાર નવાઇ જેવું છે કે એ બાદશાહનો ઇતિહાસ તેની અગત્યતાને છાજતા બોહોળા પાયા ઉપર આજ સુધી કોઇપણ તવારિખનવેશે પછી તે હિંદીવાન હોય કે કોઇ બીજા દેશનો હોય તેણે લખ્યો નથી. ૮૦ વરસ ઉપર વીલીયમ અર્સકીન (૧૭૭૩–૧૮૫૨) નામના એક અંગ્રેજ વિદ્વાને એ બાદશાહનો ઇતિહાસ બાબર પછીના બીજા નામિયા ચાર બાદશાહો હુમાયુન–અકબર–જહાંગીર અને શાહજહાન એઓ સઘળાઓના ઇતિહાસ સાથ બહુ બોહોળા પ્રમાણ ઉપર રચવાનું કામ માથે ઉઠાવ્યું હતું. એ વીલીયમ અર્સકીન નામિયા અંગ્રેજ રાજદ્વારી વીલમુર અને તવારિખનવેશ સર જેમ્સ મેકીન્ટોશનો (૧૭૬૫–૧૮૩૨) જમાઇ થતો હતો અને જ્યારે મેકીન્ટોશ મુંબઇની ન્યાયની વડી અદાલત જે તેના વખતમાં રીકોર્ડર્સ કોર્ટ તરીકે ઓળખાતી હતી અને જે પાછળથી ૧૮૨૪ માં સુપ્રીમ કોર્ટ અને ૧૮૫૨ માં હાઇ કોર્ટ બની હતી, તેનો વડો ન્યાયાધીશ હતો ત્યારે તેણે પોતાની એ કોર્ટમાં અર્સકીનને એક ઓધ્યેદાર નેમ્યો હતો. પણ પાછળથી એ ઓહદાના બાબમાં એની ગફલતીને લીધે કેટલીક ગેરરીતીઓ ઉભી થવાથી તેઓને માટે એને જોખમદાર ઠેરવી એને બરતરફ કરવામાં આવ્યો હતો. પોતાના એકાંતવાસમાં અર્સકીને હીંદુસ્તાનના મહાન મોગલ બાદશાહોનો ઇતિહાસ પોતાના સસરા મેકીન્ટોસની સુચનાથી રચવાનું ચાલુ કર્યું હતું. અર્સકીને પોતાના એ મહાભારત કામ માટે બોહોળી તૈયારીઓ કીધી હતી, અને એ ઇતીહાસને લગતાં જે જે સાધનો આ દેશમાં મળી શકતાં હતાં તે ઘણી મહેનતથી એકઠાં કર્યાં હતાં. એ સાધનોમાં મુખ્ય ભાગ મોગલોની તેઓના વખતમાં લખાયલી ફારસી તવારિખો હતી. અર્સકીને પોતાના કામ પાછળ પા સદી કરતાં પણ વધુ વખત રોકયો હતો. પણ તેણે પોતાનો ઇતિહાસ બહુ બોહોળા માપ ઉપર રચવામાં એટલી તો મહેનત લીધી હતી કે વીસ વરસે માત્ર બે મોટાં દફતરો લખી પ્રગટ કરવા માટે તૈયાર કર્યાં હતાં. પણ તેમાં ફકત બાબર અને હુમાયુનો હેવાલ સમાયલો હતો. ત્યાર પછી થોડા વરસમાં તો અર્સકીન ગુજર પામ્યો અને એનો ઇતિહાસનો ગ્રંથ અધુરો રહી ગયો. બાબર અને હુમાયુન વિષેના એનાં દફતરો એના મરણ પછી બે વરસે બહાર પડયાં અને તે એટલાં તો સંપૂર્ણ બન્યાં છે કે આજે સાઠ ઉપર વરસની મુદત ગુજરી છે તો પણ તેઓ હજુ સના સમાન લેખાય છે. અર્સકીનનું મોગલ તવારિખનું ભરોલ એટલું તો બોહોળું હતું કે તેનો આ ગ્રંથ હુમાયુનના મરણ પછી આગળ લખાયો જાણ્યો નહિ એ ખરેખર હિંદની તવારિખનાં સાહિત્યમાં એક મોટી આફત સમાન હતું. કાંઇ નહિ તો જે અકબર બાદશાહના ઇતિહાસને હાથ મારી પૂરો કર્યો હોત તો એ નામિયા બાદશાહના યાદગાર અમલ વિષે

આપણે અરેબ્ય એક મહાભારત ગ્રંથ ધરાવતે. જ્યારે અકબરના રાજને તે ઇનસાફ આપવા જીવવા ન પામ્યો ત્યારે ઔરંગઝીબનું રાજ તો બીલકુલ બાજુએજ રહી ગયું. તો પણ એ છેલ્લા મહાન મોગલની તવારિખનાં સાધનો મેળવવા પાછળ એણે ધ્યાન રોકયું હતું, અને મોગલ તવારિખના સાધનોનાં એણે કરેલા બોહોળા સંગ્રહમાં ઔરંગઝીબ પણ જગા રોકે છે. ઐતિહાસિક સાધનોનો એને કરેલો મોટો સંગ્રહ એના મરણ પછી બ્રિટિશ મ્યુઝીઅમને સપુરદ કરવામાં આવ્યો હતો, જ્યાં તે હાલ મોજુદ છે. અકબરને પછી બીજા કોઇ અંગ્રેજ તવારિખ નવેશે એણે આરંભેલું કામ પુરૂં કરવાનું બીજું ઝડપ્યું નથી.

અકબરના ઇતિહાસ ઉપર કાઉંટ ડી નર (૧૮૩૦-૧૮૮૧) નામના એક જર્મન શાહજાદાએ એક મોટું પુસ્તક ઘણા વરસની જેહમત પછી લખ્યું હતું જે તેના મરણ પછી બહાર પાડવામાં આવ્યું હતું. બે દફતરોમાં રચાયલું આ પુસ્તક જોને કે કેટલીક રીતે ઘણું ધ્યાન ખેંચવા જોગ છે, અને અકબર બાદશાહ વિષે એનો ખ્યાલ બહુજ ઉંચો અને ઉત્સાહ ભરેલો છે તો પણ અકબરનો ઇતિહાસ વીલીયમ અર્સ્કીને જો રચ્યો હોત તો બહુ કિમતી થઇ પડતે તે એમાં શક નથી. અકબરની આટલું પણ પુસ્તક મોજુદ છે પણ ઔરંગઝીબનો ઇતિહાસ અંગ્રેજી, યા કોઇપણ પશ્ચિમની ભાષામાં લખાયલો નથી. મર્હુમ સર વીલીયમ હંટર (૧૮૪૦-૧૯૦૦) ની આગલા હિંદી રાજકર્તાઓના ચરિત્રોની જાણીતી હારમાળામાં મી૦ સ્ટેનલી લેન-પુલ (જન્મ ૧૮૫૪) ની કલમથી લખાયલું ઔરંગઝીબ વિષેનું બહુ નાનું પુસ્તક ફકત હસ્તી ધરાવે છે. પણ જ્યારે મી૦ સરકાર પોતાનો ઔરંગઝીબનો ઇતિહાસ સંપૂર્ણ કરશે ત્યારે આપણે સઘળા એ બાદશાહ વિષે એક એવો મહાભારત ગ્રંથ ધરાવવાને શકિતવાન થઇશું કે જેનો હાલ અંગ્રેજી તો શું પણ બીજી કોઇપણ ભાષામાં હસ્તી ધરાવતો નથી અને આપણે હિંદીવાનોને વધુ ખુશાલી તો આથી ઉપજે છે કે એ ગ્રંથ એક હિંદીવાન લખે છે.

મી. સરકારનો આ ગ્રંથ ઘણું કરીને પાંચ દફતરોમાં પુરો થશે પણ જે એક છઠું દફતર. પણ ઉમેરાય તો આપણે અજબ થઇશું નહિ, કારણ કે એ ઇતિહાસ એટલા મોટા પાયા ઉપર રચવાનું એમણે માથે ઉઠાવ્યું છે કે પેહલાં ધારેલા પાંચ દફતરો એને માટે પુરતા થઈ પડે નહિ તો નવાઈ નહીં. મી૦ સરકારની પોતાના ગ્રંથ બાબેની યોજના કેટલી બોહોળી છે તે આ ઉપરથી માલમ પડશે કે એક આખું પહેલું દફતર માત્ર એક દીબાચા તરીકેનુંજ ગણાય. એ દફતરમાં ઔરંગઝીબના રાજની આગમજનો હેવાલ આપવામાં આવ્યો છે અને તે એના બાપ શાહજહાંનના રાજ અમલની આપણને માહીતી આપે છે. ઔરંગઝીબનો જન્મ ઇ. સ. ૧૬૧૮ માં થયો હતો. અને જ્યારે એનો બાપ શાહજહાન (૧૫૯૩-૧૬૬૬) રાજગાદી ઉપર ૧૬૨૭ માં આવ્યો, ત્યારે એ આઠ વરસનો છોકરો માત્ર હતો. ત્યાર પછીના ૨૦ વરસ એણે પોતાના બાપના રાજ અમલ તળે ગુજર્યાં અને તે દરમ્યાન અફઘાનીસ્તાન, ગુજરાત, પંજાબ, દખ્ખન વગેરે પ્રાંતોમાં સુબા તરીકેના શાહજાદા ઔરંગઝીબે હોદા ભોગવ્યાથી એના બાપના અમલનો પણ હેવાલ વાજબી રીતે મી૦ સરકારે લંબાણથી આપ્યો છે. બીજા દફતરમાં પણ ઔરંગઝીબનો રાજ અમલ શરૂ થતો નથી, કારણ કે એ આખા દફતરને ગાદી ઉપર આવવા માટે ઔરંગઝીબને પોતાના ભાઇઓ અને બાપ સાથ જે ખુનખાર લડાઇઓ કરવી પડી હતી તેનો વિગતવાર હેવાલ આપવામાં રોકયું છે. ઔરંગઝીબના રાજ્યાભિષેકના હેવાલ

સાથ એ બીજું દફ્તર પુરું થાય છે.

ઔરંગઝીબનો રાજ અમલ જે ૧૬૫૮ થી લગભગ ૫૦ વરસ સુધી લંબાયો હતો અને જે ૧૭૦૭ માં એના મરણ સાથ ખતમ થયો હતો. તેના કુદરતી રીતે બે મોટા ભાગ બને છે. ઇ સ ૧૬૮૧ માં એ બાદશાહ દીલ્હી છોડી દખ્ખન જઇ વસ્યો હતો, કારણ કે એનો મોટો લોભ દખ્ખનના બ્રાહ્મણી વંશોનાં મુસલમાન રાજ્યો તાબે કરી પોતાની સલ્તનતમાં જોડી નાંખવાનો હતો, અને તે કામ એના સરદારોને માટે ઘણું વિકટ નીવડયાને લીધે તેને. જ્યારે દખ્ખન જઇ પોતાનાં લશ્કરો દોરવવાનો ઠરાવ કર્યો હતો પોતાનું પાયતખ્ત દીલ્હી જ્યારે એણે છોડયું ત્યારે એણે થોડા વખતમાં દખ્ખનના સ્વતંત્ર રાજ્યોનો નાશ કરી પોતાની મતલબ પાર પાડી જલદીથી પાછો ફરવાની પુરી આશા રાખતો હતો, પણ તેની સરજતમાં દીલ્હી પાછું જવાનું જ લિ હતું. બે પાંચ વરસો નહિ પણ ૨૬ વરસો સુધી તેને દખ્ખનમાં રહેવું પડયું હતું અને આખરે ત્યાંજ અહમદનગરમાં ૧૭૦૭ માં તે મરણ પામ્યો. એથી ૧૬૮૧ નુ સાલ એના રાજમાં ઘણી અગત્યની જગ્યા રોકે છે. અને એજ વરસમાં એ રાજ અમલના બે ભાગ સહેલાઇથી થઇ શકે છે. ૧૬૫૮ થી ૧૬૮૧ સુધીનો ઇતિહાસ મુખ્ય કરીને ઔરંગઝીબની ઉત્તર હિંદુસ્તાન બાહેલી રાજનીતિ સાથ સંબંધ ધરાવે છે. જ્યારે ૧૬૮૧ થી ૧૭૦૭ સુધીનો ઇતિહાસ દખ્ખનને મુખ્ય કરીને લાગે વળગે છે. ત્રીજા દફ્તરમાં મી. સરકારે ઔરંગઝીબના રાજનો પહેલો ભાગ હાથ ધરી તેને પુરો કરી આપ્યો છે. હાલ સુધીમાં ત્રણ દફ્તરો એમણે પ્રગટ કર્યાં છે. ૧૬૮૧ પછીનો ઇતિહાસ હવે પછીના દફ્તરોમાં આપવામાં આવશે એમાં દફ્તરમાં મરાઠાઓ સાથની અને દખ્ખનના બીજાપુર અને ગોલકુંડાનાં બ્રાહ્મણી રાજ્યો સાથની ઔરંગઝીબની લાંબી લડાઇનો હેવાલ આપવાનો મી. સરકારનો ઇરાદો છે. પાંચમાં દફ્તરમાં ઔરંગઝીબના રાજના છેડાનો હેવાલ આપી તેના અમલ તળે પ્રજાની આર્થીક, ધાર્મિક, સંસારિક ઇત્યાદી બાબતોમાં કેવી હતી તે જુદા જુદા સાંધનો ઉપરથી ઉપજની કાઢી વાંચનાર સન્મુખ રજુ કરવાની ગ્રંથ કર્ત્તાની ઉમેદ છે જે જો બરાબર રીતે પાર પડશે તો ખરેખર આપણને ઘણુજ નવું અને બહુ અગત્યનું જાણવાનું મળશે.

એ હિંદી પ્રજાની ઔરંગઝીબના રાજ અમલ તળેની હાલતનો વિષય એટલોતો અગત્યનો છે અને તે બાબેની માહિતી બરાબર મેળવવી એટલી તો કઠણ છે કે મી૦ સરકાર જો એ બાબેની શોધ ખોળ ચલાવી એક વધુ દફ્તર એ ઉપર પણ રોકશે તો તે કંટાળા ભરેલું તો નહિંજ પણ ઘણુ કિમતી થઇ પડશે. ત્રીજા દફ્તરમાં મી. સરકાર ઔરંગઝીબની હિંદુઓ સામેની ખેદકારક રાજનીતિ જેથી મોગલ શાહનશાહનો પાયો ઘણો ઢીલો થઇ એનો પાછળથી અંત આવ્યો તેનો હેવાલ જે રીતે વિગતવાર આપ્યો છે, તે ખરેજ બોધકારક છે. અને હું ગુલશનના અધીપતીને ભલામણ કરું છું કે એ અગત્યની બાબત વિષેનાં મી. સરકારના ગ્રંથનાં પ્રકરણોનો તરજુમો પોતાના માસિકમાં કટકે કટકે આપવો. મી. સરકાર ની ઇતિહાસ લખવાની ઢબ પશ્ચિમ તરફની સુધરેલી રીત મુજબનીજ છે અને ઇતિહાસનાં સાધનો જેમ બને તેમ વધુ મેળવી તે ઉપર પોતાનો હેવાલ રચવા બાબેની એવણની ઉલટ ખરેખર વખાણવા લાયક છે. એવણનો ફારસી ભાષા ઉપરનો કાબુ ઘણો મજબુત છે અને તે એક હિંદુમાં હોય એ પહેલી નજરે લગાર નવાઇ જેવું લાગશે. પણ આપણી તરફ પશ્ચિમ હિંદુસ્તાનમાં તેમજ બંગાળા તરફ પુર્વ હિંદમાં કેટલીક હિંદુ જાતો મુખ્ય કરીને ખત્રીઓ મોગલ અમલમાંજ ફારસી ભાષાની મોટી ભારી જાણીતી થતી અને તે જાત તેઓના પોતાના વંશજોએ હાલ

અંગ્રેજી અમલમાં પણ ચાલુ રાખ્યું છે એ ખુશી થવા જેવું છે. આપણા વચ્ચે સ્મોલકોઝ કોર્ટના જજ મી. ફ્રીસ્ના મોહન ઝવેરી ફારસી ભાષાની પોતાની પ્રવિણતા માટે જાણીતા છે. અને તેજ દોસાલ પૂર્વ હીંદમાં મી. સરકાર છે. વળી આ વધુ ખુશી થવા જેવું બીના છે કે મી. ઝવેરી પણ ઔરંગઝીબના ઇતિહાસ બાબે બહુ ઉત્કંઠા ધરાવે છે અને એ શેહનશાહે લખેલાં પત્રો માને રૂક્કાઓનો તરજુમો અંગ્રેજીમાં કરવાનું કામ થોડા વરસ ઉપર માથે ઉઠાવ્યું હતું, જે એમને જો ફરસુદ મળે તો જરૂર પણ પાર પડશે એવી ઉમેદ રાખી શકાય.

દીવાની દુનિયાની બલિહારી!

(ગોવિન્દ ગુણ ગાઓરે-એ ગીતની ધૂન.)

દુનિયાં! તું તો દીવાની રેઃ
તારી બલિહારી!
દિલની તો તું દયાળુ–
પણ મનડું મોહવાળું:
પલમાં પલટાતી મતિ તહારીરેઃ
તારી બલિહારી!

મધુરી તુજ મુખની વાણી–
પણ ગુણ અણજાણ ગુમાનીઃ
પલમાં કરમાતી કૃતિ તારીરેઃ
તારી બલિહારી!

દિવ્ય પણ દૂષિત દ્રષ્ટિ–
સંહારે સ્નેહલ સૃષ્ટિઃ
ભૂલેવે ભરોંસે ભીતિ તારીરેઃ
તારી બલિહારી!

સુન્દર તું ત્યમ થા શાણીઃ
રસ જીવનની મહારાણીઃ
શાંત કલ્યાણી પ્રગતિહો તારીરેઃ
તારી બલિહારી!

પ્રભુની પ્રભુતાઃ તું દુનિયાં!
સુરની સુરતાઃ તું દુનિયાં!
અમને ન્યારીજ પ્રતીતિ તારીરેઃ
તારી બલિહારી!

લલિત

તારાનું ગીત

(ગઝલ)

૧

જીવન અવલમ્બઃ મુજ તારા!
અશોક કદમ્બ મુજઃતારા!

જીવન ઉધ્ધારિણી–રસ માલિની–
–મુદ્રાઃ અહો! તારા!

જીવનની છાય મુજઃ તારા!
જીવનની બેલડી તારા!

જીવનના દોર તેમજ તોર–
મુજ તારાઃ અહો તારા!

૨

જીવન જયગીત ગુંજે–
એક તારાઃને રીઝે તારા!

શરણ ચૂકી ગબડવું ચૂક–
જેનેઃ એક એ તારા!

રચું દ્રષ્ટિ તણો બસ ચોગ–
જેને તારઃ એ તારા!

જગત્તારક બનાવી દઈ,
ઘૂમાવે હો લલિત તારા!

લલિત

નિયમીતપણું.

(ગુલશન માટે)

લખનારઃ— ' Nancy "

તનદુરસ્તી, પ્રમાણિકપણું, ખંત, ઉત્તમ રહેણી-કરણી, આ સઘળા ગુણો અને ખાસ્યતો એક પુરૂષને ફેતેહમંદ બનાવવામાં મદદ કરશે, પરંતુ જો કે તેઓ બીજરી શકાય એવા છે, તો એ સંપાદન થઇ શકે નહિ. નિયમીતપણું, એમ છતાં, મેળવી શકાય એમ છે અને ફેતેહને માટે એના જેવા અવશ્યનો બીજો કોઇ ગુણ નથી.

નિયમિતપણું એક રહેણકરણી સદ્‌ગુણ છે. વેળા બુઢ્ઢી ચોદમો એક એલચીની મુલાકાતે ગયો. જ્યારે તે ગયો ત્યારે તે એલચી દાદરપરથી નીચે આવતો હતો, અને તે નામદારને હોલમાં આવકાર આપવા છેલ્લે ફાંદયે પૂગ્યો હતો. રાજાએ વિચાર્યું કે ખરી રીતે તેનાં પૂગવા સાથે તે એલચી હોલમાં હોવો જોઇએ. અને નહિ કે દાદરનાં છેલ્લાં ફાંદયા ઉપર તે પર રિક્ષા કરતા તે નામદાર બોલ્યા કે " હું બોટી થવાની અણી ઉપર હતો ! "

મારો એક મિત્ર, જે એક મોટો ચિતારો છે, તેણે છેલ્લાંના દાલનાંકુંકારે ઔર તેવણ પ્રિન્સ ઓફ વેલ્સ હતા, તે ધરી લાનાં કેટલાંક ચિત્રો બનાવ્યા પોતાનાં સ્ટુડિયોની મુલાકાત લેવા આમંત્રણ કર્યું. પ્રિન્સે એક બપોરવારે પણ વાગને આવવા નહી કર્યું. અરી વાગે પ્રીન્સે જોયું કે તેવણ મારા ફ્રેન્ડનાં સ્ટુડીયોમાં પોણોવણ અગાઉ આવી શકશે નહિ. તેથી એક એ-ડી-કેંગને મોકલ્યો કે જેથી તે ચિત્રકર વાટ જોયા નહિ કરે. સવાનવે ટકોરાનાયે તેવણ ત્યાં હતા.

જો કેટલાંક આદમીઓ, જેઓને હું ઓળખું છું તેઓ મને એમ કહે કે ' ઓગસ્ટની ૧૦ મીએ ૧૯૧૭ માં, હું તમારી સાથે ચાર ને વીસે હોઇશ. ' તો હું કદી તેઓને તે વિષે યાદ આપવાની અગત જોઉં નહિ. હું જાણું છું કે તેઓ જરૂરજ આવશે. આ આદમીઓ સઘળા નિયમિત છે; આ ગુણ ફેતેહને માટે જીંદગીના સઘળા પ્રયત્નોમાં અવશ્યનો છે. ભરૂસેદાર—પૂરેપૂરો ભરૂસેદાર—આદમી એકલો તે છે જે દરેક ઠેકાણે હાજર હોય છે.

ટ્રેન ઉપરે પછી અાધી મિનિટે ગયા કરતાં સ્ટેશન પર વીસ મીનિટ અગાઉથી આવવા બસે ઉતાવળ કરજો.

જો તમને આઠ વાગતે કેયે જવું હોય—એવે ઠેકાણે જ્યાં એક ટ્રેન ૭-૫૫ એ આવી પૂગતી હોય, તો જે ટ્રેન પહેલી જતી હોય તે પકડજો.

જે લોકો તમો સાથે મુલાકાતનો વખત નક્કી કર્યા પછી બોટી થતાં શમે છે તેઓથી સો કોશ દૂર નાસજો. તેઓ પત્થરનાં કલેજાં ધરાવી પાકતી મૂકે છે, અને આપણી જીંદગી અગવડ ભરી બનાવે છે.

કેટલાંક લોકો ધારે છે કે તેઓ બધા જરૂરી છે, કારણ તેઓ હમેશાં મોડાં આવે છે. તેઓ માત્ર અહંકારી મૂર્ખા છે, અને બેઅદબ વધીક છે. એક નાટકમાં તેઓ બીજાંઓની મજાક બનાવે છે; એક બાલાંની મિજલસમાં તેઓ પોતાનાં યજમાન અને યજમાનાને અગવડ કર્યા છે.

જો તમે એક બાલાંની મિજલસ ઉભી કરો, અને યોગ્યક " મોરે બાંધરે " નાંને તમારાં મિત્રો

લોડ મેળવવા ઇન્જન કરો, તો તમને જણાશે કે ખરેખરાં "મોટે ખોંચરે" નાં, જેવો ઘડયાળમાં ખાણું માટેનો મુકરર કરેલો વખત થોડાશે કે હાજર હશેજ. 'હાંડા માસ્તરો' હશે તેજ મોડા આવશે અને તમને ખોટી કરશે તમને જણાશે કે આ કામદો કોઇ પણ દેશમાં અપવાદ રૂપે એક સરખો હોય છે. નિયમિતપણું અને બીજાં લોકોની લાગણી માટેનો ખ્યાલ,—આ ઉમદા ખાસ્યત એક સુધ્ધા શખ્સ અને ભલી સ્ત્રીમાં હોય છે

'હું ટ્રેન ચૂકી ગયો," "મારૂં ઘડીઆળ મોડું છે." 'હું રસ્તો ભૂલ્યો,'—આ સઘળાં અને બીજાં બહાણાં બિલકુલ બેવજુદ છે.

નિયમિતપણાં માટે, તમારાં બાળકોને લસ્કરી તાલીમે ઉધારો. તેઓને શિખવો કે એક મીનિટ દશ વાગતાની ઉપર થઈ તે દશનો ટકોરો નથીજ; અને તમો તેઓને આ શિક્ષણ આપશો તો, ગ્રીક અને લેટીનમાં જે સઘળું લખાયલું છે તેમાં તેમને દાટી નાખશો તેનાં કરતાં, ફત્તેહ મેળવવા માટે તમે તેઓને એક ઉત્તમ શિક્ષણ આપેલું લેખાશે.

અને હવે, તમારાં હૈયાંના હાર અને માનિતી મહોરદાર માટે, હું કહીશ કે તેણીને નિયમિતપણું તેણીના પોતાના ભોગે શીખવો. તમે તેણીને એક એપોઇન્ટમેન્ટ આપ્યું હોય અને જો તેઓ મોડાં આવે, તો તમારો કરતા ના, ધમકાવતા ના, ચિરડાતા ના, તેણીને તાણાં મારતા ના. આખો વખત દિલપસંદ દેખાજો, જાણે તમે હમેશાં તેણીની સાથે હોવામાં સુખ માનતા હોવ—વહેલે કે મોડે, બીજી વેળા તેમનાં વગર ચાલતા થજો!

રે શા સુંદર મારી પ્રિયાના લટકા મટકા.

નાજનીન! એ શીખી તું લટકા કયાંથી?
એ નખરાં કયાંથી એ મટકા કયાંથી?
હું માનું છ તું ચાલે છ સીધી સાદી,
છતાં લેછ કદમ તુંજ થનકા કયાંથી?
તું સમજેછ કે ઉભી છું શિર્ફ સજન,
તો કમળ તુંજ બાયછ એ લચકા કયાંથી?
કરતાં મુજ દર્દી સાથ દુઃખ સુખની વાત,
રમુજના કહાડે છ તું ટચકા કયાંથી?
દેખાડવા દીલદારને ગુમાન ને માન,
લાવેછ અસરકારક ટણકા કયાંથી?
શોભે ને હીલે નાચતાં મોરનાં પીછાં,
શીખીછ તેમ હીલવવા પંખા કયાંથી?
આગળ તું જણાતી ભોળી નિર્દોષ,
તો આવેછ હવે તુને શંકા કયાંથી?
અંધકારમાં જોઇ તારા રૂપનો ચલકાટ,
હું છક્ક થઈ બોલ્યો અહીં લંકા કયાંથી?

ખુરશેદ.

ગુલબદન ગુલ.

(ગયા અંકથી ચાલુ.)

આગલાં પ્રકરણનો ટુંકસાર.

કાશ્મીરની નજદીક આવેલા હિમ લય પર્વતની બદ્રીનાથની ટેકરીપર એક યોગી વસતો હતો તેને મળવા કાશ્મીરના વડા વજીરનો બેટો સીધરાજ અને તેનો ગુરૂ કહુસા નામનો જ્ઞાની બ્રાહ્મણ પર્વત ઓળંગતા આવ્યા હતા. યોગીનાં મથકથી થોડે દુર એક વાઘને જોતાંજ સીધરાજ તેના તરફ ધસી ગયો પણ તેનો ઘોડો આડામાં પડી જતાં ઘોડો ને સવાર બંને ઉંચે મસ્તક પડ્યા. આ પછી બંને યોગીને મકાને ગયા. ત્યાં જણાયું કે જે વાઘતો યોગીનો પાળેલો હતો. યોગીના હુકમથી સીધરાજે તે વાઘ જોનું નામ હરી હતું તેને પલવાર્યો અને બંને મિત્ર થયા. યોગી સાથે એક રાત રહી સીધરાજ, કહુસા સાથે આગ્રા જવા નિકલ્યો કેમકે તેના બાપ તરફથી તેને મોગલ વંશના મહાન શાહનશાહ અકબરની દરબારમાં નોકરી કરવા મોકલવામાં આવ્યો હતો. રસ્તામાં તે યોગી માટે કહુસાને પૂછતાં જણાયું કે કાશ્મીરનો તે માજી રાજા નંદગુપ્ત હતો. આ રાજા સામે તેના વારસ નાના ભાઇએ બંડ કર્યું હતું પણ તેમાં તે ભાઇ કેદ થયો હતો. રાજ્યમાં ચાલુ બખેડા થતા શાંતિ માટે તે નાના ભાઇને ફાંસીએ ચઢાવવાની જરૂર જણાઇ. રાજા ઘણીજ નાનાકાની પછી કબુલ થયો, પણ તેને ભાઇ તરફ એટલો બધો પ્યાર હતો કે ભાઇને મારવા કરતાં તે પોતે ગુમ થઇ ગયો અને મરણ પામવાની ખોટી અફવા ફેલાવી આ થતાં નાના ભાઇને કેદમાંથી મુકત કરી ગાદી આપવામાં આવી. સીધરાજ આ વિગતથી અત્યંત હોવાથી અફસોસ કરવા લાગ્યો કે રાજા નંદગુપ્તનો તે યોગ્ય તે ઉપકાર માની શકયો નહતો; છતા તેને ધીરજ હતી કે તેમ કરવાનો વખત તેને માટે આવશેજ કારણ કે યોગીએ કુવા પડી વેળા તેને નસીબ કરી જણાવ્યું હતું કે કોઈની મુશ્કેલીમાં યોગ્ય સલાહની જરૂર જણાય તો તેની આગળ જરૂર હાજર થવું. તેજ આ આમંત્રણ કબુલ્યું હતું. સીધરાજનો વિવાહ તેના કાકા તે અલ્હાબાદના સુબાની એક પૂરી દીકરી વેરે કરવામાં આવ્યો હતો. હજી લગ્ન થયાં ન હતાં. આગ્રા જવા પહેલાં અલ્હાબાદ જવાનું તેનું આમંત્રણ થવાથી તે પોતાની પત્નીને મળવા આતુર કદમે આગળ વધ્યો.

પ્રકરણ ૨.
ઇંદુમતી.
(ચાલુ)

વિચારના વમળમાં વિંટલાયલી તે જવાનદીલ સ્વરૂપ નાર બેઠી હતી તેવામાં બાજુમાંના ઓરડામાં કોઇનાં ભારી પગલાં દાખલ થવાનો અવાજ તેણીના કાનો પર પડ્યો. બીજી પલે એક નોકરે આવી અગાસી આગળ નાંખેલો બારો પાડ્યો અને કહ્યું કે તેની પાછળ એક મધ્યમ કદનો, લગભગ નગ્ન શરીરનો એક શખ્સ આવ્યો. તેણે શરીરને તંગ આવે. તેવાં કપડાં પહેર્યાં હતાં ને પગ મુછીના દરેક અવયવ ઢાંકી નાંખ્યાં હતા. એક ઘણીજ કિમતી મુઠવાળી નાની તરવાર તેની કમરમાંના પટામાં લટકતી હતી. તેના મોટા દરજ્જાની તેજ એકલી કિમતી નીશાન હતી.

'માનવંત બાઇજી સાહેબ' તેણીને સ્વપ્નવશ હાલતમાં પડેલી જોતાં તે નોકરે અદબ અદાથી આગળ વધી હાથ જોડી જણાવ્યું. 'નામવર સુબા, સાહુના સદાગર, આપના મુરબ્બીજી શ્રી પીતાજી, આપને મળવા આવ્યા છે.'

'બલે પધાર્યા' અવાજથી પીતાને માન આપવાની ફરજથી ભોંઠી પડવાથી તેણી ઉભી થતાં

બોલી અને પોતાના પીતાને થોડે દૂર ઉભેલા જોતાં હેતથી તેમના બણી દોડી.

'ઇંદુમતી !' તે બાપે પોતાની તિક્ષ્ણ કાળી આંખો તેણીના ચહેરા તરફ ફેરવી કાંઇક ખુશ થતાં જણાવ્યું. 'તને યાદ હશે કે થોડા વખતની વાત પર મેં તને જણાવ્યું હતું કે તારો પિત્રાઇ તથા અદરાયલો ખાવિંદ સીધરાજ કાશ્મીરથી પોતાના ગુરૂ અને મિત્ર કલુસા સાથે હયાં આવનાર છે. તેઓ હવડાંજ આવી પુગ્યા છે અને બાજુમોના બાગમાં થોભ્યા છે. ચાલ, બેટા, આપણે જઇ તેમને આવકાર આપ્યો.

આ અતિ ઘણી ખુશ ખબર સાંભળતાં શાંત મને અને શાંત ચહેરે દરેક બાબત સાંભળવાની ઇંદુમતીએ પોતાને ટેવ પાડી હતી તે તેણી આ વેળા સાફ સાફ ભૂલી ગઇ.

તેણી તો પોતાના બાપને છોડી તે વ્હાલો કે જેની યાદમાં ગોથા તેણી ઝુર્યા કરતી હતી તેની આમદ સાંભળતાં તેના પાસામાં જઇ દબાવા તેણી હરણીની પેઠે કુદી પણ તુરત તેણીનો હાથ પકડી તે બાપે તેણીને રોકી.

'જરા થોભ, દીકરા !' તેણે તેણીને રોકતાં હસીને કહ્યું. તેણીની અધિરાઇ જોતાં તેને કાંઇક ગમ્મત લાગી. 'તું હયાંથી જાય તે પહેલાં મારૂં કહેવું પહેલાં સાંભળી લે. હું મુસલમાન રીત રિવાજોથી સારી રીતે વાકેફગાર છું એટલે તેમની માન્યતા મુજબ પરણ્યા વગરનાં જવાન છોકરા ઓને જવાન છોકરીઓ સાથે ભેળાવા દેવામાં સરફ બેવકુફાઇ છે. મુસલીમ ઉપાધ્યાઓ તે જરાએ પસંદ કરતા નથી. આપણે હિંદુઓમાં આગળ આ માન્યતા ન હતી પણ મુસલીમ રહેણી કરણીએ આપણા પર પણ અસર કરી છે અને આપણે આપણી રાજ્ય કરતી કોમનું આ બાબતમાં અનુકરણ કરવા લાગ્યા છીએ. તું જાણે છે કે હું તો સદંતર જુના આચાર વિચારનો છું...મને એ મુસલીમ રિવાજો પસંદ નથી. દરેક રીતનું કામ હદમાં રહીને કરવા માં આવે તે જોવા મને ઘણું ગમે છે તે કારણે જ હું આપણા આ પુરાતન દેશના પુરાતન રીત રિવાજોને મુજબ, તારા ભવિષ્યના ખાવીંદ સાથે મળવા-ભેટવાની હું તને દરેક છૂટ આપું છું; પણ તે એકજ શરતે કે તારે તે વાતની ફકત કોઇ એક અંગત સિવાય બીજાને ખબર કરવી નહિ નકર તેમ થતાં આ મુલક કે જે પર મહાન અકબરને નામે મારે રાજ્ય ચલાવવું પડે છે ત્યાં ના લોક પરની મારી સત્તા કમી થઇ તારૂં ભલું નામ વગોવાય કે જે જોવા ને જાણવા કરતાં મોત હું અધિક પસંદ કરૂં છું. મારૂં આ કહેવું તું તારી છાતીમાં કોતરી રાખજે. તું સ્યાણી ને સમજુ હોવાથી મારે તને આ બાબે વધુ ચેતવણી આપવાની કશી જરૂરત નથી. ચાલ !' અને પોતે આગળ ચાલી તેઓ એક મોટા હોલમાં થઇને નદીની બીજી બાજુના ઓરડામાં ગયાં કે જ્યાં તે બે પહેરોણાઓ આતુરતાથી તેમની રાહ જોતા થોભેલા હતા.

'ભલે પધારો, મારા વ્હાલાઓ' સાલુનાએ અદબ આદાથી આવકાર આપતાં જણાવ્યું 'બેટા સીધરાજ, મુજ કમતરીનની માંગણી અનુસાર આગ્રા જઇ બીજાઓની પેઠે સૌથી પહેલાં તારૂં મથક કરવા કરતાં પહેલાં મારી આગળ સીધા ચાલી આવવાની મહેરબાની માટે હું ખરેજ ઘણો ખુશી થયો છું' તેના બોલવા ચાલવામાં મીઠાસ અને મમતા હતી પણ તેના દેખાવમાં તેવોજ તે જોશ ભર્યો હોય તેમ કશું જણાતું નહતું.

સીધરાજને પોતાના કાકાના આવકારની જરાએ તુંભા ન હતી. તેતો ફકત મર્યાદાને લીધે થોડો વખત ચુપ ઉભો હતો પણ કાકાનું બોલવું પુરૂં થતાં તેની સાથે આવી ઉભેલું તે સુંદરતા ને નાજુકાતનું પૂતળું જોતાં જાણે ફાટી ગયો હતો, તે સીધો તેણી આગળ દોડયો ગયો. ના તેણે પોતાના કાકાનો ઉપકાર માન્યો કે ના તેણે તેની

હાજરીમાં તેમ કરવાની કલુસને તક આપી. તે તો સીધો ઈદુમતી આગળ જઈ તેણી સમક્ષ ગુંઠણ ભરે પડયો અને તેણીએ આવકાર આપવા લંબાવેલો હાથ પોતાની આંખોમાં લગાવી તે પર પ્રેમનું સૌથી પહેલું ચુંબન કર્યું.

'ભલે પધાર્યા!' તેણીએ તેને ઉઠવાની ઇશારત કરતાં કહ્યું. તે રૂપેરી ઘંટના જેવો મીઠો ને મધુર અવાજ સાંભળતાં તેના તંતુઓમાં ઝણઝણાટ થઈ રહ્યો. 'ભલે પધારો, વ્હાલા, આજ કંઈ મુદ્દતથી આ દાસી તમારી રાહ જોતી ફોકટમાં પેલા પર્વત તરફ જોઈ આંખો ખેંચતી હતી. જાણે તમો પધારવાનાજ ન હો તેમ મને લાગી આવતું હતું.'

'જાને મન, તું શું એમ ધારતી હતી કે કરજ્યાત કારણ સિવાય અહલ્લાબાદ દોડી આવતાં હું કદીએ એક પળની ઢીલ કરવાનો ખ્યાલ કરતે—' તેણે કાંઈક ગુસ્સાથી પોતાનો બચાવ કર્યો. 'નહિ મારા પ્યાર, તું ભૂલે છે. તારી આગળ બનતી ઝડપે આવવા પરતો અને નદીઓ કુદી જવાતી હોત તો હું મોટી ખુશીથી તેમ કરત. આહ! મારા ઘોડાને બે પાંખો હોત ને તે વિષ્ણુના ગરુડની પેઠે ઉડતો હોત તો હું તેને ઘડી ભર પણ તારી આગલ આવતાં મુદ્દીમાં આરામ આપત નહિ.'

'હું ખુશીથી તમારું કહેવું માન્ય કરું છું' ઈદુમતી એક ચકુંબર દીલસ્થ કે દીલ બરોબર તારું હાલ પોતાનાં મોંપર પ્રગટ કરતી બોલી કે જે દેખાવ જોતાં સીધરાજ વિચારમાં પડયો કે તેણી બોલી પૂગ્યું હતી કે સ્વર્ગની કોઇ અપ્સરા તેની આગળ આવી ઉભી હતી 'બરોબર એ દીલ માટે નથી તમોને કપરો ઘટતો કે નથી આપણા પરમ વિશ્વાસુ મિત્ર કલુસાને તે ઘટતો ગમે તેમ પણ આપણે મળ્યા છીએ એજ ખુશીની વાત છે. પિતાજીના બજાવજા મુજબ તમો અને યોગ્યજ વખત રહેનાર હોવાથી તમારી આમદ એજ પણ ખુશાલી ભરી છે.'

'ખચ્ચીત!' સાલુના જે હાલમાં કલુસા સાથે વાત કરતો તેણે હવે તે વ્હાલાંઓની વાતમાં માથું મારતાં જણાવ્યું 'આપણાં મિત્રો આવતી કાલે તો હયાંથી જનાર છે કેમકે આમા ખાતે તેમની રાહ જોવાય છે. તે છતાં વ્હાલા બેટા, મારે તારી પ્રિયા સાથની તારી વાતમાં કાંઇક અગત્ય નાંખવી પડશે કેમકે હું તને કાંઇક હવકાંજ કહેવા માંગું છું. મારો વખત અતિ કિમતી છે અને બપોરનાં બાનાં આગમજ મારે ઘણાં કામો આટોપી લેવાનાં છે. મહેરબાની કરી તું મારી સાથે આવશે?'

આ માંગણી ના પાડી શકાય તેમ ન હતી એટલે કમને ઈદુમતી તરફ ફરી ફરીને જોતો તે પોતાનાં ગંભીર અને રોબભર્યા કાકાની પૂઠે મહેલને લગતાં બાગમાં ગયો. ત્યાં ઝાડોની ઘીચ ઘટામાં બાસ બનાવેલી બેઠકપર સાલુના બેઠો અને તેણે ઇશારત કરી પોતાના ભત્રીજાને પોતાની પાસે બેસાડયો.

'આહ! ત્યારે તું પણ મહાન અકબરની સેવા બજાવી તારું નસીબ અજમાવવા જાય છે' સાલુનાએ બેસતાં સમેત જણાવ્યું 'ખરું પુછ વે તો તું બરોબર બાગશાળી છે કે તારા પિતાએ તને આવી અસાધારણ તક મેળવી આપી છે. તારે બૂલવાની જરૂરજ નથી તારો કાકો તારી જરૂરને વખતે પોતાની અસાધારણ લાગવગનો ઉપયોગ કરવા કદી કચાશ કરશે નહિ!'

'તે માટે હું તમારો આભારી થયો છું, મુરબ્બીજી' સીધરાજે નરમાસથી આભાર માન્યો 'મારે જુબવાની જરૂરજ નથી કે પ્રીતિનાં પહેલાં પગથીયાં પર ચડવાનો મારો માર્ગ સહેલ કરનાર મારા મુરબ્બીજી પિતાથી કરતાં આપ મુરબ્બીજી વધુ છો. આપણી સુંદર માતૃભૂમિમાં જે કાંઇ બનવું થવાપ તે કરતાં કાંઇક અધિક જીવતા વાર્તાલાપમાં કાંઈ બનવું આવવાનું આ તકથી મને

બની આવશે તો હું તે બાબતમાં કદી પાછી પાની કરીશ નહિ. આ સાથે મહાન શાહનશાહ માટે આપણાં વતનમાં જે કાંઈ મેં સાંભળ્યું છે તે જાતે નજરોનજર જોઇ ખાત્રી કરવાની મને તક મળી આવનાર છે તે માટે પણ હું લગાર વધુ ખુશ છું.'

'શાબાશ!' સાલુનાએ તેના ઉત્સાહને બીરદાવ્યો. 'પણ મારૂં કહેવું લક્ષમાં રાખ. તારા કરતાં આ જગ્યાનો હું જૂનો કાગડો છું અને મને લાંબો મોટો અનુભવ છે. બાદશાહ સલામતના રાજ્યના ભપકાસપકાને લગતી કલ્પિત વાતો જે કાંઇ સાંભળી હશે તેનો પ્રત્યક્ષ પુરાવો તને મળી શકશે પરંતુ બાદશાહ પર ખાસ કરીને આંધળો વિશ્વાસ મુકવાની જરૂરજ નથી. અસાધારણ મોટા ખ્યાલો આ બાબતમાં રાખવાની કશી જરૂરજ નથી.'

'કારણ?' સીધરાજે કાંઈક અજાયબ થતાં પૂછ્યું. 'શું મહાન અકબર પોતાના નામને જોગ ચમાપી શકતો નથી? શું તે મારા પિતાજીના તથા મારા ગુરૂ કલુસાના હમેશના જણાવ્યા મુજબનો મહાન અને બળવાન શાહનશાહ નથી?'

'તારી ભૂલ છે, બેટા! મેં એમ કહ્યુંજ નથી!' સાલુનાએ મીઠાસથી જણાવ્યું. 'મારૂં કહેવું એટલુંજ છે કે મહાન પુરૂષોમાં પણ હમેશાં ચોક્કસ ખામીઓ હોય છે જે વારંવાર બીજાઓ માટે બહુજ ભયાનક થઇ પડે છે. સાંભળ,' અને લાંબા સાલુનાએ ચોપાસ જોઈ પોતાની ખાતરી કીધી કે ત્યાં કોઇ હાજર ન હતું ત્યારે ઘણા ધીમા અવાજે જણાવ્યું. 'જ્યારે એક માણસ પોતાની હિમત અને ડહાપણથી અકબર જેવી મહાન સત્તા મેળવે છે ત્યારે નહિ તૃપ્ત થતી તેની છાતીમાં વધુ અને વધુ મેળવવા તેને ઉશ્કેર્યા કરે છે. શાહનશાહે પોતાના રાજ્યમાં બીજાં સંખ્યાબંધ રાજ્યોને જોડી દીધાં છે તેથીજ વધુ લોભી થયો છે અને તેનો ડોળો તારી માતૃભૂમિ તથા મારા દેશ પર બેસાયો છે. તે દેશ વધુ વાર સ્વતંત્ર રાખવાની તેની ઇચ્છા નથી. તું તો સારી પેઠે જાણતો હશે કે આપણા હાલના રાજા અને તેના બંને બેટાઓ વચ્ચે વારંવાર ઝઘડા ઉઠ્યા કરી ખુનામરકી વરપા કરનારી લડાઇઓ થાય છે જેમી લડાઇઓ આ રાજાએ પોતાના નેક ભાઇના અભાનમાં ચલુ વરપા કીધી હતી.'

'મને આ બાબે થોડીક ખબર છે' સીધરાજે જણાવ્યું. 'આટલો બધો મામલો ગંભીર છે એમ મને ખબર નહોતી.'

'જ્યારે પણ તને તે ખબર મેળવવાની તક મળે ત્યારે તું ખબર કાઢશે તો તારી ખાતરી થશે' સાલુનાએ જણાવ્યું. 'હું તને તે બાબે થોડીક ખબર આપી શકીશ પણ તે વિષે કલુસાને તું કશુંએ કહીશ નહિ; કેમકે મારા ધારવા મુજબ તેમાં કોઇ પણ જાતનો ફાયદો નથી. આપણા રાજા સાહેબ અને તેમના બેટાઓ વચ્ચેનો ઝઘડો ખાસ ઉશ્કેરીને કરાવવામાં આવે છે. આ ઉશ્કેરણી કરનાર કોણ છે તે તું સહજ સમજી શકશે. જો ખુલ્લી મારામારી બાપ દીકરાઓ વચ્ચે થાય ને દેશના જુદા જુદા ભાગલા પડી જાય તો પછી શાહનશાહને મારામારીનું બહાનું લાવી દેશપર પોતાનાં જબરાં લશ્કર સાથે હુમલો કરવાનું બની આવે. એક પક્ષને હાથમાં લેતાં બીજાઓમાંથી સરળ માર્ગે મેળવી કાશ્મીર સહેલ કબજે કરવાની ગણત્રી રાખવામાં આવેલી છે. અલબત અકબરે જે મહાન કુત્તેહ મેળવી છે તેનો હું મોટો વખાણનાર છું. એક માણસ કયાં સુધી જઈ શકે છે તે તેણે સાચુક બતાવ્યું છે. તેના લોભી સ્વભાવે તેની પ્રજાને મહાન બનાવી છે તો તેજ લોભ આપણા ગરીબ ભાઇઓને તેમની સ્વતંત્રતા ખુંચવી પરતંત્રતાની ઝુંસરીમાં નાંખે તે કેમ બની શકાય?'

'શું એ ખરી વાત છે?' સીધરાજે પોતાનાં ભવાંનો ચિહ્નો ચઢાવી કાંઇક ઉશ્કેરાટમાં

પૂછ્યું. 'ને તેમજ છે તો જે માણસ આપણો નાશ કરવા તાંપી રહ્યો છે તેની નોકરી તમો શામાટે કરો છો?'

'તેમ નહિ કરવાનું કારણ?' સાલુનાએ કાંઈક ચોંકીને સવાલ પર સવાલ કર્યો. 'શાહનશાહને કશી પણ ઇજા કર્યા વિના ઉલટ તેનાં ઘણાં અગત્યના કામમાં ખાસ સેવા બજાવી કોઇ જે તેની હીલચાલો ને યુક્તિઓ પર ધ્યાન આપવાનો વિચાર કરી તે પર અમલ કરે તો તેમાં હું કશું ખોટું જોઇ શકતો નથી. ઘણીજ ખુશીની વાત છે કે મારી ભલામણ અને મારા આશ્રયથી તું આવ્યો છે. હવે તું આપણા શાહનશાહ સાથે મારા કરતાં પણ કાંઇક વધુ સમાગમમાં આવી શકશે. મારા કરતાં તારા પર ઓછો શક રાખવાનું દરેકને કારણ મળશે એટલે તું તેવી રીતે રહી તારા દેશની મોટી સેવા બજાવી શકશે.'

'પણ તે તો ખોટું કહેવાય!' સીધરાજે ગુંચવાઇને જણાવ્યું.

'પોર્યા, પોર્યા' સાલુનાએ શાંત ચહેરે પણ કાંઇક વિશેષ જુસ્સાથી ને પૂર ગંભીરાઇથી કહ્યું. 'એટલી બધી ધરપડી ના કર! તારા કરતાં ઉમર અને અનુભવની વધુ દીવાળીઓ મેં જોઇ છે. તું તો હજુ આ બંનેમાં બાળક છે તો પછી તારા કરતાં વડીલને શીખામણ આપવાની શેખી શા માટે કરે છે?'

'જેઅદબી થઇ હોય તો માફ કરો, કાકાજી' સીધરાજે જણાવ્યું. 'રાજદરબારી કામોના ગુઢ્ઢ દોરોથી હું એટલો બધો અજાન છું કે મને તે દશાએ સમજ પડતા નથી. મારા ગુરૂ કલુસાએ મારાં બોલવામાં ફક્ત એટલજ ખ્યાલ સખત રીતે બેસાડ્યો છે તે એજ કે મારે સચ્ચાઇનો માર્ગ અખત્યાર કરી તેજ માર્ગ પર ચાલવું અને કદીપણ ગમે તે થઇ જાય તે છતાં મારે આડોંઅવળો માર્ગ મલ્યુ કરવો નહિ અને—'

'કલુસા, મારા વ્હાલા બેટા' સાલુનાએ વચ્ચે પડતાં તેને જણાવ્યું. 'બહુ ભલો માણસ છે કે જેને માટે હું ખરાં હૃદયથી ભગરૂર છું; પણ એમનામાં શાસ્ત્રનું જ્ઞાન ફક્ત વધુ છે. દુન્યવી જ્ઞાન એઓ બરાબર સમજતા નથી. એઓ સિધ્ધાંતો સમજી શકે છે પણ તેમને અમલમાં મુકવાના સંસારી માર્ગો જાણી શકતા નથી. જો, બેટા, તુંજ વિચાર કર. તારો વ્હાલો દેશ અને તારા વ્હાલા ભાઇબંધો જેઓ તરફ તું તેમજ હું માનની નજરે જોઇએ છીએ તેઓ બાપડાં આફતમાં છે. જે બાદશાહ તરફ તું ભારે માન અને વખાણીની લાગણીથી જુએ છે તેની તારે એક સિવાય બીજી દરેક બાબતમાં સેવા બજાવવાની જરૂર છે. તારાથી બની શકે તેવી રીતે ફક્ત આ એકજ બાબતમાં શાહનશાહની વિરૂદ્ધમાં કામ કરવાની તારી ફરજ સમજવી જોઇએ છે. આ તક હાલમાંજ તને મળી છે. આ તક અસાધારણ મોટી નથી પણ કાંઇક સાધારણ છે. શું તું આ તક જતી મેલશે? તારા કહેવાતા ઉંચી કિસમના રાજદ્વારી વિચારો માટે તારે આ સુંદર તકને ધોકડે મારવાની જરૂર નથી. વિચાર કર કે આપણા દેશનો નાશ કરવાનો વિચાર રાખી મહાન અકબર તારી ને મારી સેવાઓ કબુલ મંજુર રાખવામાં શું તે વાજબી છે? આ તેનું પગલું શું ખોટું નથી? તેવી હાલતમાં આપણી અચુક વફાદારી પર આંધળી શ્રધ્ધા રાખવાનું તેને કારણજ શું છે? કદાચ તું એમ ધારશે કે હિમત કરી અકબરના મોઢાં પર જે તે તેને તું જણાવી દે તેમાં ફાયદો કે નહિ? પણ મને જણાવવા દે કે તેમ થતાંજ તને બેડી પાડી કોઈ અંધારી કોટડીમાં પુરવામાં આવશે અને ત્યાંથી દખ્ખનનાં કે બંગાળાનાં કેદખાનાંમાં પુરવામાં આવશે; નહિ કર નસીબજોર હશે તો પહેલાંજ કેદખાનામાં તને પુરો કરી નાંખવામાં આવશે. આવી જાતની ઉદ્ધતાઇ કરી પણ કોણ

નથી અને ફાવશે નહિ. તે કરતાં તો આવી મળતી ઉમદા તકોનો ખાસ કરીને લાભ લેવા-માંજ મોટો ફાયદો છે. તેમ થતાં રાજાને કશોએ ગેર ફાયદો થનાર નથી ઉલટું તેમ થતાં આપણી માતૃભૂમિનું રક્ષણ કરવાનું આપણને બની આવનાર છે.'

પોતાની ખાતરી ન થવા છતાં આવી જુસ્સા ભરી આપીલ સામે તે કશીએ દલીલ રજુ કરી શકતો ન હોવાથી સીધરાજ ચુપ રહયો. પોતાનો ફાકો હજી વધુ શું કહેવા માંગે છે તે જાણવા તે બેઠો હતો.

પણ સાધુનાએ પોતાનાં ભાષણ સાથે તે મુલાકાતનો છેડો આણ્યો અને તેઓ જવા ઉઠયા. મકેલમાં જવાના માર્ગમાં તેમને એક આકાર મહયો કે જેને જોતાં સીધરાજ અજાયબીમાં ગરકાવ થઈ ટગર ટગર ટીકવા લાગ્યો. તે લાંબટાંગ, લબાર ભુરા રંગનો હતો. તેનું મોહું ને માથું માથાંપરની ચોટળી સિવાય સાફ સાફ બોડેલું હતું. તેનો જમણો હાથ અને છાતી સદંતર ખુલ્લાં હતાં. શરીરપર પવિત્ર જનોઇ પરોવેલી હતી, અને એક ભગવું લુગડું તેણે આખાં બદન પર લપેટયું હતું. તેના ખાડા પડી ગયલા ગાલો અને અંદર ઉતરી ગયલી આંખો તેના અપવાસો ને પ્રાર્થનિનોનો ખુલ્લો ભાસ આપતાં હતાં. ગમે તેવા માણસ કે જાનવરથી સીધરાજ કદીએ ચોંકી જાય તેવો નહતો તે આ વિચિત્ર આકારને એકા એક પોતાની સમક્ષ આવેલો જોતાં ચોંકી ગયો હતો. તેણે જંગલમાં અનેક વાઘો અને અનેક જોરી અજગરો માર્યા હતા તે વેળાએ પણ આ રાક્ષસને જોતાં તેના જીગરમાં છૂટેલી ધાસ્તીની ધ્રુજારીઓ જેવી ધ્રુજારીઓ કદી લાગી ન હતી.

'યોગીરાજ ગોરખ' સાધુનાએ તેને ઓળખાવ્યો. 'એઓ પેલી સામેની ટેકરીપર આવેલાં દુર્ગા માતાના મંદીરના પુંજારી છે. એઓ મોટા પરમભકત છે, એમની સાથે માનથી વાત કરજો. પોતાના મોટા દરજ્જાને એઓ પુરતા શોભારૂપ છે; અને તું ધારે તે કરતાં કાંઇક અધિક વિગતો એઓ તને જણાવી શકશે.'

ચાલવાને બદલે લગભગ લપસીને તે યોગી તેમની આગળ આવ્યો કે તેઓએ તેને નમસ્કાર કર્યો. તેના જવાબમાં પોતાના હાથો જોડી નાક પર થઇને કપાળપર ટેકવી તે તીણા અવાજે બોલ્યો,

'ઓમ ! ઓમ !! શાંતિ...શાંતિ !!! પરમાત્મા અને તેની જ્વાલી પ્રિયાના પરમભકતો! ઓમ, શાંતિ...શાંતિ !!'.

'મહાન યોગીરાજ ગોરખ, તમારી આમદ મુબારક થાઓ !' સાધુનાએ નમસ્કારનો વળતો પ્રત્યુતર કરતાં બોલ્યો.' આ મારો મંત્રીજો સીધરાજ કાસ્મીરથી આવ્યો છે. એના વિષે મેં આપણે આગળ પણ જણાવેલું જ છે.'

'ભલે પધારો–ભલે પધારો ! દુર્ગા માતા તારી મહેરબાન થાઓ !' ગોરખે મુબારકબાદી આપી. 'પરમાત્મા એને યશ ને બુદ્ધિ આપી. કષ્ટના કંકાસથી દુર રાખી અમર્ત્ય શાંતિનાં ઉત્તમ જોડાણના મહાન માર્ગ તરફ એનાં પગલાં દોરવો કે જેમાંજ વધુ અને વધુ ઉંડાણ જતાં મોક્ષ મળવાનો દરેક સંભવ રહે છે. તેમ છતાં આ દુન્યાવી જ્ઞાનનો અનુભવ જેવી રીતે મારા મિત્ર તને અને મને જૂદા જૂદા પાઠો શીખવે છે તેવીજ રીતે એને પણ શિક્ષણ આપશે. હજી એ નિશાળીયો છે અને એને જ્ઞાની બનવાને વખત જોઇશે. મને ગોવા બહાર જવા થાય છે, એનું કારણ હું સાધ્યથી વાંચી શકું છું તે પરથી પણ હું ખાત્રી આપી એ જવાબ આપણામાં જોડાશે' અને અહીં સીધરાજ તરફ ફરીને તે બોલ્યો. 'મિત્ર આપણને ફરી મળવાને વધુ વખત થશે નથી.'

'બેઅદબી માફ છે, માનવંત સાધુજી' સીધરાજે કાંઇક બેચેન થતાં જણાવ્યું. 'પણ આપનાં દર્શનનો લ્હાવો આ નાચીજને કયાં થયો હતો તે મને કયું યાદ આવતું નથી.'

'તું ક્યાંથી જાણી શકે' જવાબ મળ્યો. 'કેમકે તે વખતે તમો લોકોની બાહ્ય નજરથી હું અદૃશ્ય હતો.'

ઘણા યોગીઓની અદૃશ્ય થઇ જવાની મહાન શક્તિ વિષે સીધરાજે ઘણુંએ સાંભળેલું હોવાથી તે ચુપજ રહ્યો. તે અચ્છી રીતે જાણતો હતો કે ઇશ્વરી જ્ઞાન જેટલું હિંદમાં આગળ વધેલું હતું તેટલું દુનીયાના કોઇપણ ભાગ પર હતું નહિ. આ કારણે હિંદના મહાન ભક્તો ગોયા ઇશ્વરી શક્તિના ભોગ્ય કરી દેખાડતા હતા. હિંદની આ અદભૂત શક્તિ જગજાહેર હોવાથી અત્રે તે બાબે લંબાન કરવાની કશી જરૂર નથી. તે ચુપ રહી સાંભળવા લાગ્યો. તેની બારે અજયપી વચ્ચે તેણે ગોરખને બોલતાં સાંભળ્યો.

'તે સાંજે જ્યારે તું વાઘની પૂંઠે પડયો હતો : તેમ કરતાં ઘોડા પરથી ઉથલાઇ પડયો હતો તે વેળા મેં તને જોયો હતો—આ બાબે હું તને મળીશ ત્યારે વધુ વાત કરીશ. ભલા, સાલુના હાલ મારી સાથે કાંઇક બાનગી વાત કરવા માંગે છે તેથી હાલ તુરત તો સલામ. દુર્ગાનો વહાલો સાથી તારો નેગેહબાન થાઓ!' અને ધીમા અવાજે ઓમ, ઓમ, ઉચ્ચારતો તે યોગી સાલુના સાથે બાગમાં અંદરના ભાગમાં ચાલી ગયો. જતાં જતાં કાકાએ ભત્રીજાને જણાવ્યું કે 'આપણે જલદીથી મળીશું.'

સીધરાજની અજયપીને ઉશ્કેરવા માટે જે યોગીના છેલ્લા ટિકા રામબાણ હતા. તે અજયપીમાં પડયો કે તે બયાનક અરણ્ય કે જ્યાં તેનાં માણસો સિવાય તેને ઘોડાપરથી પડતાં કોઇ પણ બીજા શખ્સે જોયો નહતો તો તે યોગી કેવી રીતે જાણવા પામ્યો હશે! પણ હવાં તેને બાગમાં ઘોડે દુર ભટકતા પોતાના નોકરને જોતાં તે વાતમાં કશો ભેદ નહતો એમાં તે સહેજમાં કળી ગયો.

'વત્સા' તેણે તે નોકરને આગળ તેડી પુછ્યું. 'તેં કે કલુસાના નોકરે હવડાં કોઇ યોગ જોવા સાથે વાત કરી છે?'

'ના, સરકાર' જવાબ મળ્યો. 'હમે તે તેવો કોઇ જોયો નથી.'

'બરેબર!' સીધરાજ હવે બરેબર અજાયબીમાં ગરકાવ થતો બોલ્યો, 'ઠીક છે, તું ત્યારે જા' અને ત્યાંથી ફરી આગળ વધતાં તે બડબડયો 'મારે આ બાબે કલુસા સાથે વાત કરવી પડશે.' પણ તે ઘોડો દુર બાગમાં ગયો નહિ કે તે યોગી તથા બીજાઓને લગતા તેના ખ્યાલો હવામાં સાફ સાફ પીગળી ગયા; કેમકે તેણે આંબાના એક મોટાં વૃક્ષની નીચે કમળ ફુલનાં નાનકડાં તળાવની પાળપર સુફેદ કપડાંમાં સજ્જ થઇ કમળની સાથે રમત કરતી ઇંદુમતીને જોઇ હતી. ત્યાંની હવા બાજુમાં ઉડતા સુંદર ફુવારા અને તળાવનાં પાણીના પ્રવાહથી ઠંડક ભરી હતી. તેણીની આસપાસ ફુલોનો ભોટો જથ્થો પડયો હતો અને તેણીના હાથમાં અર્ધ તૈયાર કરેલો મોટો સુગંધી હાર હતો. પોતાની તરફ કોઇનાં પગલાં આવતાં સાંભળી તે તરફ નજર કરી તો સીધરાજને જોતાંજ તેણીએ પોતાના હાથમાંનો હાર પડતો મુકયો અને તુરત તેના તરફ દોડી તેને ઘણાં માનથી નમસ્કાર કર્યા પણ સીધરાજે તો તેના જવાબમાં તેણીને પોતાના પાસામાં ખેંચી એક ખરાં જીગરનાં જોશ સાથનું હસ્તાલિંગન કર્યું જે પછી તેણીનો હાથ પકડી તેઓ બંને તેણીની પહેલી જગ્યાએ જઇ બેઠાં અને સીધરાજ ત્યાં તેણીના પગ આગળ લાંબોઢર થઇને પડયો.

'કાકાજી કેવા ઘાતકી છે કે હજી આપણે બે શબ્દોભી બોલ્યાં નહિ તેટલામાં આપણને છૂટાં પાડી મુકયાં' તે કાંઇક ખફા થતો બોલ્યો.

'એમ કાં?' ઇંદુમતી હસી. 'સામો તમારે તો તેમનો ઉપકાર માનવો જોઇએ કે બીજાઓની પેઠે ન વર્તતાં આપણને એકબીજ સાથે વાતો કરવાની તક આપી છે. આ તરફ આપણો પોતાનાં

અદશાયલાં છોકરાંઓને કદીપણ એકમેક સાથે ભેળાવા દેતાં નથી.'

'મારાં જીગરથી તે માટે હું તેમનો આભાર માનીશ.' તેણે કહ્યું. 'કેમકે તારી સંગતમાં ગુજારેલી પળો મારી જીંદગીમાં મને સોથી કિંમતી થઇ પડનાર છે. વલ્લાહ! તને જોતાં હું જેટલો ખુશાળ છું તેટલી તું જણાતી નથી. તેનું શું કારણ છે?'

'આહ!' તેણી નિસાસો મુકતી બોલી. 'આવતી કાલે તો આપણે ફરી પાછાં એકત્ર થઇએ ત્યાં સુધી છૂટાં પડનાર છીએ તો પછી મારાં મુખપર ગ્લાની ન રહે તો બીજું શું રહે? બનવા જોગ છે કે આપણે બેનેની વાતચીત કરી લેવાને આ છેલ્લીજ તક હોય. હવે ફરીથી આપણે એકત્ર થઇએ ત્યાં સુધી તેમ થનાર હોય તો બેહતર છે કે ખુલ્લાં દીલે અને મને આપણે વાત કરી લઇએ. આવતી કાલે તો તમો આનંદ અને મોજમજાહનાં તે મહાન ધામ તરફ ચાલ્યા જશો કે જ્યાં મારા જેવી સાદી માદીને તમો કયાં ને કયાં ભૂલી જશો!'

'ભૂલી જઇશ!' તેણીનો હાથ પકડી સી ધરાજ બોલ્યો. 'ઇન્દુ, મને કહે કે તારા આવા વ્હેમને સદંજ પણ લાયક થવા જેવું મેં કર્ત્તવ્ય કર્યું છે? થોડા મહિનાની ગેર હાજરીની શી પરવા? આટલાં વર્ષો ગયાં છે ને? શું જે જાય છે તે પાછો ફરતો નથી? તેમ છે તો પછી જાને મન, આ સોચ શા માટે? આપણે છૂટાં પડીશું પણ આ આંખો, આ જીગર અને આ વચન શું તારી પાસે હું છોડી નથી જવાનો?'

'આહ!' ઇંદુમતી હસી. 'તમો તો કવિ થયલા જણાવ છો. પ્રાણેશ, આ દાસી માટે શું તમે કોઇક કવિતા જોડી નથી?'

'હું ઇચ્છું છું કે હું તેમ કરી શકયો હોત' નમ્ર જવાબ મળ્યો. 'ખચીત મેં તે બાબે કાંઇક કોશીશ કરી હતી પણ તે એટલી નકામી હતી કે તારી સેવામાં અપર્ણ થવાને સદંતર અયોગ્ય હતી. છતાં કાવ્યનો વિભાગ છોડી મેં હુન્નરનો બીજો ભાગ પકડયો હતો અને તે બાબેની મારી શક્તિ હું તને હવેડાંજ બતાવીશ.' અને એમ કહેતાંજ તેણે પોતાના કમરબંદના પટામાંથી એક હીરાજડીત મોટી લોકેટ કાઢી કે જેમાં ઇન્દુમતીની છબી જાણે અબઘડી હસીને હસાવતી હોય તેવા દેખાવની ચીતારવામાં આવેલી હતી.

'સીધરાજ!' તેણી ખુશાલીમાં આવી પુકારી. 'હું આના જેવી ખુબસુરતી ધરાવતી નથી.'

'નથી ધરાવતી!' તે હસ્યો. 'નહિ, તારી ભૂલ છે, મારાં ખુલખુલ. એ કરતાં તું હઝાર ગણી વધુ સરસ છે. હું નહિ ધારતો કે મારી કે કોઇ પણ સુંદર ચિતારાની પીછી તને બરાબર ઇનસાફ આપી શકે.'

અને ખરેજ હતું પણ તેમજ. તે ચિતાર જોકે ઘણોજ ફાંકડો હતો છતાં તેમાં ઇન્દુમતીને પુરતો ઇનસાફ મળેલો નહતો.

'કેમ, કેમ?' તેણીને એકદમ ઉભી થઇ તેના હાથમાંથી નીકળી જતી જોઇ તેણે ગભરાઇને પૂછ્યું. 'કેમ ચાલી કેમ જાય છ?'

'જરા થોભ' તેણી બોલી. 'હું અબઘડી પાછી આવું છું.'

અને હરણીની પેઠે તેણી ઝાડોમાં થઇને મહેલ તરફ દોડી. તેણીને તેણે સંગેમરમરના દાદર પર ચઢતાં જોઇ. તેણી જાણે ઉડતીજ જણાની હતી પાંચેક મીનિટમાં તો તેણી પોતાના હાથમાં એક મોટો તખ્તો લઈ દોડી આવી. દુરથી તો તે કાંઇ જોઈ શકયો નહિ પણ નજદીક આવતાં તે તખ્તો તે જોઇ શકયો અને જ્યારે તે તેના હાથમાં મુકવામાં આવ્યો ત્યારે તે પોતાની આગેલુમ છબી જોઇને છક્ક થઇ ગયો. ખરેજ ચિતારાની પીછીએ ત્યાં કમાલ કરી હતી.

'ઓ મારા જાન!' તે જુસ્સાના આવેશમાં, તેણી સટકી જાય તે પહેલાં, તેણીનાં ગળામાં

પોતાના હાથો વિંટાળી તેણીને પોતાનાં હૈયાં સરસી દબાવી તેણીનાં પાકાં અન્નાર જેવા થઇ રહેલા મીઠા મધમધતા હોઠો પર એક ચુંબન લીધું.

'જુઓ' તેણી ધામેથી તેની બાથમાંથી ખસતી બોલી. 'મારા પિતાજી આપણાથી જરૂર ખુશ થશે કેમકે પુરાતન જમાનાના આપણા ગ્રન્થ રાણીઓની પેઠે આપણે એક બીજાનાં ચિત્રો દોર્યાં છે.'

'નહિ, બરાબર તેમ નથી' સીધરાજે એક બીજી કીસ સાથે તેણીની ભૂલ ભાંગી. 'તેઓ તો પોત પોતાનાં ચિત્રો દોરતાં હતાં અને એક બીજા સાથે આપ લે કરતાં હતાં. હું ધારું છું તેમ આપણી રીત વધુ બેહતર છે. તેઓની અસલ વારેની રીત ગર્વિષ્ટપણું બતાવે છે અને બરી રીતે જોતાં તે નકામી છે.'

'કેમ શોકયા!' ઇન્દુમતીએ હસીને તેનો ગાલ દાબ્યો. 'તમે શું આપણાં પુરાતન પુસ્તકો સામે આ સરકશી કરો છો કે? તો કાં નહિ આવતી કાલે તમો આપણાં ધર્મ શાસ્ત્રો પર પણ ટિકા કરો?'

'કાં નહિ, ભલા?' તે હસ્યો. 'જે તેમાં હયાં ત્યાં ભૂલો હોય...તેમાંની વિગતો હાલના જમાનાને તદન રૂચતી ન હોય તો કાં નહિ?'

'હું નહિ ધારતી કે તમો વિરોધી હોવ?'

'શાનો વિરોધી હોય?'

'પવિત્ર વેદ અને પરમ પુનિત ફરમાનોના'

'ચાલ, ચાલ દીકરા' સીધરાજ હસ્યો. 'આપણી જાતવાળાઓની પેઠે ગમે ત્યારે ભલે ને ગમે ત્યાં ભલે તો પડેલો ધર્મ સંબંધી વાદવિવાદ કરી જાણો કરે તેમ આપણને કરવાની જરૂર નથી. જે થોડો વખત આપણા હાથમાં છે તે બહુ કિમતી છે.'

'તમો વાતમાં હટો છો' તેમીએ હસીને પ્રત્યુત્તર આપ્યો. 'એ કરતાં કોઇક વધુ સુંદર હું એક બીજી રમત જાણું છું કે જે હું ધારું છું તેમ તમો પણ જાણતા હશો.' અને તળાવની પાળ પર વાંકી વળીને તેણી એક ઘેરા અસમાની રંગનું કમળ તોડ્યું અને જમીન પર પડેલું એક પહોળું પાંદડું લઇ તેને મછવાનો આકાર આપ્યો અને તેમાં તે કમળ મુકી તે મછવાને પાણીમાં તરતો મુકયો, જે પાણી ફુવારાનાં પાણીથી ચાલુ હાલતાં હતાં.

'આ કમળ તે મારો સીધરાજ છે' તેણી અર્ધ પોતાનાં મનને સંભળાવતી હોય તેમ બોલી 'હું જોઉંતા ખરી કે એ મને દ્રઢ વફાદાર રહેશે કે નહિ?'

'એમ ના કર!' સીધરાજ તેણીનો હાથ ખેંચતાં ઠપકો આપતો બોલ્યો. 'આતો બચ્ચાં સહી રમત છે જે તારા જેવીએ રમવી સજાવાર નથી.'

ઇંન્દુમતીએ તેના ઠપકાની કશી દરકાર ન કરી તેણીતો બરાં જાગરની આતુરતાથી ઉંચે દમે તે પાંદડાંને ઉછળતાં પાણીમાં નાચતું કુદતું ધ્યાનથી જોતી હતી.

'વફાદાર—વફાદાર!' તેણી હર્ષિત થઇને બોલી. તેજ પળે પવનના સુસવાટાએ તે નાજુક મછવાને ઉંધો કર્યો. તે પાંદડું તો ઉલટી હાલતમાં તર્યા કર્યું, પણ તેમાંનું કમળ નીચે પડતાં ગુમ થઇ ગયું.

'અફસોસ!' ઇન્દુમતી ઘણીજ ગમખ્વાર અવાજે પોતાની ગરદન ઝુકાવતી બોલી. 'મારા મનમાં ઉઠતા ખ્યાલે તારે મને અરેજ કરી નથી!'

'કેમ શોકાણી? હવે તને કહેવાની મારી વારી આવી છે' સીધરાજ બોલ્યો. 'અજ્ઞાન બુજખ ને ગમાર લોકોના વાદિવાત ધખારામાં એક કેળવાયલી, ઉંચ ખાનદાનની બાનુ એમ શ્રધા રાખે એ ખરેજ આ જમાનાની નવાઇ છે. અને તું ત્યારે એક ઉમરાવે વચન આપ્યું છે

બલકે વચન કરતાં અધિક રીતે જણાવ્યું છે તેના પર ભરૂસો રાખવા કરતાં એક પાંદડાં પર વધુ ઇતબાર રાખે છે તેને કયાં વિશેષણથી નવાજવું તે હું સમજી શકતો નથી.'

'આહ, પ્રાણેશ !' તેણી કાંઇક ગમખ્વારી થી બોલી. 'માફ કર ! હું જો ઘડીભર તને મૂર્ખ જણાતી હોઉંતો મને લગ્ન ચલાવજે. આ મારી ચિંતા શું તને નથી બતાવતી કે તું મને મારા જીવન કરતાં અધિક પ્યારો છે. અલબત તારાં વચન પર મારી આંધળી શ્રધ્ધા છે છતાં જો શહેરમાં તું જાય છે ત્યાંની ભોળી જીંદગીને લીધે હું ચિંતા કર્યા વિના રહી શકતી નથી. ત્યાં તારે માટે કોણ જાણે કેવી લાલચો તૈયાર થઈ રહી હશે. પણ હું કબુલું છું કે મારી ભૂલ થઇ હતી ' અને પોતાનું માથું તેનાં ખભાંપર મુકી તેણી બોલી. ' હું જાણું છું કે મારો સીઝ તો મારો ને મારોજ છે ...તે હમેશ મારોજ રહેશે અને કોઈથી બીજી સ્ત્રી મારાં આ વ્હાલાં જીગરને ચોરી શકશે નહિ !'

તેણીનાં ગળાં આસપાસ પોતાના હાથો વિંટાળી સીધરાજે શાંત ચુપકીદીમાં તેણી તરફ વ્હાલથી જોયું. શબ્દો કરતાં તેનો જુસ્સા ભર્યો દેખાવ અજબ રસ્પીક હતો. વધુ ખાતરી માટે તેણીને શબ્દોની કંઇ જરૂર ન હતી.

તેવામાં તેઓએ કોઇ આકારને પોતાના હાથમાંની બંગડીઓ ખખડાવતો જોયો કે ઇન્દુમતી ઉઠીને સીધી બેઠી

'મારા જાન, આપણી મુલાકાત પુરી થઇ છે. આપણને જોતાવવા મારી નોકર તીપુનીકા આવે છે.' બીજી પળે તે નોકર ત્યાં આવી. તેણીના હાથમાં ને પગમાં ખડખડતી બંગડીઓ હતી. તેણીએ પોતાની શેઠાણીને જણાવ્યું કે તેણીના બાપ તેણીને મહેલમાં બોલાવતા હતા અને ભોજન તૈયાર હોવાથી કલુસા અને પોતાની સાથે ભોજન લેવા સીધરાજ મહારાજને પણ બોલાવતા હતા. એક પળ સુધી તે બંન્ને વ્હાલાંઓ હાથમાં હાથ પકડી ઉભાં કે તે નોકર આગળ ચાલી. બીજી પળે એકમેકને વળગી એક સેકન્ડ સુધી તેઓ ચુપ થોભ્યાં. કુદરતી આકર્ષણે તેમના હોઠો એક બીજાને મળ્યા અને તેઓ સ્વર્ગીય આનંદમાં પડયાં પણ તુરત તેના હાથોમાંથી છૂટી થઇ ઇન્દુમતી પોતાની નોકરની પાછળ દોડી અને જલદીથી મહેલમાં જઇ પુગી. સીધરાજ હવે પોતાના કાકા અને ગુરૂને જઈ મળ્યો. તે ભોજન બહુજ ઉંચા પ્રકારનું ને રાજવંશીને છાજતું હતું. નદીના કાંઠા પર આવી રહેલા એક નાનકડા ઓરડામાં તે પીરસવામાં આવ્યું હતું કે જ્યાંથી દૂરનો મનોરંજક દેખાવ બેઠા બેઠા મજાહથી નિહાળી શકાતો હતો. ઉંચા રેશમી તકિયા અને ઇરાની કીંમતી ગાલીચાઓપર પહરોણાઓની ખાસ બેઠક કરવામાં આવી હતી. વાસણો સોનાં અને રૂપાનાં હતાં તથા ખોરાક પહેલી પંકતિનો હતો. દારૂપણ સૌથી ઉંચા પ્રકારનો હતો. જૂદી જૂદી જાતના સંખ્યાબંધ નોકરો ત્યાં સેવામાં હાજર હતા. ટુંકામાં તે કીલ્લાના સુબાને દરેક રીતે છાજતો બાદશાહી દોર દમામ હતો. મહાન અકબરની ગેરહાજરીમાં સાલુના તેનો પ્રતીનીધી હોવાથી તે બાદશાહી માનપાન મેળવતો હતો. આ ભોજનપર બાદશાહી દરબારના જેવી ટોળ ટપ્પા કે રમુજ થઇ ન હતી તેમજ બાનગી વાતો કરવાની તે જગ્યા પણ ન હતી. બધું નિયમિત ભપકા ભર્યું અને અદલ અંદાજસર હતું. જૂદી જૂદી વાતો કરવામાં આવતી ને એક બીજા તરફ સભ્યતા બતાવવામાં આવતી હતી. મશ્કરો તો જાણે રોહ કાટયો હતો. અસભ્ય થવાની બ્હીકે તેમને વાતો કરવીજ પડતી હતી. આ કરતાં બદ્રીનાથના યોગી સાથે લીધેલુ સાદુ ને સુતરૂ ખાનુ સીધરાજને અજબ ગમી આવ્યું હતું. કલુસા પણ તેવાજ વિચારનો તેને લાગ્યો કેમકે આ

જોતાં સાલુના જોય નહિ તેમ તેણે હસીને પોતા-પોતાના શિષ્ય તરફ જોયું હતું. આખરે દોઢ કલાકે ખાતું પુરું થયું. સીધરાજને બાકીનો દિવસ કંટાળા ભર્યો થઇ પડયો. તેને કશી જાતની ખુશા-લી લાગી નહિ. ફરતાં ફરતાં નીપુનીકાએ તેને પોતાની શેકાણીના ઓરડા બતાવ્યા હતા તેની અગાસી હેઠળ તે ભટકયા કીધો. દીવા થતાં તેણી આવી પણ પોતાના બાપ સાથે આવી હતી અને સહવારની પેઠે અદબ અદાથી મર્યાદા સહિત રજા લેઇ તેમનાથી છૂટી પડી.

બીજી સહવારે તો તેઓ પોતાની મુસાફરી સકાળેથી શરૂ કરવાના હતા જેથી મધ્યાનનો તપતો સૂર્ય તેમને લાગે નહિ. આ કારણે પહરોલ્લાને જલદી બીછાને મોકલવામાં આવ્યા પણ સીધરાજને જે કે આરામશની બહુ જરૂર હતી છતાં તેની આંખો મિંચાઇ નહી. કપડાં કાઢી બીછાના પર જવાને બદલે તે તે ઓરડાની બારી આગળ ઉભો કે જ્યાંથી આખો કિલ્લો અને તેની બાજુમાંની ધીચ ઝાડી રાત્રીના અંધકારમાં ઢંકાયલાં ખુલ્લાં તેની નજરે પડતાં હતાં. તે ઝાડીની પાછળ ટેકડીઓની હાર હતી અને તે ટેકડીઓ પર પુજય મંદીરો અને બીજી તેવીજ પુજય ઇમારતો હતી. ઇન્દુમતીના બંડાલા ખ્યાલમાંજ તેનું મન એકલું પરોવાયલું ન હતું. તે તો પેલા યોગી સાથના મેળાપનો પણ વિચાર કરતો હતો. વાઘ સાથની તેની લડીમાઇની ખબર આ યોગીને કેવા સંજોગો વચ્ચે મળી હતી તે જાણવા તે લગાર ઉતાવળ દીસતો હતો. પણ તેની મતલબ શી હતી ? તે હવાં શું કરવા માંગતો હતો ? શુ સાલુના તેના પર બરાબર ચાખતો હશે ? કલુસાને ન કહેવાની સાલુનાની બલામણ પર અમલ કર-વામાં તે વાજબી હતો કે નહિ તે બાબે તે વિચાર કરવા લાગ્યો. તે ચુપચાપ રહ્યો. એક વિચાર તેમ કરવા તેને લલચાવતો હતો ત્યારે બીજો વિચાર તેને આવી મુર્ખાઇ ન કરવા સમજાવતો હતો.

આવા ડામાડોળ વિચારમાં તે પડેલો હતો તેવામાં એક બનાવે તેનું ધ્યાન બીજી તરફ ખેચ્યું. સામેની કિલ્લાની નીચલી સપાટી પર તેણે બે આકારોને ફરતાં જોયા. તારાઓના મંદમંદ પ્રકા-શમાં તેણે જોયું કે તે આકારો તેને ઓળખીતા જેવા હતા. ધ્યાનથી જોતાં તેણે પોતાના કાકા સાલુના અને દુર્ગા દેવીનાં પુંજરી ગોરખને ઓળ-ખ્યા. ફરી પાછા આ બંને રાત્રે એકઠા થયા હતા પણ સૌથી મોટી અજાયબી તો એ હતી કે બંને ના હાવભાવ સાફ સાફ બદલાઇ ગયલા હતા. તેમની ટેકરાઇ કે મોગલાંઇના કશી નિશાન જણાતી નહતી. તેઓ બહુ ખુસ્સાથી એકમેકને કુદાવી જઇ હાથપગના ચાળા કરી વાતો કરતા હતા. તેઓ આ પ્રમાણે વાતમાં ગુંતાયલા હતા તેવામાં દિવાલની બહારની બાજુએથી કેટલાક આકારો નીકલ્યા. તેઓ સદંતર નાગા હતા ફકત કમરપર મુંજ કપડું હતું અને ગળામાં જનોઇ હતી જે ઝાંખી રોશનીમાં અવાર નવાર જણાતાં હતાં. તેમને જોતાંજ સાલુના ચુપચુપ ઉતરી ગયો. તે જગ્યાએ મહેલમાં જવા કુપ્પો દાદર હોવોજ-જોઇએ કેમકે ગમે તેવી આંખ ખેંચતાં સાલુના તે બાજુમાં ચાલતો જણાયોજ નહિ તે યોગીએ પોતાના શિષ્યોને જોતાં પોતાનો હાવભાવ ફેરવી નાંખ્યો અને ગંભીર બની પોતાનો જમણો હાથ ટેકરીઓ પરનાં એક મંદીર તરફ ફેરવ્યો અને તુરત નીચે ઉતરી તે ટોળાને મોખરે ચાલી તેઓ ઝાડીમાં થઇ ટેકરીઓ આગળ આવ્યા. તે ટોળી બહુ મોટી જણાતી હતી. એકની પુંઠે એક ચાલતો હતો. તે ટોળીનો છેલ્લો માણસ સીધરાજની નજ-રથી ગુમ થયો તેની પછે આગમજ તેણે તે સં-ધ્યા ગજવાનું કંટાળાને છોડી દીધું હતું.

આ વિચિત્ર આકારોને પોતાની આગળથી પસાર થઇ જતાં જોતાં સીધરાજના હૃદયમાં તેની જેલમત છતાં ધાસ્તીની કંપારી છૂટી આવી તેને લાગ્યું કે આ બધા દુર્ગા દેવીના પુંજારીઓ

હતાં અને તેઓ દુર્ગાના મંદીરેજ ગયા હતા જે ઠગ જાત માટે તેણે આગળપરે ઘણું સાંભળ્યું હતું તે શું ત્યારે હજી હૈયાત હતી ? તેની માન્યતા મુજબ આ જાતનો નાશ કરવામાં આવ્યો હતો અને તે કુદરતી મોતે ઘણી ખરી નષ્ટ થઇ હતી. દુર્ગાના પુંજારીઓ હોવાનો ઢોંગ કરી ઠગ જાત આખાં હિંદમાં કેવી ત્રાસ સમાન થઇ પડી હતી તેની વિગતે ને અચ્છી રીતે જાણતો હતો. આવી ટોળીના વડા સાથે શાહનશાહનો માનિતો નોકર અને તેનો કાકો મિત્રતા રાખે એ તેને કાંઇક નવાઇ જેવું લાગ્યું. હસીને તેણે પોતાનાં મનને મનાવ્યું કે તેમ કદીપણ કોઇ કાળે બની શકેજ નહિ. તુરત કપડાં બદલી લઇ તે બીછાને આરામ લેવા પડયા પણ તેને જલદી ઉંઘ આવી નહિ. ઇન્દુમતી, સાલુના, ગોરખ અને તેના નવ ચેલાઓ તેની આગળથી એક પછી એક પસાર થઇ ગયા, અને ઉંઘવા પહેલાં પોતે જે કાંઇ જોયું હતું તથા સાંભળ્યું તે માટે કલુસાને કશુંએ ન જણાવવાનો ઠરાવ કરી તે ઉંઘી ગયો. તેની ખાતરી થઇ કે તેનો કાકો કોઇક ભેદી બાબતમાં સપડાયલો હતો. તેને લાગ્યું કે તેમના મેળાપમાં કોઇપણ જાતનો ગુનાહ જેવું નહતું એટલે નાહક ચાવા ચીવી કરતાં તેના કાકાને બનવા જોગ છે કે નુકશાન થઇ બેસે યા તો વધુ બનવા જોગ છે કે તેના કાકાને નુકશાન પુગતાં કાકાના નજદીકનાં સગાં વ્હાલાંઓને પણ ભારે નુકશાન થાય. અકસમાતિક જે બનાવ તેણે જોયો હતો તથા જે વાત તેને કહેવામાં આવી હતી તે વિષે ત્રીજાને જણાવવામાં તે ખરેજ વાજબી નહતો. કલુસા પોતે તેની જગ્યા એ હોય તો આવો માર્ગ જરૂરજ ગ્રહણ કરે.

પ્રકરણ ૩.

આમા.

રણસીંગડાંના સુંદર લડાયક નાદે સીધરીજ ને તેની ઉંઘમાંથી જગાડયો. બીછાના પરથી કુદીને તે બારી આગળ દોડયો. નીચે કિલ્લાના ચોગાનમાં તેણે ઘોડે સ્વારોની ટુકડી જોઇ જેમાંના અડધા ઘોડા પરનાં જીનો છોડતા હતા ત્યારે બીજાઓ સ્વાર થઇ હારબંધ થતા હતા. આ ટુકડી કે જેની સાથે આપણા માનવંત મુસાફરો જનાર હતા, તે આગ્રા તરફ ઉપડી જવા તૈયાર હતી કેમકે તેજ પળે આવેલી ટુકડીની જગ્યા તેને ખાસ કરીને લેવાની હતી. તે ટુકડીમાં સીધરાજ પોતાના નોકર વત્સાને પોતાનો ઘોડો લઇ ઉભેલો હતો. આ મુસાફરી માટે તૈયાર થતાં તેને બહુજ થોડો વખત થયો અને હજી કલુસા કે સાલુના ત્યાં આવે તે પહેલાં તો તે ઘોડે સ્વાર પણ થઈ ગયો હતો. આ વખતે ટુકડી ઉપડી જાય તે આગમજ તે અગાસીવાળા ભાગ હેઠળ પોતાના ઘોડાને કુદાવવા લાગ્યો કે જ્યાં આગલી સાંજે તેણે ફોકટમાં ટહેલ નાંખી હતી. આ વેળા તેને નિરાશ થવાની સરજત ન હોવાથી તેના ઘોડાના પગલાંના અવાજ સાથે તેણે તે વ્હાલા આકારને શુદ્ધ સફેદ પોપાકમાં સજ્જ થયલો અગાસી પર આવેલો જોયો. તેણીએ તેને હવામાં રૂમાલ ઉરાડી આવકાર આપ્યો અને જોયો તે નજદીક આવ્યો કે તેણીએ તે રૂમાલ ધીમેથી નીચે નાંખ્યો. તુરત પોતાનો ઘોડો ફેરવી પોતાના ભાલાની ટોચ પર તેણે તે રૂમાલ ઉંચકી લીધો તે કાશ્મીરી રેશમનો કરોળ્યાનાં જળાં જોવો સુંદર બનાવટનો હતો. તે પાઘડી તરીકે લપેટાય તેટલો મોટો હોવા છતાં સાધારણ આંગળી પરની વિંટીમાંથી ખેંચી શકાય તેવો હતો. જૂદા પડવાની આ કીમતી ભેટ લઇ તેણે પોતાના હોઠો સાથ લગાડી અને તે બાદ પોતાની તરવારની મૂઠ સાથે તેને બાંધી તેણે સલામ કીધી, અને પોતાનો ઘોડો કુદાવી તે માણસોમાં જઈ મળ્યો. સાલુના પોતાના પહરોણાઓને મુકવા થોડે દૂર ગયો અને ત્યાર બાદ રજા લેતાં પોતાના મંત્રીજીને જણાવ્યું કે થોડા વખતમાં તે તેને મળશે, કેમકે કાંઇક અગત્ય

નાં કામે તેને આગ્રા થોડા દિવસ આવવાની જરૂર હતી. તે લશ્કરી ટુકડીના સરદારની જોડમાં રહી આપણા મુસાફરો આગળ વધ્યા.

તે મુસાફરી બાર કલાક કરતાં વધુ ચાલી. વારંવાર તેમને જમુનાજીના કિનારાઓની બાજુમાં થઈને ચાલવું પડતું હતું. કેટલીકવાર રેતીના રણોમાં થઈને તેમને જવું પડયું કે જ્યાં ઝાડોને બદલે પત્થરોની મોટી સંખ્યા નજરે પડતી હતી. અવારનવાર લીલીછમ થયલી ટેકરીઓ તેમની નજરે પડી આંખોને ઠંડક આપતી હતી. આખરે રાત પડતાં આગ્રાથી થોડે દૂર તંબુઓ નાંખવામાં આગ્યા અને બીજી સવારે બહુ જલદીથી તેઓ શાહનશાહના તે માનિતા શહેરમાં જઈ પુગ્યા કે જેના ભવ્ય દેખાવે તેમની મુસાફરીની થાક સદર બાદર ઉતારી નાંખી.

નદીના સામેના કિનારાપર બાગો અને કિમતી બાંધ કામોની વચ્ચે મહેલો અને મસજીદોની હાર માળા હતી કે, જેથી આગ્રા યાને અકબરાબાદ શહેર તે વેળા દુન્યાના સુંદર શહેરોમાંનું એક થઈ પડયું હતું. આ બધી ભવ્ય ઇમારતોમાં વચ્ચોવચ કોઇપણ જાતની હરીફાઇ વગરનો શાહનો ભવ્ય મહેલ* આવ્યો હતો કે, જેનું કદ દમામથી ગોયા આસમાનસે લગાડવામાં આવ્યું હોય તેમ લાગતું હતું. તે મહેલ કે તેના રાતા લીસા રેતીના પત્થરોની કુનેહ ભરી સાંધોને લીધે પત્થરનાં મોટાં વાદળાંમાંથી જાણે કોતરી કાઢયો હોય તેવો સૂર્યની રોશનીમાં ઝળકી રહ્યો હતો, તેની ફરતે મોજમજાહનાં અનેક મકાનો અને ઝાડોની મોટી ઘટા આવી રહી હતી. આ ઇમારત તેનાં અસાધારણ મોટાં કદ, અસંખ્ય ગુંબજો, નાના નાના મીનારા અને આંખને રંજન કરે એવા રંગ બેરંગને લીધે પહેલીવાર જોનારને તે ઘડીભર અજાયબીમાં દંગ કરી મુકતી હતી અને તેના મુખમાંથી આફ્રિનોનો ઉદ્‌ગાર કઢાવતી હતી. મુખ્ય મહેલની આસપાસનાં મકાનો શ્રીમંત ઉમરાવો અને શ્રીમંત શહેરીઓના મોજશોખની જગાઓ હતી. ગુંબજો ને મીનારાઓ વાળી સંખ્યાબંધ મસજીદો હતી અને તે સાથે ત્યાં ત્યાં શાહ અકબરની ઉદાર રાજનીતિનો અચુક દ્રષ્ટાંત આપતાં બે પાંચ હિંદુ દેવલો પણ પોતાના ગુંબજો દમામથી હવામાં ટેકવતાં ઉભાં હતાં.

આ દેખાવની સુંદરતા જોતા મુસાફરો પોતાના ઘોડાઓની લગામ ખેંચી ખુશાલીથી થોભ્યા. એકજ માણસની બળવાન ઇચ્છાએ જંગલમાં આ મંગલ કર્યું હતું. તે જોતાં તે જાણતાં તેઓ અજાયબીમાં દંગુમુક થઇ ગયા. સીધરાજના આખા શરીરમાં ઝણઝણાટ થઇ રહ્યા. તે હાલમાં શાહનશાહની હજુરમાં હાજર થનાર હતો, અને તેમના મુખમાંથી નીકળતો મધુર પ્રહાર સાંભળનાર હતો તેથી તેને કોઇક ડર લાગ્યો.

નદીની બીજી બાજુએ આવતાં તેઓએ તે ટુકડીના સરદારની રજા લીધી અને પોતાના નોકરો સાથે એક મકાને જઇ થોભ્યાં જે કર્યું. સાના એક મિત્રે તેમને માટે બારે લઇ રાખ્યું હતું. તે બહુજ સાદી રીતે પણ ટેસ્ટથી સગવડ ભર્યું ચણગારેલું હતું. તેને ફરતો અતિ સુંદર બાગ હતો, જેની બાજુમાં થઇને સૂર્યના પ્રકાશમાં રંગબેરંગી ચમકારા આપતાં નદીનાં પવિત્ર પાણી ત્યાં અટકાગથી ખળખળાટ કરતાં ત્યાં જતાં હતાં.

---

* આગ્રાના કિલ્લામાં અકબરનો મહેલ લાલ રેતીના પત્થરોનો બાંધેલો છે. તે ચોરસ ઇમારત ૨૪૯ ફીટ લાંબોને ૨૬૦ ફીટ પહોળો છે. તેમાં એક ખુલ્લો ચોગાન ૭૧×૭૨ ફીટનો છે અને બન્ને બાજુએ મોટા મોટા હોલ છે. હિંદુ નકશીઓ તે પર ચિતરવામાં આવેલી છે. મકાનમાં એક પથ્થર આર્ક મારેલું નથી.

'ચાલો બધું સારૂં છે' મકાનમાં દાખલ થતાં કલુસા તપાસ કરી બોલ્યો, 'લે; આપણું સામાન સાથનાં ઉંટો પણ આવી પુગેલાં જણાય છે. હવે આળસ કરવાની જરૂર નથી. તૈયાર થઇને આપણે વડા વજીર સાહેબ અબુલ ફાઝલની મુલાકાત લઇએ, અને ત્યાંથી તેમના ભાઇ ફૈઝી અને મિત્ર ખુશરોને મળ્યે. પહેલાં નાહી લઇએ કે તેટલામાં વત્સા જેવું કરવું તૈયાર કરી મુકશે.'

અડધા કલાક પછી તે પહેલી મુલાકાત માટે બંને જણા તૈયાર થઇ ગયા. સીધરાજે સોનેરી તારવાળાં કપડાંનો પોષાક પહેર્યો હતો, જે તેના ઘુંટણ સુધી આવતો હતો. તે પોષાક ગળાં આગળથી ખુલ્લો હતો કે જ્યાંથી એક મોતીની મોટી માળા ચીમાઇને બહાર ડોકયું કરતી હતી. માથાં પર એક સુશોભિત પાઘડી મુકવામાં આવી હતી અને તેમાં એક પીછ ખોસવામાં આવેલું હતું. કલુસાએ પણ આ વેળા લગાર ભપકા ભર્યો પોષાક ખાસ કરીને પહેર્યો હતો જે કે તેની હમેશની સાદાઇ આ એસ્કાતમાં પણ ખુલ્લી જણાતી હતી. તરવાર અને ખંજરો પટામાં ખોસવામાં આવ્યાં હતાં પણ તે ફકત શોભાને માટેજ હતાં કાં કે તેમનું કયું કામ ન હતું.

વડા વજીરનો મહેલ ઝાઝો દુર ન હોવાથી તેઓ ત્યાં જઇ પુગ્યા, અને ચોકમાંથી પસાર થઇ તેમણે એક નોકરને પોતાનાં નામો જણાવ્યાં કે જે તુરત તેમને અંદરના એક ઓરડામાં લઇ ગયો અને ત્યાં વજીર આમદ ફરમાવે ત્યાં સુધી રોકવા જણાવ્યું, પણ તેમની ધીરજની વધુ તપાસ લેવાઇ નહિ કેમકે પાંચ મીનીટમાં જે પડદો તેમના ઓરડાને બીજા ઓરડાથી છૂટો પાડતો હતો, તે પડદો ખસી જઇ અબુલ ફાઝલ અંદર આવ્યો. તે મધ્યમ કદનો, લગાર ચરબદાર અંગનો પચાસેકની ભરતીમાં આવેલો હતો. પીળાં ફુલવાળાં રેશમી પોષાકમાં તે સજ્જ થયેલો હતો. તેનો ચહેરો સફાઇદાર મોરેલો હતો, અને તેના ચહેરા પર ચિંતા ને થાકનાં પ્રગટ ચિન્હો છતાં બહાદુરી અને દ્રઢતા તથા ખંતના છાપો ખુલ્લા જણાતા હતા. તેની આંખોમાંનો મીઠાશ કાંઇ અજબ હતો.

(અબુલ ફાઝલ (ઉર્ફે અલ્લામી) શેખ ખીઝરના બેટા શેખ મુબારકનો બેટો હતો. જે શેખ ખીઝર સિંધથી આવ્યો હતો. મુબારક પોતાના વખતનો આકેલ ય ફાઝેલ મર્દ ગણાતો હતો, અને તે છૂટા વિચારનો હતો. અબુલ ફાઝલ તેનો બીજો બેટો ૧૪ જાન્યુઆરી ૧૫૫૧ માં જન્મ્યો હતો તે એક અથંગ અભ્યાસી અને ભાષાશાસ્ત્રી થયો હતો. તે શાહ અકબરની દરબારમાં મોટું માનપાન પામ્યો હતો. તે પોતાના ભાઇ ફૈઝીની મદદથી અકબરની દરબારમાં આગળ આવ્યો હતો. તે પછી અબુલ ફાઝલ પોતાની હુશ્યારીથી વધી વધો વજીર થયો હતો. તેને ચાર હજાર ફોજનો મનસબદાર કરવામાં આવ્યો હતો બંને ભાઇઓમાં બાપનું જ્ઞાન ઉતરેલું હોવાથી તેઓ વિદ્વાન અને તદ્દન છૂટા વિચારના હતા. આ કારણે ચુસ્ત મુસલમાનો તેમને ધિક્કારી દીન દુશ્મનો ગણાવતા હતા. અબુલ ફાઝલની મદદ અકબરને બહુજ કિમતી થઇ પડી હતી તેણે અકબર નામે નામનો એ વોલ્યુમો અને આઇને અકબરીનું પુસ્તક લખી અકબરને દુન્યામાં અમર કર્યો છે. અબુલ ફાઝલને ૧૨ ઓગસ્ટ ૧૬૦૨ ને દીને મારી નાંખવામાં આવ્યો હતો. આ બાબે આગળ ચાલતાં આપણે વધુ જાણીશું.)

'તમોને ત્યાં આટલા બધા જલદી તમારી આમદ પછી પધારેલા જોઇ સેવક નેહાયત ખુશ છે કે તેણે આવજો-માવજોના સંદેશો પછી ખેર આફયત પુછયા બાદ મુબારકબાદી આપી. 'આપણા આ જવાન, શાહનશાહની સેવામાં હાજર થવાને ઉત્સુક જણાય છે, જે માટેનું માન હું ધારૂં છું તેમ ઓ જ્ઞાની કલુસા, તમોને ઘટે છે.'

' તમારી અને નામવર શાહનશાહની મહેરબાનીથી જે દરજ્જે એને મળ્યો છે તે મેળવવાને એ જરૂર ઉપરાંતની ઢીલ કરત તો ખરેજ શરૂઆતમાં સારી અસર કરી શકતે જ નહિ.' નમ્ર જવાબ મળ્યો.

' મારા મિત્ર, એમાં મહેરબાની જેવું કશું નથી.' અબુલ ફાઝલે હસી ને કહ્યું. ' ફકત ઉત્તમ ચુંટણી થઇ છે, એમ હું માનું છું. હમારા દરેક ઓધ્ધાઓ હમારા જ ઉમરાવોને આપવાની હમો જરૂર જોતા નથી, અને તે કારણેજ થોડા મોટા દરજ્જાઓ હમારાં મિત્ર રાજ્યોના અમીર ઉમરાવો માટે એલાહેદા ખાસ કરીને રાખેલા છે. તમો જાણો છ કે રાજપુતો પોતાના દેશી વતનીઓ સિવાય બીજા ચુંટાયલા સરદારોને પસંદ કરતા નથી. મારા પુરાણા મિત્ર તથા ભાઇ જેવા બંધુના બેટાને તેના પીદરની ઇચ્છા અનુસારનો દરજ્જો મેળવતો જોઈ મને ખરેજ ખુશાલી લાગી છે.'

' તેમ છતાં પણ, માનવંત સાહેબ ' સિદ્ધરાજે ઘણીજ સાલેસાઇથી પ્રત્યુત્તર વાળ્યો. ' મને આ તમારી ભલાઇની એક યાદ તરીકે સમજવા દો. મારા પીતા તરફથી આપ નામવરનો ખાસ ઉપકાર માનવાની મને આજ્ઞા મળી છે. અને ચલાવું પરમાત્માનું છે તો જે મહેરબાની આપે કરી છે, તે માટે આપને જવાબે નારાજ થવાનું ન બને તેની ખાસ કરીને હું સંભાળ રાખીશ.'

" સાથી પહેલાં તારે નીમકહલાલ થવું જોઇશે." અબુલ ફાઝલે જણાવ્યું. ' અલબત, તારા જેવાને આ જાતની ખાતરીની જરૂર હોતી જ નથી: પણ જ્યાં લાંબો વખત રહ્યા પછી તું જોઇ શકશે કે, દગો કપટ અને પ્રપંચ ગુમ બેસામ છે અને દરેક ખૂણે ખૂણે તેનાં બીજ રોપાય છે. કુદરતી વેળા થયા સારામાં સારા વપારોને પણ બોળવાઇ જઇ નીમકહરામ બની જાયછે. અલબત કરજે શીરસ્તા વટીક કરે છે ' એટલે બાકી આદમની બી બીસાદ છે ? આવતી કાલે તારો વડો તને તારી નોકરીને લગતી યોગ્ય સમજણ આપશે. તે તને તારા રાજપુતો સાથે સંભાળથી કામ લેવા સમજાવશે; કેમકે ઘણાખરા રાજપુતો કંગાલ્યતમાં આવી પડયાથી નોકરી કરે છે. જો કે તેમાંના કેટલાક સીપાઇ વટીક તારા કરતાં ઉચ્ચ કુળના છે. આ કારણે રાજપુત સીપાહને સાધારણ નોકરના જેવું વર્તન કદીપી ફાવતું નથી. બીશક તું ત્યાં નવો સવો છે એટલે શહેર જોવા ઉલટમંદ હશેજ તેથી હું તને ત્યાં વધુવાર રોકીશ નહિ. જરા સબર ' જેવો સિદ્ધરાજ ઉઠયો કે હસીને અબુલ ફાજલે કહ્યું. ' તને બધું બતાવવાને એક સારા ભોમ્યાની જરૂર છે જે હું ધારૂંછ તેમ તે ખૂટ હું સહેલ પૂરી પાડીશ.' અને તાબડા પાડતાં એક નોકર દોડી આવ્યો તેને તેણે પૂછ્યું.

' પરવીઝ ઘરમાંજ છે કે ?'

' હાજી, હવડાંજ મેં તેમને અંદર આવતાં જોયા.'

' કહો કે હું તેમને મળવા માંગું છું.'

દશ મીનિટમાં એક જવાન ગભરૂ સીધરાજની ઉમરનો પણ બપકાબંધ સજ્જ થયલો ને મોતીને હીરાનાં જવાહિરો પહેરેલો ત્યાં આવ્યો. તેનો ચહેરો નમ્ર અને આકર્ષક હતો, અને જો કે તેને મોટી મૂછ હતી છતાં સ્ત્રીના જેવો તેનો દેખાવ હતો.

' પરવીઝ ' અબુલ ફાજલે કહ્યું, ' કાશ્મીરથી જે પહોરાણા આવવાનું મેં તને કહ્યું હતું તેઓ આ બે સાહેબો છે. મને આશા છે જે ઉમરાવ સીધરાજ સાથે તમો મિત્રો થઇ જશો. આપણાં શહેરમાં આ એમની પહેલી આમદ છે. એટલે તું એમનો ભોમ્યાનું કામ કરવાની મહેરબાની કરશે ?'

' જરૂર કરીશ, મુરબ્બીજી ' પરવીઝે જવાબ આપ્યો અને સીધરાજ તરફ ફરી હસીને કહ્યું, ' તેમ કરવામાં હું મને માન મળેલું સમજીશ.'

'ત્યારે જાઓ' વડા વઝરે જણાવ્યું. 'કાશ્મીરને લગતી વિગતો જણાવવા કલુસા મારી આગળ રહેશે. પણ ભાઇઓ' તેણે સીધરાજ તરફ ફરીને ખાસ જણાવ્યું. 'તમો આજે મારા ભાઇ ફ્રેઝી અને મિત્ર ખુશરોની મુલાકાત જરૂર લેજો. બંને સાથેજ રહે છે. ભૂલશો ના. અલબત્ત પહેલાં મારી આગળ આવવા માટે તેઓ વાંધો લેવાના નથી છતાં નિયમસર કામ કરવાની ખાસ કરીને જરૂર છે.' અને સલામ કરી તેમને રજા આપતાં તે બંને જવાનો સાથે બહાર નીકળ્યા.

'ચાલ દોસ્ત' પરવીઝ જે મળતાવડા સ્વભાવનો હતો તે બે મીનિટમાં પલોટાઇ જતાં બહાર નીકળી બોલ્યો. 'ખુદાની બક્ષીશથી આજે વધુ ગરમી જણાતી નથી એટલે આપણે શાહનશાહનો મહેલ જોવા જઇશું કે જે આગ્રા જોવા આવનારાઓને સૌથી વધુ અગત્યનો ને જોવા લાયક છે. આજની મુસાફરી પછી તને જો થાક લાગી ન હોય તો આપણે જઇ આવ્યે.'

'ઓહ!' સીધરાજ પોતાના ભોજ્જા મિત્ર સાથે ઝટપટમાં ભેળાઇ જતાં બોલ્યો, 'મને થંડીની કે ગરમીની કશી દરકાર નથી; કેમકે હમારા પહાડી મુલકમાં હમો તેથી બરાબર ટેવાઇ ગયલા છીએ. મહેનત કરતાં હમોને થાક લાગતીજ નથી લેકીન મારી દીલગીરી એજ છે કે જે ચીજ તમે ઘડી ઘડી જોઇ હશે તે જોવા મને તમોને ફરી એકવાર લઇ જવા પડે છે.'

'વેલ, તારી પેઠે જો કે હું પહાડી ને જંગલી મુલકમાંથી આવ્યો નથી, અને ઠંડી કે ગરમીથી હું તારા જેટલો બે પરવા નથી.' પરવીઝે હસીને મશ્કરી કીધી 'છતાં હું હવડાં થોડેક સુધી ચાલી શકીશ અને ગરમી પડશે તો તારી કંપનીની મજાહમાં તે પણ હું સાફ સાફ ભુલી જઇશ.'

(સાંધત છે)

હરમીસનાં કીર્ત્તનો

"મીનાઇ મજાહુ"—

(પાક અથો જરથુસ્ત્ર તથા અહુરામજદાની ભક્તિભાવના ગાયનો નોટેશન સાથે) કીમત આના ૪.

"મધુરિકા"—

(યાને સુબોધ સંગિતની રંગીત રચના તરજુમો સાથે) કીમત આના ૨.

"કયાની કિર્ત્તન"—

(યાને ગશ્તાસ્પથી, શાહ જમશેદ અને ઝુહાકનું દાસતાન–સંગિત) કીમત ૪ આના.

"સગન સંગિત"—

(નવજોત, લગનના સર્વ સગન વગ્રે ગાંઠ, તથા શુભ પ્રસંગના ગાયનો) –નોટેશન સાથે– કીમત આના ૬.

"રેહુમરે રેશની"—

(અથો જરથુસ્ત્રનું જન્મ વૃત્તાંત, બેત તથા સંગિત–નોટેશન સાથે) કિમત આના ૮.

મળવાનું ઠેકાણું—

મી૦ હોરમસજી સોરાબજી મીસ્ત્રી,

૩૨ન સ્ટ્રડયો, ગોવાલીયા ટેંક રોડ મુંબાઇ.

Painkiller

(PERRY DAVIS')

પેન કીલર (પેરીડેવીસનું)

આંતરડાંના દરેક રોગો માટે રામબાણ ઉપાય.

આંકરાં દુખારો મરડો

ઘણી વખતે ભયાનક કોલેરા પણ એથી મટે છે. ઘા, જખમ, છોળાણુ, ચચક, વિંછીનો દંખ તથા ઝેરી સાંપના દંખ પર બહારથી લગાડવા આ દવા ઉપયોગી છે.

૭૦ વર્ષ થયાં ઉપલા ઉપચારો આ દવાથી ફતેહમંદ થતા આવ્યા છે.

સઘળે કેકાણેથી મળશે.

વાપરો.

કિંમત બરનરો

૧	રૂ. ૪૫
૨	રૂ. ૭૦
૩	રૂ. ૧૯૦
૪	રૂ. ૧૨૫
૫	રૂ. ૧૫૦

ખરીદો—

બૉસ ચૂલો

વાપર્યાથી ઘરમાં સુખ, સ્વચ્છતાઇ ને શાંતિ વધે છે. રાંધણી ગરમ થતી નથી. વખત બચે છે. કરકસર થાય છે. એક બચ્યું પણ પેટવી શકે તેટલા સલામત છે. હજારો કુટુંબો એ ચુલો વાપરી વાહવા ગાય છે અને આશીશ આપે છે. આ ચૂલો વાપર્યાથી તમોને કશી. પણ તકલીફ પડશે નહિ. તમારા કુટુંબ માટે એક નંગ જરૂર ખરીદજો.

બૉસ ચૂલો

વધુ વિગત માટે લખો અથવા અમારા શો રૂમ્સ ઉપર આવી જોઇ લ્યો.

શોરૂમ્સ
ન્યુ ક્વીન્સ રોડ

હેડ ઓફીસ
એલ. રોય સ પટ
૭૦ એપોલો સ્ટ્રીટ, ફોર્ટ મુંબાઇ

બ્રાંચીસ
૪ કેશમીરગેટ
દિલ્હી
એલફીનસ્ટન સ્ટ્રીટ, કેપ
કરાંચી

સેહલેગાહનો શોખ.

(ગુલશન માટે ખાસ)

(લખનાર–મીના માનેકજી માદન.)

સેહલેગાહ કરવા કોણ ન જવું હશે ? અને તે બી માનિતા મિત્રો સાથે જવું એ તો પેહલ્લા નંબરની મોજ છે. હમકુજી થીઓસોફીસ્તની ગંભીર અને મનને ચકરાવી નાખનાર સેહલેગાહના મિત્રો તરીકે બુચકલ્લો એજી અને બેબાંગેપ ગુસ્તાદ તો છેજ ! આજે હું, તેથી, સેહલેગાહ ઉપર હું કાંઇ બોલવા માગું છું. ઘણાકો એમ ધારે છે કે સેહલેગાહની મતલબ કુદરતના સુંદર દેખાવો નિહાળવાની છે. પણ એ ખ્યાલ બોટો છે. જો કુદરતનો ખ્યાલ સૌથી સરસ મેળવવો હોય તો રેલ્વે ટ્રેનની મુસાફરી છે. જો કે જરા જરામાં સુગાઇ ઉઠતાં ફોટોગ્રાફરો અને આરટીસ્તો બુમ પાડે છે કે રેલ્વે ટ્રેનથી ઉલટી કુદરતની કુદરતી દેખાઇ ગઇ છે. એઓને લડતા મુકી આપણ આગળ ચાલ્યે. સેહલેગાહમાં કુદરતની ખુબસુરતી જોવાનું માત્ર બીજો સવાલ છે. મૂળ મતલબ તો રમુજ છે. બડી બામદાદમાં જે ઉમંગ અને જે આશાથી સફર શરૂ થાય છે તેટલી ખુશાળી સબી સાંજે જે આસુદગી અને શાંતિ મળે છે તેમાં પણ છે. એ બે સ્થિતિઓ એટલી આનંદદાયક છે કે બેમાંથી કોણ સરસ તે કેહવાઇ શકાય નહીં. જેટલી ગડબડ સડબડ અને ઉમંગથી સફર શરૂ થાય છે તેટલી આવ્યા પછી-શાંતિ મળે છે. એક ખુશાળી બીજાને તોડે છે. એ રીતે સેહલેગાહમાં જવું એજ માત્ર ખુશાલીથી ભરપુર છે.

પણ મારા ઘણા બાઇઓ આ દિલસૂરી સમજી શકતા નથી. હોયને, આ લીમજી લાંબાંગાંગ લાંબે પગે જાણે કદાન જરતો હોય તેમ કલાકના પાંચ માઇલની દોડા દોડી કરે છે અને રખડતો રતન કુંડીની ચાલે રઝલતો ભટકતો ફરે છે. આ બેઉ સમતોલ પાસાં બતલવતાં નથી. સહવારની ગડબડમાં સાંજની આસુદગીને ભૂલી જાય છે. અને સફરેથી પાછા ફરી લીમજી અને રતન એરંડયુ પીધું હોય તેવું ડાચું કરી બળાપો કરે છે કે " મજાહ નહીં પડી " ત્યારે મને હસવું આવે છે. એ બેઉ ભુલકણા ગાફેલો સાંજના બેવરો ગટાવી ભારી ગોદડું ઓઢી જલ્દીથી બીજાને જાય છે અને જોલી જેમી જે મીઠાસ અને આસુદગીથી ધીમે ધીમે બીરનું ગલાસ ' સીપ ' કરે છે તે જોઇ તેઓ અફેપાઇથી હાય સોસારા ખેંચે છે. આ બે જાણતા નથી કે એમ દોડમાર સફર કરવાનું ગોયા આપણા પર આ જાણ નાંખી હોશ ફરામોશ કરવા બરાબર છે; સાંજે પાછા ફરતી વેળા ઇંદ્રીઓ ચપળ રેહવાને બદલે મંદ પડી જાય છે અને દિલમાં રોશનીને બદલે અકળામણનું અંધકાર વ્યાપી રહે છે. સાધારણ ચાલનાર સાંજના જે શાંતતા અનુભવે છે તે તે અનુભવતો નથી. બે ગલાસ વધુ બેવરો ગટાવી બેસુદ હાલતમાં બિછાને જાય છે. જો તે બીડી પીનાર હશે તો તે બીડીની મજાદ ગુમાવી બેસે છે. મજાદ અને આસુદગી માટે આ બે ચાલી આવ્યા અને અત્યારે તેની ગયેલાંની હાલતમાં અસુખી બીજાને જાય છે.

સફરની ખાસ મજાદ ઉઠાવા માટે એકલા જવું જોઇએ. સાથે બળી જવું એ બરી સફર નથી પણ ઉજાગરી છે. એકલા જવાની મકસદ એ છે કે,ભરછ પડે તેમ ઉભું રેહવાની યા ચાલવાની છુટ રહે છે. તે દિવસે જોલી જેમી હમારેથી છુટા

પડી નાના પાંણીનાં ખાબોચ્યામાં પથ્થર મારવા લાગ્યો ને તેના મિત્રો આગળ નીકળી ગયાં. ચરિત્રો ચાનજી તો ચીદડા પકડવામાં ચકચુર થઇ ગયો અને બાપડો લટર પટર હાલતમાં હીંડતો પાછળ આવ્યો. વળી એમ કમપનીમાં જવામાં એક પીડા છે. લાંગટાંગ લીમજી સાથ લાંબે પગે ચાલી ગાંઠ ખસી જવાનો સંભવ રહે છે યા હુમક હુમક ચાલતા નાજુક નરીમાનના ગાલે ચાલતાં સીના સરી જાય છે!

એ ઉપરાંત તો સફર કરનારનું મન ખુલ્લું અને તે જે જોય તે તરફ ઢળતું જોઇએ. મન તે વેળા ગોયા એક વાંસળી છે જે ઉપર તરેહવાર મનગમતા રાગ વગાડી શકાય છે. તે વેળાજ હવામાં કિલ્લા બાંધી ખુશીથી છલકાવાતું છે. એક ફ્રેંચ લેખક કહે છે. "સફરમાં વાત કરવાની મજાલ શું હશે તે હું સમજી શકતો નથી. "સફર કરતી વખતે જ્યારે ખેતરોમાં હોઇએ તો ત્યાં "ઉંધતા આસુદા છોડવાઓ મારક મને થઇ જવા ગમે છે." સહવારની શાંત ચુપકીદીમાં ખલલ કરવા ઘણી બકબકનો જમેલો ઠીક નથી. એમ એકાંતમાં ઠંડી ખુશી હવાથી આપણ એક જાતની સુંદર કેફમાં પડી જઇએ અને મન જે વાત કરવામાં ગુંતાયું હોય તો તે ખુશાલી ભાંગી પડે છે!

આંધે કોથલો મારી ચાલતા મુસાફરને સફરનાં બે ત્રણ દિવસ ભારી લાગે છે અને ઘણી વેળા મન થાય છે કે કોથલાને ઉડાવી નાખી નાચતાને ગાતા દોડી જઇએ. પરંતુ ધીમે ધીમે કોથલો કાંધ ખેંચાણ ધરાવતો થાય છે. ગોયા તેમાં સફરની મજાહનું લોહચુંબક આવી જાય છે. અને પછી જેવો કોથલો ખભે માર્યો કે ઉંધનો દેવતા પલાયણ કરી જાય છે; આળસાઇ હાસી જાય છે અને પગો જાણે પોતાની મેળે ચાલવા મંડી જાય છે. આ મુજબની ખુશખુશાળ આસુદી સફર ખરી સફર છે. પણ જે તમો તમારી હાલતની ચિંતા રાખ્યા કરો, તરેહવાર અણગમતા વિચારો દાખલ થવા દ્યો તો પછી સફરની મજાહ મળી શકતી નથી. હલકા વિચાર અને દુઃખનું અંતઃકરણ એ માણસના સુખના મોટા શત્રુ છે. અરેબ્યન નાઇટસમાં એક વાર્તા છે કે તરંગર અણહલાને એક ડાકણ સતાવતી હતી. તે બાપડો જ્યાં પણ આંખ્યો ઉંધાડી નજર ફેંકે કે તે ચુડેલ ડાકણનો કદરૂપો ચેહરો સામેને સામેજ! તેમ જે કોઇ પોતાની ફિકર અને હાલતની ચિંતા કર્યે કરે કે દુઃખની ડાકણ સામેને સામેજ આવી ઉભી રહે છે.

હવે, એમ સમજો કે આપણે દૈત્યના જેટલી હજાર આંખ્યો ધરાવ્યે છિયે. ગરમીની મોસમની તે ઠંડી સહવાર છે અને થોડા શખ્સો પોત પોતાની સફરે નીકલે છે અને આપણ હજાર આંખ્યોની પડે સઘળાને જોઇ શકયે છિયે. પેહલ્લો શખ્સ નીચી મુંડીએ ઝડપથી ચાલે છે અને મનમાં ને મનમાં કુદરતના તે સુંદર દેખાવોને શબ્દની વણતમાં વણવા મથન કરી રહયો છે. ઓહો! આતો કોયો કોઇ કટલરી કવિ છે. પેલો બીજો ચુંચી આંખ્યો કરી ઘાસમાં ઉડતાં જંતુઓ પકડે છે અથવા તો સુંદર ધિમે અવાજે વેહતાં નાલાંમાં નાચતી મચ્છીઓની ગમ્મત નિહાળે છે, અને ખેતરોની વાડને અઢેલી અંદર ચરતાં ગાયઢોરનો આસુદો દેખાવ દેખે છે. લો, આ ત્રીજો તો કોયો હસતો, મનથી વાતચીત કરતો, અને ચાળાયસણા અજમાવતો ખેલાડી કે થાનાંનો ધરાક જણાય છે. તેના મીજાઝ મુજબ તેના ચેહરાપર ફેરફાર થાય છે. કદીતો કપાળપર ગુસ્સા નું વાદલ ચઢી આવે છે યાતો કદી મોહડાંપર હસવાનો મલકાટ રમી રહે છે. માલમ પડે છે કે એ કોઇ છાપાનો આડીતાયાર્ય હશે અને બીજે દિવસે કોઇના કલેજાને ધબકાવી મુકે એવી આરટીકલ અજમાવતો હશે. ત્યો ત્યો પેલો તો કેવો "અગર હમ આગમાં હોતે" ના ગાયણની પેહલ્લી લીટીથી શરૂ કરી "મોહું રેશમકી સાડી દીલા"

વાળાં ગાયણની છેલ્લી લીટી લલકારે છે. તેવામાં બેતરના ખુણામાંથી કોઇ ગામડીયો એકાએક સામે થઇ ગયો તો જોઇ લ્યો રકાસ! કોઇ કહી શકશે કે તે અજાયબીથી ડાચું વકાસતા ગામડીયા લોકોની અજાયબી વધતી હશે કે પેલા શેહરી ગાનારના ગળાંનો ગુંચવાડો? આવો શેહરી ગામડે આવી ગાણું લલકારે એ ગરીબ લોકોને અજાયબીમાં નાખવા બસ છે. ફાટેલાં ધોલ મારફક ગાતો ફલી કહે છે કે તે દિવસે આંબાઝરીમાં વલાણ લેતાં એક ગામડીયો બેહુત સામે થઇ ગયો અને ફલીના કાન જાણે તમાચો ખાધો હોય તેમ લાલ લાલ થઇ ગયા! ખુદા માલમ આ ખરૂં હોય કે ખોટું પણ નાલ્યાં મારૂં નરીમાંન ઠોળી ઠાકીને કેહ છે કે એમજ એક દહાડીવાલા શેહરી પારસી નેકટાઇ કોલર પેહરેલા કુદતાને દોડતા ગામડામાંથી પસાર થતા હતા કે તેવણને હવાલદારે જોયા અને પાગલખાનાના રહેવાસી ધારી પકડાવી મંગાવ્યા! એક ઇંગ્રેજી લેખકની એવીજ રીતનું કોનફેસાફ કરે છે તે છતાં નીચે મુજબ લખે છે તે અજાયબી લાગે છે. તે કહે છે "અહા! ઉપર સુંદર સાફ આકાશ, નીચે લીલાં કંજર જેવાં ઘાસનો ગાલીચો તે સાથે સર્પ રોકો વાંકો ગામડેનો રસ્તો અને ત્રણ ફલાકની સેહલેગાહ ઉપર મને એકલો મોકલ્યો. તે વેળા હું ખુશાળીથી છલકાઈ કુદકા ન મારૂં તો શું કરૂં? હું તો હસીશ દોડીશ, ને ખુશાળીથી લલકારીશ."

શાબાશ, ઓ ઇંગ્રેજ બચ્ચા, શાબાશ! અરે ભલા ઉપર આ પેલા પારસીની મુલીયત વાંચી ચકુમન પકડ. નહીં તો નકામાં ન લેવામાં ન દેવામાં બે ચાર કલાક ગંધાતી કોઠડીમાં ગોંધાઇ રેહવું પડશે. પણ ના તે ઇંગ્રેજ બચ્ચો ખુલ્લા દિલનો આજકાલના લેખકો જેવો હલકુ નતો! ગમે તે હોય, મનહ ભોગવવામાં એવા કડવા અને કટંગા અનુભવો ઓર લેહજત આપે છે પરંતુ તે એક ચીજ ઉપર ધ્યાન પુગાડયું? આ ઇંગ્રેજ બચ્ચાંને કશું ભાવતુંજ નથી. આકાશ જોઇએ સાફને નીચે ગાલીચામાં ઘાસ! ત્રણ ફલાકની ખુલ્લી હવાની સેહેલગાહતો ઉત્તમ છે પણ તે ઉપર વળી સર્પ રોકો વાંકો ગામડેનો રસ્તો! તોબા, તોબા, એવી કેવો જબરો લંપટી શખ્સ લાગેછે.

પણ મને આ નામીચાં ઇંગ્રેજ લેખકનો એક વિચાર ગમતો નથી મને તો સેહલગાહમાં કુદવા કે દોડવા ગમતું નથી. એ બંને હિલચાલથી દમ જોરમાં ચાલે છે, થાક ચહડે છે, પરસેવાના રેલા ઉતરે છે અને ખુલ્લી હવામાં મગજ જે ખુશ કેફમાં પડી જાય છે તેમ થતું નથી. એવી ચાલથી ઓર વધુ તકલીફ પડે છે. તેમાં તમારો પરસેવો બળે! આ વીસમી સદીમાં પરસેવો પડે નહીં તો કેવું સારૂં. મારો કાવસ કાકરી બળાપો કરે છે કે કોલરનો ધાણ વલી જાય છે અને હમણાંજ મુંબાઇની મુસાફરીથી આવેલો રમુ ફટાક કેહ છે કે મુંબાઇમાં પરસેવાથી સખ્ખત ઉભો કોલર મુવેલા ઉંદરની માફક ઢીલો ઢચ થઇ જાય છે અને પરસેવાના રેલાથી મોહડા પર લગાડેલો ચુનો (!) ધોવાઇ જાય છે.

વળી એમ દોડવાથી મનના વિચારોની દોડ ધામ કરી મગજને ગુંચવાવી નાંખે છે. ખુલ્લી હવામાં કાંઇ અજબ દિસમે વિચારો એવા ગળે છે અને મગજ એવી ઉંચી હાલતમાં જઇ બેસે છે કે એકજાતની અખંડ શાંતિ દિલે વાસો કરે છે, ગોયા ઘડીભર દુન્યાથી ઉંચકાઇ જઇ બીજી હાલતમાં વસ્યે છિએ.

આખા દિવસની સેહલેગાહમાં મન તરેહવાર મીનીટમાંથી પસાર થાય છે. સહવારના ઉમંગી આનંદથી તે સમીસાંજની શાંત આમુદગી વચ્ચે મોટો ફરક છે. જેમ જેમ દિવસ વેહતો જાય છે તેમ તેમ આપણે ગોયા આપણી જુદી હસ્તી ભૂલી જઇને છીએ અને કુદરતની આજુબાજુ વિખરાઇ પડેલી ન્યામતોમાં મળી જઇએ છિએ.

ખુલ્લી હવાની કેફની નાશા લાગી જાય છે અને સાંજ પડતાં તો દુન્યની કારોબાર જાણે સ્વપનામાં જોતા હોઇએ તેમ લાગે છે. સેહલગાહ કરવાની મકસદજ આ છે. આવી રીતે થાકી આવેલો મુસાફર ન્યુસપેપરની જંગી આરટીકલ કે કટલરી કવિતા લખી શકતો નથી. બલકે હસતો વટીક નથી તે છતાં એક જાતની શાંતિ તેના હૃદયે અનુભવે છે–તે જાણે છે કે તેનું તન આસુદું છે અને તેના ગોટલાં મેહનતથી આનંદદાયક થાકમાં પડી ગયાં છે.

હવે સમજો કે સર્પ રોકા લીલા કંજર જેવા રસ્તાઓમાંથી પસાર થતાં મોટાં ઝાડોની ઘટાઓમાં લેટી જવાનું તમોને મન થયું. વાહ ! તે કિસમની મજાહને તો હું કદી ભૂલીશ નહીં. કોથલો ખભેથી નીચે જઇ પડયો કે આંખ્યોપર રૂમાલ નાંખી પડી રહેવાની મજાહ ઓર છે. પક્ષિઓ મધુર ગળાંએ ગાતાં આપણને અજાયબીથી ટીકે છે કે આ ભુલાચુકાનો માબાપ ઘરબાર છોડી હયાં કેમ લેટયો છે; જો આપણામાંથી બીડી ફુકું હશે તો આસમાંન તરફ ઉડી જતો ધુવો નીહાલશે; સૂર્યનો દોડતો તડકો પગ પર આવી વખતો વખત તેને ખસેડવાની તકલીફ આપશે અને ઠંડી લેહરી ઠુંઠી ખમીસના કોલરને એમથી તેમ ઝોકા ખવાડી અર્ધું ગણું ખુલ્લું કરશે. અહા ! જો તે વેળા તમો ખરો આનંદ ન ભોગવો તો ખચીત તમો અંતઃકરણના દંખથી પીડાવો છો. તમે માંગો તેટલો વખત ત્યાં પડી રહો. જાણે તમારે માટે દુન્યા નથી અને દુન્યા માટે તમે નથી. ગોવા સોનેરી જબાનો આવી લાગવો છે જે વેળા આપણે આપણાં ઘડયાંને પાણીમાં નાંખી દઇ વખત અને રૂતુને ભૂલી જઇશું. આ મુજબ વખતની બેદરકારીમાં પડયા રહેવું એ હમેશ ગીની જીંદગી જીવવા બરાબર છે. મારાં સાંભળવામાં આવ્યું છે કે એક ગામડાંના લોકો ધક્કાલ શું તે જાણતાં નથી. તે ગામડામાં એકજ ડોસી છે જેણી પોતાની આંગળીઓની ગણત્રીથી કયો દિવસ છે તે કહે છે પણ ૧૦૦ માંથી ૯૬ દાખલાઓમાં તેણી ખોટી પડે છે. તે ગામડાંના લોકો પોતાનો વખત કેટલો આરામથી કહાડે છે, કેટલી બધી કુરસત તેઓના હાથમાં ફાજલ પડે છે એ જો ઘડીઆલ રાખતા શેહરીઓ જાણે તો ગાડેગાડાં ભરાઇ તે ગામડાંમાં ઉતરી પડશે મને તો લાગે છે કે શેહરી ઘડીઆલો પાગલ થઇ ગયાં છે અને હજી તો દસ વાગ્યાના ટકોરા ન સમજાય કે અગ્યાર વાગ્યાજ છે–તોબા ! બેલાપણાની હદ તક દોડાદોડી કરી રહયાં છે. ફુરસદ શું તે જાણે બાપ જનમમાં જાણ્યુંજ નથી. મારે સરકાર માબાપને અરજ કરવાની છે કે તે ગામડામાં ગાડે ગાડાં ભરાઇ જતા શેહરીઓને પોતાના ઘડીઆલ લઇ જતા અટકાવવા. કમબખત એ ટકટક કરતાં ઘડીઆલથીજ તો આપણી ચિંતાને ફિકરમાં વધારો થાય છે. આ વીસમી સદીમાં ગમે તે કરો પણ ઘડીઆલથી છુટી શકાય એમ નથી. આખી જીંદગીમાં તો તે ટકટક કરી વખતસર રેહવાની બાંગ મારે છે પણ મોતની વખતે બી તેનાજ ટકોરાની ગણત્રી વચ્ચે આખેરી આવે છે. તેથી બનતાં સુધી સેહલગાહ વખતે ઘડીઆલ ન હોય તેટલું બેહતર.

સેહલગાહનો ખરો વખત તો રાત્રે ભોજન કર્યા પછી આવે છે. દિવસની ચાલ ચાલ પછી રાત્રે એક પાનનું બીડું મટમટાવીને ખાવું એ સર્વોત્તમ મોજ છે. પાન પ્યારાં છે પણ તે વખતે તો હજારવાર વધુ પ્યારાં લાગે છે. રાત્રે છાંટો પાણી લેશો તે એટલો સ્વાદિષ્ટ લાગશે કે જનમભરમાં પીધોજ ન હોય. તેની દરેક ટાંસે એક જાતની આનંદદાયક શાંતિ બદનના દરેક સાંધે સાંધાઓમાં પેવસ થાય છે અને દિલ શાંતિના ધબકારા મારે છે. અગર ચોપડી લઇ બેસશો તો તેની ભાષા કોઈ દીવસ નહીં અને તેજ વખતે અજબ ખુબીદાર લાગશે. દરેક શબ્દેશબ્દ ગમ્મત

આપશે, લાઇને લાઇન કલાકો સુધી કાનોમાં ગણગણાટ કરતી રેહશે અને એવું થાય છે કે જો તેનો લખનાર પાસે હોય તો હમણાં દાબીને કોટી કર્યે ! ગોયા જાણે તે ચોપડી આપણેજ સ્વપ્નમાં લખી હોય.

એવા વખતને આપણુ તમામ જીંદગી યાદ કરતાં રહીયે છીએ તેની યાદ દિલમાંથી કદી ભૂસરાતી નથી. નસરવાનજી નસકોરી નેવું વરસના થયા છે છતાં હજી પોતાની જવાનીના સેહલેગાહ ના ખુશ વખતને યાદ રાખ્યો છે બલકે દહાડો વાર વખત વટીક બેંજામાંથી ગેમ થયું નથી. હોયને, હું આ લેખ લખું છું તે વિષે મેં તેઓને કહ્યું તો મારી અજાયબી વચ્ચે ૧૦ મી એપ્રીલ ૧૮૯૦ માં તેવણું દમનની સેહલેગાહ કીધી હતી અને સાંજને છેડે બે દોહડયાની તમતમતી મચ્છી અને ગરમાંગરમ તાડીના બતેરાની ન્યામત કરી હતી તેની ખુશ યાદ કીધી. તે પછી ખસરૂ ખજુરોટયા સાથ બહાર ચંદનીમાં ખાટલીપર પડી માકુ મદારી અને માણસ વચ્ચે ચાલેલી ગુફ્તેસનું રસરસતું બ્યાન સાંભળ્યું હતું.

હવે સમજને કે દિવસના લેહરે લેહરે ચાલી નાની ધર્મશાળામાં ઉતારો લીધો અને સાંજ ઠંડકવાલી હોય તો બહાર ઓટલાપર બેસી ગામને લગતાં ટાહેલાં ટપ્પાં મારયે છીએ. પટેલની ભેંસે પાડો જન્યો, કુમા કમર કાકરીએ પીડામાં મચાવેલી ધુમ, બાબુકાના બાપની વહુ કુવામાં નખાવા ચાલી, એવા ગામના હેવાલો ગામડયન બાબામાં સાંભલવાની મજા, સર્વેને નસીબ થતી નથી. ગોટલે ગોટલાં એવાં ખુશકારક મુસ્ત થઇ જાય છે, આખાં દિલે એવી ખુશ તાજગીની લાગણી થાય છે કે જાણે આપણે તે ગામના પટેલ હોઇએ !! તે વેળા ટેં થયલા નવલુ સાથ કે ગંભીર ગુસ્તાદ સાથ, અલ્યાદવાલી જેવા અદુબા સાથ કે હાયે મુકેલું પગે ગેમ કરી જાય એવા પેમુ સાથ વાત કરવામાં શરમ લાગતી નથી. ના, ના, તે વેળા આપણે આપણા દરજાનો દોર, તરંગરીનો તોર કે શીખેલાપણુનો શોખ એક કોરે મુકયે હોયે. તે વેળા આપણે આપણી શેહરી શોકઇ કે મોટે ઘરની મોટાઇ ભૂલી જઇ તે ગરીબ ગામડેના ગામડયન દિલ સાથ એક થઇ જઇએ છીએ અને અજાયબી અને આનંદથી તે સાદી ગામડેની જીંદગીનો અનુભવ લઇએ છીએ. તે વેળા શેહરી શીરાં કરતાં ગામડેની ગોરી વધુ પ્યારી લાગે છે ! તે વેળા ટેંકરઇ હેંકરઇ એક કોરે મુકી દેવાય છે; લડાઇના દિલ ઉસ્કેરનારા રોઇતરના તારો કરતાં ગામડેની સાદી વાતો કાંઇ અજબ ગમ્મત આપે છે ! ભાઇના ભીખાની કુદરતી રમુજ મુંબાઇના નાટક તખ્તાપર રજુ થતી ભલી રમુજ કરતાં કાંઇ ઓર રંગીલી લાગે છે,

અગર કોઇને આ ગામડયન સોસાઇટી નસીબ ન થાય અને ઋતુ સરદ અને રાત્રી તોફાની હોય તો નાના કોડયાંના દીવા સામે ખાટલીપર પડી વિચારના વમળમાં ગુંતાઇ જવાનું કેટલું આનંદદાયક છે. ઘડીઆલની કીટ કીટ અને ધંધે રોજગારની ચીંતાથી ઘેરાયલા ગબ્બરોને સેહલેગાહની તે સર્વોતમ મજાહનો ખ્યાલજ કયાંથી હોય ? વખતજ બદલાયો છે. ધંધાની ધમાધમી, પૈસા કમાવાની બે અટકાવ ગડબડ અને હવામાં કિલ્લા ઉભા કરવાની ઉતાવળથી સેહલેગાહની ખરી મજાહ ખુંચવી લેવાઇ છે. તે વખત ગરીબ ખાટલીએ પડેલો સેહલાણી બાદશાહી બિછાના કરતાં વધુ ચેન બોગવે છે. આ આંધળી દોડાદોડીમાં આપણુ એક રાઇજનેટલી ભૂલતા નથી પણ, અફસોસ, ખુદ આનંદથી જીવવાનુંજ ભૂલી જઇએ છીયે. અને તે શા માટે આ ગંજાવર દુન્યામાં આપણો નજીવો અવાજ ડોડી જવા જે પલભરમાં ચુપ થઇ જશે અને પછી ? ન નામ કે નીશાન, ન હસ્તી કે મસ્તી સઘળું ગેમ !!!

એવી રીતે સેહલેગાહની સુંદર સફરે માણવાની. આ અફસોસકારક આખેરતનો ખ્યાલ થાય છે. અરે આ સઘળી ધમાધમી કરતાં જો

ખાટલે પડી વિચારના વમળમાં વિંટલાઇએ તો કેવી મજાહ પડે ! કાંઇપણ બરાબ નિષ્ટા વગર ખુબસૂરત ઔરતોના મુખડા ચીતારવામાં, મહાન માનવીઓના મહાભારત કાર્યોને વગર અટેખાઇ કરવે યાદ કરવામાં, દુરેક મનુષ્યની હાલત તરફ દિલસોજીથી પ્રરવામાં–જો આમાં મનુષ્ય માટે બેહદ્ત સમાયું નથી તો શામા સમાયું છે? ગમે તે કરો, પણ ખરી મજાહ તો તેઓજ ભોગવે છે જેઓ બારીએ ઉભા રહી તમાશાને નિહાળે છે અને નહીં કે જેઓ તમાશો બજ બતાવે છે. હયાં જ મનુષ્યની સધળી મગરૂરી અને આદમનો તમામ ઇતરાટ તૂટી જાય છે !!

તેવી સેહરોગાહની તોફાની રાત્રે તમો બારીની બહાર ઝોંકાવી અંધકારમાં પડતા વરસાદનાં ગાનાંને સમજો. તમારૂં બદન મીઠાં દરદથી પીડાય છે મન સાતમાં બેહદ્તની શાંતિ ભોગવે છે, દિલમાં દિલસોજી ઉભરાઇ રહી છે, અને હમણાંજ તમે તમારાં દિલને તરેહવાર સવાલ પૂછ્યા હતા અને હવે માત્ર એકજ સવાલ પુછવાનો બાકી રહયો છે અને તે એ છે કે એમ વિચારના વમળમાં વિંટલાવામાં હું એક ફિલોસોફર કહયો છું કે એક ગધેડો ?

ખુદા માલમ એનો જવાબ શો હશે પણ એટલું તો ખરૂં કે તમે તમારો વખત સૌથી સરસ રીતે પસાર કર્યો હતો જેની સામે સીકંદરની શેહનશાહત પાણી ભરે ! અને તમો દિલસુફ હો યા ગધેડા પણ આવતી કાલે તો ઘરે પાછા ફરશો એ વિચાર સાથ બિછાના પર પડી નિંદ્રામાં ગરક જાવ છો. ! ! !

મફત ! મફત !! મફત !!!

ખાત્રી કરી જોવાને માટે માત્ર ત્રણ દિવસજ વાપરવા લાયક

સર્વમંગલા.

હાથમાં લઇ જનારાને આપવામાં આવે છે. બહારગામથી મંગાવનારાઓને રૂ. બાર મોકલવાથી અથવા વી. પી. ડારા મંગાવવાથી ત્રણ દિવસની દવા મોકલી શકાય છે. આ દવાનો સૌથી મોટો ગુણ એ છે કે તે માત્ર એકજ વખત લેવાથી અસર કરે છે. આ દવા એવી અકસીર છે કે તેના સેવન પછી અરધા કલાકમાંજ આમ્લશૂળ અને દાહ બંધ કરે છે. એક બે કલાકમાં કોઠો સાફ કરીને ભૂખ વધારે છે. ૪ કલાકમાં માહરોગ, એક દિવસમાં સ્વપ્નદોષ, ૨૪ કલાકની અંદર સ્ત્રીરોગ, અને તેથી ઉત્પન્ન થએલી વેદના, મૂર્ગી, મૂર્છા વિગેરેથી આરામ કરે છે. ૩૬ કલાકમાં ગરમી અને સુજાકના ઘાને મટાડે છે. બે દિવસમાં પાણી જેવી પાતળી ધાતુને ઘટ બનાવે છે. ત્રણ દિવસમાં સર્વ તરેહની વાયવું દરદ અને સાત દિવસમાં ધાતુક્ષીણતા નષ્ટ થાય છે. શરીરમાં શક્તિ તેમજ વિચાર અને સ્મરણશક્તિની વૃદ્ધિ થાય છે. આ દવા મહાત્માની આપેલી ને જંગલની જડીબુટ્ટીઓમાંથી બનાવેલી છે તેથી અગણિત દર્દીઓને આરામ થયો છે. એક શીશીની કી. પોસ્ટ ખર્ચ સાથે રૂા. ૧–૧૩–૦ છે. આ એકજ દવા જૂદા જૂદા અનુપાન સાથે લેવાથી ધાતુ અને લોહી વિકારના સર્વે રોગો એકજ શીશી વાપરવાથી મટી જાય છે બીજી શીશી વાપરવાની જરૂર રહેતી નથી. ઓર્ડર મોકલતી વેળા રોગની વિગત નહીં લખવાથી દવા મોકલવામાં આવતી નથી. કારણ કે તે સાધુની આપેલી છે તેથી રોગ ઉપર આરામ થયો એજ તેનો સિદ્ધાંત છે

દવા મળવાનું ઠેકાણું.—
સર્વ મંગલા ફાર્મસી.
બીડન સ્કવેર–કલકત્તા.
Sarvmangla Pharmacy.
Beadon square-Calcutta.

કોણ વહાલું?—પતિ કે પુત્ર!

એક કુંકી વાર્તા

(ગુલશન માટે ખાસ)

લખનાર–મિસીસ રૂપાંબાઇ દેારાબજી રબાડી.

બહારના દેખાવે જોતાં આવતી કાલે થનારાં લગ્નને માટે તે દહાડો શુભ દિવસ નહતો. આખો દિવસ વાદળાંથી ઘેરાયલો અને મંદ હતો, અને પવનનો પુકારો દેખાડી આપતો હતો કે વરસાદ પડવાનાં તત્તપર છે–ઘેરાઇ રહયો છે. પવન એવો કુંકતો હતો કે ગાડી દીવાનખાનાંનાં બારણાં આગળ ખોળતાં મેરી સિલપેસ્ટર ગાડીમાંથી ઉતરતાં ઠંડીથી થરથરવા લાગી, અને મનસે વમાવવા લાગી કે ઓરડાઓમાં સગડી સળગાવી હોય તો સારૂં. અને તેમ હોવું મહાલ હતું–કાંકે જો બોબી ઘરમાં હોય તો તેને કદી ઠંડી લાગતી નહતી કે સગડી સળગાવા કહેતો નહતો. તે આગમચથી જાણતી હતી, તેને ખબર મળી ચુકી હતી કે લગન થતાં બોબી પોતાની પરણેતર સાથે ' હનિમુન ' ગુજારવા જશે તેટલાં તેની–એટલે નવી વહુ સ્ટેલાની બેહેન ઘર સાચવવા રહેનાર છે. પોતાની તરફ લગાર બેદરકારી દેખાડી તે તેને લાગ્યું ખરૂં, પણ આજનો જમાનો અને તેનો રાહધાટ યાદ કરતાં, સ્ટેલા પોતાની સામુને બદલે, પોતાની બહેનને ઘર સોંપી જાય, અને બોબી અલબત પોતાની પરણેતરને તેની મરજી મુજબ કરવા દે એમાં તાજુબી જેવું કાંઇ જણાયું નહિ. બારણું બોકતાં એક ચકોર દેખાવની દાસીએ આવી બારણું ઉઘાડ્યું અને મેરીને બેઠકનાં ઓરડામાં લઇ ગઇ. તે નાનો સરખો ગોઠવેલો–સંગારેલો ઓરડો હતો. મેરી આરસીના તખતા આગળ ઉભી રહી, પોતાનાં ખુબસુરત મુનેરી બાલનાં ગુલફાં બરોબર કરતી હતી. તેણે આજે પચાસ વર્ષથી સોગનો પહેરેલો કાલો લેબાસ બદલ્યો હતો નહિ–કોઇ કોઇવાર ઘરમાં સહવારનો વખત ઉજળો કે બીજા રંગનો લેબાસ પહેરતી હતી, પણ બાકીનો વખત કાળોજ લેબાસ રાખતી રહી હતી. હવે ગોલાબી ગવન સાથનાં કપડાં પોતાના દીકરાના લગનને દિવસે પહેરવા માટે સીવાડેલા પોતાના ઘરમાં કોચ ઉપર પથરાયલાં મેલી આવી હતી અને તે યાદ કરતાં લગાર બેચેની પેદા થતી હતી. તેની સાંથની ફાંકડી ટોપીથી તે જુવાન છોડીઓને લાયક તો નહિ લાગે? કદાચ સ્ટેલાને એવો વિચાર આવે ખરો. પણ બોબીએ ઘણા કાલાવાલા કીધા કે એવા લેબાસમાં ના આવતાં, તેથી એ કપડાં તેને ખાતર કરાવ્યાં હતાં. એવા તુરંગોમાં તે પોતાનાં બરચક વાળ સાફ કરતી હતી. તેણીની આંખે દુરનું જાજું દેખી શકાતું ન હોવાથી તે જોઇ નહિ શકી તેનાં ગોલ ઘટમદાર ચેહરો આજે પણ દીપતો હતો અને રૂખસારા ઉપર છોકરીઓને હોય છે તેવો રતાસ હતો, તો જો કે તેની સુંદર બ્લુ આંખ્યો આગળ ઝીણી કરચળી વળી હતી, તેનો સોહામણો ગોળ ચહેરો અને તેજોજ ગોળ તેણીનાં બદનની આકૃતિ એક બીજાને બંધ બેસતી દેખાતી હતી. અને બોબી જેવો તેનો દીકરો ન હતો તો દુન્યા લેયબાર બહેમવનાં તેને દસ વર્ષો ઓછી ઉમ્મરની સહેલી ધારતે. તેણે પિસતાલીસ દિવાળી જોઇ હતી, પણ બાંધી-

સની બરજુવાન લાગતી હતી બોબીને વધુવાર રોકવું ઠીક નહિ, કાંકે તે હયાં આવ્યા પછી પાછો સ્ટેલા ને ત્યાં જવાનો હશે. એક બે શબ્દોમાં પતાવી એનાં માટે લગનની સેસમાં જે સુનાંનાં બટન–એ અદરાયો તે દહાડેથી જે પૈસા બચાવી રાખી તે પૈસે પૈ ખરચીને લીધેલાં બાણાંનાં ઓરડાની મેજ ઉપર, જ્યાં તેને મળેલી બીજી બેટો એકઠી કરી હતી ત્યાં ચુપચુપ સેરવી દઇ ચાલી જવા કીધું કાંકે લગન આગમચ પાછી પોતાનાં બેટા સાથે તેનો મેળાપ થવાનો સંભવ નહિ હતો, કારણ એની ગોઠવણ થઇ ચુકી હતી કે ધરથી પાધરૂં દેવલમાં જવાનું હતું. તે ઓરડાની બાહાર નિકળવા જતી હતી તેવામાં બારણું ઉઘડયું અને બોબી દાખલ થયો

" મમી મમી–તમે હયાં ? કેમ શું છે ? " તે એમ જોતાંજ બોલ્યો. " કંઇ–કંઈ નથી દીકરા." બોલતાં પોતાનાં દીકરાને હર્ષથી ટીકતી ઉભી. તેને આવો સજ થયલો આ પહેલ્લીજવાર જોયો હતો; અને કેવો બપકાબંધ શોકયા જેવોજ લાગે છે કરી મનમાં મગરૂર થતી હતી. જો કોઇ એમ કેહે કે મોટે બાનદાનની સ્ટેલાએ હલકાં બાનદાનનો બરથાર પસંદ કીધો તે લોક તે વરને જોતાંજ પોતાનાં વિચાર બદલી નાંખશે. પોતાનાં બેટાનું સોહાગણું બાધું છતી એ હર્ષે દાબ્યું અને સુંબન કીધું. તે ઉંચો, કદાવર પતલો અને સોહામણી આકૃતિનો હતો, જેનો ચેહરો કે દેખાવ તદન તેની માયને મળતો આવતો હતો. " કંઇ નહિ દીકરા, પણ જો પુરસદ હોયતો થોડો વખત તારી સાથે બેસીને વાત કરવા ગમ્યું પણ જો તું બાહાર–કદાચ સ્ટેલાને ત્યાં જવાનો હોય–"

" ત્યાં–આજેરાત્રે ? તે લોક મને મજેજ નહિને ! એ એટીકેટ નથી–આજે તો લગનનાં કપડાં પહેરાવી જોવાનાં વગેરે કામમાં તે લોક રોકાયલાં. "

" ત્યારે તો મારા આવ્યાથી તુને કંઈ અડચણ નથી પડવાની બેટા; મારા કપડાં પણ આવી ગયાં અને મને કંઇજ રોકાણ બીજી નથી. "

" તમારા કપડાં, મમી ? ખરેખર ! તમે ગોલાબી ડ્રેસ કરાવ્યો છે કેની મમા ? હું ધારૂંછ કે તે રંગ તમોને મઝાનો લાગશે. પણ ઘણોજ ચળકતો નહિ હોય તો સારૂં. "

" તેવું નથી દીકરા. તારે લગનને દહાડે ગંભીર દેખાવ નથી કરવા ગમતો ! "

" ગંભીર ? નાં તેમ તો નહિજ; પણ એટલું યાદ રાખજો કે હાથનાં મોજાં સુફેદ હોય, તે ભૂલતાં નાં. મને ખાત્રી છે કે તમે ઘણાં ફકકડ લાગશો. જો તે કાળાં હશે તો બધું બીગાડી નાખશો ! "

"બધું" મેરી બોલી મનમાં વિચારવા લાગી. તે જાણતી હતી કે, કાલે જો એનાંથી કંઇ ઉલટું થયું કે બોલાયું કે પહેરાયું તો થઇ ચુકયું. તે બેટાને ઘણું માઠું લાગશે. " તું કેવો મઝાનો લાગે છ દીકરા. હું મારા વ્હાલા દીકરા રોબર્ટ માટે ઘણી મગરૂર છું. પણ હું હમેશાં મગરૂર રહેતીજ આવેલી છું એમ મગરૂર થવાનાં મને સરસ કારણ તારાથી મલ્યાંછ "

" ખરેખર માયજી ! એ ખુશ ખબર મેં સાંભળી. પણ તમે જાણોછ મમા કે તે સંબળી સાબાથી મને એકલાનેજ ઘટતી નથી. તમોએ તમારાથી જેટલું બન્યું તેટલું મારા માટે કીધું છે–હમેશાં કરતાં આવ્યાં છો. "

" અલબત્ત, દીકરા ! એક માતા એથી બીજું શું કરી શકે ? પણ તું બાટલો હુશ્યાર અને મેહેનતુ નહિ હોતે તો મારૂં કીધેલું શું કામ આવતે ? બી. કારબૉાધન જો તારાં લગન ઉપર આવે તો કેવું સારૂં થાય; દીકરા, તેવણની એટલી મહેરબાની છે કે—"

" તેવણને તેડાવતે ? બી. કારબૉાધન જેવા મોટા લોકને મમી ડીઅર મારા જેવાનાં લગનમાં આવેવાનાં કરતાં વધારે જરૂરનાર કામની રોકાન હોય છે ! મારા સાંભળવામાં આવ્યું છે કે તેવણ

આ તરફ નથી, અમેરિકા ગયલા છે, પણ હવે પછી એવણ લંડન આવશે ત્યારે હું તેવણ સાથે પિછાન પાડવાનો છું અને સ્ટેલા સાથે પણ ઓળખ કરાવવાનો વિચાર રાખું છું. મહેરબાની ધણી મેહેરબાની તેમાં કાંઇ શક નહિ, પણ કોઇ રીતની અંગત તકલીફ ઝાઝી નથી. હું ધારૂં છું કે જેમ આ તરફ કરેછ તેમજ પેલી તરફ તેવણનાં એજન્ટો બધું કામ આટોપ્યા કરતા હશે !'

"તેમજ હશે" મેરીએ ધીમેથી કહ્યું "પણ તેથી દીકરા તેવણની મેહેરબાની કંઇ ઓછી થઇ? મને વારંવાર વિચાર આવેછે કે જો તેવણ એવા ઇમાનદાર અને પ્રમાણિક નહિ હતે તો ? આપણને બબર જ કયાંથી પડતે કે તારા મમાવાએ પોતાનો પૈસો પેલી બાણુમાં રોકયો છે ? વિચાર કર કે એ વ.ત જાણમાં નહિ આવતે ને એ મદદ આપણને નહિ મળતે તો આ છેલ્લાં દસ વર્ષમાં કેટલો ફેર પડતે ! તારા મમાવા જે કરચકોર મને આપી ગયલાં તેની ઉપરજ ગુજરાન ચલાવતાં આજે આપણી હાલત તદન બ્રુદીજ હતે ! તું ધણો ચાલાક અને હુસ્યાર છે પણ તારો અભ્યાસ વધારવા ઓક્ષફર્ડ તારાથી કેમ જવાતે ? અને આવી મનપસંદ નોકરી પણ નહિ મળતે–ખરૂં કેની ?" લગાર ભાફ માંગતી હોય તેમ તેણી હસી.

"તું કોઇ કોઇ વાર એમ પણ બોલતો કે વરસ દહાડે ૧૦૦૦) મળે તો તે કંઇ ધણાં નહિ થયા. એમ તને લાગેછ કાંકે તું ધણો ભોળો છો, દીકરા !"

"ધણોજ–મમા ધણોજ !' તે હસ્યો. મમા, એ બધું શું કરવા લંબાન કરોછ કે તે મને બબર છે કે તમારી પાસથી હું કાંઇ કબુલ કરૂં–"

"અલબત દીકરા; તારે લેવુંજ પડશે. મને શું કામનું છે ! હવેથી મારો બરચ ધણો ઘટી જશે; વળી સ્ટેલાને સુખવાસી પણે રહેવાની ટેવ છે; તેવામાં ઉપરેલી છે."

"તે બધું હું જાણું છું, પણ મને ગરજ નથી પડવાની મમા" એમ કહેતાં પોતાના જેબમાંથી એક કાગળ અડધું બેંચી કાઢયું, પછી પાછું અંદર બોરયું. "આ કાગળ આજે સહવારે સોલીસીટરો તરફથી આવ્યુંછ. પણ તે વાંચવાના કરતા હું મોઢે કહીશ તો તમોને જલદી સમજ પડશે ? તે લોકોને મી૦ કારબોઇન તરફથી કાગળ મળ્યુંછ. અને મમા, મને મારા પગાર ઉપરાંત મને હવે પછી વરસ દહાડે બીજા એક હજારની આવક મળનાર છે !"

તે એવો હરખમાં હસવા લાગ્યો કે જાણે નાહનો પોર્યોજ ! મેરી અજાયબીથી દંગ થઇ, અને ઉજળી પુણી જેવી થઇ ગઇ. "બોબી એ વાત બરી હોયજ નહિ."

"બચ્ચીત, બરી વાત છે મમા; તે રકમ વકીલોના હાથમાં આવી ચુકી છે. અને કારબોઇનનું કાગળ હું જાતે જોઇ–વાંચી આવ્યોછ. એ પૈસા મારી પચીસ વર્ષની ઉમ્મર પછી મળનાર હતાં. ને જો તેની આગમજ હું પરણું તો ત્યારે મળે. બોદાનાં હોકમથી બને પ્રસંગ લગોલગ એકાદ મહિનાને આંતરે આવી લાગે છે.

"મી. કારબોઇનનાં કાગળમાં એમ હતું ?"

"હા કંઇ એવુ જ કે એવીજ કંઇ ગનલબ નાં શબ્દો લખેલા હતા."

"એટલે એમ કે પેલી બાણોમાંથી કંઇ ઉપજ ન નીકળી તો, તેમ કરવાનું એનું તારા મમાવા કહી ગયલા ?"

હર્ષનાં આસુની ભરેલી આંખોથી તેણી તેને જોવા લાગી, હર્ષ ભર્યાં ઝળઝળ્યાં તેણીની આંખોમાં ભરાઇ આવ્યાં. તેની માતાનાં સવાલનો જવાબ વાળવાને બદલે તે પોતાની બેઠક ઉપરથી ઉઠી સગડી આગળ ગયો અને કાંઇક કઠોર અવાજે બોલ્યો–

"મમા હું તમને બીજી પણ એક વાત કહેવાનો છું. હું ક્રમણાંજ કરૂં તો સારૂં; બલકે મારે એ વાત એ આગમચની કહેવી જોઇતી હતી. હું

એકવીસ વર્ષનો થયો તે દહાડેથી એ વાત હું જાણું છું."

"તે શું વાત છે, દીકરા" મેરી ગભરાતી બોલી.

"હું વકીલોને ત્યાં ગયો, અને તે લોકોને બોલતાથી એ વાત સાંભળેલી. મને શા ઉપરથી એ વહેમ ગયો તેની મને ખબર નથી. તે વાત કરવાની તેમની મતલબ નહિ હતી, પણ થતાં થઇ ગઇ ખરી! મમા, તમે શું એવું માનોછ કે મારા મમાવાની થાપણમાંથી આ બધા પૈસા આવે છે?"

"મારા વ્હાલા દીકરા હું શું જાણું, વકીલો એજ એમ લખીને જણાવ્યું હતુંને? મારા બાપે અમેરિકામાં પોતાનાં નાણાં રોકેલા હતા એ વાતની મને ખબર હતી જે પૈસાની બોટ ગઇ-બરબાદ ગયા કરી તેવણ સમજતા હતા. રોબર્ટ-મને તારી વાત સમજ નથી પડતી"

"વકીલોએ તો તમને જેમ કહ્યું તેમ તમે સમજી ગયાં! મી. કારબોઇને પણ તે લોકને એ વાત છુપી રાખવાજ કહેલી. એ પૈસા મારા બાપાની તરફથી આવ્યા હતા!"

મેરી ઉજળી સપ મારી ગઇ, તેણી ઉભી થઇ મુજવા લાગી "બોબી!"

"હા, મમા, એ પૈસા મારા બાપાનાં! મી. કારબોઇન ત્યાંની જાગીરો વગેરેમાં બાપાનો મિત્ર તેમજ લાગેો હતો. અને તેવણ મરણ પામતી વેળા એ આપણને આપવાની અરજ કીધી હતી. જેમ મી. કારબોઇને કર્યું. એમ જણાય છે કે જો તમે જાણો કે એ તેવણ તરફથી આવેલા પૈસા છે, તો તમારે માટે કે મારે માટે કબુલ કરો નહિ તેમ તેવણ ધરતા હતા."

"એમ-એમ-તેવણે ધાર્યું?" નાયારીયો હાથ ઉંચા કરી જાણે હાથ પર હાથ મારતી હોય તેમ અફસોસ કરતી બોલી-"પણ કાંય?-કાંય?-"

"હું ધારૂંછ કે તમે તેવણ ઉપર-મારા બાપા ઉપર ઘણાજ ખફા થયલા હતાં એમ તેવણ ધારતા હોવા જોઇએ!" તે દેખીતી સખતાઇને તુંદાઇથી બોલનો હતો. "તમે શા માટે છૂટાં પડયાં? શા માટે લડયાં? શા માટે તમે પાછા નહિ મળ્યાં? એમાં કોણનો વાંક હતો-એ સઘળું મેં આજ વેર તમોને પૂછ્યુંજ નથી!"

"તેમાં તારા બાપનો વાંક નથી; હું હમેશા તને એમ કહેતી આવેલી છું, બોબી!"

"હા તે તો ખરૂં; અને મેં કદી મારો હપકો આપ્યો બી નથી; હું-"

"નહિ. તમે હમેશાં મને હપકો આપતા આવેલા છો, દીકરા." મેરી નરમાસથી બોલી.

"હું એમ નથી કહેતો. પણ, જો બાપાનો કસુર પણ હોય, તો પણ તેના પ્રાયશ્ચિત તરીકે તેવણે પોતાથી બનતું કીધું છે. કદાચ એ રીતે છૂટું પડવું અવશ્યનું હશે. અલબત્ત બે જણા એકઠાં ઉલટાં-કજોડાં-જુદાં જુદા દરજ્જાનાં પરણે ત્યારે-" તેનો ચહેરો ઉપર ઉપલું બોલતાં લોહી ધાઇ આવ્યું. એક પળની ચુપકીદી પછી મેરી ઉઠીને તેની પાસે ગઇ અને બોલીઃ-

"હું વેપારીની દીકરી છું, રોબર્ટ, મોટાં બાનદાનની હોવાનો મેં કોઇ દિને દાવો નથી કીધો. મને બે વાર મળી તે આગબજનું સ્ટેલાએ તે જાણ્યું હતું એની મારી બાની છે. જો તું બાનદાની ગ્રહસ્થ હોય તો તે લોહી તારા બાપનાં તરફનું છે,-આપણે બને એ વાત જાણે છીયે. નહીં? તારા બાપને કોઇ રીતનો હપકો આપતો ના. યાદ રાખજે કે મારી ઘણી નહાની ઉમ્મર હતી, બલકે તારો જનમ થયો તે વેળા મેં વીસ વર્ષ પણ પુરાં નહિ કીધાં હતાં! તે ઉમ્મર તારી સ્ટેલા કરતાં ઘણી નહાની હતી, યાદ રાખશોની? હવે તું પરણશો, અને આપણે છુટાં પડવાનાં! હા; હમેશાં એમજ બને છે અને મારો દીકરો મને આગળ ચાહતો હતો તેવો હવે નહિ ચાહતો. એવું મને લાગે તે મને ગમતું નથી." પોતાનાં બેટાને છાતીએ લગાડયો. અને રોબર્ટે પોતાની આંખમાં

આંસુ જોવાને બદલે ખુશી જોઇ ખુશી થી થયો ને લગાર ગુંચવણમાં પણ પડયો. પછી પાછું મેરીએ બોલવા માંડયું. "તેં તારા બાપ વિષે આ કહ્યું તે સાંભળીને ઘણી ખુશી થઇ. હું ધારતી હતી તેમ મરણની વેળાએ કોઇને કોઇ હતું, મરતી વખતે તે નિર્ધન અવસ્થામાં કે એકલો નહિ હતો એ જાણીને હું વધારે ખુશી થઇ, કદાચ તું ધારતો હોય તેનાં કરતાં વધુ મેં તેને યાદ કર્યો હશે–દીકરા તું હવે પૈસાદાર થયોછ, સ્ટેલાને એ વાત તેં કહી ?"

"હજી મેં કહી નથી મમા! તક મળી નથી; તક મળતાં હું કહીશ, અને–" એમ બોલતાં અટકી ગયો. તેવામાં ગાડીનો અવાજ આવ્યો અને બારણું જોરથી ઠોકાયું. 'એ કોણ હશે ?"

"સ્ટેલાનો અવાજ આવેછ !" અને હતું બી તેમજ હતું. ઉંચી, ગોરી, સોહામણી આશરે ચોવીસેક વર્ષની છોડી હતી. સરસ શોભીતાં ઘેરા લીલા પોષાકમાં સજ્જ થયેલી રોબર્ટની પેઠે એ પણ દેખાવે મોટી ઉમ્મરની લાગતી હતી તેનાં સુંદર સોનેરી બાલનાં ગુચ્છા તેની ગરદન ઉપર લટકતા હતા, કારીગરીવાળી ટિપ્પી હતી. એનો પોષાક પણ તેવોજ ટિપ્પી હતો, હમેશાં તે બીજીઓનાં કરતાં જુદીજ રીતે પહેરતી હતી; તેનો કંઠ ઘુઘરા જેવો જોશવાળો હતો, તેની ચળકતી જાડુ આંખ ઠંડી અને સખત હતી. મેરીને જોતાંજ, આનંદનાં ઉદ્‌ગાર સાથે સામે આવી અને વાંકી વળીને પોતાની સાસુ આગળ ચુંબન માટે મોંઢ ધર્યું.

"બાં તમોને મળવાની આશા નહિ રાખી હતી મિસીસ સીલવેસ્ટર! રોબર્ટ, કેવું ખુશી થવા જોગ કે તમો બાં મળી આવ્યા. તમે ઘરમાં નહિ મળશો એવી બીક હતી. કહેજો, કેવી સુસાન સીક છે ! દોસ્તગીરીની પાન છે ! તેથી બોલી."

"તારાં ધર્મ માતા બીમાર છે ?" મેરી બોલી.

"એમ કહેછ તો ખરાં ! હું ધારૂંછ કે સહેજ સાજ હશે. એએ કંઇક હકીકત છે કે, હું ધારૂંછ કે તેવણે બામખા એવો ટોંગ કીધોછ. એ કલાક ઉપર તેવણની નોકરે ટેલીફોનથી ખમાને જણાવ્યું કે તેમની તબ્યત બિગડી છે માટે આવી જાઓ. માયજી ગયાં? કહેજો તેવણનું રાબેતાનું દરદ ઉતર્યું છ...ઉભર્યું છ; તેથી ડોકટરે બહાર નિકળવા ના કહ્યાને લીધે કાલે એવણ ચર્ચમાં આવનાર નથી. વળી અધુરામાં પુરૂં ખમાએ હમણાંજ ખબર આપી કે તેવણ આપણ બનેને મળવા માંગેછ."

"આજે રાતે તો નહિ કેની, સ્ટેલા ?"

"આવતી કાલે આપણે જઇયે તે આગમજ મળવા કહેછ. તેવણ જાણેછ કે ચર્ચમાં જવા પછી તો વખત નથી મળવાનો પણ તેમ કરવા ઉતાવળ ઘણી કરવી પડશે, અને મને ઉતાવળ થાય તે ગમતું નથી. તેથી મેં હવણાં કહાવ્યું કે જો તમે હમણાં ઘરે મળી જશો. તો આજેજ આવીશું. એમ કરી તુરત ગાડી મંગાવી." હવાં તેનો ઉશકેરાટ નરમ પડી ગયો. તે હમેશાંની શાન્ત, ઠંડી, ને સ્વસ્થ સ્વભાવની હતી અને કોઇ જવાર આમ ઉશ્કેરાઇ જતી હતી. "અસલમાં આપણને જવું તો પડશે, રોબર્ટ; ખરૂં કેની મિસીસ સીલવેસ્ટર, તેવણને ગોસ્સે કરવામાં સાર નથી કેની ?"

"ઘચિત નહિ દીકરા; વળી તેવણનું દિલ દુઃખાય તે જૂદું." મેરી નરમાસથી બોલી.

"હાજતો—અલબત." સ્ટેલા હસીને બોલી." મમા બોલ્યાં કે લગનનાં સેવાસમાં સજ્જ થયેલી તેવણ મને જોવા માગેછ. ગમે તે થાય પણ હું તે દિવસ વગર આગળથી તે કપડાં પહેરૂંજ નહિ. હું તેમ કરવું બુરૂં સમજું છું. હું ધારૂંછ કે કંઇ બીજીની જેટ તેવણ મને આપનાર હશે. પેલું રૂપાંદાન આપેલું કંઇ ઓછું નહિ ગણાય ! એવણ આટલાં પૈસાદાર ને વળી માનાં ધર્મ–ભ્રાતા થયલા અરે ! મીસીસ સિલવેસ્ટર તમારી આટી સરસ જોડ માટે મેં તમારો પુરતો ઉપકાર નથી માન્યો ?

તમે શી રીતે એટલી ધીરજ રાખી મેહેનત લીધી હશે! આજનાં વખતમાં કોઇ એટલી મેહેનત હરતકામ પાછળ લેતું નથી. હું રોબર્ટને આ રીતે લઇ જઉંછ તે માટે મને દરગુજર કરશોની? લેડી સુસાનને મળી રહેતાં વાર હું એવણને પાછાં તમારી આગળ મોકલી આપસ. ઘણું તો એક-કે દોઢ કલાક લાગશે. ઝાઝું દુર જવાનું નથી. અને તમોને કંઇ ઉતાવળ નહિ હશે. કંઈ ચોપડી લઈ વાંચવામાં રોકાશો કેની? મહેરબાની, અને હમે હું ને મમા મોડેથી હયાં આવી ચઢીયે તો તમે અજબ ના થશો. રોબંગરમ રાતને વખત કેવો લાગેછ તે એવણ જોવા માંગેછ. તેવણે દીવસનાંજ જોયો છે. અને કદાચ કાલ અગાઉ આપણે નહિબી મળેબી તો માફ કરશોજી—બોબ, તૈયાર કે?"

પાછો ફ્રીસને માટે હુંડો ગાલ આપ્યો અને ઝપાટાબંધ પોતે ચાલી અને સાથે પોતાના ધણી ને પણ લેતી ગઇ. ખરેખર કાણુ ચલાવનારી તે સ્ત્રી હતી! મેરી હાંફતી, હાંફતી, ગાડીમાં બેઠને સોહામણાં ચહેરાઓને બેસીને જતાં જોતી ઉભી. એ બંને મોટી ઉમ્મરનાં લાગતાં હતાં.

"મારો ગરીબ બોબી, તેણી અંદર જતાં પટપટી! મારો ગરીબ દીકરો! અરે! એ લોક કંઇ સમજતાં નથી; એ બંને જણાં એટલાં હુશ્યાર છે તેમાં એ લોક મોટી ઉમ્મરનાં લાગતાં હશે. એ લોક જેટલી નાદાન ઉમ્મરનાં છે, તેવીજ સમજ અને અકકલનાં બી થાય તો કેવું સારું. ત્યારે જરાબી ખુશીનો ઉપયોગ કરી શકે!"

એક ચોપડી શોધી કાઢી સ્ટેલાએ કહ્યું હતું તેમ અને વાંચવામાં મન રોકવા લાગી—પણ નહિ સધળા પ્રયત્ન ફોકટ! પછી ચોપડી પાછી મેલી દઇ ઓરડાઓમાં સધળે ફરી ફરી જોવા લાગી. તે ઘર હમણાંજ ગોઠવામલું, અપટુડેટ રાખલલું અતિ સોહામણું હતું. નીચેના દીવાન ખાનામાં ઘડીયાળ વાગવાનો આવાજ સાંભળી તે હેઠળ ઉતરી આવી. "કલાક-દોઢ કલાક થયો બોબીને જવાને અંધારું થવા આવ્યું છે. પુરું અંધારું થવા આગમજ હું ઘરે જઉંતો સારું. કોઇ બાણસ કે ચાકરને કહેવા વગર હું બારણું ઉઘાડી ચાલી જવસ-સ્ટેશન પાસેજ છે! પણ અરે! જે કામને માટે બાસ ફેરો બાધો તે બટન ભેટ આપવા તે તો બાસ વિસરીજ ગઇ; અફસોસ એ બાણું લેવાનાં ઓરડામાં જ્યાં ટેબલ ઉપર બીજી ભેટો એકઠી કરી મુકેલી છે; ત્યાં મુકુંતો એના હાથમાં આવશે, કે એની લખવાની ટેબલ ઉપર મુકી જઉં!" એવો વિચાર કરતાં જમવાના ઓરડાની બહાર ઉભી રહી. તે બારણું ખુલ્લું હતું. અને તે બારણાં ઉપરનો પડદો પણ બસી ગયલો હતો. તેણીએ કશો આવાજ કર્યો નહતો આગળ જતાં બારણાં આગળજ તેણી ઠસકી ગઇ. એક ઉંચો આકાર બાંખાં અંધારામાં પેલી ટેબલ ઉપર વાંકો વાળેલો તેણીને દેખાયો. તેની બુબ સાંભળતાંજ તે ભડકયો. અજાયબી કે ડરથી તે લખવાનાં ઓરડા તરફ ધસ્યો ને બારણું ઉઘાડી ગેબ થયો—ત્યાંથી બીજે બારણે વાડીમાં ઉતરાતું હતું; મેરીએ પાછી ચીસ પાડી અને તે તરફ દોડી જતાં દાદર ઉપરથી ઉતરતાં તેનાં ભારી પગલાં સંભળાયાં. ઘણી ઉશ્કેરાએલી હોવાથી તેની પાછળ તે દોડી અને છેલ્લે પગથ્યેથી બબાં આગળથી તેનો હાથ બંને હાથો વડે મજબુત ધરી રાખ્યો.

"તમે ત્યાં શું કરતા હતા?" તેણે કાંઇ ઉત્તર વાળ્યો નહિ. પણ ધીમેથી પોતાનો હાથ છટકાવી લેવાને પ્રયત્ન કરવા લાગ્યો.

"તમો ચોરી કરતા હતા." તે હાંફતી હાંફતી અંધારામાં તેનો દાઢીવાળો ચહેરો જોતી બોલી "તમે ચોર છોઓ!"

"હું ચોર નથી, બાઇ અને હું કંઇ નુકશાન કરતો નહતો. હું ધારું. છે કે મહેરબાની કરી મને છુટો કરી જવા દો તો સારું."

" ચોર નહિ પણ મેં તમોને ટેબલ આગળ જોયા–મારા દીકરાનાં લગનની ભેટો મુકેલી છે ત્યાં હતા. તમોએ તેમાંથી કંઇ લીધું છ; વળી તમે વાડીની દેવાલ કુદાવીને આવેલા રહેવા જોઇએ. એમ કરી ઘરમાં ઘુસ્યા છ !"

" નહીં જ; હું તો દરવાજામાંથી આવ્યો, બાઇ અને તમોનું બારણું ઉઘાડી માંહે પેઠો. અલબત તેમ આવવામાં અને ઘર ફાડી અંદર ઘુસવામાં કંઇ ઝાઝો ફેર નથી. કંઇ લીધું કરી તમે કહોછ, પણ અંદર જઇને જોશો તો તમે બધું બરોબર જોશો. "

" જોવા જાઉ ? અને તમોને છટકી જવા દઉં ? પણ મારાથી તેમ થાય નહિ. તમોને ઘરની અંદર કામજ શું હતું ? અને તમે આ સઘળું ખરૂં નહિથી બોલતા હો તે કોણને ખબર ?" એમ બોલતાં કંઇક શુંચવણ કે કંઇક નિરાશાથી તેની ટીકવા લાગી. કોઇ રીતે તે તોછડો કે બે અદબ જણાતો નહતો કે કોઈ રીતે પાધેલો પણ દેખાતો નહતો, માત્ર ચાલી જવા માટે આતુર હતો. તે ચાહતે તો ઝટકો મારી હાથ છોડવી શકે તે.

" મારો દીકરો ક્યાં હતે તો બસ–અરે આ-યો–આયો બૉબી ! બૉબી !" એક પળવારમાં તેણે પોતાનો હાથ-જોરથી તો નહીં–પણ છોડાવી નહાઠો અને ઝાડીમાં ભરાઇ ગયો. અને મેરી ત્યાંથી પાછી ફરી સામે આવતાં પગલાં ભણી ધસી ગઈ અને પોતાના છોકરાને પકડયો.

" મમા !" તે અજબ થઇને ટીકતો બોલ્યો " શું છે મમી ? તમે મને બોલાવ્યો કે ?"

" હા. ચોર આયો હતો–ચોર ?" મેરી હાંફતી હાંફતી બોલી.

" ચોર ? ક્યાં છે ?" રોબર્ટે સવાલ કીધો. " જમવાના ઓરડામાં હતો. તારી બેટો મુકેલી છે તે ટેબલ પાસે ઉભો હતો. તે વાડીમાંથી જમવાના ઓરડામાં ગયો ને પાછળ દોડી જઇ તે દી ગયો તેજ રસ્તે

ઝાડીનો રસ્તો તેને દેખાડયો, કે રોબર્ટ તે તરફ ધસ્યો. તેને તેનો ઓળો દેખાયો તે પરથી તેને ગરદન આગળથી ધર્યો.

" ગજવામાં શું સેરવ્યું છ ? કંઇ નહીં ! એ સઘળી કહેવાની વાત ! શું જાણે જોઉં ? તે હાંથી તું છટકી જાય ? વાહ ! ઘણી સારી વાત ! હવે જુઓ, રસ્તા ઉપર એ કોન્સટેબલ છે, અને આ રહી પોલીસની સીસોડી ! તે લોકને તેડું. કે તું અંદર આવીને ગજવાં ખાલી કરીને બતાવે છ આવે છ ? ત્યારે તો ઘણું સારૂં એમ આવવાનું કબુલ કરવામાં ડહાપણ વાપર્યું છ. મમા ! તમે અંદર જાઓ ! હું એને લઈ આયોછ !"

જોવો બૉબીએ ઉતાવળે દોડી આવીને વિજળીકનું બટન દાબ્યું કે તેણે મેરીને આખે દીવે ધ્રુજતી લગભગ રડવા સરખી થઈ ગયલી જોઇ.

" દીકરા કદાચ એણે કંઇ લીધું નહિ હશે; એ એમ કહેતો હતો કે એણે કંઇ લીધું નથી." તે ધીમેથી કાલાવાલા કરવા લાગી.

" ને જો એણે કંઇ લીધું હોયતો એનાં ઉપર સખત દિલનો નાં થતો, બેટા. કદાચ લાચારીના માર્યાએ એવું કામ કર્યું હોય. કોણ જાણે, દીકરા એને જવાદે–છોડીદે !"

" મમા, મમી ડીયર તમે તો નવાઈ જેવી વાતો કરોછ. શું એક માણસ ઘરમાં ઘુસી આવે ને કિમતી ચીજો ઉઠાવી જાય; તેને આપણે છોડી દઇએ ? મારી ફરજ છે કે એનું પાંખડું પોલીસના હાથમાં આપવું. મહેરબાની કરીને તમે જાઓ. તમે ત્યાં રહેશો તો નકામાં ગભરાઇ જશો. અને જોવો હું ચંગ વગાડું કે તમે નોકરને કોન્સટેબલ ને તેડી લાવવા મોકલશો."

તે ઘણી આનાકાની બાદ તે ઓરડામાંથી ગઇ. તેણે બારણું દાંકયું–બીજાં બટન દાબ્યાં પોતાના કેદીને ટીકવા પડયો સૂર્ય નાં તાપથી જેવા ચહેરાનો આશરે પચાસેક વર્ષનો ખ્યો અને જુના રંગના બાલ

અને દાઢી વાળો તે હતો. તેણે માથા ઉપરથી ટોપી કાઢી ઓરડો ચોમેરથી ઝડપી અને આશ્ચર્ય ભરી નજર ફેંકી, બૉબીનો ચેહરો જોઇ ધીમેથી હસ્યો.

" હું ધારૂં છું, મી. સીલવેસ્ટર કે મારાં ગજવાં ઉથલાવી દેખાડવાની તજવીજ લેવાની જરૂર નહીં પડવાની, તે ધીમેથી બોલ્યો. " કે તમોને પોલીસને તેડવાની પણ અગત નહિ પડવાની. તમોએ ભૂલ કીધીછ તેમાં કંઇ તમારો કસુર હું કાઢતો નથી. હું લગાર મૂર્ખ બન્યો. આગલે બારણેથી બારણું ઠોકી તમોને મળવા માંગતે તે ઠીક પડતે, સાહેબ. "

તે એક ફલાંગે ટેબલ પાસે ગયો, ઝડપથી તે ઉપરથી તેણે કંઇ ઉચકયું અને રોબર્ટની સામે ધર્યું–એક પરણીતું–સીલ કરેલું પરણીતું હતું. રોબર્ટે ભવાં ચઢાવીને અને લગાર ગભરાઇને તે પરણીતું હાથમાં લીધું અને સરનામું વાંચવા લાગ્યો " પરણતાં જોડા માટે " ઉપર લખેલું વાંચ્યું–તે ફોડી ખોલ્યું–માંહેનું ખેંચી કાઢયું–એક હજાર પાઉન્ડનો તે ચેક હતો, તે ઉપરતી સહી જોઇ, અને સખત ચમકી લાલચોલ થઇ જઇ બોલી ઉઠયો.

" શું ? તમે–તમે—"

" મેં લખ્યું હાજી. મારા વગર કોઇ બીજાએ લખ્યું નથી. હું ચોરી કરવા નહિ આવેલો, પણ કંઇ પાછળ મુકી જવા આવેલો. "

" તમે મી. કારબોઇન–જેન કારબોઇન તમે ?

" હો, મારા દીકરા–તેજ હું ? "

" રોબર્ટે અજાણપણે પોતનાં હાથમાં પેલો ચેક ભરાવી નાંખ્યો અને તે ટેબલ ઉપર હાથમાંથી પડી ગયો તેનું ભાન તેને નહિ રહ્યું. અવિશ્વાસુ આંખોએ તે આસામીનો ચહેરો તેનો જુનો પુરાનો ફ્રેસ તથા સામળા ભારી ગયેલા હાથ ને ચહેરો તે નિરખવા લાગો. માથાથી પગ લગી મેલો ઘેલો કામ કરનારા જેવો તે હતો. મી૦ કારબોઇન જોતાંજ તેને અજાયબીનો સખત આંચકો લાગ્યો.

" હું એમ ધારતો હતો કે તમે મારા બાપાના મિત્ર છો–હતા. તેવણનાં ભાગમા હતા એવું મેં સાંભળ્યું હતું. કદાચ તમે તેવણનાં નોકર હશો ! તમે બેસતા કાં નહિ ? "

તે તોતરો થઈ શરમથી ઝંખવાનો પડી ગયો. પોતાની મૂર્ખાઇ ભરી ઉતાવળમાં નહિ કહેવાનું કહી દીધું અને નહિ બોલવાનુ બોલી દીધું તેથી તેને શરમ લાગી પણ તે કસુર સામા આસામીનો હતો કે તેણે પોતાની પિછાનત આપી નહિ.

" નહિ કાંઇ નહીં હું ક્યાં ઉભો રહીશ. " તે ધીમેથી બોલ્યો અને અચકી ઉભો " હું ધારૂંછ, મી. સીલવેસ્ટર તમોને તાજુબ લાગેછ કે મારા જેવો માણસ તમારા બાપ સાથે મિત્રતાઇ કેમ રાખે–શી રીતે મિત્રો થઇ શકે ? "

" નહિજી; નહીં. હું એમ નથી કહેતો. એમ તદન સમજતાનાં. હું એટલું તો અચ્છી રીતે સમજી શકું છું કે ઘણીવાર બે જુદા–જુદા વર્ગનાં લોકોમાં એવી મિત્રાચારી અને એવો પ્યાર બંધાવાનો સંભવ હોય છે, તેમજ તમારી બાબતમાં પણ થયું હશે હું કાંઇક અજાણ થયો હોઉં તો તે એટલાંજ ખાતર કે-"

" તમે એમ ધારતા હતા કે હું પણ તમારા બાપાનાં જેવો ખાનદાની ગ્રહસ્થ હોઇશ–અને વળી હું તેવો પૈસાદાર પણ હોઇશ–એમ કે ? "

" હા–ઉચિત એમજ હું ધારતો હતો. "

' એ તમારી ભૂલ હતી, સાબ ! પેહેલ્લી ભૂલ જેવીજ મોટી ભૂલ એ પણ હતી હું ગરીબ છું અને તેવીજ સ્થિતિમાં હું મરવાનો બી ! હું ઘરડો થતો ચાલ્યોછ અને સહેલાઇથી પૈસા પેદા કરીશ તેમાંનો નથી. "

" એ સાંભળીને હું ઘણો દિલગીર છું. ભવિષ્યમાં તમારો ચઢતો દહાડો થાય એવું હું ઇચ્છું છું ! "

રોબર્ટનું ભેજું ધીમે ધીમે ઠેકાણે આવતું જતું હતું. પોતાની ખબલત દુર થઈ હવે તે ઉશ-કેરાટમાં પડયો. સ્ટેલા આવી લાગે તે આગમજ શી રીતે એ માણસથી છૂટવું–તેના વમાસણમાં તે પડયો.

"મહેરબાની કરી એક ઘડી બેસો. મારે હજી તો તમારો આભાર માનવાનો છે–તમારે ભરસે, તમારા ઇતિબાર ઉપર મારા બાવા સોંપી ગયલા તે ફરજ કેવી ઇમાનદારીથી તમોએ બજાવી તે માટે તમારો અત્યંત આભાર માનું છું. મારી હાલતમાં જે મોટો સુધારો થયો તે તો આજેજ સહવારે વકીલોની મારફતે મારી જાણમાં આવ્યો છે. કાગળથી તમારો આભાર માનવાની હું પહેલી તક લેતેજ, પણ આ મોહડે મોહડું ઉપકાર માનવાની તક મળી તેથી હું ઘણો ખુશી થયો છું. હું તમોને બાત્રીથી કહું છું કે મને પોતાને તમારો ઘણો આભારી લેખું છું"

"હું બારું છું. કે તમારી કેવી લાગણી મારા તરફ છે તે હું જાણું છું." તે ધીમેથી પોતાની ટોપી સાથે રમતો રમતો બોલ્યો. "હું શા માટે એમ આવ્યો તેનો બોલાસો લાંબો જવા આગમજ હું કરવા ચાહું છું. ઘણા લાંબા વખતથી તમારા બાબમાં હું ગુંચવાયા કરતો હતો; ને તમે પરણો છો એમ સાંભળતાં મારી બાદ લેખે તમોને કાંઇ આપવાનો ઠરાવ રાખવો હતો. પણ તમોને કઇ વસ્તુ ઘણી ગમે અથવા તે જુવાન બાનુના ટેરાને રૂચે તેવું શું લેવું તે હું સમજી શકયો નહિ તેથી મેં બાર્યું કે એક 'ચેક' આપું તો સારૂ કે જેથી તમારે મનગમતું તમે લઇ શકશો અને—"

"અરે હા. પેલો ચેક—" તે છોકરો બોલી ઉઠયો અને મનસે વિચાર કરવા લાગ્યો કે હું કેમ એમાંથી છુટું, "મારા મહેરબાન સાહેબ, તમારી મહેરબાની માટે ઘણા. ઘણાજ આભાર સાથે મને કહેવાની રજા આપશો કે એ ચેકની કાંઇ જરૂર નથી. નહિ, મિસ ફાઉન્ટન કે ના હું એ તમારી મહેરબાની કબુલ કરી શકવાનાં."

તે બાહારની ગડબડ સાંભળવા લાગ્યો. ગાડીનાં પૈડાંનો અવાજ અને પછી સ્ટેલાનો ખુબલો સાદ સંભળાબ્યો. તે બારણાં બણી ફર્યો. "ઘણો દિલગીર છું કે તમોને છોડીને મારે જવું પડે છેજી. બાજુએ ટેબલ ઉપર દારૂ છેજી. મેહેરબાની કરીને તમો થોડો લેવો! તમારી તંદરોસ્તીની સલામતી લેતાં હું ખરેખર ઘણો ખુશી થઇશ. અને એટલું તો મેહેરબાની કરીને યાદ રાખજો કે હું પેલો ચેક લેનાર નથી."

એમ કહી તે ઓરડો છોડી ગયો અને મી. કારબોઇનિ તેની પાછળ ટીકતો રહયો.

"હું બારૂંછ કે મોહટી–ઘણી મોટી ભૂલ કીધીછ" આસપાસથી વખાણની આંખોએ ઓ-રડો તપાસવા લાગ્યો. 'આ ઘર તો ઘણુંજ સરસ છે, અને છોકરો પણ ઘણો મઝાનો છે. અને ઘણી સારી હાલત ભોગવશે એમાં કંઇ શક નથી.....; ઠીક છે. હું જતો રહું. એને જેટલી મારી ગરજ નથી, તેટલી એની બી મને ગરજ નથી" એમ કહેતાં પેલો ચુંથાઇ પડેલો 'ચેક' ગજવામાં સેરવ્યો અને લખવાનાં ઓરડાં તરફ ચાલ્યો ત્યાં મેરીને ઉભેલી જોઇ ઉભો રહી ગયો. મેરી તેને જોતાં જ વાર એક છોકરીની પેઠે બને હાથ લાંબા કરી અજબ રીતે દોડી આવી પછી પોતા-ની છાતી ઉપર તેના હાથ બેંચી લીધા. અને ઉછળતી આંખ અને ઉછળતી છાતીએ બોલી.

'હું બધું સાંભળતી હતી–મને એવી દેહવ્યત લાગી કે રખેને તે–જે તમોને કહેતાં સાંભળ્યા કે તમે મી. કારબોઇનિ છો–ઓહ, હું ઘણી દિલગીર–ઘણીજ દિલગીર અને ઘણીજ શરમિંદી છું, પણ એ ગરીબ છોક-રાનાં મનમાં કંઇ નથી! એતો હજી નાદાન છે. ફકત પેપો અને મેં એને લાડ કરાવી બિગાડયોછ એ મારો કસુર–મારો પાંક છે. તમે બધા તો નથી થયા?'

"ખફા થવા જેવું કંઈ હું જોતો નથી, બાઇ"

"પણ તમોને કારણ છે, ખફા થવા જેવુંજ બન્યું." મેરી બોલી. તે તેણીનો ચહેરો જોતો નહિ હતો પણ મેરી તો ધ્રુજતી કાંપતી આતુર ભરી નજરથી તેનાં ચહેરા તરફ જોતી હતી.

"એ જાણતો નથી—સમજતો નથી તેથી તમે જઓછ ?"

"મારે બોલવાનું કશું કારણ નથી—મેહેરબાની, બાઇ, સાહેબજી"

"સાહેબજી !" તેણીએ તેને બારણું લગી જતાં જોયો.

"જોન !" તેણીએ નિરાશાથી કહ્યું. તે મોંહ ફાડી પાછળ ફર્યો. "જોન, તમે એમ કહેવા માંગોછ કે તમે મને નથી ઓળખતા તમારી વાઈફને તમે ઓળખતા નથી ?"

"મેરી !" તે એક ફલાંગે ધસી આવી, એક બચ્ચાંની પેઠે તેણીને પોતાની ગોદમાં ઉઠાવી લેતાં બોલ્યો. 'મારા જન' મને તેં ઓળખ્યો?"

"તમોને નહિ ઓળખું ?" તેણી તેનાં ગળાં અતરાફ પોતાનાં નાજુક હાથ લપેટતી બોલી "ત્યાં બાહાર અંધારામાં તો મેં નહિ ઓળખ્યા. પણ તમે અજવાળામાં આવ્યા અને તમારો સ્હાદ મેં સાંભળ્યો—અરે ! તમે તમારૂં નામ બદલી નાંખ્યો, તમારી ઉજળી દાઢીને ઉજલા બાલ અત્યારથીજ થવા માંડયાછ !—ગમે તેટલા તેઓને છુપાવો, તમારી હસતી છુપાવો—પણ મારી આંખોથી કે મારાં હૃદયથી તમે છુપાઇ નથી શકવાના-મારા જન. મારા જન, મારા વ્હાલાં પતિ તમે મારાથી નથી છુપવાનાં ! પાછા તમે ચાલી જતા હતા—પણ પાછા મને છોડી ચાલતી પકડતા હતા ? મારી જાની વયમાં તમે ગુજર પામ્યા કરી સાંભળતાં હું મરી જતી જતી બચી હતી, જીગર !'

"નહિ—નહિ; હવે નહિ હવે કોઇ દહાડોએ તુને છોડી જાઉં નહિ. મારી વ્હાલી મીઠી ! ઓહ મારા પ્યાર, તારા વગર કોઇ નાહ હતું. તારી જગ્યા કોઇએ લીધીજ નથી પ્યાર"

તે સ્ત્રીને તે કદાવર મર્દે પોતાનાં બાથમાં લઈ, છાતીસે લગાડી દબડી નાંખી. તેઓ આંસુની ભીની આંખ્યો સાથે અને હચકાં ખાંતાં એક બીજાને પ્રેમથી વળગી પડી ફાસ લેવા લાગ્યાં. એવામાં રેશમી ગવનનો અવાજ અને મોટે વાત કરવાનો અવાજ તેમને કાને પડયો. સ્ટેલા અને તેની મા દેવાનખાનાંમાંથી બહારવાળા ઓરડામાં જતાં હતાં. તુરત એ લોક છૂટાં પડી ગયાં. અને પેલો ગૃહસ્થ મેરીનાં સુનેરી રેશમી બાળ સભા કરતો પસવારતો બોલ્યો.

"હું ચાલી ગયો—તને છોડી ગયો તે વેળા હું કેવી આફતમાં હતો તેની યાદ છે—મેરી ? હું ફિકર અને અફસોસમાં હતો તે વાતતો તને મેં કહેલી મારી વાહલી; પણ કેવા પ્રકારની તે ફિકર હતી તેતું જાણતી નથી. હું તે તારી આગળ કહેવા આગમજ મારી જીભ કાપી નાંખું. હું નાદાન બન્યો એટલુંજ નહિ જોખમમાં પડવા જેવી વાત થઈ ગઈ હતી."

"અરે જોન !

"હા—જેસી!" તે મક્કમપણે બોલ્યો "મારી સંગતનાં લોકોની સાથે સાથે હું બાડામાં" પડયો—પણ કાંઇ નહિ, તે છોડી દેઓ ! જો તારા બાવા મને મદદ કરતે તો હું છટકી જતે, બધો બંદોબસ્ત કરી શકતે, અને વખત સુધારી નાખતે. ડીક, પણ તેવણે ના પાડયું. તેવણે તારી સાથે પરણવાનો મારો ચાંક મને માફ કર્યોજ નહિ, એવું મને લાગેછ અને તેમાં અજાયબ જેવું પણ કાંઇ નથી. ગમે તે પણ હું તેનાં કામદારોમાંનો એક કામદાર અને તું આવી ખુબસુરત ને શ્રીમંત! પણ આજનાં કરતાં કંઇક તે વેળા તું વધુ ખુબસુરત નહિ હતી—જો જરાકથી વધુ નહિ—! હું ધારૂં

છ કે તેવણ જે બોલ્યા તેને લાયકનો હું હતો. એવણ કરતાં વધુ પ્રમાણિક કે વધુ ભલા અને ટેકવાળા આખા ઈંગ્લાંડમાં કોઇ નહિ હતું. જ્યારે સાંભળ્યું કે હું કેદમાં પડયો અને લાંબી ટેપ મારવામાં આવનાર છે ત્યારે તેવણ મારી આગળ આવ્યા. તેમણે મને કહ્યું કે મારી હાલની વાત તારાથી છૂપી રાખી છે અને હમેશાં છૂપી રાખશે. તમોને જાણવા નહિ દેશે અને તારી અને તારાં બચ્ચાંની સંભાળ પાલણ પોષણ તેવણ જોઇ લેશે જે હું સોગંદ લઉં કે તારી આગળ આવીને હું તેવણની આબરૂને કદી કલંક નહિ લગાડવાની કબુલાત આપું વ્હાલી મારી પ્રાના બરાબર થઇ ચુકી હતી હું જાણતો હતો કે હવે મારો દીવસ કશો રહયો નહતો ત્યારે, હું કબુલ થયો અને મેં પેલું કાગળ તુને લખ્યું.

" હા—પેલું કાગળ—કાગળ હયાં મેરીએ પોતાનાં ઉરજ ઉપર હાથ મેલી જાણે ત્યાંનો મોટો ઘા પાછો ફાટો હોય તેમ કણવા લાગી.

' હા તે નહસ્ત કાગળ મેં લખ્યો કે હું કદિ તુને જોવા કે મળવા આવનાર નથી. જાણે મેં તને તજ દીધી હોય અને કોઇ બીજાનાં પ્યારમાં પડયો એવું તુને સમજ પડે તેવું કાગળ મેં લખ્યું! બીજી! ઓ બોલ—" પાછો તે તેણીનાં બાલ પસવારવા લાગ્યો " તુને તજુ—તુને બૂલું આ મારા જનને છોડી બીજાનાં પાસામાં જાઉં ! મારી ટેપ પૂરી થઇ ત્યાંથી છુટી હું બદાર ગામ ગયો. અને પછીથી મેં તને બબર મોકલી કે હું મરણ પામ્યો હતો. તારી જીંદગી મેં બી ગારી લેનો બદલો વાળવા માટે એટલી જરૂર જ બાઇ ઉરાજના કમાનો થવા પછી જે બને—બને તે પેસાં તને પોંહોંચવા કરવાનો મેં વિચાર કીધો. તારા બાપની રોકેલી થાપણમાંથી આ પોંહોંચ થાય છે એમ વકીલોને મેં બોલું સમજાવ્યું. જેથી તે પેસા મોકલવાનું સબળ પડે. મને બબર બળા-ચુકી હતી કે તારા બાપને મોટી બોટ ગઇ હતી અને ગરીબ સ્થિતિમાં તેવણ મરણ પામ્યા હતા. પણ મેં તેવણને કબુલાત આપી હતી, અને નહિ પણ આપી હને તો પણ હું આવતે નહિ, કાંકે મને એવોજ બ્યાલ હતો કે તું પણ મને માફ નથી કરવાની ! "

" હું માફ નહિ કરું ? " તે આગળની પેઠે પાછી અફસોસ કરતી બોલી. ' હું તારી પરણેતર વ્હાલા, હું માફ નહિ કરું ! "

"પણ મેં એવુંજ ધાર્યું-નહિ તો હું જારે" ત્યારે તને આઘેથી જોઇને પાછો જતો હતો તેમ નહિ કરતે ! તું જાણતી નથી મેરી કેવી છુપાછુપ મને હું જોઇ જતો હતો જે વેળા તને મારો બ્યાલ પણ નહિ હતો. અને તું એકલી નહિ હતી છોકરાનો પણ મારે વિચાર કરવાનો હતો. "

" છોકરો ? " પાછું તેણીએ તેનું માથું પોતાની આગળ બેંચી કીસ લેતાં બોલી " તમે એમ ધાર્યું કે તમારી જગા તેણે લીધી ? નહીં—નહીં, કદિ નહીં, હા કોઇ કોઇ સ્ત્રીઓ એવી હોય છે. હું જાણું છું કે તેમની બચ્ચાંમાં તે દુન્યા સમાઇ ગયલી હોય છે; પણ હું તે જાતની નથી. તમે હમેશાં મને પોહોંચલા હતા, અને પહોંચાજ રહેતે. " તેણી હસતી ને રડતી બોલી. ' મારા ગરીબ બોબીનું મારા ઉપર હેત છે બરૂં પણ જરા—તે જાણતો નથી, તે સમજતો નથી. મારા બોળા ઉપરથી ઉતરી પડે એવડો મોટો થયો તે દીવસથી તેને કંચકીને બોળામાં બેસાડું તોજ બેસતો. પોતાની ખુશીથી કોઇ દિવસે બેસવા માંગ્યું નથી. પણ તમારી સાથે હમણાં આવી રીતે વાતો કીધી તેમાં મારો બાંક હતો—બધો મારો બાંક તે નહાનો હતો ત્યારે તેની આગળ તમારા વિષે વાત કરવાની ટેવ હતી—તેને કોઇ બીજી વાત બેવી ગમે નહિ તે મોટો થયા પછી મને બત્માવ્યું કે તેનાં મનમાં બેવીજ બાંતી છે કે તમે કોઇ બ નહાની મહસ્ત હતા તેવાજ બ્યાલમાં તેને મેં રહેવા દીધો.

તમારા ઉપર એટલો ભગરૂર રહે તે મને પસંદ હતું. જેટલો તમારા ઉપર તેનું દિલ અને પ્યાર તેટલો મારી ઉપર નહિ; હમેશાં તે તમોને વધુ ચાહતો–હું કંઇ તેની ખાનદાની બાનુ નહિ હતી તેથી એ વાત તેને યાદ કરવા ગમતી ન હતી. એ કદાચ સ્વભાવિક હશે. તે પોતે આવો હુસ્યાર અને ગ્રહસ્થ!" તેણી વાત કરતાં કરતાં એકા-એક અટકી ગઇ. તેની નરમ આંખોમાં કંઇ ભય પેદા થયો "આપણે તેને કહીશું ત્યારે–તે જાણશે ત્યારે–" તેણી તોતરાઇ.

"હા—તે જાણશે ત્યારે," સીલવેસ્ટર બોલ્યો, તેઓ બન્ને અરસપરસ ટીકતાં ઉભાં રહ્યાં. બંનેનાં ચહેરા ઉપર નિરાશા ફરી વળી. જાણે એકાએક તે છોકરો તેમને બંનેને છુટાં પાડવાને આડો આવી ઉભો હોય તેવું ભાસ્યું. તેઓ બોલ્યે તે આગમજ બારણું ઉઘડયું અને તે પોપો ઓરડામાં આવ્યો.

"મમા!" આવતાંને વાર તે જોરાવરબંધ બોલ્યો. અને જે ગભરાટની નજરે તે બન્ને ટીકવા લાગ્યો તે દેખાવ કાંઇક હસવા સરખો લાગતો હતો. મેરી ઝડપથી પોતાનાં ભરથારની વધુ નજદીક ગઇ અને તેણે પોતાનો હાથ જે તેણીની કમર અતરાફ વીંટાળેલો હતો તે વધુ ટાઇટ કીધો. પહેલો બોલનાર તેજ હતો. પોતાનાં બેટાની ક્રોધથી લાલ થયલી આંખો ઉપર આતુરપણે જોતાં તે બોલ્યોઃ—

"તમે એમ અજબ થઇ પાછળ હઠો તેમાં નવાઇ નથી, મારા છોકરા. તમોને દેખાઇતુ કારણ છે." તે ધીમેથી બોલ્યો–"જો મારૂં ચાલતે તો હું આ રીતે તમારો ભેદ નહિ બોલતે–પણ તમોને સમજ પડશે ત્યારે જાણશે કે તેથી કંઇ તફાવત નથી. હકીકત એમ છે કે અમે આગલાં અરસપરસ હેતથી ચાહનારાં છૈયે."

"શું મમા—એ ખરી વાત?" પેલા છોકરાએ કઠોર સ્વરે સવાલ કર્યો.

"હા, મારા વ્હાલા દીકરા." એમ બોલતી તે તેનાં તરફ જતી હતી, પણ તેની આંખનાં ઝેર-થી થંથરી હઠી અને પોતાનાં ધણીનાં હાથને વળગી ઉભી. "ઘણાં-ઘણાં વર્ષો અગાઉનાં; બોબી તમારા જન્મ અગાઉનાં એવાં હેતથી હમે લોક ગંહાયલાં છીએ."

"મારા જન્મ અગાઉ? એટલે તમો પર-ણ્યાં તે આગમજનાં? તમો એ માણસને ચાહતાં હતા? અને તે તમોને ચાહતો હતો? તમારી બોલવાની એવી મતલબ કે?"

"હા. હમેશાં–હમેશાં–ઘણાં ઘણાંજ હેતથી ચાહતાં રહ્યાં. પણ તું સમજતો નથી, બોબી–જો સાંભળ." એમ કહેતી ખભાં આગળથી તેનો હાથ ધર્યો, પણ તેણે તે હાથ ઝટકી નાંખ્યો.

"નથી સમજતો? પણ હું તો સમજું છું! કંઇક બોલાસેવાર સમજું છું!" ઠપકો દેતા કર-ડા ચહેરા સાથે, જે ચહેરો હવે ઉજળો મારી ગયો હતો તે ચહેરા સાથે પાછળ હઠ્યો, અને કડવાસથી બોલ્યોઃ—

"હું હમેશાં મનથી અજબ થતો હતો કે મારા બાપા તમોને શું કરવા છોડી ગયા, અને તેવણને તમે ઠપકો આપવા નહિ દેતાં હતાં તેનું શું કારણ હશે? એ તેનું કારણ હતું. તેવણને જણાઇ આવ્યું કે તમોને તેવણનાં ઉપર કંઇજ ભાવ કે આસ્થા નથી–કે તમોએ તમારૂં છોગર આ માણસને આપી દીધું હતું–તમારા જેવાજ હલકા વર્ગના આસામીને" એમ બોલતાં પાછો તેનો ચહેરો શરમનો માર્યો લાલ થઇ ગયો." હું ધારૂં છું કે એમ બોલવા માટે હું ખરેખરો હલકો અને નીચ હોઇશ–મને માફ કરજો. પણ વાત તો ખરી!"–પાછો બીજો કોઇ વિચાર ધાઇ આવતાં તે ધિક્કારથી જોતાં બોલ્યો–"પણ આ બધા પૈસા? આ બધાં વર્ષ પૈસા આવ્યા કીધા તે એ માણસનાં હતા?–અને તમારે ખાતર તેનાં તરફથી આવતા હતા? મારા બાપ-

ની તરફનાં બીલકુલ નહિ ? જો એમ હોય તો હું એક પાઈને પણ અડનાર નથી–કદી નહિ ! મમા, ખરું બોલો ! હું જાણવા માંગુછ. મને જાણવાનો હક છે ! તમોએ બંને જણે તમારા વચ્ચે મને મૂર્ખ બનાવ્યો, ઠગ્યો અને આખો વખત મને વહાલું સમજાવતાં રહ્યાં ?" એમ બોલતાં એનો સાદ ગુંગલાયો–ને ડુસકે ડુસકે રડી પડયો. શરમ અને દુઃખ બંનેની મિશ્ર લાગણી આ રીતે ખુલ્લી પડી. એક પળવારમાં સીલવેસ્ટર તેની આગળ જઈ ઉભો અને પોતાના જોરાવર હાથ તેનાં ખભાં ઉપર મેલ્યો. અને બંનેની આંખો જે આકારમાં અને રંગમાં એક હતી–આબેહુબ જોડી હતી–પણ એકમાં ક્રોધ અને બીજામાં હેત વ્યાપી રહ્યાં હતાં–તે બંને એક બીજાને ટીકવા લાગી. બાપે શાંતીથી કહ્યું:—

"જો મારા દીકરા, હું વીસ વર્ષ થયાં મરણ પામ્યો હતો. તમોને આવા વિચારો કરી દીલ બાળવાનો કાંઇ સબબ નથી. દસેક મીનીટ પર તારાં મમાએ સર્વ કંઇ કહ્યું તેમાં નહિ તો હું વીસ વર્ષથી મુવેલોજ હતો. જે વેળા તારી માતા મને ઓળખતી હતી તે વેળા મારૂં નામ કારબોઇન નહિ હતું–તમે સમજ્યા ! બાકીની વાત પુરી તો, પૈસે પઇ તારા બાપની કમાઇની છે- તેણે ઘણું સબત વહિવું કરીને અને ઘણી આપદા ખમીને પેદા કરેલો અને એકઠો કરેલો તે પૈસો છે ! જો હું એમ કહું કે તે ઘણી વાર ભુખો રહ્યોછ, અને ઉઘાડે પગે ફર્યોછ–હા ઘણી આપદા ખમી એ પૈસો એકઠો કરેલો છે તો તે ખોટું નહિ. જોકે તે ભુખ્યો રહ્યો કે જંગલ ખમી તેની કંઈ ઝાઝી દરકાર તેને હતી નહિ. એટલુંજ તેને જોઇતું હતું કે તમે સુખ્યા થાઓ અને તમે મહત્વ થાઓ અને તમારી માતા પોતાનો બચપણ કરતાં સારો અને ચઢયાતો વખત ભોગવે એટલીજ તેની બાદેય હતી–અને તેની મુરાદ હતી. હું ત્યાંજ હતો અને હું જાણતો હતો, સમજ્યા !"

"તમે મારા બાપાને ઓળખતા–પીછાનતા હતા ? એ વાત ખરી ?"

"હા હું ઓળખતો હતો. હું ધારૂંછ કોઇ બીજું તારા બાપને એવી અચ્છી રીતે ઓળખે નહિ તેવો હું ઓળખતો હતો." સીલવેસ્ટરે જવાબ વાળ્યો. અને તેનો ઉતરી ગયેલો ઘેરાએલો ચહેરો અને નજર જેમાં જરીક પણ મેહેર કે નરમાસ આવી નહિ હતી તે જોતો થોભ્યો. પણ શાંતીથી બોલ્યો.

"શી રીતે તમો બંનેનો મેળાપ થયો તે સઘળું જાણવાની અગત્ય નથી. એક સ્ત્રી ઉપર તમો બંનેનું દીલ હોય તેઓ વચ્ચેની દોસ્તી તૂટે એ વાત ખરી છે, પણ હમેશાં દરેકનાં બાબમાં એવું બનતું નથી. કોઇ કોઇવાર એવી ઉલટું પણ બને છે. હવે તમારાં લગન થશે, મારા દીકરા ! ઠીક, તમે ને તમારી બાનુનું દિલ એક એક ઉપર હોય એક મેક ઉપર પ્રિતિ હોય તેવીજ પ્રિતિ અને તેવુંજ દિલ એકમેક ઉપર હમારૂં, તારાં મમાનું અને મારૂં છે. હમારા કરતાં વધુ હેતથી તમો ચાહી નહિ શકો. તમે સુખી થનાર છો એટલે હમોને સુખી થતાં તું અટકાવશે નહિ, અને તારો જીવ–"

"શું?" તે છોકરો ઝાંઝમાં આવી પોતાની માતા આગળ ધસીને ગયો અને બરાડ મારી—"મમા, તમે એવું કામ કરવા માગોછ. તમે, મારા બાવાનાં વિધવા ? તમે વિસરી જાઓછ કે જે બાઇ મારી સાથે પરણનાર છે તે એક બાનુ–બાનદાની છે ? અને મારા બાવા પણ બાનદાની અને મહત્વ હતા ? ઓ ખુદા ! તમોને મારી સ્થિતિની–મારી આબરૂની કશી દરકારજ નથી ! જો તમે આ બાજસ સાથે પરણવાનાં હોવો તો હમો એની વચ્ચે તમ પસંદ કરજો. એવું કે હું !"

"હું જાણું છું," મેરી બોલી તે પોતાનાં દીકરાનું મોંહ જોવા લાગી જેની રગે રગથી તે વાકેફ હતી—જેનાં રતીએ રતી સ્વભાવથી તે વાકેફ હતી; અને તેણીને તુરત લાગી આવ્યું કે તે સમજનાર છોકરો નહતો. તેને સમજ પાડવી ફોકટની હતી. તેણે પોતાનાં પતિનો હાથ ધર્યો—"હું જાણું છું—હું જાણું છું. હમે તુને અપમાન નહિ કરશું. બોબી હમે ચાલી જઇએછ. એક બે દિવસમાં હમે કર પડશું. હું કાલે તમારાં લગનમાં નહિ આવીશ. સાહેબજી, વ્હાલા દીકરા."

તેણે કંઇ જવાબ નહિ દીધો પણ બારણાં આગળ ઉભો રહી બંનેને ટીકવા લાગ્યો. જરીબી હમદર્દપણાંની કે કદરની લાગણી હતે તો તે ભેદ સમજી શકતે—પણ એવું કાંઇ હતું નહિ. ફકત તેની કીનેઆજ આંખોમાં ઝનુન અને ગભરાટ છવાઇ રહ્યા હતો. એટલામાં સ્ટેલાનો અવાજ કાને પડયો—

"રોબર્ટ—રોબર્ટ—" અવાજ આવ્યો

તુરત તે ક્રોધભરી નજર તે લોક ભણી ફેંકી બારણું બોલી ચાલી ગયો. તેનાં પગલાંનો સાદ સંભળાતો બંધ થયો ત્યાં લગી તે લોક હાલ્યા ચાલ્યા વગર ઉભાં રહ્યાં પછી. મેરી પોતાની ટોપીને કલોક લખવાનાં ઓરડામાંથી લઇને આવી. તેની આંખ આંસુથી ભીંજાયલી હતી, છતાં આંસુમાંથી પણ તે હર્ષથી ચળકતી હતી. તેણીનો મુખડો હસતો હતો અને ગાલ ઉપર રતાસ ચઢયો હતો. અરધા કલાક ઉપર જે માર્ગે બહાર જતાં મેરીએ સીલવેસટરને બને હાથે ધર્યોતો તેજ માર્ગે હવે તેઓ ઉતર્યા તે પછી સીલવેસ્ટર બોલ્યો.

'પેલા પૈસાતો પોર્યાને મળવા જોઇયે—મેરી. જો નહિ મળ્યા તો તે નિરાસ થશે. અને એ ઉપરાંત તેને એ ભેદ જણાવવો પડવાનોજ. બોડોક વખત આપણને ગરીબીમાં ગુજારવો પડશે, મારી કલેજી. પણ હું પેદા કરીશ—કમાઇથી, રીકર નાં કરતી."

તેણીએ કશો ઉત્તર નહિ:પાળ્યો, એ લોક બેકકનાં ઓરડાની બારી આગળથી બહારથી પાછલે રસ્તે આવ્યાં. પડદા ખુલ્લા હતા—બત્તિનો ઉજાસ બબૂકદાર હતો. બાંહેનાં લોક દેખાતાં હતાં—વહુ વાંકી વળી બેઠેલી હતી; તે અતિ સોહામણી લાગતી હતી તેની હંસ જેવી ગરદન ઉપર હીરા મોતીનો ગલપટો દીપતો હતો. અલબત્તાં લેડી સુસાન તેની પાલક માતાએ લગનની બેટમાં તે ઉભેરો કીધો હતો. તેની બા મીસીસ ફ્રાઉટન એક સોફટ ઉપર અલેટાયલી હતી, અને સ્ટેલા હારનાં નંગ તપાસવા પડી હતી તેટલાં તે ઓરડાનું બારણું ખુલ્યું અને ઘુખરાયલા ચહેરા સાથનો રોબર્ટ દાખલ થયો અને બોલ્યો

"હું દિલગીર છું, મીસીસ ફ્રાઉટન, પણ વાત એમ છે કે મારાં બાતા ચાલી ગયાંછ."

તેનો અવાજ મક્કમ હતો. એ શબ્દો મેરીને કાને પડતાં પોતાનાં ધણી ગરદન અતરાફ હાથની હાથ વિંટાળ્યા. અને રડતી-હસતી બોલી:—"મારો ગરીબ બોબી; અરે એ કેમ આપણે પેટે આવ્યો કેમ? આપણે ત્યાં જન્મ લીધો? તમારો ને મારો દીકરો થયો? ગરીબી—ગરીબી! આપણે સાથે હોઇએ એટલે ગરીબીની શું પરવા? અને આપણે—આપણે જુવાન—જબાન શકિત વાળાં છઇએ એટલે શું મુંજકો?" તેણી મધુરપણે હસતી બોલી અને બંનેએ ત્યાંથી ચાલતી પકડી.

ધુત!

એક નવા સવા પોલીસ કોન્સ્ટેબલે એ જુના ડામીનને ચોરી કરતાં પકડયો ને તેને ચાવડી પર લઇ ગયો. તે ચાવડીનાં પગથ્યાં તૂટેલાં હોવાથી તે સીપાઇ દાદાએ દયાથી કહયું,

'જરા સીઢી જોને જે નહિ તો માપશે!'

'ધુત!' તે ડામીજ તુચ્છકારથી બરાડયો. 'જા, જા, પોર્યા! મરધાં પકડ...મરધાં!! આ સીઢી તો તું જનમ્યો તે આગળનીજ હું જાણું છું!'

WOMAN.

(From my Diary.)

Your daugth r is extermely romantic & if she thinks that any thing unusual has happened neither you or I could prevent her from rushing into it. This is the cause of letting her read *Novels all day long* (*Vis. Edi.*)

Women never love so desperately as when they lavish their fondness upon an unworthy recipent. Crush them with some great wrong & their affection will spring up with renewed vigour like grass bruised beneath a roller. (*Shall I win her?*)

There are some things which woman find out by instinct just as the needle turns towards the magnet. Shut a girl up in a tower till she is eighteen years old & on the day of her release introduce her to the first man her eyes have ever looked upon & she will know at a glance whether he admires her. (*Phantom-Fortune*)

A woman's sorrow passes like a summer cloud but her vengeance endureth for ever. (*Mysteries of the Court of London*)

Women, even are cruel when they love. *The most gentle who would not* crush a worm stride recklessly over the heart aching for a word of kindness.

After marriage ceremony the husband kicks his wife violently so that she might learn obedience.

The husband boxes his wife violently on the ear.

(*Laws in Hungary & Karl'o*)

Injustice can goad her to revenge. When women's evil passions are once roused there is no atrocity they will shrink from perpetrating in order to gratify their revenge.

(*Sepoy's daughter*)

A woman is bound to love once in her life. Unless her marriage provides her with the romance dreamt of in her girlhood she is the most wretched the most unhappy of creatures. It is not her whom we should accuse but rather those absurd social customs which make of marriage a kind of business contract in which affection plays no part. The real guility once when such a misfortune does occur *are the parents who bartered their* child for a title or for money.

(*Village Priest*)

The man who sets his heart upon a woman is a chameleon & doth feed on air *From air, he takes his colours-holds* his life—changes with hope or green with jealousy or pallid with despair, just as the gale varies from North to South-from heat to cold! Oh woman, woman thou shouldst have few sins of thine on to answer for. Thou art the author of such a book follies in a man that it would need the tears of all the angles to blot the record on woman.

"A CURIOUS EPITAPH".

(A page from my diary.)

Here lies, in a horizontal position,
The outside case of
Tancrede Auguste, watchmaker,
Whose abilities in that line were an honour
To his profession.

Integrity was the mainspring
And prudence the regulator
Of all the actions of his life

Humane, Generous and liberal,
His hand never stopped
Till he had relived distress,
So nicely were all his actions regulated
That he never went wrong
Except when Set a going
By people
Who did not know his key,
Even then he was easily Set aright again

He had the art of desposing his time so well
That his hours glided away
In one continuel round
Of pleasure and delight,
Till an unlucky minute put a period
To his existence.

He departed his life November 14-1802
Aged 57,
Wound up
In hopes of being taken in hand
By his maker
And of being throughly cleaned and repaired
And set a going
In the world to come.

"Old Dutch Graveyard"
Boxed 13-4-17.

"A1."

કીસ્મતની કહાંણી.

યાને

રાણી માતાનો પ્યાર

(ઐતિહાસિક ચાલુ વાર્ત્તા.)

આગલાં પ્રકરણોનો ટુંકસાર.

ઈંગ્લાંડની રાણી મેરીનાં લગ્ન સ્પેનના ગાદી વારેસ ફીલીપની સાથે થયલાં છે. આ ફીલીપની પરણેતર આઈનેજ નામની હૈયાત છે પણ તેની સાથનાં લગ્ન હકદાર ગણ્યાનાં ન હોવાથી આઈનેજને ફીલીપ પોતાના હનુમાં લીઓનના પોપાકમાં ઈંગ્લાંડ લાવ્યો હતો ત્યાં તેણે મોટું ધ્યાન ખેંચ્યું હતું. ફીલીપે યુરોપમાં આવેલી એક બાદશાહી કબર જોવાને મગે ત્યાંના પાદરીને મારી નાંખી કબરમાંની દોલત લુંટી હતી તેમાં એક ચિઠ્ઠી જે લખાઈ હોવાથી ભૂત ભવિષ્યને વર્ત્તમાનના બનાવોનો દેખાવ આપતી હતી આ ચિઠ્ઠી આઈનેજના હાથમાં આવતાં તે દરેક દેખાવ જોય છે. તેમાં કબરનો રખેવાલ પાદરી કવેજ જે હાલતાં બોલે છે તે સાંભળતાં તેણી ધ્રુજે છે. પાછળથી ફીલીપના મદદગાર ડ્યુક ઓરસુનોને તે બાબે પૂછતાં તેણીની ખાતરી થાય છે. ફીલીપ મેરીની સાથે પોતાનો રાજ્યાભિષેક થાય તેવું ઇચ્છે છે પણ ઈંગ્લીશ પ્રજા તેમ માનતી નથી.

રાજા રાણીને બનાવે છે અને તે બાપડી તે તેણીપર દીવાનો બનેલો છે એમજ સમજે છે. રાજાના બાનગી બોરડામાં તે પગી જવા રાણી કોશેગ કરે છે પણ માણસો તેણીને અટકાવે છે. રાણીને બારે ગુરસો લાગે છે પણ રાજા તેણીને સમજાવી લે છે. લીઓન હનુમાંનાં ગાનાંથી ખુશ થતાં રાણી તેને નવાજવા જાય છે. પણ ફીલીપ તેમ કરતાં તેણીને અટકાવે છે. ફીલીપ અને રાણી લંડન બાતે બનાવલી દરબારમાં જાય છે ત્યાં રાજાની નજર અતિ ખુબસુરત લેડી એલીથ હાવર્ડપર પડતાં તે આંધળો બિંત બની જાય છે. આ સુંદર બાનુને પોતાની સાહેલીઓમાં રાખવાને તે રાણીને સમજાવે છે. રાણી મચક આપતી નથી પણ ફીલીપનું દબાન થતાં અને બીજાપ બારડીનરે કાઈ આડું થતું પોતાના ઉપાયો અજમાવવાનું કબુલતાં તેણી લેડી એલીથની નેમણુંક કરે છે કાર્ડીનલ દોલા પોલ પોપના પ્રતિનિધિ તરીકે ઈંગ્લાંડમાં આવે છે. એકવાર ફરીથી ઈંગ્લાંડ કેથોલીક ધર્મનો સ્વિકાર કરે છે ને પ્રોટેસ્ટંટોનો કચ્ચરઘાણ કાઢે છે. કાર્ડીનલ પોલ મેરીનો સગો દીયર થાય છે. એમ કહે છે કે રાણીમેરી સાથે તેનાં લગ્ન થનાર હતાં પણ કાંઈક ભંજાળ પડ્યું હતું. કાર્ડીનલ પોલ રાણી આગળ પોતાનાં બાલ્યેજ ફ્રાન્સીસ મેલવીલને રજુ કરે છે અને સરનો ખેતાબ આપી રાણી તેના પોતાની અંગ રક્ષક ટુકડીનો વડા મેમે છે. રાણીના મટેલમાં લેડી એલીથને સર ફ્રાન્સીસ મળે છે. બને નવાનપણનાં મિત્રો હોવાથી એકમેક તરફ ખેંચાય છે ને આવતો વાર તાજ થાય છે. સર ફ્રાન્સીસ પોતાનો પ્યાર જાહેર કરે છે પણ પોતે પ્રોટેસ્ટંટ હોવાનુ કબુલે છે. લેડીએલીથ હસીને પોતે પણ તે પંથની હોવાનું જણાવે છે. રાજા એલીથપર આવતો બની જાય છે ને રાણીની દરકાર કરતો નથી. આથી રાણી લેડી એલીથને સર ફ્રાન્સીસ સાથે પરણાવી આપવાનો વિચાર કરી, બનેને પોતાના બોરડામાં એકત્ર કરે છે. તેઓ પ્રોટેસ્ટંટ હોવાથી કેથોલીક પાદરીને હાથ પગની શાનાં ન હોવાથી ગલ્લાંતલ્લાં કરે છે. આથી રાણી ઉશ્કેરાઈ પડે છે. ઈંગ્લાંડમાં રાણી મેરીના હુલ્લડથી "બ્લાડી મેરી" નામનું

ખાનગી મંડળ ત્યાંના પ્રોટેસ્ટંટ ઉમરાવો રચાયે છે. આ મંડળના સભાસદો હડહડતા કસમ લે છે. તેમના ખૂદા ખૂદા વર્ગો હોય છે. તેઓ નિર્દોષોને બચાવી લે છે. રાણીમેરીના પંજામાંથી તેમણે અનેક નિર્દોષોને બચાવ્યાં હતાં. લેડીએડીથાને ફ્રાન્સીસ તરફની ચાડી મળે છે કે રીલીપ પોતાના મંદદનિશ પાસે લખાવે છે. તેની રૂએ એડીથા મળવા જતાં રાજના સપાટામાં સપડાય છે પણ ત્યાંથી ઉપલાં મંડળના કેપ્ટન એની મદદે જાય છે. આખું મંડળ એકત્ર થઈ લેડી એડીથને બચાવવાના સોગંદ લે છે. લીઓન રાજને એડીથા તરફ ઢળેલો જોઇ ખાત્રી કરવા તેણીના ઓરડામાં જાય છે. પોતાની ખાતરી થતાં તે મોટો મિત્ર થાય છે. તેણીને પોતાનું બાઇબલ ઓરડામાં એક ખૂણામાં સંતાડતી જોઈ તેમ ન કરવાની તે સલાહ આપે છે. રાજ એડીથને સપડાવવામાં ફતેહ ન પામતાં ફરી પાછો તેણીની પૂઠે પડે છે ને તે બાપડી નઠારતાં રાણીને મળી જાય છે જોને જોતાં રીલીપ ચાલ્યો જાય છે. રાણી ઘણા ગુસ્સામાં આવી એડીથનો કાંઈક કાઢવા માંગે છે. તે માટે પોતાના પાદરી ફાધર એનોકને કાર્ડીનલ બનાવવાની લાલચ આપે છે. આ પાદરી એડીથાની તપાસ લે છે. પોતાના ધર્મપર મુસ્તાક રહી તેણી કેથોલીક ધર્મનો તુચ્છકાર કરતી હોવાથી તેણીને કેદમાં પુરવામાં આવે છે. સર ફ્રાન્સીસ તેણીનો બચાવ કરવા જતાં પોતે પણ પ્રોટેસ્ટંટ હોવાનું જણાવે છે પણ તે પાદરી તેને તેના મામાને ખાતર જતો મુકે છે. લેડી એડીથાના ઓરડાની ઝડતી લેવાય છે પણ તેની ખબર લીઓનને આગમચથી પડતાં તે ત્યાંથી બાઇબલ ઉડાવી જાય છે ને કમળનું ફુલ મુકી જાય છે. એડીથાને પાછળથી કેદમાં પૂરવામાં આવે છે. કમળના ફુલની પાતરીઓ રસ્તે રસ્તે નાંખેલી હોવાથી લીઓન તેણીનુ કેદખાનું શોધી કાઢી તેણીને હિમત આપે છે. એડીથાના કહેવાથી લીઓન સર ફ્રાન્સીસને ખબર આપે છે. તુરત બારને એકનું મંડળ જાગ્રત થાય છે ને જેવી રસ્તામાં એડીથાનાં વરેણાં-ગાંઠાં ઉતરાવવાની તેણીના પહરેગીરો કોશીશ કરે છે કે તે મંડળનું ધાડું તેમનાપર તુટી પડી કેદ પકડી તેમની ચોકકસ જગ્યાએ લઈ જાય છે, જ્યાં ફ્રાન્સીસ સાથે તેણીનો હર્ષભેર મેળાપ થાય છે. રીલીપ એક બીજી અજેન્ટ સુંદરીને જોતાં તેનાપર મોહિત થઈ પૂઠે પડે છે. આ સ્ત્રી બારને એકના મંડળના એક આગેવાનની અદરાયલી મહોરદાર હોવાથી કાંઉન્ટેસ ફ્રેડેરમા જે રાજ રીલીપપર પોતાનું વેર લેવા આવી હતી તેની મદદથી તેને સપડાવવાની ગોઠવણ કરે છે. રાજ આ સુંદરીને બે ચાર વાર મળે છે. લેડી એડીથના બચી જવાથી રાણી બાવરી બની જાય છે ને રાજને પકડવા વધીક ફરમાવે છે પણ હુશ્યાર થતાં રાજપર જાસુસો દોડવા ફરમાવે છે. તે મુજબ લોર્ડ નોર્થ રાજની પૂઠે જાય છે. રાજ તો પોતાની નવી ઓળખપર ધ્યાન આપતો રહે છે. તેને વીલ મછવાવાળાના વેષમાં બારને એકનાં મંડળનાં કેપ્ટન બી સાથે ઓળખ થાય છે. બ ને એકમેક પર ફીદા થઇ જાય છે ને રાજ પોતાનો રાજ્યાભિષેક થાય તો તેને પોતાનો ચેન્સલર બનાવવાનું કબુલે છે. રાજ અકસમાતિક રીતે જાણી શકયો હતો કે તે મછવાવાળો કોદજ નહિ પણ જાણીતો ઉમરાવ લોર્ડ બરલે હતો. બીશપ ગારડીનર રાણીના ડાકટરને પાદરી સાથે મળી પ્રજાને છેતરવાનું કાવતું રચે છે. ડાકટર જાણતો હતો કે રાણીને હમેલ રહે તેમ ન હતું. તેણીને જલંદરનું દરદ થવાથી હમેલ રહયા એવી અફવા ફેલાઇને ખુદ રાણીને ઠગવામાં આવી. રાણી બચ્ચું મેળવવાની એટલી બધી હોંશમાં આવી ગઇ કે તેણીને બીજો ખ્યાલજ આવ્યો નહિ. બચ્ચું આવતાં રીલીપનો પ્યાર વધશે એજ તેણીની ધારણા હતી. રાણીપર ઓપરેશન કરી તેજ દિવસે જન્મેલાં એક બચ્ચાંને શાહેનદા તરીકે ઠેસવી દેવાનો તાગડો રચાયો હતો. આ માટે એક અજેન્ટ વેપારીની સ્પેનીશ મહોરદાર પર પસંદગી ઉતરી હતી. તેણીને ત્યાંપણ જન્મ થનાર હતો. પોતાનું બચ્ચું ગાદીવારસ થશે એવી લાલચે તે આપ કબુલ થયો. રાજને વીલ મછવા બાજતે તરફથી આ કાવત્રાંની ખબર મળી એટલે તેઓએ તાગડો રચી લોર્ડ નોર્થ બચ્ચું લઇ જતો હતો તેને અટકાવ્યો. ચોરી કરવાને બદલે તે બચ્ચાંને સોનાંની બાંગડી પહેરાવી પાછું આપવામાં આવ્યુ. રાણીપર ઓપરેશન થતાં તેણીની જીંદગી બચી, ત્યારે આ કાવત્રાંની ખબર તેણીને કરવામાં આવી. પહેલાં તેણી સામે થઇ પણ રખે તેમ થતાં રીલીપ છેક હાથથી જાય કરી તેણી કબુલ થઇ. આ કાવતું રાજએ ત્યાં અચબુચ દાખલ થઈ બુઝલું કીધું. ગડબડસડબડમાં બચ્ચું ગુજર પામેલું જણાયું. આ કાવતું બીશપો ગારડીનર અને બોનરની મસલેહતથી થયું હતું. તેઓ વચ્ચે રીજંટ થવાનો વાંધો

હતો એટલે કાવતું નિષ્ફળ જતાં બોનરે બધો ટોપલો ગારડીનર પર નાંખ્યો ને તે હતપ્રભ થયો. બોનરના જાસુસો બધેબધ ફરી આગ લગાડતા હોવાથી લેડી ઓડીયાને તેણીને ભયકેથી ખસેડવાની જરૂર જણાઇ. કેપ્ટન સી સાથે તેમ કરવા જતાં અકસ્માતિક રીતે તેણી બોનરના માણસોના હાથમાં સપડાઇ. તેણીના બચાવ માટે છવતોડ મેહનત થઈ પણ તેણી ટાવરમાં કેદ પડી. કાર્ડીનલ પોપે પોતાના ખાસ્સેજ તરફથી રાણીને સલાહની પણ રાણીએ ઠોંગસોંગ કરી વાહી પાડી તેને દૂર કીધો. લોર્ડ નોર્થ લેડી ઓડીયને સપડાવવા જતાં જખરો હાડમાર થાય છે. અંતે ફીલીપ જ્યાં બાગમાં નવિન મિત્ર સાથે ફરતો હતો ત્યાં તે ધસી જઈ તે સ્ત્રીને ઓડીયા સમજી કેદ કરવા જાય છે પણ રાજા સાથે લડતાં તેને તેનો જાન આપવો પડે છે. તેનું શબ કેપ્ટન બી બીશપ બોનર પર મોકલી તેનો જાન લેવાની ધમકી આપે છે. રાજા પણ ગારડીનરને ધમકી આપે છે કે લેડી ઓડીય બચશે નહિ તો તેનો જાન જશે.

પ્રકરણ 33 (ચાલુ)

તરફ ભય જેવું લાગે છે ?'

'તમો નામવરની સલાહની મારે જોવાની છે.'

'યેસ.'

'તેણીના મિત્રો તમો નામવર પર ક્લીઝાબેથની ટોળીવાળાઓને પૈસાની મદદ આપવાનું તહોમત મુકે છે અને કહે છે કે–એ અદબી માફ કરજો, હુજુર, પણ હું બડબડયો છું–તેઓ કહે છે કે આપ નામવાર ક્યાં તો પહેલે નંબરના મવાલી છો કે ક્યાં તો પહેલે નંબરના ગગા છો. મારી જાણ મુજબ તમો બેમાંના એકે નથી; ફકત તમો પહેલે નંબરના રાજદ્વારી છો.'

'પૈસા આપવાની વાત હું ના પાડું છું.'

'અલબત, આપનું કહેવું વાસ્તવિક છે. મારા નામવર, પણ મારી તો સલાહ છે કે તે તરફ પૈસા વેરેલા ફોકટના છે કેમકે જ્યાં સુધી રાણી મેરી જીવશે ત્યાં તુલીક ક્લીઝાબેથ કદીપણ રાજ્યગાદી સ્વકારશે નહિ.'

બારે ગુસ્સામાં રાજાએ કેપ્ટન તરફ જોયું. બન્ને એક બીજાને ટીકવા લાગ્યા ને પછી યું દઈને હસી પડયા.

'આપને બરાબર જણાવું છે ને, હુજુર ?'

'પોર્યા, પોર્યા, તું જો સ્પેનીઆર્ડ હોત તો હું સ્પેનના રાજા થતાં તને મારો વડો વઝર કરત !'

'મારા મુરબ્બી, આપ કેમ ભૂલી જાઓ છો કે ઇગ્લાંડના રાજા થતાં આપે મને લોર્ડ ચેનસેલર બનાવવા કબૂલ્યું છે'

'તારી બીલ્લી ટપકાવા પરથી તને આ બનાવ અશકય જેવો જણાય છે શું ?'

'હા, મુરબ્બીજી, હું તેમ ધારું છું. ગારડીનર નિષ્ફળ ગયો છે ને તમો જાણો છો તેમ સ્ત્રીઓને મનથી નિષ્ફળ નીવડે તે શબ્દ સદંતર નકામો છે. બોનર ફાવી ગયા છે. આજે તે સૌથી મોટો માનિતો છે. તે હવે તમો નામવાર સામે કાવતું રચે છે કેમકે તેના લાભની વાત છે ને ? તે સારી પેઠે સમજે છે કે તમારો રાજ્યાભિષેક થતાં તેની સત્તાનો સંપૂર્ણ નાશ થનાર છે.'

'હા, તારૂં કહેવું ખરૂં છે. તેનો જલદીથી અંત આવશે. વેલ, હું જો લેડી ઓડીયને છોડાવવા નો હુકમ મેળવું તો વગર ઢીલે તે તારા હાથમાં આવે તેમ કેમ કરૂં ? તું જાણે છ તેમ આવી બાબતમાં વખતનીજ કિમત છે !'

'એકદમ તે સર ફ્રાન્સીસ મેલવીલને આપ જો. મારી સુચના એ છે કે તમારા ખુબસુરત હજુર્યા લીઓનને તે તમો આપજો કે તે સર ફ્રાન્સીસને આપી આવશે. લીઓન, જબરો ઉસ્તાદ છે એટલે કોઇનો શક તેના પર આવશે નાહ. હું ધારું છ કે એના જેવા બીજો પોર્યો હોય તો તેને મારી સાથે રાખું !'

રાજાએ ગુસ્સામાં તેના તરફ જોયું પણ કેપ્ટનનું બાંધણે દીધું નાહ, જો કે આ આખાદ તીર મારવા માટે તે મનમાં ખુબ હસતો હતો.

તેજ પળે આછનેજ હજુર ચાવી અંદર આવી કે તેમની વાત બંધ પડી.

'મુરબ્બીજી, નામવર રાણીમાતા આપની હાજરી માટે ઇતેજર જણાય છે. તેમણે મને પણ સીતાર સાથે આવવા ફરમાવ્યું છે.'

રાજા ઉઠ્યો.

'આ મુલાકાત માટે તમો નામવરનો સેવક મોટો આભારી થયો છે.' કેપ્ટને જણાવ્યું.

'વલ્લાહ! અરસપરસના લાભનું એ તો ફંડ થયું છે!'

'હું રજા લઉં છઉં, મુરબ્બીજી' કેપ્ટન બી હસીને ચાલ્યો ગયો.

પ્રકરણ ૩૪.

ફ્રેડેલ્માનું ફસકી જવું.

રાજાના જવા પછી બાગમાં શું બન્યું હતું તે કેપ્ટન સી ને જણાવવા ફ્રેડેલ્મા દોડી.

'કેપ્ટન બી ની વિગત ખરી હતી' તે બોલી ઉઠ્યો. 'કોઇને પણ આ વિગત જણાવશો નહિ. રાજા મારી એગનીસ પર તાંપતો હતો. તેજ વિચારે મને તેના પર ભારે ક્રોધ આવ્યો હતો.'

'ત્યારે તેમને સપડાવવાનાં મારાં વચનમાંથી તમો મને મુક્ત કરો છો ને?' ફ્રેડેલ્મા એ અધીરી પડતાં સવાલ કર્યો.

કેપ્ટન સી અચકયો.

'કાઉંટેસ, આ ઔચિંતો ફેરફાર શા માટે છે? તમો પોતે આ કાવતું પાર પાડવાને જબરા ઉત્કંઠિત જણાતાં હતાં.'

'એક સ્ત્રીનાં ફાંટાબાજ વિચારો કેવા હોય છે, તે તો તમો જાણો છો, મારા લોર્ડ.'

તે હસ્યો.

'ત્યારે આપણાં મંડળ સમક્ષ તમે લીધેલાં સોગંદોનું શું?'

પોતાની લાગણી છુપાવવા અને વધુ સવાલોના જવાબોમાંથી બચવા ફ્રેડેલ્મા તુરત ત્યાંથી ચાલી ગઇ.

'આહ! ફીલીપ ફીલીપ! હું શું જાણું કે મારા જીગરમાં બળી-જળીને રાખ-ખાખ થઇ ગયલો તારે માટેનો પ્યાર હજી જાગ્રત હશે! યા ખુદા, તેની ચિંગારી પર પનરણ કરતાં તે ભભુકા મારી પ્રગટી નીકલ્યો છે! મારે માટે એ જ્યારે લડયો ત્યારે ખરેજ એ કેવો જવાંમર્દ દીસતો તો! મારે એને ફરીથી મળવું જ પડશે. એનો પ્યાર ફરી પાછો મેળવવા હું ધરતીને આસમાન એક કરીશ. આતશ સાથે મેં રમત કરી છે તો હવે તેમાં દાઝી મરવાથી મારે ડરવાની કશી જરૂર નથી' અને તે પોતાના ચોરડામાંના સોફાપર પડી ધોધમાર રડી. તેજ વેળા તેણીને આઇનેઝને આપેલું વચન યાદ આવતાં તેણી કાંઇક હુશ્યાર થયલી જણાઇ પોતાની આંખોમાંના આંસુઓ અછાત મારી વિખેરી નાંખી તેણી ઉભી થતી બોલી.

'મારું વચન કે તેણીના વિશ્વાસનો ભંગ કરવાની મારામાં હિમત નથી. ફીલીપને હું ખરાં જીગરથી ચાહું છું પણ તેના પ્યારપર મારા કરતાં જે વધુ હકદાર છે તેને માટે મારે બનતું કરવુંજ જોઇએ.'

તેણીના જીગરમાં પોતે કે આઇનેઝ ફીલીપનો પ્યાર મેળવે તે માટે મોટું જંગ ઉઠયું અને સામ સામી દલીલો જૂદી જૂદી લાગણીઓએ રજુ કરી પણ આખરે તેણીનો ઉમદા સદ્‌ગુણ ફાવ્યો અને આઇનેઝને માટેજ પોતાનું સર્વસ્વ કરવા તેણીએ દ્રઢ નિશ્ચય કર્યો.

'હા, હું ગમે તે ભોગે આઇનેઝનેજ બચાવીશ.' તે બાદ કેપ્ટન સી એ અનેક જોહમતો પછી તૈયાર કરેલો તાગડો કે જેમાં રાજાને સપડાવવાની મદદ કરવા તેણીએ કબુલ્યું હતું તેનો તેણીએ ગંભિરપણે ખ્યાલ કર્યો. તે વચનમાંથી મુક્ત થવા તેણીની જીંદગીનાં થોડા વર્ષો પણ માગવામાં આવતે તો બા ખુશીથી તેણી તે આપતે તેમાં કશો શક હતોજ નહિ.

તેણી કપડાં બદલી કેપ્ટન બી ને મળવા ગઇ

પણ તે હજી પાછો ફરેલો નહતો. તેથી પોતે તેને મળવા માંગતી હતી એવો સંદેશો મુકી તેણી પાછી ગઇ.

કેપ્ટન બી મહેલમાંથી પાછો ફર્યો ત્યારે તેને તે સંદેસાની જાણ કરવામાં આવી કે તુરત તે પર અમલ કરવાને કાઉંટેસના ઓરડામાં ગયો.

'મુજ નાચીજ પર આ ઉપકાર કરવા માટે હું તમારો ખરાં જીગરથી ઉપકાર માનું છું, મારા લોર્ડ. આપણા મંડળની નવી યોજના મને ભારે ચિંતાતુર કરે છે. રાજાને સપડાવવાનું કાવતું મને પસંદ પડતું નથી.'

'મને પણ તે પસંદજ નથી. રાજાને ગભરાવીને ઈંગ્લાંડથી દુર કરવાના ધખારામાં કેપ્ટન સી કદીપણ ફાવશે નહિ એવી મારી ખાતરી છે. તે કાંઇ હીયકારો કે બાયલો નથી કે ગભરાઇ જવાનો. હું તો પહેલાંથીજ આ બાબતની સામે હોવાથી મંડળે મને આ યોજનાને લગતી વિગતો જણાવીજ નથી.'

'મારે તે વેળા–' ફ્રેડેલ્મા અચકી અને લાલ ચોળ થઇ ધીમા અવાજે બોલી. 'મારે તેમની માંગણી જે તેઓ મારી છૂપી મુલાકાત લેવા આ રજુ કરે તો કબુલવાની હતી, પણ એકજ શરતે કે તે મુલાકાત એક અંધારા ઓરડામાં થવા પામે, રાજા એ મધરાત પછી હું જે કુંચી તેને આપનાર હતી તે વડે અંદર આવવાનું હતું. પહેલા માળ પર જમણી બાજુના ત્રીજા ઓરડામાં તેમને આવવાનું હતું. તેમ થતાંજ તેમને પકડી, તેમના હથ્યાર છીનવી એક ખુરસીમાં બાંધી દેવામાં આવનાર હતાં. તે ઓરડાની બારીઓપર અંધારા પડદા રાખવામાં આવનાર હતા અને તેની પાછળ છુપી બત્તીઓ કરવામાં આવનાર હતી કે જેથી પડદા ખોલતાં રોશનીમાં ફીલીપ મને જે અસલ હાલતમાં તે ઓળખતો હતો તે હાલતમાં જોઇ શકે તેની કાયદા વિરૂદ્ધ પરણેલી સ્ત્રી ન્યાઇનેઝ સાથની તેની ચાલ ચલણ માટે મારે તેને ઠપકો આપવાનો હતો!'

મળના માનીતા અગ્રગણ્યોએ વ્યવસ્થા વખાણી દાન આપવા ભલામણો કરેલી છે! દાન આપવાનું સુપાત્ર સ્થાન!!

હિન્દુ અનાથ આશ્રમ—નડીઆદ.

તમામ હિન્દુ જ્ઞતીનાં આર્થી અનાથોને સ્વતંત્ર શહેરી અને ધંધાદારી બનાવાય છે. દરેક જાતનાં દાનની જરૂર છે. દરેક દાનની પાવતી મળે છે. સારે નરસે પ્રસંગે દાન આપી પરલોકની વાટ ખરચી બાંધી લ્યો. એક રૂપીયા ઉપર દાન આપનારનાં નામ વાર્ષિક રિપોર્ટમાં છપાય છે. ૧૫૦ દીવસ "અન્નદાન" ખાતે રોકાઇ ગયા છે. તમો પણ એક દીવસ રોકી લ્યો. જરૂર દાન મોકલી રિપોર્ટ મંગાવવા લખો:—

મંત્રી—હિન્દુ અનાથ આશ્રમ—નડીઆદ.

'એટલે કે તેના દુજુર્યા લીઓનની બાબતમાં કે ?' કેપ્ટન બી એ હસીને કહ્યું.

'તમે શું કહેવા માંગોછ મારા લોર્ડ' ફેડેલ્મા ગભરાટમાં બોલી.

'તે ખુબસુરત દુજુર્યો એક સ્ત્રી છે ને ફીલીપની મહેરબાર છે એટલું તો હું ખાસ કરીને જાણવા પામ્યો છું'

'તમો નામવર તે કેમ જાણી શકયા ?'

'કેમ તે હું કહી શકતો નથી; પણ હું તે જાણું છું, તે ચોકકસ છે.'

'આ બેદ તમો નામવર પાસે સલામત છે ને?'

'તદન' કેપ્ટન બી એ ગંભીરાઇથી નમીને જણાવ્યું.

'તે પછી પડદાઓ પાછા પડનાર હતા. ફેડેલ્માએ તે કાગત્રોની વિગત આગળ ચલાવી. પાંચ મિનિટ બાદ પડદા ખુલ્લા થઇ યુકેટાનના બુદ્ધ પાદરી કવેઝાના જેવો ફેરફાર કરી ઝેકવીનાર્ડ ત્યાં હાજર થઇ પુજ્ય કબરને લુંટવા માટે તે ફીલીપ પર શ્રાપ નાખી તેના પર ધ્યાનતનો વરસાદ વરસાવનાર હતો.'

'આહ!' કેપ્ટન બી ને હવેજ કાંઇક સચ્ચા ધર્મ ભાસ થતાં તે બોલ્યો. 'ત્યારે ઝેકવીનાર્ડ મેડ નથી!'

'એકવાર ફરી પડદાં નાખી દઇ તે ઉઘડતાં આઇનેઝ પોતાનાં લગ્નનાં પોષાકમાં સજ્જ થઇ પૂરા ભપકામાં ચાલતી બતાવવામાં આવનાર હતી. તે પછી હું લેડી રોઝના ડ્રેસમાં આગળ આવી તેની બદચાલ માટે તેને સખતમાં સખત ઠપકો આપનાર હતી. છેલ્લે આઇનેઝ દુજુર્યાના ડ્રેસમાં આપણા મંડળના એક બીજા ભાઇ સાથે બુરખા નાંખી કાતીલ હથ્યારો સાથે રાજા સમક્ષ આવી તેને ગભરાટમાં નાંખી તેની પાસે ઇંગ્લાંડ છોડી જવાના સોગંદ લેવડનાર હતાં.'

'તરકલા, તાલતો અચ્છી લગાઇ. ટાળજો બીનાં!' તે હસ્યો. 'અલબત રાજામાં થોડો ઘણો ફેરતો પડતે ખરોજ, પણ ભલા, ધારો કે રાજાએ ઇંગ્લાંડ છોડવાના કસમ લેવા નાજ પાડયું હોત તો તમે શું કરત?'

'બુરખાવાળા બાર ભાઇઓ કેપ્ટન સી ની સરદારી હેઠળ અંદર આવી રાજાને ગભરાની ચોખ્ખી ફરજ પાડત!'

'આ છાન પૂતળાંના નાચમાં તમે ભાગ લેવા કબુલ્યું હતું કે?'

'હા ફીલીપની આઇનેઝ તરફની બેઅદબી થી મને ઘણો ધિક્કાર છૂટયો હતો. તે વેળા મને જે કાંઇ કહેત તે હું ખુશીથી કબુલત, પણ હવે મને તમારી મદદ જોઇએ છે. હું રાજાને દગી શકતી નથી!' તેણી રડમસ ચહેરે બોલી.

'તમે તેમને ચાહો છો?' તેણી તરફ ટગર ટગર જોતાં તેણે સવાલ કર્યો.

'તેમ આગળ હતું.'

'હવડાં પણ તેમજ છે?'

'હા, મને લાગેછ કે હમેશાં તેમજ રહેશે'

'મને પોતાને રાજા ગમે છે. અલબત તેની ભૂલો ઢગલા બંધ છે પણ તેનામાં કેટલાક ગુણો એવા છે કે જે માટે મને મોહું માન છે. કાઉંટેસ, આ ફીદવીની સલાહ માની તે તરફથી કોઇપણ જાતનું સુખ મેળવવાની કદીપણ આશા રાખતાંના. તેની વગર કાયદેની પરણેતર તેનો પ્યાર ટકાવી રાખશે–મારી ખાતરી છે કે તેમ બનશેજ, કેમકે તેના ઉમદા ગુણો તેણી સહેલ પ્રીલવી તેની ઉંચ આશાઓમાં તેણી કદીપણ તેની નડતલ થતી નથી.'

'આ બધું મને કહેવાની શી જરૂર છે, મારા લોર્ડ?'

'મુખ્યાં મને કહીશ કે તમો તેને તમારે માટેજ ચાહો છો. આવો તમારો પ્યાર સ્વાર્થિ છે.'

'બરી વાત! અને તેથીજ મરદો કંટાળી જાય છે.'

'ઘણાં બરા તેમ થાય છે. જ્યાં સુધી એક સ્ત્રી તેને ખુશી કરવા, આગળ વધારવા અને મદદ

હાઇડ્રોથી રેપી.

(The Science of Hydrotherapy.)

પાણીથી દરદીને આરામ આપવાની વિદ્યા.

(અમેરીકાનાં ફીઝીકલ કલ્ચર બાતાંના અનુભવ પરથી.

લખનાર—બે. પી. બાદન.

(તે દવાવગરનો ડાકટર; જીવનશક્તીનું બધારણ-ઉપવાસ વગેરેના લેખક.)

શરીરની દરેક અકુદરતી હાલત અથવા બીજા બોલામાં દરદને મટાડવાનો અરેા કુદરતી ઇલાજ તે આ "ઇનટરનલ" બાથ છે.

પ્રેા. મેચનીકેાફ જેણે આંતરડાંની ખરાબી વીષે પુરવાર કર્યું છે તેણે તેના ઇલાજ તરીકે, આંતરડાંને કાપી કાઢવાનેા ઉપાય સુચવ્યેા છે પણ તે કરતાં જો આ ઇનટરનલ બાથ (પાણીથી ધેાવાનેા) નેા ઇલાજ તે પ્રમાવતે, તેા દુન્યાના લેાકેાની તેણે ખરી સેવા બજાવી હતે પણ આ દીલગીરી બર્યું છે કે, બીજા તેવા સ્વતંત્ર વીચાર કરનારા, અને અનુભવથી પુરવાર કરનારાઓથી વેગળા નહિ તેણે માત્ર છરી (વાઢકાપનેા) ઇલાજ બતાવ્યેા છેઃ—

કારણકે તે કહેશે કે ત્યાં ગંભીર કેામ પ્લીકેશન (complication) થયું છે. અલબત્તાં ડાકટર કાંઇ એમતેા નજ કબુલ કરશે કે આ હાલત આ બધી 'કેયારતીક' દવાઓની આદતને આભારી છે!

કદાચ કેટલાક વાંચનારાઓ કહેશે કે આ બાબતને મેં બહુજ ગંભીર રૂપ આપ્યું છે પણ તેમ કાંઇ ગભરાવા માટે આ લખ્યું નથી પણ કબજીયાતની ફરીયાદ કેટલી હદસુધી ખરાબી કરે છે તેનેા ખ્યાલ આપવા માટેજ આ લંબાણ વીગત આપી છે.

માણસનાં શરીરના છાતીથી પેડુ સુધીના આખા ભાગનેા દેખાવ.



હવે તો સૌથી મોટા આરોગ્યના મેડીકલ સત્તાધીકારીઓ પણ કહે છે (જે વિષે શરૂઆતમાં Medical Brief જેવા જાણીતા પેપરનો રીપોર્ટ હું આપી ગયો છું) કે ૮૦ થી ૮૫ ટકા જેટલા દરદોનું મુળ આ મોટાં આંતરડામાંજ રહેલું છે.

ઇન્ટરનલ બાથ તે શું છે ?

પાણીથી આંતરડાંને ધોવું તે ઇન્ટરનલ બાથ કહેવાય છે. એ માટે બે ત્રણ જાતના ઓજારો વપરાય છે. (૧) સાધારણ પીચકારી (૨) રબ્બરની નળી સાથની પીચકારી (૩) પાણીનુ ટબ-દુશ એવી જુદી જુદી રીતે તો વપરાય છે તો પણ કે એની ખરી રીત, યાને શરીરની કઇ હાલતમાં બરાબર સંપૂર્ણ રીતે આ કોઠો ધોવાઇ શકે તે વીષે મેડીકલ ડાકટરો ઘણુ થોડું જાણતા હોય છે અને તેનું કારણ હું આગળ જણાવી ગયો છું.

હવે આ ત્રણ રીત માંહેલી એક રીત પીચકારી યા દુશ કેટલાંક લોકો અકરૂ બેસીને યા ઝાઝરમાં બેસીને લે છે, તે રીત ઘણીજ વખોડવા જોગ છે. કારણ કે તેથી પાણીને નીચેથી ઉપર ચઢવાનું હોવાથી તેમાં ઘણો ફોર્સ જોઇએ છે. અને તેથી કાર્યસાધક કામ પણ થતું નથી માટે એ રીતે પાણીને વાપરવું તદન નાલાયક છે.

બીજી રીત, એક થાનું ઉપર સુઇને લેવાની છે પણ એ રીતે પાણી આખા કોઠામાં જઇ શકતું નથી માટે એ પણ કાર્યસાધક ગણાય નહીં.

ત્રીજી રીત, અને સહુથી વધુ સારી એનીમા-દુશ લેવાની રીત તે ગુદાખંડીને ઉભરૂ સુઇને લેવાનો છે—અને આ રીતે તે સૌથી સરસ છે.



આ ત્રીજી રીતજ કાં વધુ સારી છે અને બીજી રીત કાં નહી તે સમજવાને આપણું મોટું આંતરડું, કે જેમાંથી આપણો કચરો સાફ કરવા માંગીયે છીએ તે આપણા શરીરમાં કેવી રીતે રહેલું છે તે જાણવાની ઘણી જરૂર છે. એ મોટા આંતરડાં (કોલન) ની જગ્યા આપણા પેટનો મોટો ભાગ રોકી રહ્યું છે. જુવો એનું ચીત્ર (આ માત્ર સાધારણ ખ્યાલ માટે આપેલું છે અને તેથી તે ભાગ લગભગ સીધા લીટા સેરી દેખડાવ્યું છે જ્યારે ખરી હાલતમાં જોઇએ તો તેમાં ઘણા ગુંચવાળા વાંકા હોય છે.)

પેટની આસપાસ ગોળ ફરતી (ઘોડાના નાળના આકારમાં) જે કાળી નળી છે તે કોલન અથવા મોટું આંતરડું એ (ચિત્ર પ્રમાણે) આંતરડું ત્રણ ભાગમાં વહેંચાયલું છે. એક ભાગ જમણી પીઠું તરફથી ઉપર ગયેલો છે, બીજો ભાગ ડાબી ગમથી ઉપર ગયો છે, જ્યારે ત્રીજો ભાગ સીધો, યાને બે લાકડી સામસામી ગોઠવી તેના ઉપર ત્રીજી લાકડી મુકી હોય તેમ આવેલો છે. એ ત્રણે ભાગો સાથે જોડાયલાજ હોય છે યાને એક નાળના આકારમાં આખી નળી છે. આ સીવાય આડો ભાગ અને ડાબી બાજુની જ્યાં મળે છે ત્યાં એક વાંક હોય છે જેને અંગ્રેજીમાં (Sigmoid flexure) કરી કહે છે.

હવે ધારો કે એક દરદીને જમણી બાજુ તરફ સુવાડી " એનીમા " થી પાણી દાખલ કરવામાં આવે છે તો તે ડાબી બાજુના આંતરડાંમાજ દાખલ થઇ શકે અને ગુરૂત્વાકર્ષણ (force of gravity) ને લીધે પાણી આગળ નહીં વધતાં આંતરડાંના બાકી રહેલા બે ભાગ તદન ધોવાયા વીના રહી જાય છે, કારણ કે પાણી તેમાં જઈ શકતું નથી.

હવે જો દરદીને ડાબી તરફ સુવાડીને પાણી દાખલ કરીયે તો આ વખતે વાંકવાળો ભાગ (Sigmoid flexture) સુધી પાણી જઇ શકશે. પણ ત્યાંથી પાણી આગળ વધી શકતું નથી અને એ પ્રમાણે આંતરડાંનો મોટો ભાગ ધોવાયા વીના રહી જશે. ત્યારે હવે માત્ર એજ રીત રહી કે જે હાલતમાં આંતરડાંને લગભગ ધોઇ શકીએ એક રીત આપણે આગળ ગુંદણુ મંડયે ઉભરૂ પડીને એનીમા વાપરવાની રીત કહી ગયા તે છે (જુઓ ચિત્ર) અને બીજી રીત પીઠ ઉપર ચત્તા સુઇને આંતરડાં ધોવાની છે.

આ બીજી રીત ઘણી અડચણ ભરેલી છે અને તે માત્ર અશકત થયલા દરદી માણસોને માટેજ છે, ગુંદણમંડયે ઉભરૂ પડીને આંતરડા ધોવાની રીતમાં, "ફોર્સ ઓફ ગ્રેવીટી" પાણીને આગળ વધવામા ઘણી મદદ કરે છે અને સપાટામાં ડાબી બાજુનાં આંતરડાંમાંથી થઇને સીગમોઇડ ફ્લેકચર" માં એટલે વાંકવાળા ભાગમાં પાણી આવે છે અને તે ભાગમાંથી ઉપલાં આંતરડાંમાં આવે છે પછી તરત ઉભા થઇ ગયા કે જમણી બાજુના આંતરડાંમાં પાણી ઉતરી પડે છે. અને એ પ્રમાણે આખું મોટું આંતરડું ધોવાઇને સાફ થઇ જાય છે. એ રીત પ્રમાણે બે ચાર કળાયા યા બાટલી ભરી પાણીને અંદર દાખલ કરી શકાય છે તો કચરો બહાર નીકળીને આંતરડાંઓ તદન સાફ થઇ જાય છે—આમ ઉભરૂ મુકીને લેવાથીજ વધું પાણી અંદર જઇ શકે છે—બાકી બીજી રીતે માત્ર નાનું ધોકું પાણી જઇ શકે છે.

આંતરડાંને ધોવાને માટે વાપરેલા પાણીમાં સાબુના ફીણનું, સોડા બારનું કે મીઠાનું બીજાનું વગેરે કાંઈ પણ લેવું નહીં જોઇએ તેમજ કોઇપણ તેલ આંતરડાં ધોવામાં વાપરવું નહીં. માત્ર ચોખ્ખું પાણી લેવું જોઇ. ગુંદણ મંડયે ઉભરૂ પડીને આંતરડાં ધોવાની રીત એક સીક માણસને સહેજ થાકની નાંખે એવી છે તેથી દર્દી માણસ હોય તેને ચીત્તો સુવાડીને કુલાં નીચે ટબ રહે એવી હાલતમાં પગ રાખીને આંતરડાં ધોવાથી તેને કાંઇ માલમ પડશે નહી.

આ માટે દરદીનો નીચલો ભાગ (યાને કુલાં-પગો) માથા કરતાં એક યા દોઢ ફીટ ઉંચે રહે તેમ કરવું તે માટે સહેલી રીત એ છે કે, દરદીના પલંગનેજ ઉંચકી રાખવો. (જુઓ એનું ચિત્ર)

આંતરડા બરાબર ધોઇને સાફ થાય તેટલા માટે જેમ બને તેમ પાણી વધારે અંદર જવા દેવું જોઇએ.

આ પાણીથી આંતરડાને ધોવાની રીતને અમેરીકાના ફીઝીકલ કલચરના સ્થાપક અને દવા વગર દર્દને દુર કરવાના કુદરતી ઉપાયોના શોધક, મી. બરનાર મેકફેડનનો તેમજ જાણીતા ડાકટર કોલેગનો પણ મોટો ટેકો છે તે વતરોગે બીજા નાના મોટા અનેક ખાતાંઓ જર્મની તથા અમેરીકામાં જાણીતાં થયલાં છે તેઓ પણ એક અવાજે ભલામણ કરે છે.

પણ હવે ઉપલી બધી રીતોઓ જેનીમાં લેવાનું કાર્ય ઘણાકોને કઠાકુટ ભર્યું લાગશે એટલે તેઓ તે લેવા કદાચ કંટાળે (તો જોકે પોતાની તનદોરસ્તી માટે થોડીક મહેનત તો લેવીજ જોઇએ) આવા વર્ગ જાણીને ખુશી થશે કે તેઓ માટે એક એવો સરસ ને સાદો સુતરો કાંઇ પણ મહેનત કે કંટાળા વગરનો ઇલાજ રહેલો છે અને તે જે. બી. એલ. કાસકેડ છે કે જેની થોડીક વીગત ચિત્રો સાથે નીચે આપું છું.

કુદરતી ઉપાયોથી તન્દરોસ્તી સાચવવાના ઇલાજો માંહેલો એક સૌથી સરલ-સાદો પણ કીમતી ઇલાજ તે.

જે. બી. એલ. કાસકેડ ટ્રીટમેન્ટ.

જેમ દુનિઆમાં સર્વ વેપવાર કે હુન્નર વગેરે દરેક ફીજ કરવા માટે સૌથી સરલ રીતો પણ શોધાઇ છે તેજ પ્રમાણે આ આંતરનો બાબ લેવા

ની પણ એક સૌથી સરસ રીતે અને ઓજાર શોધી કઢાયું છે. તેનો શોધક અમેરીકાનો એક પ્રખ્યાત ડાક્ટર તેણે આ ઓજાર કેવાં સંજોગમાં શોધી કાઢયું તેની કહાંણી ઘણી જાણવાજોગ છે તે હું જણાવીશ

આ સરસ ઓજાર તે જે બી. એલ કાસકેડ (J B. L. Cascade) છે જે સઉથી સરસ, અદ્‌ભુત તાત્કાલીક અને કંઈપણ કડાકુટ વગર કાર્ય કરવાનું ઓજાર છે. તેની લેવાની રીત જરાએ કંટાળા ભરી કે લાંબી નથી જે તેના ચીત્ર તથા વીગતપરથી વાંચનાર સાહેલથી જોઇ શકશે. તેનું નામ J. B. L અર્થસુચક છે યાને આપણા શબ્દોમાં કહેતાં Joy Beauty life યાને ખુશાલી ખુબસુરતી અને જીંદગી આપનાર ખરેખર ઓજાર છે.

(૧) તે કાસકેડ અથવા રબરની કોથળી જે તુરત લેવા માટે તૈયાર કરી કમોડ તુળ યા ખુરસી પર મુકેલી છે (૨) કાસકેડ કોઠણીને ફાઉટન સીરીન્જ તરીકે યાને સાધારણ રીતે ટાંગીને પણ લેવાઇ શકાય તે દેખડાવે છે. (૨) કાસકેડ રબરની કોઠળી છુટી. (૪) મોટા માણસ માટે " ઇનજેકશન પોઇન્ટ " (જે કાસકેડ ઉપર નાં ૧ ચીત્રમાં વચ્ચે લગાડેલી દેખાય છે તે) છે. (૫) નાના બાળકો માટેની "ઇનજેકશન પોઇન્ટ" નળી આ બંન્ને નળીઓ આપણા હાથની છેલ્લી આંગલી જેટલી પાતલી અને લગભગ તેટલીજ લાંબી આવે છે.)

આ સીવાયના બીજા ભાગો છે.

J. B, L. Cascade and its parts.

જે. બી. એલ. કાસકેડ અને તેની ચીજો.



1, The "Cascade" on seat, in position for treatment 2, The "Cascade" as a Fountain Syringe, 3, The 'Cascade" as a hot water Bottle, 4, Adult "injection point," 5, Infant "injection point," 6, "Injection point" for Fountain, 7, The Rectal Soap, 8, Gur Book "The Royal Road to Health The Screw Cap. With all parts complete in a Handsome Wooden Box.

હવે આ આતરડાંને ધોવા કાજે ઘણું સરખું પાણી જોઇએ છે, અને તે પુરું પાડવા કાસકેડ રબરની કોથળીમાં એક વેળા પાંચથી છ બાટલી પાણી રહે શકે છે, એની સંરસાઇ નીચે પ્રમાણે છેઃ-

(૧) તેમાં પાણી તલાતલ છેક મોઢાં સુધી ભરવાનું છે એટલે એક તકીયા જેવી કુલાઇને થાય છે જેથી અંદર જરાએ હવા કાંઇ રહી શકતી નથી જેથી બીજી એનીમાથી જે હવા ભરાઇ પેટમાં જાય છે તેવું આ કાસકેડમાં બનતું નથી.

(૨) એ કાસકેડને કમોડ યા લાકડાંના તુલ યા ખુરસી ઉપર મુકી તેની ઉપર ઇનજેકશન પોઇંટ (નાની યા મોટી ઉપર પ્રમાણે) જે રકુરની બાદક પ્રીક્ષ થાય છે તે લગાડવી.

(૩) અને તે પછી તે પોઇન્ટ (સફર) મલાશયમાં લઇ કોથળી ઉપર બેડા કે જેથી ત્રણ મીનીટમાં આખો કોકો પાણીથી ભરાઇ જાય છે. જેથી બધો કચરો (મર) ગાંઠ વગેરે પાણી સાથે બાહેર નીકળી જઇ આંતરડાઓ તદન સાફ થઇ જાય છે. આ બધાં કાર્ય માટે ફકત ત્રણથી પાંચ મીનીટ લાગે છે.

(૪) આ કોકળી ઉપરજ ફકત બેસીને લેવાથી શરીરની હાલત યાને પેટના ભાગો, આંતરડા વગેરે તદન કુદરતી હાલમાં રહે છે. જેથી આંતરડાંનાં ત્રણ ભાગોમાં પાણી જઇ (જુઓ તેનું ચીત્ર) મેલ સંપુર્ણ રીતે સફા થઇ શકે છે અને બારીકમાં બારીક તત્વ પણ નીકળી જાય છે.

(૫) વળી તે બેસીને લેવાય છે તેથી પાણી અંદર જતી વેળા પેટને હાથથી ચંપી (મસાજ) સારી કાની કરી શકાય છે કે જેથી પાણી અંદર ભરાતાં પેટનો જે ફુલાવો થાય છે (કે જે બેશક થવો જોઇએ) તેને "મસાજ" કરવાથી ઘણી રાહત મળે છે. અને દરદીને આરામ થાય છે, સિવાય જેની કાંઇ તત્વો આંતરડાને ચીટકી બેઠાં હોય તે છુટા પડી પાણી સાથે બેળાઇ બાહેર નીકળી જાય છે.

૬ બેસીને લેવાની ખુબી ઉપરાંત એની જે નવી 'ઇનજેકશન' પોઇન્ટ છે, તેને રોગ ઉપર આંધળાંઓ (છેડા) હોતા નથી કે જે એનીમાની પોઇન્ટને હોય છે તેને બદલે તે નવીની આજુબાજ નાના નાનાં છેડા હોય છે તેથી પાણી રોગમાંથી ન નીકળતાં આજુબાજુથી બાહેર નીકળવું હોવાથી "રેકટમ" નાં ભાગ ઉપર જરાએ કબજો કે "પ્રેસર" કરવું નથી જે સાધારણ એનીમાં-દુઃખમાં હોતું નથી, જેથી આ કાસકેડ દરરોજ ચાલુ પણ લેવાય તોય કશોએ જોખમ રહેતો નથી અને તેના પુરાવા એજ કે ઘણા લોકો (બાસ કરી લોયરો, જડજો, કલાર્કો વગેરે જેઓને આખો દિવસ બેસીને બેન્નનું કામ કરવું પડે છે જેથી હીલચાલ કમતી થવાથી કબજીયાતની ફરીયાદ ચાલુ હોય છે તેઓ) લગભગ દરરોજ આ ઇન્ટરનલ બાથ લેતા હોય છે.

સ્ત્રીજાતી માટે આ કાસકેડ અમુલ્યજ છે.

સ્ત્રીજાતી માટે તો આ કાસકેડ અતીશય ઉપયોગી અને ફાયદાકારક માલમ પડી છે કારણકે મોટે ભાગે સ્ત્રી જાતીમાં કબજીયાતની ફરીયાદ વધું હોય છે. અને જેથી તેમના આંતરડાંઓ ફુલાઇને તેમના ગર્ભસ્થાનના અવયવો ઉપર ચાલુ દબાણ કરતા હોય છે. જેથી ઘણીક વેળા તેઓ એવું સમજે છે કે તેમને કાંઇ બીનરતું દરદ છે યા ગર્ભસ્થાનમાં કાંઇ ગેરવ્યવસ્થા થઇ છે. ઘણીક વેળા મેડીકલ ડાકટરો બી તે માની લઇ કબજીયાત નો ઉપાય કરવાને બદલે ગર્ભસ્થાન માટે ઉપાયો લે છે અને નાહકના ઓપરેશનો પણ કરે છે પણ મુળ કારણ દુર ન થવાથી તે બીચારી સ્ત્રીઓની હાલત પેલી કહેવત છે કે "લેને ગઇ પુત ઔર ખો આઇ ખસમ" જેવી થાય છે. આથી જ તેઓ આ આ કાસકેડ વાપરે તો તેમની ઘણી ફરીઆદો થોડાકજ દીવસમાં દુર થાય છે જે બીજે આ કાસકેડના શોધકે કાઢેલી "ધી રોયલ રોડ ટુ-હેલ્થ" The Royal Road to Health) નામની બુક કે જે કાસકેડની સાથેજ મળી શકે છે, તેમાં ઘણું ખુલાસાવાર સમજાવેલું છે. કે જે પુસ્તકની આજે ૧૫૦ દોઢસોમી આવૃત્તી બહાર પડી છે કે જે બીનાજ કાસકેડની ખુબી પુરવાર કરવાને પુરતી છે.

વળી આ કાસકેડ આંતરડાંને ધોવા ઉપરાંત સ્ત્રીજાતી માટે 'વેજીનલ ડુશ' તરીકે પણ વાપરી શકાય છે. તે ઉપરાંત ગરમ પાણીની એક સેક કરવાની કોથળી તથા "આઇસબેગ" પણ થઇ શકે છે.

આ કાસકેડ માત્ર કબજીયાત માટેજ વપરાય છે એમ ન સમજવું પણ દરેક તિક્ષણ (acute) દરદ વેળા તુરત વાપર્યાથી દરદનું જોર તદન નરમ પડે છે. બલકે ઘણાક તેવાં સાધારણ દરદો તો હમેશનાં દુર થાય છે. તાવ, સંધીવા, રૂમેતીઝમ, હેડએક, દાયરીયા, ડીસપેપસીયા, એપેનદાઇસીટીસ વગેરેની ફરીયાદ વેળા આ અંતરનો બાથ લીધાથી ઘણીજ રાહત મળે છે. જેથી આ કાસકેડ હવે દરેક આગળ વધેલી હોસપીટાલોં સેનીટોરીયમમાં વપરાય છે. ગમે તેવા તાવ વેળા દરદીને આ કાસકેડ આપ્યાથી બેથી ત્રણ ડીગરી તાવ ઉતરી જાય છે.

આ કાસકેડની શોધ કેમ થઇ તેની ટુંક હકીકત.

આ કાસકેડ શોધી કાઢનાર ડાકટર તીરેલ પોતાની The what The why The way of Internal Baths યાને અંતરનો બાથ શું છે કાં લેવો ને કેમ લેવો તે (એ પુસ્તક મુફત મળી શકશે) નામની ચોપડીમાં નીચે પ્રમાણે ટુંક હકીકત આપે છે.

૧૮૬૫ મા હું હીંદુસ્તાનમાં આવ્યો હતો ત્યારે જંગલી રીવર લાગુ પડી હતી જે ચાર મહીના સુધી રહી હતી. ત્યાર કેડે ૧૮૬૭ માં હું ચીન ગયો ત્યાં મને મંદુકની ગોળી લાગવાથી સાત મહીના હેરાન થયો, તે પછી ઓસ્ટેલીયા ૬ મહીના રહ્યો હતો, ત્યાં તાઇફોઇડ રીવર તથા સાયતીકાના હુમલા મારા પર થયા હતા. છેવટે ચીનમાં મને લકવો થયો જેથી હું ન્યુયોર્ક ગયો. ત્યાં મને ૧૮૮૬ માં ફરીને બીજી વારનો પેરેસેસીસ (લકવો) થયો. ત્યાં હું એક પરદેશી હોવાવાથી મને બેલી વ્યુ હોસપીતાલમાં મોકલ્યો. જ્યાં છ અઠવાડીયા સુધી મારી ઉપર તરેહવાર અખતરાઓ કર્યા તે પછી મારા કેટલાક મીત્રોએ મને સેંટ વીનસેન્ટ હોસપીટલમાં લઇ ગયા પણ ત્યાંના વડા ડાકટરે મારી તપાસ કરી કેસ તદન આશા વીનાનો કહી દાખલ કરવા ના પાડી જ્યાંથી પાછો મારા રહેવાને ઠેકાણે લઈ આવ્યા કે જ્યાં ત્રણ મહીના તદન લાકડાંના બીમરાં બીસાલ અરણ્યેસો હું પડી રહ્યો, ડાકટરો આવી તપાસ કરી કહેવા લાગ્યા કે હેમસેગીયા (Hemiplegia) ડાબી બાજુનો સંપુર્ણ લકવો છે. આ વેળાએ, આંતરડાંને પાણીથી ધોવાની સાધારણ રીત તેના ઉપર અજમાવવામાં આવી. પરીણામ એ આવ્યું કે ચાર મહીનાની અંદર તો લગભગ હું સાજો થઇ શહેરમાં ફરફર કરવા લાગ્યો.

આ પછી તેણે ઠરાવ કીધો કે આ ધરેખર કુદરતની આપેલી બક્ષીસ યાને પાણીની સારવારની ગોઠવણ કાંઇક એવી સુધારવી જોઇએ કે જેથી મનુષ્ય જાતનાં દુઃખો સહેલાઇથી મટે. આ માટે તેણે સૌથી પહેલાં એક મેડીકલ ડાકટર થવાનો વિચાર કીધો (વાંચનારે જાણવું કે તે વેળા તીરેલ એક સાધારણ માણસ હતો). તેણે મેડીકલ કોલેજમાં જઇ અસાધારણ ચાલાકી અને ઉમંગ વાપરી ચાર વરસમાં મેડીકલ ડાકટર થયો. ત્યાર કેડે તેણે ઘણા વરસો સુધી અખતરાઓ કરી આ જે. બી. એલ. કાસકેડની શોધ કીધી. જેથી આજે લાખો માણસો સુખ અને તનદરોસ્તી ભોગવતાં થયાં છે.

આ કાસકેડથી પાણી લેવાની રીત જે છે તે આપણા હીંદુસ્તાનમાં જેઓ " યોગી " લોકો કહેવાય છે તેમની કોઠા ધોવાની રીતને મળતી આવે છે. કહે છે કે યોગીઓ જેઓ ઝાઝું ખાતા નથી, તેમજ લાંબા અપવાસો કરે છે. યાને પોતાના ધ્યાનમાં (ખુદાની બંદગીમાં) દીવસો સુધી ભુખ્યા પ્યાસા બેસી રહે છે તેઓ જ્યારે પાછા આ બાહ્ય ભાનમાં આવે છે ત્યારે તેમની કુદરતી હાજત લાવવા માટે પાણીમાં બેસીને પોતાના યોગના બળે પાણી ઝાડા વાટે અંદર ખેંચી લે છે અને તેમ કરી કોઠાને ધોઈ કાઢે છે. તેવાજ કાંઇક પાયા ઉપર આ કાસકેડ મુકાઇ છે.

એનાથી લાખો લોકોને ફાયદા થયા છે તે જોતાં મનુષ્ય જાત માટે એક મહાન આશીર્વાદરૂપ થઇ પડી છે.

એ કાસકેડ જેમ સીકનેસ માટે વપરાય છે તેમ તનદરોસ્તી માટે પણ ઉપયોગી છે. કારણ કે તેથી તનદરોસ્તી સચવાય છે. મતલબ કે શરીરમાં કચરો ભેગો થવા દેતી નથી અને તેથી વ્યાધી થવાનો સંભવ મટી જાય છે.

આનું ગુજરાતી પુસ્તક નામે "તનદરોસ્તી મેળવવાનો બાદશાહી રસ્તો" આ બુકનાં લખનાર પાસથી મુફત મળશે. ટપાલ ખરચ માટે અરધા આનાના સ્ટામ્પ બીડવી.

આ કાસકેડની કીંમત રૂ. ૩૮-૮. છે. હાલમાં લડાઇના સંબંધને લીધે મોંઘી થવાથી રૂ ૪૫) થઇ છે. જો કે તે પહેલી નજરે બહુ આકરી જશે છતાં તનદરોસ્તી મેળવી આપવાને માટે કાર્ય તે કરે છે અને તેથી એક મનુષ્યને જે રાહત અને આરામ મળે છે તેમજ ડાકટરોનાં બીલનો જે બચાવ થાય છે, અને એક કુટુંબમાં તે કેટલી બધી ઉપયોગી થઇ પડે છે તે સઘળું ધ્યાનમાં લેતાં એકવાર આપેલી મોંઘી કીમત છેવટે સસ્તી જ થઇ પડે છે, એવો હજારોને અનુભવ થયો છે અને આપણા હીંદુસ્તાન દેશમાં જો કે પહેલીવારજ માત્ર ત્રણ વરસ થયાં આ બદનાં લેખનારે દાખલ કીધી છે છતાં જેમની જાણમાં તે આવી છે તે સઘળાંઓએ એક અવાજે તેની પસંદગી જાહેર કરી છે. તેમજ વગર પુછવે, પોતાને મળેલા સુખદાયક અનુભવ અમને લખી મોકલ્યા છે.

કેટલાક મેડીકલ ડાકટરો બલકે મેડીકલ વર્ગ સામાન્ય રીતે "એનીમા" લેવા સામે પીરહ્ય મત દર્શાવતા હોય છે, ખરૂં કહીયે તો તેઓને આ પાણીના ટંકાજનો અનુભવજ હોતો નથી કારણ કે શરૂઆતથીજ તેની સામે અણગમો રાખી એ ઇલાજની તપાસ તેઓ લેતાજ નથી.

કદાચને એમ હોય કે આ એનીમાંથી દરદીને જે રાહત મળે છે, બલકે તેવા સાધારણ તીણાણ દરદો તો એકજવાર આ કોઠાને સાફ કીધાથી તદન નીકળી જાય છે, તેથી દરદી ડાકટરની સલાહ કે દવા લેવા પાછો ન આવે એવી બીકથી કદાચ ડાકટરો એનીમાં સામે લોકોને ચોંકાવતા હોય, ગમે તે કારણ હોય, પણ જેઓ આ પાણીનો ઉપયોગ કરે છે (અને તેવા માણસો કાંઇ માંત્ર સેંકડો અને હજારો નથી, પણ લાખો માણસો છે), તેઓના અનેક વારનાં અનુભવો દરશાવે છે કે એનીમાંથી પાણી લેવામાં કાંઇ પણ જોખમ કે ભય નથી, કે નથી કાંઇ તેથી તેવા ન ધારેલા નવા દરદો ઉપજતાં કે જે દવાના ઉપાયોથી થઇ લાગે છે, બલકે જે બિચારાઓ કબજીયાતથી હેરાન થતાં હોય તેમજ તિક્ષણ દરદના હુમલાઓથી હેરાન થતા હોય, તેઓને એનીમાં તો મોટી રાહત અને એક આશીરવાદ સમાનજ થઇ પડી છે.

જરમનીમાં કુનેહ કરી એક સાધારણ ખેડુતે આ પાણી સારવાર (Hdyropathy) શોધી કાઢી તેનાથી લાખો માણસોને રાહત મળી છે, અને તેમનાં બીકટમાં બીકટ દરદો પણ જતાં રહ્યાં છે, એ જેઓએ 'નેચરોપથી' વીષે વાંચ્યું હોય તેઓ જાણતા હશે. આ પાણીની સારવાર જરમનીમાંથી અમેરીકામાં દાખલ થઇ, અને આજે અમેરીકામાં કાંઇક અગણીત સેનીટોરીયમો અને હોસ્પીટાલો થઇ છે કે જ્યાં કાંઇ પણ દવા વીનાં માત્ર કુદરતી ઉપાયો જેવા કે ઠંડા યા ગરમ પાણીના ગાથ દવાનું સ્નાન-(nirbath) સૂર્યની રોશની તડકું (sunbath) વગેરેથીજ દરદીને સાજા કરાય છે અને આજે અમેરીકામાં લગભગ ત્રણ કરોડ માણસો છે કે જેઓ દવાનો એક કતરો પણ વાપરતા નથી. વળી હાલ ઇગ્લંડમાં પણ એવાં ખાતાઓ ધીમે ધીમે વધતાં જાય છે. આટલું વીવેચન કરવાની મતલબ એજ કે વાંચનારાઓને પાણીની સારવારની કીંમત વીષે કાંઇક ગંભીર ખ્યાલ અને વિશ્વાસ આવે, અને પોતાની તનદરોસ્તી માટે આ કુદરતી ઉપગારો લેતા થાય

તથાસ્તુ!